पंडित श्री जयकीर्तिसूरिविरचित

श्री

शीलोपदेशमाला

भाषांतर.

आ ग्रंथ चतुर्विध संघने वांचवा योग्य जाणी
तेनुं शास्त्री हरिशंकर कालीदास पासे
गुजराती भाषामां भाषांतर करावी
तेने यथामति शुद्ध करी
छपावी प्रसिद्ध करनार,
(शा. रवचंद जयचंदे स्थापन करेली)

श्री जैनविद्याशाला.

डोशीवाडानी पोल- अमदावाद.

आ ग्रंथ मुंबई निर्णयसागर प्रेसमां छपाव्यो छे.

संवत १९५७ — सन १९००.

किंमत २-१२-०

प्रसिद्धकर्ताए आ ग्रंथने फरिथी छापवा छपाववा संबंधी सर्व
हक्क पोताना स्वाधिन राख्या छे.

पुस्तकनो नं०

लेनारनुं नाम.

प्रस्तावना.

आ शीलोपदेशमाला नामनो ग्रंथ पोताना नाम उपरथीज लोकोने बतावी आपे छे के, ते ग्रंथ पोते शील (ब्रह्मचर्यव्रत) नो उपदेश करवानी एक माला छे. 'माला' शब्द नामनी साथे जोड्यो छे ते उपरथी एम पण सिद्ध थाय छे के ए ग्रंथ हंमेशां पुष्पमालानी पेठे कंठमां धारण करी राखवा योग्य छे. तेनुं कारण एज छे के, जेम पुष्पनी माला कंठमां होवाने लीधे ते भूली जवाती नथी तेमज आ शीलोपदेशमाला पण हंमेशां कंठमां धारण करवाथी (मुखपाठे करवाथी) शीलव्रत पालवुं भूली जवातुं नथी. आ कारणथी ग्रंथकारे आ ग्रंथनुं नाम शीलोपदेशमाला पाड्युं छे. शील ए एक चिंतामणिरत्न छे. कारण के, तेनावडेज माणसो धर्म, अर्थ, काम अने मोक्षरूप चार पुरुषार्थने साधवामां समर्थ थाय छे. ए चार पुरुषार्थने साधवानो मुख्य आधार शरीर उपर रहेलो छे. शास्त्रमां पण कह्युं छे के, "शरीरमाद्यं खलु धर्मसाधनम्" धर्मनुं मुख्य साधन शरीर छे अने ए शरीरने खरो आधार शील उपर रहेलो छे.

आ विश्वनी अंदर आपणे जोइए छीए के, योग्य रीते शीलव्रत पालनारा माणसोनां शरीर बहु मजबूत होय छे, अने शीलव्रत नहिं पालनाराउनां शरीर बहु निर्बल होय छे. शास्त्रमां पण पूर्वना पुरुषोनां शरीर शीलव्रत पालवाथीज बहु मजबूत वर्णवेलां छे अने तेथीज तेउ म्होटां म्होटां कार्य करवाने शक्तिवंत थता हता. हालमां शीलव्रत पालवानो अभ्यास जेम जेम उछो थतो जाय छे तेम तेम प्रजाउ निर्बल थती जाय छे अने तेथी एक बीजाने परस्पर सहाय्य करवाने शक्तिवंत थता नथी. वली पांच महाव्रतोमां शीलने चोथुं व्रत गण्युं छे, तो पण ते चोथा व्रतने खंडन करनार पुरुष पांच व्रतने खंडन करनारो थाय छे अने ते चोथा व्रतने पालनारो पुरुष पांच व्रतने पालनारो थाय छे.

आवी रीतना ते शीलव्रतमां दिव्यगुणो रहेला होवाथी तेमज ते व्रतने पालनार माणसने आ लोक परलोकसंबंधी बहु लाभ होवाथी आपणा जैनाचार्य श्री जयकीर्ति मुनिये बहु जीवो उपर अपूर्व उपकार करवाना हेतुथी उपदेशरूप आ "शीलोपदेशमाला" ए नामनो मा-

गधी जाषामां पद्यबंध ग्रंथ रच्यो ले. ग्रंथ मागधी जाषामां होवाने लीधे बहु कठीण मालम पडवाथी श्री सोमतिलक सूरिये विक्रम संवत १३९४ नी शालामां तेना उपर शीलतरंगिणी ए नामनी संस्कृत टीका रची ले. टीका करनार सूरिये पण मूल ग्रंथमां आपेलां दृष्टांतो उपर रसीक मनोहर कथाउं दाखल करी ग्रंथने बहु सुशोजित बनाव्यो ले. ग्रंथ मागधी अने संस्कृत जाषानो होवाथी अमे विद्याशालाना शास्त्री पासे तेनुं गुजराती जाषांतर करावी लपावीने प्रसिद्ध कर्यो ले, तेनुं कारण एज के, उपरनी बन्ने जाषाना उंडा परिचयवाला हालमां आपणा जैन बंधुउं ए ग्रंथने वांचवानो लाज लइ ते महान् आचार्योंये आपणा उपर करेला उपकारनो तेमने धन्यवाद आपी ते पुरुषोए करेला श्रमने सफल करे.

आ ग्रंथ लपाती वखते मतिमंदथी अथवा दृष्टिदोषथी जे कांइ जूलो आवी ले, ते पालल शुद्धिपत्रमां सुधारी लीधी ले. वली १२० मा पृष्ठे श्री मल्लिनाथनी कथा उपर ४० मी गाथा जूलथी रही गयेली होवाथी ते गाथाने पालल शुद्धिपत्रमां दाखल करवामां आवी ले. तो पण जो कोइ जूल रही गइ होय तो तेने माटे हुं क्षमा मागुं बुं अने विनंती करुं बुं के, तेवी जूल्यो सुधारी लेवी.

ल० जैनविद्याशाला.

आ पुस्तकमां आवेली कथाओनी अनुक्रमणीका.

अंक.		पृष्ठ.
१	गुणसुंदरी अने पुण्यपालनी कथा.	६
२	द्वैपायनऋषिनी अने विश्वामित्रनी कथा.	१७
३	नारदनी कथा.	२५
४	रिपुमर्दन राजा अने भुवनानंद राणीनी कथा.	३४
५	विजयपाल राजा अने लक्ष्मी राणीनी कथा.	४१
६	ब्रह्मानी कथा.	४ए
७	चंद्रनी कथा.	५०
७	सूर्यनी कथा.	५०
ए	इंद्रनी कथा.	५१
१०	आर्द्रकुमारनी कथा.	६०
११	नंदिषेणमुनिनी कथा.	६ए
१२	रथनेमिनी कथा.	७४
१३	नेमिनाथना नव भवनी कथा.	७१
१४	मल्लिनाथनी कथा.	१२०
१५	स्थूलभद्रनी कथा.	१३६
१६	वज्रस्वामीनी कथा.	१५१
१७	सुदर्शन शेठनी कथा.	१७३
१७	वंकचूलनी कथा.	१७१
१ए	सुभद्रानी कथा.	१ए३
२०	मदनरेखानी कथा.	१ए७
२१	सुंदरीनी कथा.	२०७
२२	अंजना सुंदरीनी कथा.	२१३
२३	नर्मदा सुंदरीनी कथा.	२२५
२४	रतिसुंदरीनी कथा.	२३७
२५	ऋषिदत्तानी कथा.	२४६
२६	दवदंतिनी कथा.	२६२

२७ कमलानी कथा.	२८८
२८ कलावतीनी कथा.	२९४
२९ शीलवतीनी कथा.	३०८
३० नंदयतीनी कथा.	३२४
३१ रोहिणीनी कथा.	३३०
३२ कुलवालक मुनिनी कथा.	३३८
३३ द्रौपदीनी कथा.	३४४
३४ नूपुरपंकितानी कथा.	३५१
३५ दत्तदुहितानी कथा.	३६२
३६ अगडदत्तनी कथा.	३८२
३७ प्रदेशी राजानी कथा.	३९६
३८ महासती सीतानी कथा.	४१४
३९ धनश्रीनी कथा.	४३८

श्री अमदावाद जैनविद्याशालामां वेचातां पुस्तकोनुं

सूचिपत्र.

किंमत.	पुस्तकनुं नाम.	अक्षर
३—०—०	श्राद्धविधि (श्रावकनी सामाचारी)	शास्त्री
१—२—०	सुलसाचरित्र (बांधेली चोपडी)	”
१—०—०	सुलसाचरित्र (छुटां पानां)	”
१—४—०	पर्यूषण महात्म्य बालावबोध.	”
३—०—०	सज्झायमाला.	”
१—८—०	प्रकरणमाला.	”
०—६—०	सिंदुरप्रकर (मूल टीका अने भाषांतर साथे.)	”
०—४—०	देवसीराइ प्रतिक्रमण.	”
२—८—०	भरतेश्वरवृत्ति	गुजराती.
०—८—०	समकित कौमुदी.	”
०—२—०	संबोधसत्तरी.	”

आ नीचेनां पुस्तकोनी किंमत मूल किंमत करतां घटाडेली छे, तेथी ते हवे पछी घटाडेली किंमत प्रमाणे वेचाशे.

मूल किंमत	घटाडेली किंमत.	पुस्तकनुं नाम.	अक्षर.
२—०—०	१—१०—०	पंचप्रतिक्रमण तथा नवस्मरण अर्थसहित.	शास्त्री.
१—४—०	१—०—०	देववंदनमाला.	”
१—८—०	१—४—०	पूजा संग्रह. (पद्मविजयजी तथा रूपविजयजी कृत.)	”
१—८—०	१—४—०	पूजा संग्रह (वीरविजयजी कृत.)	”
१—८—०	१—०—०	पंचप्रतिक्रमण.	गुजराती
१—४—०	१—०—०	जयानंद केवलीनो रास	”
१—०—०	०—१२—०	स्नात्र पंचाशिका	”
०—१२—०	०—८—०	शत्रुंजयतीर्थ महात्म्य सार.	”

नीचेनुं पुस्तक विद्याशालातरफथी छपाय छे.

ऋषिमंडलवृत्तिभाषांतर.

आ पुस्तको शीवाय मुंबईवाला जीमसी माणके छपावेलां सर्वे पुस्तको तथा तीर्थना नकशा विद्याशाळामांथी मुंबईनी किंमत प्रमाणे वेचाता मळेछे.

श्री जैनविद्याशाला.
ठे० डोशीवाडानी पोल. अमदावाद.

श्रीगणधरेभ्यो नमः

श्री

शीलोपदेशमाला.

मूल, शब्दार्थ, विशेषार्थ अने कथाउ सहित प्रारंभः

इहां ग्रंथनी टीका करनार श्रीअभयदेवसूरि सात श्लोकवडे मंगलाचरण करे छे.

(वसंततिलका वृत्तम्)

यस्योपदेशसमये दशनांशुमिश्राः,
स्कंधोपरि प्रसृमराश्चिकुरप्ररोहाः ॥
कल्याणपात्रदधिसंवलितोरुदूर्वा-
लीलां दधुः स कुशलाय युगादिदेवः॥ १ ॥

अर्थ–देशनाने समये दंतकांतिथी मिश्र थएला अने खभा उपर प्रसरता जेमनां अंकुर सरखा केश, सुवर्णपात्रमां दहिंथी मिश्रित एवी बहु दूर्वानी समान शोभता हता, ते श्री युगादिदेव (ऋषभदेव भगवान) कल्याणने अर्थे थाउ. ॥ १ ॥

(उपजाति वृत्तम्)

श्रिये स शांतिर्मृगलांछनः सन्, युक्तं दधानः कुमुदां विकाशम् ॥
योऽनूद्भवानीहितभावमाप्य, शिवोत्तमांगं स्थिरभासुरश्रीः ॥ २ ॥

अर्थ–चंद्रमा जेम मृगलांछन पामीने कुमुदोने (चंद्रविकाशी कमलोने) प्रफुल्लित करे छे, तेम जे भगवान मृगलांछन पामीने कुमुदोने (पृथ्वी उपर रहेला माणसोने) हर्ष उत्पन्न करे छे. ए युक्तज छे. तेमज प्रसिद्ध चंद्रमा जेम पार्वतीने हितकारी एवा शंकरना मस्तके आश्रय पामीने स्थिर तथा देदीप्यमान शोभाने पाम्यो, तेम जे भगवान

संसारनेविषे अरुचि उत्पन्न करनारा शिवरमणीना मस्तके रही स्थिर अने देदीप्यमान शोजा पाम्या; ते श्री शांतिनाथ जगवान कल्याणने अर्थे थाउ. ॥ २ ॥

शिवश्रियो रूपमनन्यरूपं, ज्ञानात्मदर्शे परिजाव्य जज्ञे ॥
आशैशवात्तन्मयमानसो यः, स नेमिनाथः शिवतातिरस्तु ॥३॥

अर्थ–जे जगवान शिवरमणीनुं अलौकिक सौंदर्य ज्ञानरूप दर्पणमां जोई बाल्यावस्थाथीज तेने विषे आसक्त थया, ते श्री नेमिनाथ जगवान मंगलने अर्थे थाउ. ॥ ३ ॥

जावा अनेकाः प्रतिबिंब्य यस्य, ज्ञानेऽविबाधं दधिरे निवासम् ॥
फणानिजाः सप्त नयाश्च तस्थुस्त्यक्त्वा रिपुत्वं स शिवाय पार्श्वः ४

अर्थ–जे जगवानना ज्ञानमां अनेक जावो प्रतिबिंब पामीने निराबाधपणे रह्या छे. वली जेमने विषे शेषनागना सात फणासरखा सात नय पण परस्परमां रहेलो विरोध त्यजी दइने रह्या छे, ते श्री पार्श्वनाथ जगवान कल्याणने अर्थे थाउ. ॥ ४ ॥

यस्मिञ्जिने गर्जगतेऽपि पित्रोः, श्रीः सर्वतोऽजायत वर्धमाना ॥
सिद्धार्थसूनुश्चरमप्रजुर्मां, सिद्धार्थसार्थं स दृढं विदध्यात् ॥ ५ ॥

अर्थ–जे जगवान गर्जमां आवे छते तेमना माता पितानी लक्ष्मी दिवसे दिवसे वृद्धि पामी, ते सिद्धार्थ राजाना पुत्र चरम तीर्थंकर श्री वर्द्धमान स्वामी, मने दृढ एवा सिद्ध अर्थना समूहवालो करो. अर्थात् म्हारा सर्व कार्य निश्चयथी सिद्ध करो. ॥ ५ ॥

(वंशस्थ वृत्तम्)

जयंतु ते श्रीगुरवः कलावतां, जडोऽपि येषां करसंगमान्नरः ॥
रत्नेषु चंडोत्पलवद्धुरि स्थितिं, समश्नुते नाशितदोषडर्दशः ॥ ६ ॥

अर्थ–जेम चंद्रकांतमणि जड उतां पण सोलकलाना धारक चंद्रना किरणना स्पर्शथी पोताना दोषने दूर करीने रत्नोमां श्रेष्ठपद मेलवे छे, तेमज अनेक कलाना धारक जे सद्गुरुना हस्तना अवलंबनथी जड पुरुष

पण पोताना दोष तथा डुर्दशा दूर करीने श्रेष्ठ पुरुषोमां अग्रपद मेलवे छे, ते सद्गुरु जयवंता वर्तो. ॥ ६ ॥

(उपजाति वृत्तम्)

चक्रे पुरा यज्जयसिंहसूरि- शिष्येण शास्त्रं जयकीर्तिनाम्ना ॥
तस्याहमासूत्रयितास्मि वृत्तिं, सुखावबोधां स्वपरोपकृत्यै ॥ ७ ॥

अर्थ–पूर्वे जयसिंहसूरिना शिष्य जयकीर्ति नामना मुनिए जे आ शीलोपदेशमालारूप शास्त्र रच्युं छे, तेनी हुं (अजयदेवसूरि) पोताना अने परना उपकारने माटे सुखे बोध थाय एवी वृत्ति(टीका)करुं छुं.॥७॥

ए प्रकारे मंगलाचरण करीने ग्रंथकार ग्रंथनो आरंभ करे छे.

अहिं तत्वना उपदेशरूप अमृतना समूहने एकठुं करनार ग्रंथकार (जिनकीर्तिसूरि) पुण्यरूपी वेलना पल्लवने प्रफुल्लित करवाने मेघना आरंभरूप आ शीलोपदेशमाला नामना प्रकरणना आरंभनेविषे, उत्तम विचारमां प्रविण एवा पुरुषोना चित्तने चमत्कार करवामाटे, ग्रंथ जोनाराउनी तेमां प्रवृत्ति करवामाटे अने विघ्नना समूहनो नाश करवामाटे पोताना इष्टदेवताने स्मरण करवापूर्वक शीलना उपदेशना प्रयोजनना संबंधवाली प्रथम गाथा कहे छे.

(आर्यावृत्तम्)

आबालब्रह्मचारिणं नेमिकुमारं नत्वा जगत्सारम्

आबालबंभयारिं नेमिकुमारं नमित्तु जयसारं ॥

शीलोपदेशमालां वक्ष्यामि विवेककरिशालाम्

सीलोवएसमालं वुछामि विवेयकरिसालं ॥ १ ॥

शब्दार्थ–(आबालबंभयारिं के०) जन्मथी मांडीने ब्रह्मचारी एवा अने (जयसारं के०) त्रण जगत्ने विषे प्रधान एवा, बावीशमा तीर्थंकर (नेमिकुमारं के०) श्री नेमिकुमारने (नमित्तु के०) नमस्कार करीने (विवेयकरिसालं के०) विवेकरूपी हस्तीने रहेवानी शालारूप एवा (सीलोवएसमालं के०) शीलोपदेशमाला नामना ग्रंथने हुं (वुछामि के०) कहीश. ॥ १ ॥

विशेषार्थ—आ ग्रंथना करनार श्री जयसिंहसूरिना शिष्य जयकीर्त्ति मुनि, ग्रंथना आरंभमां मंगलाचरण कहे छे के— जन्मथीज चतुर्थव्रतरूप ब्रह्मचर्यने पालनारा, इंद्राणी समान मनोहर स्वरूपवाली राजीमतीने, राज्यने अने त्रणसे वर्षसुधी पोताने स्वाधीन रहेली राज्यलक्ष्मीने तृणनी पेठे त्याग करी गिरनार पर्वते सहसावनमां दीक्षा लेनारा, तेमज बीजा साधारण मनुष्यथी नहि पाली शकाय एवा शीलव्रतने पालवाथी अथवा लोकमां उत्तम रूपपणाथी ध्यान करवायोग्य अथवा बाह्य अने आभ्यंतर शत्रुने जीतवाथी त्रण जगत्मां प्रधान एवा बावीशमा तीर्थंकर श्री नेमिनाथ प्रभुने नमस्कार करीने *विवेकरूप हस्तीने रहेवानी शालासमान एवी शीलव्रतना उपदेशरूप पुष्पोनी मालाने अथवा शीलोपदेशमाला नामना ग्रंथने हुं कहीश.

हवे फलने बतावता सता शीलनो उपदेश कहे छे.

निर्मथितसकलहीलं दुःखवल्लीमूलोत्खननकीलं ॥
निम्महियसयलहीलं, दुहवल्लीमूलउक्कणणकीलं ॥

कृतशिवसुखसंमीलं पालयत नित्यं विमलशीलं
कयसिवसुहसंमीलं, पालह निच्चं विमलसीलं ॥ २ ॥

शब्दार्थ—हे भव्यजीवो ! तमे (निम्महियसयलहीलं के०) मथन करी नांखी छे सर्व प्रकारनी निंदा जेणे एवा, तथा (दुहवल्लीमूलउक्कणणकीलं के०) दुःखरूपी वेलना मूलने उखेडी नांखवाने खीला समान एवा अने (कयसिवसुहसंमीलं के०) कर्यो छे मोक्षना सुखनो मेलाप जेणे एवा (विमलसीलं के०) निर्मल शीलने (निच्चं के०) निरंतर (पालह के०) पालो. ॥ २ ॥

विशेषार्थ—हे भव्यजनो ! दहींने मंथन करनारा रवैयानी पेठे सर्व प्रकारनी निंदाने मंथन करनार, सिंह, गजेंद्र, सर्प अने संग्रामादिकना पराभवने दूर करनार, कर्मरूप जलथी उत्पन्न थएली दुःखरूपी वेलिना

---

* आदरवायोग्य अने छांडवायोग्य वस्तुनुं ज्ञान.

मूलने उखेडी नाखवाने खीला समान अने मोक्षसुखने मेलवनार एवा निर्मल शीलव्रतने तमे *निरंतर पालो. ॥ २ ॥

काव्यनी अंदर केटलांक वचनो विशेष उपदेश आपवाने योग्य होवाथी तेने फरीथी कहेवामां पण पुनरुक्ति दोष लागतो नथी. कह्युं छे के—सज्झायझाणतवो, सहेसु उवएसु थुइपयाणेसु ॥ संतगुणकित्तणेसु य, न हुंति पुणरुत्तदोसाउ ॥ १ ॥

मूल ग्रंथकारे आ प्रथमना काव्यमां पूर्वार्द्धने विषे विघ्ननी निवृत्तिने माटे इष्टदेवताने नमस्कार करी उत्तरार्द्धने विषे ग्रंथनो विषय कह्यो छे. एमां बे प्रकारनो संबंध छे. वाच्य अने वाचक, तेमां वाच्य प्रकरणार्थ अने वाचक प्रकरण छे. वली शीलोपदेश अभिधेय (कहेवायोग्य वस्तुनुं स्वरूप) अने विवेक करी शालारूप प्रयोजन दर्शाव्युं छे, ते बे प्रकारे छे एक कर्त्ताने अने बीजुं सांभलनारने, ते पण पर अने अपर एवा भेदथी बे प्रकारे छे. तेमां कर्त्ताने पर एटले मोक्षप्राप्ति अने अपर ए भव्यजीवो उपर अनुग्रह छे. सांभलनारने पण पर ते मोक्षप्राप्ति अने अपर ते प्रकरणना अर्थनुं जाणपणुं छे. वली ग्रंथकारे बीजा तीर्थंकरोने नमस्कार न करतां फक्त नेमिनाथने नमस्कार करवानुं कारण ए छे के, ग्रंथमां शीलनुं प्राधान्यपणुं प्रगट कर्युं छे.

हवे शील पालवाथी आ लोक परलोकमां जे फल थाय छे, ते कहे छे.

लक्ष्मीः यशः प्रतापः माहात्म्यं अरोग्यता गुणसमृद्धिः
लच्छी जसं पयावो, माहप्प- मरोगया गुणसमिद्धी ॥
सकलसमीहितसिद्धिः शीलात् इह भवेऽपि भवेत्
सयलसमीहियसिद्धी सीलाउ इह भवेवि भवे ॥ ३ ॥
परलोकेऽपि खलु नरसुरसमृद्धिं उपभुज्य शीलभराः
परलोएवि हु नरसुरसमिद्धि- मुवभुंजिऊण सीलभरा ॥
त्रिभुवनप्रणमितचरणाः अक्षणाः प्राप्नुवंति सिद्धिसुखं
तिहुअणपणमियचरणा, अरिणो पावंति †सिद्धिसुहं ॥४॥ युग्मम्॥

* दान, तप अने भावना ए त्रणे जेटलो वखत पाळ्यां होय तेटलो वखत फल आपवावालां थाय छे. अने शीलव्रत बहु वखत पाळ्या छतां एक वखत खंडन करवाथी सघलुं खंडन थाय छे. माटे निरंतर शील पालवुं. कह्युं छे के, वुड्ढंति नामभारा, नच्चिय वुड्ढंति वीसमंतेहिं ॥ सीलभरो वोढव्वो, जावज्जीवं अवीसामो ॥१॥ (†परमपयं) इति पाठांतरम्.

शब्दार्थ–(सीलाउ के०) शीलथी अर्थात् शील पालवाथी (इह जवेवि के०) आ जवने विषे पण (लछी के०) लक्ष्मी, (जसं के०) जश, (पयावो के०) प्रताप, (माहप्पं के०) माहात्म्य, (अरोगया के०) आरोग्यता, अर्थात् आरोग्यपणुं (गुणसमिद्धी के०) गुणोनी समृद्धि अने (सयलसमीहियसिद्धी के०) सर्वे रूडा इछेला कार्यनी सिद्धि (जवे के०) थाय ढे. तेमज (परलोएवि के०) परलोकने विषे पण (हु के०) निश्चे (तिहुअणपणमियचरणा के०) त्रण जुवनना जनोए जेमना चरणकमलने नमस्कार कर्यो ढे एवा, अने (अरिणा के०) कर्मरूप ऋण (देवा) थी रहित थएला एवा (सीलजरा के०) शीलव्रतने धारण करनारा पुरुषो (नरसुरसमिद्धि के०) मनुष्य अने देवताउनी समृद्धिने (उवजुंजिऊण के०) जोगवीने (सिद्धिसुहं के०) मोक्षसुखने (पावंति के०) पामे ढे. ॥ ३ ॥ ४ ॥

विशेषार्थ–निष्कपटपणे शील पालवाथी आ जवने विषे 'लक्ष्मी' एटले चक्रवर्त्ति, वासुदेव, बलदेव अने मंमलिक राजानी पदवी, 'यश' एटले सर्वदिशाउमां धन्यवाद, 'प्रताप' एटले अखंमित ऐश्वर्यपणुं, 'माहात्म्य' एटले सर्प विगेरेमां पुष्पनी मालानुं देखावुं, 'आरोग्यता' एटले अतिसार, जगंदर अने क्षय विगेरे रोगथी निराबाधपणुं, 'गुणसमृद्धि' एटले महाव्रत अने अणुव्रतोनी पुष्टि अने सर्वे रूडा इछेला कार्यनी सिद्धि थाय ढे, तेमज परलोकने विषे पण त्रण जुवनना प्राणियोए नमस्कार करेला अने पूर्वजन्मना शुजाशुज कर्मरूप ऋण (देवा)- थी रहित थएला एवा ते शीलव्रतने धारण करनारा पुरुषो मनुष्य अने देवताउनी समृद्धिने जोगवीने मोक्षना सुखने पामे ढे. ॥ ३ ॥ ४ ॥

शील पालवाथी आजव अने परजवमां सुखनी प्राप्ति थाय ढे, ते उपर गुणसुंदरी अने पुण्यपालनी कथा.

बे सूर्य अने बे चंद्ररूप चार चक्रने धारण करवाथी सर्वे द्वीपोमां चक्रवर्ती पदने पामेला आ जंबूद्वीपमां लक्ष्मीथी मनोहर एवा जरतक्षेत्रनी दक्षिणदिशाए जद्दिलपुरनामे मनोहर नगर ढे. जे नगरनी आकाशपर्यंत उंची गएली हवेलीउ उपर सूर्य, सुवर्णना कुंजसमान शोजतो हतो अने सोनाना दंडनी धजाउ उपर बांधेली शेंकडो घूघरीउ आका-

शमां रहेला ताराउनी पेठे शोजती हती. ते नगरमां जेना प्रतापरूप रज-कणो जाणे खोज होय नी! एवो सिंहना समान पराक्रमवालो अरि-केसरी नामे राजा राज्य करतो हतो. तेने अरिहंतना धर्मवाली, कामदेव-रूप हस्तीने बंधन करवाने आलानस्तंजरूप अने अखंडित सौजाग्य-वाली कमलमाला नामे पट्टराणी हती. धर्मनेविषे प्रीतिवालां ते दंपती (स्त्री पुरुष) पुत्रने माटे देव देवीउनी बहु मानता करतां हतां, जेथी तेमने काले करीने शेंकडो पुत्रथी पण अधिक प्रेमवाली एक पुत्री थइ. अरिकेसरी राजाए पोताना आत्माने धन्य मानतां ए पुत्रीनो म्होटो जन्मोत्सव करीने गुणसुंदरी एवुं यथार्थ नाम पाड्युं. पढी कल्पवेलनी पेठे दिवसे दिवसे वृद्धि पामती ए राजसुता, चंद्रकलानी पेठे सर्व मनुष्योने अत्यंत वहाली थइ. अनुक्रमे ए राजपुत्रीना शरीररूप वननेविषे पूर्ण एवा उन्मादरूप क्याराथी सिंचन थएलुं अने हावजावरूप लची रहेली गयावालुं यौवनावस्थारूप वृक्ष वृद्धि पाम्युं.

एक दिवस पूर्णकलाउना अज्यासवाली अने सर्व अंगनेविषे सुशो-जित अलंकारोने धारण करनारी ए राजकुमारी पोतानी मातानी आ-ज्ञाथी पोताना पिताना चरणने प्रणाम करवामाटे सजामां गइ. चोसठ कलाथी पूर्ण जाणे साक्षात् सरस्वती पोतेज होयनी! एवी अने विनयथी नम्र एवी ते पुत्रीने अरिकेसरी राजाए पोताना खोलामां बेसारी. पढी उन्मतशृंगारना एक तरंगरूप पोतानी सजाने जोतो अरिकेसरी राजा, मदोन्मत्त हस्तिथी पेठे जगत्ने तृणसमान गणतो पोताना मनमां विचार करवा लाग्यो के, "आ म्हारी सजा देवसजा ढे, इच्छित समृद्धि-वाला सेवको देवतारूप ढे, लक्ष्मी पण जोइए तेटली ढे, अने हुं पोते इंद्ररूप ढुं. तो हवे म्हाराथी स्वर्गने विषे वधारे शुं ढे." आम गर्वरूप अजीर्णथी पूर्ण थएला उदरवाला ए राजाए दंडथी ताडन करेला सर्पनी पेठे (लोकोने) विषरूप वचन कह्यां, "हे लोको! तमे पृथ्वीने विषे रह्या बतां, देवलोकनी क्रीडाथी आवुं दैवने स्वाधिन एवुं पूर्ण सुख जोगवो ढे, ते कोना प्रसादथी?"

राजानां आवां वचन सांजली आकुल व्याकुल थएला ते सर्वे सेव-को, शियालनी पेठे एकी वखते राजाने कहेवा लाग्या के, "हे स्वामि-

न्! निरंतर आपना प्रसादरूप कल्पवृक्षनी छायानो आश्रय करी रहेला अमे जमराओनी पेठे इच्छितफलना स्वादने पामीए छीए." लोकोनां आवां वचन सांजली जैनधर्ममां आदरवाली थएली अने कर्मना मर्मने जाणनारी गुणसुंदरीए जाणे लोकोना वचननो तिरस्कार करती होयनी! एम पोतानुं मस्तक धूणाव्युं. पछी राजाए पोतानी पुत्रीने तेम करवानुं कारण पूछ्युं एटले गुणसुंदरीए स्पष्ट कह्युं के "शुजाशुज फलनी प्राप्तिमां जाव कर्म एज मुख्य कारण छे. बीजानुं शुं प्रयोजन छे? फक्त एक लक्ष्मीज दीर्घकालपर्यंत जीवो के, जेना प्रसादथी सर्वे माणसो धनवंत पुरुषनी पासे मीठुं मीठुं बोले छे." पुत्रीनां आवां वचनथी अत्यंत कोप पामेला राजाए भ्रकुटी चडावीने तेने कह्युं के "तुं कोना प्रसादथी आवुं अखंडित सुख जोगवे छे?" पुत्रीए कह्युं, "हे तात! आ सर्वे माणसो पोतपोताना करेला कर्मनुं फल जोगवे छे, बीजाओ तो केवल निमित्तमात्र छे.

पछी राजाए, पोताना खोलामांथी पुत्रीने उतारी मूकी सर्वे आजरणादिक पण कढावी नांखीने तेने जूनां वस्त्रो पहेराव्यां. छेवट पोताना सेवको पासे कोइ एक जीर्णवस्त्रने धारण करनारा, रोगी अने डुर्बल अंगवाला कठीयाराने बोलावीने तेनी साथे ते पोतानी पुत्रीने परणावी दीधी; अने कह्युं के "जा, तुं त्हारा कर्मनां अने जीजनां फल जोगव." वली तेणे पोताना सेवकोने पण कह्युं के "जे माणस आ म्हारी पुत्रीनी पाछल जशे, ते निश्चे म्हारो शत्रु छे," आम नृपतिए पोतानी पुत्रीने आवी स्थितिए पोहोंचाडी एटले "हे महाराज! अविनीत एवा पण बालकने विषे माता पिताए कोप करवो नहि जोइए. शुं स्तनपान करतो बालक पोतानी माताना स्तनने खेंचवाथी वध करवा योग्य थाय छे?" आवी रीते अंतःपुरना मंत्रीओए राजाने बहु विनती करी, पण सर्पनी पेठे अत्यंत कोपायमान थएला ते राजाए कोइनुं कहेवुं मान्युं नहीं.

पछी प्रफुल्लित मुखकमलवाली गुणसुंदरी "हुं पण म्हारा पुण्यकर्मने जोगवीश" एम कहीने पोताना आत्माने धन्य मानती छती कागडानी पाछल राजहंसीनी पेठे कठीयारानी पाछल पाछल तेना जूना घर प्रत्ये गइ. त्यां ए राजपुत्रीए पोताना पतिने आसन आपी तेना उपर बेसा-

थो. पछी कठीयाराए गुणसुंदरीने कह्युं, "हे राजसुता ! आ म्हारा घरने विषे त्हारा योग्य कांइ पण वस्तु नथी, तेथी तुं त्हारी मरजी होय त्यां बीजे स्थानके जा; कारण के, सुवर्ण ज्यां ज्यां जाय छे त्यां त्यां द्रव्यने उत्पन्न करे छे." गुणसुंदरीए कह्युं, "अरे स्वामिन्! आप हवे क्यारे पण आवुं वचन बोलशो नहीं. कारण के, चिंतामणि रत्नसमान आपना शरणे हुं आवेली छुं" पछी विनयथी नम्र मुखवाली गुणसुंदरीए जेटलामां पोताना पतिना जटासमान थएला केशने छूटा करवा मांड्या, तेटलामां तेने पतिना मस्तकमांथी बावना चंदननो गंध आव्यो एटले तेणे आश्चर्यथी विचार करी सार जाणीने पोताना पतिने पूछ्युं. "हे स्वामिन्! आजे तमे लाकडानो जारो क्यां वेच्यो छे?" कठीयारे उत्तर आप्यो. के, "खावानुं लइ कंदोइनी डुकाने घराणे मूक्यो छे." पछी गुणसुंदरी पतिनी संगाथे कंदोइनी डुकाने गइ अने तेने लीधेला खावाना पैसा आपी लाकडानो जारो पोताने घेर पाछो आण्यो. कह्युं छे के—वादलाथी ढंकाइ गएलो सूर्य शुं पोताना तेजने मलिन करे छे ? अर्थात् नथी करतो.

पछी राजपुत्री गुणसुंदरीए ते बावना चंदननो एक ककडो लइ सरैयानी डुकाने वेच्यो अने तेना उपजेला द्रव्यथी वस्त्राभूषण विगेरे खरीद कर्यां. त्यारपछी तेणे केशने साफ करी तेलमर्दन करी संस्कारपूर्वक पोताना पतिने स्नान कराव्युं. ज्यारथी ए रंक कठीयारो पुण्यनेलीधे राजसुता गुणसुंदरीने पाम्यो, त्यारथी लोकमां तेनुं पुण्यपाल एवुं यथार्थ नाम पड्युं.

हवे पुण्यपाले जे वृक्ष कापीने ते जारो आण्यो हतो, ते वृक्ष गुणसुंदरीए मजुरलोको पासे कपावीने पोताना घरने विषे मंगाव्युं. पछी "व्यवहारथी निकली गएला (साधु) पुरुषोए निरंतर जोगवेला मेरु पर्वतनां शिखरो पण काले करीने क्षय पामे छे !" एवो विचार करीने ते राजसुताए बावना चंदनना सर्व ककडाने वेची दइने बहु द्रव्य एकठुं करी लेवा देवारूप कार्यथी व्यवहार चलाव्यो, परंतु ते कार्यमां पोतानो पति पशुनी पेठे अजाण हतो, तेथी गुणसुंदरी तेने अभ्यास कराववा माटे कोइ बीजे गाम तेडी गइ. त्यां तेने अकारादि अक्षरो उलखावी

वांचतां शीखव्युं, गणितव्यवहारमां पण प्रवीण कर्यो अने छेवट वस्त्र अने करीआणा विगेरेनी परीक्षा पण शीखवी. आम गुणसुंदरीए तेने लेवा–देवारूप सर्व व्यवहारना कार्यमां चतुर बनावी दीधो. वली सर्व वीद्यामां कुशल एवी ते गुणसुंदरीए पोताना पतिने थोडा दिवसमां धर्मकार्यमां पण प्रविण कर्यो. पछी कोइ सार्थवाहनी संगाथे ए राजपुत्री पोताना पतिसहित पोतनपुर नगरप्रत्ये गइ. त्यां तेणे पुण्यपालने वेपारना कार्यमां घणो कुशल कर्यो, तेथी ते अनुक्रमे पोतानी मेले व्यवहारना सर्व कार्यमां प्रवर्त्यो.

एक दिवस गुणसुंदरीने कांइ साधारण लेख जड्यो. तेमां सात ओषधीना प्रयोगथी कल्याणसिद्धिने आपनारी सुवर्ण बनाववानी क्रीया लखी हती. ते उपरथी राजपुत्रीए ए प्रयोग करी बहुद्रव्य एकठुं कर्युं. पछी सर्व प्रकारनी चिंताथी मुक्त थएली अने सुखरूपसमुद्रमां डुबी गएली गुणसुंदरी कमलनेविषे भ्रमरीनी पेठे धर्मरूप उद्यानमां अधिक अधिक रमवा लागी. पुण्यपाल पण राजानी पेठे लक्ष्मीवडे विलास करतो छतो दान अने चतुराइनी क्रीडाथी लोकमां बहु प्रसिद्धि पाम्यो. आप्रमाणे पुण्यपालनी लक्ष्मी, धर्म, दान, यश अने चतुराइ ए सर्व उत्तरोत्तर बहु वधवा लाग्या. कह्युं छे के– लक्ष्मीना परिचयथी जडपुरुषो बहु चतुराइने पामे छे, अने स्त्रीउना यौवननो मद लावण्यपणाने प्रगट करे छे. पछी धर्मबुद्धिवाला पुण्यपाले त्याना राजापासेथी जमीन लइ तेना उपर एक उंचा तोरणवालुं जिनमंदिर कराव्युं. " निरंतर एक स्थानके रहेवाथी माणस जड थइ जाय छे," माटे हुं पतिने बीजा देशमां लइ जाउं, एवो विचार करी गुणसुंदरीए पोताना पतिने परदेश जवानुं कह्युं.

पछी पुण्यपाले पण घणां वाहनो एकठां करी, शेंकडो करीयाणाने खरीद करी अने म्होटी संघरचना करीने नगरने विषे पटह वगडाव्यो के, " म्हारी साथे आवनार माणस पासे भाथुं नही होय तो भाथुं अने वाहन नहीं होय तो वाहन हुं आपीश. " पछी त्यांना राजानी रजा लइ भाट लोकोए करेला मांगलिक शब्दपूर्वक पुण्यपाल, प्रभातनी वखते दान आपतो छतो हस्तीनी पेठे सिंहलद्वीप तरफ चाल्यो. सर्व प्रकारनी संपत्तिए करीने जाणे जंगम (हालतुं चालतुं) वृक्षज होयनी !

एम मार्गने विषे जतो एवो ते पुण्यपाल नायक बहु यश पाम्यो. रस्ते प्रभावना पूर्वक तीर्थनो उद्धार करतो छतो ते पुण्यना समूहनी पेठे ठेकाणे ठेकाणे नवीन एवां जिनमंदिरो करावतो हतो. आप्रमाणे अनेक देशोनुं उल्लंघन करी पोताना यशने विस्तारतो छतो ते पुण्यपाल अनुक्रमे सिंहलद्वीपमां आवी पहोंच्यो. त्यां तेणे माणिक्यजडित आभूषणोथी पोताना सेवकोने साक्षात् कल्पवृक्ष समान बनाव्या, इंद्रनी स्पर्धा करनारा तेणे लेश देशमां उत्पन्न थएला लाखो अश्वो पोताना सेवको पासे मंगाव्या, तेमज विंध्याचल पर्वतमांथी भद्रजातिना हजारो हस्तीओने पण मंगाव्या.

एक दिवसे आ प्रकारनी पोतानी बहु समृद्धिने जोइ गुणसुंदरीए अवसर मलवाथी पोताना पतिने मधुर वचनथी कह्युं, "हे स्वामिन्! तापथी तप्त थएला पक्षीओना कंठनी पेठे आ द्रव्यादि सर्व संपत्ति चंचल छे; माटे विवेकी पुरूषोए धर्मकार्य करीने तेना फलनो उपभोग करवो. हे नाथ! जे द्रव्यथी पुण्य कर्युं नथी, अथवा तो स्वजन संबंधीओने आश्चर्य उत्पन्न थयुं नथी, तो तेवा द्रव्ये करीने शुं! माटे हवे ज्यां म्हारो पिता अरिकेसरी राजा राज्य करे छे, त्यांजवुं योग्य छे. कारण के, ते पण पोतानां नेत्र उघाडीने म्हारा कर्मनुं फल जुए" प्रियानां आवां वचन सांभली अवसरना जाण एवा ते पुण्यपाले तुरत प्रयाणनो पडह वगडाव्यो. पछी मार्गमां अनेक भूपतिओए सन्मुख आववा विगेरेथी पगले पगले सत्कार करेलो ए पुण्यपाल चक्रवर्तीनी पेठे मार्गनुं उल्लंघन करवा लाग्यो. तेणे तीर्थस्थानमां जइने महादानथी, संघनी पूजाथी अने प्रभावनादि सत्कृत्यथी जैनशासननी उन्नति करी "शुं आ ते चक्रवर्ती छे? के वासुदेव? अथवा तो पृथ्वी उपर इंद्र पोतेज आव्यो छे? के जेनी आवी उत्कृष्ट समृद्धि देखाय छे!" आम लोकोए योग्य अथवा अयोग्य रीते शंका करेलो ते पुण्यपाल "महानायक" एवी म्होटी नामना पाम्यो.

अनुक्रमे तेणे सर्व देशनुं उल्लंघन करीने पूर्वना अनेक संकेतवाली पोतानी जन्मभूमिरूप भद्दिल पुरनी सीमाने दीठी. पछी ते लाकडाना भारा वहेवारूप पोतानी पूर्व अवस्थाने वारंवार संभारतो छतो पोता-

ना मित्रोनी आगल ब्रह्माथी पण न उल्लंघी शकाय तेवुं कर्मनुं विचित्रपणुं कहेवा लाग्यो. जद्दिल पुरनी नजीकमां तेणे पोताना संघनो पडाव करावीने थोडा वखतमां वैमानना समान एक नवो महेल चणाव्यो. त्यार पछी ते, एक थालमां जाणे गुणोज होयनी ! ! एम रत्नो मूकीने अरिकेसरी राजा पासे नेट आपवा गयो. अरिकेसरी राजा पण पुण्यपाले वर्णन करेला ते ते देशना आश्चर्यकारी समाचारथी बहु विस्मय पाम्यो, कह्युं छे के—जे पदार्थो राजाउना जोवामां पण आवता नथी, तेवा पदार्थोनो परदेशमां मुसाफरी करनारा पुरुषो सहजमां अनुनव ले छे. पछी मंत्रीउंना कहेवा उपरथी अरिकेसरी राजाए द्रव्य आपी पुण्यपाल पासेथी केटलाक हस्तीउं खरीदवा माग्या, एटले पुण्यपाले कह्युं. " हे स्वामिन् ! म्हारे द्रव्यनुं शुं काम छे ? में ए सर्व आपना चरणमांज अर्पण कर्युं छे; माटे आप म्हारा उपर प्रसन्न थइ म्हारे घेर पधारी म्हारा उपर अनुग्रह करो. "

अरिकेसरी राजा पण कौतुकथी तेनो वैन्नव जोवामाटे थोडा माणसोना परिवार सहित पुण्यपालना संघमां गयो. त्यां ते जूदी जूदी नाषा बोलनारा तेमज विचित्र अलंकारोने धारण करनारा अने आमतेम कार्यने माटे जता आवता माणसोवाला स्वर्गसमान ते सार्थने जोइ आश्चर्य पाम्यो. पछी पुण्यपालनी विनंती उपरथी अरिकेसरी राजा न्हावाने माटे न्हावण करवाना मंडपमां जइ बाजोठ उपर बेठो. त्यां ते देवतानी समान उत्तम सामग्रीथी स्नान करी, सूक्ष्म रेशमी वस्त्रने पहेरी श्री जिनराजनुं पूजन करवामाटे मध्यमां रहेला देवगृहमां गयो. त्यां तेणे कपूर, कस्तूरी, अगुरूचंदन अने उत्तम स्तोत्रपाठथी श्री जिन राजनी पूजा करी. पछी ते नोजनशालामां आवे छते सेवकोए सुवर्णना बाजोठ उपर रत्नना थालो मूक्या. पछी श्वेत वस्त्र तथा आनूषणो धारण करनारी कोइ स्त्री जाणे देवीज होयनी ! एम पूर्वना द्वारमांथी आवीने राजाना आगल रहेला सुवर्णना थालमां फलो मूकी गइ. वली लीला वस्त्रानरणने धारण करनारी स्त्री दक्षिण द्वारथी निकलीने मनोहर रसवती पीरसी गइ. तेमज पीला वस्त्रानरणने धारण करनारी स्त्री पश्चिम

द्वारमांथी निकली अतीमधुर पकान्न पीरसी गइ. छेवट रक्तवस्त्राभरणने धारण करनारी स्त्री दुध घी विगेरे पीरसीने चाली गइ!

आवी रीते महा उत्तम रूपवाली चार स्त्रीउने जोइ आश्चर्य पामेला अरिकेसरी राजाए पुण्यपालने पूछ्युं के, "तमारे केटली स्त्रीउ छे?" पुण्यपाले हास्यपूर्वक उत्तर आप्यो. "हे स्वामिन्! आपे जे धार्युं छे, ते तेमज छे." भोजन करी रह्या पछी राजा अने पुण्यपाल बन्ने जणा एकांते सुखथी वातो करता हता, एवामां अवसरनी जाण गुणसुंदरी पोताना पिताए पोताने काढी मूकती वखते आपेलां वस्त्रोने धारण करी तुरत त्यां आवी. राजाए तेना आवा विलक्षणपणाने जोइने कह्युं, "हे वत्से! तुं म्हारा शणगारने धारण करी म्हारा खोलामां बेश." गुणसुंदरीए तेम कर्युं एटले कर्मना फलने मानता एवा राजाए तेने कह्युं, "हे पुत्री! अवला मागे जता एवा मने तेंज सारो मार्ग देखाड्यो छे. वली दुष्ट एवा में भोजन वखते जूदा जूदा शणगारने धारण करी आवती तने उलखी पण नही." हे वत्से! आ पुण्यपाल कोण छे?" राजाना आवा प्रश्नथी गुणसुंदरीए पोतानी द्वारपालिनी (दासी) सामुं जोयुं, एटले ते दासीए पूर्वनो सर्व वृत्तांत राजाने कही संभलाव्यो.

आ वात नगरीमां फेलाइ तेथी मंत्री, सामंत अने अंतःपुरसहित नगरीना सर्वे लोको हर्षथी त्यां आववा लाग्या. जेना नेत्रमां हर्षनां आंसु वहेतां हतां एवी गुणसुंदरीनी माता पण पोतानी पुत्रीने आलिंगनपूर्वक कहेवा लागी के, "हे वत्से! आजे तने मलवाथी मने बहु हर्ष थाय छे," धावमाताउ अने न्हानपणथीज साथे म्होटी थएली सखीउ पण गाढ आग्रहथी तेने वारंवार आलिंगन करवा लागी. नगरनी स्त्रीउ गुणसुंदरीना आवा अपूर्व वैभवने सांभली अत्यंत कोलाहल करती छती वीस्मय पामी. पछी गुणसुंदरीए हर्षथी पोताना पिता अने सेवक वर्गने वस्त्र, आभरण अने तांबूल आपी बहु सत्कार कर्यो. बीजना चंद्रनी पेठे उत्साहथी जोवायला पुण्यपाले पण विनयथी मस्तक नमावीने पोतानां सासु ससराने प्रणाम कर्या. पछी सासरो अने जमाइ म्होटी संपत्तिथी हस्तीउपर बेसी परिवारसहित नगरमां चाल्या. रस्ते श्री वर्धमानसूरि धर्मोपदेश आपता हता, तेथी इष्ट अने प-

थ्य एवा ते धर्मोपदेशनी वात सांजली अरिकेसरी राजाए पोताना जमाइ पुण्यपालने कह्युं. " हुं तमारा वैजवने सांजली वैराग्यवासित थयो बुं, माटे विस्तारपूर्वक जिनधर्म सांजलवानी इछा करुं बुं." पठी सर्वे जणाए एकठा थइ श्री वर्द्धमानसूरिना चरणने नमस्कार करी वैराग्यना कारणरूप श्री अरिहंत धर्मना महात्म्यने सांजल्युं. ते आ प्रमाणे॥ लक्ष्मीर्यशः कुलेजन्म, प्रतापः प्रियसंगमः ॥ श्रीधर्मकल्पवृक्षस्य, फलमेतज्जिनोदितम् ॥ लक्ष्मी, यश, सारा कुलमां जन्म, प्रताप, प्रियनो संग ए सर्व श्रीधर्मरूप कल्पवृक्षनां फल बे एम श्री जिनेश्वर प्रजुए कह्युं बे.

वली सूरिए अरिकेसरी राजाने कह्युं के, "हे राजन्! आ त्हारी पुत्रीए पूर्वजन्मने विषे उत्तम शीलव्रत पाल्युं हतुं, तेनुं आ सर्व फल बे. अने ते अंते मोक्ष पामशे. हे राजन्! उःखरूप कल्लोलथी पूर्ण एवो आ संसार समुद्र अपार बे, माटे दीक्षारूप वहाणविना कोइ तेने तरी शकतुं नथी." मुनिनां आवां वचन सांजली राजाए कह्युं के, "हुं आपना चरणनोज आश्रय करीश. कारण के, म्होटा पुरुषोनो आदेश फक्त निरुद्यमी पुरुषोथीज पाली शकतो नथी." पठी अरिकेसरी राजा सूरिने कहीने पोताना नगर प्रत्ये गयो. त्यां दयावंत एवा तेणे बंधीवानोने ठोडी मूकी पोताने पुत्र न होवाथी पोताना जमाइ पुण्यपालने राज्य आप्युं. त्यार पठी ते नृपति, याचकजनोने मनवांछित दान आपीने महोत्सवपूर्वक चारित्र अंगीकार करी तेने निष्कलंकपणे पालवा लाग्यो.

पुण्यपाल राजा पण श्री जिनधर्मनी प्रजावना करतो बतो न्यायथी राज्य करवा लाग्यो. " यौवन नाशवंत स्वजाववालुं बे, लक्ष्मी क्षणजंगुर बे; अने आ देह पण सेंकमो विघ्नवालो बे, माटे धर्मनेविषे बुद्धि करो." आवां पोतानी प्रिया गुणसुंदरीनां बोधकारक वचन सांजली पुण्यपाले पोताना पुत्र सुलोचनने राज्य सोप्युं. पठी ते बन्ने स्त्री पुरुषे महोत्सवपूर्वक चारित्र आदर्युं. दीर्घकाल पर्यंत निरतिचारपणे चारित्रने पालता ते बन्ने जणा अनुक्रमे अक्षयसुखवाला मोक्षपदने पाम्यां.

जे धीरपुरुषो शीलरूप माणिक्यने यत्नथी निरंतर पोताना हृदयने

विषे धारण करे ठे, तेउ गुणसुंदरीनी पेठे आ लोकमां अने परलोकमां वांछित अर्थनी प्राप्तिथी हर्षवंत थाय ठे.

इति गुणसुंदरी अने पुण्यपालनी कथा.

मोक्षसाधननां बीजां घणां साधनो ठे, ठतां पण शील उत्कृष्ट साधन ठे ते कहे ठे.

देवः गुरुः च धर्मः व्रतं तपः गुप्तिः अवनिनाथोऽपि
देवो गुरू यं धम्मो, वयं तवं गुत्तिमवणिनाहोवि ॥
पुरुषः नारी अपि सदा शीलप्रवृत्तानि अर्घंति
पुरिसो नारीवि सया, सीलपवित्ताइं अग्घंति ॥ ५ ॥

शब्दार्थ—(देवो के०) देव, (गुरू के०) गुरु, (धम्मो के०) धर्म, (वयं के०) व्रत, (तवं के०) तप, (गुत्तिं के०) गुप्ति,(अवणिनाहो के०) पृथ्विनो नाथ—राजा, (अपि के०) नीखारी, (पुरिसो के०)पुरुष, (च के०) अने (नारीवि के०) स्त्री पण. ए सर्वे (सया के०) निरंतर (सीलपवित्ताइं के०) शीलमां प्रवर्त्त्या सता (अग्घंति के०) पूजाय ठे. ॥५॥

विशेषार्थः—शासन प्रवर्त्तावनार देव, धर्मनो उपदेश देनार गुरु, हेय उपादेय एटले त्याग करवा योग्य अने ग्रहण करवा योग्य वस्तुने जणावणार धर्म, दीक्षा अंगीकार करवा रूप व्रत, बाह्य अने आभ्यंतर ए बार प्रकारनुं तप, मन वचन अने काय ए त्रण प्रकारनी गुप्ति, राजा नीखारी. धर्मने धारण करनार पुरुष तथा मोक्षना साधन नूत ज्ञान, दर्शन अने चारित्र रूप त्रण रत्नोने धारण करनारी स्त्री; ए सर्वे शीलमां प्रवर्त्या सताज निरंतर पूजाय ठे. अर्थात् शील पालवाथीज म्होटाइने पामे ठे अने सद्गतिमां जवाने योग्य थाय ठे. ॥ ५ ॥

हवे बे गाथाए करी बीजा पुरुषोने शीलमां प्रवर्त्तावावाने माटे उत्कारकारक होवाथी शीलथी व्याप्त थएला पुरुषोने कहे ठे.

दातृशिरोमणयः केके न नूताः जगति सत्पुरुषाः
दायारसिरोमणिणो, केके न हुआ जयंमि सप्पुरिसा ॥

केके न संति किंपुनः स्तोकाः धृतशीलभराः
केके न संति किंपुंण, थोवंच्चिय धरियंसीलजरा ॥ ६ ॥

षष्ठाष्टमदशमादि तप्यमानाः आपि खलु अतीव उग्रतपः
छठ्ठमदसमाई तवमाणावि हु अईवं उग्गतवं ॥

अस्खलितशीलविमलाः जगति विरलाः महामुनयः
अक्खलियसीलविमला जयंमि विरला महामुणिणो॥७॥ युग्मम्.॥

शब्दार्थ–(जयंमि के०) आ जगतने विषे, गया कालमां (केके के०) कोण कोण (दायारसिरोमणिणो के०) दातारोना शिरोमणीउं एवा(सप्पुरिसा के०) सत्पुरुषो (न हुआ के०) नथी थया ? अने वर्त्तमान कालमां पण (केके के०) कोण कोण, दातारना शिरोमणिउं (न संति के०) नथी ? अर्थात् गया कालमां घणा थया हता अने वर्त्तमान कालमां पण घणा छे. त्यारे (किंपुण के०) कोण थोडा छे ? तो के, (धरियसीलजरा के०) धारण कर्यो छे शीलनो जार जेमणे एवा सत्पुरुषो (थोवच्चिय के०) थोडा छे. ॥ ६ ॥ (हु के०) निश्चे (जयंमि के०) आ जगत्जे विषे (छठ्ठमदसमाई के०) छठ (बे उपवास) अठ्ठम (त्रण उपवास) अने दशमादि (चार उपवासादिक) (अईव के०) अतिशय (उग्गतवं के०) उग्रतपने (तवमाणावि के०) तपता एवा पुरुषो घणा छे, परंतु (अक्खलियसीलविमला के०) अखंडित शीलव्रते करीने निर्मल थएला एवा (महामुणि के०) म्होटा मुनियो (विरला के० थोडा छे. ॥ ७ ॥

विशेषार्थ–आ जगत्ने विषे गया कालमां जीवरक्षाने माटे पोताना जीवीतने (देहने) तोली आपनारा एवा दातार शिरोमणि कोण कोण नथी थया ? कह्युं छे के–कर्णश्चर्म शिबिर्मांसं, जीवं जीमूतवाहनः ॥ ददौ दधीचिरस्थीनि, नास्त्यदेयं महात्मनाम् ॥ कर्णे पोताना चामडुं, शिबिए पोतानुं मांस, जीमूतवाहने पोताने जीव अने दधीचिए पोताना हाडकां आप्यां छे. माटे महात्मा पुरुषो पासे कांइ न आपवायोग्य वस्तु नथी. अने वर्त्तमान कालमां पण कोण कोण नथी ? अर्थात् आ जगत्ने विषे गया कालमां बीजाने माटे (जीवरक्षानेमाटे) पोताना प्राण आपनारा

जीमूतवाहनश्रने दधीचि विगेरे सत्पुरुषो थइ गया छे श्रने वर्त्तमान कालमां पण घणा छे. त्यारे थोडा कोण छे? तो के, श्रखंडित शीलव्रतना जारने धारण करनारा सत्पुरुषो थोडा छे. ॥ ६ ॥ श्रा जगत्ने विषे बे उपवास, त्रण उपवास, चार उपवास पंदर उपवास श्रने मासखमण (एक महिनाना उपवास) विगेरे महा उग्रतप करनारा घणा पुरुषो छे, परंतु श्रखंडित शीलव्रते करीने पवित्र थएला महामुनियो थोडा छे. श्रर्थात् शीलव्रत पालवुं घणुं कठण होवाथी श्रखंडित शील-पालनारा सत्पुरुषो थोडाज होय छे. कह्युं छे के– श्रक्खाणसणी कम्माण मोहणी, तह वयाण बंजवयं॥ गुत्तीण य मणगुत्ती चउरो डुक्खेण जिप्पंति॥ इंद्रियोमां रसेंद्रि जीतवी कठण छे, कर्ममां मोहनी कर्म जीतवुं कठण छे, व्रतमां ब्रह्मचर्य व्रत पालवुं कठण छे श्रने गुप्तिमां मनगुप्ति संवरवी कठण छे. एम ए चारे डुःखे जीताय छे. माटे तपस्विउमां पण निर्मल शील पालनारा थोडा होय छे. ॥ ७ ॥ V

तेज वात लौकिक ऋषिना दृष्टांतथी देखाडता सता कहे छे.

यत् लोकेऽपि श्रूयते निजतपोमाहात्म्यरंजितजगतोऽपि

जं[1] लोएवि[2] सुणिज्जइ[3], नियतवमाहप्परंजियजयावि ॥

द्वैपायनविश्वामित्रप्रमुखऋषयोऽपि प्रभ्रष्टाः

दीवायणविस्सामि–त्तपमुहरिसिणोवि पप्भठा ॥ ८ ॥

शब्दार्थः– (जं के०) जे (लोएवि के०) लोकने विषे पण (सुणिज्जइ के०) संजलाय छे, (निय तव माहप्परंजिय जयावि के०) पोताना तपना माहात्म्ये करीने रंजन कर्युं छे जगत् जेमणे एवाय पण ते (दीवायण विस्सामित्त पमुह के०) द्वैपायन श्रने विश्वामित्र प्रमुख (रिसिणोवि के०) ऋषियो पण शील थकी (पप्भठा के०) भ्रष्ट थया छे!॥८॥

विशेषार्थ–खाखरानां सूकां पांदडां, शेवाल श्रने पाणीथी शरीरनो निर्वाह करनारा तथा पोताना तपना प्रजावथी त्रण जगत्ना जनोने रंजन कर्नारा एवा जे द्वैपायन श्रने विश्वामित्र ऋषियो विगेरे लोकने विषे संजलाय छे, ते ऋषियो पण स्त्रीउना कटाक्षथी भ्रांति पामीने शीलथी भ्रष्ट थया छे. श्रर्थात् एवा म्होटा ऋषिउ पण शीलव्रत पालवामां श्रसमर्थ थया छे.॥८॥

म्होटा म्होटा ऋषिओ पण शीलथी भ्रष्ट थएला छे, ते उपर द्वैपायन ऋषिनी अने विश्वामित्र ऋषिनी कथा.

आ भरतक्षेत्रनेविषे हस्तिनापुर नगरमां पांडवोनो पूर्वज शांतनुनामे राजा राज्य करतो हतो. प्रजानुं पुत्रनी पेठे पालन करतो एवो ते मृगया रमवामां घणी प्रीतिवालो होवाथी एक दिवसे तेणे मृगया रमतां रमतां एक हरिणनुं जोडुं दीठुं. राजाए पोतानो घोडो ते हरिणनी पाछल दोडाव्यो, तेथी ते हरिण अने हरिणी बन्ने कोइ म्होटा वनमां नासी गयां अने राजा पण तेनी पाछल गयो. त्यां तेणे महावनमां एक म्होटो सात मालनो महेल दीठो. पछी घोडाने नीचे राखी पोते जेवो सातमा माल उपर चडे छे, तेवामां राजाए एक महारूपवंती कन्या हाथमां पाणीथी भरेलो कलश लइने पोतानी सामे आवती दीठी. कन्याए आसन आपी राजाने घणो विनय करी पाणी पाइने संतोष पमाड्यो. त्यारे राजाए पूछ्युं के, "हे सुभगे! तुं कोण छे? कोनी पुत्री छे अने आ स्थानके केम रहे छे." कन्याए उत्तर आप्यो के, "हे राजन्! हुं जन्हु नामना विद्याधरनी दीकरी छुं. म्हारूं नाम गंगा छे. एक वखते म्हारा पिताए पोताने त्यां आवेला जोशीने पूछ्युं के, "आ पुत्रीनो वर कोण थशे?" त्यारे ते जोशीए कह्युं के, "आ तमारी पुत्री गंगाने "वनमां" वरनी प्राप्ति थशे." जोशीनां एवां वचन सांभली म्हारा पिताए आ वनमां सात मालनो महेल चणावी मने अहिं मूकी छे, अने जोशीए कहेलां वचनो आज तमारा मेलापथी सफल थयां छे."

कन्यानां आवां अमृतसरखां वचनो सांभली शांतनु राजा तेने त्यांज गांधर्वविवाहथी परणी म्होटी स्वारीथी पोताना नगरमां लाव्यो. पछी शब्दादिक पांच प्रकारनां विषयसुख भोगवतां ते गंगाने एक पुत्र थयो. तेनुं गांगेय एवुं नाम पाड्युं. शुक्लपक्षनी बीजना चंद्रमानी पेठे ते गांगेय वृद्धि पामवा लाग्यो अने बहोतेर कलानो अभ्यास करी पोताना मामानी पासे धनुर्विद्या शीखवा लाग्यो.

हवे हस्तिनापुर नगरनीपासे यमुना नदीने कांठे एक पारासर नामनो ऋषि तप करतो हतो. त्यां मछगंधा नामनी एक घणा स्वरूपवाली

१ आ मछगंधानां (मछगंधा, सत्यवती अने योजनगंधा ए) त्रण नाम हतां.

धीवरनी पुत्रिने जोइ ते ऋषिए ध्यानमांथी चूकी तेनी साथे विषय-सुख भोगव्युं, तेथी केटलेक दिवसे तेने एक पुत्र थयो. तेनुं द्वैपायन एवुं नाम पाड्युं. द्वैपायन म्होटो थयो एटले ते तापसी दीक्षा लइ तप करवा लाग्यो.

हवे एक वखते शांतनु राजा मृगया रमवा माटे नावमां बेसी यमुना नदीने सामे कांठे गयो. त्यां तेणे घणा स्वरूपवाली धीवरनी पुत्री सत्यवतीने देखी तेना पिताने कह्युं के, "आ त्हारी पुत्री मने आप," धीवरे कह्युं. "हे राजा ! मने तमारा सरखो जमाइ क्यांथी मळे ? परंतु तमारे गांगेय नामनो पुत्र छे, तेथी म्हारी पुत्रीना पुत्रने राज्य मळे नहि; पण जो तमे मने एवुं वचन आपो के, "हुं त्हारी पुत्री सत्यवतीना दीकराने राज्य आपीश, तो हुं तमने म्हारी पुत्री परणावुं." धीवरनां एवां वचनो सांभळी खेद पामेलो राजा पोताना नगरमां गयो, परंतु कोइनी साथे राज्यसंबंधी वातचित के, भोजन पण करे नहीं. आ वात गांगेयना सांभळवामां आवी के, 'राजा धीवरनी पुत्री सत्यवतीने माटे चिंता करे छे.' पछी गांगेये पोताना पिता शांतनु राजाने धीवरनी पासे लइ जइ तेनी सत्यव्रती पुत्री मागी अने धीवरने एवुं वचन आप्युं के, "हुं त्हारी पुत्रीना पुत्रने राज्य आपीश अने हुं पोते ब्रह्मचारी छुं." गांगेयनां आवां साहस भरेलां वचनोथी संतुष्ट थइ देवताओए जयजय शब्द बोली पुष्पनी वृष्टि करी. तेमज तेनुं भिष्म एवुं नाम पाड्युं.

पछी धीवरे पोतानी पुत्री सत्यवती शांतनु राजाने आपी अने भिष्मने कह्युं के, "एक दिवस में यमुनाने कांठे आ कन्याने जोइ हती. देवताओए ए रत्नांगदनी पुत्री सत्यवती छे एम कह्युं. हुं पुत्र–विनानो हतो, तेथी में तेने प्रेमथी पाळी." अनुक्रमे शांतनु राजा तेने परण्यो अने तेने परस्पर प्रेमवाळा एक चित्रांगद अने बीजो चित्रवीर्य एवा बे पुत्रो थया. हवे ते बन्ने पुत्रो ज्यारे सर्व कळाओनो अभ्यास करी यौवनावस्थामां आवी राज्य योग्य थया, त्यारे शांतनु राजा मरण पाम्यो. पछी गांगेये चित्रांगदने राज्य आप्युं. त्यार पछी केटलेक वर्षे निलांगद नामना शत्रुनी साथे युद्ध करतां ज्यारे चित्रांगद

मृत्यु पाम्यो, त्यारे गांगेये चित्रवीर्यने गादीए बेसाड्यो. ते चित्रवीर्य पण पोतानी अंबिका अंबालिका, अने अंबा नामनी त्रण स्त्रीउ साथे संसारसंबंधी जोग जोगवतो अने प्रजानुं पालन करतो पुत्रविनाज क्षयरोगथी मृत्यु पाम्यो.

हवे गांगेये विचार कस्यो के, "म्हारे म्हारा जाइउना वंशनी वृद्धि करवी जोइए, परंतु हुं तो ब्रह्मचारी बुं तेथी म्हारे तो शास्त्रमां कह्या—प्रमाणे पृथ्वी विगेरे त्रण स्त्रीउ ठे. तेथी ते स्त्रीउ कांइ कामनी नथी; माटे पाराशर रुषिना पुत्र (द्वैपायन) जे एक मासना उपवासरूप तप करीने पारणाने दिवसे सूकी शेवाल अने खाखरानां सूकां पांदडांनुं जक्षण करीने पठी बीजा महिनाना उपवासरूप महा तप करे ठे, ते द्वैपायन रुषि पासे म्हारा जाइ चित्रवीर्यनी स्त्रीउने मोकलुं." एवो विचार करी चित्रवीर्यनी स्त्री अंबिकाने बोलावीने कह्युं के, "तुं वस्त्ररहित थइने पाराशर रुषिना पुत्र द्वैपायन, जे यमुना नदीने कांठे तप करे ठे, त्यां तेमनी पासे जा." एटले अंबिकाए विचार कस्यो के, "ए तो म्हारो जेठ थाय, तो वस्त्ररहित थइ म्हाराथी तेमनी पासे केम जवाय?" एवो विचार करी ते वस्त्ररहित करेला पोताना देहने सूखड अने केसर विगेरे चोपडी द्वैपायन रुषि पासे गइ. द्वैपायन पण तेना उपर मोहित थइ आदर करीने बोल्यो के, "त्हारे पुत्र थशे, पण ते कोढिउ थशे."

बीजे दिवसे गांगेये अंबालिकाने मोकली. ते पण लाजथी पोतानी आंखे पाटो बांधीने गइ. तेथी तेने पण द्वैपायने कह्युं के, "त्हारे पुत्र थशे, पण ते आंधलो थशे." वली त्रीजे दिवसे गांगेये अंबाने मोकली पण तेणे तो लाजथी न जतां पोतानी दासीने मोकली. त्यारे द्वैपायने कह्युं के, "एने दासीपुत्र थशे." पठी ते त्रणे जणीउने अनुक्रमे १ पांडु, २ धृतराष्ट्र अने ३ विडुर एवा त्रण पुत्रो थया. जुउ के, ते द्वैपायन रुषि महा उग्रतपने करनारा हता, तो पण ते स्त्रीना संगथी पोतानुं शीलव्रत चूक्या. माटे विषय महा डुर्जय ठे. कह्युं ठे के—कानीनस्य मुनेः स्वबांधववधूवैधव्यविध्वंसिनो, नसारः किल तेपि गोलकसुताः कुंमाः स्वयं पांमवाः॥

किं चैतेऽपि समानजातय इति प्राप्ताः समुत्कीर्तनं, तेषां पावनमाः कथं नु विषमा धर्मस्य सूक्ष्मा गतिः ॥ १ ॥ इति द्वैपायनऋषिनी कथा.

क्षत्रिकुलमां आभूषण समान गाधी राजाने विश्वामित्र नामे पुत्र हतो. तेणे वशिष्ठ ऋषिनी बराबरी थवा माटे तापसी दीक्षा लीधी. पछी ते सूकाइ गएलां खाखरानां पांदडां अने शेवालनुं भक्षण करी सूर्य सामी दृष्टि करीने महा उग्रतप करवा लाग्यो. एवी रीते महा उग्रतप करवाथी विश्वामित्रने अनेक प्रकारनी शक्ति* प्राप्त थइ. विश्वामित्रनी

* एक वखते कोइ पतित माणसे वशिष्ठ ऋषि पासे आवीने कह्युं के, "मने यज्ञ करावो." ऋषिए कह्युं "तुं पतितनो दीकरो छुं माटे तने यज्ञ नहि करावुं." त्यारे ते माणसे विश्वामित्र पासे जइ प्रार्थना करीने कह्युं के "महाराज, मने यज्ञ करावो." त्यारे विश्वामित्रे "शुं एकलो वशिष्ठज यज्ञ कराववाने समर्थ छे ? अने बीजा नथी ?" एवो गर्व करी तेने यज्ञ कराववानी हा कही यज्ञनी सामग्री भेगी करी बीजा ऋषिओने बोलावी यज्ञ कर्यो. तेमां वशिष्ठने पण बोलाव्या हता, परंतु ते आव्या नही. पछी विश्वामित्रे ते यज्ञ करनार माणसने कह्युं के "तुं आ देहे स्वर्गमां जा." एटले ते माणस तेज देहे स्वर्गमां गयो. ते माणसने देखी देवताओए भेगा थइ इंद्रने प्रार्थना करीने कह्युं के, "हे महाराज ! आपणा स्वर्गलोकमां विश्वामित्र नामना ऋषिए मोकलेलो कोइ अधम माणस आव्यो छे, तेने पाछो मृत्युलोकमां मोकलो; कारण के, ते स्वर्गमां रहेवाने योग्य नथी." पछी इंद्रे विश्वामित्रे मोकलेला अधम माणसने कह्युं के, "तुं मृत्युलोकमां पाछो जा." एम कहेवाथी ते विश्वामित्र पासे पाछो आव्यो एटले विश्वामित्रे तेने फरीथी स्वर्गमां मोकल्यो. त्यारे इंद्रे ते अधम माणसने कह्युं के, "तुं मृत्युलोकमां पाछो जा, नहि तो त्हारुं मस्तक कापी नांखीश." एटले ते माणसे फरीने विश्वामित्र पासे आवी इंद्रे कहेली हकिकत कही संभळावी. इंद्रे कहेली हकिकत सांभळी विश्वामित्रने देवताओनी साथे वैर उत्पन्न थयुं. पछी विश्वामित्रे गर्व करी पोताना तपना बळथी नवी सृष्टि करवा मांडी. ते वखते देवताओ भेगा थइने विचार करवा लाग्या के, "विश्वामित्र ब्रह्माए स्थापन करेली सृष्टिने उत्थापन करीने पोतानी नवी सृष्टिने स्थापन करे छे, माटे विश्वामित्रनी सृष्टिमां आपणे मेघ न वरसाववो." एम विचारी तेत्रीश क्रोडे देवताओए भेगा थइ विश्वामित्रे करेली नवी सृष्टिमां मेघ वरसाववो बंध कर्यो. विश्वामित्रे कूवा बनावी पृथ्विमांथी पाणी काढ्युं. आम करतां करतां ज्यारे देवताओए गायोने दुध देती बंध करी, त्यारे विश्वामित्रे भेंशो करी अने माणसो पण नवा करवा मांड्या. ते माणसोने मस्तकने ठेकाणे नालिएर कर्यां, छातीने ठेकाणे कोहोळुं कर्युं अने हाथने ठेकाणे दूधी करी. आवी रीते विश्वामित्रे करेली नवी सृष्टिने जोइ देवताओए भय पामी ऋषिनी घणीज स्तुति करी, त्यारे विश्वामित्रे करवा मांडेली नवी सृष्टि बंध करी.

इति विश्वामित्रनी शक्तिनी कथा.

तपथी प्रगट थएली शक्ति जोइ सौधर्मपति इंद्र पण जयपामी विचारवा लाग्यो के, " आ ऋषि तपनां बलथी म्हारी इंद्रनी पदवी लइ लेशे. माटे आने कांइ पण उपाय करीने तपथी भ्रष्ट करूं " ! ! एम विचारी इंद्रे मेनका नामनी देवकन्याने बोलावीने कह्युं के, " हे मेनका ! तुं विश्वामित्र ऋषिने तपथी भ्रष्ट कर " पछी मेनकाए इंद्रनी आज्ञा मान्य करी विश्वामित्रना आश्रममां आवीने वसंतऋतुने बोलाव्यो एटले अढारभार वनस्पति प्रफुल्लित थइ आंबाने म्होर आव्यो, नवा पल्लवो फूटवा लाग्या, कोयलो टहुका करवा लागी, भमराउए फंकार शब्द करवा मांड्यो अने मलयाचलनो पवन वावा लाग्यो.

पछी मेनकाए सोल प्रकारना शृंगार सजी, कोयलना जेवी मधुर वाणीथी पंचम राग गातां पोतानुं स्वरूप देखाडतां सतां हाव-भाव अने कटाक्ष बाणने फेंकी विणा वगाडतां सतां ऋषिनी आगल नृत्य करवा मांड्युं अने जाणे ऋषिना अंगने स्पर्श करती होयनी ! तेम चेष्टाउ करवा लागी. आम करवाथी विश्वामित्र ध्यानमांथी चूक्यो, मन विव्हल थयुं अने ते जेटलामां नेत्र उघाडीने जुए छे, तेटलामां तो कामदेवे तेने पोताना बाणथी विंधी नांखी छिन्नभिन्न करी नाख्यो. पछी नाश पाम्यो छे विवेक जेनो अने कामदेवथी विव्हल थयुं छे मन जेनुं एवा विश्वामित्रे तपनी क्रिया छोडी दइ तेने कंठे पकडी नवशे शित्तोतेर वर्ष छ महिना अने त्रण दिवस सूधी मेनकानी साथे विषयसुख भोगव्युं. जेथी सर्व प्रकारनुं तप अने ध्यान नाश पाम्युं ! ! ! कह्युं छे के– सुगुप्तानामपिप्राय इंद्रियाणां न विश्वसेत् । विश्वामित्रोऽपिसोत्कंठः, कंठे जग्राह मेनकाम् ॥ बहु वश्य थएली एवी पण इंद्रियोनो घणुं करीने विश्वास करवो नहीं, कारण विश्वामित्र जेवाए पण मेनकाने कंठने विषे पकडी. जेणे क्षत्रिय कुलमां जन्म पामी महा उग्रतप करी अनेक प्रकारनी शक्तिउ मेलवी हती, ते विश्वामित्र द्वीपायन, जमदग्नि अने रेणुका विगेरे महा ऋषिउ पण शीलव्रतथी भ्रष्ट थया छे. जेथी शीलव्रत पालवुं घणुंज दुष्कर छे. इति विश्वामित्र ऋषिनी कथा.

हवे मिथ्यात्वी साधुउ तो दूर रह्या, परंतु धर्मतत्व जाणनारा पुरुषोने पण शील पालवुं कठण छे ते कहे छे.

जानंति धर्मतत्वं कथयंति जावयंति जावनाः च
जाणंति धम्मतत्तं, कहति जावंति जावणाउ य ॥
जवकातराः अपि शीलं धृत्वा पालयंति नो प्रवराः
जवकायराचि सीलं, धरिउं पालंति नो पवरा ॥ ए ॥

शब्दार्थ–(पवरा के०) उत्तम कुलमां उत्पन्न थएला अने (जवकायरावि) संसारे करीने कायर थएला एवाय पण संसारी जीवो (धम्मतत्तं के०) धर्मना तत्त्वने पोते (जाणंति के०) जाणे छे अने बीजानी आगल (कहंति के०) कहे छे (च के०) वली (जावणाउ के०) अनित्यादि बार जावनाउने पण (जावंति के०) जावे छे, परंतु (सीलं के०) शीलव्रतने (धरिउं के०) धारण करीने (नो पालंति के०)नथी पालता ? ॥ए॥

विशेषार्थ– वारंवार जन्म धारण करवारूप जवे करीने कायर थएला घणा उत्तम कुल जातिवाला संसारी जीवो जिनेश्वर जगवाने कहेला धर्मतत्त्वने जाणे छे, बीजाउनी आगल ते तत्त्वनो उपदेश करे छे अने अनित्यादि बार प्रकारनी जावनाउने पण जावे छे; परंतु तेउ अखंमित शीलव्रतने धारण करीने पाली शकता नथी. अर्थात् तेउ सिंहनी पेठे चरित्र लइ तेने पालवामां शीयालनी पेठे अधीरा बनी जाय छे श्री ठाणांगसूत्रना चोथा ठाणामां चार प्रकारना पुरुष कह्या छे ते आ रीते- केटलाएक सिंहनी पेठे व्रत लइने सिंहनी पेठे पाले छे, केटलाएक सिंहनी पेठे व्रत लइने शियालनी पेठे पाले छे, केटलाएक शियालनी पेठे व्रत लइने सिंहनी पेठे पाले छे अने केटलाएक शियालनी पेठे व्रत लइने शियालनी पेठे पाले छे. ए चार जांगामां पहेलो अने त्रीजो जांगो श्रेष्ट छे तेमज बीजो अने चोथो जांगो आदरवा लायक नथी. ॥ए॥

हवे सर्व धर्मथकी शीलव्रत पालवुं कठण छे, ते कहे छे.

दानतपोजावनादिधर्मेभ्यः सुदुष्करं शीलं
दाणतवजावणाई–धम्माहिंतो सुदुक्करं सीलं ॥
इति ज्ञात्वा जोजव्याः अतियत्नं कुरुत तत्रैव
इय जाणिय जोजव्वा, अइजत्तं कुणह तत्थेव ॥ १० ॥

शब्दार्थ–(जोजव्वा के०) हे जव्यजीवो ! (दाणतवजावणाई के०) दान, तप, अने जावनादिक (धम्माहिंतो के०) धर्म थकी पण (सीलं के०) शील जे छे, ते (सुडुक्करं के०) घणा दुःखथी पण पाली न शकाय एवुं छे. (इय के०) ए प्रकारे (जाणिय के०) जाणीने (तछेव के०) ते शीलने विषेज (अइजत्तं के०) अतिशय यत्न (कुणह के०) करो. अर्थात् ते शील पालवामां अतिशय उद्यम करो. ॥ १० ॥

विशेषार्थ– अजय, सुपात्र, अनुकंपा, उचित अने कीर्ति ए पांच प्रकारनां दान; अनशन, ऊनोदरी, वृत्तिसंक्षेप, रसपरित्याग, कायक्लेश अने इंद्रियपडिसंलिनता ए छ प्रकारे बाह्य तप तेमज प्रायश्चित्त, विनय, वैयावृत्य, स्वाध्याय, ध्यान अने कायोत्सर्ग ए छ प्रकारे अज्यंतर तप मली बार प्रकारनुं तप अने अनित्य, अशरण, संसार, एकत्व, अन्यत्व, अशुचि, आश्रव, संवर, निर्ज्जरा, लोकसरूप, सुबोधि अने जिनधर्म ए बार प्रकारनी जावनाउ विगेरे धर्मथी पण शीलव्रत पालवुं घणुं डुष्कर छे. कह्युं छे के, जावनादान क्षणवारनुं छे तपनी स्थिती पण नियमित छे परंतु शीलव्रत यावज्जिव पर्यंतनुं होवाथी ते पालवुं डुष्कर छे. एम जाणीने हे प्राणीयो ! तमे ते व्रत पालवामांज उत्कृष्ट आदर करो. पण "शील पालवुं तो डुष्कर छे." एम जाणीने मूकी देशो नही. ॥ १० ॥

हवे ते शीलनुं प्रमाण कहे छे.

तत् दानं सः च तपः सः जावः तत् व्रतं खलु प्रमाणं
तं दाणं सो य तवो, सो जावो तं वयं खलु पमाणं ॥
यत्र ध्रियते शीलं अंतररिपुहृदयनवकीलं
जह धरिज्जइ सीलं, अंतररिउहिययनवकीलं ॥ ११ ॥

शब्दार्थ– (खलु के०) निश्चे (तं दाणं के०) ते दान, (सो तवो के०) ते तप, (सो जावो के०) ते जाव, (य के०) अने (तं के०) ते व्रत, (पमाणं के०) प्रमाण छे के, (जह के०) जे दानने विषे, जे तपने विषे, जे जावने विषे अने जे व्रतने विषे (अंतररिउहियय नवकीलं के०) राग द्वेषरूप अंतरंग शत्रुना हृदयने उखेडी नांखवाने खीला समान एवा (सीलं के०) शीलव्रतने, (धरिज्जइ के०) धारण कराय छे. ॥ ११ ॥

विशेषार्थ–जे दान, जे तप, जे जाव अने जे व्रतने ग्रहण करवामां रागद्वेषरूप पोताना अंतरंगशत्रुना हृदयने उखेडी नांखवाने नवा खीला-समान एवा शीलव्रतने विद्वान पुरुषो धारण करे छे; तेज दान, तेज तप, तेज जाव अने तेज व्रत प्रमाण गणाय छे. अर्थात् शीलरहित दान, तप, जाव अने व्रत कर्यां छतां पण न कर्यां जेवां थाय छे. ॥ ११ ॥

हवे अतिचाररहित पालेला शीलनुं माहात्म्य कहे छे.

कलिकारकोऽपि जनमारकोऽपि सावद्ययोगनिरतोऽपि
कलिकारउवि जणमा–रउवि सावज्जजोगनिरउऽवि ॥
यत् नारदोऽपि सिध्यति तत् खलु शीलस्य माहात्म्यं
जं नारउवि सिज्झइ, तं खलु सीलस्स माहप्पं ॥ १२ ॥

शब्दार्थ–(कलिकारउवि के०) क्लेशने करावनारो एवोय पण तथा (जणमारउवि के०) मनुष्योने मरावनारो एवोय पण अने (सावज्ज जो-गनिरउवि के०) सावद्य योगमां एटले पाप योगमां व्याप्त थइ रहेलो एवोय पण (नारउवि के०) नारद जे छे, ते पण (जं के०) जे कारण माटे (सिज्झइ के०) सिद्ध थयो छे एटले मोक्षने पाम्यो छे, (तं के०) ते (खलु के०) निश्चे (सीलस्स के०) शीलनुं (माहप्पं के०) माहात्म्य छे. ॥ १२ ॥

विशेषार्थ–परस्पर एक बीजाने क्लेश करावनार, युद्ध विगेरे करावी मनुष्योने मरावनार, परस्त्रीनां हरण करावनार अने शोक्योना संयोग तथा वियोग करावनार इत्यादि पाप व्यापार करवामां आसक्त एवो नारद ऋषि, मोक्षने पाम्यो छे; ते एक अखंडित शील पालवानुंज मा-हात्म्य छे. अर्थात् बीजा सघला व्रतने त्यजी देनार नारद मोक्ष पाम्यो ते निश्चे शीलनो प्रजाव छे.

ज्यां त्यां क्लेश करावनार नारद पण शील पालवाथी मोक्षने पाम्यो छे, ते उपर नारदनी कथा.

सुवर्णमय एवी द्वारका नगरीने विषे वसुदेवना पुत्र श्रीकृष्ण पो-ताना म्होटा जाई बलदेवसहित राज्य करता हता. तेमने सत्यजामा नामनी पट्टराणी हती. तेनी साथे श्रीकृष्ण पांच प्रकारना विषयसुख जोगवता हता. एक दिवस क्लेश कराववामां कुतूहलवाला अने सूर्य स-

मान कांतिवाला नारद ऋषि आव्या. नारदने आवता जोइ श्रीकृष्णे बलनद्रसहित सामा जइ पंचांगे प्रणाम करी आसन उपर बेसारी धन वस्त्रादिकथी तेमनो सत्कार कर्यो. नारद त्यां एक क्षणमात्र रहीने पछी श्रीकृष्णना अंतःपुरमां गया. ते वखते सत्यन्नामा शृंगार सजी अरिसामां पोतानुं मुख जोती जोती सखी साथे वात करती हती, तेथी तेणे पोताने त्यां आवेला नारदने दीठा नहि, तेमज नक्तिथी बहुमान पण दीधुं नही, जेथी नारदना मनमां विचार थयो के, "जो मने देवताउ अने इंद्र सरखा पण माने छे, तो मनुष्यो माने तेमां तो आश्चर्य शुं? परंतु आ सत्यन्नामा श्रीकृष्णनी मानीती होवाथी अने धन यौवनना गर्वथी म्हारा सामुं पण जोती नथी, तेथी कोइपण उपायथी म्हारे तेनो गर्व उतारवो जोइए! सत्यन्नामानो गर्व उतरवा माटे उपायनो विचार करतां नक्की थयुं के, "जो तेना उपर शोक्य होय, तोज तेनो गर्व उतरे. ते शिवाय तेनो गर्व उतरे तेम नथी; माटे म्हारे नक्की तेना उपर शोक्य लाववीज."

एवो विचार करी जेने परस्पर क्लेश करावचो बहु प्रिय छे, एवा ते नारद त्यांथी आकाशमार्गे थइने कुंडिनपुर नगरमां आव्या. ते नगरमां रुक्मी नामनो राजा राज्य करतो हतो. तेने घणीज स्वरूपवान अने जोवन अवस्थामां आवेली रुक्मिणी नामनी बहेन हती तेनी पासे नारद आव्या. रुक्मिणीए नारदने आसन आपी बहुमान देइ संतोष पमाड्यो त्यारे नारद आशीष दइने बोल्या के, "हे वत्से! तुं त्रण खंडना नोक्ता श्रीकृष्ण वासुदेवनी स्त्री थजे." एटले तेज वखते रुक्मिणीए नारदने पूछ्युं. "हे नारद! ते श्रीकृष्ण कोण छे? केवा छे? अने क्यां छे? ते कहो." नारदे श्रीकृष्णना रूप, गुण अने सौन्नाग्यनुं वर्णन कर्युं एटले ते रुक्मिणी श्रीकृष्ण उपर घणीज आसक्त थइ. नारदे फरीथी रुक्मिणीने कह्युं. "हे पुत्री! तुं चिंता न करीश. त्हारो नर्तार श्रीकृष्णज थशे."

पछी चितारा पासे पट्ट उपर रुक्मिणीनुं रूप चितरावी नारद ऋषि द्वारका नगरीमां आवी फरीथी श्रीकृष्णने मल्या. श्रीकृष्णे नारदने बहुमान आपीने पूछ्युं के, "हे नारद! तमे पृथ्वीमां कांइ कौतुक दीठुं

होय, अथवा कोइ आश्चर्यकारक वार्त्ता सांजली होय ते कहो." श्रीकृष्णनां एवां वचन सांजली पोते धारेलुं काम पार पडवानो समय जाणी नारदे रुक्मिणीनुं पट्ट उपर चितरेलुं रूप श्रीकृष्णने देखाड्युं. ते जोइने ज्यारे श्रीकृष्णे नारदने पूछ्युं के, "हे नारद! आ रूप ते कोइ मनुष्यनुं छे? के देवांगनानुं छे?" त्यारे नारदे रुक्मिणीनी सर्व वात कहीने कह्युं के, "हे श्रीकृष्ण! वधारे शुं कहुं! ज्यारे तमे रुक्मिणीने परणशो, त्यारेज तमारो जन्म सफल थशे!! ज्यांसुधी ए स्त्रीरत्न तमारे घेर नथी आव्युं, त्यांसुधी हुं तमारो जन्म निष्फल मानु छुं!!!" नारदनां एवां वचनो सांजली रुक्मिणीनुं रूप जोइ अत्यंत प्रीतिवाला थएला श्रीकृष्णे नारदने कह्युं के, "हे नारद तमे जेम रुक्मिणी म्हारे घेर आवे, तेम करो. हे नारद! जेम कल्पवृक्षनी सेवा निष्फल थती नथी, तेम तमारी आगल करेली प्रार्थना पण निष्फल नहिज थाय." नारदे कह्युं. "हे श्रीकृष्ण! हुं एवो उपाय करीश, के जेथी तमारा मनोरथ सफल थशे, पण एक वखत तमे रुक्मिणीनी मागणी करो."

नारदनां एवां वचन सांजली श्रीकृष्णे कुंडिनपुर नगरना रुक्मी राजा पासे दूत मोकली रुक्मिणीनुं मागुं कह्युं. त्यारे रुक्मी राजाए रीश चढावी दूतने कह्युं के, "शुं हुं म्हारी बहेन गोवालियाना पुत्र कृष्णने आपुं? ना ना! म्हारी बहेन तो में म्होटा कुलवंत एवा शिशुपाल राजाने आपी छे; माटे जा त्हारा श्रीकृष्णने कहेजे के, म्हारी बहेन रुक्मिणीनी त्हारे जरा पण आशा राखवी नही; कारण के रत्न तो सुवर्णनी साथेज शोभे छे, पण पीतलनी साथे शोभतुं नथी. एम कही दूतने अपमान करी पाछो काढ्यो.

आ सर्व वात रुक्मिणीनी फोइ सांजलती हती, तेथी तेणे रुक्मिणीने कह्युं के, "त्हारा भाइ रुक्मी राजाए तने शिशुपालनी साथे परणाववानो निश्चय कर्यो छे." आ वात सांजली रुक्मिणी घणोज खेद करवा लागी, त्यारे फोइए कह्युं. "रुक्मिणी! अतिमुक्त मुनिए एम कह्युं छे के, "रुक्मिणी श्रीकृष्णनी पट्टराणी थशे." ए वात में खरेखरी सांजली छे. ते खोटी केम थाय? परंतु आ रुक्मी राजा तने शिशुपाल साथे परणाववानुं कहे छे, तेमज श्रीकृष्णे दूत मोकलीने त्हारूं मागुं

कह्युं, तो पण तेणे मान्युं नही; माटे हवे शुं थशे? अतिमुक्त मुनिनुं वचन असत्य तो नज थाय." फोइ आवी वात करती हती, एटलामां तो रुक्मिणीए नारद पासेथी शिशुपालना कुरूपनी वात प्रथम जाणी हती, तेथी ते पोताना न्नाइए तेनी साथे संबंध करेलो सांनली बहु खेद पामी, पढी फोइए तेने ज्ञानीनी वाणी मिथ्या केम थाय. एम कही कृष्णने विषे आसक्त करी. रुक्मिणीनो आवो दृढ निश्चय जोइ शिशुपालनी साथे लग्ननो दिवस आवतो जाणी फोइए एक ढानो दूत श्रीकृष्ण पासे मोकलीने कहेवराव्युं के, "में रुक्मिणीने तमारा साथे परणाववानो निश्चय करेलो ढे अने रुक्मी राजा तेने शिशुपाल साथे परणावे ढे, तेम लग्ननो दिवस पण आठमनो निश्चय करेलो ढे, माटे तमे ढानी रीते आठमने दिवसे कुंमिनपुर नगरे आवजो अने हुं पण तेने (रुक्मिणीने) नागदेवतानुं पूजन करवा माटे मध्यान समये उद्यानमां नागदेवताना मंदिरे लावीश, त्यां आपणे मलीशुं." पढी संकेत प्रमाणे श्रीकृष्ण आठमने दिवसे ढानी रीते कुंमिनपुर नगरे आव्या. श्रीकृष्णना न्नाइ बलन्नद्रे पण केटलुंक सैन्य लइ कुंमिनपुरथी थोडेक दूर गुप्तरीते पडाव कर्यो.

अहिं शिशुपाल राजा पण सर्व सामग्री तैयार करी घणुं सैन्य लेइ कुंमिनपुर नगरे आव्यो. त्यारे रुक्मी राजाए सामैयुं करी बगीचामां उतारो आप्यो. पढी क्लेश करावबामां प्रीतिवाला नारदे श्रीकृष्ण पासे आवीने कह्युं के, "हे श्रीकृष्ण! आज तमारो दाव आव्यो ढे." एटलामां तो रुक्मिणी फोइने साथे तेडीने संकेतस्थानके नागदेवतानुं पूजन करवा माटे आवी. रुक्मिणीनुं रूप जोइने श्रीकृष्ण मनमां विचार करवा लाग्या के, "नारदे जे रूपनुं वर्णन कर्युं हतुं, तेथी पण आ अधिक रूपवाली ढे." एम विचारी प्रीतिथी तेने कह्युं के "हे न्नद्रे! म्हारी फोइना संदेसाथी अने म्हारी प्रीतिथी वश्य थएलो हुं आ दूर पंथे आवेलो ढुं, तो हवे तुं वार न कर अने आ रथमां बेसी जा" पढी रुक्मिणी तुरत रथमां बेसी गइ. एटले श्रीकृष्णे रथने पवनवेगे चलाव्यो.

पढी फोइ पोताना माथेथी आल उतारवा माटे बूम पाडीने कहेवा लागी के, "दोडोरे दोडो! आ श्रीकृष्ण रुक्मिणीने बलात्कारथी हरण

करीने लइ जाय छे." त्यारे पोते प्रसिद्ध थवामाटे श्रीकृष्णे पोतानो पांचजन्य नामनो शंख वगाडी रथ घणोज उतावलो चलाव्यो.

पछी नारदे शिशुपाल पासे आवीने कह्युं के, "हे शिशुपाल ! तने आपेली रुक्मिणीने श्रीकृष्ण लइ जाय छे, तो पछी त्हारुं जीवितव्य शा कामनुं छे ?" आवी रीते जेम शिशुपालने कह्युं, तेम रुक्मी राजाने पण कह्युं. तेथी शिशुपाल अने रुक्मी राजा ए बन्ने घणुं सैन्य लइ श्रीकृष्णनी पाछल चाल्या. पोतानी पाछल आवता घणा सैन्यने जोइ रुक्मिणीए श्रीकृष्णने कह्युं के, "हे प्राणनाथ ! आपणी पाछल चतुरंगी सैन्य आवे छे अने तमे तो बे जणा छे, माटे हवे म्हारो अने तमारो नाश थशे तेथी तमे एम पण जाणशो के, आ रुक्मिणी म्हारा कुलनो क्षय करनारी थइ."

रुक्मिणीनां आवां कायर वचनो सांभली श्रीकृष्णे रुक्मिणीने कह्युं के, "हे प्रिये ! तुं भय न पामीश." एम कही पोतानुं बल देखाडवा माटे एकज बाणथी एक म्होटा वृक्षने तत्काल विंधी नांख्युं. पछी पोताना हाथनी वींटीमां जडेला हीराने अंगुठावडे दबावीने कपूरनी पेठे चूर्ण करी नाखी रुक्मिणीने कह्युं के "हे प्रिये ! ए विचारानो म्हारी आगल शो भार छे ?" एटलामां तो श्रीकृष्णे सैन्यसहित रुक्मी राजाने अने शिशुपालने पोतानी पासे आवता दीठा. ते वखते बलदेव, शिशुपाल तथा रुक्मी राजाना सामे युद्ध करवा रह्या अने श्रीकृष्णे रुक्मिणीसहित आगल चालवा मांड्युं. रुक्मिणीए बलदेवने कह्युं के, "हे बलदेवजी ! म्हारा भाइने जीवितदान देजो."

पछी बलदेवे श्रीकृष्णने अने रुक्मिणीने द्वारका नगरीतरफ विदाय करी पोते हल मूसलथी शत्रुजनो नाश करवा मांड्यो. रणतूर वागवा लाग्यां अने अनेक सुभटो पडवा लाग्याथी भूमि बहु भयंकर देखावा लागी. शिशुपाल बलदेव सामो युद्ध करवा आव्यो, तेने बलदेवे मूसल मार्युं तेथी ते बगलाना मुखमांथी छुटेला माछलानी पेठे नासी गयो. ते वखते नारद युद्ध जोवा माटे आकाशमां उभा रही नृत्य करवा लाग्यो, अने शिशुपालने हसीने कहेवा लाग्या के, "हे शिशुपाल ! नासी जा रे नासी जा" पछी रुक्मी राजा युद्ध करवा आव्यो. तेणे बलभद्रनी

सामां अनेक आयुधो नांखवा मांड्यां, त्यारे बलभद्रे एक तीक्ष्ण बाणवडे तेनां सर्व शस्त्रो अने दाढी मूछ कापी नांखीने कह्युं के, "हे रुक्मी! तुं म्हारा न्हाना भाइ श्रीकृष्णनी स्त्रीनो भाइ थाय छे, माटे तने जीवतो मूकुं छुं." पछी बलरहित थएलो ते रुक्मी, शरमने लीधे कुंडिनपुरनगरे नहि जतां त्यांज भोजकटक नामनुं नगर वसावीने रह्यो.

हवे बलभद्रे पण जीत मेलवीने कीर्तिस्थंभ रोपी पाछा द्वारका नगरीए आवी श्रीकृष्णने सर्व समाचार कह्या. पछी श्रीकृष्णे रुक्मिणीने कह्युं के, "हे प्रिये! देवताओए बनावेली आ द्वारकानगरीमां अने देवताओए बनावेला बगीचावाला महेलमां देवांगनाओनी पेठे त्हारा मननी इच्छा प्रमाणे सुखेथी रहे." श्रीकृष्णनां एवां वचन सांभली रुक्मिणीए श्रीकृष्णने कह्युं के," हे स्वामिन्! जेम कोइ पुरुष सेवकने पकडी लावे तेम तमे मने लाव्या छो, माटे हुं नथी जाणती के, म्हारो निर्वाह केवी रीते थशे? अने वली शोक्यनां हास्यवालां वचनो पण म्हाराथी शी रीते सहन करी शकाशे?" पछी जेम वसंत माधवीलताने (वसंतऋतुमां थएली वेलने) परणे तेम श्रीकृष्ण रुक्मिणीसाथे गांधर्व विवाहथी लग्न करीने तेने कह्युं के, "हे भद्रे! हुं तने सर्व स्त्रीयोमां मुख्य पट्टराणी करीश." एम सांभली रुक्मिणी संतोष पामी.

पछी तेज बगीचामां स्थापन करेली लक्ष्मीनी प्रतिमाने उपाडी नांखी ते ठेकाणे वस्त्रालंकार पहेरावी रुक्मिणीने बेसारी अने सत्यभामा आवे त्यारे लक्ष्मीनी पेठे स्थीर नेत्रो राखवानी भलामण करी श्रीकृष्ण द्वारका नगरीमां आव्या त्यारे सत्यभामाए पूछ्युं के, "हे स्वामीन्! तमे हरण करीने लावेली कन्या कोण छे? अने ते क्यां छे? ते मने कहो." कृष्णे कह्युं. "हे प्रिये! मधुवनमां लक्ष्मीनुं मंदिर छे, त्यां तेने राखी छे." पछी सत्यभामा पोतानी सर्व सखीओने साथे लइ शोक्यने जोवा माटे मधुवनमां रहेला लक्ष्मीना मंदिरे गइ. मंदिरमां जइ चारे तरफ जोवा मांड्युं, पण कोइ कन्याने दीठी नही त्यारे लक्ष्मीने ठेकाणे बेसारेली रुक्मिणीने सत्यभामाए भूलथी पगे लागीने कह्युं के, "हे माता! श्रीकृष्णे म्हारा उपर उत्तम रूपवाली शोक्य आणी छे, परंतु ते शोक्यथी जेम मने जरा पण दुःख न थाय अने ते म्हारी सेवा करे तेम

करी तमे म्हारा मनोरथ पूर्ण करजो. हुं तमारी मानता पूर्ण करीश." एम कही फरीथी पगे लागी मंदिरमां चारे तरफ जोवा लागी, परंतु छेवटे ज्यारे कोइपण माणस देखवामां न आव्युं, त्यारे श्रीकृष्णपासे पाछी आवी आ प्रकारे कह्युं. " हे धूर्तना शिरदार ! तमे म्हारी शोक्यने क्यां राखी छे?" कृष्णे कह्युं " चाल, तने देखाडुं." एम कही लक्ष्मीने ठेकाणे बेठेली रुक्मिणीने देखाडी एटले सत्यभामाए श्रीकृष्ण उपर रीश चढावीने कह्युं के, "आ पाखंड तमे शीखव्युं ! जे हुं सर्वथी म्होटी छुं, तेम छतां तमे मने आ म्हाराथी न्हानीने पगे लगाडी !!" श्रीकृष्णे हसीने कह्युं. "बहेनने पगे लागतां कांइ दोष नथी ! अने तेज त्हारा सर्व मनोरथ पूर्ण करशे." श्रीकृष्णनां एवां वचन सांभळी सत्यभामा रीसाइ गइ.

हवे तेवा समयमां पेला क्लेश करावनार नारदे क्यांहिथी आवीने सत्यभामाने कह्युं के, " हे सत्यभामा ! तें म्हारी अवज्ञा करी हती, माटेज तने आ शोक्यनुं संकट थयुं छे." पछी श्रीकृष्णे रुक्मिणीने सर्व स्त्रीओमां मुख्य पट्टराणी करी.

जुओ आवी रीते परस्पर क्लेश करनारो अने माणसोने मरावनारो एवो नारद पण मोक्षगतिने पाम्यो छे. ते मात्र शीलनोज प्रभाव छे. माटे सर्व प्राणीओए शील पाळवुं.

इति नारदनी कथा.

शीलभ्रष्ट थएला दातार विगेरे पण मोक्षने नथी पामता ते कहे छे.

दातापि तपस्वी अपि खलु विशुद्धभावोपि शीलपरिभ्रष्टः
दायावि तवस्सीवि हु, विसुद्धभावोवि सीलपरिब्भठो ॥
न लभते शिवसुखं असमं तस्मात् पालयत दुष्करं शीलं
न लहइ सिवसुहमसमं, ता पालह दुक्करं सीलं ॥ १३ ॥

शब्दार्थ–(हु के०) निश्चे (सीलपरिब्भठो के०) शीलथी भ्रष्ट थएलो एवो (दायापि के०) दातार पण, तथा (तवस्सीवि के०) तपस्वी पण अने (विसुद्धभावोवि के०) निर्मल भावने राखनार एवोय पुरुष पण (असमं के०) जेनी तुल्य कोइ थइ शके नहि एवा (सिवसुहं

के०) मोक्षना सुखने (न लहइ के०) नथी पामतो. (ता के०) ते कारण माटे, हे नव्यजीवो ! तमे (डुक्करं के०) डुष्कर एवा (सीलं के०) शीलने (पालह के०) पालो. ॥ १३ ॥

विशेषार्थ–निरंतर दान आपनारा दातार, छठ अठमादि उग्रतप करनार तपस्वी अने निर्मल नाववालो प्राणी पण जो शीलथी भ्रष्ट थयो होय, तो जेनी बराबर कोइ थइ शकतुं नथी अर्थात् केवलज्ञानी पण जेनुं वर्णन करी शकता नथी एवा मोक्षसुखने ते नथी पामतो. ते कारण माटे मोक्षना अर्थि एवा हे नव्यजीवो ! तमे ते डुष्कर (डुःखे पाली शकाय) एवा शीलने पालो. ॥ १३ ॥

हवे बे गाथाए करी शील पालवुं कठण छे, ते कहे छे.

दृश्यंते अनेके उग्रखड्गविषमांगणे महासमरे

दीसंति अणेगे उ–ग्गखग्गविसमंगणे महासमरे ॥

नग्नेऽपि सकलसैन्ये मान्नीतिदायकाः धीराः

नग्गेवि सयलसिन्ने, मन्नीसादायणो धीरा ॥ १४ ॥

दृश्यंते सिंहपौरुषनिर्मथनाः दलितमदकलगणाः च

दीसंति सीहपोरिस–निम्महणा दलियमयगलगणा य ॥

मदनशरप्रसरसमये सपौरुषाः किंतु यदि केपि

मयणसरपसरसमए,सप्पोरिसा किंतु जइ किंपि ॥१५॥युग्मम्

शब्दार्थ– (उग्गखग्गविसमंगणे के०) उग्र खड्गे करीने विषम छे आंगणुं जेनुं एवा (महासमरे के०) म्होटा रणसंग्रामने विषे (सयलसिन्ने के०) सर्व सैन्य जे छे ते (नग्गेवि के०) नागी गए सते एटले नासी गए सते पण (मान्नीसादायणो के०) तमे नय न पामो. एम कहेनारा एवा (धीरा के०) धीर पुरुषो जे ते (अणेगे के०) अनेक एटले घणा (दीसंति के०) देखाय छे ॥१४॥ तथा (जइ के०) जो के (सीह पोरिसनिम्महणा के०) सिंहना बलने नाश करनारा (य के०) अने (दलिय के०) दली नांख्या छे एटले नाश करी नांख्या छे(मयगलगणा के०) म्होटा गजेंद्रना समूह ते जेणे एवा महाबलवाला पुरुषो(दीसंति के०) देखाय छे, (किंतु के०) पण (मयणसर के०) कामदेवनां जे

बाण, तेना (पसरसमए के०) प्रसरसमये एटले वागवानी वखते (सप्पोरिसा के०) बलसहित अर्थात् कामदेवनां बाण वागवानी वखते धीरज राखनारा एवा (किंपि के०) कोइ पण विरला पुरुषोज होय छे. ॥ १५ ॥

विशेषार्थ–तरवारे करीने जयंकर एवा म्होटा रणसंग्राममां शत्रुना सुजटोथी त्रास पामेला अने सर्व दिशार्डमां नासी जता पोताना सर्व सैन्यने " जय न पामशो " एवा अजय वचन बोलनारा धीर पुरुषो आ संसारमां घणा देखाय छे. कह्युं छे के– महासुजटोना सैन्य जागी गए छते पण जे वीर पुरुषो शत्रुना समूहना मुख उपर लात मारनारा छे, ते वीर पुरुषोने पृथ्वी पोताना मस्तके करीने धारण करे छे, कारण के, तेवाज वीरपुरुषोवडे आ पृथ्वी धारण कराय छे. तथा सिंहना बलने मथन करनारा अने मदे करीने उन्मत्त थएला म्होटा गजेंद्रना बलने पण नाश करनारा धीरपुरुषो घणा देखाय छे, परंतु कामदेवना, पुष्परूप तीक्ष्ण बाण वागवानी वखते धीरज राखनारा धीरपुरुषो तो कोइकज होय छे. कह्युं छे के– दश अवस्थावालो दश मस्तकवालो, अने देव दानवथी पण डुर्जय एवो कामदेवरूपी राक्षसराज (रावण) शीलरूपी शास्त्रवडेज वश्य थाय छे. ॥ १४ ॥ १५ ॥

सुजटोने पण स्त्रीर्ड जीती शके छे, ते कहे छे.

ये नमयंति न शीर्षं कस्यापि जुवनेऽपि ते महासुजटाः

जे[3] नामंति[6] न[5] सीसं[4], कस्सवि[3] जुवणेवि[2] [7]ते महासुहडा ॥

रागांधाः गलितबलाः रुलंति महिलानां चरणतले

[8]रागंधा [10]गलियबला, [13]रुलंति [11]महिलाण [12]चरणतले ॥ १६ ॥

शब्दार्थ–(जे के०) जे पुरुषो (जुवणेवि के०) त्रण जुवनने विषे (कस्सवि के०) कोइने पण (सीसं के०) पोतानुं मस्तक (न नामंति के०) नथी नमावता, एवा (ते के०) तेर्ड रावणादिक (महासुहडा के०) महासुजटो पण (रागंधा के०) रागे करीने अंध थएला एवा अने (गलियबला के०) नाश थइ गयां छे बल ते जेमनां एवा थइने (महिलाण के०) स्त्रीर्डना (चरणतले के०) चरणतलने विषे अर्थात्

पगने विषे (रुलंति के०) लोटे छे. अर्थात् स्त्रीउंनी सेवा करे छे. ॥१५॥

विशेषार्थ–जे महाबलथी अभिमान करनारा पुरुषो त्रण भुवनमां कोइने पण पोतानुं मस्तक नमावी प्रणाम करता नथी, ते रावणादिक महासुभटो पण प्रीतिये करीने अंध थइने अने कामदेवना वशथी निर्बल थइने स्त्रीउंना पगमां पडीने आलोटे छे. धिक्कार छे ते कामदेवने के जे कामदेवने वश थएला म्होटा शूरवीर पुरुषो पण अधमजातिरूप स्त्रीउंनी सेवा करे छे. ॥ १६ ॥

वली पण तेज वात विशेषथी कहे छे.

शक्रोपि नैव खंडयति माहात्म्यस्फूर्त्तिं जगति येषां
सक्कोवि नेयं खंमइ, माहप्पमडप्फरं जए जेसिं ॥

तेऽपि नराः नारीभिः कारिताः निजदासत्वं
तेवि नरा नारीहिं, कराविया नियय दासत्तं ॥ १७ ॥

शब्दार्थ–(जए के०) आ जगत्ने विषे (सक्कोवि के०) शक्रेंद्र पण (जेसिं के०) जे पुरुषोना (माहप्पमडप्फरं के०) माहात्म्यना गर्वने (नेय खंमइ के०) खंमन करी शकतो नथी एवा (तेवि नरा के०) ते महापुरुषोने पण (नारीहिं के०) स्त्रीउंए (निययदासत्तं के०) पोताना दासपणाने (कराविया के०) कस्या छे अर्थात् तेमनी पासे स्त्रीउंए पोतानुं दासपणुं कराव्युं छे. ॥ १७ ॥

विशेषार्थ–आ जगत्ने विषे जे पुरुषोना माहात्म्य (कीर्ति) ने इंद्र पण खंडन करी शकतो नथी. अर्थात् जे पुरुषो पोतानां पराक्रम अने अहंकारथी इंद्रने पण गणता नथी, एवा पुरुषोने पण स्त्रीउंए पोताना दास जेवा कस्या छे. एटले एवा पुरुषोने पण स्त्रीउंए नाना प्रकारनी विटंबनामां नांख्या छे. ॥ १७ ॥

म्होटाउं पण स्त्रीउंना दास थइने रहे छे ते उपर रिपुमर्दन राजा अने भुवनानंद राणीनी कथा.

आ भरतक्षेत्रमां सुखावासिन नामनुं नगर हतुं. जेमां हिमालयपर्वत सरखी उज्वल हवेलीउं आकाशमार्गने विषे ताराउंना जेवी शोभती

हती. ते नगरमां महाप्रतापी, म्होटा मानवालो अने मेरुपर्वत सरखा रत्नवालो रिपुमर्द्दन नामे राजा राज्य करतो हतो. तेने न्यायमां घणोज विचक्षण एवो बुद्धिसागर नामे प्रधान हतो, अने अत्यंत प्रिय एवी रतिसुंदरी नामनी स्त्री हती.

हवे ते नगरथी पूर्वदिशने विषे उद्यानमां देवताना वैमान सरखुं मनोहर घणुंज उंचुं एवुं श्री आदिनाथनुं देहेरू हतुं. अने ते देहेराना बारणानी सामे घणुंज उंचुं अने मनोहर एवुं आंबानुं वृक्ष हतुं. ते वृक्षनी उपर मनुष्यनी भाषामां बोलनारूं चतुर पोपटनुं जोडलुं (सूडोसूडी) रहेतुं हतुं. एक वखते सूडीने पुत्र जन्म्यो त्यारे ते सूडो अने सूडी घणो आनंद पामवा साथे राजाथी पण पोतानो जन्म अधिक मानवा लाग्या. एक दिवसे ते सूडाने बीजी कोइ सूडी संगाथे आसक्त थउलो जाणी तेने बारथी आवतो जोइ सूडीए पोताना मालामां नहि आववा देतां कह्युं के, "तुं अहि शुं करवा आव्यो छे? ज्यां त्हारी व्हाली स्त्री होय त्यां जा;कारण के, बीजी स्त्रीने विषे आसक्त थएला पुरुषने प्रथमनी स्त्रीसाथे घणो स्नेह, पराधिन थएली संपति अने मूर्ख पुरुषनी सेवा ए त्रण माणसने विष बराबर छे. माटे हुं तने आ म्हारा मालानी अंदर नहि आववा दउं" सूडाए कह्युं, "हे प्रिये! एक वखत म्हारो अपराध क्षमा कर. हुं फरीथी आवुं काम नहि करूं." एम सूडाए घणी प्रार्थना करी, तो पण सूडीए मान्युं नही; त्यारे फरीथी सूडाए कह्युं. "हे सूडी! म्हारा वंशना कारणरूप पुत्र मने आपी दे एटले हुं म्हारी मरजी प्रमाणे चाल्यो जउं अने तुं पण त्हारी मरजी प्रमाणे चालीजा." सूडानां एवा वचन सांभली सूडीए कह्युं "अरे सूडा! तुं तो घणो चतुर लागे छे! कारण के, एक तो तें पोते अपराध कर्यो छे अने वली उलटो पुत्रने मागे छे!!" एम एक कहे छे "आ म्हारो पुत्र" अने बीजी कहे छे के,"आ म्हारो पुत्र" एवा संशयथी पुत्रने माटे वाद करतां करतां ते बन्नेए राज्यसभामां जइ ते वात राजाने कही. पछी राजाए न्याय कर्यो के, "जेम क्षेत्रमां वावेला बीजनुं फल क्षेत्रनो धणी (वावनारो) लहे छे, तेम स्त्रीरूपी क्षेत्रने विषे वावेला बीजनुं फल पण वावनारा पुरुषनेज मले; माटे जे पुत्र छे ते पितानो छे" एम कही राजाए पुत्र सूडाने

आपाव्यो त्यारे सूडी रोवा लागी अने तेणे राजाने कह्युं. "हे राजन्! जो तमे आ प्रमाणे न्याय करता हो, तो तमे जे न्याय कर्यो छे, ते "पुत्र पितानो अने पुत्री मातानी एम मने लखी आपो." पछी राजाए ते न्याय लखी आप्यो एटले सूडी ते न्याय भींत उपर लखीने पोताना स्थानके–आंबाना वृक्ष उपर आवी.

एवामां ते वृक्षनी नीचे एक श्रुतज्ञानी मुनिने बेठेला जोइ सूडीए वैराग्यथी वंदन करीने पूछ्युं के, "हे भगवन्! म्हारूं आयुष्य केटलुं छे?" श्रुतज्ञानी मुनिए कह्युं, "तुं मनुष्यनुं आयुष्य बांधी आजथी त्रीजे दिवसे मृत्यु पामीने आ नगरना बुद्धिसागर प्रधाननी रतिसुंदरी स्त्रीना उदरे पुत्रीपणुं पामीश, अने पछी राजानी स्त्री थइश. वली कोइ वखते दैवयोगथी तने जातिस्मरण ज्ञान पण उत्पन्न थशे." श्रुतज्ञानी मुनिनां एवां वचन सांभली सूडीए ते सर्व वचनो देहेरानी भींत उपर लख्यां. पछी आराधना सहित ते मुनिनी समीपे अनशन व्रत लइ विधिसहित पालीने त्यांथी मरण पामी प्रधाननी स्त्री रतिसुंदरीना उदरने विषे श्रेष्ठ स्वप्नसूचित पुत्रीपणे उत्पन्न थइ. अनुक्रमे जन्म थयो. पिताए जन्ममहोत्सव करी तेनुं भुवनानंदा एवुं नाम पाड्युं. पछी ते पुत्री म्होटी थइ सरस्वतीनी पेठे सर्व कलाओनो अभ्यास करवा लागी.

एक दिवस ते भुवनानंदा पोतानी केटलीक सखीओ साथे रमती रमती श्री आदिनाथना देहेरामां गइ. त्यां प्रभुनां दर्शन करी देहेरूं जोवा लागी एटले सूडीना भवमां भींते जे अक्षर लख्या हता, ते अक्षर देखी तेने जातिस्मरण ज्ञान उत्पन्न थयुं. तेथी ते पोतानो पूर्वनो सूडीनो भव, राजानो न्याय अने पुत्रनो वियोग देखी विचार करवा लागी के, "आज श्री आदिनाथना प्रसादथी मने प्रधानना घरने विषे मनुष्यभव प्राप्त थयो छे, माटे तेज प्रभुनुं हुं भक्तिसहित निरंतर पूजन करूं." एम विचार करी ते हमेशां भक्तिसहित पूजन करवा लागी.

हवे एक दिवसे बुद्धिसागर प्रधान एक महाजातिवंत घोडो वेचातो लेइ तेनी अनेक प्रकारे रक्षा करतो हतो. ते वात राजाए सांभली के, प्रधानने घेर एक महाजातिवंत घोडो छे. पछी राजाए पोताने त्यांथी केटलीएक घोडीओ प्रधानने घेर मोकली. जेथी ते घोडीओथी घणा मूल्य-

वाला केटलाएक वछेरा (घोडाउनां बच्चां) थया. त्यार पछी एक दिवसे राजाए ते सर्वे वछेरा माग्या अने तेउने लाववामाटे प्रधानने घेर माणसो मोकल्यां. त्यारे प्रधाननी पुत्री जुवनानंदाए राजाना माणसोने कह्युं. "ते वछेरा तमने लइ जवा नहि देउं," कारण के, "जे जेनुं बीज, ते तेनी वस्तु." आ घोडो म्हारा पितानो छो अने तेथी आ सर्वे वछेरा थया छे, माटे ते पण म्हारा पितानाज छे.

पछी ते सर्वे माणसोए जइ राजाने कह्युं, "हे स्वामिन्! प्रधाननी पुत्री वछेराउने लेवा देती नथी अने वली कहे छे के, जेनुं बीज, तेनी वस्तु, माटे हवे जेम तमारी मरजी होय तेम करो." जुवनानंदाए पोताना पूर्वेनवनी सर्वे वात पोताना पिता प्रधानने कही. राजाए फरीथी बीजा प्रधानने मोकली वछेरा मंगाव्या, त्यारे पण जुवनानंदाए प्रधानने एवोज जवाब आप्यो के "जेनुं बीज तेनी वस्तु." वली राजाना महेलनी जींत उपर शुं लख्युं छे? ते तमे जुउ. जो "पुत्र पितानाज होय छे." एम लख्युं होय तो वछेरा लेशो नहि अने एम न लख्युं होय तो तमे तमारा वछेरा खुशीथी लेइ जाउ." प्रधाने जइ ते वात राजा आगल कही, त्यारे राजाए जींत उपर लखेला अक्षरो जोया तो तेज प्रमाणे लेख पण नीकल्यो. लेख वांची विस्मय पामेलो राजा मनमां विचार करवा लाग्यो के "अहो! आ प्रधाननी पुत्री तो बालपंडिता छे. हवे म्हाराथी ते वछेरा मगाशे नहीं" पछी केटलाक दिवस जवा देइ राजाए प्रधान पासे जुवनानंदानुं मागुं करी तेने परणीने कह्युं के, "जो तुं पंडिता छुं, तो ज्यांसुधी त्हारे सर्वे लक्षणयुक्त पुत्र थाय नहि, त्यांसुधी त्हारे म्हारे घेर आववुं नही." त्यारे जुवनानंदाए हसीने कह्युं. "हे प्राणनाथ! म्हारे पुत्रनो जन्म थया पछीज हुं तमारे घेर आवीश," पण एक बीजी वात कहुं छुं ते सांजलो. हे राजन्! हुं तमारी पासे म्हारा पग चंपावुं अने म्हारा पगनी मोजडी पण उपडावुं, त्यारेज तमारा घरनेविषे आवुं. आ पण म्हारी बीजी प्रतिज्ञा छे."

राजाने आ प्रमाणे कही जुवनानंदा पोताना पिताने घेर आवी, पछी पोताना पिता बुद्धिसागर प्रधानने तेणे सर्वे वात एकांतमां कही. पिताए कह्युं, "तें आ प्रतिज्ञा घणीज कठण लीधी छे." पुत्रीए कह्युं. "हे

तात! बुद्धिवानने आ प्रतिज्ञा शी कठण छे.अर्थात् बुद्धिवानने आ प्रतिज्ञा कठण नथी. नीतिशास्त्रमां कह्युं छे के, धनुर्धारी पुरुषना धनुषनी छूटेलुं बाण एक पुरुषने मारे छे अथवा तो नथी मारी शकतुं, परंतु बुद्धिवान पुरुषनी बुद्धि, देशसहित राजाने पण मारे छे. (भुवनानंदा पिताने कहे छे) " हे पिता! माटे बुद्धिवानने कोइपण प्रतिज्ञा कठण थइ पडती नथी." त्यारे प्रधाने कह्युं. " हे वत्से! भाग्य आगल कोइनुं कांइ पण चालतुं नथी." पुत्रीए कह्युं. " हे तात! कर्मना वशथकीज बुद्धि प्राप्त थाय छे, माटे तमे म्हारा कहेवा प्रमाणे करो के, " प्रथम आजथी तमारे म्हारुं नाम लीलावती कहेवुं अने राजा विगेरे सर्व लोकोने पण एमज कहेवुं के, " में परदेशथी नाच कराववा माटे आ लीलावतीने बोलावी छे." बीजुं राजाना महेलनी पासे श्री आदीश्वर भगवाननुं म्होटु देहेरासर करावो अने त्यां सारुं गान करनारा अने वाजित्रो वगाडनारा गंधर्वोने बोलावी हमेशां त्रणेकाल नृत्य करावो. तेनी साथे ते देहेरानी अंदर गंधर्वोने रहेवा माटे अने म्हारे रहेवा माटे घर पण बनावी आपो." पछी विचारवंत प्रधाने देहेरुं कराव्युं अने गायन कराववामाटे गंधर्वोने पण बोलाव्या. हम्मेशां ज्यारे त्यां त्रणे काले गंधर्वो गायन करे छे, त्यारे प्रधाननी पुत्री नृत्य करे छे.

एक दिवसे रिपुमर्द्दन राजा पोताना धवलगृहमां सूतो हतो, त्यां तेणे लीलावतीनुं पंचमस्वरयुक्त गायन सांभल्युं. पछी सामान्यराजपुत्रनो वेष लइ श्री आदीश्वर भगवानना मंदिरना पश्चिम दरवाजामां आवी मनोहर एवी लीलावतीना नृत्यने जोवा लाग्यो एटले नाच करतां करतां लीलावतीए पोताना तीक्ष्ण कटाक्षरूप बाणे करीने राजाने एवो विंध्यो के, जेथी ते लीलावतीना स्थानथी पाछुं घेर जवुं पण भूली गयो! परंतु ज्यारे नाच बंध करी लीलावती पोताना मंदिरमां गइ, त्यारे राजा पोताना मंदिरे गयो. एवी रीते राजा लीलावतीना नृत्यने जोवा माटे ते मनोहर मंदिरमां रात्रे आववा लाग्यो. अने त्यां राजा जे जे बोले छे, ते ते सांभलीने लीलावती पोताना पिता प्रधानने सर्व वात कहे छे. एटले प्रधान ते सर्व वात चोपडामां लखी ले छे.

हवे एक दिवसे नृत्य करी रह्या पछी लीलावती पोतानी मोजडी जाणी

जोइने जूली जइ पोताने मंदिरे आवी सुखासन उपर सूइ रही. पढी ते मोजडी राजाए दीठी एटले ते विचार करवा लाग्यो के, "आजे लीलावतीनी साथे मोजडी उपाडनारी दासी न होती, माटेज ते आ जूली गइ डे; तो हुंज तेने आ मोजडी आपवाने मिषे मलवा माटे जउं." एवो विचार करी ते लीलावतीनी मोजडी राजा पोते माथे उपाडी आपवा आव्यो. आवीने तेणे लीलावतीने कह्युं. "तमे आज देहेरासरमां मोजडी जूली गयां हतां, ते हुं आपवा आव्यो छुं" लीलावतीए कह्युं. "ते सारूं कर्युं, पण आजे वधारे वखत सुधी नृत्य करवाथी म्हारा पग बहुज डुःखे डे, माटे आ सुतेली म्हारी दासीने जगाडो के, ते म्हारा पग चांपे." त्यारे राजाए कह्युं. "दासीने जगाडवानुं कांइ कारण नथी, हुंज तमारा पग चांपीश!!!" एम कही राजाए पग चांपवा मांड्या अने अनुक्रमें तेनी साथे विषयसुख जोगव्युं. एटले लीलावती उंघी गइ, परंतु तेज निड्रामां तेणे स्वप्नमां पोताना मुखने विषे चंड्रने प्रवेश करतां दीठो. एटले ते जाग्रत थइ, तो पण राजा पग चांपतो हतो; तेथी तेणे राजाने कह्युं के, "मने अत्यारे उंघमां स्वप्न आव्युं हतुं, तेमां में म्हारा मुखने विषे चंड्रने प्रवेश करतां दीठो." ते सांजलीने राजाए कह्युं. "हे जद्रे! त्हारे सर्व गुणे युक्त एवो पुत्र थशे."

एम वातो करतां करतां ज्यारे सवारनो वखत थवाने सूचवनारो शंख वाग्यो, एटले राजा पोताने मंदिरे गयो अने लीलावतीए पण पोताना पिताने घेर आवी रात्रीमां बनेली सर्व वात पिताने कही, पढी ते दिवसथी लीलावती मंदिरमां नृत्य करवा नहि जतां पोताना पिताने घेर एकांत स्थानके रही गर्जनुं पालन करवा लागी.

बीजे दिवसे राजा तो हमेशना नियम प्रमाणे रात्रीए श्री आदीश्वर जगवानना मंदिरमां नृत्य जोवा माटे गयो. मंदिरमां चारे तरफ जोतां पण ज्यारे लीलावतीने न दीठी, त्यारे बहार आवी राजाए पाडोशीने पूड्युं के, "लीलावती नामनी नृत्य करनारी स्त्री क्यां गइ?" पाडोशीउए कह्युं. "हे राजन्! ते अमने कह्या विनाज चाली गइ डे, माटे अमे नथी जाणतां के, ते क्यां गइ डे?" पढी वीरहथी व्याकूल थएला राजाए घणा खेदसहित ते रात्री गमावी. ज्यारे प्रजात

थयो, त्यारे प्रधानने बोलावीने पूछ्युं. "हे प्रधान! तमे नाच करवा माटे बोलावेली लीलावती क्यां गइ?" प्रधाने कह्युं. "हे राजन्! तेना दुराचारने जोइ में तेने मंदिरमांथी काढी मूकी छे, तेथी ते बीजा कोइना घरमां रात रही हशे." प्रधाननां एवा वचन सांभली राजा कांइ पण बोल्यो नही.

हवे समय आव्ये लीलावतीने सर्व लक्षण संपूर्ण पुत्र थयो. प्रधाने तेने गुप्त रीते सर्व कलाओनो अभ्यास कराव्यो. पछी शुभ मुहूर्त्ते प्रधान पोतानी पुत्रीने तथा तेना पुत्रने साथे तेडी राजसभामां गयो; त्यारे राजाए पूछ्युं. "हे प्रधान! आ स्त्री कोण छे? अने आ पुत्र कोण छे?" प्रधाने उत्तर आप्यो के, "हे राजन्! ते आ म्हारी पुत्री भुवनानंदा तमारी स्त्री अने आ म्हारी दीकरीनो दीकरो तमारो पुत्र छे." प्रधाननां एवां वचन सांभली राजा जेटलामां कांइ बोलवा जाय छे, तेटलामां प्रधाने आगल लखी राखेली तेनी चेष्टाओ तथा वचनोनो चोपडो राजाना हाथमां आप्यो. राजा ते भुवनानंदानी साथे पोते करेलुं अने बोलेलुं सर्व वांचीने आश्चर्य पाम्यो. पछी लज्जा अने हर्षना आंसुए करीने भराइ गइ छे आंखो जेनी एवो ते राजा पोताना वृत्तांतने स्मरण करतो मस्तक धूणाववा लाग्यो, अने पोताना पुत्रना सर्व अंग उपर हाथ फेरवी खोलामां बेसारी पुत्रने कहेवा लाग्यो के, "हे पुत्र! आ सघलुं राज्य त्हारूंज छे. हे पुत्र! जे महासती त्हारी माताए पुत्रनी प्राप्तिरूप पोतानी प्रतिज्ञा पूर्ण करवा माटे केवल मश्करीए करीनेज मने आनंद पमाड्यो छे, ते सर्व में हवे जाण्युं; माटे म्हारी धीरजने, शौर्यने, पराक्रमने अने यशने धिक्कार छे के, जे हुं स्त्रीनी लीलाए करीने जीताणो छुं!!! वली हे प्रधान! तमारे पण म्हारा तरफथी कांइ भय राखवो नहि, कारण के, जेम सूर्य अंधकारनो नाश करे छे, तेम तमारी पुत्री थकी मने बोध मल्यो छे, एम हुं जाणीश."

पछी राजाए वैराग्य पामी पोताना पुत्रने राज्य आपी सद्गुरु समीपे दीक्षा ग्रहण करी आत्मसाधन कर्युं. अहो! आवा महा पराक्रमी रिपुमर्दन राजाने पण स्त्रीए पोतानो दास कर्यो, तो पछी बीजा साधारण माणसनी शी वात कहेवी? इति रिपुमर्दन राजा अने भुवनानंदा राणीनी कथा.

हवे पंडित पुरुषोने पण स्त्रीनुं परवश्यपणुं छे ते कहे छे.

मरणेऽपि दीनवचनं मानधनाः ये नराः न जल्पंति

मरणेवि दीणवयणं, माणधणा जे नरा न जंपंति ॥

तेऽपि खलु कुर्वंति लल्लिं बालानामपि स्नेहग्रहग्रहिलाः

तेवि हु कुणंति लल्लिं, बालाणवि नेहगहगहिला ॥ १८ ॥

शब्दार्थ–(जे के०) जे (माणधणा के०) मानरूपी धनने धारण करनारा एवा (नरा के०) पुरुषो जे छे, ते (मरणेवि के०) मरण प्राप्त थए सते पण (दीणवयणं के०) दीन वचनने (न जंपंति के०) नथी बोलता, एवा छे, तो पण (नेहगहगहिला के०) स्नेह रूप ग्रहे करी गूंथाएला एवा (तेवि के०) ते पुरुषो पण (हु के०) निश्चे (बालाण-वि के०) स्त्रीउंनी पासे पण (लल्लिं के०) प्रिय वचनने अर्थात् जेथी हसवुं आवे एवा बालक सरखां वचनने (कुणंति के०) करे छे. अ-र्थात् बोले छे, ॥ १८ ॥

विशेषार्थ– गर्व रूप धनने धारण करनारा मनस्वी (पोतानी मरजी प्रमाणे चालनारा) जे पुरुषो प्राणना अंत वखते पण दीन वचन नथी बोलता एवां छतां पण प्रेम रूप कदाग्रहथी (खोटा पासथी) बंधाएला ते पुरुषो पण स्त्रीउंनी पासे रांकनी पेठे प्रार्थना करे छे, अने बीजाउंने हास्य आवे एवां वचनोने बोले छे. कह्युं छे के–अधमा धनमिछंति, धन-मानौ हि मध्यमाः ॥ उत्तमा मानमिछंति, मानो हिमहतां धनम् ॥ अ-धम पुरुषो धननी, मध्यम पुरुषो धन अने मान बन्नेनी अने उत्तम पुरुषो फक्त माननीज इछा करे छे. कारण के, मान एज म्होटा पुरु-षोनुं धन छे. ॥ १८ ॥

मरण आवे पण दीन वचन नहि बोलनारा पुरुषो पण प्रेमने वश्य थइ स्त्रीउंनी प्रार्थना करे छे, ते उपर विजयपाल राजा अने लक्ष्मी राणीनी कथा.

आ जंबूद्वीपना भरतक्षेत्रमां पुरिमताल नामनुं नगर छे. जे नगरनी हवेलीउंनी अगाशीउमां बेठेली स्त्रीउंनां मुख अकाल चंद्रनी भ्रांति करा-वतां हतां. ते नगरने विषे मानवंत राजाउंमां शिरोमणि एवो विजय-पाल नामे राजा राज्य करतो हतो. तेने रंभा सरखी मनोहर रंभा ना-

मनी पट्टराणी हती. एक दिवसे हस्ति उपर बेसीने राजमार्गे जता ते राजाए लक्ष्मी सरखी स्वरूपवाली कोइ श्रेष्ठिनी पुत्री लक्ष्मीने दीठी. ते लक्ष्मीना कटाक्ष रूप बाणथी विंधाएलो विजयपाल राजा त्यांथी पाछो वली घेर आव्यो. पछी ते लक्ष्मीना पितापासे मागुं करी तेनी साथे ते परण्यो. विषयमां अत्यंत आसक्त थएलो ते राजा राज्य संबंधी सर्व व्यवहार मूकी देइ अंतःपुरमां रात्रि दिवस तेनी साथेज क्रिडा करवा लाग्यो. वली लक्ष्मीनी प्रीतिए करीने वश्य थएलो, वांदरानी पेठे नृत्य करतो, पोतानी महत्ताने जूली गएलो अने विवेक रहित बनेलो ते राजा केटलोक काल अंतःपुरमांज रह्यो ! तेथी एक वखते प्रधान विगेरे केटलाक डाह्या माणसोए आवीने कह्युं. " हे स्वामिन् ! सामान्य माणस पण जो रागथी स्त्रीउने वश्य थएलो होय, तो ते पण ज्यारे हलकाइने पामे छे; त्यारे राजाउ हलकाइने पामे तेमां तो कहेवुंज शुं ? धर्म अर्थ अने काम ए त्रणने अवसरे सेवनारा पुरुषोना मनोवांछित अर्थो सफल थाय छे, अने अवसरविना सेवनारा पुरुषोना मनोवांछित अर्थो निष्फल थाय छे. तथा रागरूप महा विषथी अंध थएला गुणवंत पुरुषोना गुणो पण नाश पामे छे. अने गुरुवादिक सत्पुरुषोए आपेलो उपदेश पण ते पुरुषोना कानमां पेसतो नथी."

" हे राजेंद्र ! आपणा राज्य उपर तमारा शत्रुउ युद्ध करवा माटे तैयारी करे छे, माटे हे प्रज्ञु ! विषयने विषे आसक्ति मूकी दइ राज्यसंबंधी विचार करो " प्रधाननां एवां वचन सांजलतां छतां पण जेम उंघथी घोरतो माणस पाटु मारवाथी पण न जागे अने तृषातुर माणस पाणी मलवाथी पण अमृतनी इछा न करे, तेम स्त्रीने विषे आसक्त थएला राजाए प्रधाननां अमृत सरखां वचनने पण नहि गणगारतां कह्युं के, " हे प्रधान ! मृग सरखां नेत्रवाली अने म्हारा जीवनरूप आ स्त्री म्हारी दृष्टि आगल रहेली छे, त्यांसुधी तमारे म्हारुं जीवित समजवुं. " पछी राजाने राज्यचिंता रहित थएला जाणीने प्रधान विगेरे केटलाक माणसो विचार करता हता, तेवामां राजानी अत्यंत प्रिय स्त्री लक्ष्मी, एकाएक सवारमां उलटी विगेरेथी मांदी थइ जवाथी तुरत राजाए विचक्षण विद्वान वैद्योने बोलाव्या; पण जेटलामां ते वैद्यो

आवीने औषध उपचार विगेरे करे छे, तेटलामां तो ते मृत्यु पामी!!!

ते वखते मूर्छाथी विकल देहवालो अने ज्ञानरहित थएलो ते राजा लाकडीनी पेठे पृथ्वि उपर पडी गयो. केटलाक माणसे औषधयुक्त शीतल पाणी छांटी ताडपत्रना विजणावडे पवन नांखी तेने सचेत कर्यो; एटले ते राजा बालकनी पेठे रुदन करवा लाग्यो अने पोतानी मृत्यु पामेली प्रियाने उद्देशीने कहेवा लाग्यो के, "हे प्रिये! तुं क्यां गइ छे? हुं जे जे पूछुं तेनो मने योग्य उत्तर आप! अने आ मश्करीथी न बोलवारूप जे त्हारूं हास्य छे, तेने हुं घणीवार सहन करी शकीश नहि!!! एवी रीते विलाप करता अने ते मृत्यु पामेली स्त्रीथी दूर नहि जता ते राजाने प्रधान विगेरे कहेवा लाग्या के. "हे देव! आ तमारी प्रिया मृत्यु पामी छे, माटे तेने अग्निसंस्कार करवानी अमने रजा आपो." राजाए क्रोध करीने कह्युं. "अरे! आ दुष्ट कोण बोले छे? के, जे कडवा वचनेकरी म्हारा कानने वींधे छे! अरे पापीओ! तमारा पुत्र विगेरे सघला माणसोने अग्निसंस्कार करो, अने आ म्हारी प्राणप्रिया तो हजु सो वर्ष जीवशे. तथा जे माणस अमंगलिक वचनो बोले छे, ते मने शत्रु जेवो लागे छे. वली आ म्हारी प्रिया ज्यां सुधी जीवती नहि थाय, त्यां सुधी हुं भोजन नही करुं."

आवी रीते राजानो आग्रह जोइने प्रधाने मृत्यु पामेली लक्ष्मीने राजाथी छानो अग्निसंस्कार कर्यो. पछी राजाए जमवुं बंध कर्युं. ज्यारे दश दिवस थया, त्यारे प्रधाने विचार कर्यो के, "जो राजा नहि जमे, तो ते थोडा दिवसमां मृत्यु पामशे; माटे म्हारे कांइ पण युक्ति करीने जमाडवो जोइए." पछी प्रधाने कोइ पुरुषने शीखवीने राजा पासे मोकल्यो एटले ते पुरुषे राजसभामां आवीने कह्युं. "हे देव! स्वर्गने विषे इंद्रनी सभामां रहेली, घणा पुरुषोथी सेवन कराएली अने हस्तिना सरखी चालवाली तमारी प्रिया लक्ष्मीए म्हारी साथे समाचार मोकल्या छे अने आपने कहाव्युं छे के, "हे स्वामिन्! आपना दर्शन विना म्हारुं चित्त हमेशां क्लेश पामे छे, माटे तमारे मृत्युलोकमां न रहेवुं, पण झट अहिं आववुं; कारण के, मृत्युलोकमां देहसंबंधी पीडा, मनसंबंधि पीडा, दुर्गंध, अने अपवित्रपणुं विगेरे घणां दुःखो छे; अने स्वर्गमां कोइपण

जातनी पीडा नथी. जेथी सर्व इंद्रियोने प्रीति थाय छे." माटे हे नाथ! जो मने मलवुं होय तो झट अहिं आवो, कारण के, जो नंदनवन स्वाधीन छे. तो पछी मरुदेश (जलरहित देश) मां क्यो पुरुष रमे ?"

ते पुरुषनां आवां वचन सांजली राजाए पोताना प्रधान विगेरेने कह्युं. "हे मंत्रीजनो! तमे मने झट स्वर्गनो मार्ग बतावो के, जे मार्गे करीने हुं स्वर्गमां जइ म्हारी प्रियानुं मुखकमल जोउं." राजानां एवां वचन सांजली राणीनो संदेशो लावेला माणसे कह्युं के, "हे राजन्! पहेलुं स्नान अने विलेपन करो. पछी जोजन करो तथा हम्मेशां पुण्यकार्य साधो एटले तमने स्वर्गमां जवानो रस्तो मलशे? वली हुं पण पाछो स्वर्गमां जइ आपनी आववानी वात कहुं छुं." एम सांजली राजा स्नान विगेरे सर्व कार्य करवा लाग्यो. कह्युं छे के– निर्बुद्धिर्वा सुबुद्धिर्वा, रंको वा यदिवा नृपः॥ अलिकमपि रागेण, वेत्ति सत्यतया पुमान्॥ १॥ अर्थ– बुद्धिविनानो, सुबुद्धिवालो, रंक अथवा राजा, ते सर्वमांथी कोइपण पुरुष रागने लीधे असत्यने पण सत्य करीने माने छे,

वली केटलाक दिवस पछी तेज माणसे राजसजामां आवी उत्तम प्रकारनां फलो राजानी आगल मूकी हाथ जोडीने कह्युं. "हे राजन्! लक्ष्मीदेवीए मोकलेलां आ कल्पवृक्षनां फलो हुं लाव्यो छुं." एटले ते फल राजाए घणी प्रीतिथी लीधां. एवी रीते ते माणसने प्रधान वारंवार राणीना नामथी राजा पासे मोकलतो हतो. एवामां एक दिवसे प्रधानने विचार थयो के,"रखेने! कोइ धूर्त्त माणस म्हारा कपटनी वात जाणीने राजानी आगल कहे!" एम विचारी प्रधाने एकजोजपत्र उपर कस्तूरीना रसथी समाचार लखी स्वर्गमांथी आववानुं नाम लेइने आवनार माणसने आपी राजानी सजामां मोकल्यो. पछी ते माणसे राजापासे आवी पत्र आपीने कह्युं के, "हे देव! तमने आ पत्र आपवामाटे देवीए मने स्वर्गमांथी मोकल्यो छे." ते माणसनां एवां वचन सांजली राजा पत्र जोइने कहेवा लाग्यो के, "धन्य छे स्वर्गनी सामग्रीने! के, जेमां आ प्रकारनी सामग्री रहेली छे!!!" एम वखाण करीने पत्र वांचवा लाग्यो, तो तेमां आ प्रमाणे लखेलुं हतुंः–

"स्वस्तिश्री पुरिमताल नगरीना महाप्रतापी विजयपाल राजाना च-

रणकमलनी, स्वर्गथी आश्रयवाली लक्ष्मी राणी प्रीतिथी अने घणा उत्साहथी विनंती करे छे के, "हुं अहिं कुशल छुं. हे नाथ! में तमने म्हारा हृदयमां धारण करेला होवाथी हुं घणा भारवाली थइ छुं, माटे हुं तमारी पासे आवी शकती नथी, तेथी म्हारा अंगनां घरेणां आ पत्र लावनार माणससाथे जरूर मोकली आपजो, के जेथी हुं पतिना मानवाली कहेवाउं. वली पंदर दिवस अथवा महिना पछी बीजां घरेणां अने वस्त्रो पण मोकलज्यो." आ प्रकारना समाचार वांची राजाए प्रधानने कह्युं के, "हे प्रधान! सारां सारां घरेणां अने मनोहर देखातां सारां सारां वस्त्रो आ पत्र लावनार माणसने आपो के, ते देवीने आपशे. कह्युं छे के—समाचार आपनारो माणस लक्ष मूल्य पामे छे, समाचार लखी आपनार क्रोड मूल्य पामे छे, देखनार शेंकडो क्रोडो मूल्य पामे छे अने स्नेहिनो संगम अमूल्य वस्तु पामे छे. परंतु ते स्वर्गमां शीरीते जइ शकशे?" प्रधाने कह्युं. "हे देव! ते माणस वगडामां जइ अग्निनी चय सलगावी तेमां प्रवेश करशे, एटले ते स्वर्गमां पहोंचशे." प्रधाननां एवां वचन सांभली कोइ पद्मनामना श्रेष्ठीए राजाने कह्युं के, "हे स्वामिन्! आ वृद्ध माणस भार उपाडीने जइ शकशे नही, माटे बीजा कोइ जवान माणसने मोकलो." पद्मश्रेष्ठीनुं एवुं वचन सांभली प्रधान विचार करवा लाग्यो के, "आ पद्मश्रेष्ठीए म्हारो भेद जाग्यो, तेथी हवे म्हारे तेनो घाट घडवो जोइए!" एम विचारी प्रधाने राजाने कह्युं के, "हे राजन्! आ पद्मश्रेष्ठी जवान छे, माटे जो आपनी मरजी होय तो तेनेज मोकलीए" राजाए कह्युं "तेम करो."

पछी ज्यारे ते पद्मश्रेष्ठीने बलात्कारे झाली वगाडामां सलगावेला अग्निपासे लइ जवा मांड्यो, त्यारे ते पद्मश्रेष्ठीना संबधीउं प्रधानने पूछवा लाग्या के, "एणे शो अपराध कर्यो छे" प्रधाने उत्तर आप्यो के, "तेणे पोताना हाथेज वाचालपणाथी अपराध कर्यो छे." पछी ते पद्मश्रेष्ठीना संबंधीउंए प्रधानने घणीज विनंती करी, त्यारे प्रधाने तेने छोडावीने प्रथमना वृद्ध माणसने ते घरेणां अने वस्त्रो आप्यां, एटले तेणे स्वर्गमां जवानुं नाम देइने गुप्तरीते प्रधानने घेर आवी तेने घरेणां अने वस्त्रो आप्यां.

एक वखते राजाए प्रधानने कह्युं, "हे प्रधान! लक्ष्मीदेवीने स्वर्ग-

मांथी तेडावो. कारण के, तेना विना हुं घणोज दुःखी थाउं छुं." एटले प्रधाने विचार करीने लक्ष्मीना जेवी स्वरूपवाली कोइ स्त्रीने लक्ष्मी नाम ठरावी राजाए आपेलां घरेणां अने वस्त्रो पहेरावीने बगीचामां कोइ न जाणे एम छानी रीते एक ठेकाणे बेसारी. पछी राजापासे आवीने प्रधाने कह्युं,"हे देव! लक्ष्मीने तेडवामाटे एक माणसने स्वर्गमां मोकल्यो छे."

पछी बीजे दिवसे प्रधाने राजापासे आवीने कह्युं, "हे महाराज! वधामणी!!! वधामणी!!! आजे लक्ष्मीदेवी स्वर्गमांथी आवी बगीचामां बिराज्यां छे!" प्रधाननां आवां वचन सांभली जेम मेघने देखीने मोर नाचे, तेम राजा नाचवा कूदवा लाग्यो! अने पोते पहेरेलां सर्व घरेणां प्रधानने देवीनी वधामणीमां आप्यां!! अने वली म्होटी धामधूमसहित बगीचामां देवी सामो गयो. पछी देवीनुं गौरस्वरूप देखीने राजाए प्रधानने कह्युं, "हे प्रधान! लक्ष्मी पहेली तो कांइक श्यामवर्णवाली, टूंका कानवाली, लांबा होठवाली तेमज वांका नाकवाली हती अने हवे आ घणी गौरवर्णवाली (उजली) तेमज रूपसंपन्न देखाय छे, तेनुं शुं कारण?" प्रधाने कह्युं, "हे स्वामिन्! एवी भ्रांति शी करो छो? सांभलो, प्रथम तो त्यां (स्वर्गमां) अमृतनुं भोजन छे अने स्वर्गना राजा इंद्रे हर्षवडे वस्त्रालंकार विगेरेथी सुंदर करीने मोकली छे,तो पछी गौरवर्ण देखाय एमां आश्चर्य शुं?" पछी ते वात साची मानी राजा लक्ष्मीने हस्तिउपर बेसारीने नगरमां लाव्यो.

हवे राजा ज्यारे लक्ष्मीने स्वर्गनी वात पूछे, त्यारे त्यारे लक्ष्मी पण प्रधाने शीखवी राखेली वात कही राजाने आनंद पमाडे अने राजा पण ते सर्व वात साची माने एम करतां घणा दिवसो थया. राजाने पुत्रो थया. पछी आयुष्यनो क्षय थए सते विजयपाल राजा मरण पामीने नरकने विषे गयो.

सज्जनो! महा अहंकारी अने पृथ्वीने तृणसमान गणनार एवा विजयपाल राजाए पण ज्यारे कामदेवने वश्य थइने स्त्रीनीपासे हसवा जेवी क्रीडा करी तो बीजा अल्प सत्ववाला प्राणीओनी शी वात करवी?

इति विजयपाल राजानी अने लक्ष्मी राणीनी कथा.

हवे पंडित पुरुषो पण स्त्रीउंने वश्य थाय वे ते कहे वे.

ये सकलशास्त्रजलनिधिमंदरशैलाः श्रुतेन गर्विताः

जे सयलसत्थजलनिहि–मंदरसेला सुएण गारविया ॥

बालाललुरवचनैः तेऽपि जाताः निहतहृदयाः

बालाललुरवयणे–हिं तेवि जाया निहयहियया ॥ १९ ॥

शब्दार्थ– (जे के०) जे पुरुषो (सयलसत्थ के०) सकल शास्त्ररूप (जलनिहि के०) समुद्रनेविषे अर्थात् समुद्रनो पार पामवामां (मंदरसेला के०) मेरुपर्वत सरखा अने (सुएण के०) सिद्धांते करीने एटले शास्त्रना अभ्यासे करीने (गारविया के०) गर्व पामेला वे. (तेवि के०) ते पुरुषो पण (बाला के०) अबलाउंनां (लल्लुरवयणेहिं के०) मनोहर वचने करीने (निहयहियया के०) हणाणां अर्थात् हरण थयां वे हृदय जेमनां एवां (जाया के०) थया वे. ॥ १९ ॥

विशेषार्थ– जे पुरुषो सकल शास्त्ररूप महा समुद्रनो पार पामवामां मेरुपर्वत सरखा वे अने सिद्धांतनां रहस्यने जाणवाथी म्होटाइने पामेला वे, तेवा विद्वान पुरुषो पण स्त्रीउंनां हाव जाव, विलास अने कटाक्ष युक्त वचने करीने हरण थयुं वे चित्त जेमनुं एवा थया वे. अर्थात् विद्वान पुरुषो पण स्त्रीउंना राग रूप समुद्रने विषे बूड्या वे, तो साधारण पुरुषो बूडे तेमां तो शुं आश्चर्य? कह्युं वे के–तावदेव कृतिनामपि स्फुरत्येष निर्मलविवेकदीपकः । यावदेव न कुरंगचक्षुषां, ताड्यते चपललोचनांचलैः ॥ विद्वान पुरुषोनो पण आ विवेक रूपी निर्मल दीपक त्यांसुधीस्फूर्णायमान रहे वे के, ज्यां सुधी तेउ मृगना सरखां नेत्रवाली स्त्रीउंनां कटाक्षरूपी बाणोथी घायल थया नथी. ॥ १९ ॥

हवे लौकिक देवोने पण स्त्रीउंनी विटंबना कहे वे.

हरिहरचतुराननचंद्रसूर्यस्कंदादयोपि ये देवाः

हरिहरचउराणणचं–दसूरखंदाइणोवि जे देवा ॥

नारीणां किंकरत्वं कुर्वंति धिक्धिक् विषयतृष्णा

नारीण किंकरत्तं, करंति धिध्दी विसयतन्हा ॥ २० ॥

शब्दार्थ– (जे के०) समर्थ एवा जे (हरि हर चउराणण के०)

विश्नु, ईश्वर, ब्रह्मा तथा (चंदसूर खंदाइणोवि के०) चंद्र, सूर्य अने कार्त्तिकादिक पण (देवा के०) देवताउं जे छे, ते (नारीण के०) स्त्रीउंना (किंकरत्तं के०) दासपणाने (कुरंति के०) करे छे. ते कारण माटे हे ज्व्यजीवो ! (विसयतह्ला के०) विषयनी तृष्णाने (धिद्धी के०) धिक्कार थाउं ! धिक्कार थाउं ! ! ॥ २० ॥

विशेषार्थ– हरि, हर, ब्रह्मा, चंद्र, सूर्य अने कार्तिकस्वामी विगेरे समर्थ देवताउं पण विषयनी तृष्णाथी स्त्रीउंनुं दासपणुं करे छे. अर्थात् स्त्रीउंनी सेवा करे छे. माटे ते विषयनी तृष्णाने धिक्कार थाउं ! धिक्कार थाउं ! ! ॥ २० ॥

लौकिक मतने विषे तो ए देवताउंनी पासे स्त्रीउंए नवीन नवीन रीते नृत्य कराव्युं छे. तेमां हरिनुं स्त्रीने विषे परस्वाधिनपणुं प्रथम रुक्मिणीना विवाह वखते स्पष्ट कहेलुं छे, तेथी अहिं फरीथी कहेता नथी. गोपीउंने विषे क्रीडाना चपलपणाए करीने तेमना वगोववाना बहु प्रकारो लौकिकमां प्रसिद्ध छे, माटे त्यांथी जाणी लेवा. ते आ प्रमाणे–

राधा पुनातु जगदच्युतदत्तदृष्टिर्मंथानकं विदधती दधिरिक्तजांडे ॥
तस्याः स्तनस्तबकलोलविलोचनालिर्देवोऽपि दोहनधिया वृषजंनिरुंधन् ॥

कृष्णना सामुं जोइ रहेली अने दहिंथी जरेली गोलीने विषे रवैने मूकती एवी राधा जगत्नुं रक्षण करो. वली ते राधाना स्तनरूप पुष्पना समूहने विषे लागी रहेला चपल नेत्ररूप जमरावाला कृष्णे पण दोवाना मीषथी वाछरडाने बांध्यो. इत्यादि.

महेश्वरे पण पार्वतीनो वियोग न सहन करी शकवाथी अर्द्धनारीश्वर मूकती धारण करी छे, तेथी तेमणे पण स्त्रीनुं दासपणुं कर्युं छे. ते आ प्रमाणे–

अंबेयं नेयमंबा नहि किल कपिलः स्मश्रुरस्या मुखाग्रे,
तातोऽयं नैव तातः स्तनगुरुहृदयं नैवदृष्टं कदाचित् ॥
केयं कोऽयं किमेतत्कथमिति सजयं याति दूरं विशाखे,
देव्यासार्द्धं सहास्यं रहसि परिणतः पार्वतीशः पुनातु ॥

आ माता छे ? ना आ माता नथी ? कारण तेमना म्हों उपर काला वाल होता नथी. त्यारे शुं ए पिता छे ? ना पिता पण नहि ? कारण में

तेमनुं स्तनोथी विशाल हृदय क्यारे पण जोयुं नथी. आ कोण स्त्री छे? अथवा कोण पुरुष छे!! अने ए शी रीते छे!!! एम भय पामी कार्तिक स्वामी दूर गये छते पाछलथी पार्वतीनी साथे हास्य पूर्वक एकांतमां क्रीडा करनारा महेश्वर तमने पवित्र करो. इत्यादि.

देवताओ पण स्त्रीओने स्वाधिन थया छे, ते उपर ब्रह्मानी कथा.

पूर्वे कोइ वखते ब्रह्माए वनमां निवास करी साडा त्रण क्रोड वर्ष सुधी महा उग्र तप करवानो आरंभ कर्यो. ते वात सांभली देवतानो राजा इंद्र भय पामवा लाग्यो के "जो ए कोप करशे तो मने पण इंद्रपदथी भ्रष्ट करशे." आवा विचारथी दीन बनेला इंद्रनुं मन मेरु पर्वतने विषे अथवा तो नंदनवनने विषे पण हर्ष पाम्युं नहीं. नाटक अने स्त्रीओ पण तेने प्रीति उपजावनारी थइ नहीं. आवी रीते हर्षरहित इंद्रने जोइ रंभादि अप्सराओए हाथ जोडीने कह्युं. "हे स्वामिन्! सर्व संपतिओ आपना स्वाधिनमां छे तो पछी न मेलवी शकाय एवुं शुं छे? के जेथी आप आवी चिंता करो छो!" जोके चपल चित्तवाली स्त्रीओ गुप्त वात कहेवाने योग्य तो नथी, तो पण हितकारी स्त्रीओने दुःख निवेदन करी सुख पामी शकाय छे. कह्युं छे के–

सुहृदि निरंतरचित्ते, गुणवति भृत्ये प्रियासु नारीषु।
स्वामिनि सौहृदयुक्ते निवेद्य दुःखं सुखी भवति॥

निरंतर प्रीतिवाला मित्रोने, गुणवाला चाकरोने, प्रेमवाली स्त्रीने अने स्नेहवाला पतिने पोतानुं दुःख कही दुःखी माणसो सुखी थाय छे.

रंभा विगेरेनां एवां वचन सांभली इंद्रे कह्युं. "चौद लोकनो सृजनार ब्रह्मा महातप करेछे, तेथी म्हारुं मन कंपे छे" रंभाए कह्युं "हे स्वामिन्! ए कोण मात्र छे? तेने एक क्षणमांत्रमां तपथी भ्रष्ट करीशुं. ए अमारी प्रतिज्ञा छे." पछी इंद्रे रंभा विगेरे सर्व स्त्रीओने ज्यां ब्रह्मा तप करता हता त्यां वनमां मोकली. ते स्त्रीओए पण ब्रह्मानी सन्मुख जइ पंचम रागथी मनोहर गायन अने नृत्य आरंभ्युं. गायन, नृत्य अने वाजींत्रना शब्द सांभली जेनी सर्व इंद्रिओ विह्वल थइ हती एवा ते ब्रह्मा हरिणनी पेठे निश्चल थइ सांभलवा लाग्या. पछी तेओनुं नृत्य जोइ प्रसन्न थएला ब्रह्माए तप त्यजी दइने कह्युं. "हे देवांगनाओ! हुं नृत्य

जोइ प्रसन्न थयो बुं, माटे वरदान मागो." रंजा विगेरे स्त्रीउए कह्युं. "हे स्वामिन्! जो आप अमारा उपर प्रसन्न थया हो तो आ बकरो अने कादंबरी नामनी मदिरा ए बे वस्तुमांथी एक वस्तुने ग्रहण करो." ब्रह्मा विचार करवा लाग्या. "बकरानुं जक्षण करवाथी तपनो नाश थाय ढे, वली तपस्वीने जीव वध करवो योग्य पण नथी अने मदिरा तो जलरूप ढे अने ते उत्तम हृदयवालाने बाध करनारी नथी" एम धारी ब्रह्माए ते निःशंकपणे पीधी. पढी ब्रह्माने बहु उन्माद थयो तेथी तेमणे बकराने मारीने जक्षण कर्यो अने ते देवांगनाउनी साथे क्रीडा पण करी. पढी देवांगनाउ विचार करवा लागी के "आ ब्रह्माने तप वधारवाथी तो भ्रष्ट कर्या, पण तेमणे साडा त्रण क्रोड वर्ष तप कर्युं ढे ते शी रीते नाश पामशे?" एम धारी तेउए दक्षिण दिशा तरफ नृत्य करवा मांड्युं. ब्रह्माए ते जोवा माटे एक क्रोड वर्षना पुण्यथी ते दिशा तरफ बीजुं म्हो प्रगट कर्युं. ए प्रमाणे ब्रह्माए त्रण क्रोड वर्षनुं पुण्य आपी पोताने चार मुख प्रगट कर्या. पढी ज्यारे देवांगनाउए उंचे नाच करवा मांड्यो त्यारे ब्रह्माए अर्द्धा क्रोड वर्षना पुण्यथी एक उंचुं मुख प्रगट कर्युं. पढी देवांगनाउ तेमने नमस्कार करी अने हसती ढती स्वर्गे गइ. आ प्रमाणे ब्रह्मा पण स्त्रीना दासपणाने पाम्या ढे. इति ब्रह्मानी कथा.

चंद्रनी कथा.

पूर्वे कोइ एक वखते सर्वे देवताउए जेगा थइ चंद्रने ज्योतिश्चक्रना अधिपतिपणानी पद्वी आपी. ते वखते सर्वे देवता, रुषिउ अने रुषिनी स्त्रीउ तेने नमस्कार करवा आववा लागी. तेमां चंद्रे पोताना गुरु बृहस्पतिनी स्त्रीने घणी रूपवाली देखी तेने जोगवी. तेथी गुरुनी स्त्रीने बुध नामनो पुत्र थयो. इति चंद्रनी कथा.

सूर्यनी कथा.

कोइ वखते हजार किरणोने धारण करनारो सूर्य पृथ्वीमां फरतो हतो, तेणे रानादे नामनी घणी रूपाली स्त्री दीठी, तेथी मोह पामी ते तेनी प्रार्थना करवा लाग्यो, त्यारे रानोदेये कह्युं के, "हे स्वामिन्! त-

मारुं तेज म्हाराथी सहन थइ शकतुं नथी, माटे ओछुं करो" पछी ब्रह्मापासे जइने सूर्ये कह्युं के, "महाराज! म्हारुं तेज ओछुं करो" ब्रह्माए सूर्यने कह्युं के, "जो तुं न बोले तो तेज ओछुं करुं." सूर्ये तेम कबूल करवाथी ब्रह्माए संघाडो मंगावी ते उपर सूर्यने चडावी घसवा माड्यो. पगने घसतां घसतां सूर्ये दुःखाणो, तेथी मोढे बोली गयो, तेथी ब्रह्मा रीसाणा अने सूर्यने संघाडा उपरथी उतारी मूक्यो. पछी सूर्ये पगमां मोजा पहेरी रानादेने भोगवी. जुओ के, स्त्रीना स्नेहथी सूर्ये पण एवी महापीडाने सहन करी. इति सूर्यनी कथा.

जो के कार्तिक स्वामीने लौकिक मतवालाए ब्रह्मचारी मान्या छे. तो पण ते देवपणाने लीधे अविरति होवाथी दुःशीलनुं पात्र छे.

इंद्रनी कथा.

गौतम ऋषिनी स्त्री अहल्या घणी स्वरूपवाली हती. तेने इंद्रे दीठी, तेथी ते घणोज कामातुर थयो. पछी एक वखते गौतम ऋषि न्हावा माटे नदीये गया त्यारे पाछलथी इंद्रे गौतमने घरे आवी अहल्या साथे विषयसुख भोगव्युं, एटलामां गौत्तम घेर आव्या; त्यारे इंद्र बिलाडानुं रूप लेइ बहार नीकल्यो. गौतमे तेने ओलखीने श्राप दीधो के, "त्हारे शरीरे हजार भग (योनि) थाओ" पछी देवताओए ऋषिनी घणी प्रार्थना करीने मनाव्या अने सहस्र नेत्र नाम कराव्युं. एवो स्वर्गनो राजा इंद्र पण स्त्रीने वश्य थवाथी कष्ट पाम्यो. कह्यु छे के— किमु कुवलयनेत्राः संति नो नाकनार्यस्त्रिदशपतिरहल्यां तापसीं यत्सिषेवे ॥ हृदयतृणकुटीरे दीप्यमाने स्मराग्नावुचितमनुचितं वा वेत्ति कः पंडितोऽपि ॥ स्वर्गमां कमलसरखा नेत्रवाली स्त्रीओ नथी? के जेथी इंद्रे तापसी अहल्याने सेवी!!! ना! स्वर्गमां रूपवाली बहु स्त्रीओ छे, परंतु हृदयरूप घासनी झुपडीमां कामदेवरूप अग्नि सलगे छते कयो पंडित पुरुष योग्य अने अयोग्य जाणी शके छे? अर्थात् कोइ जाणी शकतुं नथी. एवी रीते घणा देवताओ स्त्रीयोना दासपणाने पाम्या छे. इति इंद्रनी कथा.

पूर्वे कहेला देवताउने पूजवामां हास्यपणुं कहे छे.

पूज्यंते शिवार्थं कैः अपि यदि कामगर्दन्नाः देवाः

पूइज्जंति सिवत्थं, केहिंवि जइ कामगद्दहा देवा ॥

गर्त्तान् शूकरप्रमुखान् किं न खलु पूजयंति ते मूढाः

गत्ता सूयरपमुहा–ई किं न हु पूयंति ते मूढा ॥ २१ ॥

शब्दार्थ– (जइ के०) जो (केहिंवि के०) कोइ अज्ञानी पुरुषोवडे (कामगद्दहा के०) कामे एटले विषये करीने गर्दन्न सरखा थएला एवा (देवा के०) देवताउ (सिवत्थं के०) मोक्षने अर्थे (हु के०) निश्चे (पूइज्जंति के०) पूजाय छे, तो (ते मूढा के०) ते मूढ (अज्ञानी) पुरुषो (गत्ता के०) अज्ञानरूप अंधारी खाइमां रहेला एवा (सूयरपमुहाइ के०) ज्रूंड प्रमुख अधम पशुउने पण (किं के०) शुं (न पूयंति के०) नथी पूजता? अर्थात् अज्ञानी पुरुषो पशु सरखा देवोने पण पूजे छे! ॥ २१ ॥

विशेषार्थ– मिथ्यात्वरूप मदिराथी उन्मत्त थएला कोइ पुरुषो मोक्षने माटे कामे करीने गर्दन्न सरखा थएला देवताउने पूजे. छे तो ते मूढ पुरुषो अज्ञानरूप अंधारी खाइमां पडेला ज्रूंड विगेरे पशुउने शुं नथी पूजता? अर्थात् ज्यारे नगरमां रहेला कामातुर देवताउ पूजाय छे, त्यारे ते ज्रूंड विगेरे पशुउ पण पूजावा जोइए; कारण के, ते देवताउमां अने उंमां कांइ विशेषपणुं रह्युं नथी. कह्युं छे के– शंभुस्वयंभुहरयो हरिणेक्षणानां, येनाक्रियंत सततं गृहकुंन्नदासाः ॥ वाचामगोचरचरित्रपवित्रिताय, तस्मै नमो न्नगवते कुसुमायुधाय ॥ ब्रह्मा, विष्णु अने महेश्वर जेनाथी निरंतर स्त्रीउने स्वाधिन रहेला छे. ते वाणिथी न वर्णवी शकाय एवा न्नगवान् कामदेवने म्हारो नमस्कार थाउ. ॥ २१ ॥

हवे कामातुर एवा ब्राह्मणादिकने गुरुपणाथी पूजे, तेने माटे उपहास्यपूर्वक कहे छे.

विषयासक्तोऽपि नरः नारी वा यदि न्नजेत् गुरुन्नावं

विसयासत्तोवि नरो, नारी वा जइ न्नइज्ज गुरुन्नावं ॥

ततः पारदारिकैः वेश्यान्निः वा किमपराद्धं

ता पारदारिएहिं, वेसाहिं वा किमवरद्धं ॥ २२ ॥

शब्दार्थ–(जइ के०) जो (विसयासत्तोवि के०) विषयमां आसक्त थएलो एवोय पण (नरो के०) पुरुष (वा के०) अथवा (नारी के०) स्त्री (गुरुजावं के०) गुरुजाव एटले गुरुपणाना जावने (जइज्ज के०) धारण करे, (ता के०) तो (पारदारिएहिं के०) परस्त्रीउए (वा के०) अथवा (वेसाएहिं के०) वेश्यास्त्रीउए (किमवरुद्धं के०) शुं अपराध कस्यो छे ? अर्थात् ज्यारे विषयमां आसक्त थएला स्त्री पुरुषोने गुरु करीने मानीए, तो पछी वेश्या अने परस्त्रीउनो शो अपराध छे, तेउने गुरु करीने न मानवी ? ॥ २२ ॥

विशेषार्थ–विषयमां आसक्त थएला व्यास, विश्वामित्र अने वशिष्ठ विगेरे ब्राह्मणो अने पार्वती, अरुंधती विगेरे स्त्रीउने जो गुरुजावे करीने सेवीए, तो अन्य पुरुषोनो संग करनारी कुलटास्त्री अने वेश्यास्त्रीउनो शो अपराध छे, तेमनी पण गुरुजावे सेवा न करवी ? कारण के, प्रथम कही गएला पुरुषो अने स्त्रीउमां तथा कुलटा अने वेश्याउमां कंइ विशेषपणुं नथी. अर्थात् ते सर्वे सरखां आचरण करनारां छे. कह्युं छे के– सरागोऽपि हि देवश्चेद्गुरुरब्रह्मचार्यपि ! कृपाहिनोऽपि धर्मःस्यात्कष्टं नष्टंहहाजगत् ॥ सरागी देव, अब्रह्मचारी गुरु अने दयारहित धर्म ए सर्वे कष्ट छे. माटे खेद थाय छे के, जगत् तेवडे नष्ट थइ गयुं छे. ॥ २२ ॥

हवे एक चोथा (शील) व्रतना जंगथी बीजां व्रतोनो पण जंग थाय छे. तेमां प्रथम प्राणातिपात व्रतनो जंग कहे छे.

मैथुनसंज्ञारूढः नवलक्षान् हंति सूक्ष्मजीवानां
मेहुणसन्नारूढो नवलरक नवलरक हणेइ सुहमजीवाणं ॥
इति आगमवचनात् हिंसा जीवानां इह प्रथमा
इअ आगमवयणाउ हिंसा जीवाण– मिह पढमा ॥ २३ ॥

शब्दार्थ–(मेहुणसन्नारूढो के०) मैथुनसंज्ञाने विषे आरूढ थएलो एवो जे पुरुष, ते (सुहमजीवाणं के०) सूक्ष्मजीवोनी (नवलरक के०) नवलाख संख्याने (हणेइ के०) हणे छे. (इअ के०) ए प्रकारे (आगमवयणाउ के०) सिद्धांतना वचनथी (इह के०) आलोकने विषे जे शीलव्रतनो जंग छे, तेज (जीवाणं के०) जीवोनी (पढमा के०) प्रथम एटले मुख्य (हिंसा के०) हिंसा कहेवाय छे. ॥ २३ ॥

विशेषार्थ– मैथुनसेवामां तत्पर थएलो मूढ पुरुष, मैथुन सेवती वखते मात्र केवलीज देखी शके एवा उत्कृष्टथी नवलाख सूक्ष्मजीवोने हणे छे. ए प्रकारे सिद्धांतमां कहेलुं होवाथी निश्चय थाय छे के, आ लोकने विषे शील भंग करवाथी जीवोनी हिंसा थाय छे. अर्थात् तेथी पहेला प्राणातिपात नामना पहेला व्रतनो भंग थाय छे. यदागमः– इत्थिणं जोणिए भवंति बेइंदियाइ जे जीवा ॥ इक्कोव दोव तिन्निव, लक्खपुहुत्तं च उक्कोसं ॥१॥ पुरिसेण, सहगयाए, तेसिं जीवाण होइ उद्दवणं ॥ वेणुग दिठंतेणं, तत्ताय सलाग नाएण ॥ २ ॥ पंचिंदिया मणुस्सा, एनगर भुत्तनारिगब्भंमि ॥ उक्कोसं नवलक्खा, जायंति एगवेलाए ॥ ३ ॥ नवलक्खाणं मज्झे, जायइ इक्कस्स दोण्हवसमत्ति ॥ सेसा पुण एमेव य, विलयं वच्चंति तत्थेव ॥ ४ ॥ मेहुणं सेवमाणस्स केरिसए असंजमे कज्जइ । गोयमा ! से- जहा नाम एकेइ पुरिसेबुरनलियं वा रूवनलियं वा तत्तेण अयघुणगेण समभिधंसिज्जा ॥ मेहुणं सेवमाणस्स एरिसए असंजमे कज्जइ इत्यादि. ॥२३॥

अर्थः– स्त्रीओनी योनीने विषे एक, बे, त्रण उत्कृष्टथी लक्ष पृथक्त्व (बे लाखथी नव लाख सुधी) बेइंद्रियादि जीवो होय छे. पुरुषनी साथे संयोग करता ते स्त्रीनी योनीमां रहेला जीवोनो नाश थाय छे. अग्निवडे तपावेली लोढानी सली रुएभरेली नलीमां नाखवाए करी जेम बधा रुनो- विनाश करे ते दृष्टांते. एक मनुष्ये भोगवेली नारीना गर्भमां गर्भज पंचें- द्रिय मनुष्य एक वखते उत्कृष्टथी नवलाख उत्पन्न थाय छे. ते नवलाख जीवोमांथी एक अथवा बेनी [1]निष्पत्ति थाय छे, अने बाकीना त्यांज एमने एमज विनाश पामे छे. वली महानीशीथजीने विषे पण कहेलो पाठ दर्शा- ववामा आवे छे–गौतम स्वामीए श्रीमहावीर स्वामीने प्रश्न कर्यो के, "हे भगवन् ! मैथुन सेवनार प्राणीने केवी अविरति लागे छे?" भगवाने कह्युं. "हे गौतम ! जेम कोइ पुरुष आकडानी रुनी भरेली नलीने अग्निवर्णमय थयेली लोढानी शलीये करीने नाश पमाडे (तेमांना रुनो नाश करे,) तेवी रीते असंख्याता जीवनो विनाश करनार एवी अविरति लागे छे."

---

१ छापेली भगवतीजीना पाना १०१ नी टीकामां तिर्यंचनी योनीमां गर्भज पंचेंद्रिय तिर्यंच लक्ष पृथक्त्व उत्पन्न थाय छे. अने निष्पत्ति पण थाय छे. अने मनुष्यनी योनीमां लक्ष पृथक्त्व उत्पन्न थाय छे, अने घणानी निष्पत्ति थाय छे. एम कह्युं छे.

हवे शील भंग करवाथी बीजा अने त्रीजो व्रतनो पण भंग थाय छे ते कहे छे.

नो कामिनां सत्यं प्रसिद्धं एतत् जनस्य सकलस्य
नो कामीणं सच्चं, पसिद्ध- मेयं जणस्स सयलस्स ॥
तीर्थंकरस्वामिप्रमुखादत्तमपि एव तत्र खलु भवेत्
तित्थरसामिपमुहा-दत्तंपि हु तत्थ खलु हुज्जा ॥ २४ ॥

शब्दार्थ-(कामीणं के०) कामी पुरुषोनुं (हु के०) निश्चे (नो सच्चं के०) कोइ कालने विषे साचापणुं होतुं नथी. (एयं के०) ए प्रकारे एटले ए वात (सयलस्स के०) सर्व एवा (जणस्स के०) मनुष्यनां मध्ये (पसिद्ध के०) प्रसिद्ध छे. वली (तित्थयरसामिपमुह के०) तीर्थंकर अदत्त अने स्वामि अदत्त विगेरे चारे प्रकारनुं (अदत्तंपि के०) अदत्त पण (तत्थ के०) ते शीलव्रतना भंग करनारने (खलु के०) निश्चे (हुज्जा के०) थाय छे. अर्थात् शील भंग करवाथी तीर्थंकर अदत्त, स्वामि अदत्त, गुरु अदत्त अने जीव अदत्त ए चारे प्रकारनां अदत्त लागे छे. ॥ २४ ॥

विशेषार्थ- विषयाभिलाषी कामी पुरुषो कदि पण साचा होता नथी. ए वात सर्व मनुष्योमां प्रसिद्ध छे. कह्युं के- वणिक, वेश्या, शत्रु, जुगारी, परस्त्री सेवनार, द्वारपाल (दरवाजे उभो रहेनार छडीदार) अने कोल ए सर्वे असत्यज बोलनारा छे. ए प्रकारे शील भंग करवाथी मृषावादरूप बीजा व्रतनो पण भंग थाय छे. वली ते शील खंडन करनारने तीर्थंकर अदत्त, स्वामि अदत्त, गुरु अदत्त अने जीव अदत्त ए चारे अदत्त लागेज छे. इहां प्रश्न के, पिता विगेरेनी आज्ञाथी परणेली पोतानी स्त्रीनी साथे मैथुन सेववाथी शुं त्रीजा व्रतनो भंग थाय? तेना उत्तरमां कहे छे के, ते मैथुनने विषे पण तीर्थंकर अदत्त अने गुरु अदत्त विगेरे लागे छे. त्यां तीर्थंकर अदत्त एटले मोक्षमार्गने विषे प्रवर्तेला पुरुषोने तीर्थंकर महाराजे सर्व प्रकारे मैथुननो निषेध करेलो छे. तेथी तीर्थंकर अदत्त लागे छे. तथा राजाए पण ते कार्यनी आज्ञा आपी नथी तेथी स्वामीअदत्त लागे छे. प्रमुख शब्दथी जीवअदत्त अने गुरु अ-

दत्त पण लागे छे. ते एवी रीते के योनिमां रहेला जीवोए मने हणे, एवी आज्ञा आपी नथी तेथी; जीव अदत्त लागे छे. तेमज गुरु महाराजे पण ते कार्य करवानी आज्ञा आपी नथी; तेथी गुरु अदत्त पण लागे छे. ए रीते मैथुन सेवनारने चारे प्रकारनां अदत्त लागे छे. ॥ २३ ॥

हवे शील भंग करवाथी चोथा अने पांचमा व्रतनो भंग थाय छे, ते कहे छे.

अब्रह्मं प्रगटं एव अपरिग्रहिकस्य कामिनी नैव
अब्बंभं पयडं चिय, अपरिग्गहियस्स कामिणी नेय ॥

इति शीलवर्जितानां कुत्र व्रतं पंचव्रतमूलं
इय सीलवज्जिआणं, कत्त वयं पंचवयमूलं ॥ ॥२५ ॥

शब्दार्थ– स्त्री सेवनाराने (अब्बंभं के०) अब्रह्मचर्य (पयडं के०) प्रगट (चिय के०) निश्चे छे. अने (अपरिग्गहियस्स के०) परिग्रह रहित पुरुषने (कामिणी के०) स्त्री जे ते (नेय के०) नथीज. (इय के०) ए प्रकारे (सीलवज्जिआणं के०) सीलविनाना पुरुषोने (पंचवयमूलं के०) पांचव्रतनुं मूल एवुं (वयं के०) व्रत जे ते (कत्त के०) क्यांथी होय ? ॥ २५ ॥

विशेषार्थ– स्त्रीनी साथे विषय सेवनारा पुरुषने अब्रह्मचर्य प्रगटज छे. अने परिग्रह न राखनारा पासे स्त्री होयज नही. कारण के, स्त्री राखवी ए पण एक परिग्रह छे. आ प्रमाणे स्त्री राखनारा पुरुषो शील रहीत होय छे, तेथी तेवा शील रहित पुरुषोने पंचव्रतनुं मूल एवुं व्रत क्यांथी होय ? अर्थात् शील भंगथी चोथा व्रतनो भंग अने पाचमा व्रतनो भंग थाय छे. ॥ २५ ॥

हवे उपदेश कहे छे.

तत् कथं विषयप्रसक्ताः भवंति गुरवः तथा पुनः तैः
ता कह विसयपसत्ता, हवंति गुरुणो तहा पुणो तेहिं ॥

भग्नाः जिनानां आज्ञा भणितं एतत् यतः सूत्रे
भग्गा जिणाण आणा, भणियं एअं जओ सुत्ते ॥ २६ ॥

शब्दार्थ– (ता के०) ते कारण माटे (विसयपसत्ता के०) विष-

यमां आसक्त थएला एवा पुरुषो जे ठे ते (गुरुणो के०) गुरु (कह हवंति के०) केम थाय ? अर्थात् जे कामी पुरुषो ठे, ते गुरु थइ शकता नथी. (तहा के०) तथा (पुणो के०) फरीने पण (तेहिं के०) ते कामी पुरुषोए (जिणाण के०) श्री जिनेश्वर जगवाननी (आणा के०) आज्ञा जे तें (जग्गा के०) जागी ठे. (जउ के०) जे कारण माटे (सुत्ते के०) सिद्धांतने विषे (एअं के०) ए प्रकारे (जणियं के०) कह्युं ठे, ॥२६॥

विशेषार्थ– विषयमां आसक्त थएला पुरुषो गुरु केवी रीते थइ शके ? कारण के, एक शील व्रत जंग करवाथी बाकीनां सर्व व्रतोनो जंग थाय ठे. ते कारण माटे शीलवंत गुरुनेज सेववा. तथा ते कामी पुरुषोए फरीने पण तीर्थंकरनी आज्ञा जागी. जे कारण माटे सिद्धांतने विषे ए प्रकारे कह्युं ठे. ॥ २३ ॥

वली तेज कहे ठे.

न एवं किमपि अनुज्ञातं प्रतिषिद्धं वा अपि जिनवरेंद्रैः
नं हु किंचि अणुन्नायं, पडिसिद्धं वा वि जिणवरिंदेहिं ॥
मुत्त्वा मैथुनजावं न तत् विना रागद्वेषाज्यां
मुत्तुं मेहुणजावं, नं तं विणा रागदोसेहिं ॥ २७ ॥

शब्दार्थ–(जिणवरिंदेहिं के०) तीर्थंकरोए (किंचि के०) कांइ पण सावद्यकार्य (न अणुन्नायं के०) नथी कह्युं. (हु के०) निश्चे (वावि के०) अथवा तो (मेहुणजावं के०) मैथुनजावने (मुत्तुं के०) मूकीने अर्थात् मैथुनजावने उद्देशीने (किंचि न पडिसिद्धं के०) शुं कांइ पण नथी निषेध कर्युं ? अर्थात् तीर्थंकरोए सावद्यकार्य करवुं कह्युं नथी अने मैथुनजावनो पण निषेध करेलो ठे, कारण के (रागदोसेहिं के०) राग द्वेष करीने (विणा के०) रहित अर्थात् राग द्वेष विना (तं के०) ते मैथुनजाव (न के०) नज थाय. ॥ २७ ॥

विशेषार्थ– तीर्थंकरोए सावद्यकार्यने निषेध्या ठे. तथा मैथुनजावने उद्देशीने सर्व व्रतोमां सावद्यकार्यने करवा, कराववा अने अनुमोदवानो उत्सर्गे अपवादे निषेध कर्यो ठे. अर्थात् जिनेश्वर जगवानोए सावद्यकार्यने निषेध्या ठे अने सर्व व्रतोमां सावद्यकार्यने करवा, कराववा अने

अनुमोदवानो उत्सर्गे अपवादे निषेध कस्यो छे; कारण के, राग द्वेष विना ते मैथुनजाव उत्पन्न थतो नथी. वली ते राग द्वेष संसारना मूलमां स्थंज समान छे. कह्युं छे के— जो राग द्वेष न होय तो दुःख कोण पामे? कोना सुखमां विस्मय थवाय अने कोण मोक्ष न पामे? अर्थात् राग द्वेषरहित पुरुषो दुःख पामता नथी, कोइना सुखमां आश्चर्य पामता नथी अने मोक्षने पामे छे. ॥ २७ ॥

हवे उपसंहार कहे छे.

ततः सकलेतरकष्टानुष्ठानसमुद्यमं परिहृत्य
ता सयलइयरकट्ठा–णुट्ठाणसमुज्जमं परिहरेउं ॥
एकमेव शीलव्रतं धारयत स्वाधीनसकलसुखं
इक्कंचिय सीलवयं, धरेह साहीणसयलसुहं ॥ २८ ॥

शब्दार्थ— (ता के०) ते कारण माटे, हे जव्यजीवो ! (सयल के०) सर्व एवा (इयर के०) शीलव्रतथी बीजा (कट्ठाणुट्ठाण के०) कष्टना अनुष्ठानना (समुद्यमं के०) म्होटा उद्यमने (परिहरेउं के०) त्याग करीने (साहीण के०) पोताने स्वाधीन रह्युं छे (सयलसुहं के०) सर्व प्रकारनुं सुख जेमां एवा अने (इक्कंचिय के०) एकज एवा (सीलवयं के०) शीलव्रतने (धरेह के०) धारण करो. ॥ २८ ॥

विशेषार्थः— ते कारण माटे हे जव्य प्राणियो ! घणाज तीव्र एवा बीजा सर्व प्रकारना तप करवाना अनुष्ठानना उत्साहने त्याग करीने जेमां पोताने स्वाधीन एवुं स्वर्ग अने मोक्षनुं सर्व प्रकारनुं सुख रहेलुं छे, एवा एक शीलव्रतनेज पालो. अर्थात् बीजा व्रतनी अपेक्षा न करतां व्रतने धारण करो के, जेथी बीजा बहु व्रतोथी मेलवी शकाय थी प्राप्त थशे. ॥ २८ ॥

ण स्त्रीना संसर्गथी मोक्ष जता अटके छे ते कहे छे.

निरवद्यरुजवोऽपि जगति
सज्जा निरवज्जउज्जुआवि जए ॥
धीराणां शिवमार्गाः
ग्गा धीराण सिवमग्गा॥ २९ ॥

शब्दार्थ– (जए के०) जगत्‌ने विषे (धीराण के०) धीर पुरुषोना (सावज्जजोग के०) सावद्य योग एटले पाप सहित योगने (वज्जणसज्जा के०) त्याग करवाथी सुलज्ज थएला एवा, तथा (निरवज्ज के०) निरवद्य एटले पाप रहित एवा योगने विषे (उज्जुआवि के०) सरल थएला एवा पण (सिवमग्गा के०) मोक्षना मार्गो जे ते (नारीसंगपसंगा के०) स्त्रीउना संगना प्रसंगथी अर्थात् स्त्रीउना संसर्गथी (जग्गा के०) जग्न थया छे. ॥ २९ ॥

विशेषार्थ– आ संसारने विषे धीर पुरुषोना, सावद्ययोग एटले मैथुनसेवा विगेरे पापकर्मोने त्याग करवाथी सुलज्ज रहेला अने निरवद्ययोग एटले शीलव्रत विगेरे उत्तम कर्मने धारण करवाथी सरल थएला मोक्षनगरीमां जवाना मार्गो स्त्रीउना परिचयथी नाश पाम्या छे. अर्थात् सावद्य योगने त्यजी देनारा अने निरवद्य योगने सेवनारा धीर पुरुषोज मोक्षनगरमां जाय छे. कह्युं छे के– संसार तव पर्यंतपदवी न दवीयसी। अंतरा दुस्तरा नस्युर्यदि रे मदिरेक्षणा ॥ हे संसार! जो म्हारा हृदयनी अंदर दुस्तर एवी स्त्रीउनो वास नथी, तो म्हारे त्हारा कांठे जवुं ए कांइ दूर नथी. ॥ २९ ॥

हवे स्त्रीना संगना दोषने दृष्टांते करीने दृढकरता सता कहे छे.

संवेगग्रहितदिक्षः तद्भवसिद्धिरपि आर्द्रकुमारः
संवेगगहियदिक्खो. तप्भवसिध्धीवि अद्दयकुमारो ॥ (क्यांक:–

व्रतं उज्झित्वा चतुर्विंशतिं वर्षान् सेवितवान् गृहवासं
वयं–मुंचिय चउवीसं–वांसे सेविंसु गिहवासं ॥ ३० ॥

शब्दार्थ– (संवेगगहियदिक्खो के०) वैराग्यथी ग्रहण करी छे दीक्षा जेणे एवा अने (तप्भवसिद्धीवि के०) तेज जवने विषे प्राप्त थइ छे सिद्धि जेने एवाय पण (अद्दकुमारो के०) आर्द्रकुमारे (वयं के०) व्रतने (उज्झिय के०) त्याग करीने (चउवीसंवासे के०) चोवीश वर्ष सुधी (गिहवासं के०) गृहस्थाश्रमने (सेविंसु के०) सेव्यो. अर्थात् आर्द्रकुमारे पण चारित्रने मूकीने फरीथी चोवीश वर्ष सुधी गृहस्थाश्रम जोगव्यो छे. ॥ ३० ॥

विशेषार्थ– वैराग्य उत्पन्न थवाथी तेज वखते दीक्षाने ग्रहण करनार अने तेज जवमां मोक्षसिद्धिने पामनार एवा आर्द्रकुमारे चारित्रनो त्याग करीने चोवीश वर्ष पर्यंत गृहस्थाश्रम सेवन कर्यो. ॥ ३० ॥

आर्द्रकुमारनी कथा.

आ जरत क्षेत्रने विषे मगधदेशमां पृथ्वीरूप स्त्रीना मस्तकने विषे मणि समान अने संपत्तिए करीने स्वर्गने पण तिरस्कार करनारुं राजगृह नामनुं नगर हतुं. ते नगरीने विषे वृद्धिपामेली प्रेमरूप कलाए करी प्रजाए सेवाकरेलो श्रेणीक नामनो राजा राज्य करतो हतो. तेने जैनधर्मने जाणनार, निर्जय, अने जेनी बुद्धिरूप तारिका राजमंडलमां अधिक शोजति हती एवो अजय कुमार नामनो पुत्र हतो. हवे आर्द्रक नामना देशमां आर्द्रक नामनुं नगर हतुं. ते नगरने विषे आर्द्रक नामनो राजा राज्यकरतो हतो. तेने मुख्य पट्टराणी आर्द्रिकानामनी स्त्री हती अने तेने अति गुणवंत तथा जीवदयामां आर्द्र (कोमल) मनवालो आर्द्रकुमार नामनो पुत्र हतो. ते कुमार जेटला वखतमां सर्व कलाउनो अज्यास करी यौवनावस्थामां आव्यो; ते वखतमां जेमनो पूर्वथीज परस्पर प्रीतिनो गाढ संबंध चालतो आवेलो छे एवा उपर कहेला श्रेणिक राजाए पोताना प्रधाननी साथे आ आर्द्रक राजा उपर केटली उत्तम कंबल विगेरेनी जेट मोकली. ते जेटने लइ आर्द्रकराजाए मगध देशना श्रेणीक राजानुं कुशल पूछ्युं. एटले ते प्रधाने श्रेणीकनुं कुशल कहीने पछी श्रेणिके पूछेला कुशल समाचारना वचनरूप मलयाचलना सुगंधि पवनने करीने प्रधाने आर्द्रकराजानी मनोवृत्तिरूप वेलने अत्यंत नृत्य कराव्युं. पछी आर्द्रकराजानो पुत्र आर्द्रकुमार श्रेणिकराजाना प्रधानने पूछवा लाग्यो के, “ हे प्रधान! श्रेणिक राजाने कोइ योग्य पुत्र छे? के जेनी साथे हुं पण म्हारा कुलने योग्य एवी अखंडित प्रीतिबाधुं? कह्युं छे के– धन्यास्त एव यत्प्रीतिर्वर्द्धमाना दिने दिने। क्रमात्पुत्रप्रपौत्रेषु, संक्रामति यथा ऋणम्॥ जेम पितानुं देवुं पुत्रने, पुत्रनुं देवुं तेना पुत्रने एम अनुक्रमे चाले छे, तेम जेमनी प्रीति दिवसे दिवसे वधती छती पुत्र पौत्रादिकने विषे चाले तेउने धन्य छे.” आर्द्रकुमारनां एवां वचन सांजली प्रणाम करीने प्रधाने कह्युं के, “ हे राजकुमार! धर्मने जाणनार, बुद्धि-

मान, दयानो समुद्र, पांचसें प्रधानोमां मुख्य, चतुर, करेला गुणने जाणनार, विद्या अने विनयथी संपूर्ण एवो अजयकुमार नामे श्रेणिक राजाने पुत्र छे; तेने आपे सांजल्यो नथी ?" प्रधाननां एवां वचन सांजली अजयकुमार साथे मैत्री बांधवानी इच्छा करनार पोताना पुत्रने जाणी आर्द्रकराजा ते पोताना पुत्रना वखाण करवा लाग्यो. आर्द्रकुमारे पण अजयकुमारना गुणोने सांजली, विस्मय पामीने घणा हर्षथी प्रधानने कह्युं के "हे प्रधान ! आर्द्रकराजा तमने श्रेणिकराजा पासे पाछा जवानी आज्ञा आपे त्यारे मने पूछ्याविना अथवा मारा समाचार लीधाविना तमारे जवुं नही. कारण अजयकुमारने मलवा माटे म्हारुं चित्त बहु आग्रह सहित दोडे छे." पछी आर्द्रकराजाए श्रेणिक राजा उपर मोकलवाने माटे मुक्ताफल विगेरे घणी जेटनी वस्तुउ प्रधानने आपी अने पोताना प्रधानसहित ते प्रधानने पाछा श्रेणिक राजा पासे जवानी आज्ञा आपी; एटले ते प्रधान आर्द्रकुमार पासे आवीने कहेवा लाग्यो के, "हे राजकुमार ! आर्द्रक राजाए मने श्रेणिक महाराजा पासे जवानी आज्ञा आपी छे, माटे हुं जाउं छुं" प्रधाननां एवां वचन सांजली आर्द्रकुमारे पण अजयकुमारने आपवाने माटे मुक्ताफल विगेरेनी केटलीक जेटो आपी.

पछी केटलेक दिवसे ते प्रधान राजगृह नगरे पहोच्यो. त्यां तेणे आर्द्रकराजाए आपेली मुक्ताफल विगेरेनी जेटो श्रेणिक राजाने आपी. तेने जोइ श्रेणिकराजा घणो संतोष पाम्यो. वली ते प्रधाने आर्द्रकुमारे आपेली मुक्ताफल विगेरेनी जेट पण अजयकुमारने आपी सर्व समाचार कह्या. तेथी अजयकुमार मनमां विचार करवा लाग्यो के, "आ कोइ आसन्न जव्य, अने जिन शासननो इच्छित पुरुष चारित्रथी भ्रष्ट थइ अनार्य देशमां उत्पन्न थयो छे. जो ते अजव्य के दूरजव्य होत तो मारी साथे प्रीति करवानी इच्छा करत नहीं; कारण समान धर्मवालाने अंतरनी प्रीति थाय छे. हुं मारी प्रीतिनुं कारण त्यारेज जाणुं, के ज्यारे हुं तेने प्रतिबोध पमारु. वली तेने तीर्थंकरनी उत्तम प्रतिमा जेट मोकलुं, तेथी ते जातिस्मरण पामीने बोध पामशे." एवो वीचार करीने धर्ममां

१ तेज जवमां सिद्धि पामनार.

प्रीतिवाला ते अजयकुमारे श्री आदिदेव (ऋषजदेव)नी सुवर्णनी प्रतिमा तथा बीजा केटलाएक पूजानां उपकरणो एक पेटीमां जरी पोताना प्रधाननी साथे आवेला आर्द्रक राजाना प्रधानने आप्यां अने कह्युं के, "आ पेटी आर्द्रक राजाथी गनी आर्द्रकुमारने आपजो" पढी प्रधाने गनि रीते ते पेटी आर्द्रकुमारने आपी अने आर्द्रकुमारे पण घणा हर्षथी एकांते ते पेटी उघाडीने जोयुं तो तेमां श्री आदिदेवनी प्रतिमा दीठी एटले विचार करवा लाग्यो के, "आ घरेणुं हाथमां पहेरातुं हशे ! माथे पहेरातुं हशे ! ! के हृदयमां धारण करातुं हशे !!! में आ घरेणुं अगाउ कयारे पण जोयुं ठे ?" एम विचार करतां करतां तेने जातीस्मरण ज्ञान प्राप्त थयुं अने पूर्वना जवनी वात सांजली के, "हुं पूर्वजवने विषे (त्रीजा जवने विषे) मगधदेशने विषे वसंतपुर नगरमां सामायिक नामनो कणबी हतो. बंधुमति नामनी मारी स्त्री हती. कोइ दिवसे ते स्त्रीसहित में सुस्थित नामना आचार्य पासे धर्म सांजलीने वैराग्यथी दीक्षा लीधी. एक दिवसे साध्वीउनी साथे विहार करती बंधुमतीने में दीठी; तेथी हुं पूर्वना अनुरागथी तेनी इहा करवा लाग्यो. ते वात जाणीने ते मने कहेवा लागी के, "हे साधो ! तमारे अने मारे वृत्त ठे ! !" पढी ते अनशन वृत्त लइ प्राणत्याग करीने स्वर्गलोकमां गइ. आ वात में जाणी तेथी हुं वीचार करवा लाग्यो. "म्हारी पूर्वावस्थानी स्त्री के जेणे म्हारी साथे दीक्षा लीधी हती, तेणे म्हाराज माटे प्राण त्याग कर्या." एवो वीचार करीने हुं पण चतुर्थ वृतना जंगनी बीकथी अणशन वृत लइ मृत्यु पामी देवता थयो अने त्यांथी चवीने आ अनार्य देशने विषे जन्म पाम्यो बुं." आवी रीते ते आर्द्रकुमार पूर्वना जन्मनुं ज्ञान थवाथी फरी विचार करवा लाग्यो के "जेणे मने आ प्रमाणे पूर्वजन्मनो बोध प्रमाड्यो तेज मारो गुरु अने तेज म्हारो बंधु ठे" एम वीचारी तेणे अजयकुमारने मलवा जवानी इहा करीने आर्द्रकराजाने कह्युं के "हे तात ! हुं श्रेणिक राजाना पुत्र अजयकुमारने मलवानी इहा करुं बुं, माटे मने आज्ञा आपो." पुत्रनां आवां वचन सांजली आर्द्रक राजाए कह्युं के "हे वत्स ! आपणी पोताने स्थानके रहिनेज श्रेणिक राजानी साथे प्रीति ठे, माटे त्यां मलवा ज

वाय नहीं." आर्द्रक राजानां आवां सांभली जेने अभयकुमार पासे जवानी घणीज इछा छे एवो ते आर्द्रकुमार आसक्त थएली कुलस्त्रीनी पेठे जवाने तथा रहेवाने शक्तीवान न थयो, परंतु अभयकुमारनुं तथा तेना गुणोनुं प्रत्यक्ष दीठानी पेठे ध्यान करवा लाग्यो. वली घरनेविषे तथा वननेविषे अथवा बीजे कोइ ठेकाणे ते शांति न पामतां तथा अभयकुमार संबंधी वातो करता विचार करवा लाग्यो के, "जो परमेश्वरे पांखो आपी होत तो तुरतज अभयकुमारनी पासे जात."

एवी रीते अभयकुमारने मलवा माटे उंचा चित्तवाला थएला आर्द्रकुमारने जाणीने आर्द्रक राजाए पुत्रने जवानी रजा न आपतां पांचसो सामंतो तेना रक्षणने माटे राख्या. छायानी पेठे पोताना पक्खाने न मूकता ते सामंतोने जोइ आर्द्रकुमारे विचार्युं के, "आ तो केदमां पड्या." पछी ते आर्द्रकुमार सामंतोनी साथे हमेशां पोताना नगरथी पांच पांच गाउ जवा आववा लाग्यो. कोइ दीवस आठ गाउ जाय ने पाछो आवे. कोइ दिवस वेहेलो आवे. कोइ दीवस मोडो आवे. एम करतां करतां एक दिवस अभयकुमारे मोकलेली आदीश्वर भगवाननी प्रतिमा अने रत्न विगेरे केटलोक समान एक पेटीमां भरी समुद्रने कीनारे वहाणमां छानी रीते मोकली देइ, पोते सामंतोनी साथे वनमां वीहार करता करता तेउने पछवाडे राखी छानी रीते पोताने माटे राखेला ते वाहाणमां बेसी अभयकुमारना देशमां गयो त्यां तेणे अभयकुमारे मोकलेली आदीश्वर भगवाननी प्रतिमा तेने पाछी मोकली अने पोते लावेला धनने सातक्षेत्रमां पहेंची नांखी साधु स्वरूपने ग्रहण करी जेटलामां सामायिक चारित्रनो उच्चार करे छे एटलामां आकाशवाणी थइ के, "अहो आर्द्रक! तुं दीक्षा न ग्रहण करय.कारण के कर्मनुं फल तो तीर्थंकरोने पण भोगववुं पडे छे. त्हारे हजु जे भोगावली कर्म छे, तेने भोगव्या वीना आ दीक्षारूप व्रतने धारण करवाने तुं योग्य नथी, कारण के जे माणस भोगावली कर्म भोगव्या वीना दीक्षा लहे छे, ते व्रत थकी भ्रष्ट थाय छे अने तेज कारणथी नरकमां जवुं पडे छे." आ प्रकारनी आकाशवाणीनो पण अनादर करीने आर्द्रकुमारे सहसा दीक्षा लीधी.

पछी ते प्रत्येकबुद्ध, व्रतनुं पालन करतां एक दीवस वसंतपुर नामना नगरमां आव्या के जे नगरने विषे धनावहशेठनी धनवती भार्यानी कुखे पोताना पूर्वभवनी बंधुमती स्त्री मृत्यु पामीने, श्रीमति नामनी पुत्रीपणे उत्पन्न थइ यौवन अवस्थामां आवी हती.

एक दिवसे ते श्रीमति, पोतानी पांच सात सखीउ सहित ज्यां नगरनी बहार देवमंदिरने विषे आर्द्रकुमार मुनि काउस्सग करी उभा हता त्यां मंदिरमां रमवाने माटे आवी. पछी ते कुमारीउ मंदिरना एक एक थांभलाने "आ म्हारो पति आ म्हारो पति" एम कहीने वरवा लागी. एटलामां श्रीमति पण काउस्सग्ग करीने उभेला आर्द्रकुमार साधुने थांभलानी भ्रांतिथी "आ मारो पति" एम कहीने वर्या. ते वखते देवताउए "बहु सारुं थयुं! बहु सारुं थयुं!!" एम गर्जनाउ करीने रत्ननी वृष्टि करी. देवताउए करेली गर्जनाथी भय पामेली ते श्रीमति, आर्द्रकुमार मुनिना पगने वलगी रही. पछी आर्द्रकुमारे पोताने प्राप्त थयेला उपसर्गने देखी पोताना पग छोडावी त्यांथी विहार कीधो, ते वखते श्रीमतिए कह्युं के, "म्हारे आ भवमां तमेज पति थजो, बीजो कोइ नहीं," हवे देवताए जे रत्नवृष्टि करी हती तेनो कोइ धणी न देखीने राज पुरुषो ज्यारे ते लेवा माटे आव्या त्यारे देवताए कह्युं के, "ए सर्वरत्न अमे कन्याने विवाहमां दीधां छे, माटे तमारे ग्रहण करवां नहीं." देवतानां एवां वचन सांभली राजाना पुरुषो पाछा गया. पछी श्रीमति ते द्रव्य लेइने पोताना पितानी साथे घेर आवी.

पछी केटलेक ठेकाणेथी श्रीमतिने माटे विवाहना मागा आव्या; त्यारे श्रीमतिये पिताने कह्युं के, "हे तात! में जेने पति कह्यो छे ते जो मलशे तोज हुं विवाह करीश; नहीं तो नही करुं. कारण लोकमां पण कह्युं छे के— ॥ सकृज्जल्पंति राजानः, सकृज्जल्पंति पंडिताः ॥ सकृत्कन्या प्रदीयंते, त्रीण्येतानि सकृत् सकृत् ॥ राजाउ एकवार बोले छे, पंडितो एकवार बोले छे, कन्या एकवार परणावाय छे. ए त्रण एक एक वार थाय छे." एवां वचन सांभली धनावह शेठ पुत्रीने कहेवा लाग्यो के, "हे वत्से! तें जेने पति कहेलो छे, ते भमरानी पेठे विचरनारा मुनि केम म-

१ कोइ पण वस्तुने जोइ बोध पामे ते.

लशे ? अने जो ते मलशे तो उंलखाशे केम ? " श्रीमतिये कह्युं " हे तात ! हुं नामतो नथी जाणती; पण मेघ गाजवाथी जय पामीने हुं ते मुनिना पगने वलगीपडी, त्यारे में तेमना पगने विषे पद्म दीठुं छे ए एधाण छे. " धनावह शेठे कह्युं " हे पुत्री ! तो हवे जे जे मुनि आवे तेमने त्हारे दान देवुं अने तेमना पग जोवा. " श्रीमतिये पण ए प्रमाणे करवां मांड्युं. एम करतां करतां बार वर्ष वीती गयां. एवामां आर्द्रकुमार मुनि त्यां आव्या. तेमने श्रीमतिये उंलख्या एटले दोडीने ते महत्माने पगे वलगी अने कह्युं के " हे स्वामिन् ! तमे ते वखते म्हारो तिरस्कार करीने जता रह्या, परंतु हवणां म्हारा उपर कृपा करी मने सेवो."

पछी आर्द्रकुमारे देवताना वचनने वीचारी अने जोगकरम उदय आव्युं जाणी श्रीमतिनी साथे पाणीग्रहण कर्युं. पछी गृहवास करीने रहेला आर्द्रकुमार थकी श्रीमतिने त्रीजे वर्षे पुत्र थयो अने ते पुत्र ज्यारे नव वरसनो थयो त्यारे आर्द्रकुमारे श्रीमतिने कह्युं के " हे प्रिये ! त्हारे सहाय्यरूप पुत्र थयो छे, माटे हवे हुं दीक्षा लउं." पतिनां एवां वचन सांजली श्रीमतिये रेंटीउं मांडी सूतर कांतवा माड्युं. एटलामां बहार रमवा गयेल पुत्र आव्यो अने श्रीमतिने कहेवा लाग्यो के " हे मात ! आ शुं काम करवा माड्युं ?" श्रीमतिये कह्युं के "हे वत्स ! तुं न्हानो छे अने त्हारो पिता दीक्षा लहे छे; माटे हुं आ काम करुं छुं. " पुत्रे कह्युं " हे मात ! म्हारो पिता क्यां जवाना छे ? हुं तेमने बांधीने राखीश. ?" आ सघली वात आर्द्रकुमार कपट नीद्राथी सूता सूता सांजलता हता. पछी ते पुत्र आर्द्रकुमारना पग सूतरथी बांधीने माताने कहेवा लाग्यो के, " मात ! तमे जय पामशो नही. में म्हारा पिताना पग बांध्या छे. " पुत्रनी आवी क्रीया जोइने आर्द्रकुमारने दया आवी, तेथी विचार करवा लाग्या के " जेटला सूतरना तांतणाथी म्हारा पग बांध्या होय एटला वर्षसूधी मारे ग्रहस्थाश्रममां रहेवुं. वधारे वार रहेवुं नहीं." एवो निश्चय करीने पछी पोताने पगे बांधेला सूतरना तांतणा गण्या तो बार थया; एटले बीजां बार वर्ष सूधी गृहस्थाश्रमने विषे रह्या. एवी रीते पहेलानां बार वर्ष अने पछीनां बार वर्ष एम चोवीश वर्ष गृहस्थाश्रममां रहेला ते आर्द्रकुमार एक दिवस रात्रे विचार करवा ला-

ग्या के, " पहेला जवमां तो में मने करीने चारित्रनी विराधना करी हती, तेथी हुं अनार्य देशमां उत्पन्न थयो छुं अने आ जवे तो कायाये करीने चारित्रती विराधना करी छे, तो हवे म्हारी शी गति थशे ?" एम विचार करीने श्रीमतिनी रजा लइ फरी मुनिवेषने धारण करी, पृथ्वी उपर वीहार करवा लाग्या.

एक दिवस राजगृहनगरना मार्गमां विहार करता ते आर्डकुमारे पोतानी पासे प्रथम हता ते पांचसो सामंतोने चोरीनो धंधो करता देखीने पूछ्युं के, " हे सामंतो ! तमे आ शो धंधो करो छो ? " सामंतोए कह्युं के, " हे महाराज ! आर्डकराजाए अमने तमारी संजाल राखवा माटे राख्या हता, पण ज्यारे तमे अमाराथी छानी रीते नाशी गया, त्यारे अमे विचार कर्यो के, " जो हवे आपणे राजापासे जाशुं तो आपणने मारी नाखशे; माटे राजापासे न जतां बीजो उपाय खोळवो." एम विचार करीने अमे आ चोरीनो धंधो करवा मांड्यो अने आज अमे तमने उंलख्या छे; माटे अमे प्रार्थना करीने कहीये छीये के अमने तमारो धर्म पमाडो. " एवां ते चोरीनो धंधो करनारा सामंतोनां वचन सांजली आर्डकुमारे कह्युं. " हे सामंतो ! आ संसारमां दश दृष्टांते करीने मनुष्य जन्म घणो डुर्लज छे. तेमां वली धर्मनी प्राप्ति तो घणीज डुर्लज छे. माटे प्राणातिपात मृषावाद, अदत्तादान, मैथुन अने परिग्रह ए सर्वनो त्याग करी पुण्यनो आदर करवो. " एवो उत्तम उपदेश सांजली क्रूर कर्मने करनारा ते पांचसो सामंतो चोरीनो धंधो मूकी दइने कहेवा लाग्या के " हे महाराज ! तमे प्रथम अमारा स्वामी हता अने हमणां पण तमेज स्वामी छो; माटे अमने दीक्षा आपो." सामंतोनां वचन अंगीकार करी आर्डकुमारे तेमने संसारसमुद्र तारनारी दीक्षा आपी.

पछी ते सर्वने साथे तेडीने आर्डकुमार श्रीमहावीर स्वामीने वांदवा माटे जेटलामां राजगृह नगरनी पासे आवे छे, एटलामां रस्ते गोशालो मल्यो. गोशालाए तेमने जोइने कह्युं. " अहो ! तमे आ वृथा तप करो छो, कारण के प्राणीने सुखडुःख मलवामां प्रारब्ध एज प्रमाण छे. सेंकडो उपायो करवाथी पण जे मेलवी शकातुं नथी, ते फक्त प्रारब्धना

योगथी सहेजमां आवी मळे छे." आर्द्रकुमार मुनिए कह्युं. "हे गोशाल! तुं जेम तेम बोल नहीं; कारण प्रारब्ध अने पुरुषार्थ ए बन्ने मळवाथी कार्यसिद्धि थाय छे. जेमके प्रारब्धना योगथी भोजन तो मळ्युं, पण ते थाळीमां रहेलुं भोजन ज्यांसुधी आपणे हाथ चलावीए नही त्यांसुधी मुखमां पेसे नहीं. माटे कांइक प्रारब्धना योगथी अने कांइक पुरुषार्थथी एम बन्नेथी कार्यसिद्धि थाय, छे, पण फक्त प्रारब्धथीज कार्यसिद्धि थाय, एम मिथ्या कदाग्रह न करवो." कह्युं छे के– "प्रारब्ध अचिंत्य बळवाळुं छे तो पण पुरुषार्थ तेथी पण वधारे बळवान छे. जुओ. आकाशमांथी तो पाणी क्यारेक पडे छे पण कुवो खोदवाथी निरंतर मळे छे."

आ प्रमाणे कही आर्द्रकुमार मुनिए गोशाळाने बोलतो बंध करी दीधो, तेथी देवताओ, विद्याधरो अने गंधर्वो तेमनी स्तुति करवा लाग्या.

पछी जीवदयाना आभासे करीने भ्रांति पामेला एवा अने हाथीना मांस खानारा हस्ति तापसना आश्रममां आव्या. तेमने ते तापसो कहेवा लाग्या के, "धान्यरूप अनेक न्हाना जीवो मारवाथी शुं? पण एक म्होटो हाथी मार्यो होय तो तेथी घणा दिवस आजीवीका चाले; तेथी अमे आ एक हाथी मार्यो छे अने बीजाने बांधी राख्यो छे." तापसो एम कहे छे एटलामां तो पेहेलो बांधेलो हाथी आर्द्रकुमारने देखीने वीचार करवा लाग्यो के, "आ मुनिने हुं वांदुं." हाथी एम विचार करे छे, एटलामां तो तेनां सर्व बंधन छूटी गयां. पछी ते हाथी मुनि तरफ दोड्यो एटले लोको भयथी हाहा शब्द करी भागवा लाग्या, पण आर्द्रकुमार तो मेरु पर्वतनी पेठे अचल उभा रह्या. पछी हाथी आर्द्रकुमार मुनिने प्रणाम करी तेमनी पासे उभो रह्यो अने मुनिना चरणनो वारंवार स्पर्श करी बहु हर्ष पाम्यो. एटले सर्व तापसो हर्ष पामी अने आर्द्रकुमार पासेथी बोध पामी श्री महावीर स्वामीना समवसरण तरफ चाल्या. ए सर्ववात ज्यारे श्रेणीक राजाए सांभळी, त्यारे ते अने अभयकुमार, आर्द्रकुमार मुनिपासे आवीने पूछवा लाग्या के, "हे महर्षे! तमारा दर्शनथी हाथीनां बंधन छूट्यां, ए आश्चर्यने सांभळवाने इछुं छुं." राजानां एवां वचन सांभळीने आर्द्रकुमार मुनिए कह्युं के,

"हे राजन्! हाथीनां बंधन छूटे ए कांइ आश्चर्य नथी, पण सूतरना तांतणाथी बांधेला पेला बंध छूटवा ए दुस्सह मानुं छुं." एम कहीने तेमणे पोतानुं सर्व वृत्तांत कह्युं; एटले सर्व सभा हर्ष पामी अने अभयकुमार पण आर्द्रकुमारनां वखाण करवा लाग्यो. आर्द्रकुमारे अभयकुमारने कह्युं के, "तमे म्हारा उपर श्री आदीश्वर भगवाननी प्रतीमा मोकली कयो कयो उपकार नथी कर्यो. अर्थात् सर्व प्रकारनां उपगार कर्या छे, कारण के जे प्रतिमाना प्रसादथी हुं धर्मने ओलखी चारित्रने पाम्यो छुं. हे अभयकुमार ए सर्व त्हारो प्रसाद छे." एवी आश्चर्यकारक ते आर्द्रकुमार मुनिनी कथा सांभली घणो आनंद पामेलो श्रेणिकराजा अभयकुमार सहित नगरमां पाछो गयो अने आर्द्रकुमार पण ते राजगृह नगरमां श्री वीर स्वामीना समवसरणनां दर्शन करी कृतार्थ थइ मनुष्य जन्मना कर्मनो क्षय करी मोक्ष पाम्या. ॥ इति रुद्रपल्लीय गच्छमां भट्टारक श्री संघतिलक सूरिनी पाटे आभूषणरूप थएला श्री सोमतिलक सूरिए रचेली शीलोपदेशमालामां आर्द्रकुमारानी कथा समाप्त ॥

सामान्यनी वात तो दूर रही, परंतु श्रीजिनेश्वरोए दीक्षा आपेला पुरुषोने पण स्त्रीओना संगथी दोष प्राप्त थाय छे ते कहे छे.

प्रतिदिवसं दशदशबोधकोऽपि श्रीवीरनाथशिष्योऽपि

पइदिवसं दहदहबो–हगोवि सिरिवीरनाहसीसोवि ॥

श्रेणिकसुतोऽपि सन् वेश्यायाः नंदिषेणमुनिः

सेणिअसुउवि संतो, वेसाए नंदिसेणमुणी ॥ ३१ ॥

शब्दार्थ–(पइदिवसं के०) दिवस दिवसप्रत्ये (दहदहबोहगोवि के०) दश दश पुरुषोने बोध करनार एवा, तथा (सिरिवीरनाहसीसोवि के०) श्री वीरस्वामीना शिष्य थएला एवाय पण अने (सेणिअसुउविसंतो के०) श्रेणिक राजाना पुत्र छतां पण (नंदिसेणमुणी के०) नंदिषेण मुनि (वेसाए के०) वेश्याना घरने विषे रह्या हता. ॥ ३१ ॥

विशेषार्थ–दिवस दिवस प्रत्ये (हम्मेशां) दश दश पुरुषो ने बोध आपी चारित्र ग्रहण करावनार, श्रीमहावीर स्वामीना हाथथीज दीक्षा

धारण करनार अने श्रेणिक राजाना पुत्र बतां पण श्री नंदिषेण मुनि वेश्याना घरने विषे बार वर्षसुधी रह्या हता. ॥ ३१ ॥

नंदिषेण मुनिनी कथा.

कोइ एक देशमां कोइ ब्राह्मणे यज्ञ करवा मांड्यो अने ते यज्ञमंडपनी रक्षा करवाने माटे तेणे एक चाकर राख्यो. ते चाकर जैनधर्मनो जाण होवाथी तेणे ब्राह्मणने कह्युं के "यज्ञ करतां जे अन्न विगेरे वधे ते जो तमे मने आपो तो हुं यज्ञमंडपनुं रक्षण करवा रहुं" ते वातनी ब्राह्मणे हा कहेवाथी ते त्यां रह्यो. पछी ते यज्ञ करनार ब्राह्मणे वेद जणेला अने यज्ञकर्म कराववामां कुशल एवा ब्राह्मणोने बोलावी मधुपर्क विगेरे यज्ञनुं कर्म करावी हवन विधि करावी अने सेंकमो घमा घृतादि होमाव्युं, हंमेशां ब्राह्मणोने विविध प्रकारनां जोजन जमाडतां जे कांइ बाकी रहे ते यज्ञमंडपनुं रक्षण करनार पेला चाकरने आपे; तेथी ते पण पोताने त्यां वहोरवा माटे आवेला साधुने ते प्रासुक अन्न जाणी जक्तिथी वहोरावे अने योग्य वस्त्रो पण वहोरावे. पछी ते चाकर केटलेक काले आयुष्यनो क्षय करी मृत्यु पामी देवलोकमां देवपणे उतपन्न थयो अने त्यां घणो काल देवसंबंधी जोग जोगव्या पछी प्राशुक अन्नना दानथी श्रेणिकराजाने घेर नंदिषेण नामनो पुत्र थयो. ज्यारे ते अनुक्रमे यौवन अवस्थाने पाम्यो, त्यारे श्रेणिकराजाए तेने रूप अने लावण्यथी जोगववा योग्य शरीरवाली पांचसे कन्याउं परणावी.

हवे एक वनमां कोइ गजेंद्र पांचसे हाथणीउंनी साथे जेम इंद्र स्वर्गनी स्त्रीयोनी साथे क्रीडा करे तेम क्रीडा करतो हतो. एक दिवसे ते गजेंद्र विचार करवा लाग्यो के, "रखे कोइ नवो हाथी जन्म पामी मने मारीने आ यूथनो राजा थाय." एवो वीचार करीने ते हाथणीउंने जे जे पुत्र थाय तेनो तेनो नाश करवा लाग्यो. एवा वखते जे ब्राह्मणे यज्ञ कर्यो हतो, ते ब्राह्मण मरीने हाथणीना उदरमां आव्यो त्यारे हाथणीए विचार कर्यो के. "म्हारे जेटला जेटला पुत्र थया ते सघला आ हाथीए मारी नाख्या छे; तो हवे आ गर्जने कोइ पण उपाय करीने जीवारुं" एवो विचार करीने कपटथी ते पगे लुली थइ. धीमे धीमे चालवा मांड्युं. अने एक दिवस हाथी पासे जाय एक दिवस न जाय एम बे

चार दिवस करीने हाथीने विश्वास उपजाव्यो; कारण के स्त्रीयोए कोने कोने नथी ठेतर्या. एक दिवसे हाथी बीजी हाथणीउंनी साथे घणे दूर क्रीडा करतो हतो अने आ हाथणीने प्रसवनो अवसर होवाथी ते पोताने माथे एक घासनो पूळो मूकी त्यांथी केटलेक दूर तापसोनो आश्रम हतो त्यां आवीने तेणे तापसोने पगे लागी पोतानो नाव जणाव्यो. तापसोए जाण्युं के, "ए आपणे शरणे आवी छे." पछी तापसोए आश्वासन करीने कह्युं के, "आ अमारा स्थानमां तुं निर्जयथी रहे." पछी ते हाथणी पुत्रने जन्म आपी पाछी यूथमां गइ अने एक एक दिवसने आंतरे आवी पुत्रने डुध पान करावी जाय. तापसोए हाथीना बच्चाने पाल्युं अने ज्यारे तापसो आश्रमना वृक्षने पाणी सींचे त्यारे ते बाल हाथी पण सींचवा लागे. ए परथी तापसोए तेनुं नाम सेचनक पाड्युं. पछी अनुक्रमे ते बाल हाथी यौवन अवस्थाने पामी सात हाथ उंचो, नव हाथ लांबो, त्रण हाथ जाडो, न्हानी डोकवालो, पीळां नेत्रवालो, सांते अंगथी सुंदर अने चारसोने चाळीश लक्षण युक्त मदोन्मत्त जद्र जातिना गजेंद्रनी पदवीमां प्राप्त थयो. एवा समयमां हाथणीना परिवारसहित पासेनी नदीमां पाणी पीवा आवेला पोताना पिताने मारीने ते पोते यूथपति थयो. पछी ते यूथपति मनमां विचार करवा लाग्यो के, "जेम म्हारी माताये कपट करीने म्हारा पिताथी गुप्त रीते मने तापसोना आश्रममां राख्यो, तेम म्हाराथी गुप्तरीते कोइ पण हाथणी पोताना पुत्रने राखे तो में जेम म्हारा पिताने मारी नाख्यो तेम ते मने पण मारी नाखे; माटे आ वनमां तापसना आश्रम विगेरे कोइ पण गुप्त स्थानक राखवां नही!" एवो विचार करीने वांदरो जेम पक्षीउंना मालाने जागी नाखे तेम ते तापसोना आश्रमोने तोडी पाडवा लाग्यो. तापसोए त्यांथी नासी श्रेणिक राजा पासे जइने कह्युं के, "हे राजन्! वनमां सर्व लक्षणसंपूर्ण एक सेचनक नामनो हाथी आव्यो छे अने ते अमारा आश्रमोने तोडी पाडे छे." ए वात सांजली श्रेणिक राजा वनमां आव्यो अने पोते क्यारे पण नहीं देखेला एवा सर्व लक्षणसंपूर्ण हाथीने पकडी नगरमां लावी एक महोटा आलान स्तंज साथे बांध्यो. पछी ते हाथी नाश पामेला मछरवाला मनस्वी पुरुषनी पेठे आंखोने

बंध करी शांत थयो. पछी जेउए ते हाथीने पालीने मोटो कर्यो हतो अने जेउना आश्रमोने तेज हाथीए भांगी नाख्या हता, एवा ते तापसो हाथीनी पासे आवी तिरस्कार करी कहेवा लाग्यो के, " हे दुरात्मन्! अमोए त्हारुं पालन कर्युं हतुं अने तने लाड लडाव्यो हतो; ते तुं अमाराज आश्रमने भांगवा लाग्यो. तेनांज तुं आ फल भोगवे छे." एवां तिरस्कारनां वचन सांभली जेना रातां नेत्र थयां छे एवो ते हाथी "आ तापसोना वचनथीज म्हारी आ दशा थइ छे." एम धारी क्रोध करी आलान स्थंभने मूलमांथी उखेडी नाखी, बंधनोने तोडी नाखी, तेज वनमां नासी जइ फरीथी तापसोना आश्रमोने तोडी पाडवा लाग्यो. फरीथी पण तापसोनुं रक्षण करवा माटे अने हाथीने पकडवामाटे श्रेणिकराजा पुत्रोनी साथे हाथी उपर बेसीने वनमां गयो. पण जेम दुष्टश्रुत मंत्रने जाणनारा पुरुषने पण वश थतुं नथी तेम ते हाथी श्रेणिक राजाने अने नंदिषेण विनाना बीजा पुत्रोने वश थयो नहीं. पछी नंदिषेण हाथीने पकडवा माटे गयो. ते वखते नंदिषेणना वचन सांभलीने अने पूर्वना जन्मने संभारीने ते हाथी जाणे भींते चितरेलो होय तेवो गरीब थइ गयो, पछी नंदिषेण कुमार गरीब बकरानी पेठे थइ रहेला ते हाथी उपर बेशीने ज्यारे गाममां आव्यो, त्यारे श्रेणिक राजाए सर्व लक्षण संपूर्ण एवा ते हाथीने युवराजनी पेठे पोताना सर्व हाथीनो राजा ठरावी पट्टाभिषेक कर्यो.

एक वखते ते राजगृह नगरना गुणशिल नामना चैत्यने विषे श्री महावीर स्वामी समवसर्या एटले पुत्र स्त्री विगेरे सहित श्रेणिक राजा त्यां आवी प्रभुने वांदी धर्म सांभलवा आगल बेठो अने कानने विषे अमृतनी सरखी प्रभुनी चार प्रकारनी देशना सांभली तेणे सम्यक्त्व लीधुं. अभयकुमार विगेरे पुत्रोए श्रावकनो धर्म आदर्यो. पछी नंदिषेण पिताने प्रणाम करीने कहेवा लाग्यो के, " हे स्वामिन्! तमे मने आजसुधी पालण करी, परणावीने लाड लडाव्यो छे; तो हवे हुं दीक्षा लइश." एवी रीते माता पिताने आग्रहथी समजावी तेणे बलात्कारे दीक्षा लेवा मांडी एटले आकाशवाणी थइ के, " हे वत्स! भोगावली कर्म भोगव्याविना छूटतुं नथी. त्हारे हजु भोगावली कर्म घणुं बाकी छे.

माटे काल (अवसर) नी वाटजो. कारण के जोगावली कर्मनो क्षय थया पछी दीक्षा लेनारने अंतराय थतो नथी. अत्यारे दीक्षा ग्रहण करवाने मिथ्या उत्साह न कर. अने चारित्रने जंग करनारा जोगावली कर्मनो घरने विषे रहीने नाश कर.!" एवी रीते आकाशवाणीए ना कह्या उतां पण "साधुना मार्गमां रहेला मने जोगावली कर्म शुं करशे ?" एम कर्मनो अनादर करीने श्री वीरप्रजु पासे गयो. प्रजुए पण ना कही तो पण ते पोताना आग्रहथी निवृत्ति पाम्यो नहीं अने हर्षथी दीक्षा धारण करी. पछी महा डुःसह तपे करीने पोताना शरीरने शोषण करवा लाग्यो. जोगनी इछा उत्पन्न थाय तो तेने बलात्कारे रोकीने [1]प्रेतवनमां जइने आतापना करे; तथा विकाररूप अरण्यमां इंड्रियरूप चोरो जो अत्यंत पीडा करे तो ते सहन करी नंदिषेण आत्मघातथी मरवानो विचार करे अने शस्त्रथी शरीरनो नाश करवा मांडे ते वखते जोगावली कर्म शस्त्रने धारविनानुं करे. अग्निमां पडतुं मुकवानुं करे त्यारे अग्निने शीतल करी नाखे. पोताना शरीरने सर्प दंश कराववानुं करे त्यारे सर्पने निर्विष करी नाखे. गले फांसो खावानुं धारे त्यारे दोरडां तूटी जाय. छेवट पर्वत उपर जडीने ऊंपापात करवा तैयार थएला ते नंदिषेणने झाली लइ जोगावली देवीए कह्युं के, "हे वत्स ! तुं आत्मघातरूप निंदित कर्म न कर; कारण के जाग्यमां लखेलुं सारुं अथवा नरसुं कर्म जिनेश्वरोने पण निश्चय जोगववुं पडे छे." पछी कुंडिनपुर नगरमां बठना पारणाने दिवसे ते एकला नंदिषेणे वेश्याने घेर जइने धर्मलाज कह्यो, एटले ते वेश्या हास्यगर्जित वचन बोली के "अमारे धर्मलाज जोतो नथी, पण ड्रव्य लाज जोवे छे." ते वेश्यानां एवां वचन सांजली मुनिए जाण्युं के, "आ वेश्या गर्वना जारथी मने हसे छे." पछी नंदिषेणे उंचे रहेला तृणने खेंच्युं एटले तेमांथी बार क्रोड सोनामहोरनो ढगलो थयो. ते देखीने वेश्या मुनिने पगे पडी अने कहेवा लागी के, " हे नाथ ! आप अनाथ अने अनुरक्त थइ रहेली मने छोडीने जशो नहीं, अहींज रहो." एवां ते वेश्यानां वचन सांजली. आकाशवाणीना वचन संजारी अने पोतानुं जोगावली कर्म उदय आ-

---

१ स्मशान.

ज्युं जाणी नंदीषेणमुनि ते वेश्याने घेर रह्या, पण तेमणे एवी प्रतिज्ञा लीधी के "जे दिवस हुं दश अथवा तेथी वधारे जीवोने प्रतिबोध नहीं पमाडुं ते दिवस हुं दीक्षा लइश. पछी ते दिवस दिवस प्रत्ये दश दश जीवोने प्रतिबोध पमाडीने जमे अने विविध प्रकारना जोग जोगवे. एम करतां करतां जेनुं जोगावली कर्म क्षय थयुं छे एवा ते नंदिषेण एक दिवसे नव जीवोने प्रतिबोध पमाडी दशमो टक देशनो सोनी आव्यो हतो तेने बोध पमाडता हता पण ते बोध पामतो न होतो. एवामां जेणे रसोइ तैयार करी हती एवी वेश्याए नंदिषेणने जमवा माटे बोलाव्या; परंतु पोतानो अभिग्रह पूर्ण न थवाथी नंदिषेण जमवा माटे उठ्या नहीं अने ते सोनी पण बोध पाम्यो नहीं. वेश्या वारंवार बोलाववा लागी त्यारे नंदिषेणे कह्युं के "में नव जीवने प्रतिबोध पमाड्या छे पण दशमो जीव प्रतिबोध पामतो नथी." त्यारे वेश्याए कह्युं के, "आज दशमा तमेज थइने बोध पामो." एवां वेश्यानां वचन सांजली नंदिषेण मुनि फरीथी श्री महावीर स्वामी पासे गया. पछी आलोचना लेइ चारित्रने धारण करी परिसहोने सहन करता ते नंदिषेण मुनि काल धर्म पामी देवलोकमां गया. विष सरखा विषयो एवा सत्पुषोने पण पोताने वश करे छे तो पछी बीजाउने वश करे एमां तो शुं कहेवुं. इति नंदिषेण मुनिनी कथा समाप्त.

हवे तेज जवमां सिद्धि पामनाराउने पण विषयनुं दुर्जयपणुं कहेछे.

यदुनंदनः महात्मा जिनभ्राता व्रतधरः चरमदेहः
जउनंदणो महप्पा, जिणभाया वयधरो चरमदेहो ॥
रथनेमिः राजीमत्यां रागमतिः चकार धिक् विषयाः
रहनेमी राइमइ, रायमइ कासि ही विसया ॥ ३७ ॥

शब्दार्थ—(जउनंदणो के०) यादवना पुत्र एवा, तथा (महप्पा के०) महात्मा एटले शांत थयुं छे चित्त जेमनुं एवा, तथा (जिणभाया के०) जिनेश्वर एवा श्री नेमिनाथना न्हाना जाइ, (वयधरो के०) व्रतधारी अने (चरमदेहो के०) चरम एटले छेल्लो छे देह जेमनो अ-

र्थात् तेज जवने विषे मोक्ष जनारा एवा (रहनेमी के०) रथनेमी, तेमणे पण (राइमई के०) राजीमतीने विषे (रायमई के०) रागमतिने एटले प्रीतियुक्त मतिने (कासी के०) करी. ते कारण माटे हे जव्य जीवो ! (विसया के०) विशय जे ठे ते (ही के०) धिक्कार करवा योग्य ठे. ॥ ३१ ॥

विशेषार्थ– यादव कुलमां उत्पन्न थएला समुद्रविजय राजाना पुत्र, महात्मा (शांत चित्तवान्) श्री नेमिनाथ स्वामीना न्हाना जाइ, व्रतधारी अने तेज जवने विषे मोक्ष जनारा एवा रथनेमिए उग्रसेन राजानी पुत्री राजीमतीने विषे रागमति करी. अर्थात् जे विषयोए एवा समर्थ रथनेमिने विकारपणुं पमाड्या ते विषयोने जितवा कोण समर्थ ठे ? ते कारण माटे हे जव्य प्राणिउं ! विषयो धिक्कार करवा योग्य ठे. ॥३१॥

रथनेमिनी कथा.

ज्यारे बावीशमा तीर्थंकर श्रीनेमिश्वर जगवाने राज्यने अने राजीमतिने त्याग करी गीरनार पर्वत उपर जइ दीक्षा लीधी त्यारे तेमना न्हाना जाइ रथनेमि राजीमतिनी साथे पाणीग्रहण (विवाह) करवानी इछाथी तेने वस्त्र, अलंकार अने खावाना पदार्थोनी जेटो मोकलवा लाग्या. तेने ते राजीमती निर्विकारपणाथी (तेना जाइए दीक्षा लीधी माटे हुं अनाथ थइ्हुं, तेथी म्हारा उपर दयाथी आ पदार्थो मोकले ठे, एवा वीचारथी) ग्रहण करवा लागी.

एक दिवसे विवाहनी इछाथी रथनेमिए राजीमतीने कह्युं के "म्हारा मोटा जाइ नेमिश्वरे गीरनार पर्वत उपर दीक्षा लीधी ठे, तो तुं हवे म्हारी साथे विवाह कर." रथनेमिनां एवां वचन सांजली अने तेना मननो जाव जाणीने राजीमतीए तेने बोध करवाने माटे खीर अने खांम खाधी. पठी मदन फल सुंघी उलटी करीने रथनेमिने कह्युं के, "आ खाउ.?" त्यारे तेणे क्रोध करीने कह्युं के, "अरे ! हुं शुं कुतरो बुं के व्हारा उकेला पदार्थने खाउं !" राजीमतीए कह्युं. "त्यारे तमारा म्होटा जाइए आठ जव सूधी मारो अंगीकार कर्यो अने आ नवमा जवमां तेमणे मने उंकेला पदार्थनी पेठे तजी दीधी ठे, ते मने तमे जोगववानी केम इछा करो ठो ? हुं तमारी इछा करती नथी, कारण के

हाथीने त्याग करी गधेडा उपर कोण बेसे ? अने रत्नने त्याग करी काचने कोण ग्रहण करे ? वली हुं एवी इछा करुं छुं के, बीजा जन्मने विषे पण म्हारे नेमीश्वर विना बीजो पति थशो नहि." एवां वचने करी रथनेमिने बोध पमाडीने जेने केवलज्ञान उत्पन्न थयुं हतुं एवा श्रीनेमीश्वर जगवान पासे राजीमती दीक्षा लइ विहार करवा लागी.

एक दिवसे नेमीश्वर विहार करतां करतां गीरनार पर्वत उपर गया. ते वखते प्रजुने वांदवामाटे द्वारकाथी कृष्ण विगेरे आव्या तेमनी साथे रथनेमि पण आव्या. तेमणे संसारथी वैराग्य उत्पन्न करनारी प्रजुनी धर्मदेशना सांजली श्री जीनेश्वर पासे चारित्र धारण कर्युं. एक दिवस नेमीश्वरने वंदना करी रथनेमि जता हता, तेवामां रस्ते वरसाद थवाथी ते एक गुफामां उजा रह्या ते वखते नेमीश्वरने वांदवाने माटे राजीमति आवती हती, ते पण वरसाद थवाथी जे गुफामां रथनेमि उजा रह्या हता, तेज गुहामां अंधकारथी रथनेमिने न जाणती ठती पेठी अने तेणे पोताना जीनां थयेलां सर्व वस्त्रो काढीने सूकव्यां. पछी स्वर्ग प्राप्त करवाने माटे तप करती अने वस्त्ररहित एवी राजीमतीने देखी कामांध थयेला ते रथनेमि क्षणमात्र आकुलव्याकुल थइने विचार करवा लाग्या के, "जेनामां सर्व जगतनुं सौंदर्यपणुं प्राप्त थएलुं ठे एवी आ मृगना सरखा नेत्रवाली राजीमतीने में एक वखत पण जोगवी नथी, तो म्हारा निरर्थक जन्मने धीक्कार ठे." आवी रीते विचार करता एवा रथनेमिने जाणे तेमना म्होटा जाइनुं वेर लेवामाटे होयनी ? तेम कामदेवे मर्मस्थानमां एवो प्रहार कर्यो के जेथी ते पोतानुं सघलुं जान जूली जवाथी धिमे धिमे गुप्तरीते राजीमति पासे आवीने बोली उठ्या के "हे जद्रे ! आव, आव, आपणे जन्म सफल करीये अने आपणे बन्नेजणा ठेवट चारित्र लइ तपोविधि आचरशुं." एवी रीते उचिंता रथनेमिनां वचन सांजली तरतज सूकवेलां वस्त्र पहेरीने ते सतीए धीरजपणाने धारण करी रथनेमिने कह्युं. "हे महानुजाव ! जवना कारणरूप आ वेग तने क्यांथी उत्पन्न थयो ? अने तें दीक्षा धारण करती वखते जे प्रतिज्ञाउ लीधी ठे तेनुं तुं स्मरण कर. कह्युं ठे के— तपस्वीनी हेलना करवाथी, धर्मनो उड्डाह अथवा विघात करवाथी

अने देव द्रव्यनो विनाश करवाथी बोधीनो घात थाय छे. प्रथम ग्रहस्थावस्थाने विषे में ह्हारो आदर कस्यो नथी तो आ व्रतने विषे हुं त्हारो शी रीते आदर करीश.

वली हे साधो ! हुं जोगकुलने विषे उत्पन्न थइ छुं अने तुं अंधक वृष्णिकुलमां थयो छे; माटे आ अयोग्य कार्य आपणी लाजने नाश करनारुं छे. वली अगंधन कुलमां थएला तिर्यंच जातिना सर्पो अग्निमां बली मरवुं कबूल करे पण वमेला विषने चूसी लेता नथी तो पछी तेवा पदार्थने त्हारीथी शी रीते जोगवाय, माटे अखंडित ब्रह्मचर्य व्रत पाली कलंकविना रहेवुं एज जीवीतनुं सफलपणुं जाण. जेउए ब्रह्मचर्य व्रत खंडन कर्युं छे एवा पुरुषोना जीवीतने धीक्कार छे. हे साधु ! स्त्रीउए करीने जरपूर एवा आ लोकमां जो त्हारुं चित्त स्थीर नथी तो तुं वायुए उखेडी नाखेला वृक्षनी पेठे कोइ ठेकाणे स्थीर थइश नहीं, माटे धारेला व्रतने नाश न करतां धीरपणाने धारण करी शुद्ध धर्मनुं आचरण कर." एवी रीते कामदेवना उन्मादरूप गर्वने धारण करनारा सर्पना विषने उतारी नांखवाने जांगुली औषधी समान राजीमतीनी वाणीने सांजलीने रथनेमी कहेवा लाग्या के, "गुणनी संपतिना स्थानरूप आ स्त्रीजातिने धन्य छे ! अने कुकर्मरूप समुद्रने विषे बुडेला पुरुष जातिरूप मने धिक्कार छे !! अहो आ महासती स्त्रीना धीरजपणाने धन्य छे ! कारण के जेणे मने पूर्वावस्थाने विषे अने आ अवस्थाने विषे लघुताना कारणरूप तथा अंध कुवामां पडवाना कारणरूप निंद्य कर्म थकी दूर कर्यो छे. आज स्त्री निस्संशय मारो गुरु अने बंधु छे" एम कहीने धन्यात्मारूप ते राजमतीने धन्यवाद आपी रथनेमि नेमीश्वर पासे जइ आलोचना लइ, गाढ तपश्र्या करी चारशे वर्ष गृहावासमां एक वर्ष छद्मस्थपणुं अने पांचशे वर्षसुधी केवल पर्याय एम एकंदर नवशे ने एक वर्षनुं आयुष्य पाली बाकीनां घातिकर्म खपावी शुद्धात्मा रथनेमि मोक्ष पाम्या. इति रथनेमिनी कथा.

मदनपवनेन यदि तादृशा अपि सुरशैलनिश्चलाः चलिताः

मयण²पवणेण जइ¹ ता–रिसा⁴वि सुरसेल³निच्चला चलिया ॥

ततः पक्कपत्रसदृशानां इतरसत्वानां का वार्त्ता

तां पक्कपत्तसँरिसा--ण इयरसंत्ताण का वत्ता ॥ ३३ ॥

शब्दार्थ– हे भव्यजीवो! (जइ के०) जो (मयणपवणेण के०) कामदेवरूप पवने करीने (सुरसेल के०) मेरुपर्वत सरखा (निच्चला के०) अतिशय निश्चय एवा (तारिसावि के०) ते आर्द्रकुमार, नंदिषेण अने रथनेमि सरखा पुरुषो पण (चलिया के०) चलायमान थया; (ता के०) तो (पक्कपत्तसरिसाण के०) पाका पांदडा सरखा एवा (इयरसत्ताण के०) बीजा प्राणिर्जनी (का वत्ता के०) शी वात? अर्थात् मेरुपर्वत सरखा धीर पुरुषोने पण कामदेवे चलाव्या छे, तो बीजा अधीर पुरुषो चलायमान थाय तेमां तो कहेवुंज शुं? ॥ ३३ ॥

विशेषार्थ– हे भव्यजनो! जो कामदेवरूप पवने मेरुपर्वत सरखा अतिशय निश्चल एवा आर्द्रकुमार नंदिषेण अने रथनेमि सरखा पुरुषो चलायमान थया तो पछी पाका पांदडां सरखा बीजा सामान्य प्राणिर्ज चलायमान थाय तेमां शुं आश्चर्य? ॥ ३३ ॥

हवे कामनुं दुर्जयपणुं कहेछे.

जीयंते सुखनैव हरिकरिसर्पादयः महाक्रूराः

जिप्पंति सुहेणंचिय, हरिकरिसप्पाइणो महाकूरा ॥

एकएव दुर्जयः कामः कृतशिवसुखविरामः

इक्कुंचिय दुज्जेउ, कामो कयसिवसुहविरामो ॥ ३४ ॥

शब्दार्थ– जे महासुभटोए (महाकूरा के०) महाक्रूर एवा (हरिकरिसप्पाइणो के०) सिंह, हस्ति अने सर्पादिक प्राणिर्ज (सुहेणंचिय के०) सुखे करीनेज (जिप्पंति के०) जीताय छे, परंतु तेवा पुरुषोए (इक्कुच्चिय के०) एकलो एवो अने (कयसिवसुहविरामो के०) कर्यो छे मोक्ष सुखनो नाश जेणे एवो (कामो के०) कामदेव छे, तेज (दुज्जेउ के०) दुःखे करीने पण जीती शकायो नथी. ॥ ३४ ॥

विशेषार्थ– महा सुभट पुरुषो, दुष्ट हृदयवाला सिंहने, हस्तिने अने सर्प विगेरे क्रूर जीवोने तेना ते ते उपाये करीने पोताने वश्य करे छे, परंतु मोक्षसुखनो नाश करनार एक कामदेवने जीती शकता नथी. कह्युं

छे के–मदोन्मत्त हस्तिना कुंजस्थलने दली नाखनारा, उग्र सिंहने दमन करवामां चतुर एवा शूरवीर पुरुषो पृथ्विमां घणा छे. परंतु कृतार्थ माननाराउंमां कामदेवना गर्वने दलन करनारा वीर पुरुषो थोडा होय छे. ॥३४॥

हवे कामने जीतनार पुरुषने वर्णवे छे.

त्रिभुवनविनयनोद्भटप्रतापप्रकटोऽपि विषमशरवीरः
तिहुअणजगडणउप्पर्ड-पयावपयडोवि विसमसरवीरो ॥
यै जितः लीलया नमोनमः तेभ्यः धीरेभ्यः
जेहिं जिउ लिलाए, नमोनमो ताण धीराणं ॥ ३५ ॥

शब्दार्थ– (जेहिं के०) जे महात्माए (तिहुअण के०) त्रिभुवन एटले स्वर्ग, मृत्यु अने पातालवासी जनोने (जगडणउप्परुपयावपयडोवि के०) वश्य करवाना बलना माहात्म्ये करीने व्याप्त (विसमसरवीरो के०) तीक्ष्ण बाणे करीने वीर एवा कामदेवने (लिलाए के०) लीलाए करी (जिउ के०) जीत्यो छे, (ताण के०) ते (धीराणं के०) धीर पुरुषोने (नमोनमो के०) नमस्कार थाउ नमस्कार थाउ. ॥ ३५ ॥

विशेषार्थ– जे जितेंद्रिय महात्माउए स्वर्ग, मृत्यु अने पातालवासी जनोने वश्य करवाना प्राक्रम वाला अने तीक्ष्ण बाणे करीने वीर एवा कामदेवने रमतनी पेठे (मश्करीथी) जीती लीधो छे, ते धीर पुरुषोने अमारो नमस्कार थाउ ! अर्थात् जेउए पोताना आत्माने वश्य करेलो छे तेउ नमस्कार करवायोग्य छे. कारण के तेउ धीर अने वखाणवायोग्य छे. वीर विद्यावडे बलवान् होय छे अने ते छले करीने कामदेवने जीती लहे छे. तेना सरखो कामदेव पण पिशाचनी पेठे बीजाने छेतरे छे. कह्युं के– मध्यत्रिवलीत्रिपथे, पीवरकुचचत्वरे च तरलदृशि॥ छलयति मदनपिशाचः पुरुषं हि मनागपिस्खलितं ॥ मध्यत्रीवली रूप त्रण शेरीवाली, पुष्टस्तनरूप चोकवाली स्त्रीउने विषे जरा पण खलता पामेला पुरुषने कामदेवरूप पिशाच छेतरे छे. ॥ ३५ ॥

हवे शीलथी जश पण पमाय छे ते कहेछे.

निजशीलवहनघनसारपरिमलेन अशेषभुवनतलं
नियसीलवहणघणसा–रपरिमलेणं असेसभुवणयलं ॥

सुरभीक्रियते यैः इमं नमोनमः तेभ्यः पुरुषेभ्यः
सुरहिज्जइ जेहिं इमं, नमोनमो ताण पुरिसाणं ॥ ३६ ॥

शब्दार्थ– (जेहिं के०) जे पुरुषोए (नियसील के०) पोताना शीलने (वहण के०) धारण करवारूप (घणसार के०) कर्पूरना (परिमलेणं के०) सुगंधे करीने (इमं के०) आ (असेसजुवणयलं के०) समस्त पृथ्वितलने (सुरहिज्जइ के०) सुगंधवालुं कराय छे, अर्थात् कर्खुं छे. (ताण पुरिसाणं के०) ते शीलवंत पुरुषोने (नमो नमो के०) नमस्कार थाउ नमस्कार थाउ. ॥ ३५ ॥

विशेषार्थ– जे पुरुषोए पोते धारण करेला शीलरूप घणा कर्पूरना सुगंधे करीने आ समस्त पृथ्वीतलने सुगंधवालुं कर्खुं छे, ते शीलवंत पुरुषोने अमारो नमस्कार थाउ. ॥ ३५ ॥

हवे शीलव्रतनी विशेष दुर्जयता कहेछे.

रमणीकटाक्षविक्षेपतीक्ष्णबाणैः शीलसंनाहः
रमणीकरककविक्के-वतिरकबाणेहिं सीलसन्नाहो ॥
येषां गतः न भेदं नमोनमः तेभ्यः सुभटेभ्यः
जेसिं गउ न भेयं, नमोनमो ताण सुहडाणं ॥ ३७ ॥

शब्दार्थ– (जेसिं के०) जे पुरुषोनुं (सील सन्नाहो के०) शीलव्रतरूपी कवच (बखतर) जे छे ते (रमणीकरक के०) स्त्रीउए पोताना कटाक्षरूप (विक्केवतिरकबाणेहिं के०) फेंकेला तीक्ष्ण बाणे करीने (भेयं के०) भेदने (न गउ के०) नथी पाम्युं अर्थात् नथी त्रुटी गयुं. (ताण के०) ते शीलव्रत धारण करनारा (सुहडाणं के.) सुभटोने (नमो नमो के०)नमस्कार थाउ नमस्कार थाउ ॥ ३७ ॥

विशेषार्थ– जे पुरुषोनुं शीलरूपी कवच (बखतर) स्त्रीउए फेंकेला कटाक्षरूप तीक्ष्ण बाणोए करीने भेदायुं नथी, ते सुभट पुरुषोने अमारो नमस्कार थाउ. कह्युं छे के–(शार्दूलक्रीडितवृत्तम्) कोर्थान् प्राप्य न गर्वितो विषयिणः कस्यापदोऽस्तं गता, स्त्रीभिः कस्य न खंडितं भुवि मनः को नाम राज्ञां प्रियः॥ कः कालऽस्य न गोचरांतरगतः कोर्थी गतो गौरवं, को वा दुर्जनवागुरासु पतितः क्षेमेण यातः पुमान् ॥ १ ॥ अर्थः– कया पुरुषे

द्रव्य पामीने गर्व नथी कर्यो ? कयो विषयी पुरुष आपत्तिने नथी पाम्यो ? स्त्रीउए पृथ्विमां कोनुं मन खंमित नथी कर्युं ? राजाउने कोण प्रिय छे ? कालना कबजामां कोण नथी आव्यो ? कयो अर्थि गौरवपणाने पामेलो छे ? अने दुर्जनना पासमां पडेलो कयो पुरुष कुशले पाछो आव्यो छे ? अर्थात् सर्वे पुरुषोए द्रव्य पामीने गर्व कर्यो छे, सर्वे विषयी पुरुषो अपत्तिने पामेला छे, स्त्रीउए सर्वेनां मन खंमित करेलां छे, राजाने कोइ प्रिय होतुं नथी, कालना कबजामां सर्वे आवेला छे, कोइ अर्थि गौरवपणाने पामेलो नथी अने दुर्जनना पासमां पडेलो कोइ पुरुष कुशले पाछो आव्यो नथी. ॥ ३७ ॥

हवे तेज वातने दृष्टांते करीने दृढ करे छे.

नृपसुता निजरूपापहस्तिताशेषसुंदरीवर्गा

निवधूआ नियरूवा–वहत्थिआसेससुंदरीवग्गा ॥

घनसौभाग्या निरुपमप्रेमा लावण्यरुचिरम्या

घनसोहग्गा निरुवम–पिम्मा लायन्नरुइरम्मा ॥ ३८ ॥

जराजर्जरितस्थविरा इव परिहृता येन नेमिनाथेन

जरजज्जरथेरी इव, परिहरिया जेण नेमिनाहेण ॥

ब्रह्मव्रतधारिणां प्रथमोदाहरणं एषः जगति

बंभव्वयधारीणं, पढमोदाहरण–मेसे जए ॥ ३९ ॥ युग्मम् ॥

शब्दार्थ– (जेण नेमिनाहेण के०) जे नेमिनाथ भगवाने (नियरूवावहत्थिआ के०) पोताना रूपे करीने जीत्यो छे (असेस सुंदरीवग्गा के०) समस्त सुंदरीउनो समूह जेणे एवी, तथा (घणसोहग्गा के०) म्होटुं छे सौभाग्य जेनुं एवी, तथा (निरुवमपिम्मा के०) उपमारहित छे प्रेम जेनो एवी, अने (लायन्नरुइरम्मा के०) लावण्य एटले सौंदर्य तेनी रुचि जे कांति, तेणे करीने रम्या एटले मनोहर एवी (निवधूआ के०) राजानी पुत्री जे (पोतानी स्त्री) राजीमती छे, ते (जरजज्जरथेरीइव के०) जाणे वृद्धावस्थाने पामी नहि होय शुं ? एम जाणीने (परिहरिया के०) त्याग करी. ते कारण माटे (जए के०) आ जगतने विषे (एस के०) एज श्री नेमिनाथ भगवान (बंभवयधारीणं के०) ब्रह्मचर्य

व्रत धारण करनारा पुरुषोनी मध्ये (पढम के०) प्रथम (उदाहरणं के०) उदाहरण एटले दृष्टांतरूप थया बे. ॥ ३८ ॥ ३९ ॥

विशेषार्थ– जे बावीशमा तीर्थंकर श्री नेमिनाथ ज्ञगवाने पोताना रूपथी समस्त सुंदरीवर्गोने जीतनारी, म्होटा सौज्ञाग्यवाली, उपमारहितप्रेमवाली, सौंदर्यनीकांतिथी मनोहर अने उग्रसेन राजा पुत्री एवी पोतानी स्त्री राजीमतीने जाणे वृद्धावस्था पामवाथी शिथिल अंगवाली थइ होय नहि शुं ! एम मानीने त्याग करी. ते कारण माटे आ जगत्‌ने विषे एज श्री नेमिनाथ ज्ञगवाननुं चरित्र शीलव्रत धारण करनारा पुरुषोने प्रथम दृष्टांतरूप थयुं. कह्युं बे के, तावदेव चलत्यर्थो, मंतुर्विषयमागतः ॥ यावन्नोत्तंज्ञकेनैव, दृष्टांतेनावलंब्यते ॥ जाणनार पुरुषना ध्यानमां आवेलो अर्थ पण ज्यां सुधी दृष्टांतथी दृढ करायो नथी, त्यांसुधी चाल्यो जाय बे. ॥ ३८ ॥ ३९ ॥

श्री नेमिनाथना नवज्ञवनी कथा.

जेमना नवज्ञवनुं चरित्र नव रसरूप अमृतथी पुष्ट थइ नमन करता एवा ज्ञव्य जीवोने प्रकार करे बे, ते श्री नेमिनाथ प्रज्ञु शांतिने अर्थे थाउ. असंख्य द्वीपोमां दीवासरखा आ जंबूद्वीपने विषे सर्व संपत्तिना खेत्र सरखुं ज्ञरत नामनुं क्षेत्र बे. जे ज्ञरतक्षेत्रने विषे लक्ष्मीए पोतानो चंचल स्वज्ञाव त्याग करीने स्थीरपणाथी निवास कर्यो बे; ते ज्ञरतक्षेत्रमां अचलपुर नामना नगरने विषे महा पराक्रमी विक्रम नामनो राजा राज्य करतो हतो. लक्ष्मी ते राजाने पामीने हरिना सरखुं सौज्ञाग्य ज्ञोगवती हती. ते राजाने शुद्ध पांखवाली हंसलीना सरखी धारणी नामनी स्त्री हती. एक दिवसे ते स्त्रीये पाबली रात्रीए स्वप्नामां एक आंबानुं वृक्ष दीठुं. पबी कोइ एक दिव्य पुरुषे आवीने ते वृक्षने ते स्त्रीना आंगणामां रोप्युं अने कह्युं के, " आ वृक्षने हुं वारंवार नववार रोपीश अने ते वृक्षने उत्तरोत्तर सारां सारां फलो थशे. वली आ वृक्षने हुं त्हारा आंगणामां पहेलीवारज रोपुं बुं." एम कहीने ते पुरुष चाल्यो गयो. पबी धारणीये सवारे जागीने स्वप्नानी वात राजाने कही. राजाए स्वप्नने जाणनारा जोशीउने बोलावी स्वप्नानी वात कही एटले जोशीए कह्युं के, " हे राजन् ! पुत्रनी प्राप्ति रूप महाफलने आपनारुं आ स्वप्न बे, परंतु

नववार सहकार वृक्षने रोपवानुं फल तो अमे शास्त्रथी पण जाणी शकता नथी, ते तो ज्ञानी जाणे." पछी केटलेक दिवसे हर्ष सहित धारणीने गर्भ रह्यो अने दशमास पूरा थया त्यारे शुभ दिवसने विषे कवि जेम सत्काव्यने जन्म आपे तेम धारणीये पुत्रने जन्म आप्यो. हर्ष पामेला विक्रम राजाए बंधीवानोने छोडी मूकी अने अनेक प्रकारना दान आपी दश दिवस सुधी पुत्रना जन्मनो महोत्सव कर्यो. तथा बारमे दिवसे पोताना वंशना माणसोने वस्त्र विगेरेनी भेटो आपी अने पुत्रनुं धनकुमार एवुं नाम पाड्युं. पछी कलाये करीने अने अवस्थाये करीने अनुक्रमे वृद्धिपामतो ते धनकुमार स्त्रीउने मोह पमाडनार अने रतिने क्रीडा करवाना स्थान रूप यौवन अवस्थामां आवी पहोच्यो."

हवे ते समयमां कुसुमपुर नगरने विषे राजसिंह नामनो राजा राज्य करतो हतो. तेने निर्मल मनवाली विमला नामनी राणी हती. तेने मनुष्यवर्गना पापने नाश करनारी अने आकाशमांथी उतरेली जाणे गंगा होय नहीं शुं? एवी उत्तम लक्षणवाली रती तथा कामदेवने जीतवाने माटे तीक्ष्ण भ्रकुटीरूप धनुष्यने धारण करनारी अने प्रकासीत चंद्रना सरखा मुखवाली मनोहर धनवती नामनी पुत्री हती. ज्यारे ते कुमारी यौवन अवस्थामां त्यारे एक दिवस ते पोतानी सखीयो साथे बगीचामां जइ लक्ष्मी जेम कमलना वनमां रमे तेम रमवा लागी अने भ्रमरीनी पेठे अशोकवृक्षनी नीचे भमवा लागी. त्यां तेणे जेना हाथमां चितरेली मूर्तिनो पट रहेलो हतो एवा कोइ एक पुरुषने दीठो; तेथी ते तेने पूछवा लागी के, "तुं कोण छुं?" एटलामां तो ते धनवतीनी सखी कमलीनीये ते पुरुषना हाथमांथी चितरेलो पट झडपथी लइ लीधो. पछी ते छबीने जोइ कमलिनी कहेवा लागी के, "देवता, मनुष्य अने राजाउमां कोइनुं आवुं उत्तम मनोहर रूप नथी, माटे आ छबी चीतरनारे कोइने जोइने चीतरी नथी, पण पोतानी मरजी प्रमाणे चितरेली छे. अहो! नेत्रने अमृतना सरखा आ रूपने धन्य छे; के जे रूप सामान्य ब्रह्माने करवुं मुश्केल थयुं हशे!" एवां कमलीनीनां वचनने सांभलीने ते पुरुष हास्य सहित आश्चर्य कारी वचन बोल्यो के, "आ कोइ देव नथी; दानव नथी; पण धनकुंमार छे. अने तेनुं आ तो एक साधारण रूप में

चितर्युं छे, कारण के, तेनुं बराबर रूप चितरवाने कोइ शक्तिमान थाय तेम नथी; माटे में मारी शक्तीप्रमाणे जेवुं दीठुं तेवुं चितर्युं छे." एवां ते माणसनां वचन सांजलीने कमलिनीए फरीथी पूछ्युं के, "ते धनकुमार कोण छे?" त्यारे ते पुरुषे कह्युं. "अचलपुर नगरना राजा विक्रमनो ए पुत्र छे." एवां ते माणसनां वचन सांजलीने अने ते चितरेली मूर्तिने जोइने तथा तेना गुणोने सांजलीने धनवती तेज क्षणे मूर्छा पामवानी पेठे वारंवार ते धनकुमारनी मूर्तिने जोवा लागी अने कहेवा लागी के, "आवुं स्वरूप में क्यारे पण दीठुं नथी." पछी ते धनकुमारने विषे तृष्णातुर थयेली धनवती विषनी पेठे ते बगीचाने त्यजी दइ कमलिनी साथे घेर आवी.

एक दिवस जेनुं चित्त धनने विषे चोटेलुं छे अने जेने बेसवामां, सूवामां, फरवामां, खावामां, दिवसे, रात्रीये के कोइ वखते पण सुख पडतुं नथी एवी ते धनवतीने तेनी सखी कमलिनीए एकांतमां पूछ्युं के, "हे राजपुत्री! तुं कृष्णपक्षना चंद्रनी कलानी पेठे दिवसे दिवसे क्षीण केम थाय छे?" धनवतीए कह्युं "हे तन्वी! शुं तुं नथी जाणती? के आपणे बगीचामां गया हता, त्यां विक्रमराजाना पुत्र धनकुमारनी छबी जोइ छे." एटलुं कहीने धनवतीए नीचुं मुख कर्युं, एटले कमलिनीये जाण्युं के, "ते धनकुमारनी चिंता करे छे." पछी कमलिनीये कह्युं के, "हे राजपुत्री! धीरज धारण कर, सौ सारुं थशे." एक दिवसे वस्त्र अलंकार विगेरेने पहेरीने धनवती पिताने पगे लागवा गइ. ते वखते राजसिंह राजा पुत्रीने जोइ तेना वरने खोलवानी चिंता रूप समुद्रमां डुबवा लाग्यो, पण जाग्यवाला पुरुषोना चिंतवेलां कार्यो तुरत फली जूत थाय छे. एम ते वखते कोइ कामने माटे विक्रमराजाए मोकलेलो दूत राजसिंहराजानी कचेरीमां आव्यो अने राजकार्य संबंधी वात करी रह्या पछी ते एक बाजुए उजो रह्यो. पछी राजसिंह राजाए ते दूतने पूछ्युं के, "तें पृथ्वीमां कांइ आश्चर्यनी वात सांजली छे?" दूते कह्युं. "हे महाराज! विक्रमराजा रूप समुद्रमांथी त्रण लोकने वखाणवा योग्य धनरूप कौस्तुजमणि रत्न उत्पन्न थयुं छे; माटे ते धनने अने आपनी पुत्री धनवतीनो जो विवाह थाय तो तेना जेवुं बीजुं कांइ आश्चर्य नथी अने

तेथी करेलो प्रयास पण सफल थशे." एवां दूतनां वचन सांजली राजसिंह राजाए दूतने कह्युं के, "हे दूत! तें म्हारा मननी वात जाणी; माटे तने धन्य बे." एम कहीने फरीथी कह्युं के, " तुं विक्रम राजा पासे जइने तेप्रमाणे वात कर." इच्छित वरप्राप्तिने सूचवनारी आ वात धनवतीये पोतानी सखीना मुखथी सांजली पण मानी नहीं, तेथी सखीने मोकलीने ते दूतने पोतानी पासे बोलावीने पूब्युं, त्यारे दूते राजानी आगल थयेली सर्व वात कही, तेथी धनवती घणो हर्ष पामी. पबी तेणे कंकुना रसथी एक कंकोत्री लखी दूतने आपी अने कह्युं के " आ कंकोत्री धनकुमारने आपजो." एम कहीने तेने रजा आपी. पबी ते दूत घणो हर्ष पामतो अचलपुर नगरमां आव्यो अने सजामां बेठेला विक्रमराजाने नमीने कह्युं के, " महाराज! राजसिंह राजा कुशल बे अने तेमणे तमारा पुत्र धनकुमारने पोतानी पुत्री धनवती आपवाने कह्युं बे, माटे हे राजन्! तमारो अने राजसिंह राजानो पुत्रना संबंधथी थयेलो स्नेह वृद्धि पामो." ते वात विक्रमराजाए कबुल करी एटले ते दूते धनकुमार पासे आवी धनवतीये आपेलो मूर्तिवंत स्नेहरूप पत्र तेने आप्यो. पबी जेटलामां धनकुमार पोते ते पत्रने उघाडीने वांचवा लाग्यो तेटलामां तो ते कामदेवना बाणे करीने वींधाइ गयो अने मोहथी बोलवा लाग्यो के, " हे अनंग! तें मने जित्यो बे; माटे हवे तुं पुष्परूप बाणनो मने प्रहार न कर." आ प्रमाणे बोलता ते धनकुमारे मोतीनो एक हार अने पत्र ते दूतने आप्यां अने कह्युं के, "आ पत्र अने हार धनवतीने आपी आव्य" दूत पाबो कुसमपुर नगरमां राजसिंह राजा पासे आव्यो अने तेणे विक्रमराजाए संबंधनी हा कहेवानी वात कही. पबी ते दूत धनवती पासे आव्यो अने धनकुमारे आपेलो हार अने पत्र आप्यां. एटले धनवतीये एकांतमां जइने पत्र वांच्यो अने हाररूप धनकुमारना गुणोने जाणे धारण करती होयनी? एम कंठमां धारण कर्यो. पबी राजसिंह राजा, पोतानी पुत्री धनवतीने उत्तम दिवसे धनकुमार साथे परणावीने पोताना जन्मनुं कृतार्थपणुं मानवा लाग्यो.

एक दिवसे बगीचामां आवेला वसुंधर नामना आचार्यने जाणीने विक्रम राजा परीवार सहित तेमने वांदवा गयो. त्यां धर्मोपदेश सांजली

राजाए मुनिने पूछ्युं के, " हे महाराज ! आ धनकुमारनी माने एक स्वप्नुं आव्युं हतुं; तेमां नववार सहकारनुं वृक्ष रोपवानुं कोइ पुरुषे कह्युं हतुं. अने तेज वखते पहेलीवार रोप्युं हतुं ते शुं ?" राजानां एवां वचन सांभली वसुंधराचार्यें नेमिनाथना नव भवनुं स्वरूप कह्युं. मुनिनां वचन सांभली अने जिनमतनेविषे स्थीरता पामी राजा विगेरे सर्वे माणसो पोत पोताने घरे गया. पछी एक दिवसे धनवती अने धनकुमार क्रीडा करवाने माटे बगीचामां गया. त्यां तेमणे कोइ मूर्छाथी अचेतन थएला साधुपुरुषने दीठा; एटले तेमने शीतल जल अने वायुना उपचारथी सचेत कीधा अने पछी ते महात्मा पासेथी धर्मोपदेश सांभली तेमने पोताने घेर एक माससुधी प्रासुक खीरनुं भोजन आपीने राख्या. पछी धनकुमारे ते साधुने पूछ्युं के, " हे महाराज ! तमे बगीचामां अचेतन थइने पड्या हता; तेनुं शुं कारण हतुं ? " मुनिए कह्युं " हे राजकुमार ! मारुं नाम मुनिचंद्र छे. हुं बीजा साधुओनी साथे आवतां मार्गमां भूलो पड्यो अने तृषा बहु लागवाथी अचेतन थइ पड्यो हतो. तमे करेला उपचारथी ते हुं पोते सचेतपणाने पाम्यो छुं. ? पछी धनकुमारे अने धनवतीये ते साधु पासेथी गृहस्थाश्रमधर्मने विषे द्वादशव्रतरूप समकत्व लीधुं. विक्रमराजाए पण धनकुमारने राज्य आपी चारित्र लिधुं. पछी धनकुमारे केटलोक काल राज्य भोगवी जयंत नामना पोताना पुत्रने राज्य आपी धनवतीनी अने बीजा धनदत्त अने धनदेव नामना पोताना भाइओनी साथे चारित्र लीधुं. अनुक्रमे सूरिपद पामी अने पछी धनवती अने बीजा भाइओनी साथे एक मासनुं अणसन वृत पाली धनकुमार मुनि मरण पाम्या. ते धनवती अने धनकुमार सौधर्म देवलोकमां इंद्रना समानिक देवता थया. त्यांथी चवीने वैताढ्य पर्वतनी उत्तर श्रेणिउपर सूरतेज नगरीमां सूर नामना विद्याधरनी स्त्री विद्युन्मतीना उदरमां धनकुमारनो जीव उत्पन्न थयो. अनुक्रमे ते पुत्रनो जन्म थयो; त्यारे पिताए तेनुं चित्रगति नाम पाड्युं. अनुक्रमे ते पुत्र चोसठ कलाओनो पार पामेलो थयो. वली तेज वैताढ्य पर्वतनी दक्षिण बाजुए शिवमंदिर नगरमां अनंगसिंह राजानी शशीप्रभा नामनी स्त्रीने विषे धनवतीनो जीव उत्पन्न थयो. त्यां तेनो जन्म थया पछी तेनुं रत्नवती नाम

पड्युं. एक दिवसे अनंगसिंह राजाए जोशीने पूछ्युं के, " लक्ष्मीना सरखी आ म्हारी पुत्री रत्नवतीनो वर कोण थशे ? " जोशीए कह्युं के, " युद्धनेविषे जे पुरुष त्हारा हाथमांथी तरवार लेइ लेशे अने नंदीश्वरने विषे जेने माथे पुष्पवृष्टि थशे. ते पवित्र छे बे पक्ष जेना एवो पुरुष त्हारी पुत्रीनो वर थशे. " एवां ते जोशीनां वचन सांभली जेने पुत्रीना वरना ज्ञाननी प्राप्ति थइ छे एवा ते राजाए जोशीने द्रव्य विगेरेथी संतोष पमाड्यो.

हवे आ भरतक्षेत्रने विषे चक्रपुर नगरमां सुग्रीव नामनो राजा राज्य करतो हतो. तेने यशस्वती अने भद्रा नामनी बे स्त्रीयो हती. यशस्वतीने सुमित्र नामनो पुत्र थयो अने भद्राने पद्म नामनो पुत्र थयो. तेमां यशस्वतीनो पुत्र सुमित्र गुणवान्, मोटो अने जैनधर्मने जाणनारो हतो अने भद्रानो पुत्र पद्म अवला आचरण वालो, पापी, अने सर्पना सरखो क्रूर हतो. एक दिवसे भद्रा विचार करवा लागी के, " सुमित्र छतां म्हारा पुत्रने राज्य मलशे नहीं, माटे कांइ पण उपाय करवो जोइये ." एवो विचार करीने क्रूर कर्मने करनारी ते भद्राये यशस्वतीना पुत्र सुमित्रने झेर दीधुं. सुमित्र मूर्छाथी घणुं दुख पाम्यो ते वात सांभलीने व्याकुल थयेलो सुग्रीव राजा पण प्रधाननी साथे तुरत सुमित्र पासे आव्यो अने घणा मंत्र तंत्र विगेरे उपायो कर्या, पण जेम दुर्जन माणसनी दुष्ट बुद्धि शांत थाय नहीं, तेम ज्यारे वीषनो वेग शांति न पाम्यो, त्यारे ते राजा सुमित्रने परलोकना मार्गने विषे भाथारूप धर्मकार्य करी तेना गुणोने वारंवार संभारीने रोवा लाग्यो. आ वखते लोकोमां परस्पर वातो थवा लागी के, " क्रूर कर्म करनारी भद्राये सुमित्रने झेर आप्युं छे. " भद्रा पोतानी आवी वात सांभली त्यांथी सर्पणीनी पेठे नासी गइ. ते वखते वैमानमां बेसीने कौतुक जोवा माटे पृथ्वीउपर फरतां फरतां चित्रगतिए त्यां आवी सुमित्रना शोकथी ग्लानी पामेलुं अने घणुंज दुःखीत थएलु ते नगर दीठुं. पछी सुमित्रने विषथी मूर्छा पामेलो जाणीने चित्रगति विमानमांथी हेठो उतर्यो अने मंत्रथी पवित्र करेलुं पाणी छांटीने तेने सचेतन कर्यो. अहो! मंत्रनुं म्होटुं बल होय छे. प-

१ माता पितानुं कुल.

ठी बुद्धिवान् पुरुषोमां श्रेष्ठ एवा ते सुमित्रे ज्यारे पूछ्युं के, " आ लोको शा कारण माटे जेगा थया छे ?" त्यारे जद्राये आपेला जेरनी अने चित्रगतिए उतारेला जेरनी वात राजाए कही. पछी उत्साहथी उठीने ते सुमित्रे पोताने जीवाडनारा चित्रगतिने नमस्कार कर्यो अने कुल विगेरे पूछ्युं; चित्रगति पासे उजेला मंत्रीना पुत्रे चित्रगतिनुं वंश अने नाम विगेरे कह्युं. तेने सांजलीने सुमित्र घणो हर्ष पाम्यो. पछी सुमित्र पोतानी समृद्धिने अनुसारे चित्रगतिने पोताने घेर तेडी गयो. केटलाक दहाडा रह्या पछी चित्रगतिए सुमित्रने कह्युं के, "हवे हुं म्हारे घेर जइश." एटले सुमित्रे कह्युं के, " अहीं एक केवली आववाना छे, माटे ते आवे त्यां सुधी रहो." पछी केटलेक दहाडे केवली आव्या तेमने वांदवाने माटे सुमित्र विगेरेने साथे तेडीने चित्रगति गयो. ज्ञानीयोमां प्रधान एवा ते केवलीए पोतानी आगल बेठेला सुग्रीव राजा विगेरे सर्वेने संसारना क्लेशने नाश करनारी देशना दीधी अने कह्युं के " मोक्षना अजिलाषी जीवो जे धर्म प्राप्त करे छे, ते धर्म डाह्या पुरुषोए उत्तम प्रकारे ग्रहण करवो. राजापणुं, चक्रवर्तीपणुं अने देवपणुं ए सर्व समृद्धिउ आ आराधन करेला धर्मना परमाणुउ छे. वली साधु अने श्रावकना जेदथी धर्म बे प्रकारनो छे. तेमां पहेलो श्रावकनो धर्म सरल छे अने बीजो साधुनो धर्म कांइक कठीण छे." केवलीनी आ प्रमाणे धर्मदेशना सांजलीने चित्रगतिए कह्युं के, " अरे हुं तो संसारमां छेतरायेलो छुं. कारण के स्वाधिन छतां पण में एके धर्मनुं आचरण कर्युं नथी." एम कहीने ते व्रतरूप डालोथी वीटलाएला अने निरतीचारपणारूप पुष्पोथी अलंकृत थयेला सम्यक्त्वरूप कल्पवृक्षने सेववा लाग्यो. पछी जेनुं मस्तक नमी रह्युं छे, एवा सुग्रीव राजाए केवलीने पूछ्युं के, " हे महाराज ! सुमित्रने जेर आपीने जद्रा क्यां नाशी गइ छे ?" केवलीए कह्युं के, " हे राजन् ! अहींथी नाशी गयेली जद्राने रस्तामां चोर मल्या अने तेनी पासेथी सर्व वस्त्र अने घरेणां लेइ लीधां. पछी ते चोरोए जद्रा वणजाराने वेचाती आपी. त्यांथी ते नाशी गइ अने वननेविषे अग्निमां बली मूइने पहेली नरके गइ. त्यांथी पाछी आ लोकमां चांडालना कुलमां उत्पन्न थयेली अने गर्जिणी ते जद्राने तेनी

शोक मारी नाखशे; एटले ते पाछी त्रीजे नरके जशे. त्यांथी पाछी आ लोकमां तीर्यंचपणाने पामी अनंत कालसुधी जमशे." केवलीनां एवां वचन सांजली राजाए कह्युं के, "अहो ! जडाये जे पद्मने माटे पाप कर्युं हतुं, ते पद्म तो जीवे ले अने पोते नरकने पामी; माटे कर्मनी गति विचित्र ले. तथा आ साररहित संसारमां जंतुउ मिथ्याज मोह पामे ले." राजाना एवां वचन सांजली तेज वखते प्राप्त थयेलो ले उत्साह जेने एवा सुमित्रे सुग्रीव राजाने कह्युं के, "हे तात ! स्मशानना सरखा दारुण आ संसारथी हुं उद्वेग पाम्यो लुं, माटे मने आज्ञा आपो के जेथी हुं चारित्र ग्रहण करुं, कारण के आ संसारने विषे डाकीणीनी पेठे स्त्रीउ पोताना पुत्रोने मारी नाखे ले." एवां सुमित्रनां वचन सांजली संयमरूप उद्यानने विषे रहेवा तत्पर थएला सुग्रीव राजाए व्रत ग्रहण करवानी ना पाडी तेने राज्यासन उपर बेसारी पोते चारित्र लीधुं. पछी नवा राजा थएला सुमित्रने नगरमां प्रवेश करावी तेनी रजा लेइने चित्रगति विद्याधर पोताना नगर प्रत्ये गयो. सुमित्रे पोताना उरमान जाइ पद्मने केटलांक गाम आप्यां, पण तेथी संतोष न पामेलो ते पद्म पोतानी मरजी प्रमाणे पृथ्वीमां जमवा लाग्यो.

हवे शिवमंदिर नगरना अनंगसिंह राजाना पुत्र कमल नामना विद्याधरे कलिंग राजानी स्त्री के जे सुमित्रनी व्हेन हती, तेनुं हरण कर्युं एटले सुमित्रना पक्षथी बलवान् चित्रगतिये कमल विद्याधरनी साथे युद्ध मांड्युं. ते वखते पुत्रनी पक्षे अनंगसिंह राजा त्यां युद्ध करवा आव्यो. तेने चित्रगतिए रणसंग्राममां आयुद्धरहित करी नाख्यो. एटले ते अनंगसिंह राजाए देवताए आपेली रत्नरूप तरवारने ग्रहण करी चित्रगतिने कह्युं के, "हे बालक ! नाशी जा ! नाशी जा !! नहीं तो आ जयंकर तरवारे करीने त्हारुं मस्तक कमलना नालनी पेठे छेदी नाखीश." अनंगसिंह राजानां एवां वचन सांजलीने चित्रगति हसिने बोल्यो के, "हे वृद्ध ! तें शुं नथी सांजल्युं, के कायरना हाथमां शस्त्र होय ले ते वीर पुरुषोने शोजवनारुं ले." एवां वचन कहीने चित्रगति सिंहनी पेठे उछल्यो अने अनंगसिंह राजाना हाथमांथी तरवार तथा सुमित्रनी व्हेनने पकडी लीधी. पछी तेणे चक्रपुर नगरमां जइने

सुमित्रने तेनी व्हेन सोंपी. बुद्धिवंत पुरुषोमां प्रधान एवा सुमित्रे पण पोताना पुत्रने राज्य सोंपी वैराग्यथी दीक्षा लीधी. पछी ते सुमित्र राजर्षि महातपने आचरता मगध देशमां कोइ गामनी व्हार जेटलामां काउस्सग करी उभा रह्या, तेटलामां तेमनो उरमान भाइ पद्म फरतो फरतो त्यां आव्यो अने सुमित्रने जोइने घी नाखवाथी जेम अग्नि बले तेम बलवा लाग्यो. पछी क्रूर हृदयवाला ते पद्मे जाणे पोतानी माने जे गति प्राप्त थइ ते गति पामवाने होयनी ? तेम सुमित्रने पोतानो शत्रु जाणीने जेम व्याध[1] पशुने विंधे तेम बाणे करीने विंधि नाख्या, एटले ते महात्मा सुमित्र शुभध्यान अने आराधनादिक समाधि करीने आयुष्य पुरुं करी ब्रह्मदेव लोकमां महा संपत्तिवाला देव थया. पछी चित्रगति पोताना मित्र सुमित्रना मरणने सांभली शोक करतो करतो नंदीश्वरनी यात्रा करवा गयो. ते वखते त्यां रत्नवती पुत्रीनी साथे अनंगसिंह राजा तथा विद्याधरो हर्षथी तीर्थयात्रा करवाने आव्या हता. पछी प्रसन्न मनवाला चित्रगतिए श्री शाश्वत प्रभुनी द्रव्य, केशर, चंदन पुष्प, धूप, दीप, नैवेद्य विगेरेथी पूजा करी विविध प्रकारनां स्तोत्रथी स्तुति करी कहेवा लाग्यो के, " हे स्वामिन् ! आ अंतरहित संसाररूप समुद्रमां भमता अने थाकी गयेला प्राणिओने मारवाड देशमां म्होटा शरोवरनी पेठे तमे एकलाज आनंद आपनारा छो. संसाररूप समुद्रमां बूडेलो अने मूढ एवो जे पुरुष तमारा दर्शनने पामे छे, ते पुरुष उत्तरोत्तर उत्तम समृद्धिने मेलवे छे. " ए प्रकारे चित्रगति स्तुति करतो हतो तेटलामां गंधर्वो अने अनंगसिंहराजा जोता छतां तेना मस्तक उपर जे सुमित्र मुनि देवपदने पाम्या हता तेमणे पुष्पवृष्टि करी. एटले अनंगसिंह राजाए पोतानी तरवारनुं हरण करनार तेने जाणीने पुत्रीनो वर निश्चय कर्यो. पछी परस्पर एक बीजानां वखाण करता ते देव अने चित्रगतिने जोइ गंधर्वोए तेमने प्रणाम कर्या. ते वखते रत्नवतीनी द्रष्टी चित्रगतिना लावण्यरूप अमृतना समुद्रमां ए प्रकारे बूडि गइ के, त्यांथी फरी चलायमान थइ नहीं. पछी अनंगसिंह राजाए पोतानी पुत्रीना रागने जोइने तथा जोशीए कहेला वचनने संभारीने चि-

१ पारधी.

त्रगतिनी साथे पोतानी पुत्री परणावी. एवो कोण मूर्ख होय के रत्नने सोनानी साथे न जोडे. पछी घणो काल गृहस्थाश्रम जोगवी पुरंदर नामना पुत्रने राज्य आपी चित्रगतिए तथा रत्नवतिये चारित्र लीधुं. अनुक्रमे उत्तम प्रकारना तप करी तेउ महेंद्रदेव लोकमां देवपणुं पाम्यां.

इति श्रीनेमिनाथना पहेला चार जवनुं वर्णन.

हवे पृथ्वीरूप स्त्रीना ललाट सरखा उत्तम एवा पश्चिम महाविदेहमां पद्म नामनी विजयमां सिंहपुर नामनुं नगर हतुं. ते नगरमां शत्रुरूप अग्निने शांत करवाने मेघसरखो अने जेनी कीर्तिरूप अर्द्धचंद्राकार चंद्र आकाशमां शोजी रह्यो हतो, एवो हरिनंदी नामे राजा राज्य करतो हतो. तेने कामदेवनी आज्ञा माननारी अने चंद्रिकाना सरखा जेना उज्वल गुणोए जगत्‌ने आश्चर्य पमाड्युं हतुं, एवी प्रीयदर्शना नामनी स्त्री हती. हवे माहेंद्रदेव लोकथी चित्रगतिनो जीव चवीने ते हरिनंद राजानो पवित्र बुद्धिवालो अपराजित नामे पुत्र थयो. अने ते प्रधानना विमलबोध नामना पुत्रनो सुख दुःखमां नेत्रना सरखो मित्र थयो. एक वखते ते बन्ने मित्रो (अपराजित अने विमलबोध, बन्ने) घोडाने खेलाववा माटे नगरनी बहार गया. पण ते दुष्ट घोडाउ तुरत ते बन्ने मित्रने म्होटा अरण्यमां लेइ गया. पछी ते बन्ने मित्रोए नीचे उतरी ढीला थइ गयेला घोडाना बंधने बाधवा मांड्या एटले ते बन्ने घोडा कृतघ्न (करेला गुणने न जाणनारा)नी पेठे तरत पड्या अने मरण पाम्या. पछी मार्गमां थाकी गयेला अने तरशथी विह्वल थयेला ते राजा अने प्रधानना पुत्रो कलियुगमां धर्म तथा न्यायनी पेठे क्षणमात्रमां तेज रहित थइ गया.

पछी पाणीने शोधता एवा तेउए मित्रनी पेठे हितकारी एवुं एक तलाव दीठुं; तेमांथी अमृतना सरखुं पाणी पीने जाणे तृषारूप समुद्रनो पार पाम्या होय ? एम ते बन्ने कुमारो शांतचित्तवाला थया. पछी राजाना पुत्रे प्रधानना पुत्रने कह्युं के, "हे मित्र ! आपण बन्नेने देशांतर जोवानी इछा घणा दिवसथी हती, ते आजे सफल थइ छे. आपणे माता पितानी आज्ञा लीधा विना आव्या छीये, तो हवे आपणो वियोग तेउ जेम तेम करीने सहन करशे अने आपणे आश्चर्यथी संपूर्ण एवा आ पृथ्वीमंडल उपर फरीये." राजपुत्रनां एवां वचन सांजली

पृथ्वीना चमत्कार जोवाने तत्पर थयेला ते बन्ने जणा मदोन्मत्त हाथीनी पेठे पोतानी इच्छाप्रमाणे पृथ्वीउपर फरवा लाग्या. एक दिवस कोइ एक चोर तेमनी शरणे आवीने कहेवा लाग्यो के, "म्हारुं रक्षण करो ! रक्षण करो !!" थोडी वखत पछी राजाना केटलाक सुभटो ते चोरनी पाछल आव्या. तेमनी साथे आ राजकुमारे युद्ध करी चोरनुं रक्षण कर्युं; एथी प्रसन्न थएला सुकोशल राजाए पोताना मित्रनो पुत्र जाणीने ते अपराजित राजकुमारने सुरसुंदरीना सरखी मनोहर पोतानी कमलमाला नामनी पुत्री परणावी. पछी ते राजकुमार सुकोशल राजाने घेर केटलाक दिवस रहीने राजाथी छानी रीते प्रधानना पुत्रनी साथे पृथ्वीनां कौतुक जोवाने माटे चाल्यो गयो. एक दिवसे अपराजित राजकुमारे तथा प्रधानना पुत्र विमलबोधे रत्नमाला नामनी विद्याधरनी पुत्रीनुं हरण करीने नाशी जता कोइ एक विद्याधरने तथा न जवानी मरजीथी रोती एवी ते रत्नमालाने दीठी; एटले ते विद्याधरनी साथे अपराजित कुमारे युद्ध करीने ते कन्याने छोडावी. पछी युद्धथी प्रसन्न थएला ते विद्याधरे अपराजित कुमारने जखम रुझवी नाखनारी उंषधि अने महा मूल्यवालो मणि आप्यो. तेमज विमलबोधने [1]रूपपरावर्तन करनारी गूटिका (गोळी) आपी. पछी अपराजित कुमार उपर अनुरागवाली थएली रत्नमालाने जाणीने तेना पिताए तेने अपराजित राजकुमार साथे परणावी. वली भुवनभानु नामनो बीजो विद्याधर पण पोतानी पुत्री कोइ जोशीना कहेवाथी पराजित कुमारने परणावतो हतो. एवामां कोइ पुरुषे ते भुवनभानु उपर शस्त्रनो घा कर्यो; पण ते घाने अपराजित कुमारे पोतानी पासे रहेली औषधिना प्रभावथी मटाड्यो अने अति उत्तम रूपवाली ते कन्याने श्रेष्ट बुद्धिवालो हरिनंदि राजानो पुत्र अपराजित कुमार परण्यो. ए प्रमाणे पृथ्वी उपर विहार करता ते बन्ने कुमारो कुंडिनपुर नगरे आव्या. त्यां तेमणे केवल ज्ञानी मुनिने दीठा. पछी मुनिने वंदना करीने अने कानने विषे अमृतना सरखी देशना सांभली ते बन्ने कुमारोए मुनिने पूछ्युं के, "हे महाराज ! अमे भव्य छीये के अभव्य ?" कुमारोनां एवां वचन सांभली मुनिए कह्युं

[1] स्वरूप फेरवी नाखनारी.

के " हे कुमारो ! तमे जव्य बो. वली हुं तमने बीजुं पण कांइ कहुं ते सांजलो. हे राजकुमार ! तुं आथी पांचमा जवने विषे आ लोकमां नेमिकुमार नामनो बावीशमो तीर्थंकर थइश अने आ प्रधाननो पुत्र त्हारो प्रथम गणधर थशे. " एवां ते मुनिनां वचन सांजली अत्यंत हर्षने पामेला ते बन्ने कुमारो तीर्थोने वंदना करता करता पृथ्वीउपर फरवा लाग्या.

हवे तेवा समयमां आनंदपुर नगरने विषे जितशत्रु नामे राजा राज्य करतो हतो. तेने शीलरूप अलंकारने धारण करनारी धारणी नामनी स्त्री हती. माहेंद्र लोकथी रत्नवतीनो जीव चवीने ते धारणीना उदरने विषे आव्यो. चंद्रनी कांती जेम सुधाने[१] प्रगट करे तेम धारणीए पुरे मासे पुत्रीने जन्म आप्यो. पीताए तेनुं प्रीतिमती नाम पाड्युं. पढी ते प्रीतिमती गुणोसहित वृद्धि पामवा लागी. सरस्वतीने विषे घणा दिवस रहेवाथी क्लेशे करीने उदवेग पामेलानी पेठे विद्याए, बीजा आधारनी इछाथी ते प्रीतिमतीनोज आश्रय कस्यो. अर्थात् ते प्रीतिमती सर्व विद्यानो पार पामेली थइ, अनुक्रमे ते यौवन अवस्थामां आवी पहोची एटले ते राजकुमारीये पिता पासे प्रतिज्ञा करी के, " जे पुरुष मने विद्याये करीने जीतशे तेने हुं वरीश. " पुत्रीनी आवी दुःसह प्रतिज्ञा जाणी जितशत्रु राजाए पुत्रीना वरने माटे स्वयंवरनो आरंज कस्यो. तेणे स्वयंवरमां बोलावेला सर्वे राजाउ अने विद्याधरो आव्या. ते वखते प्रधान पुत्रनी साथे अपराजितकुमार पण विद्याधरे आपेली गोलीना प्रयोगथी रूप परावर्तन करी कलाकौशलरूप अमृतने पीवानी इछाथी आव्यो. आगल चालनारा प्रतिहारीउए जेमना गुणोनुं वर्णन कस्युं ढे एवा राजा अने विद्याधरो उंचां सिंहासनो उपर बेठा. पढी चामर धारण करनारी सखीउंनी साथे वरमालाने हाथमां धारण करनारी स्वर्गथी जाणे देवांगना उतरी होय नही शुं ! एम स्वयंवर मंडपमां प्रीतिमती आवी. राजकुमारीने जोइ कामथी मूर्छा पामेला अने स्तंजनाज आश्रय करी रहेला सर्वे राजा अने विद्याधरो चित्रमां आलेख्यानी पेठे स्थिर थइ गया. पढी सेंकडो बेठेला ते राजा अने विद्याधरोनी परीक्षा लेवाने सरस्वनी पेठे आवेली ते प्रीतिमतीने प्रतिहारिणीये

१ अमृत.

कह्युं के " हे राजकुमारी ! आ बेठेला राजा अने विद्याधरोने प्रश्न पू-छ." पछी राजकन्याए प्रश्न पूछ्यां; पण सरस्वतीए पोतानी जातवाळी प्रतिमतीनो पक्ष करीने ते राजाओने जाणे थंनावी दीधा होयनी ? एम अपराधी माणसनी पेठे तेओ उत्तर आपवाने समर्थ थया नहीं. पछी जितशत्रु राजा खेद करवा लाग्यो के, " अरे ! जरावस्थाथी वृद्ध थयेलो ब्रह्मा आ पुत्रीना वरने करवोज नुली गयो छे के शुं ? में दासीना पती सरखा आ राजाने वृथा नेगा कर्या, कारण के तेमांथी एक पण पुत्रीने योग्य वर मळ्यो नहीं." राजानां एवां वचन सांनळी प्रधाने कह्युं के, " हे महाराज ! खेद न करो. कारण के पृथ्वी रत्नगर्ना कहेवाय छे, जेथी अधिक गुणवाळो पुत्रीनो वर मळशे; केम के नाग्यमां लखेलुं फरतुं नथी. " पछी राजाए पडो वगडाव्यो के, "जे माणस म्हारी पुत्रीने विद्यावडे करीने जीतशे, ते तेनो पति थशे. " एटले हरिनंदी राजाना पुत्र अपराजित कुमारे विचार कर्यो के, " म्होटा पुरुषोने स्त्री साथे विवाद करवो योग्य नथी. " शास्त्रमां कह्युं के– बालसखित्वमसंस्कृतवक्ता, स्त्रीषु विवादकथा खलसेवा ॥ गार्दनयानमकारणहास्यं, षट्सु नरा लघुतामुपयांति ॥ अर्थः– बालकनी साथे मित्रता, संस्कृत विनानी वाणी, स्त्रीयोनी साथे वाद, खल पुरुषोनी सेवा, गधेडानुं वाहन, अने कारण विनानुं हसवुं; ए छने विषे माणसो हलकाइने पामे छे. अने तेम छतां जो हुं तेने जीतीश तो तेथी करीने म्हारी मोटाइ कहेवाशे नहीं. " एवो विचार करीने तेणे विद्याधरे आपेलो दिव्य शक्तीवाळो मणि हाथमां राखी स्तंनमां कोरेली पुतळीनो स्पर्श कर्यो; एटले पुतळीए प्रीतिमतिने कह्युं के, " हे राजकुमारी ! मानने छोडी दे, अने आ राजाओ तो पशुना सरखा छे. माटे म्हारी साथे वाद कर, कारण के आ राजकुमाररूप गुरुना हस्तस्पर्शना प्रसादथी वाद करवामां तत्पर थएली हुं सूरीओथी[1] अथवा देवताओथी जीताइश नहीं. " एवां ते पुतळीनां वचन सांनळी हर्ष पामेली राजकुमारी प्रीतिमति वाद करवाने आवी अने चार प्रश्न पूछ्या, तेनो उत्तर पुतळीए आप्यो. ते आ प्रमाणे. प्र० " गुरु कोण ? " उ० " तत्वने जाणनारो " प्र० " धर्म कयो ? " उ० " जीव दया

१ आचार्यो.

ते." प्र० " मनुष्योए शुं करवुं ?" उ० " संसारनो छेद." प्र० " साचुं शुं ? उ० " जीवोनुं हित करवुं ते." पछी पुतलीए प्रश्न पूछ्यो के, " ब्रह्मचारीने वाहाली कोण ?" पुतलीना आ प्रश्ननो उत्तर राजकुमारी न आपी शकी के " ब्रह्मचारीओने वहाली मैत्री होय छे, " तेथी पुतलीये जीतेली ते राजकुमारी पुतलीने पूछवा लागी के " आ वरमाला ह्वारा कंठने विषे आरोपुं ?" पुतलीए कह्युं. "म्हारा गुरु आ राजकुमारने कंठे ते वरमाला आरोपण कर. कारण के जे गुरुना प्रसादथी में ह्वारी दुःसह प्रतिज्ञाओ क्षणमात्रमां पूरी दीधी छे." एवां पुतलीनां वचन सांजली पूर्वजवना स्नेहथी जेने रोमांच थयो छे, एवी ते राजकुमारीए प्रफुल्लीत पुष्पनी वरमाला अपराजितकुमारना कंठमां आरोपण करी. पछी क्षोज पामीने अने निर्लज्ज थइने बीजा राजाओ बोलवा लाग्या के, " अरे आ कापडी कोण छे ? के जे अमे छतां आ कन्याने परणशे ?" एवी रीते क्रोध पामेला अने पृथ्वीने कंपावता ते राजाओए अपराजित कुमार साथे युद्ध करवा मांड्युं. अपराजित कुमारे पण सर्वे राजाओने वायु जेम डांगरनां फोतरांने उराडी नाखे तेम फेंकी दीधा. पछी शास्त्रे करीने स्त्रीए जीतेला अने युद्धमां एक वीर पुरुषथी पराजय पामेला ते सर्व राजाओ क्रोध करीने एकी वखते अपराजितकुमार साथे युद्ध करवा लाग्या. कुमार अपराजिते पण इंद्र जेम पर्वतोनी पांखो वज्रवडे कापी नांखे तेम उछली उछलीने राजाओने कापी नाख्या. एवामां सोमप्रज नामना मामाए अपराजित कुमारने दीठो; एटले तेणे सर्व राजाओने युद्ध करता बंधकरी पोते ते अपराजित कुमारने मली अने कह्युं के, "हे जाणेज ! में तने बहु वारे दीठो छे. तुं जमरानी पेठे क्यां जमे छे ? तुं झट घेर जा, कारण के ह्वारा माता पिता ह्वारा वियोगथी बहु दुःख पामे छे."

पछी गोलीना प्रयोगथी पोताना स्वरूपने पामेला अपराजित कुमारने जितशत्रुराजाए म्होटो उत्सव करीने पोतानी पुत्री परणावी अने जितशत्रुराजाना प्रधाने पोतानी पुत्री अपराजितकुमारना मित्र विमलबोधने परणावी. राजाए सत्कार करेला ते बन्ने कुमारो केटलोक काल त्यां रह्या. हरिनंदी राजाने ते वातनी खबर पडवाथी तेणे पोताना प्रधा-

नने बन्ने कुमारोने तेडवामाटे जितशत्रु राजाने त्यां मोकल्यो. पछी अपराजित कुमार पोतानी सर्व स्त्रीउने साथे लइ प्रधानपुत्र सहित जित शत्रुराजानी आज्ञा मागी पोताना देश जवा निकल्यो. इंद्रना सरखो महा समृद्धिवालो ते कुमार दानेकरीने लोकोने प्रसन्न करतो केटलेक दहाडे पोताना सिंहपुर नगरमां आवी उत्साहपूर्वक पिताना चरणमां पड्यो तथा अपराजितकुमारनी स्त्रीउ हर्षथी सासुना पगमां पडी. पछी हरिनंदी राजा पुत्रने राज्यासन उपर बेसारी पोते चारित्र लइ अने अक्षय पदने पाम्यो. जेनो प्रधान विमलबोध छे, जेने प्रीतिमती पटराणी छे अने जेने खंडपतिउ मित्र छे एवा ते अपराजित राजाए केटलोक काल राज्य करी पोताना पद्मपुत्रने राज्य आपी पोते बंधुउ, प्रधान,अने स्त्रीसहित चारित्र लीधुं. अंते अनशन व्रत लइ,आयुष्य पूरुं करी ते सर्वे आरण देवलोकमां इंद्रना सामानीक देव थया.

आ जंबुद्वीपमां रत्न विगेरे महासमृद्धिथी मनोहर हस्तिनागपुर नामनुं नगर छे. तेमां हस्तिना समूहथी देवताउनी स्पर्धाकरनारो श्रीषेण राजा राज्य करतो हतो. तेने मदोन्मत्त हाथणीनी पेठे चालनारी श्रीमती नामनी पटराणी हती. तेना उदरमां आरण देवलोकथी चवीने अपराजितनो जीव शंखस्वप्नने सूचवतो सतो महा समुद्रमां पांचजन्यनी पेठे उत्पन्न थयो. पूरे मासे पुत्रजन्म पाम्यो, एटले पिताए स्वप्नने अनुसारे तेनुं शंख एवुं नाम पाड्युं. पछी कलाउनो अभ्यास करतो ते शंख कुमार यौवन अवस्थामां आवी पहोच्यो. विमलबोधनो जीव पण देवलोकथी चवीने तेज राजाना सुबुद्धि प्रधाननो पुत्र थयो. त्यां तेनुं मतिप्रभ एवुं नाम पाड्युं. ते भवमां पण शंखकुमारने अने मतिप्रभने पूर्वना भव जेवीज मैत्री थई. एक दिवसे सीममां रहेनारा लोकोए श्रीषेण राजाने कह्युं के, " हे राजन् ! विशाल शिखरवाला पर्वत उपर चंद्रशीरा नामनी नदीने कांठे महाबलवालो समरकेतु नामनो पल्लिपति (चोरनो राजा) किल्लो बांधीने रहेलो छे. वली कोइथी झलायनहीं एवो ते तमारा देशनी लक्ष्मीने लुटे छे. " एवां ते लोकोनां वचन सांभली सूर्यना सरखा महा प्रतापी ते श्रीषेण राजाए चोरनो पकडवा माटे चडाइनो पडह वगडाव्यो. ते वखते केशरीसिंहना सरखा महापराक्रमी

शंख कुमारे राजाने कह्युं के, " हे तात ! एक चोरने वश करवा माटे आटलो बधो प्रयास तमे केम करो छो ? " शंखकुमारनां एवां वचन सांजली प्रसन्न थयेला राजाए तेने आज्ञा करी एटले केटलुंक सैन्य लेई ते शंखकुमार ज्यां चोरनुं गाम हतुं, त्यां आवी पहोच्यो. ते वखते पल्लिपति गाम त्यजी दइने कटपथी बीजे ठेकाणे संताई रह्यो. पछी युवराज शंख कुमार पण सैन्यना सारा बलवाला माणसो पासे गाम कबजे करावी पोते वृक्षोना यूथमां संताई रह्यो. पछी पल्लीपतिए कपटथी पोताना संताडी राखेला माणसोने एकठा करीने कुमार गाममां छे एवी शंकाथी कहेवा लाग्यो के, " अरे सुजटो ! शंखकुमारने जीवतो झालो ! झालो ! !" एम कहीने पोते युद्ध करवा आव्यो, एटले शंखकुमारे किल्लामां राखेला पोताना माणसोनी साथे कर्म जेम प्राणीने घेरी लहे तेम तेने घेरी लीधो, तेथी नासी जवानो रस्तो न मलवाने लीधे तथा कुमारे तेने कंठमां कुवाडो मारवाथी ते चोर शंखकुमारने वश थयो. पछी जेनी जेनी जे जे वस्तु चोरी लीधी हती, तेने तेने ते ते वस्तुउ पाछी अपावी ते चोरने साथे लई शंखकुमार पोताना नगर तरफ आवतो हतो एवामां बीजा दिवसनी रात्रीये पोतानी छावणीमां सुखथी उंघी गयेलो ते शंखकुमार अरधी रात्रिये करुण शब्दवालुं रुदन सांजलीने उठ्यो अने जे तरफथी ते शब्द आवतो हतो, ते तरफ चाल्यो आगला जतां तेणे एक रुदन करती स्त्री दीठी. कुमारे तेने पूछ्युं के, "हे जीरु ! तुं शा दुःखथी रुवे छे. ?" एवां ते कुमारनां वचन सांजली विश्वास पामेली ते स्त्रीए कह्युं के, " हे राजन् ! अंगदेशमां चंपा नामनी नगरी छे. त्यां जितारि राजा राज्य करे छे. तेने कीर्तिमती स्त्री छे. तेना उदररूप छीपमांथी उत्पन्न थयेला मोतीना सरखी कांतिवाली यशोमती नामनी पुत्री छे. गुणथी परिपूर्ण एवी ते पुत्री ज्यारे अभ्यास करती करती यौवन अवस्थामां आवी पहोची, त्यारे श्रीषेण राजाना पुत्र शंखकुमारना गुणने तथा युवावस्थाना रूपने सांजली तेने विषे आसक्त थई. पछी कलाउना समूहने जाणवाथी मनोहर ते यशोमतीये जेम पोयणी सूर्यने विषे रुचि न करे तेम बीजा राजाउनेविषे रुचि न करी. पिता जितारि राजाए शंखकुमारनेविषे आसक्त थयेली पोतानी पुत्रीने जाणीने तेने आपवाने जेट-

लामां हस्तिनागपुरमां पोताना माणसोने मोकले छे, तेटलामां मणि-शेखर विद्याधरे ते कन्यानुं मागुं कर्युं, पण तेने ना पाडी श्रीषेण राजाना पुत्रने आपवाने नक्की कर्युं. पछी मणिशेखर विद्याधरे सिंचाणो जेम चकलीनुं हरण करे तेम ते यशोमतीनुं हरण कर्युं. हुं ते राजकुमारीना हाथने वलगी रही अहीं सुधी आवी. पछी ते विद्याधरे बलथी मने ते कन्याना हाथथी छोडावी नाखी. हुं ते कुमारीनी धाव माता छुं, माटे ते म्हारा विना दुःख पामशे, तेटला माटे म्हारा मनमां क्लेश थवाथी हुं रोउं छुं." एवां ते रुदन करती स्त्रीनां वचन सांजली शंखकुमारे कर्युं के, "हे माता! तुं रोइश नहीं. धीरज राख. हुं जाउंछुं. ते विद्याधरने मारी अने कन्याने पाछी लावी हुं तने आपीश." एम कहीने वीर पुरुषोमां हस्तिसमान ते शंखकुमारे सवारना वखते विशाल पर्वतना शिखर उपर गुफाना बारणामां बेठेला अने यशोमतीनी प्रार्थना करता एवा ते मणिशेखर विद्याधरने दीठो. ते वखते यशोमती उंचा स्वरथी विद्याधरने कहेती हती के "हे विद्याधर! तुं मने आंही लाव्यो छुं, पण म्हारो प्राणप्रिय जर्तार तो शंखकुमार छे, बीजो कोइ नथी." एवां तेनां वचन सांजलीने शत्रुने कालसरखी पोतानी तरवार खेंचीने आवता शंखकुमारने जोइ मणिशेखर विद्याधरे यशोमतीने कर्युं के, "म्हारा जाग्ये खेंचेलो आ त्हारो वहालो प्राणनाथ शंखकुमार आव्यो, तेने हुं पहेलो देवांगनाउ पासे मोकलुं छुं. अर्थात् मारी नाखुं छुं तेने तुं जो." एटलामां शंखकुमार तेनी पासे आव्यो अने तिरस्कार करीने कहेवा लाग्यो के, "अरे! अधम विद्याधर! हुं परस्त्रीयोनी चोरीनुं फल तने देखाडुं छुं." शंखकुमारनां एवां वचन सांजलीने केशरीसिंहनी पेठे गर्जना करतो अने पाटुउथी पृथ्वीने कंपावतो मणिशेखर विद्याधर तेनी सामो आव्यो. बन्नेने परस्पर युद्ध चाल्युं. पछी अगणित पुण्यना महात्म्यथी शंखकुमारे पोताना शस्त्रथी मणिशेखरना अवध्य शस्त्रनो नाश कर्यो. वली लाघवपणाथी तेना हाथमां रहेलुं धनुष्य खेंची लीधुं अने तेज धनुष्यना बाणथी जेम योगी पुरुषो पोताना आत्माथी आत्माने मारे तेम विद्याधरने मार्यो. तेथी ते विद्याधर मूल कपाइ गयेला झा-

१ क्यारे पण पाछा फरे नहीं तेवा.

डनी पेठे पृथ्वीउपर पड्यो. पछी शंखकुमारे तेने पवन विगेरे नांखी सचेत करी फरीथी युद्धने माटे बोलाव्यो एटले प्रसन्न थएला ते विद्याधरे शंखकुमारने कह्युं के, " हे कुमार ! जेम गुणथी आसक्त थएली आ तमारी प्रिया छे तेमज हुकममां रहेनारो हुं पण तमारो दास छुं एम जाणो. वली अमारा उपर अनुग्रह करीने वैताढ्य पर्वतउपर यात्रा करवा चालो. " एवां ते विद्याधरनां वचन सांजली शंखकुमार तेने हा कहीने हस्तिनागपुरमां पोताना वृत्तांतनी खबर कहेवरावी अने यशोमतीनी धावमाताने पण पोतानी पासे बोलावी. पछी ते विद्याधरोए यशोमती अने धावमाता सहित वस्त्रालंकारथी सत्कार करेलो शंखकुमार वैताढ्य पर्वतउपर गयो. त्यां यशोमतीनी साथे शंखकुमारे निष्कपटपणाथी शाश्वत अरिहंत जगवाननुं पूजन कर्युं. त्यांथी मणिशेखर विद्याधर शंखकुमारने पोताना कनकपुर नगरमां तेडी गयो अने दिव्य वस्त्र अलंकार विगेरेथी तेनो सत्कार कर्यो." पछी शंखकुमारे ते विद्याधरोना शत्रुनो नाश अने राज्यमां विस्तार विगेरे अनेक उपकारो कर्या. ते उपरथी विद्याधरोए प्रसन्न थइने तेने पोतानी विद्या शिखवी अने पुत्रीउं आपी. तेउंने लइने जितारिराजाने आनंद पमाडतो शंखकुमार चंपानगरीमां आव्यो. स्वर्गथी पण अधिक वैजववाली ते नगरीमां शंखकुमार विद्याधरनी पुत्रीउं सहित यशोमतीने परण्यो. पछी त्यां वासुपुज्य स्वामीनी यात्रा करी अने पोताना कार्यने जाणनार एवो ते शंखकुमार जितारिराजानी आज्ञा लइ सर्व स्त्रीयो सहित पोताना हस्तिनागपुर नगरमां आव्यो.

पछी श्रीषेण राजा शंखकुमारने राज्यासन उपर बेसारी पोतें चारित्र लेइ केवल ज्ञान पाम्या. केटलेक दिवसे श्रीषेण केवली विहार करतां करतां हस्तिनागपुर नगरमां आव्या. तेमने वांदवाने माटे शंखकुमार पोताना अंतःपुर सहित त्यां आव्यो. पछी उपदेश सांजली वैराग्य उत्पन्न थएला शंखकुमारे श्रीषेण केवलीने पूछ्युं के,"हे स्वामिन् ! विचारथी जोइये तो आ संसार असार छे. एम सत्य थाय छे; तो पछी म्हारे आ यशोमती साथे आटलो बधो प्रेमबंध शा माटे छे ? " शंखकुमारनां एवां वचन सांजली श्रीषेण केवलीए कह्युं के, " हे राजन् ! पहेला जवमां तुं ज्यारे धनकुमार हतो त्यारे आ यशोमती धनवती नामनी स्हा-

री स्त्री हती १ त्यांथी पहेला देवलोकमां तुं देव अने ते देवी थइ. २ त्यांथी चवी तुं चित्रगति थयो त्यारे तेज तेज स्त्री रहारी रत्नवती नामनी स्त्री थइ हती. ३ वली माहेंद्रदेवलोकमां तुं देव अने ते देवी थइ. ४ त्यांथी चवी तुं अपराजित कुमार थयो त्यारे ते प्रीतिमति नामनी रहारी प्रीया थइ- ५ त्यांथी तमे बन्ने आरुण देवलोकमां देव देवी ६ थइने आ सातमा जवमां तुं शंखकुमार थयो बुं अने तेज स्त्री आ यशोमती थइ ठे. अहिंथी चवी तुं अपराजित देवलोकमां देव थइने नवमा जवे आ जारत केत्रने विषे यादवकुलमां नेमिनाथ नामनो बाविशमो तीर्थंकर थइश. अने ते वखते आ यशोमती अपराजित विमानमां देवी थइने त्यांथी चवी रहारी राजीमती नामनी कन्या थशे. पण रहारे विषे आसक्त थयेली ते तने न परणवाथी चारित्रने धारण करी मोक्षने पामशे. वली पूर्वजवमां जे रहारा नान्हा बे जाइ हता ते आ बे रहारा जाइर्ज तथा आ मतिप्रज नामनो पूर्वजवथी अनुसरी रहेलो प्रधान ते सर्वे रहारा प्रथम गणधरो थशे." एवां श्रीषेण केवलीनां वचन सांजली शंखकुमारे पुंडरीक नामना पुत्रने राज्य आपी पोते स्त्री, जाइर्ज अने प्रधानसहित चारित्र लीधुं. पठी अपूर्व वीशस्थानकादिक तप करी जक्ति विगेरेथी अरिहंत जगवाननुं आराधन करी निकाचित तीर्थंकर नाम कर्म बांधी अने उत्तम वैराग्यने पामी कर्मरूप लेपरहित शुद्ध देहने धारतो ते शंखकुमार शंखना सरखो शोजवा लाग्यो. पठी जावना, क्षमणा, गर्हणा, अनशन, चार शरण अने पांच परमेष्टि नमस्कार इत्यादि शोल आराधना पूर्वक अंतरंग शत्रुनो नाश करी निर्ममतावालो ते शंखकुमार मृत्यु पामीने अपराजित एवा अनुत्तर विमानमां देवता थयो अने त्यां तेणे तेत्रीश सागरोपम आयुष्य जोगव्युं. इति बीजा चार जवनुं वर्णन.

आ जंबूद्वीपना जरतक्षेत्रमां दक्षिण दिशाये लक्ष्मीना कोश सरखो कुशावर्त नामनो देश ठे. सर्व प्रकारना धान्यनी संपत्तिवाला अने ऊंची डांगरना क्षेत्रथी सुशोजित एवा ते देशमां अत्यंत मनोहर सौर्यपुर नामनुं नगर ठे. जे नगरनी लक्ष्मीने जोवा माटे उत्साहवंत थयेला इंद्रे हजार नेत्र कर्‍यां ठे, ते नगरमां दशार्ह कुलमां उत्पन्न थयेलो अने उत्तम

रीते प्रजानुं पालन करतो एवो समुद्रविजय नामनो राजा ताराउना समूहने विषे चंद्रनी पेठे राज्य करतो हतो. शंकरने पार्वतीनी पेठे तेने सात प्रकारना अंगना दानथी अतिप्रिय शिवादेवी नामनी राणी हती.

हवे कार्तिक वदी बारसनी रात्रीये चित्रा नक्षत्रमां अने कन्या राशीने विषे चंद्रनो योग छते अपराजीत देवलोक थकी चवीने त्रण ज्ञानथी विभूषित शंखकुमारनो जीव १ हस्ति, २ वृषभ, ३ सिंह, ४ लक्ष्मी देवी, ५ पुष्पनी माला, ६ चंद्र, ७ सूर्य, ८ ध्वजा, ९ कलस, १० पद्मसरोवर, ११ क्षीर समुद्र, १२ देवविमान, १३ रत्ननो राशि, १४ अग्निशिखा. ए चौद स्वप्नने सूचवता छतां तेना उदरमां उत्पन्न थयो. ते वखते क्षणवार नारकी जीवोने सुख थयुं अने त्रण लोकमां प्रकाश थयो. पछी शिवा देवी चौद स्वप्नने तथा पोताना मुखमां प्रवेश करता चंद्रने जोइ जागी गइ अने रोमांचथी आकूल व्याकूल थयेली ते शिवादेवीये स्वप्नानी वात समुद्रविजय राजाने कही. स्वप्ननी वात सांभली आनंद पामेला ते राजाए क्रोष्टुकि नामना निमितियाने बोलावी स्वप्नानी वात पूछी. एवामां पुण्योच्चारण नामना साधु आव्या; तेथी तेमने पण राजाए स्वप्नानी वात कहीं. पछी ते बन्ने जणाए राजाने स्वप्नानुं फल कह्युं के, "हे देव! आ शिवादेवी तीर्थंकरनी अथवा चक्रवर्तीनी माता थशे अने तेने पूर्वना पुण्यने योगे उत्तम स्वप्नना निमितथी महा पुण्यवान्, त्रण जगत्नुं रक्षण करवामां दिक्षित, अभयदर्शी, सर्वनो आधार, कुलमां उत्तम, अने लोकमां उत्कृष्ट एवो पुत्र थशे." एवां तेमनां वचन सांभली आनंद पामेला अने जेमनो उदय वखणायेलो छे एवा ते राजा अने राणीये घणा मान अने धनथी सत्कार करेला साधु अने निमित्तिक पोताने स्थानके गया. पछी इंद्रे पोताना आसन कंपथी तीर्थंकरने गर्भमां आव्या जाणी ते बावीशमा तीर्थंकरने नमस्कार करीने स्तुतिकरी.

हवे ज्यारथी तीर्थंकर भगवान शिवादेवीना उदरमां आव्या, त्यारथी देशनो उदय थवा लाग्यो अने समुद्रविजय राजाना भंडारमां लक्ष्मी वधवा मांडी. लक्ष्मीए धारण करेली चतुराइनी पेठे, उत्तम अर्थवाली कविनी वाणीनी पेठे अने रत्ननी खाणनी पेठे शिवा देवीए गर्भ धारण कर्यो. प्रभुना प्रतापथी उत्पन्न थएला शुक्लध्यानथी होयनी?

तेम प्रथम करतां शिवादेवीनुं शरीर कांइक वधारे पीळुं थयुं. शुज ग-र्जना प्रजावथी समुद्रविजय राजाए गुप्तिने मूकाववादि सर्व शिवा दे-वीना दहोला पूर्ण कर्या. पठी राजाए पुंसवन विगेरे जे जे कर्म करवा इछा करी ते ते कर्म इंद्रे करेलां दीठां. तीर्थंकर जगवान माताना उदरमां वृद्धि पामता ठता पण मातानुं उदर वृद्धि पाम्युं नहीं ए एक आश्चर्य हतुं. कह्युं ठे के, म्होटा पुरुषने संपत्तिने विषे अथवा विपत्तिनेविषे विकार क्यांथीज होय. पठी श्रावण शुदी पांचमनी रात्रिये चित्रा नक्षत्रमां चंद्र-नो योग ठते अने लग्नमां सर्व श्रेष्ठ ग्रहो रह्ये ठते शिवा देवीथी तीर्थं-कर जगवाननो जन्म थयो. आसन कंपवाथी ठपन्न दिशा कुमारीका-उंये प्रजुनी पासे आवी जगवानना जन्मने वखाणीने नमस्कार कर्यो. पठी केटलीएक कुमारीकाउं संवर्त वायुथी सूतिकाना ग्रहने शुद्ध करी, जिनेश्वर जगवाननी पासे उजी रही एटले बीजी कुमारीकाउं, सुगंधी जलथी सूतिकाना ग्रहने ठांटवा लागी. केटलीक शृंगारना अलंकार जा-लीने; केटलीक दर्पण जालीने; केटलीक वींजणाने ग्रहण करीने; केट-लीक चामर जालीने; केटलीक दीवी लेइने, एम सर्व कुमारीकाउं जुदी जुदी सेवा करवा अने प्रजुना गुण गावा लागी. कोइएक कुमारिका जिने-श्वरना ठेदेला नालने पृथ्वीमां नांखी कपूर विगेरे सुगंधि पदार्थोथी खाडाने पुरी दीधो. केटलीक कुमारीकाउंये सूतिकाग्रहथी चारे दीशामां सिं-हासनथी सुशोजित केलना मंडप कर्या. केटलीक कुमारीकाउंये जिने-श्वर जगवानने तथा शिवादेवीने मंगल स्नान करावी, चंदननुं विले-पन करी, वस्त्रालंकार विगेरे धारण करावी अने चंदन तथा जस्म वि-गेरेनी पोटली बांधीने "दीर्घ आयुष्यवाला थाउ." एम आशीश आपी. पठी आसनकंपथी प्रजुना जन्मने जाणी सौधर्म देवलोकना इंद्रे त्यां आवी सूतिकाना घरने त्रण प्रदक्षिणा करी जिनेश्वर जगवानने तथा शिवादेवीने नमस्कार कर्यो. त्यार पठी शिवादेवीने अवस्थापिनी निद्रा मूकीने इंद्रे पांच रूप धारण कर्यां. एक रूपथी जिनेश्वर जगवानने बे-हाथमां धारण कर्या. एक रूपथी जिनेश्वर जगवानने माथे ठत्र धारण कर्युं. बे रूपथी बे चामर ग्रहण करी पवन नाखवा लाग्यो अने एक रूपथी वज्रने उठालतो आगल चाल्यो. एवी रीते इंद्रे जिनेश्वर जगवा-

नने मेरुपर्वत उपर पांडुकवनमां ज्यां शास्वतुं रत्ननुं सिंहासन हतुं त्यां लेइ गयो. त्यां ते पूर्वाभिमुखे भगवानने खोळामां लेइने बेठो एटले बीजा त्रेंसठ इंद्रो त्यां आव्या. पछी सुवर्ण विगेरेना एक हजार ने आठ कलशोमां भरेला तीर्थना सुगंधी जलथी देवदुंदुभिपूर्वक अभिषेक करी सुगंधी चंदनथी पूजन करी हर्षित मनवाळा इंद्रोए स्तुति करी. पछी इंशानेंद्रे पांच रूप विकुर्वि प्रभुने पोताना खोळामां लीधा एटले सौधर्मेन्द्रे चार दिशामां स्फाटिकना चार वृषभो प्रकट करी तेमना शिंगडाथी उछळती दुधनी धारावडे प्रभु उपर अभिषेक कर्यो. ते वखते तुंबुर विगेरे गंधर्वो गान करवा लाग्या अने अप्सराउ नाचवा लागी. पछी सुगंधि चंदननो लेप करी, कल्पवृक्षना पुष्पोथी पूजन करी इंद्रे दिव्यवस्त्र प्रभुने धारण कराव्यां. पछी दिव्य चोखाथी अष्टमांगलीक आलेखी मांगलीक गीतोनुं गान करतां करतां आरति करी, ते वखते इंद्राणि अने रंभा विगेरे अप्सराउना समूहे नाच करतां करतां नेत्रना कटाक्षरूप पुष्पोवडे करीने भववाननुं पूजन कर्युं. पछी इंद्रे "हे नाथ! तमारा शरीररूप इंद्रनीलमणिने जोनारां म्हारां नेत्रो आजे बहु प्रसन्न थाय छे. हे यदुनायक! यमुना नदीना जल समान तमारा शरीरनी श्यामकांति गंगाना जल समान उज्वल यशने उत्पन्न करे छे; ए पृथ्वीमां आश्चर्य छे. हे महाराज! आ मेरु पर्वतनुं शिखर म्होटा रत्नोथी भरपूर छे तो पण तमारा सरखा रत्नवडे करीनेज रत्नवाळुं थयुं छे." एप्रमाणे स्तुति करी त्यांथी लइने भगवानने माता शिवादेवी पासे मूक्या. तथा तेमने जमणे अंगोठे अमृत संचार्युं के जेथी भुख्या थयेला भगवान पान करे. वली तेणे पांच अप्सराने धाव तरीके त्यांज मूकी. पछी सूर्य जेम कमलीनीनी निद्रा खेंची ले तेम इंद्रे मूकेली शिवादेवीनी अवस्वापिनी निद्राने खेंची लीधी. इंद्रनी आज्ञाथी कुबेरे समुद्रविजय राजाना घरने विषे हर्ष करनारी अनेक रत्नोनी वृष्टि करी. पछी देवताउ नंदीश्वरे महोत्सव करी पोतपोताने स्थानके गया. ते वखते सवार थइ एटले दक्षिणावर्त वायु वावा लाग्यो. दिशाउ प्रसन्न थई. सर्व जगत् हर्षमय थयुं अने पूर्वदिशाये प्रभुने भेट आपवा माटे सूर्यरूप फल प्रगट कर्युं. ते वखते कमलीनीनी पेठे शिवादेवीनां बे

नेत्र उघडी गयां, तेथी तेमणे जंगम "हालता चालता" कल्पवृक्षना जेवा पुत्रने दीठा. पछी राजा समुद्रविजयने वधामणि दीधी. तेथी वसंतऋतुमां कोकिलानी पेठे हर्ष पामेला ते राजाए बंदीवानोने छोडी मूकी हर्षथी वधामणिने माटे आवेला ज्ञातिजनोने तथा नाच करती वारांगनाओने उत्तम भेटो आपीने जगत्मां आश्चर्यकारी पुत्रनो जन्ममहोत्सव कर्यो. छठा दिवसे सूर्य चंद्रनां दर्शन कराववापूर्वक छठीनो महोत्सव करी बारमे दिवसे नामकर्म महोत्सव कर्यो. ज्यारथी भगवान गर्भमां आव्या, त्यारथी लोकोनां अरिष्टो "दुःखो" नाश पाम्यां; ते उपरथी प्रभुनुं अरिष्टनेमि एवुं नाम पाड्युं. पछी राजाओए परस्पर एकबीजाना हाथमांथी तेडेला भगवान भिन्न भिन्न पद्ममां फरता राजहंसनी पेठे शोभवा लाग्या. भगवानना कंठने विषे धारण थयेली सुवर्णयुक्त मोतीनी माला भगवानना मुखरूप चंद्रनी सेवाने माटे उदय पामेला ताराओनी पंक्तिनी पेठे शोभती हती. सहज सौभाग्यथी सुशोभित भगवान पिताना अनेक मनोरथनी साथे वधता हता.

एक वखते प्रतिवासुदेव जरासंध राजाए समुद्रविजय राजाने कहाव्युं के "वैताढ्य पर्वतनी पासेना सिंहपुरनगरना सिंहरथ राजाने बांधीने म्हारी पासे जे माणस लावशे; तेने हुं म्हारी जीवयशा पुत्री परणावीश अने एक मनोहर नगर आपीश." ए वात सांभलीने वसुदेवे समुद्रविजयने हाथ जोडीने कह्युं के, "ए काम हुं करीश." एटले समुद्रविजय राजाए कह्युं. "ए काम तारुं नथी." तोपण वसुदेव न मानतां पोतानो रथ जोडावी कंसने सारथी करी युद्ध करवा गयो. सिंहरथ राजा पण सामो युद्ध करवा आव्यो. पछी वसुदेव सिंहरथ राजाना सैन्यने मारी तेने पाडी कंसपासे बंधावी पोताना नगरमां लाव्यो एटले समुद्रविजय राजाये वसुदेवने एकांतमां बेसारीने कह्युं के, क्रोष्टुकि निमित्तियाए कह्युं छे के, "जे माणस जीवयशानो पाणीग्रहण करशे; तेना कुलनो क्षय थशे." माटे विचार करी कंसने जीवयशा परणावी तुं सुखी था." एवां समुद्रविजय राजानां वचन सांभली वसुदेव कंसने जरासंध पासे लेइ गयो अने तेने जीवयशा परणावी. तेमज मथुरा नगरी पण कंसनेज अपावी.

हवे ज्यारे कंस मरायो अने प्रतिवासुदेव एवा जरासंधना दूतनुं अपमान कर्युं. त्यार पछी यादवोए क्रोष्टुकी निमित्तियाने पूछ्युं एटले तेणे कह्युं के,"रामकृष्ण थोडा दिवसमां अर्धाजरत क्षेत्रना अधिपति थशे. तमारे खेद पामवो नहि; परंतु त्यां सुधीमां तमारे पश्चिम दिशामां विंध्यपर्वतना सन्मुख समुद्रने कांठे निःशंकपणाथी रहेवुं अने कृष्णनी प्रिया सत्यजामा जे ठेकाणे बे पुत्रोने जन्म आपे, ते ठेकाणे नगर वसावी निश्चयपणेथी निवास करवो." पछी सात क्रोड कुलसहित यादवो शौरपुरथी नीकल्या अने अगीयारक्रोड कुलसहित उग्रसेन निकल्यो. तेउ विंध्याचल पासे आव्या एटलामां तेमणे काल तथा महाकालनी वात सांजली एटले सर्व यादवो क्रोष्टुकिना सत्यवचनने वखाणवा लाग्या. आगल जतां तेमने मुनि मल्या. मुनिने समुद्रविजयराजा विगेरे पुरुषोए पूछ्युं के, "हवे पछी शुं थशे?" मुनिए कह्युं. "तमारो पुत्र बाविशमो जिनेश्वर थशे. तेमज रामकृष्ण अर्धा जरतक्षेत्रना अधिपति थशे." मुनि एम कहीने विहार करी गया. पछी यादवो सोरठ देशमां आवीने अर्धचंद्राकार गावणी करीने रह्या. ते वखते सत्यजामाने जानु अने जामर एवा बे पुत्र थया; एटले कृष्णे त्रण उपवास करी सुस्थित देवनी आराधना करी. तेथी प्रसन्न थएला सुस्थित देवताए प्रत्यक्षपणाथी आवी सुघोश नामनो शंख रामने अने पांचजन्य नामनो शंख कृष्णने आपीने कह्युं के, "मारुं शुं काम छे? जे होय ते कहो." कृष्णे कह्युं के, "विष्णुनी द्वारकापुरी पाणीमां बूडी गइछे ते अमने आप." एवां कृष्णनां वचन सांजली सुस्थितदेवे इंद्रपासे जइ ते वात कही. तेथी इंद्रे कुबेरपासे समुद्रमां अढार हाथ उंचा अने बार हाथ जाडा रत्नजडीत्र सोनाना गढवाली, नव हाथ उंडी खाइवाली, देवताना वैमान सरखा एक, बे, त्रण मालथी सुशोजित क्रोड मेहेलवाली, श्रीकृष्णने माटे सर्वतोजद्र नामना अढार मेहेलवाली, रत्नजडित्र उत्तम सजावाली, जिनमंदिरोवाली अने अनेक प्रासादवाली नगरी एक रातमां बनावी आपी. तथा देवताउए ते पश्चिम समुद्रने तीरे द्वारका नगरीना राज्यासन उपर श्रीकृष्णने अजिषेक करी म्होटो उत्सव कर्यो.

हवे त्रण ज्ञानयुक्त नेमिकुमार बलजद्र विगेरेनी साथे बालकनी पेठे

बगीचामां रमता हता. बलभद्रादिक तेमने बहु रमतोथी रमाडता हता; कारण अवस्थाने अनुसरनारो भाव म्होटा पुरुषोने पण बाध करे छे. कुमार अवस्था उलंघी वज्रऋषभनाराच युक्त शरीरवाला, चतुरस्र मूर्तिवाला अने दश धनुष्य प्रमाण शरीरवाला नेमिकुमार यौवनावस्थामां आवी पहोंच्या. ते वखते वणझाराउ रत्नकंबलो वेचवा आव्या; पण त्यां न वेचतां तेउ वधारे लाभ खावा माटे राजगृह नगरमां गया. त्यां तेमणे जीवयशाने रत्नकंबलो देखाडी. तेणे रत्नकंबलनुं मूल पचास हजार रुपीया कह्युं; एटले वणझाराउए कह्युं के, "अमने लाख रुपीया द्वारकामां मलता हता; पण त्यां न आपी अने वधारे लाभ खावाने माटे अहीं लाव्या तो अहीं पचास हजार रुपीया कीमत थइ, माटे अमने धिक्कार छे के, अमे त्यां न आपी." एवां वणझारानां वचन सांभली जीवयशाये पूछ्युं के, "द्वारकां नगरी क्यां छे? अने तेनो राजा कोण छे?" तेउए कह्युं के, "पश्चीम देशने विषे सुस्थित देवे आपेला स्थानमां देवताए निर्माण करेली अने कुबेरे धन धान्यथी भरेली द्वारका नगरी छे. वसुदेव अने देवकीनो पुत्र एवो कृष्ण ते नगरीमां राज्य करे छे." वणझारानां आवां वचन सांभली शरीरमां भुत आवेलानी पेठे पोताना छुटा केश करीने माथामां कूटती कूटती ते जीवयशा मगध देशना राजा पोताना पिता जरासंधने कहेवा लागी के "अरेरे! हजु कंशनो शत्रु जीवे छे." तेनां वचन सांभली जरासंधे कह्युं के, "हे वत्से! धीरज राख्य! एम कहीने ते प्रयाणनो पटह वगडावी सहदेव विगेरे पुत्रोने साथे लइ तैयार थयो. ते वखते अपशुकन थवा लाग्यां. एटले दुर्योधन अने शिशुपाले ना पाडी तो पण घणो क्रोधयुक्त थयेलो ते जरासंध सूर्यनी पेठे पश्चिम दिशा तरफ चाल्यो. पछी युद्ध जोवामां कौतुकी एवा नारदे मगध देशना राजानुं प्रयाण द्वारकाना अधिपति कृष्णने कह्युं. कृष्णे पण हुंकार शब्द करी प्रयाणनो पटह वगडाव्यो; तेथी परिवार सहित क्रोडो यादवो तैयार थया. उग्रसेन असंख्य सैन्य लइने तैयार थयो. महासेन विगेरे अनेक राजाउ तथा महाबलवाला तेमज जाणे पांच पांच अंगने धारण करनाराज होयनी? एवा पांडवो अने सासरा तरफथी अनेक राजाउ कृष्णनी तरफ आव्या. पछी वृद्ध पुरुषोए आशीर वचन आपेला

अने मंगल करेला कृष्ण, गरुडध्वजवाला तथा दारुक सारथीवाला रथमां बेसी क्रोष्टुकिए आपेला विजयकारी उत्तम मुहूर्तमां जयजय शब्द करीने बलभद्रनी साथे ईशानतरफ प्रयाण करी जरासंधना सैन्यने मल्या. ते वखते प्रलय कालना वायुथी क्षोभ पामेला सह्य अने विंध्याचल पर्वतनी पेठे ते बन्ने सैन्य शोभवा लाग्यां. ते वखते राजाउने माथे रहेला रत्नजडीत सोनाना अने रुपाना छत्रोनां मंडलोथी आकाश हजारो सूर्य चंद्रना सरखुं शोभवा लाग्युं. ते वखते हाथीउनी गर्जनाथी, घोडाउना खोंखाराथी, रथना घोरथी अने पालाउना सिंहशब्दथी जगत् शब्दमय थइ गयुं. घोडाउनी खरीउथी उमेली धूले करीने आकाश रजमय थयुं. दिवसो अमासनी रातना सरखा अंधकारमय थइ गया; तेथी भूतो तथा राक्षसो पोतानी मरजी प्रमाणे फरवा लाग्या. पछी हंस अने डिंभक नामना प्रधानोनी साथे विचार करी जरासंधे शत्रुउना सैन्यनो नाश करवाने माटे सहस्र आरावालो चक्रव्यूह रच्यो. एक हजार आरामां एक हजार राजा, बे हजार रथ, सो हाथी, पांच हजार घोडा, अने सोल हजार पायदल, एप्रमाणे सैन्य राखी कौरव अने गांधार राजाने चक्रव्यूहनी पाछल राखी अने पोते पांच हजार राजाउ सहित चक्रव्यूहना मोढा आगल रह्यो. तथा चक्रव्यूहनी बार अनेक राजाउ यादवोने युद्धने माटे बोलाववाने रह्या, पछी जरासंधे रचेला चक्रव्यूहने सांभलीने समुद्रना सरखा गंभीर बुद्धिवाला यादवोए चक्रव्यूह जीतवाने माटे पोतानी सेनानो गरुडव्यूह रची, पचास लाख कुमारोने गरुडव्यूहना मुख आगल राखी बलभद्र तथा कृष्ण गरुड व्यूहना मस्तक उपर रह्या. अने चारे तरफ अनेक सुभट राजाउ रह्या, के जेने जोवाथीज शत्रुउनो गर्व गली जाय. ते वखते अवधिज्ञानथी युद्धनो समय जाणीने इंद्रे पोतानो मातली सारथी वालो रथ नेमिनाथने माटे मोकल्यो. पछी बन्ने सैन्यमां युद्धनां वाजींत्र वाग्यां एटले त्रण जगत्‌ने आश्चर्यकारी भयंकर युद्ध चाल्युं. वीरपुरुषोना खड्गना घाथी उत्पन्न थयेलो अग्नि रुधिररूप जलथी शांत थवा लाग्यो. वीर पुरुषोना पगथी उडती धूल रुधिरथी कादवरूप थइ. तूटता वीरपुरुषोना मुकुटथी क्षणमात्र प्रकाश थवा लाग्यो. ते वखते चतुरंगी

सेनाना घातना रुधिरथी राती थइ रहेली भूमिना जेवी पश्चिम दिशामां सूर्य अस्त पाम्यो. रुधिरथी प्रसन्न थएला वैतालोनी पेठे ते रणांगणमां मस्तकरहित शरीरो नाचवा लाग्या. ते दिवसे जेनी जीत थएली छे एवा सर्वे यादवो जय जय शब्द करीने रणथी पाछा फर्या अने जेनो सेनापति नाश पाम्यो छे एवुं जरासंधनुं सैन्य पण पाछुं फर्युं. बीजे दिवसे जरासंधे शिशुपालने सेनापति स्थाप्यो; तेथी तेणे हसीने कृष्णने कह्युं के, " हे कृष्ण ! आ गोकुल नथी, पण रणसंग्राम छे. " एवां तिरस्कारनां वचन बोलतामांज कृष्णे चक्रथी तेनुं मस्तक, कुंभार जेम दोरडीथी चाकवाउपर रहेला काचा घडाने छेदी नाखे तेम छेदी नाख्युं; तेथी क्रोध पामेला जरासंधे बलभद्रना दश पुत्रने मारी नाख्या एटले बलभद्रे पण तेना अठावीश पुत्रने मार्या अने कृष्णे पण तेना एकसारा पुत्रने मार्यो. पछी पुत्रना नाशथी क्रोध पामेला जरासंधे बलभद्रने एक गदा मारी; तेथी ते रुधिरने वमतो छतो पृथ्वी उपर पड्यो अने कृष्णने पण अनेक बाणोथी जेम वादलां सूर्यने ढांकी दे तेम ढांकी दीधो. पछी ग्लानी पामेली यादवनी सेनाने जोइने मातली सारथीए नेमिनाथने कह्युं के, " हे स्वामिन् ! तमारा बे हाथ सर्व जगतनुं रक्षण करवाने समर्थ छे, माटे आ निर्दयपणाथी यादवनी सेनाने मारनार जरासंध तमारे उपेक्षा करवा योग्य नथी. जो के तमारे कोइ स्वपर नथी, तो पण आ यादवकुलनो उद्धार करो. कारण के जुओ सूर्य पोयणीने संकोच करतो छतो पोताना बंधुरूप कमलना वनने शुं प्रकाश नथी करतो ? माटे आ शत्रुओने बल देखाडवा माटे शस्त्र ग्रहण करीने यादवकुलनो उद्धार करो. " एवां मातलीनां वचन सांभली नेमिनाथे हाथमां धनुष लइ वर्षादनी धारानी पेठे अनेक बाणो छोड्यां अने वीर पुरुषोना मुकुटोने कापी नाखी तथा माथाओने मुंभी नाखी जोतां जोतां लाखो माणसोने विलक्षपणाने पमाड्या, के जेथी जरासंधनी सेनारूप समुद्र यादवनी सेनारूप खाबोचियामां बूडी गयो. एथी योगीश्वर नेमिनाथनुं महात्म्य प्रकाश पाम्युं. पछी नेमिनाथे करेला उपचारथी स्वस्थ थयेला बलभद्रे शत्रुओनी सेनाने मदोन्मत्त हाथी जेम वृक्षोने फेंकी नाखे तेम फेंकी नाखी. पोतानी सेनाने नाश पामेली जोइने कालना सरखा

क्रोध पामेला जरासंधे कृष्णने कह्युं के, "अरे गोवालना पुत्र! तुं म्हारा जमाइने कपटथी मारीने मंत्रना जाण पुरुषथी भूतनी पेठे नाशी जइ पश्चिम समुद्रमां रह्यो छुं, पण आजे यमराजथी स्पर्श थयेला तने कंस पासे मोकलीने म्हारी पुत्रीनी प्रतिज्ञा पूर्ण करीश." जरासंधनां एवां वचन सांभलीने कृष्णे कह्युं के, "केड बांधीने आव, वार न कर. पिता, पुत्र अने माताने एक संगाथमां करुं." एम परस्पर तिरस्कार करता अने समुद्रनी पेठे गर्जना करता ते महा बलवाला कृष्ण अने जरासंध युद्ध करवा लाग्या. जूदी जूदी विद्याथी अनेक जातिना शस्त्रोने फेंकतां तेउ एक बीजाने भ्रम करवा मंड्या. अने एवी रीते युद्ध करवा ग्या के जेथी मेरु पर्वतसहित पृथ्वी कंपवा लागी. दीशाउना हाथीने भ्रम थवा लाग्यो. समुद्रो क्षोभ पाम्या अने सर्व ब्रह्मांड फाटवा लाग्युं. पछी शस्त्र रहित थयेला जरासंधे सूर्यना सरखी कांतिवालुं चक्र कृष्ण उपर फेंक्युं; पण ते चक्र रमतना दडानी पेठे कृष्णना हृदयनो स्पर्श करी राजहंसनी पेठे हस्त कमल उपर बेठुं. ते वखते देवताउए "आ नवमो वासुदेव छे." एम कहीने सुगंधी जलनो अने पुष्पोनो वर्षाद कर्यो. पछी कृष्णे चक्र मारीने पोताने तिरस्कार करनार जरासंधनुं मस्तक कापी नाख्युं एटले देवताउए जय जय शब्द कर्यो. जाणे सर्वना संहार माटेज उत्पन्न थइ होय नही शुं? एवी जीवयशाये जरासंधनुं मृत्यु सांभलीने माताउ सहित तुरत अग्निमां प्रवेश कर्यो. पछी नेमिनाथे आज्ञा करेलो मातली सारथी पोताने स्थानके गयो अने कृष्ण अर्धा भरतखंडने जीतीने फरी द्वारकामां गया. त्यां सोल हजार राजाउए पोतपोतानी एक एक मोकलेली पुत्रीने परणी अर्द्ध चक्रवर्ती पणाथी प्राप्त थयेला शंख, खड्ग, धनुष, चक्र, वनमाला, मणि अने गदारूप सात रत्नोथी तथा समृद्धिथी अलंकृत थयेला ते कृष्ण, बलभद्र सहित चक्रवर्ती राज्य भोगववा लाग्या. तथा वीश हजार राजाने बंधीखानामांथी छोडावी पोताना मित्रोनी साथे क्रीडा करवा लाग्या. अने नेमिनाथ तो विषय सुखथी विमुख थया. ॥ इति नेमिनाथ जन्म महोत्सव तथा बाल संग्रामसंपूर्णम् ॥

एक दिवसे खेचरी अने भूचरी विगेरे पोतपोतानी हजारो स्त्रीयोनी

साथे बगीचामां विहार करता कृष्णना पुत्र प्रद्युम्न तथा सांब विगेरेने जोइने समुद्र विजय राजाए अने शिवादेवीये युवावस्थामां आवेला पोताना पुत्र नेमिनाथने कह्युं के, " हे विश्वमां एक वहाला पुत्र ! पुत्रवाला माणसोमां अमे तमारारूप पुत्रनी उत्तम रेखाने धारण करीए ठीए; पण यौवन अवस्थामां प्राप्त थयेला तमे विवाह करता नथी; तेथी बीजाउना पुत्रोनी वहुउ जोइने अमारा मन बहु दुःखाय ठे. जगत्मां विधिये तमारे विषे सर्व संबंध निर्माण कस्यो ठे; तो पण जुउ के माणिक्य सोनाने मख्याविना शोजतुं नथी ". वली वहुने जोवा उत्साह पामेली शिवादेवीये कह्युं के, " हे पुत्र ! पृथ्वीमां जे स्त्रीयोनां मुख आगल कहेला कामने करनारी, उत्तम घरेणांने धारण करनारी अने नेत्रने अमृतना पारणा सरखी वहु फरे ठे; तेज स्त्रीयोने हुं धन्य मानुं बुं." एवां माता पितानां वचन सांजलीने अने तेमने नमस्कार करीने नेमिनाथे मधुर वाणीथी कह्युं. "हुं दुःखना परिणामजूत कन्याने परणवाथी उत्साह पामतो नथी. ज्यारे हुं चतुर अने हितकारी स्त्रीने देखीश त्यारे परणीश; माटे तमारे ते बाबत खेद करवो नहीं. कारण के दुःखनी वेल सरखी दारुण स्त्रीने परणवाथी कष्टना पात्ररूप थवाय ठे. " एम कहीने तेमणे सरल मनवाला ते मात पिताने बोध पमाड्यो. कह्युं ठे के—तत्वने विषे दृष्टिवाला मनुष्यो स्वपरजेदने स्वीकारता नथी.

हवे यशोमतिनो जीव अपराजीत देवलोकथी चवीने उग्रसेननी स्त्री धारणीने विषे पुत्री पणाये उत्पन्न थयो. माता पिताए तेनुं राजीमती नाम पाड्युं. पठी ते राजीमती शाश्वत रसना आश्रयवाली वेलनी पेठे वधवा लागी. चंद्रनी लेखानी पेठे पृथ्वी उपर सर्वने हर्ष पमाडती अने सर्व कलानो अज्यास करती ते अनुक्रमे यौवनावस्थामां आवी पहोंची. एक दिवसे कुमारोथी विंटलायेला नेमि कुमारे कृष्णनी आयुधशालामां " जाणे बीजा कृष्ण होय नहीं शुं ? तेम प्रवेश कस्यो. अने धनुष्य, खड्ग, चक्र, विगेरे आयुधोने जोइने पठी एकदृष्टिथी शंखने जोवा लाग्या. पठी शंखने ग्रहण करवानी इछा करतां नेमिनाथने रक्षण करनाराउए नमस्कार करीने कह्युं के, " हे प्रजु ! सांजलो, आ पांचजन्य शंखने ग्रहण करवाने एक कृष्ण समर्थ ठे, बीजो कोइ नथी. तो वगा-

डवाने तो क्यांथीज समर्थ थाय ? माटे तमे मिथ्या प्रयास करशो नहीं." एवां ते रक्षकोनां वचन सांजलीने ना कह्या ठतां पण नेमिनाथे, बालक जेम हाथमां दडो लहे तेम शंख लीधो अने पोताना मुखे धारण कर्यो. ते वखते ते शंख हृदयमांथी निकलेला शुक्ल उज्वल ध्यानरूप पिंमना सरखो शोजवा लाग्यो. पठी ते शंखने वगाडवाथी जगत्ने पुरी नाखे एवो घोर शब्द निकल्यो, के जेथी रक्षको मूर्ठा पामीने जाणे रोगवाला पड्या होय नही शुं ? तेम पृथ्वी उपर पड्या. वली ते शंखना शब्दथी प्रलयकालना समयनी पेठे समुद्रो क्षोज पाम्या. पृथ्वी कंपवा लागी. ब्रह्मांड फाटवा लाग्युं. गर्जो पडवा लाग्या अने द्वारकानो गढ जाणे समुद्रमां पडवाने जतो होय नहीं शुं? एम कंपवा लाग्यो. ते वखते राज पुरुषोनी साथे सजामां बेठेला कृष्णे शंखनो शब्द सांजली भ्रांति पामीने अने चारे तरफ जोइने बलजद्रने कह्युं के, "हे जाइ! पांचजन्य शंखने वगाडतो शुं कोइ बीजा द्वीपथी विष्णु आवे ठे ? के बीजो कोइ विष्णु उत्पन्न थयो ?" एटलामां जयजीत थयेला रक्षकोए आवीने कृष्णने कह्युं के," तमारा पांचजन्य शंखने नेमिनाथे वगाड्यो ठे." एवां रक्षकोनां वचन सांजली जेनो मुकुट शंखना शब्दथी कंप्यो हतो एवा कृष्णे विस्मय पामीने कह्युं के, " आपणा कुलमां नेमिनाथ चक्रवर्ती थया; कारण के जे शंखने में वगाड्ये ठते पण आवो शब्द थयो न होतो." एम विचार करता करता कृष्ण पोतेज नेमिनाथ पासे आव्या. पठी पोताना अर्धा आसन उपर बेसारीने कृष्णे नेमिनाथने कह्युं के, "हे बंधो! जेना शब्दथी आकाश पुराइ गयुं हतुं एवो आ शंख तमे वगाड्यो ?" नेमिनाथे हा कही. एटले कृष्णे मधुर वाणीथी नेमिनाथने कह्युं के, "हे जाइ! ज्यारे तमे शंख वगाड्यो हतो त्यारे आ पृथ्वी कंपवा लागी हती, माटे तमे महा बलवाला ठो; तेथी आपणे बंने जणा परस्पर एक बीजानुं बल जोवा मल्लयुद्ध करीए." कृष्णनां एवां वचन सांजली नेमिनाथे पोताना अनंत बलनो विचार करीने कृष्णने कह्युं के, " हे जाइ! आपण बंनेने मश्करीथी पण मल्लयुद्ध करवो योग्य नथी, माटे बलजद्रने साक्षी राखी आपणे बंने जणा परस्पर हाथ नमावीए." पठी कृष्णे पोतानो हाथ लांबो राख्यो एटले ते हाथने ने-

मिनाथे बालक जेम कमलना नालने वाली नाखे तेम वाली नाख्यो. पछी नेमिनाथे पोतानो हाथ लाबो राख्यो, पण कृष्ण ते हाथने वज्रना थंभनी पेठे वालवाने समर्थ थया नही. पछी कृष्ण नेमिनाथनां वखाण करवा लाग्यो के, धन्य छे आपणा कुलने ! के जे तमारा सरखा वीर पुरुषो आपणा कुलमां उत्पन्न थया छे." एम कहीने पछी बलभद्रने कह्युं के, "हे भाइ ! आर्यकुलमां जन्म पामेला नेमिनाथना सरखुं बल इन्द्रनुं के कोइ पण चक्रवर्तीनुं नथी, तो ते छ खंड पृथ्वीनुं राज्य भोगवे ते कोइ दुर्लभ नथी." एवां कृष्णनां वचन सांभली तेमनी शंका दुर करवाने माटे बलभद्रे कह्युं के, "हे भाइ ! ते नेमिनाथ पोताना बले करीने आपणा उपर राज्य भोगवे छे. कारण के जेमणे जरासंधनी जरा उतारी ते शुं तमे नथी जाणता ? वली नैमितिए कह्युं छे के, ए नेमिनाथ बावीशमो तिर्थंकर थशे; माटे नरकना कारणरूप राज्यनी एमने इछा नथी अने मोक्षमां जनारा ए नेमिनाथ, कुमार अवस्थाथीज दृढ शीलव्रत पाले छे." एवां बलभद्रनां वचन सांभली घणो हर्ष पामेला कृष्ण अंतपुरमां जइ रुक्मणी विगेरे पोतानी स्त्रीयो पासे नेमिनाथनां वखाण करवा लाग्या. पछी त्यां नेमिनाथने बोलावी, घणुं मान आपी, प्रसन्न करी, सुगंधी चंदन विगेरे चोपडी, रत्नना सिंहासन उपर बेसाडी, अने प्रेमथी व्यास एवा ते बन्ने जणा उत्तम रसोइ जम्या. एवी रीते दिवसे दिवसे बगीचामां, वाव्य अने तलावने कांठे अंतःपुर सहित कृष्ण नेमिनाथ साथे रमता हता. एक दिवस कृष्णे पोताना द्वारपाल रक्षकोने आज्ञा करी के, "तमारे मारा प्राणप्रिय बंधु नेमिनाथने कोइ ठेकाणे पण रोकवा नहीं." तेमज रुक्मणी, सत्यभामा, रेवती विगेरे पोतानी सर्व स्त्रीउने कह्युं के, "तमारे नेमिनाथने दियर सरखा मानवा." त्यार पछी समान चित्तवाला नेमिनाथ कृष्णना अंतःपुरमां निःशंकपणे जवा आववा लाग्या.

एक वखते शिवादेवीये कृष्णने कह्युं के "हे कृष्ण ! तमे नेमिनाथने एवो बोध करो के जेथी पुत्रनी स्त्रीना मुखने जोवारूप म्हारो मनोरथ पूर्ण थाय." पछी नारायणे ते वात रुक्मणी विगेरेना मुखथी नेमिनाथने कही, एटले तेमणे ते वात मश्करीथी एवी उराडी दीधी के फ-

री ते वात कोइथी बोलाय नही. तेवा वखतमां नेमिनाथना विवाहने माटे जाणे सहाय करतो होय नही शुं ? तेम दक्षिण दिशाना पवनथी पुष्ट थयेलो वसंत ऋतु आव्यो, एटले कृष्ण नगरवासी जनो अने अंतःपुर सहित नेमिनाथने साथे लइ गीरनार पर्वत उपर रमवा गया. जाणे कोकिलाउ बोलावता होय नहीं शुं ? " अर्थात् जेमां कोकीला बोली रह्या छे. अने जाणे कामदेवनुं पूजन करवानेज प्रफुलित थयेलो होयनी ? एवां ते बगीचामां जेउए मद्यपान कर्युं छे, एवा सर्व यादवो स्त्रीउनी साथे क्रीडा करवाने गया अने पुष्पोना समूह एकठा करवा लाग्या. पछी मृगना सरखा नेत्रवाली सत्यभामा विगेरे स्त्रीयो कृष्णनी आज्ञाथी नेमिनाथनी साथे पुष्पो वींणवाने माटे वनना मध्यभागमां जइने क्रीडा करवा लागी. कोइ स्त्रीये कामवेलना सरखी वृक्षनी मंजरी नेमिनाथना हाथमां आपी; कोइ स्त्रीये कामदेवने उत्पन्न करनारी जाणे रक्षानी पोटली होय नही शुं ? तेम उत्तम मल्लिका जातीनां पुष्पोए करीने नेमिनाथना चोटलाने शणगार्यो, कोइ स्त्री छत्र चामर विगेरे राज्योपनयननी भेटना मिषथी श्री नेमिनाथना मुख रूप कमलना मकरंदने पान करवा लागी. कोइ स्त्रीये पोताना हाथना मूलभाग (स्तन)-ने देखाडती विशेष्य अलंकार धारण कराव्या. केडथी उतरी जता वस्त्रवाली कोइ स्त्रीये नेमिनाथना कपालमां पील करी. एम क्रीडा करतां करतां अग्निने शांत करवामां समर्थ एवो वसंत ऋतु गयो अने श्री नेमिनाथने मलवानेज जाणे आवतो होय नही शुं ? एम ग्रिष्म ऋतु आव्यो एटले सत्यभामा विगेरे स्त्रीयो जलक्रीडा करवाने माटे हरिनी साथे वाव्युंमां गइ अने त्यां लज्जा रहित थयेली ते स्त्रीउ कृष्णनी साथे जलक्रीडा करवा लागी. तथा कृष्णे हाथमां पकडी राखेला नेमिनाथ ते जलक्रीडामां जाणे साक्षी होय नही शुं ? एम उभा रह्या. पछी कृष्णना संकेतथी रुक्मणी विगेरे स्त्रीयो, जेणे शृंगार धारण करेलो छे एवा श्री नेमिनाथने जलना हिलोलाथी खेलाववा लागी एटले निःशंक थइने नेमिनाथे ते स्त्रीयोनी साथे क्रीडा करी. कारण तेवा उत्तम पुरुषो कोइनी आशा भंग करता नथी. नेमिनाथे पाणिना हिलोलाथी ताडन करेली कोइ स्त्रीना कुंभसरखां स्तनो जलना बिंदुउथी मोतीना हारनी

शोजाने पाम्या. तथा जलना सेचनथी केटलीक स्त्रीयोनी नाडीउं त्रुटी गइ; केटलीक स्त्रीउंनी कंचुकी फाटी गइ अने केटलीक वस्त्ररहित थइ गइ. एवी रीते कमलना पत्रनी पेठे रागरहित एवा नेमिनाथे कृष्णनी सर्व स्त्रीयोने तांबुलना चूर्णनी पेठे रागयुक्त करी. पठी रुक्मिणीए नेमिनाथने हाथ जालीने वाव्यमांथी बहार काढ्या. जांबुवतीए पीतांबर पहेराव्यां, गांधारीए केश बांध्या. रेवतीये सूक्ष्म वस्त्रथी पवन नाख्यो. पद्मावतीए प्रजुना कंठनेविषे हार आरोपण कर्यो एटले सत्यजामाए चरणने चांपतां तथा चंदन चोपडतां नेमिकुमारने कह्युं के, "हे कुमार! तमे अज्ञानी पुरुषोनी पेठे खोटो आग्रह केम करो ठो? के जे पूर्वना पुरुषोए प्रवर्तावेलो मार्ग हठथी लोपो ठो! जुउं के सर्वे राजाउंए प्रथम अवस्थामां स्त्रीउंनी साथे विवाह करी अने यौवनने सफल करीने अंते व्रतने सेवन कर्युं ठे. तमे घणा सौजाग्य वाली आ युवावस्थाने व्रतथी पूर्ण करो ठो, तेथी ताल फलनी इछा करनारा वनमां रहेला पुरुषनी पेठे हसवा योग्य थशो." सत्यजामा एवां युक्तिनां वचन कहेती हती, एवामां कृष्णे आवीने नेमिनाथने कह्युं के, "हे बंधो! तमारा हठने ठोडीने आ स्त्रिउंने प्रसन्न करो. कारण के, बहुधा प्रकारे पूर्वना जिनोश्वरो पण स्त्रीउंने परण्या हता. पठी तेउं तीर्थनुं स्थापन करी अने अंते मोक्षने पामेला ठे. तथा अमारा कुलमां पण पूर्वे सुव्रत नामना कोइ पुरुषे जोग जोगवीने पठी व्रतने ग्रहण कर्युं हतुं. तो हे कुलमंडन! तमे पण कुलना आचारने लोपवा योग्य नथी." एम कहीने स्त्रीउं सहित कृष्णे ज्यारे नेमिनाथने प्रणाम कर्यो, त्यारे जाइना दाक्षीण्यपणाथी नेमिनाथे परणवानुं कबुल कर्युं. कृष्णे समुद्रविजय राजाने तथा शिवादेवीने संदेशो मोकल्यो के, "नेमिनाथे विवाह करवानुं कबुल कर्युं ठे." पठी प्रसन्न थयेला तेउंए संदेशो लावनारने घणुं द्रव्य आपी संतोष पमाड्यो. पठी घणो हर्ष पामेला कृष्ण वर्षाऋतु आववाने वखते सर्व माणसोने लइ द्वारका पुरमां आव्या. त्यार पठी समुद्रविजय राजाए नेमिनाथने माटे योग्य कन्या खोलवा मांडी एटले कृष्णे कह्युं के, "उग्रसेन राजाने पुत्री ठे, तेनो नेमिनाथनी साथे विवाह करशुं." ए वात सांजलीने शुज योगने विषे समुद्रविजय राजा उग्र-

सेनना घेर आव्या. अने क्रोष्टुकीने बोलावीने लग्न पूछ्युं. क्रोष्टुकिए कह्युं के, "हरिना शयन वखते विवाह कर्म करवुं योग्य नथी." एवां क्रोष्टुकीनां वचन सांजली कृष्णे हसीने कह्युं के, "हुं पोतेज हरि साक्षात् जागतो छुं, तो पछी आ शंका शा माटे करवी जोइये? वली नेमिनाथनो विवाह करवामां विलंब करवो योग्य नथी. कारण के आलानस्तंजे बांधेला एवा मदोन्मत्त हस्तिनो विश्वास करवो योग्य नथी. लग्न श्रावण शुदी बठनुं मंगल बे." ए वात सांजली समुद्रविजय राजा अने उग्रसेन विवाहनी सामग्री करवा लाग्या. रंग विगेरेथी पोतपोतानां घरो शणगार्यां. सुवासिनी स्त्रीउं दिनदिन प्रत्ये गीत गावा लागी. विचीत्र जातना वाजींत्रो वागवा लाग्यां. मांडवा विगेरेनी उत्तम रचनाउं करी. पछी लग्नने आगले दिवसे शिवादेवी विगेरे सर्व यादवनी स्त्रीयोए नेमिनाथने पूर्वाभिमुखे सिंहासन उपर बेसारी मंगल स्नान कराव्युं अने तेज दिवसे उग्रसेनने घेर जइने राजीमतीने पण मंगल स्नान कराव्युं. पछी राजीमतीने चोकमां बेसारी वस्त्रालंकार विगेरेथी शणगारवा लागी. ते वखते राजीमतीना रूपने जोवा माटे तरश्या नेत्रवाली स्त्रीउं नेत्रने स्थिर करीने जोवा लागी. राजीमतीए पण पोताना पूर्वजवना वहाला स्वामीने पामवाना घणा हर्षथी ते रात्री बहु मूश्केलीथी वीताडी. पछी बीजे दीवसे मंगलस्नान करी, चंदन विलेपन करी, शुक्लध्याननना सरखा उज्वल घरेणांने धारण करी, चंद्र सरखा मनोहर बत्रथी सेवन थयेला, गंगाना तीरसरखा उज्वल चामरोथी शोजता, कुमारीकाउंए लुण उतारेला, व्हेनोये, मांगलिक करेला श्री नेमिनाथ धोला घोडावाला सोनाना उज्वल रथमां बेसी गोविंद विगेरे यादवोनी साथे उग्रसेनना घरे तोरणे आव्या, एटले केशने विषे मोतीउंनी शेरने धारण करनारी राजीमतीने तेनी दासीउं नेमिनाथने जोवा माटे गोखमां लावी. ते राजीमती पण पोताना निमिषरहित नेत्रथी नेमिनाथने जोवा लागी. ते वखते तेनो (राजीमतीनो) जमणो हाथ अने जमणुं नेत्र फरकवा लाग्युं, तेथी ते परणवा आवेला वरने दुर्लज मानीने घणो खेद पामी. सखिउंए तेने खेदनुं कारण पूछ्युं के "हे व्हे-

१ चोमासामां.

न! तने खेद शा माटे उत्पन्न थयो ?" राजीमतीये सत्य कह्युं के, "हे सखिउ! हुं निर्भाग्य छुं; कारण के,आ आनंदना वखतमां मने जमणा हाथना अने जमणा नेत्रना फरकवा रूप दुर्निमित्त उत्पन्न थयुं छे !!! हवे हुं शुं करुं ?" एवां तेनां वचन सांभली सखीउये कह्युं के, "हे सखि! आ त्हारा अमंगलीक शब्दोने धिकार छे अने कुलदेवी अमारुं कुशल करशे.

हवे विवाहने प्रसंगे आवेला अनेक राजाना भोजनने माटे भेगा करीने बांधेलां, अने चींसो पाडतां पशुउने जोइने नेमिनाथे पोताना सारथीने पूछ्युं के "आ सघलां पशुउ शा माटे भेगां कर्यां छे?" सारथीए कह्युं के, "हे देव! तमारा विवाह प्रसंगे आवेला राजाउना भोजनने माटे ए पशुउने बांध्या छे." सारथीनां एवां वचन सांभलीने नेमिनाथे कह्युं के "राजा रहित विश्वने अने दया रहित माणसोने धिक्कार छे; कारण के जेउ जेनुं कोइ पण पालण करनार नथी एवां आ पशुउने मारे छे." ए प्रकारे कहीने दयाथी कोरेला हृदयने धारण करता नेमिनाथे पोतानो रथ बांधेला पशुउ तरफ चलाव्यो, एटले दिन थयां छे मुख अने नेत्र जेमनां एवां ते पशुउ नेमिनाथने जोइने पोतपोतानी भाषामां "अमारुं रक्षण करो, अमारुं रक्षण करो." एम बोलवा लाग्यां. पछी नेमिनाथे पोताना सारथीने आज्ञा करीने सर्व जीवोने बंधनमांथी छोडावी पोतानो रथ पाछो वाल्यो एटले भ्रांति पामीने समुद्रविजय राजा अने शिवादेवी विगेरे पोतपोताना रथमांथी उतरी नेमिनाथ पासे आव्या. जेमनी आंखोमां आंसु आव्यां छे एवां मातपिताए नेमिनाथने कह्युं के "हे वत्स! तने आ विवाहरूप महोत्सवमां शो विरस उत्पन्न थयो? हे नंदन! अमने अकस्मात् दुःख केम उपजावे छे? तुं विवाहथी विराम पाम्य नहीं." नेमिनाथे कह्युं के. "हे तात! म्हारा विवाह निमित्त पोताना कर्मथी वींटलाएला आ पशुउने जोइने हुं विवाहथी निवृत्ति पाम्यो छुं अने संयम मार्गमां विचरिश. तथा तमने संतोष पमाडनारा महानेमि विगेरे तमारा घणा पुत्रो छे." नेमिनाथनां एवां वचन सांभलीने मात पिता मूर्छा पाम्या, एटले कृष्णे धीरजताथी नेमिनाथने कह्युं के, "हे भाइ! तमे दयाथी जेवी रीते आ पशुउने मूकाव्या छे, तेवीज रीते दया करीने मातपिताने दुः-

खमांथी शुं नहीं मूकावो? अने पुत्र तो मातपिताने दुःखरूप समुद्र-थकी उद्धार करवाने माटेज छे; तो तमे तेमनो मनोरथ पूर्ण करो." एम कृष्णे, मातपिताए अने भाइओए घणुं समजाव्या; पण ते सर्वने रोता मूकीने नेमिनाथ घेर आव्या. पछी लौकांतिक देवताए आवीने नेमिनाथने कह्युं के, "हे स्वामिन्! दीक्षा धारण करवानो समय थयोछे." एवां देवतानां वचन सांभळीने नेमिनाथे संवत्सरी दान देवा मांड्युं. ए वात ज्यारे राजीमतीए सांभळी, त्यारे ते कंठमांथी तुटेली मोतीनी माळानी पेठे मूर्छा पामीने पृथ्वी उपर पडी. तेने सखीयोए टाढा पाणी विगेरेना उपचारोथी सचेत करी एटले ते राजीमती विलाप करती करती कहेवा लागी के, "हे धात! ते मने शा कारण माटे सरजी? गर्भमां केम मारी नाखी नहीं? हुं यौवन शाकारण माटे पामी? बाल अवस्थामां केम मरी गइ नहीं? म्हारे माटे आ नेमिनाथने सरज्या नहोता तो तेनुं दर्शन मने शा कारण माटे कराव्युं? कारण द्रव्यनो भंडार आपीने लेइ लेवो ए करतां न देखाडवो ए वधारे सारुं छे." ए प्रकारे आत्माने निंदती, प्रेमथी प्रभुने वारंवार संभारती अने मूर्छा पामीने पृथ्वी उपर आळोटती ते राजीमतीने जोइ घणा दुःखवाळी थयेली सखीयोए कह्युं के, "हे सखि! हवे ते नेमिनाथने विषे त्हारो खोटो आग्रह छे; कारण के विरस थयेला तेणे निष्कपटपणाथी तने निश्चय त्याग करी छे; माटे तुं बीजा रूप अने पराक्रमवाळा हजारो राजाओमांथी योग्य रूपवाळा राजा साथे विवाह करीने जन्मने सफल कर." सखीओनां एवां वचन सांभळीने भयंकर भ्रकुटी चडावीने राजीमतीए कह्युं के, "अरे पापिणीओ! म्हाराथी दूर जाओ. आ तमारा वचनने धिक्कार छे. में मनथीज वहाला नेमिनाथने स्वामी करेला छे, तो गजराज सरखा ते स्वामीने छोडीने गधेडा सरखा बीजा राजाओने केम वरुं? जो तेमणे म्हारो पाणीग्रहण करीने आदर नथी कर्यो, तोपण तेज म्हारा धर्माचार्य[1] थशे." एम कहीने अने बीजा वर साथे विवाह करवानी इछा करनारा सर्व स्वजनोने रोकीने ते पतिव्रता राजीमती नेमिनाथना दीक्षाकालनी वाटजोवा लागी.

हवे नेमिनाथ संवत्सरी दान आपी रह्या एटले अंतरभावने जाण-

---

१ गुरु.

नारा चोसठ इंद्रोए आवीने तीर्थना जलथी प्रजुने स्नान कराव्युं. पछी देवताउंए उत्तरकुर नामनी निर्माण करेली अने हजारो राजाउंए उपाडेली पालखीमां प्रजु बीराज्या, एटले शक्रेंद्रे प्रजुने माथे छत्र धारण कर्युं. बीजा इंद्रो प्रजुनी बन्ने बाजुए चामर ढोलवा मंड्या अने शिवादेवी विगेरे हजारो स्त्रीयोए गदगद कंठथी गीत गावा मांड्या; कारण के म्होटा पुरुषो पण तुरत मोहने त्यजी देवा समर्थ थता नथी. पछी चारित्ररूप लक्ष्मीने परणवा जता ते नेमिनाथने जोइ राजमती, वायुथी कंपता वननी पेठे दुःखी थवा लागी. पछी राजीमतीनी वाचाल सखीउं प्रजुनी सन्मुख आवीने कहेवा लागी. "लोकमां स्त्रीउंने विषे चंचल पणुं कहेलुं छे, परंतु कबूल करेल प्रतिज्ञानो जंग करवाथी तमे स्त्रीउंथी पण वधारे चंचल देखाउ छो! तमे खरेखरा धूतारा छो, कारण के, राजीमतीने वृथा त्यजी दइ संयमलक्ष्मीने विषे आसक्त थया. जरासंधनो वध करवानी वखते तमे युद्धमां हजारो राजाउंथी पण जय पाम्या नहीं, ते एक स्त्रीनी साथे विवाह करवामां जय पाम्या!! वली हे धूर्त! तमे पोताना कर्मथी बंधायेला हजारो पशुउंने दुःखमांथी छोडाव्या अने एक अबला स्त्रीने दुःखरूप समुद्रमां फेंकी दीधी, तेथी तमारुं दयालुपणुं आश्चर्यकारी छे!!! तमे एक वर्ष पर्यंत सुवर्णनुं दान आपी विश्वने संतोष पमाड्युं अने एक दीन अबलाने दृष्टिथी पण संतोष पमाडी नहीं, ए तमारुं खरेखरुं दानेश्वरीपणुं जाण्युं!! त्रण ज्ञानवाला तमने वधारे ठबको आपवाथी शुं!!" आप्रमाणे निंदा, स्तुति अने ठबको आपती एवी ते स्त्रीउंनां वचनो सांजलता छता पण नहीं सांजलतानी पेठे थइ नेमिनाथ पोते चारित्ररूप लक्ष्मीने मलवामाटे चाल्या. पछी जगवान् हजारो यादवोसहित गाजता वाजता अने पगले पगले दान आपता श्री गीरनार पर्वत उपर आम्रवनमां आव्या. त्यां सर्व वस्त्र अने घरेणां उतारी छठनो तप करी त्रीश वरसे श्रावण शुदी छठने दिवसे चित्रा नखत्रमां सवारने पहोरे दीक्षा लीधी. ते वखते जगवानने मनःपर्यव नामनुं ज्ञान उत्पन्न थयुं. जेथी नारकादिक सर्व जीवोने पण क्षणिक सुख प्राप्त थयुं. हजारो राजाउंए प्रजुनी साथे चारित्र लीधुं. पछी कृष्ण अने बलजद्र प्रजुने वांदी पोतपोताने घरे गया.

हवे बीजे दीवसे नेमिनाथ महाराजे वरदत्त ब्राह्मणने घेर खीरथी छठनुं पारणुं कर्युं; तेथी देवताउए ते ब्राह्मणने घरे पुष्पनी अने सुवर्णनी वृष्टि करी तथा जय जय शब्द कर्यो. तेमज देवदुंदुभि पण वागवा लाग्या. पछी जगवान् चोपन दीवस सुधी विहार करी फरीने पाछा गीरनार पर्वतनी पासेना आम्रवनमां वेतस वृक्षनी तले आव्या. त्यां आशोवदी अमांस अने चित्रा नक्षत्रमां सवारे प्रजुने केवल ज्ञान उत्पन्न थयुं. इंद्रनुं आसन कंपवा लाग्युं; तेथी इंद्रो अवधिज्ञानथी प्रजुने केवल ज्ञान उत्पन्न थयुं जाणीने त्यां आव्या अने त्रीगडा गढथी समवसरणनी रचना करवा मांडी. दरेक शालामां धुपनी घटी, तोरण, ध्वजा, अने वाव्यो रची. मध्यशालामां अशोक वृक्ष रच्युं. तेनी नीचे रत्नजडित सुवर्णनुं सिंहासन कर्युं. सुवर्णना कमल उपर पग मूकता मूकता पूर्वद्वारमांथी समवसरणमां आवी श्रीनेमिनाथ महाराज “तीर्थायनमः” एवो उच्चार करीने सिंहासन उपर बीराज्या, एटले देवताउए त्रणे बाजु सिंहासन उपर त्रण प्रतिमाउ स्थापन करी. उद्यान पालके द्वारकामां जइने कृष्णने वधामणि दीधी, तेथी कृष्णे तेने साडाबार क्रोड रुपियानी वधाइ आपी. पछी कृष्ण अंतःपुर अने परिवार सहित अनेक यादवाने साथे लइ प्रजुने वांदवा माटे गीरनार उपर आव्या. जमरी जेम मालतीने मलवा जाय तेम हर्षित मनवाली राजीमती पण त्यां आवी. पछी संसार रूप कुवामां पडेला माणसोने दोरडी सरखी जगवाननी धर्मदेशना सांजली वरदत्त राजाए प्रजुपासे व्रतनी प्रार्थना करी; तेथी जगवाने बे हजार राजकुमार सहित वरदत्त राजाने तथा अनेक कन्याउ सहित राजीमतीने महोत्सवपूर्वक दीक्षा दीधी. जन्म थीज प्रजुना चरण कमल सेववाने मनवाली राजीमतीने जाणीने कृष्णे तेनुं कारण पूछ्युं एटले प्रजुए धन अने धनवतिना प्रथम जवथी नवे जवनी वात कही संजलावी. पछी तेमणे स्थापन करेला वरदत्त विगेरे अग्यार गणधरोए त्रीपदीने[1] पामीने सूत्रना बार अंगो रच्यां. दाशार्हे अने उग्रसेने प्रद्युम्न विगेरे पुत्रोसहित श्रावकधर्म आदर्यो तथा रामे अने कृष्णे सम्यक्त्व व्रत लीधुं. तेमज शिवादेवी, रोहिणी,

१ उपन्नेवा, विगमेवा, धुवेवा.

देवकी अने रुक्मिणी विगेरे स्त्रिउए प्रभुपासे श्राविकानो धर्म आदर्यो. आ प्रमाणे चतुर्विध संघ रचवामां पहेली पोरशी पूरी थइ, तेथी बीजी पोरशीमां गणधरोए धर्मोपदेश दीधो. त्रण मुखवालो, नरना वाहनवालो गोमेध नामनो यक्ष स्थाप्यो तथा शासननुं रक्षण करवामाटे सिंहना वाहनवाली कुष्मांडी नामनी देवी स्थापी. मनोहर अने आश्चर्यकारी प्रातिहार्य सहित लोकने प्रकाश करनार भगवाने पृथ्वी उपर विहार करी अनार्य देशना घणा भव्य जीवोने बोध कर्यो. प्रभुना अढार हजार साधुउ, चालीश हजार महासती साध्वीउ, एक लाख उगणोतेर हजार श्रावको, त्रण लाख उगणचालीस हजार श्राविकाउ, पंदरशें अवधिज्ञानीउ, पंदरशें केवलज्ञानीउ, पंदरशें वैक्रियलब्धिवाला, चौदशें दशपूर्वधारिउ अने अढारसें मनःपर्यवज्ञानीउ हता. ए प्रकारे परिवार सहित विहार करता अने धर्मनो उपदेश करता ते श्री नेमिनाथ मुक्तिरूप स्त्रीने वरवानी इच्छाथी फरीने पाछा गीरनार उपर आव्या. त्यां अंत्य देशना सांभलीने केटलाके सम्यक्त्व धारण कर्युं, केटलाके दीक्षा लीधी अने केटलाके श्रावकनो धर्म अंगीकार कर्यो. पछी पांचशे ने छत्रीश शांत एवा महामुनिउसहित नेमिनाथे पादपोपगमन अनशन लइ संथारो कर्यो अने आषाढ शुदी आठमने दिवसे अने चित्रा नक्षत्रमां चंद्रनो योग छते सिद्धिरूप स्त्रीना वक्षःस्थल 'छाति' ने विषे अलंकारताने पाम्या अर्थात् मोक्ष पाम्या. प्रद्युम्न सांब विगेरे कुमारो, नेमिनाथना भाइउ अने कृष्णनी पटराणीउ विगेरे पण भगवाननी सेवा करवा थकी मुक्तिना पात्र थया. मुक्त आत्मावाली राजीमती पण साध्वीउना समूह सहित नेमिनाथनी गतिनेज पामी. नेमिनाथना मातापिता चोथे देवलोके गयां. बीजा पण दशार्हकुलमां उत्पन्न थयेला पुरुषो देवगति पाम्या. त्रणसें वर्ष बाल्यावस्थामां अने सातसें छद्मस्थ तथा केवली अवस्थामां एम प्रभुनुं आयुष्य एक हजार वर्षनुं हतुं.

हवे देवताउए भगवानना शरीने चंदनयुक्त सुगंधि जलथी नवराव्युं, नैरुत्य खूणे गोशीर्ष चंदनथी चीता करीने अग्निकुमारे अग्नि कीधो; वायुकुमारे वायु नाख्यो; मेघकुमारे अग्नि शांत कर्यो एटले इंद्रे भगवाननी डाढ लीधी अने बीजी देवताउए अस्थी 'हाडकां' लीधां, वस्त्रो

राजाउंए लीधां अने जस्म सर्व लोकोए लीधी. बाकीना सर्व साधुउंनुं अंत्य कर्म देवताउंए कर्युं. पछी इंद्रे गीरनार पर्वतने विषे जगवाननी निर्वाण जूमिउपर मंडप कर्यो अने शीलामां पोताना वज्र थकी नाम लख्युं. एवी रीते क्षणमात्र नारकी जीवोने पण महा आनंदना तरंग सरखो विधिप्रमाणे सद्भक्तिथी उत्सव करीने सर्वे देवताउं नंदीश्वर गया. त्यां तेउं आठ दिवस साश्वता जिनेश्वरनुं पूजन करी, अठाइ उछव करी पोतपोताने स्थानके गया. जेवी रीते नेमिनाथ आठ जवथी अनुसरी रहेली राजीमतीने त्याग करी उत्तम स्थानने पाम्या, तेवी रीते जव्य पुरुषोए पण समये समये करवुं. इति नेमिनाथना नव जवनी कथा संपूर्ण थइ.

श्री मल्लिनाथनी कथा.

जेमना लंछननो कलश, नमन करता एवा जव्य जीवोनुं दर्शन थकीज कल्याण करे छे, ते श्री मल्लिनाथ तमने लक्ष्मी आपो. महिमाना समुद्ररूप जंबूद्वीपना प्रत्यक् विदेहमां विख्यात अने लक्ष्मीथी मनोहर सलिलावती नामे विजय छे. तेमां कलीयुगना अथवा क्लेशना मले करीने रहित वीतशोका नामनी नगरी छे. जे नगरीनी हवेलीउंनी जींते रहेला विचित्र मणिउंनी कांतिथी इंद्रे पोताना धनुष्यने लक्ष्मीवंत कर्युं छे एवी ते नगरीमां महा पराक्रमी बल नामनो राजा राज्य करतो हतो. तेने धरणी (पृथ्वी) थी अधिक गुणवाली शीलवंती धारणी नामनी स्त्री हती. तेउंने सिंहना सरखो शूरवीर महाबल नामनो पुत्र हतो. ते पुत्र ज्यारे अनुक्रमे यौवना अवस्था पाम्यो, त्यारे पिताए तेने चोसठ कलाउंनी जाण एवी पांचसें कन्याउं महोत्सवपूर्वक महा आनंदथी परणावी.

हवे ते महाबलकुमारने १ वैश्रमण, २ अजिचंद्र, ३ धरण, ४ पूरण, ५ वसु, अने ६ अचल ए छ मीत्रो हता. तेमनी साथे जीव जेम छ इंद्रिय साथे क्रीडा करे तेम महाबल वावी, कुवा. तलाव विगेरे स्थानके पोताने योग्य रमतथी निःशंकपणे रमतो हतो. एक वखते सेनासहित बल राजा वाडीये गयो; त्यां तेणे ज्ञानि आचार्यने जोइने वंदना करी. पछी महात्मा ते आचार्ये धर्मने जाणवानी इछावाला ते राजाने सहज स्नेहथी मेघना सरखी गंजीर वाणीये करीने धर्मदेशना

दीधी अने कह्युं के, " अज्ञानरूप झांऊवाथी आंधला थयेला तथा काम सुखनी ज्रांतिये करीने तरश्या थयेला प्राणीउं संसाररूप वनने विषे मृगनी पेठे ज्रमे ठे अने धन्य पुरुषो हजारो ङुःख आपनारा आ संसारने तृणनी पेठे त्याग करीने स्वर्ग तथा मोक्ष आपनारी जैनी दीक्षाने हर्षथी ग्रहण करे ठे." मुनिनी एवी देशना सांजली राजा विचार करवा लाग्यो के, " म्हारे राज्यना ज्ञारने धारण करे एवो पुत्र हजी थयो नथी; नहीं तो हुं दीक्षा अंगीकार करत." एवी रीते विचार करता राजाने जोइने मुनिए फरीथी कह्युं के " कर्मनुं बल विजयवंत ठतां त्हारा हृदयमां आ शी चिंता उत्पन्न थइ? वली सुखनुं कारण बालपणुं, यौवनपणुं के वृद्धपणुं नथी; पण सुख ङुःखनुं कारण तो पूर्व ज्ञवमां संपादन करेलुं कर्मज ठे. तिर्यंचोने, जेनुं कोइ रक्षण करनार नथी एवाने, तथा रोग विगेरेथी व्याकुल थयेला देहवालाने, वनमां पूर्वना कर्म विना बीजुं कोइ पण रक्षण करनार नथी; माटे त्हारे पण राज्यना ज्ञारने धारण करवाने समर्थ पुत्रनी चिंता करवी ते फोगट ठे; कारण के सर्वे प्राणिउं पोतपोतानां करेलां कर्म ज्ञोगवे ठे. वली जीवीत वायुए कंपावेला वडना पांदडानां सरखुं चंचल ठे, यौवन विजलीना सरखुं चपल ठे, शरीश क्षणिक नाश पामवाना स्वज्ञाववालुं ठे, प्रेम दर्ज उपर रहेला पाणी जेवो चंचल ठे अने वैज्ञवो पण अस्थिर ठे, माटे आत्महित करवुं. कारण के कोइ कोइनुं नथी." पठी जेना संकल्प विकल्प नाश पाम्या ठे एवा ते बलराजाए चारित्र ग्रहण कर्युं. पठी तपथी कर्मनो क्षय करी, सर्वने खमावी अने अंते केवल ज्ञान उत्पन्न करी ते बल मुनीश्वर मुक्तिरूप स्त्रीना शृंगारपणाने पाम्या. पठी प्रधान अने सामंतोए सारा मुहूर्तमां महाबलने राज्यासन उपर बेसाड्यो; तेथी ते पण बलराजानी पेठेज राज्य करवा लाग्यो. तेमज जेणे प्रतापथी शत्रुउने त्रास पमाड्या ठे एवो अने इंद्रियो सहित प्राणनी पेठे ठ मित्रयुक्त एवो ते पोतानी प्रजानुं रक्षण करवा लाग्यो. केटलेक दीवसे ते महाबलनी स्त्री कमलवतीए सर्व अंगथी उत्तम लक्षणवाला पुत्रने पूर्व दिशा जेम सूर्यने जन्म आपे तेम जन्म आप्यो. महाबल राजाए म्होटो जन्म महोत्सव कर्यो अने बारमे दीवसे तेनुं

बलजद्र एवुं नाम पाड्युं. पछी महाबल राजाए अनुक्रमे युवावस्थाने पामेला अने शस्त्र तथा शास्त्र विगेरे सर्व कलाउनो अभ्यास करेला ते महापराक्रमी बलजद्रने युवराजपदे स्थाप्यो. बलजद्र पण सावधान पणाथी राज्य कार्य करवा लाग्यो; तेथी महाबल पोताने कृतार्थ मानी जिन धर्म पालवामां सावधान थयो. वली दान, तप, शील, जावना अने जिनशासननी उन्नति इत्यादि धर्म कार्यथी तेणे पोतानो जन्म सफल कर्यो.

एक दिवसे विभ्रमथी ज्रांति पामेला जड माणसोए सेवन करेला कोइ पाखंडी पुरुषने जोइ महाबल विचार करवा लाग्यो के, "शुज अने अशुज फलवाला कर्मने जाणनारा मुनिउनेज धन्य छे; कारण के ते पुरुषो पोते संसार समुद्र तरे छे अने बीजाने तारे छे. वली खोटा मंत्र तंत्र विगरेना गीत गानारा पाखंडी पुरुषोने धिक्कार छे; कारण के जे पुरुषो मृगनी पेठे जवरूप पासने विषे मूढ जीवोने बांधे छे." इत्यादि संसारमां वैराग्यना कारणजूत विचार करीने, शुद्ध धर्मने विषे राखी छे बुद्धि जेणे एवा ते महाबल राजाए बलजद्रने राज्य सोंपी पोते चारित्र ग्रहण करवानी इछाथी श्रीवरधर्म गुरुपासे जइने चडतां परिणामथी पोताना छ मित्रोसहित दीक्षा लीधी. पछी संसारना जयनी सामे सुजट सरखा ते साते मुनियो आठ कर्मने जीतवानी इछाथी चारित्र पालवा लाग्या. मोक्ष लक्ष्मीनी इछावाला ते मुनिउए सर्वतो जद्र अने सिंहनिक्रिडितादिक तपे करीने कर्मनो क्षय कर्यो. उत्तम फलनी इछावाला महाबल मुनि तो तपने अंते पण रोगना दंजथी एटले मने रोग थयो छे, एवा मीषथी पारणुं पण करता नहीं; तेथी ते महाबलमुनिए उत्तम तप करता मायावडे करीने स्त्री नाम गोत्र बांध्युं. तेमणे विश स्थानक इत्यादि अरिहंतनी जक्ति विगेरे करीने तीर्थंकर नाम कर्म उपार्जन कर्युं. पछी चोराशी लाख पूर्वनी आयुष्यवाला ते साते मुनियो अनशन व्रत ग्रहण करी वैजयंत नामना अनुत्तर वैमानमां तेत्रीश सागरोपम आयुष्यवाला देवता थया.

हवे जंबूद्वीपना जरतक्षेत्रमां दक्षिण दिशाए विदेह देशमां जेनी समृद्धि जोइने स्वर्गमां रहेनारी देवांगनाउ पण शीथल थइ जाय छे

एवी मिथिला नामनी मनोहर नगरी छे. ते नगरीमां जेनो यशरूप कुंज आकाशमां (स्वर्गमां) अमृतना कुंज सरखो शोभतो हतो एवो इक्ष्वाकु कुलनो कुंभराजा राज्य करतो हतो. तेने शीलव्रतरूप अलंकारने धारण करनारी अने तारानी पेठे असंख्य गुणना समूहथी सुशोभित एवी प्रभावती नामनी राणी हती. हवे त्रण ज्ञानयुक्त महाबलनो जीव वैजयंत नामना अनुत्तर वैमान थकी चवीने नारकी जीवोने पण क्षणिक सुख उत्पन्न करतो सतो फागण शुदी चोथ अने अश्विनी नक्षत्रना योगमां रात्रीए राजहंस जेम कमलमां उतरे तेम चौद स्वप्न सूचवीने प्रभावतीना उदरमां अवतर्यो. महाबलना भवमां माया तप करवाथी तेने तीर्थंकरपणामां पण स्त्रीपणाए उत्पन्न थवुं पड्युं.

हवे प्रभावतीए पोताने प्रभात वखते आवेला चौद स्वप्ननी वात राजाने कही के, " हे स्वामिन्! म्हारा मुखमां हस्ति विगेरेने प्रवेश करता में आज स्वप्नमां दीठा तो तेनुं शुं फल हशे ? ते मने कहो. " पछी राजाए हर्ष पामीने राणीने कह्युं के, " हे देवी ! आ महास्वप्नथी तने म्होटो लाभ थशे. धन धान्यादिकथी भंडार तथा कोठार वृद्धि पामशे. दुःखे वश न करी शकाय एवा शत्रुओ वश थशे तेमज उत्तरोत्तर आपणी संपत्ति अधिक अधिक वधशे. कारण समय आवे तुं पूर्ण सद्गुणवाला अने कुलमां दीवा सरखा पुत्रने जन्म आपीश. " एवां कानने विषे अमृतना पारणा सरखां पतिनां वचन सांभलीने धर्मजागरणमां उद्यमवती थएली ते प्रभावती राणीए रात्री निवृत्त करी. निरंतर देवताओए उपासना करवायोग्य ते प्रभावतीए पतिना मनोरथ सहित पृथ्वी जेम निधान (द्रव्यना भंडार) ने धारण करे तेम गर्भने धारण कर्यो. राजाए पुंसवनादिक जे जे कर्म करवानी इच्छा करी ते ते कर्म चोसठ इंद्रीयो मलीने करेला दीठा. तेमज प्रभावतीए पण देश कालने योग्य एवा गर्भने पोषण करनारा विहार, आहार अने कार्यवडे करीने गर्भनुं पोषण कर्युं. प्रभावतीने त्रीजे मासे शुभ गर्भना प्रभावथी पुष्पनी शय्यामां सूवानो दहोलो उत्पन्न थयो, ते कुंभ राजाए पूर्ण कर्यो.

हवे मागशर शुदी अग्यारसने दीवसे अश्विनि नक्षत्रमां चंद्रनो योग थते सते, प्रभावतीए तेजथी दीवानी कांतिने पण नाश करनारी, सर्व

अंगमां सुंदर लक्षणवाली, इंद्रनीलमणिना सरखी कांतिवाली अने कुंभना लांछनवाली एक पुत्रीने जेम पूर्वदीशा सूर्यनी प्रतिमाने जन्म आपे तेम जन्म आप्यो. ते वखते तेजवडे करीने सर्व जगत् प्रकाशमय थइ गयुं. नारकी जीवोने पण क्षणिकसुख उत्पन्न थयुं. दिशाउं प्रकाश पामी. वायु सुखकारी वावा लाग्या अने जगत् योगीना चित्तनी पेठे आनंदमय थइ गयुं. ते वखते अधोलोकमां रहेनारी आठ कुमारीकाए आसनकंपथी प्रभुना जन्मने अवधिज्ञानथी जाणी पोतपोताना परिवार अने वैमानसहित पोताना कार्य करवामाटे त्यां आवीने जिनेश्वर भगवानने तथा तेमनी माताने प्रणाम कर्यो अने "हे मात! तमारे भय पामवो नही." एम कहीने हजार स्तंभवालुं अने पूर्वाभिमुखवालुं सूतिकागृह बनावीने संवर्तवायुथी योजन पर्यंत भूमिने शुरू करी इशान तरफ उभी रही.

पछी उर्ध्वलोकमां रहेनारी आठ कुमारी आसन कंपथी प्रभुना जन्मने जाणी मेरुपर्वत उपरथी त्यांआवीने योजन प्रमाणभूमिने सुगंधीजलथीछांटी तथा पुष्प वृष्टि करी जिनेश्वर भगवानना गुण गावा लागी. पछी रुचक पर्वतना पूर्वभाग उपरथी आठ कुमारीउं आवी दर्पण हाथमां झालीने पूर्वदिशामां उभी रही. एवामां बीजी मनोहर कांतिवाली रूचक पर्वतना पश्चिम भाग उपर रहेनारी आठ कुमारीकाउं प्रभुना गुण गाती आवीने अने हाथमां झारीउं झालीने दक्षिण दीशामां उभी रही. पछी रूचक पर्वतना दक्षिण भाग उपर रहेनारी आठ कुमारीकाउं आवीने अने हाथमां विंझणा झालीने पश्चिमदिशामां उभी रहीने जिनेश्वर भगवानना गुण गावा लागी. रूचक पर्वतना उत्तर भागमां रहेली बीजी आठ कुमारीउं आवीने चामर ग्रहण करीने उत्तर दिशामां उभी रही. पछी तेज पर्वतना खूणाना भाग उपरथी बीजी आठ कुमारीकाउं आवीने दिवाउं हाथमां झालीने इशानादिक खूणामां उभी रही. वली रूचक द्वीपथी बीजी चार कुमारीकाउंए आवीने पृथ्वीमां विवर करीने श्री प्रभुना नालने नाख्युं.

पछी ते सर्व कुमारीउंए जिनेश्वरना जन्मगृह थकी पूर्व, दक्षिण अने उत्तर दिशामां चार शालाउंथी मनोहर एवां केलनां गृहो रच्यां अने

ते दरेकमां सुवर्णना सिंहासन मूक्यां. ते उपर जिनेश्वर ज्ञगवानने मातानी साथे बेसारी लक्षपाक विगेरे सुगंधि तेल चोळी, पवित्र जळथी नवरावी, रूडां वस्त्र धारण करावी, केशर, चंदन विगेरे सुगंधि पदार्थो चोपडीने पुष्पोना हार पहेराव्या. पछी रक्षाने माटे ज्ञस्मनी पोटलीउ बांधी अने काननी पासे पथ्थरना बे गोळाउ वगाड्या. ए प्रमाणे ज्ञक्तिनो क्रम करीने नाच करती ते कुमारीकाउ ज्ञगवानना गुण गावा लागी. पछी स्वर्गमां शाश्वती घंटा वागवा लागी अने इंद्रोना आसन कंपवा लाग्या; तेथी इंद्रे अवधिज्ञाने करीने जिनेश्वरनो जन्म जाणीने सुघोशा घंटा वगाडी एटले सावधान थयेला कोटी देवताउ ज्ञेगा थया. पछी ते वखते अनुचरोए बनावेला, लाख योजनना विस्तारवाला, मध्यमां माणिक्यना पीठवाला, पांचसे योजन उंचा एवा पालक नामना विमानमां इंद्र वैक्रिय रूप धारण करीने देवता साहीत बेसिने अनेक वाजींत्रोना शब्द सहित मिथिला नगरीमां ज्यां उंगणीशमा तीर्थंकरनो जन्म थयो हतो, त्यां आव्यो. पछी सूतिकागृहमां जइने इंद्रे जिनेश्वर ज्ञगवानने नमस्कार करी प्रज्ञावतीने पण नमस्कार कर्यो अने हाथ जोडीने कह्युं के, "हे मात ! तमारा उदरने विषे प्रज्ञुए अवतार धारण कर्यो छे, जेथी त्रण लोकने विषे पुत्रीवंत माताउमां तमे सर्वथी श्रेष्ठ छो. हुं अहीं ज्ञगवाननो जन्ममहोत्सव करवा आव्यो छुं; माटे तमारे म्हाराथी ज्ञय पामवो नहीं. पछी इंद्रे दासीउ सहित प्रज्ञावतीने प्रस्वापिनी नीद्रा मूकी अने जिनेश्वरनी माताना पडखामां कृत्रीम प्रतिमा मूकी पोते पांच रूपथी जिनेश्वरने सेवन करवानी इछाथी पांच रूप धारण करी गोशीर्ष चंदनवाला हाथमां एक रूपथी ज्ञगवानने ग्रहण कर्या. बीजा रूपथी ज्ञगवानने माथे छत्र धारण कर्युं. बे रूपथी चामर नाखवा लाग्यो अने एक रूपथी ज्ञगवाननी आगल वज्र उछालतो चाल्यो. एवी रीते ज्ञगवानने मेरुपर्वत उपर पांडुकवनमां ज्यां शाश्वतुं रत्नसिंहासन छे, त्यां लेइ गयो अने ते सिंहासन उपर प्रज्ञुने खोळामां लेइने बेठो. पछी बीजा अच्युत विगेरे त्रेसठ इंद्रो पोतपोतानी समृद्धिसहित आव्या. सर्वे देवताउए विविध प्रकारना रत्नजडीत उत्तम सोनाना कलशोमां ज्ञरेला तीर्थना जळथी ज्ञगवान उपर अज्ञिषेक कर्यो. पछी इशानेंद्रे

पांच रूप धारण करी पोताना खोलामां प्रजुने बेसार्या, एटले सौधर्मेंद्रे अजिषेक कर्यो. जगवाननुं अजिषेक जल देवताउंए सिद्ध चूर्णनी पेठे ग्रहण करीने आजरणनी पेठे सर्व अंगे चोपडी दीधुं. पढी गंधनुं लेपन करी, दीव्य वस्त्र धारण करावी, माथे मुगट, काने कुंडल अने कंठमां दीव्य मोतीना हार पहेराव्या. हाथे बाजुबंध, कांडे कडां, केडमां घुघरीवालो कंदोरो अने पगमां रत्नजडीत कडलां पहेराव्या; तेथी ते सर्वे अलंकारो परस्पर अत्यंत शोजवा लाग्या. पढी जंगम कल्प वृक्षनी पेठे प्रजुने पूजीने मणिपीठने विषे अष्ट मंगलीक करी आरती उतारीने सौधर्माधिपति अप्सराउंए नृत्य करवा मांडे सते गायन करवा लाग्यो. ए प्रमाणे देवताउं हर्षथी स्तुति करीने परिवारसहित नंदीश्वर द्वीपे गया. त्यां अठाइ महोत्सव करी पोतपोताने स्थानके गया. सुधर्माधिपति पण प्रथमनी पेठे पांच प्रकारनुं रूप करी अने पोताना हाथमां जगवानने लइ पाढो मिथिला नगरीमां सूतिकागृहने विषे आव्यो. त्यां तेणे मातानी पासे प्रजुने मूकीने कृत्रिम प्रतिमानुं तथा निद्रानुं हरण कर्युं. वली जगवानना उंशींगे बे रेशमी वस्त्र अने रत्नजडित कुंडल मूक्यां तथा प्रजुना नेत्रने आनंद पमाडवामाटे उंचे रत्नजडित्र सुवर्णनुं दोरडुं बांध्युं. पढी इंद्रनी आज्ञाथी कुबेरे कुंजराजाना घरने विषे बत्रीश क्रोड सुवर्णनी वृष्टी करी. आ लोकने विषे जे जे सुख डुर्लज हतुं; ते ते सुख प्रजुनी जक्ति थकी कुंजराजाने मल्युं. वली इंद्रे पटह वजडावी त्रण लोकमां आज्ञा करी के, "जे कोइ जिनेश्वर जगवाननो अथवा तेमनी मातानो डुष्ट विचार करशे तेनुं मस्तक आर्जक मंजरिनी पेठे हुं वज्रवडे कापी नाखीश.!! जगवानने नवरावववा, डुधपान करावववा, अलंकार पहेरावववा अने क्रीडा करावववा माटे इंद्रे पांच देवांगनाउंने धाव तरीके राखी. तेमज प्रजुना जमणे अंगुठे अमृत संचार्युं. पढी इंद्र नंदीश्वर द्वीपने विषे पूर्व दीशामां अंजनाचल पर्वत उपर आठ दीवस उत्सव करीने पोताने स्थानके गयो.

हवे प्रजावती पोताना पडखामां सूतेली अने अलंकृत करेली पुत्रीने जोइने हर्षना जारथी इंद्र विगेरेनुं आववुं अने जवुं थयुं हतुं, तेनो विस्मय पणाथी विचार करवा लागी. कुंजराजाए ते सर्वे वात जाणीने घणा हर्षथी

पुत्रजन्म थकी पण अधिक पुत्रीना जन्मनो महोत्सव कर्यो. तथा राज्यना सात अंगनी उत्तम वृद्धि जोइने ते प्रभुना जन्मनिमित्ते घणां म्होटां तुष्टिदान आप्यां. पछी केटलाक राजाए कह्युं के, "आ तमारी पुत्री निश्चे मुक्ति पामशे." एवी वात सांभलीने कुंभराजाए सघलो करवेरो माफ कर्यो. छठीने दीवसे जागरण पूर्वक बछीनो महोत्सव करी अने बारमे दीवसे सगा संबंधिउंने तेडावी, जमाडी, वस्त्र विगेरेनी भेट आपी अने पुत्रीनुं मल्लि एवुं नाम पाड्युं. पछी अंतःपुरनी राणीउंए लाड लडावेली अने इछाप्रमाणे क्रीडा करती ते पुत्री नंदनवनमां रहेली कल्प वेलनी पेठे वधवा लागी. कर्मना क्षय अने उपशम थकी गुरुनी पासे अभ्यास कर्या विना पण सर्व कलाउं ते पुत्रीने जाणे प्रथमथी शीखेली होयनी? एम प्राप्त थइ. पचवीश धनुष उंची, पवित्र लावण्यथी मनोहर, अने त्रण ज्ञाने करीने पवित्र ते मल्लि कुमारी अनुक्रमे युवावस्था पामी.

हवे वैजयंत देवलोकथी चवीने महाबलना मित्र अचलनो जीव आ भरत क्षेत्रमां साकेतन नगरने विषे प्रतिबुद्धि नामना राजाना पदने पाम्यो हतो. तेने प्रेमवाली पद्मावती नामनी राणी हती. एक दिवसे पद्मावती सहित प्रतिबुद्धि राजा यात्रा करवा जतो हतो; एवामां रस्ते तेणे प्रफुल्लित पुष्पनो *मोगर अने पुष्पनो मंडप दीठो; तेथी राजा ते बन्ने वस्तुने अने पोतानी प्रियाने वारंवार जोवा लाग्यो अने वखाणवा लाग्यो के, "आवी वस्तु हालमां कोइ ठेकाणे पण जोवामां आवती नथी." एवां राजानां वचन सांभली सुबुद्धि प्रधाने कह्युं के, "हे देव! आ ते शुं छे! कारण के पृथ्वी घणां रत्नवाली होय छे. जुवो के, कुंभराजाने घेर मल्लि नामनी कन्या छे; तेवी बीजी रूपनी रेखा कन्या त्रण जगमां नथी; कारण के, जगत्ना कर्ता ब्रह्माए पोतानी चातुरी जोवाने माटे घणीज संभालथी पुष्पनीमालानी पेठे ते मल्लि कुमारीकाने सृजी छे." प्रधाननां एवां वचन सांभलीने पूर्वभवनी प्रीतिथी उत्पन्न थएला अनुरागने लीधे तेणे ते मल्लि कुमारीकानुं मागुं करवा माटे दूतने कुंभ राजा तरफ मोकल्यो.

हवे वैजयंत देवलोक थकी धरण मित्रनो जीव चवीने पृष्ठचंपा नग-

१ मल्लिनाथना पूर्वभवना. * पुष्पना झाड उपर प्रफुलित पुष्पनो जथ्थो.

रीमां चंद्रछाय नामनो राजा थयो. ते नगरीमां जिनधर्ममां निश्चल प्रीतिवालो नयसार नामनो शेठ रहेतो हतो. एक वखते ते शेठ वहाणमां बेसीने बीजा देशमां वेपार करवा जतो हतो. हवे एवुं बन्युं के एक वखते इंद्र पोतानी सन्नामां बेठो बेठो ते नयसार शेठनी जैनधर्ममां रहेली नक्तिना वखाण करतो हतो; तेथी एक देवने इर्ष्या उत्पन्न थइ; तेथी ते देव नयसार शेठनुं वहाण समुद्रमां जतुं हतुं, त्यां आव्यो अने वहाणने घणुंज कंपाववा लाग्यो. पछी शेठनी धर्ममां दृढता जोवाने माटे ते बोल्यो के "हे शेठ! जो तुं जैनधर्म छोडी दइने म्हारो आश्रय करे तो हुं त्हारा वहाणने तारुं; नही तो बूडुं जाण." प्राणजवाने वखते कयो बुद्धिवान् माणस आलोक अने परलोकमां सुख आपनारा श्रीजैन धर्मने त्याग करे? अर्थात् कोइ करे नहीं. तेम ते शेठे ज्यारे जैन धर्म त्याग न कर्यो; त्यारे ते देव प्रत्यक्ष रूप धारण करीने उन्नो रह्यो अने स्वर्गमां थयेली वात कही तेनां वखाण करवा लाग्यो. पछी ते देव "देवतानुं दर्शन निष्फल न होय." एम कही नयसार शेठने रत्नजडीत चार कुंडल आपी स्वर्गमां गयो अने नयसार शेठ कुशलपणाथी समुद्रने उतरी मिथिला नगरीमां आव्यो. त्यां तेणे कुंन्नराजाने बे कुंडल नेटमां आप्यां, कुंन्नराजाए पण पोतानी पासे उन्नेली मल्लि कुमारीने ते कुंडलो आप्यां. पछी ते नयसार शेठ क्रय विक्रय (लेवा देवारूप वेपार) करीने पाछो पोतानी पृष्ठचंपा नगरीमां अव्यो अने त्यां पण तेणे चंद्रछाय राजाने बे कुंडल आप्या. ते राजाए नयसार शेठने आश्चर्यथी पूछ्युं के, "आ कुंडल तमने क्यांथी मल्या?" नयसारशेठे कुंडलनी प्राप्तिनी वात कही अने कह्युं के, "बे कुंडल कुंन्नरानी पुत्री मल्लिकुमारीने आप्यां छे; पण हे राजन्! ते मल्लि कुमारीना रूपनुं वर्णन एक मुखथी करी शकाय तेम नथी, एवी ते रूववंती छे." नयसार शेठनां एवां वचन सांन्नली पूर्व न्नवना स्नेहथी वश थयेला ते राजाए पोते मल्लिकुमारीने परणवा माटे पोतानो दूत कुंन्नराजा पासे मागुं करवा मोकल्यो.

हवे पूरण मित्रनो जीव वैजयंत देवलोक थकी चवीने श्रावस्ती नगरीमां रुक्मी नामनो राजा थयो. तेने धारणी नामनी स्त्री हती. एक दीवसे ते रुक्मी राजाए पोतानी पुत्रीनुं घणुंज मनोहर रूप जोइने आश्चर्यथी पोतानो

द्वारपाल के जे परदेशथी आवेलो हतो, तेने पूछ्युं के, "हे द्वारपाल! म्हारी पुत्रीनुं जेवुं रूप अने समृद्धि छे, तेवुं रूप अने समृद्धि तें बीजी कोइ कन्यानी जोइ होय तो मने कहे?" एवां राजानां वचन सांभली कंचुकीए कह्युं के, "हे देव! माणसो पोतानी मरजी प्रमाणे गमे तेम बोले, पण गुण अने अगुणनुं पारखुं तो आयात माणसो करे छे. वली मन तो पोताना दोषोने गुण सरखा माने छे; परंतु पक्ष पात विना आयात माणसो जे वात कहे ते वातज कबुल करवी पडे. हे महिनाथ! सांभलो. मिथिला नगरीमां कुंभराजा राज्य करे छे. तेने मल्लि नामे कुमारी छे. तेनुं जेवुं रूप छे तेवुं रूप पृथ्वीमां कोइ ठेकाणे नथी. वली तेनी जेवी समृद्धि छे तेवी समृद्धि स्वर्ग लोकमां पण कोइ ठेकाणे जोवामां आवती नथी." एवां कंचुकीनां वचन सांभली पूर्वना स्नेहथी वश थयेला ते रुक्मी राजाए पोते मल्लिकुमारीने परणवा माटे दूतने कुंभराजा पासे मागुं करवा मोकल्यो.

हवे वसु मित्रनो जीव वैजयंत देवलोक थकी चवीने वाराणसी नगरीमां विजय लक्ष्मीना स्तंभ सरखो शंख नामनो राजा थयो. हवे एक दिवसे नयसार शेठे मल्लि कुमारीने आपेला कुंडलो भागी जवाथी कुंभराजाए सोनीने आपीने कह्युं के, "आ कुंडलोने सारा करी आप." एटले सोनीए कह्युं के, "महाराज! देवताए आपेला कुंडलो सारा करवाने हुं समर्थ नथी." तेथी राजाए रीसाइने तेने काढी मूक्यो; तेथी ते सोनी वाराणसी नगरीमां आवी बीजे दिवसे राजाने मलवा माटे कचेरीमां गयो. शंख राजाए तेने देशना कौतुकोनी वात पूछी, तेथी ते सोनीए मल्लिकुमारीना रूपनुं वर्णन कर्युं, एटले पूर्वना स्नेहथी वश थएला शंख राजाए पोते मल्लिकुमारीने परणवाने माटे दूत कुंभराजा पासे मागुं करवा मोकल्यो.

हवे वैश्रमणनो जीव वैजयंत देवलोक थकी चवीने हस्तिनापुर नगरमां अदीनशत्रु नामनो राजा थयो. एक दिवसे मल्लिकुमारीना सगा भाइ मल्लकुमारे परदेशथी आवेला केटलाक चितारा पासे चित्रशाला रंगावा मांडी. तेमां एक चितारो एवो हतो के, ते देवना वरदानथी कोइ पण माणसनुं एक अंग देखीने तेनुं सर्व अंग चितरी आ-

पतो. एक दिवसे ते चितारे गोखमां उन्नेली मल्लिकुमारीना पगनो अंगुठो दीठो; ते उपरथी तेणे मल्लिकुमारीनुं सर्व अंग एक तकतामां चितरीने उनुं कर्युं हतुं. एवामां मल्लकुमार चित्रशालामां आव्यो, तो तेणे तकतामां चितरेली मल्लिकुमारीनी मूर्ति जोइने भ्रांतिथी "ए मल्लिकुमारी पोतेज उन्नी बे." एम जाणीने शरमथी पाडो वल्यो,एटले मल्लिकुमारीनी दासीए कह्युं के, " हे राजकुमार ! तमे भ्रांति पाम्या डो; कारणके ते मल्लिकुमारी पोते नथी; पण तेनी चितरेली मूर्ति बे. " एवां दासीनां वचन सांजलीने क्रोध करीने तेणे चित्रकारनो हाथ कापी नाख्यो अने पोताना देशमांथी काढी मूक्यो; तेथी ते बीचारो चित्रकार फरतो फरतो हस्तिनापुरमां गयो अने त्यां तेणे अदीनशत्रु राजा आगल मल्लिकुमारीना रूपनी वात कही; एटले ते राजाए पण पूर्वजवना स्नेहथी मल्लिकुमारीनुं शल्यनी पेठे ध्यान करता पोते मल्लिकुमारीने परणवा माटे पोताना दूतने कुंजराजा पासे मागुं करवा मोकल्यो.

हवे अग्निचंद्रनो जीव वैजवंत देवलोक थकी चवीने कांपिल्य नगरीमां जितशत्रु राजा थयो. कोइ वखते कुंजराजाना अंतःपुरमां एक पाखंडी स्त्री धर्मनो उपदेश देती हती, तेने मल्लिकुमारीए धर्मना वादविवादमां जीतीने पोताना राज्यमांथी काढी मूकी. तेथी ते स्त्रीए कांपिल्य नगरमां आवीने जितशत्रु राजानी पासे मल्लिकुमारीना रूपनी वात कही; तेथी तेणे पण पूर्वजवना स्नेहथी मल्लिकुमारीने पोते परणवामाटे दूतने कुंजराजा पासे मागुं करवा मोकल्यो.

हवे मल्लिकुमारीए पण पूर्वजवना स्नेहथी प्रार्थना करनारा ते राजाउने अवधिज्ञानथी पोताना पूर्वजवना मित्रो जाणी तेमने बोध करवा माटे पोताना घरना अशोकवनमां मध्यजागे सुशोनित घरमां एक रत्नजडीत्र सोनानुं सिंहासन कराव्युं अने तेनी पासे रत्नजडीत्र सोनानि पोतानी पोली मूर्ति करावी, के जेने माथे डीद्रने सोनाना कमलथी ढाकेलुं हतुं. तेनी फरतुं जुदा जुदा बारणावालुं अने जुदा जुदा खंडवालुं जालीनुं घर कराव्युं, के जेमां उन्नेला माणसो एकबीजाने जोइ शके नहीं. पडी ते पुतलीने वस्त्र घरेणां वगेरे पहेरावी अने तेना पोला जागमां एक घणी डुर्गंधवाली नली पुतलीनी जोडनी जींतमांथी मूकावी. हवे जेजे

राजाए दूत मोकल्या हता; ते सर्वे दूतो कुंजराजा पासे आवीने मल्लिकुमारीनुं मागुं करवा लाग्या, एटले कुंजराजाए दूतोने कह्युं के, "तमारा सरखा राजाने मल्लिकुमारी परणाववाने मारूं मन मानतुं नथी." एम कहीने तेमने रजा आपी; तेथी ते सघला दूतोए पोतपोताना राजाने ते वात कही. पछी क्रोध पामेला अने पूर्वजवना अन्यासने लीधे प्रीतिथी वश थइ रहेला ते राजाउ पोतपोताना मनमां विचार करवा लाग्या के, "बीजामां आसक्त थइ रहेली मल्लिकुमारीने बीजा राजा साथे परणावशे अने अमने नहीं आपे तो अमे तेने बलथी परणशुं." एम विचारीने पोतपोतानां सैन्य लइने जेम पूर्वेना कर्मो मनुष्यने घेरी ले, तेउए मिथिलानगरीने घेरी लीधी. कुंजराजा आकुल व्याकुल थयो ने हवे शुं करवुं तेनुं तेने कांइ सूज्युं नहीं, तेथी तेने मल्लिकुमारीए कह्युं के, "हे तात! तमे ते आवेला सर्वे राजाउने जूदा जूदा आपणा घेर तेडावो." पछी कुंजराजाए सर्वे राजाउने जूदा जूदा के जेथी एकबीजा जाणी न शके तेम तेडावी रत्नजडीत सोनानी पुतलीना चारे तरफना घरमां बेसार्या ज्यां के बेठेला ते सर्वे राजाउ मध्यजागनी पुतलीने जोइ शकता हता. पछी ते सर्वे राजाउ मल्लिकुमारीरूप पुतलीने जोइने ज्रांतिथी "आ मल्लिकुमारी छे." एम मानीने हर्ष पामवा लाग्या. पछी पुतलीना माथा उपर रहेला छिद्रनुं ढांकणुं गुप्तरीते कोरे कर्युं, एटले तेमांथी घणोज डुर्गंध निकल्यो के जे डुर्गंधिथी सर्वे राजाउ नाक आडां लुगडां दइने उठवा मंड्या. एवामां मल्लिकुमारीए आवीने कह्युं के, "अरे राजाउ! रत्नजडित सोनानी पुतलीमां आवडो बधो डुर्गंध रहेलो छे; तो आ चांबडाथी अने हाडकाथी बनेला तथा मलमूत्र जरेला म्हारा देहने विषे केम प्रीतिवाला थयो छो? कयो विवेकी माणस विशाला (इंद्रवारूणी) नुं फल लेवानेमाटे तत्पर थाय? विषयो विष सरखा, अने अवगुणे करीने तो विष थकी पण घणाज डुष्ट छे. कारण के, विष एक जवनो नाश करे छे, पण विषय तो अनेक जवनो नाशकरे छे. हे राजपुत्रो! इंद्रियरूप चंचल घोडाउ मनुष्यने सारा मार्गमांथी नरकरूप घोर वनमां फेंकी दे छे. तो कयो विद्वान् माणस तेने वखाणे? व्याधिना पांजरारूप शरीरने विषे यौवननो पवन उछली रहे छते कयो पुरुष बहु जव आपनारा विषयनी इछा करे? एवीरीते पूर्वजवना आख्या

नथी बोध पमाडेला ते छ राजाउने जातिस्मरण ज्ञान उत्पन्न थयुं. पछी ते सर्वे राजाउ मल्लिनाथने कहेवा लाग्या के, "अमने अमारा नगरे जवानी आज्ञा आपो. अमे त्यां जइने संसारनो नाश करनारूं चारित्र लेशुं." मल्लिनाथे कह्युं के, "ज्यारे मने केवलज्ञान उत्पन्न थशे, त्यारे तमने चारित्रनी प्राप्ति थशे." ए वात सांजली सर्वे राजाउ मल्लिनाथने खमावी अने नमस्कार करी पोतपोताने नगरे गया.

पछी मल्लिनाथने जन्मथी मांडीने सो वर्ष पुरां थयां, त्यारे लोकांतिक देवताउए आवीने तेमनी विनंती करी के, "हे महाराज! दीक्षा ग्रहण करवानो समय थयो छे; माटे जगत्‌ना अनेक जीवोने अर्थे तीर्थ प्रवर्तावो." एम प्रजुनी प्रार्थना करीने लोकांतिक देवता पोताने स्थानके गया. पछी मल्लिनाथे प्रथम देवताए आपेला (जन्म वखते देवताए वृष्टि करी हती, ते द्रव्यथी सांवत्सरीक दान दीधुं. पछी मागशिर शुदी अग्यारसने दिवसे त्रणसो राज्य स्त्रीउ साथे मनुष्य अने देवताउए उपाडेली पालखीमां बेसीने अनेक मनुष्योए चामर नाखेला मल्लिनाथ सहस्त्रावनमां अशोक वृक्षनी नींचे आव्या. त्यां पालखीमांथी उतरी वस्त्र तथा घरेणांने उतारी अष्टम तप करी सवारना पहोरमां देवडुष्य वस्त्र पहेरीने दीक्षा लीधी. सामायक सूत्रनो उच्चार कर्यो एटले तेमने मनःपर्यव ज्ञान उत्पन्न थयुं. तापथी तपेला वटेमार्गुने जेम मार्गनुं वृक्ष क्षण मात्र सुखकारी थाय छे, तेम जिनेश्वर जगवाननी दीक्षा नारकी जीवोने पण क्षणमात्र सुखकारी थइ.

पछी तेज दिवसे श्री मल्लिनाथने कर्मना क्षयथी केवलज्ञान उत्पन्न थयुं. जेथी इंद्रनुं आसन कंपवा लाग्युं अने स्वर्गलोकने विषे डूतिनी पेठे घंटा वागवा लागी. इंद्र अवधिज्ञानथी जिनेश्वरने केवलज्ञाननी उत्पत्ति जाणी विमानमां बेसी देवतासहित त्यां आव्यो अने बीजा पण अच्युत विगेरे सर्वे इंद्रो पण पोतपोताना परिवारसहित त्यां आव्या. पछी वायुकुमार देवताउए योजन परिमीत जूमिने शुद्ध करी; मेघकुमारोए सुगंधिजलथी छांटी; वैमानीक देवताउए रत्न विगेरेथी ध्वजा पताका अने तोरण विगेरेथी सुशोजित करी; वैमानीक देवताउए पहेलो रत्नमय गढ रच्यो अने तेना उपर मणिउना कांगरा कर्या. ज्योतिषी देव-

ताउंए वचलो सोनानो गढ कर्यो अने तेना उपर उत्तम रत्नोथी कांगरा रच्या. जवनपतिउंए त्रीजो रूपानो गढ रच्यो ने तेना उपर कमलना सरखा सोनाना कांगरा रच्या. जाणे धर्म लक्ष्मीना विवाहने अर्थे चार मांडवा बनाव्या होयनी? एम अकेका गढमां चार चार दरवाजा राख्या तथा दरेक दरवाजा पासे धूप घटी अने कमलथी मनोहर वाव्युं बनावी. मध्यमां समवसरणनुं म्होटुं मनोहर चैत्यवृक्ष व्यंतर देवताए बनाव्युं. तेनी नींचे रत्नजमीत पीठ कराव्युं. तेना उपर प्रजुने बीराजवा माटे पूर्वाजिमुखे सुवर्णनुं सिंहासन मूक्युं. तेना उपर त्रण रत्न सरखा त्रण छत्र गोठव्यां, के जेनी समीपे उजेला यक्षो प्रजुने चामरो नाखे. समवसरणना एक बारणे धर्म चक्र अने बीजे बारणे प्रजुने विसामो करवा माटे देवछंद स्थापन कर्युं.

एवी रीते समवसरणनी उत्तम रचना कर्या पछी कोटी देवताउंथी वींटलायेला जगवान् कमल उपर पग मूकता मूकता पूर्वद्वारमांथी समवसरणमां आव्या अने चैत्यवृक्षने तथा तीर्थने नमस्कार करीने जेम मेरु पर्वतना शिखर उपर मेघ बेसे तेम रत्नजमित सोनाना सिंहासन उपर बेठा.

पछी ते सिंहासननी बीजी त्रण बाजुए व्यतरोए जगवाननां प्रतिबिंब स्थापन कर्यां. प्रजुना मस्तकनी पाछल रहेलुं जामंडल जाणे प्रजुने सेववामाटे तेजनां पुंजलो आवेला होयनी? एम शोजवा लाग्युं. आकाशमां देवताउंनां डुंडुजि वाग्ये सते प्रजुना विजयने जाणे जाहेर करती होयनी शुं? एम ध्वजा पण उंचे शोजवा लागी. ढींचण परिमाण पुष्पनी वृष्टि पण जाणे त्रास पामता कामदेवना हाथमांथी तेनां बाणो पडी गयां होयनी? एम अत्यंत शोजती हती.

सर्व सजा पोतपोताने स्थानके बेठा पछी इंद्रे पोते हाथ जोमीने मल्लिनाथ प्रजुनी स्तुति करी. ते आ प्रमाणे. शरण रहित माणसोना समूहने शरण आपनारा, चारित्रना मंदिर, समजावने धारण करनारा, निर्मल कमलना पांदडाना सरखा मनोहर हाथ पगवाला, जन्म मरणरूप रणसंग्रामना जयने नाश करनारा हे प्रजो! तमे जयवंता वर्तो. संसारने जय आपनारा, शेंकडो नेत्रवाला, निरंतर चंद्र सरखा मुख-

वाला, देवता अने विद्याधरोए स्तुति करेला, समये समये धर्मोपदेश आपनारा, अजय दान आपनारा अने दयावंत एवा हे प्रजो ! तमे जयवंता वर्तो. बीजा मतधारीउना मदने दावा नलसमान, कपटने दूर करनारा, सर्व जगतना रोगने समावनारा, जलसहित मेघना सरखा गंजीर शब्दवाला अने जयकारी वचनवाला हे प्रजो ! तमे जयवंत वर्तो. मोक्षपदने विषे प्रीतिवाला, गणधरोए निरंतर सेवेला, गजराजना सरखी गतिवाला, मदना जारे करीने अत्यंत गाढा वनने मेघ सरखा, उज्वल दांतवाला अने जयने नाश करनारा हे प्रजो ! तमे जयवंता वर्तो जयवंता वर्तो.

इंद्र आ प्रमाणे एक स्वरथी स्तुति करीने श्री जिनेश्वरना सन्मुख दृष्टि राखीने पोताने आसने बेठो. प्रतिबुद्धादि बीजा अनेक राजाउसहित कुंजराजा पण त्यां आवी जिनेश्वरने प्रदक्षिणापूर्वक नमस्कार करी प्रजुना सन्मुख बेठो. श्री मल्लिनाथ प्रजुए पण सर्वे प्राणीउ पोत पोतानी जाषामां समजी शके तेवी संसारथी वैराग्य प्रगट करवाना कारणरूप देशना आपी. देशनाथी प्रतिबोध पामेला प्रतिबुद्धादि राजाउए चारित्र लीधुं अने कुंजराजाए श्रावकपणुं धारण कर्युं. जेउए त्रीपदि पामीने क्षणमात्रमां बार अंगो रच्यां ते जिषगादिक अठ्ठावीश पुरुषो श्री मल्लिनाथना गणधरो थया. साडा पांच घडी पूर्ण थइ ते वखते कुंजराजा *आढक प्रमाण कलमना चोखानुं बलि लाव्या. वाजिंत्रना शब्द पूर्वक ते बलिने पूर्व द्वारे थइने समवसरणमां लावीने देवता तथा माणसोए प्रजुनी सन्मुख उजा रहीने उंचे उराड्यो. तेमांथी अर्धो जाग उंचेथी देवता लइ गया. बाकीना अर्धा जागमांथी अर्धो जाग राजाउए लीधो अने बाकी रह्यो ते सामान्य माणसोए लीधो. प्राप्त थएलो ते बलिनो एक दाणो सर्व प्रकारना रोगने नाश करनारो थाय छे; माटे सर्वे प्राणीउ तेने छ माससुधी मेलववानो प्रयत्न करे छे. प्रजुने केवलज्ञान उत्पन्न थयुं, तेना बीजे दिवसे प्रजुए विश्वसेनना घरने विषे खीरथी पारणुं कर्युं, तेथी ते विश्वसेनना घरने विषे पांच दिव्य प्रगट थया. श्री मल्लिनाथ प्रजुना तीर्थने विषे हस्तिना वाहनवालो, चार मु-

* बसे छप्पन मुठी. १ उंची जातना चोखा.

खवालो अने आठ हाथवडे सुशोभित एवो कुबेर नामे यक्ष हतो. ते यक्षना जमणा चार हाथमां वरद, अभय फरशी अने त्रिशूल हतां. तथा डाबा चार हाथमां मातुलिंग, अक्षसूत्र, मुद्गर अने तरवार हतां. श्री मल्लिनाथ प्रभुनी शासन देवी वैरोट्या नामनी चार हाथवाली देवी हती. तेमना जमणा बे हाथमां वरद, अने माला हती; तेमज डाबा हाथमां तरवार अने मातुलिंग हता. श्री मल्लिनाथ प्रभुना चालीश हजार साधुओ, पंचावन हजार साध्वीओ, सातसें आठ चौद पूर्वधारिओ, बावीशसें अवधिज्ञानि मुनिओ, एक हजार सातसें पचास मनःपर्यव ज्ञान धारिओ, बे हजार नवसें वैक्रिय लब्धिवाला मुनिओ, चौदसें वादलब्धिने धारण करनाराओ, एक लाख तासी हजार श्रावको अने त्रण लाख सात हजार श्राविकाओ; ए प्रमाणे सघलो परिवार हतो.

पछी क्रोडो देवताओए सेवन करेला तथा साधु, साध्वी, श्रावक अने श्राविका ए चार प्रकारना संघसहित श्री मल्लिनाथ प्रभु विहार करता छता पृथ्वीने पवित्र करवा लाग्या. कुमार अवस्थामां, व्रतपर्यायमां अने केवली अवस्थामां एम सर्व मली प्रभुनुं पंचावन हजार वर्षनुं आयुष्य हतुं. पछी पांचसें साधु अने पांचसें साध्वीना परिवारसहित समेत शिखर उपर जइ त्यां एक मासनुं अनशन लइ फागण शुदी बारशने भरणी नक्षत्रमां एकविशमा तीर्थंकर श्री मल्लिनाथ प्रभु मोक्ष लक्ष्मी पाम्या. ते वखते आसनकंपथी इंद्रोए अवधिज्ञानथी प्रभुनो मोक्ष जाण्यो; तेथी तेओ मोक्षउत्सव करवा माटे त्यां आव्या. क्षणमात्र नारकी जीवोने पण सुख आपनारो मोक्षउत्सव करीने तेमज उपद्रव न थवाना हेतुथी प्रभुनी दाढ दांत विगेरे लइने सर्वे देवताओ नंदीश्वर द्वीपे गया; अने त्यां अट्ठाइ महोत्सव करीने पछी पोतपोताना विमानना मानवस्थंभ उपर वज्रमां प्रभुनी दाढ तथा दांतो उपद्रव न थवा माटे राख्या. श्रीअरनाथ तीर्थंकर मोक्ष पाम्या पछी एक हजार क्रोड वर्षे श्रीमल्लिनाथ जिनेश्वर मोक्षपद पाम्या. हे मुनीश्वरो ! तमे, स्त्रीपणुं छतां पण सर्व माणसोनी मध्ये उत्तम तेमज तीर्थंकर पदवीने शोभावनारुं अने शीले करीने उज्वल एवुं श्री मल्लिनाथना आश्चर्यकारी चारित्रने सांभलो. मोक्षपदनी इछावाला श्री मल्लिनाथ प्रभुए जेवी रीते निश्चयथी शीलव्रत पा-

ह्युं छे; तेवी रीते भव्य जीवोए पण निष्कपटपणाथी शीलव्रतने पालवुं.

इति श्री रुद्रपल्लिय गच्छमां भट्टारक श्री संघतिलक सूरिनी पाटे आभरणरूप सोमतिलक सूरिए रचेली शीलोपदेश मालानी टीका शीलतरंगिणीमां श्री मल्लिनाथ प्रभुनुं चरित्र समाप्तम्.

हवे चारित्रनुं दृढपणुं कहेछे.

सः जयतु स्थूलभद्रः आश्चर्यकारिचरितपरिकरितः

सो[२] जयउ[४] थूलभद्दो[३], अच्छेरयकारिचरियपरिअरिउ ॥

यस्याद्यापि ब्रह्मव्रते जगति वाद्यते यशढक्का

जस्सज्जवि बंभवए, जयंमि वज्जेइ जयढक्का ॥ ४१ ॥

शब्दार्थः– (अच्छेरयकारि के०) आश्चर्यकारी एवा (चारियपरिवरिउं के०) शीलव्रतरूप चारित्रे करीने सुशोभित थएला (सो के०) ते (थूलभद्दो के०) स्थूलभद्रजेते (जयउ के०) जयवंता वर्त्तो; कारण के, (जयंमि के०) आ जगत्नेविषे (जस्सज्जवि के०) जे स्थूलभद्रनो आजसुधी पण (बंभवए के०) ब्रह्मव्रत पालवाने विषे अर्थात् शीलव्रत पालवाथी उत्पन्न थएलो (जसढक्का के०) जयनो ढोल (वज्जइ के०) वागे छे. ॥ ४१ ॥

विशेषार्थः– प्रथम बार वर्षसुधी भोगवेली कोश्या वेश्याना घरने विषे रहीने षट्रस भोजन करता सता पण जे आश्चर्यकारी शीलव्रत रूप चारित्रथी सुशोभित थया छे, एवा आर्यसंभूति आचार्यना शिष्य ते स्थूलभद्र जयवंता वर्त्तो; के जे शकटाल मंत्रिना पुत्र स्थूलभद्रनो कामदेवनी सेनाने जीतवारूप विजयनो ढोल घणां वर्ष वीत्यां सतां आजसुधी पण आ जगतने विषे वागी रह्यो छे. ॥ ४१ ॥

स्थूलभद्रनी कथा.

आ भरतखंडने विषे पाटलीपुर नामनुं नगर छे. जे नगरना चैत्यो उपर रहेला सुवर्णना कलशो रात्रीए सूर्यनी भ्रांति करता हता. ते नगरमां, जेनी कीर्ति रूप नर्तकी नव खंडमां नृत्य करी रही हती, एवो प्रजाने आनंद पमाडनारो नंद नामनो राजा राज्य करतो हतो. तेने शक-

टाल नामनो महाबुद्धिवंत प्रधान हतो. तेने गुणे करीने जाणे लक्ष्मीनी शोक्य होय नहीं शुं? एवी अने जेनी कोमलता तथा कलाथी जाणे मृगलीउए वननोज आश्रय कर्यो होय नहि शुं? एवी लक्ष्मीवती नामनी स्त्री हती. प्रधानने लक्ष्मीवतीना उदररूप छीपमांथी उत्पन्न थएला, मुक्ताफलना सरखी कांतिवाला, स्थूलभद्र अने श्रीयक नामना बे पुत्रो हता. तेमां स्थूलभद्रे ते नगरमां रहेती एवी कोशा वेश्याने विषे मोह पामीने तेनी साथे क्षण मात्रनी पेठे बार वर्ष निवृत्त कर्या हता. अने श्रीयक नंदराजानो अंगरक्षक तथा विश्वासनुं पात्र थयो हतो.

ते नगरमां वररुचि नामनो एक महा बुद्धिवंत अने वाचाल कवि रहेतो हतो. ते हमेशां एकसोने आठ नवां काव्यो करीने नंद राजानी स्तुति करतो हतो. परंतु ते मिथ्यात्वी होवाथी मंत्री तेनी प्रशंसा करतो नहीं; तेथी राजा ते कविने कांइ आपतो पण नहीं. कह्युं छे के– राजाउ हमेशां परमुख (बीजा कहे तेम करनारा) होय छे. एक दिवस उपायने जाणनारा महाकवि वररुचिए मंत्रीनी स्त्री लक्ष्मीवती पासे जइने शकटाल मंत्री पोताना काव्यनी राजानी सभामां प्रशंसा करवा बाबत विनंती करी. कह्युं छे के– कपटथी मदोन्मत्त हस्तिउ पण वश्य करी शकाय छे. पछी लक्ष्मीवतीए कहेली ते वात शकटाले कबुल करी. कह्युं छे के– हाथथी घरेडीनी पेठे स्त्रीउथी कयो पुरुष भ्रमित नथी थतो? अर्थात् सर्व थाय छे.

पछी बीजे दिवसे मंत्रीसहित नंद राजा सभामां आव्यो, त्यारे वररुचिए हंमेशना नियम प्रमाणे काव्यो कह्यां एटले मंत्रीए "अहो वाणीनी शी मधुरता छे!" एम प्रशंसा करी. ते उपरथी प्रसन्न थएला नंद राजाए तेने एकसोने आठ सोना म्होरो आपी. कह्युं छे के– राजाउ हमेशां पशुउनी पेठे कोइना कहेवा प्रमाणे करे छे. आ प्रमाणे हमेशां वररुचिने सोना म्होर आपता एवा राजाने एक दिवसे मंत्रीए ना पाडी एटले राजाए मंत्रीने कह्युं के– "हुं तो फक्त तमारी प्रशंसाथीज आपतो हतो." मंत्रीए कह्युं. "अन्य पुरुषोए करेला काव्यने विषे प्रशंसा शी? वली ते वखते तो में काव्यना गुणोनी प्रसंशा करी हती; परंतु कविनी नहीं." राजाए कह्युं. "त्यारे शुं ते कवि म्हारी

जुनां काव्योथीज प्रशंसा करतो हतो ? "कह्युं छे के– काचा माटीना घडानी पेठे राजाउनो समागम तत्काल नाश पामे छे. पछी मंत्रीए कह्युं. " कवि जे काव्यो कहे छे ते काव्यो म्हारी पुत्रीने पण आवडे छे; तेथी हुं ते काव्यो काले सवारे संजलावीश. "

बीजे दिवसे मंत्रीए यक्षा यक्षदत्ता, जूता, जूतदत्ता, रेणा, वेणा अने एणा ए साते पुत्रीउने के जेउमां पहेली एक वखत सांजलेलां काव्यो कही सकती हती. बीजी बे वखत सांजलेलां काव्यो कही सकती हती. एम अनुक्रमे सातमी सात वखत सांजलेलां काव्यो कही शकती हती. ते सातेने वररुचिना आव्या पहेलां सज्रानी एक बाजुए पडदानी अंदर बेसारी. पछी वररुचि आव्यो ने तेणे हमेशांनी पेठे काव्यो वांच्या, एटले शकटाल मंत्रीनी पुत्रीउ सरस्वतीनी पेठे अनुक्रमे ते काव्यो बोली गइ; ते उपरथी क्रोधायमान थयेला राजाए ते वररुचिने तुष्टिदान आप्युं नहीं. कह्युं छे के– घडाने बनाववो कठीण छे; परंतु फोडवो कठीण नथी.

हवे वररुचि एवो ढोंग करवा लाग्यो के– ते हमेशां गुप्तरीते सांजे गंगाना जलने विषे एकसोने आठ सोना म्होरोनी पोटली मूकी आवतो अने बीजे दिवसे सवारे गंगानी स्तुती पूर्वक ते पोटलीने ग्रहण करतो. आ प्रमाणे करता एवा ते कविए सर्व लोकने आश्चर्य पमाड्या. कह्युं छे के– धूर्त पुरुषोए बाह्य दृष्टिवाला क्या क्या पुरुषोने नथी छेतर्या ? अर्थात् सर्वेने छेतर्या छे. पछी मंत्रीए तेना कपटनी वात गुप्त अनुचरोथी जाणी लीधी. कारण कह्युं छे के– शत्रु पासे छते बुद्धिवंत पुरुषो सुखथी निद्रा लेता नथी. पछी तेणे गुप्त अनुचरो मोकली वररुचिए गंगामां मूकेलुं द्रव्य मगावी लीधुं. बीजे दिवस सवारे वररुचि गंगाने कांठे गयो. त्यां कौतुक जोवाने माटे मंत्री सहित राजा पण आव्यो. कविए गंगानी स्तुति करीने पछी गुप्त रीते यंत्रने खेंच्यो पण द्रव्य पड्युं नहीं; तेथी ते सर्व माणसोना जोता छतामां विलक्ष बनी गयो. अने जाणे पातालमांज पेशी जवानी इछा करतो होय नहीं शुं ? एम लज्जाथी नीचा मस्तकवालो देखायो. पछी मंत्रीए कह्युं. " अमे बीजानुं द्रव्य ग्रहण करता नथी; माटे तुं आ त्हारुं द्रव्य ग्रहण कर. " एम कहीने तेणे सोना म्होरोनी पोटली पाछी आपी अने राजाने तेना कपटनी वात निवे-

दन करी. ते उपरथी राजा ते प्रधाननी बुद्धिनां वखाण करवा लाग्यो.

हवे सर्पनी पेठे छिद्रने खोलतो एवो वररुचि मंत्रीना घरनी चेष्टा जाणवाने तेनी (मंत्रीनी) दासिउने पूछवा लाग्यो. एक दिवस श्रीयकना विवाहने प्रसंगे शकटाल मंत्री राजाने भेट आपवा माटे छत्र चामरादिक कराववा लाग्यो. ते वात मंत्रीनी दासीउ पासेथी सांभलीने टाढथी पीडाएलो माणस जेम कंबलने पामीने आनंद पामे तेम हर्ष पामेला वररुचिए पोतानी पासे अभ्यास करता एवा बालकोने आ प्रमाणे बोलवानुं शीखव्युं के " शकटाल मंत्री जे करवानो छे, ते मूढ लोको नथी जाणता. ते राजानो नाश करीने पोताना पुत्र श्रीयकने राज्य आपशे. " आ प्रमाणे बोलता एवा ते बालकोनी वात राजा पासे पहोची. ते उपरथी राजा विचार करवा लाग्यो के " बालको स्वेछाथी जे बोले छे, स्त्रीउ जे कहे छे अने उचितु जे वाक्य संभलाय छे; ते घणुं करीने खोटुं होतुंज नथी. " आ प्रमाणे विचार करीने राजाए गुप्त अनुचरो मंत्रीने घरे जोवा मोकल्या. तेउए जेवुं जोयुं हतुं तेवुं राजा आगल कह्युं; तेथी राजा अत्यंत कोपायमान थयो.

पछी सवारे मंत्रीए सभामां आवीने प्रणाम कर्यो, एटले राजाए अवलुं मुख कर्युं, ते उपरथी मंत्रीए तेना चित्तनो अभिप्राय जाणीने घरे आवी पोताना पुत्र श्रीयकने एकांतमां बोलावीने कह्युं. " हे वत्स ! कोइ दुष्ट पुरुषे राजाने म्हारा उपर कोपायमान कर्यो छे, ए एक आपणा कुलने विषे म्होटो अकस्मात् उत्पात उत्पन्न थयो छे. वली ते उत्पात हुं जीवुं त्यां सुधी निवृत्ति पामे तेम पण नथी; माटे हुं सवारे सभामां जइने राजाने प्रणाम करुं ते वखते त्हारे शस्त्रवती म्हारुं मस्तक छेदी नाखवुं. " श्रीयके कह्युं. " शुं आवुं निर्दय कृत्य म्लेछ पण करे खरो ? " एम कहीने रुदन करवा लागेला श्रीयकने फरीथी मंत्रीए कह्युं. " हे पुत्र ! वृद्धावस्थाथी व्याप्त थएला एवा मने मारीने तुं आपणां कुलनो उद्धार कर. कारण के एक कोडीना नाशथी कोटी द्रव्यने कयो पुरुष न इछे ? अर्थात् सर्व इछे छे. वली हुं तालपुट विषने भक्षण करीनेज नाश पामीश; परंतु त्हारे म्हारुं मस्तक छेदीने राजाने एम कहेवुं के— हे स्वामिन् ! हुं दुष्ट पितानी इछा राखतो नथी. " पिताए आ प्रकारे

महा कष्टथी समजावेला श्रीयके तेज प्रमाणे करीने " आ राजानो द्रोही छे. " एवी रीते भ्रांति पामेला सभ्य लोकोने बोध पमाड्यो. पछी राजाए कह्युं. " तें पूज्य पितानो वृथा वध केम कर्यो ?" श्रीयके उत्तर आप्यो के " तेवा सुवर्णनुं शुं प्रयोजन छे ? के जेनाथी कान तुटे. "

पछी मंत्री मुद्रा आपता एवा राजाने श्रीयके आ प्रमाणे कह्युं. " हे देव ! स्थूलभद्र नामनो म्हारो म्होटो भाइ कोशा वेश्यानां गृह प्रत्ये रह्यो छे, तेने ए मुद्रा आपो. " ते उपरथी राजाए स्थूलभद्रने बोलावी मंत्री मुद्रा धारण करवानुं कह्युं. स्थूलभद्रे उत्तर आप्यो के " हुं विचारीने कहीश. " पछी ते पासेना अशोक वनमां गयो; त्यां जइने योगिनी पेठे एकाग्र चित्तथी विचार करवा लाग्यो के– " म्हारे मंत्रिमुद्रानुं शुं प्रयोजन छे ? कारण शाकिनी रूप मंत्री मुद्रा धारण करे छते धनथी आकुल थयेलो मनुष्य स्वजनने विषे अथवा अन्य जनने विषे निर्पेक्षपणाने पामे छे. कुल धर्मनो त्याग करीने अने धर्मना अज्ञानी रहीने पण मंत्री मुद्रा धारण करनारा पुरुषे स्वामीनुं कार्य बराबर रीते करी आपवुं पडे छे. वली तेमां पण जो दैवयोगथी स्त्रीने वश्य थयो तो नरकथी पण वधारे दुःख आ लोकमां भोगववुं पडे छे. वेश्या स्त्रीउथी पण वधारे निंदा करवा योग्य मंत्री मुद्रा छे. तो पछी कृत्याकृत्यने जाणनारो कयो पुरुष ते मुद्राने धारण करवाने आदरवंत थाय ? देव, दानव अने मनुष्योने पूजवा योग्य पुण्यवंत महात्माउ व्रतरूप चक्रवर्ती पणाने भोगवतां छतां पोते संसार समुद्रथी तरे छे अने बीजाउने तारे छे; माटे हुं मंत्रीमुद्राने न स्वीकारतां इष्टफलने आपनारी जैनी दीक्षाने धारण करुं. " एम विचार करीने स्थूलभद्रे तत्काल लोच कर्यो अने रत्न कंबलथी बनावेला रजोहरणे करीने सुशोभित एवा तेणे सभामां जइने राजाने धर्म लाभ दीधो. ते वखते राजाए " हे मंत्रीसुत ! तें आ बहु सारुं कर्युं ! बहु सारुं कर्युं ! ! के जे दुःसाध्य एवा कार्यनो आरंभ कर्यो. " एम कहीने बहु प्रशंसा करी.

पछी मोहराजानी सेनाने जीतवा माटे व्रतरूप बखतरने धारण करता एवा ते स्थूलभद्र, [1]संनद्ध एवा सुभटनी पेठे त्यांथी चाल्या. ते व-

१ बखतर पहेरेला अने हथियार धारण करेला.

खते राजाए पण सर्व प्रकारनी शमताने धारण करनारा स्थूलभद्रना घणां वखाण कर्यां. पछी स्थूलभद्रे श्री संभूतिविजय आचार्यना चरणकमलनो आश्रय करीने सर्व सावद्यथी विराम पामीने व्रत अंगीकार कर्युं. पछी ज्ञानरूप अंकुशथी वश थयेला भद्रक हस्तिनी पेठे जिनेश्वरप्रणित धर्मक्रियानुं आचरण करता छता ते विहार करवा लाग्या.

अहिं जेम सूर्य अस्त थया पछी लक्ष्मी कमलिनीनो आश्रय करे तेम मंत्री मुद्राए श्रीयकनो आश्रय कर्यो. अर्थात् राजाए श्रीयकने मंत्री मुद्रा आपी; तेथी तेणे पण पोताना पिताना वेरनुं स्मरण करीने कोशा वेश्यानो आश्रय कर्यो. कारण तेवां जनो पण कपट साध्य वस्तुना कार्यने विषे काम आवे छे.

एक दिवस एकांतमां बेठेला श्रीयके स्थूलभद्रनी वार्ताथी कोशा वेश्यानुं मन, जेम टंकणखारथी धातुने पिंगलावी नाखे तेम पिंगलावी नाख्युं अने पछी कह्युं के "हे प्रिये ! स्थूलभद्रने दीक्षा लेवरावी अने पितानी एवी स्थिति करी ए सर्व वररुचिनुं काम छे; माटे म्हारे पण ए वेर त्हारी सहायथी लेवुं छे." श्रीयकनां आवां वचन सांभलीने कोशाए हास्यथी कह्युं. "ते वेर शी रीते लेवाशे ?" श्रीयके उत्तर आप्यो के– "त्हारी ब्हेननी साथे तेने घणीज प्रीति छे; माटे जो ते वररुचिने मद्यपान करावे तो हुं कृतार्थ थाउं." पछी कोशाए पोतानी ब्हेन पासे वररुचिने मद्यपान करवानो अभ्यास कराव्यो. कह्युं छे के– पवित्र माणसो पण पडतीने वखते पोताना कुलाचारने त्यजी दे छे. पछी वैरना साधनमां उद्यमवाला श्रीयके पण वररुचिनी साथे बीलाडी जेम उंदरनी साथे मित्रता करे तेम मित्राइ करी. वररुचि पण भ्रमर जेम पद्मवनमां जा आव करे तेम निरंतर राजानी सभामां जा आव करतो अने राजा पण कवितानी प्रीतिथी हंमेशां तेनां वखाण करतो, तेथी गाडरीआ प्रवाहना सरखा लोकने विषे ते कवि पूज्यपणाने पाम्यो हतो.

कोइ अवसरे एकांतमां बेठेला राजाए श्रीयकने कह्युं के "जेवो इंद्रने मंत्री गुरु छे; तेवो अमारे शकटाल हतो. जेम रात्री चंद्र विना शोभती नथी; तेमज म्हारी सभा शकटाल मंत्री विना शोभती नथी; तेथी नश्चय में कागडाने उडाडवाने माटेज रत्न फेंकी दीधुं छे." राजानां

आवां वचन सांजलीने श्रीयके कह्युं. " स्वामिन्! शुं करीए? मद्यपान करनारा वररुचिए ए खोटी वात उडाडवाथी एम थयुं छे!" राजाए कह्युं " शुं ए विप्र मद्यपान करे छे?" मंत्रीपुत्र श्रीयके उत्तर आपता जणाव्युं के " ते वात हुं आपने सवारे देखाडीश."

बीजे दिवस सजा जराइ एटले प्रथमथी शीखवी राखेला मालीए सर्वे माणसोने एक एक कमलनुं पुष्प आप्युं अने वररुचिने मदनफलना चूर्णवालुं कमलपुष्प आप्युं. श्रीयक कमलने सुंघीने तेनी सुगंधी विषे वखाण करवा लाग्यो. ते उपरथी सर्वे माणसो पोतपोताना कमलपुष्पने सुंघवा लाग्या. वररुचि पण उत्साहथी पोताना कमलपुष्पने सुंघवा लाग्यो, एटले मदनफलनुं चूर्ण उंचा श्वासने लीधे नाकमां पेशी गयुं, तेथी तेने उलटी थइ. पछी राजाए अने बीजा सजाना माणसोए वररुचि मद्यपान करे छे के नहीं तेनी परिक्षा करवामाटे तेनुं मुख सुंघ्युं; एटले मद्यना जेवी वास आववा लागी, तेथी सजाना सर्वे माणसोए तिरस्कार करेलो वररुचि तत्काल पोताने घेर गयो. तेना पुत्रोए मद्यपान संबंधि प्रायश्चित्त करवा माड्युं, पण एटलामां ते वररुचि श्रीयकना वैरने लीधे मृत्यु पाम्यो. पछी शकटाल पुत्र श्रीयक, नंद नृपतिना राज्यना साते अंगने धारण करतो छतो निर्विरोधपणे स्वार्थ, परार्थ तथा राज्यार्थने साधवा लाग्यो. स्थूलजड मुनि पण अनुक्रमे द्वादशांगीना धारक थया.

एकदा वर्षाकाल प्राप्त थवाने वखते त्रण साधुउ गुरुनी पासे आवीने संसारनो निग्रह करवामां निपुण एवा अजिग्रहोने धारण करवा लाग्या. एके कह्युं. " हुं चार मास उपवास करीने सिंहनी गुफा आगल कायोत्सर्गे रहिश." बीजाए कह्युं. " हुं पण चार मास सुधी उपवास करतो छतो दृष्टि विष सर्पना राफडा आगल कायोत्सर्गे रहीश." त्रीजा साधुए एवो अजिग्रह लीधो के, " हुं पण चार मास सुधी उपवास करतो छतो कुवाना मंडाण उपर कायोत्सर्गे रहिश." पछी संजूतिविजय आचार्य जेटलामां पोताना श्रुत ज्ञानथी ते मुनिउना तपनी शक्ति जाणीने तेमने आज्ञा आपे छे; एटलामां तो स्थूलजडे कह्युं के, " हे प्रजो! हुं पण षट्रसनो आहार लेतो छतो कोशा वेश्यानी चित्र

शालामां चोमासुं निर्गमन करीश." गुरुए स्थूलभद्रनी सर्व इंद्रिओनुं वश्यपणुं जाणीने तेमने तथा बीजा त्रण शिष्योने पोतपोताने स्थानके जवानी आज्ञा आपी. पछी पेला त्रण शिष्यो पोत पोताने स्थानके गया अने स्थूलभद्र मुनि पण कामदेवनी इर्ष्याथी कोशा वेश्याने घरे गया. पोताने त्यां आवेला मुनिने जोइ कटाक्षथी जाणे मंडपनेज उभो करती होय नहि शुं ? एम ते वेश्या तत्काल उठीने कहेवा लागी. "हे नाथ ! मने शी आज्ञा छे ? जे होय ते कहो." मुनिए धर्मलाभ आपीने तेनी चित्रशाला मागी. कोशाए ते आपी एटले शमताना समुद्ररूप ते महात्मा जेम मदोन्मत्त हस्ति विंध्याचलने विषे रहे तेम तेमां रह्या.

पछी "चारित्रने न सहन करी सकवाथी अने पूर्वना स्नेहथीज ए मुनि म्हारा घरे फरीथी आवेला छे." एम विचार करती एवी ते वेश्या मुनिने षट्रस आहारथी भोजन कराववा लागी. वली "निश्चय लज्जाथी मने कंइ कही शकता नथी." एम धारती ते वेश्या बपोरना वखते मुनिनी पासे आवीने कटाक्ष फेंकवा लागी; परंतु मुनिनुं चित्त जरा पण कंपायमान थयुं नहीं; तेथी ते वेश्याए पोतानुं वक्षस्थल (छाति) बतावी हाव, भाव अने विलास करवा मांड्या. पण ते तो पोताना आत्माने श्रमरूपज थया, कारण के आकाशने विषे चित्रनी रचना जरा पण थइ शकती नथी. "ग्रहण करेली दीक्षा जेना प्रभावथी सिद्धयोगने अर्थे थाय छे ? जे कारण माटे मांखण सरखा कोमल आ मुनि आ अवसरे म्हारी पासे वज्र सरखा कठोर थया !" ए प्रकारे विचार करती अने पूर्वना स्नेहने वारंवार स्मरण करती ते वेश्या पूर्वे भोगवेला भोगोने संभारवा लागी; परंतु कमलिनीना पत्रना सरखा निर्लेप हृदयवाला मुनि तो ते वेश्याने जाणे गुप्तरीते आलोयणा ग्रहण करती होय नहि शुं ? एम मानवा लाग्या. जेम पाणीने जुदुं करवा माटे करेला प्रहार अने वैराग्यवंत पुरुषोने धारण करावेला पुष्पना हार निष्फल थाय छे, तेमज कोशाए करेला सर्वे विकारो ते स्थूलभद्र मुनिने विषे निष्फल थया. वली वेश्याए करेला शृंगारो अने विकारो ते महामुनिने विषे जेम पर्वत उपर सिंहे मारेली फाल मिथ्या थाय तेम फोकट थया. जे-

म बुद्धिवंत वाचाल पुरुषनुं विज्ञान सज्ञाने विषे वृद्धि पामे, तेमज वेश्याए करेला उपसर्गथी मुनिनुं ध्यानतेज वधारे वधारे वृद्धि पामवा लाग्युं.

पछी अत्यंत खेद पामेली वेश्या मुनिना चरणने विषे प्रणाम करीने कहेवा लागी. " हे प्रज्ञो ! में पूर्वना अन्यासथीज तमारे विषे आ अपराधो कस्या छे, तेने हवे आप क्षमा करो."पछी ते वेश्याए मुनिनी आज्ञाथी पोताना धर्मनो त्याग करी श्रावक धर्म अंगीकार कस्यो अने एवो अजिग्रह धारण कस्यो के,"आजथी म्हारे राजाए प्रसन्न थइने मोकलेला पुरुषा विना बीजा सर्वे पुरुषोनो जावजीव सुधी नियम छे."

हवे पेला त्रण साधुउ के जेउ सिंहनी गुहा आगल, सर्पना राफडा आगल, अने कुवाना मंडाण उपर चार मास सुधी कायोत्सर्गे रहेवानो अजिग्रह लइने गया हता; तेउ चोमासुं पूर्ण थयुं, एटले जाणे पोतेज पुरुषार्थरूप होय नहिं शुं ? एम गुरुनी पासे आव्या. तेउने आवता जोइने गुरुए कांइक उठीने कुशल समाचार पूछ्या अने वखाण करीने कह्युं के, " तमे डुष्कर कार्य कस्युं छे. " पछी स्थूलजद्र आव्या. तेमने जोइने गुरु सामा तेडवा माटे गया अने प्रशंसा करीने कहेवा लाग्या के "हे महाजाग ! तमे तो बहुज डुष्कर डुष्कर कार्य कस्युं छे." गुरुनां आवां वचन सांजलीने पासे बेठेला पेला त्रण शिष्यो इर्ष्याथी मांहोमांहे कहेवा लाग्या के, " अहो ! मंत्रीनो पुत्र जाणीने गुरुए तेमने आ प्रमाणे अति डुष्कर डुष्कर कह्युं ! ! जो षट्रसना आहारथी डुष्कर डुष्कर करनारा थवातुं होय तो आपणे पण आवतां चोमासामां अनुक्रमे तेज तप करशुं. " पछी इर्ष्यानुं पोषण करनारा ते त्रणे साधुउए महाकष्टथी आठमास निवृत कस्या. चोमासुं बेसवाना समये सिंहगुहावासी साधुए गुरुपासे आवीने स्थूलजद्र प्रमाणे कोशा वेश्याने त्यां रहेवानी विज्ञप्ति करी. गुरुए उपयोगथी जाण्युं के " ते स्थूलजद्रनी स्पर्धा करे छे. " परंतु तेम रहि शकवाने असमर्थ एवा ते मुनिने जाणीने गुरुए कह्युं. " हे मुनि ! स्थूलजद्र प्रमाणे करवुं बहु डुष्कर छे, माटे ते आग्रह मूकी द्यो. कारण शेष विना बीजो कयो पुरुष पृथ्वीनो जार धारण करवाने समर्थ छे ?" आ प्रकारे गुरुए घणा वास्या; परंतु मुनि तो आग्रहथी तेज व्रतने धारण करी कोशाने त्यां आव्या अने तेनी चित्रशाला मा-

गीने हस्तिशालामां जेम रासभ रहे तेम रह्या. वेश्याए जाण्युं के "आ मुनि स्थूलभद्रनी स्पर्धा करीने आव्या छे." ए उपरथी परिक्षा करवाने माटे तेणे मुनिने षट्रस आहार भोजन कराववा मांड्यो.

पछी विविध प्रकारना अलंकारोने धारण करी शृंगारोथी सुशोभित थइ जाणे साक्षात् कामदेवनी क्रीडा भूमी होय नहीं शुं? एवी ते वेश्या मुनिनी पासे आवी. ते वखते तेना मुखरूप चंद्रने जोइ क्षोभ पामेला मुनिना चित्तरूप समुद्रने विषे दीर्घकालथी सुइ रहेलो वडवाग्नि प्रदिप्त थयो. पछी कामरूप विषना तरंगोथी नाश थइ छे धीरता जेमनी एवा ते मुनि पोताना साधुपणाने, तपनी क्रीयाने तथा स्थूलभद्रनी स्पर्धाने भूली गया; तेथी तेमणे कोशा पासे विषयसुखनी याचना करी एटले तेणे उत्तर आप्यो के, "द्रव्य आपीने पछी इष्ट कार्य पूर्ण करो." वेश्यानां आवां वचन सांभलीने मदनज्वरथी दीन नेत्रवाला मुनिए फरीथी कह्युं. "हे भद्रे! अमारी पासे द्रव्य क्यांथी होय? माटे मने तत्काल प्रसन्न था." पछी स्थूलभद्र पासेथी सांभल्यो छे जैनधर्मनो उपदेश जेणे एवी कोशाए मुनिने खेद पमाडवा माटे कह्युं. "हे साधो! जो तमारे भोग भोगववानी इच्छा होय तो नेपाल देशमां जाउ. त्यांनो दयावंत राजा परदेशथी आवेला साधुउने एक एक रत्नकंबल आपे छे ते लइ आवो ने पछी इष्ट कार्य करो." वेश्यानां वचनथी मुनि नेपाल देशमां गया. त्यांथी रत्नकंबल लइ तेने वांसमां नांखी भ्रमर जेम मालतीनुं स्मरण करे तेम कोशानुं स्मरण करता पाछा फर्या. रस्ते मुनिने जोइने पल्लीपतिना पोपटे "लक्ष जाय छे." एवो उच्चार कर्यो. ए उपरथी चोर लोकोए मुनिने रोक्या अने जोयुं पण कंइ मल्युं नहीं एटले तेमने जवा दीधा. पोपटे फरीथी उच्चार कर्यो के, "लक्ष जाय छे." तेथी चोर लोकोए मुनिने रोकीने पूछ्युं. मुनिए पण सत्य कही दीधुं एटले चोर लोकोए तेमने दयाथी जवा दीधा. पछी मुनि पाटलीपुर नगरप्रत्ये आव्या अने वेश्याने रत्नकंबल आपी. वेश्याए पण ते रत्नकंबलने जेम अगाध जलवाला धरामां भांगेला रत्नने फेंकी दे तेम कादवमां फेंकी दीधी; तेथी मुनिए कह्युं. "हे मुग्धे! तें आ महामूल्यवाली अने दुर्लभ एवी रत्नकंब-

१ गधेडो.

लने फाटेला वस्त्रनी पेठे हेलनाथी कादवमां केम फेंकी दीधी ?" वेश्याए उत्तर आप्यो के, "अरे मूर्ख ! तुं रत्नकंबलनो शा माटे शोक करे छे ? शुं रुबता एवा आ व्रतरूप माणिक्यने नथी देखतो ? मात्र अल्पसुखना आजासनी आशाथी ज्रांति पाम्यां छे चित्त जेमनां एवा जड पुरुषो मोक्ष सुखथी वृथा ज्रष्ट थाय छे."

इत्यादि अनेक वचनोथी प्रतिबोध पमाडेला अने उत्पन्न थयो छे वैराग्य जेमने एवा ते मुनिए वेश्याने कह्युं. "हे महानुजावे ! बलता एवा घरमांथी जेम कोइ बालकनुं रक्षण करे तेम तें पण म्हारुं रक्षण कर्युं छे. हवे हुं अतिचारना दोषनी आलोचनाने माटे गुरुना चरण कमलनी उपासना करीश." ते वखते कोशाए हाथ जोडीने मुनिने कह्युं. "हे मुनि ! प्रबोध पमाडवाने माटे में जे अशातना करी होय ते आप क्षमा करजो." पछी लज्जाथी अधोमुखवाला मुनिए गुरु पासे आवीने आलोचना लइ फरीथी म्होटा तपनो आरंज कर्यो.

एक दिवस राजाए विषयवांछारहित एवी कोशाने त्यां एक सुथारने मोकल्यो; तेथी ते हमेशां सुथारनी आगल स्थूलजद्रनां वखाण करवा लागी. ते उपरथी इर्ष्यावंत थएला सुथारे एक दिवस पोतानी चातुरी देखाडवाने माटे पलंग उपर बेठा बेठा एक बाणथी आंबानी लुंब वींधी अने ते बाणने बीजुं बाण सांध्युं, तेने त्रीजुं, एम परस्पर बाणो लगाडिने पछी बीजा अर्धचंद्र बाणथी लुंब कापीने पोताना हाथथी लइ वेश्याना हाथमां आपी. आ प्रकारे ते पोतानुं कौशल्य देखाडीने कोशा वेश्यानां मुख सामुं जोवा लाग्यो. पछी वेश्याए पण पोतानी चातुरी बताववाने माटे सरशवना ढगला उपर सोय खोशी तेना उपर पुष्प गोठवी ते उपर नाच कर्यो; परंतु सरसव, पुष्प के सोय एमांनु कांइ पण कंप्यु नहीं. ते उपरथी प्रसन्न थएला सुथारे कह्युं. "कहे! हुं तने शुं आपुं ?" वेश्याए कह्युं. "में एवुं शुं कर्युं छे के आप प्रसन्न थया ? घुवड रात्रीए देखे छे अने पक्षउ आकाशमां उडे छे. ए सर्व अज्यासथीज जाति सिद्ध छे. कांइ आश्चर्यकारी नथी. परंतु आश्चर्य तो एज छे के महामुनि स्थूलजद्रे नहीं जाति सिद्ध के नहीं अज्यासित एवुं डुष्कर शीलव्रत पाल्युं. जेम सूर्यना तापना समागमथी नवनीत (मखण) पींगली

जाय छे, तेम स्त्रीना समागमथी पुरुषो पण पींगली जाय छे. छतां म्हारी साथे बार वर्ष सुधी भोग भोगवीने रहेला ते स्थूलभद्रे आ वखते वज्रमणिना सरखुं कठीणपणुं धारण कर्युं." आ प्रमाणे स्थूलभद्रनी प्रशंसा करती एवी ते कोशा वेश्याए चंद्र ज्योत्स्ना जेम कुमुदिनीने प्रबोध पमाडे तेवी रीते सुथारने प्रबोध पमाड्यो. पछी सुथारे पण स्थूलभद्रना गुणोनुं स्मरण करता छतां दीक्षा ग्रहण करी अने कोशा वेश्या पोताना अभिग्रहनुं पालन करवा लागी.

कोइ वखते बार वर्षनो दुकाल पड्यो; तेथी साधुनो संघ समुद्रने कांठे रहीने दुःखथी दुःस्तर एवा विषम कालने निवर्त्त करवा लाग्यो. भणवा गणवानुं बंध थयुं; तेथी सौ सिधांतो भुली जवा लाग्या. ते उपरथी पाटलीपुर नगरमां संघ भेगो थयो. त्यां जेने जेने जे जे सूत्रो आवडतां हतां ते ते एकठा करीने पूर्ण एकादशांगी रची. पछी सूत्रोना विछेदथी भय पामेला संघे भद्रबाहु मुनिने बोलाववा माटे बे साधुओने तेमनी पासे मोकल्या. तेओए त्यां जइने वंदना करी भद्रबाहु मुनिने कह्युं. "तमने गुरु महाराज पाटलीपुर नगरमां संघ भेगो थयो छे त्यां बोलावे छे." भद्रबाहु मुनिए कह्युं. "हवणां में महाप्राण नामनुं ध्यान आरंभ्युं छे; तेथी हुं हवणां त्यां आवी सकीश नहीं." ते वात बे शिष्योए आवीने गुरुने तथा संघने निवेदन करी, पछी संघे अने गुरुए बीजा बे शिष्योने कंइ कहीने मोकल्या. तेओए भद्रबाहु मुनि पासे आवीने पूछ्युं के, "जे संघनी आज्ञा न माने तेने शो दंड आपवो ?" मुनिए उत्तर आप्यो के, "तेने संघनी बहार मूकवो." ते उपरथी शिष्योए कह्युं. "हे भगवन् ! त्यारे तो संघ तमने तेज प्रमाणे करशे." मुनिए कह्युं."संघ जे इछे छे ते करे छे; परंतु जो म्हारा उपर दया करीने बुद्धिवंत साधुओने अहिं मोकले तो हुं तमने हंमेशां सात वाचना आपीश. तेमां एक गोचरीएथी आवीने, बीजी मध्यान्हे, त्रीजी बहारथी आव्या पछी, चोथी संध्या समये अने बाकीनी त्रण प्रतिक्रमण वखते, एम करवाथी संघनुं अने म्हारुं कार्य सिद्ध थशे." ए वात शिष्योए आवीने गुरुने तथा संघने निवेदन करी. ते परथी हर्षित थयेला संघे स्थूलभद्र विगेरे पांचसे साधुओने दृष्टिवाद भणवा माटे भद्रबाहु मुनि पासे मोकल्या.

हवे जद्रबाहु मुनि पोताना ध्यानना विरोध न थाय एटलामाटे ते सर्व साधुउने थोडी थोडी वाचना देवा लाग्या; तेथी उद्वेग पामेला ते सर्वे मुनिउं पोतपोताना स्थानके चाल्या गया. फक्त स्थूलजद्र एकलाज रह्या. ते तो स्वधर्ममां तत्पर रहीने गुरुनी सेवा करवा लाग्या. तेथी ज्यारे महाप्राण ध्यान पूर्ण थयुं; त्यारे गुरुए तेमने संतोष थाय एटलो पाठ आपवा मांड्यो, एटले समाधानरूप अमृतना पानथी प्रफुल्लित बुद्धिवाला स्थूलजद्र बे वस्तु विना दश पूर्व जणी गया.

एकदा दीक्षाने धारण करी पृथ्वी उपर विहार करती एवी स्थूलजद्रनी व्हेनो पोताना जाइने वंदन करवा माटे त्यां आवी अने तेउए गुरुने पूछ्युं के, " हे स्वामिन्! अमारो जाइ स्थूलजद्र क्यां छे? " गुरुए उत्तर आप्यो के, "आगल अशोक वृक्षनी नींचे बेठो बेठो स्वाध्याय करे छे." स्थूलजद्रे पण आवती एवी पोतानी व्हेनोने जोइने कौतुक जोवानी इछाथी सिंहनुं रूप धारण कर्युं; एटलामां तो व्हेनोए आवीने जोयुं तो सिंह दीठो, तेथी तेउं जय पामी पाछी गुरु पासे जइने कहेवा लागी. " प्रजो! अमारा जाइने तो सिंह जक्षण करी गयो छे!!!" गुरुए फरीथी उत्तर आपतां जणाव्युं के, " तमे क्लेश करशो नहीं. तमारो जाइ कुशल छे, माटे फरीथी त्यां जइ तेने प्रणाम करो. " गुरुनां वचन सांजली यक्षा विगेरे सर्वे व्हेनो त्यां गइ अने स्थूलजद्रने वंदना करी. पछी सिंहनी वात पूछी, एटले " सिंहनुं स्वरूप में धारण कर्युं हतुं. " एम स्थूलजद्रे कह्युं.

पछी यक्षाए कह्युं. " हे जगवन्! श्रीयके अमारी साथे चारित्र धारण कर्युं हतुं; परंतु ते क्षुधा परिसह सहन करी शकतो न होतो. एक दिवस तेणे पर्वने दिवसे म्हारा कहेवाथी पोरसी करी. पोरसी पूर्ण थइ एटले पारणुं करवाने इछातुर थएला एवा तेने में फरीथी कह्युं. " तुं आ दुर्लज एवा पर्वने विषे पूर्वाण्हनुं व्रत शुं नहीं करे?" ए उपरथी तेणे लज्जाने लीधे ते व्रतने पण अंगीकार कर्युं. ते व्रत पूर्ण थया पछी में तेने अपराण्हनुं व्रत कराव्युं. त्यार पछी में " रात्री सुखेथी निवृत्त थइ जशे. " एम बोध पमाडीने उपवासनुं पच्चखाण कराव्युं. पछी अर्द्ध-

रात्रीए क्षुधाथी आकुल थयुं छे शरीर जेनुं एवो ते महात्मा श्रीयक आराधन पूर्वक मृत्यु पामीने देवलोक प्रत्ये गयो."

यक्षा स्थूलभद्रने कहे छे के "हे प्रभो! रुषिघातना पापथी भय पामेली एवी में प्रायश्चित्त करवा माटे ते वात संघनी आगल निवेदन करी. ते वखते संघे कह्युं. "आनुं पायश्चित होय नहीं, कारण तमे तो तेने तारवाने माटे ते तप कराव्युं हतुं." संघे आ प्रकारे कह्ये छते में पोतानी निंदा करतां करतां फरीथी कह्युं. "जो आ वात जिनेश्वर प्रभु पोताना मुखथी कहे तो म्हारुं समाधान थाय." ते उपरथी संघे कायोत्सर्ग कर्यो, एटले शासन देवीए आवीने संघ प्रत्ये आ प्रमाणे कह्युं. "हुं आ यक्षाने श्री सीमंधर स्वामी पासे लइ जइने जेटलामां अहिं पाछी लावुं त्यांसुधी तमे कायोत्सर्गे रहो." पछी शासन देवी मने श्री सीमंधर प्रभुपासे तेडी गइ. त्यां में प्रभुने हर्षथी वंदना करी. पछी प्रभुए कह्युं. "आ साध्वी निर्दोष छे." प्रभुए ते वखते म्हारी पासे चार चुलिकानुं व्याख्यान कर्युं; ते में धारी लीधुं. पछी शासन देवी मने आ भरत क्षेत्रने विषे लावी एटले में चारे चुलिका संघने आपी."

यक्षा आ प्रमाणे पोतानी वार्ता स्थूलभद्रने कहीने परिवारसहित पोताना आश्रमे गइ. स्थूलभद्र पण पण वाचना लेवाने माटे आचार्य पासे आव्या. ते वखते गुरुए कह्युं. "हवे तुं वाचना आपवा योग्य नथी." गुरुनां एवां वचन सांभली दीन मुखवाला स्थूलभद्र विचार करवा लाग्या. "में एवो शो अपराध कर्यो छे के, वाचना आपवाने पण अयोग्य थयो?" घणीवार विचार करतां पण याद आव्युं नहीं, तेथी दीनमुखवाला तेमणे फरीथी गुरुने कह्युं. "प्रभो! ज्यांसुधी मने करेला अपराधनी स्मृति आवती नथी, त्यांसुधी हुं अपराधी कहेवाउं नहीं." गुरुए कह्युं. "अरे! अपराध करीने पाछो मानतो नथी?" स्मरण आववाथी स्थूलभद्र तत्काल गुरुना चरणकमलमां पड्या अने कहेवा लाग्या के "म्हारा आ एक अपराधने क्षमा करो; हवे हुं फरीथी तेम करीश नहीं." गुरुए कह्युं. "फरीथी अपराध कर अथवा न कर; परंतु जेम तावबालाने चिभडुं अपाय नहीं तेमज हुं तने वाचना पण आपीश नहीं."

पछी स्थूलभद्रे गुरुने शांत करवा माटे संघनी प्रार्थना करी. कह्युं छे

के– चिंतामणि रत्न विना इष्टफल आपवाने बीजुं कोण समर्थ छे? संघनी प्रार्थना उपरथी सूरीए फरीथी संघने कह्युं. "ज्यारे आ स्थूलभद्र सरखा पण आ ज्ञानथी विकार पाम्या तो पछी बीजाउ पामे तेमां तो शुं आश्चर्य? माटे बाकीना जे पूर्वोने हुं जाणुं छुं ते पूर्वो अर्थ विना स्थूलभद्रने शीखडावीश, कारण एटलो तेने दंड आपवो घटे छे." संघना आग्रहथी गुरुए स्थूलभद्रने बाकीना पूर्वो अर्थविना भणाव्या. अनुक्रमे आचार्य पदने पामीने स्थूलभद्र भव्यजीवोने बोध पमाडवा लाग्या. पछी तीव्र एवुं तप करी, अमृतना सरखा सिद्धांतोना उपदेशथी भव्यजीवोने बोध पमाडी स्थूलभद्र अनुक्रमे स्वर्गप्रत्ये गया.

॥ इति स्थूलभद्रनी कथा संपूर्ण ॥

हवे शील पालवामां केड बांधेला पुरुषोनुं लोभथी पण अवध्यपणुं कहे छे.

तं नमत वज्रस्वामिनं स्वयंवरा रत्नकोटिसुसमृद्धा

तं नमह वेयरसामिं, सयंवरा रयणकोडिसुसमिद्धा ॥

अवगणिता येन तृणमिव श्रेष्ठिसुता प्रवररूपा

अवगणिया जेण तिणं–व सिठिधूआ पवररूआ ॥ ४२ ॥

शब्दार्थः– हे भव्यजीवो! (जेण के०) जेणे (सयंवरा के०) स्वयंवरा एवी, तथा (रयणकोडिसुसमिद्धा के०) रत्ननी कोटिए करीने सुशोभित थएली एवी अने (पवररूआ के०) प्रधान (मनोहर) छे रूप जेनुं एवी (सीठिधूआ के०) श्रेष्ठिपुत्री रुक्मिणीने (तिणंव के०) तृणनी पेठे (अवगणिया के०) अवगणी छे. एवा (तं के०) ते (वयरसामिं के०) वज्रस्वामिने (नमह के०) नमस्कार करो. ॥ ४२ ॥

विशेषार्थः– हे भव्यप्राणिउ! जे महात्माए स्वयंवरा एटले पोते गुण सांभलीने अनुरागवाली थएली, कोटि रत्नोथी सुशोभित अने मनोहर रूपवाली एवी श्रेष्ठिपुत्री रुक्मिणीने पण जीर्ण तृणनी पेठे गणीने त्याग करी छे, एवा शीलव्रतने धारण करनारा ते वज्रस्वामिने तमे नमस्कार करो. आ प्रकारना समभाववाला महात्माउ नमस्कार करवा योग्य छे. अने समतापण आ प्रकारनी छे. कह्युं छे के–न यत्र दुःखं न सुखं न रो-

गो, न द्वेषमोहौ न च काचिदिछा ॥ रसः सः शांतो विहितो मुनिनां, सर्वेषु जावेषु समः प्रदिष्टः ॥ जेमां दुःख, सुख, राग, द्वेष, मोह अने कांइ पण इछा नथी, ते शांत रस मुनिर्उनो कह्यो छे. अने ते सर्व जावने- विषे समजाव कह्यो छे. ॥ ४२ ॥

वज्रस्वामीनी कथा.

आ जरतक्षेत्रमां ललाटना तिलकनी उपमावालो अने जाणे लक्ष्मी- ना आजरणरूप होय नहीं शुं? एवो अवंति नामनो देश छे. त्यां देवना सरखा मनुष्योथी सुशोजित तथा लक्ष्मीना स्थान सरखुं तुंबवन नामनुं उत्तम स्थान छे. त्यां पवित्र आत्मावालो तथा समृद्धिए करीने कुबेरना सरखो धनगिरि नामनो वणिक्पुत्र रहेतो हतो. जेम योगी शमताने पामे तेम मन, वचन अने कायाए करीने धर्मनुं आचरण करतो ते अ- नुक्रमे यौवन अवस्था पाम्यो. माता पिताए तेने माटे योग्य कन्यानी शोध करवा मांडी; परंतु दीक्षाना अर्थी एवा ते धनगिरिए जेम तृप्त थएलो माणस जोजननो तिरस्कार करे तेम कन्यानो तिरस्कार कर्यो. वली तेणे कह्युं के "हुं स्त्री तथा मित्रादिकनो त्याग करी व्रत अंगीकार करवानो छुं; माटे कोइए पोतानी पुत्री मने आपीने तेने दुःखमां ना- खवी नहीं." एवां पुत्रनां वचन सांजलीने तत्वातत्वना विचारवालां माता पिता पोताना आग्रहथी निवृत्त थयां.

पछी धनपाल शेठनी पुत्री सुनंदाए एवो अजिग्रह लीधो के "हुं ध- नगिरि विना बीजा कोइने नहीं परणुं." तेना आवा निश्चयथी माता पिताए बलात्कारथी धनगिरिने तेनी साथे परणाव्यो. पछी ऋतुने अंते स्नान करेली सुनंदानी साथे धनगिरिए जोगावली कर्मना प्रबलपणाथी विषयसेवन कर्युं. ते वखते यक्ष लोकथी कुबेरनो सामानिक देवता चवीने सुनंदाना उदरने विषे अवतर्यो. पछी धनगिरिए ते स्त्रीने गर्ज- वती जाणीने तथा तेनी आज्ञा लइने सिंहगिरि आचार्य पासे जइने दीक्षा धारण करी. पछी ते मुनि सुनंदाना जाइ के जेमणे तेज गुरु पासे चारित्र धारण कर्युं हतुं, एवा आर्यशमितनी साथे जेम भ्रमर पुष्पना रसनो संचय करे तेम शास्त्रनो अज्यास करवा लाग्या.

हवे अहीं सुखेथी गर्जनुं पालन करती एवी सुनंदाए शुज दिवसे,

जेम नंदन वननी जूमी कल्पवृक्षने जन्म आपे तेम एक उत्तम पुत्रने जन्म आप्यो. ते वखते जन्ममंगलनां गीतो गाती एवी सुनंदानी सखिउए कुमारना अंगने स्पर्श करीने कहेवा मांड्युं के, "हे तात! जो त्हारा पिताए प्रथम दीक्षा न लीधी होय तो ते आजे त्हारो म्होटो जन्ममहोत्सव करत; परंतु पुरुष विना धनवाली एवी पण एकली स्त्री शुं करी शके? शुं तेल थइ रह्या पछी दीवि शोजे खरी?" आवां सखिउनां वचन सांजलीने उहापोह करता बालकने जातिस्मरण ज्ञान प्राप्त थयुं; तेथी ते पोताना मनमां विचार करवा लाग्यो के, "म्हारा गुणोथी आनंद पामेली माता मने त्याग करशे नहीं. तो पछी हुं दीक्षा शी रीते धारण करीश?" एम विचार करीने ते रोवा लाग्यो. सुनंदा तेने पारणामां सुवाडे; मधुर स्वरथी गीत गाय, परंतु ते बालक डुष्ट जूते ग्रसित करेलानी पेठे रोवाथी विराम पामे नही. एम करतां ब मास गया एटले सुनंदा पुत्र घणो वहालो बतां पण तेना उपर खेद पामवा लागी.

एवामां श्री सिंहगिरि आचार्य, पोताना शिष्य धनगिरि अने आर्यशमित विगेरे अनेक साधुउ सहित पृथ्वी उपर विहार करता करता त्यां आव्या. पछी आज्ञा लइने आर्यशमित सहित धनगिरि गोचरी जवा निकल्या, ते वखते तेउने शुज शकुन थएलां जोइने प्रफुल्लित मुखवाला आचार्यें कह्युं. "आजे तमने म्होटो लाज थशे; माटे जाउ, परंतु सचित्त अचित्त जिक्षानो निषेध करशो नही. पछी तेउ बन्ने जणा फरता फरता सुनंदाना घरे आव्या. तेउने जोइने सखिउए हास्यथी सुनंदाने कह्युं. "अरे सुनंदा! आ धनगिरि आव्या बे; तेमने पुत्र अर्पण कर. कारण के ते आवा पुत्रने अहिं मूकीने चाल्या गया बे." पुत्रना रुदनथी खेद पामेली सुनंदा पण हाथमां पुत्रने लइ धनगिरि पासे आवी अने कहेवा लागी. "न पाली शकाय एवा आ पुत्रने में आजसुधी पाल्यो बे. एणे मने बहुज खेद पमाडेली बे. तमे निस्पृह बो बतां एने ग्रहण करो, कारण एना वहाला पिता तमेज बो. रोता एवा आ बालकनी तमे उपेक्षा करशो. नही." धनगिरिए गुरुना वचननुं स्मरण करीने हास्यथी कह्युं. "हे कल्याणी! बहु सारुं कह्युं. त्हारुं वचन अवश्य म्हारे पालवुं जोइए, परंतु सहसा आपेली वस्तुने विषे फरीथी

स्पृहावाली थइश नही. कारण पोताना हस्तथी आपेलुं दान पाछुं मलतुं नथी. कोइ पोतानी वस्तु बीजाने आपी देता नथी, छता तुं तेम करवा तैयार थइ छे, तो खलपुरुषो ए वातनो निरोध न करे एटलामाटे साक्षि राख्य." मुग्ध सुनंदाए तेम करीने पुत्र वहोराव्यो एटले मुनिए तेने पोताना पात्र बंधमां धारण कर्यो. ते वखते सिद्ध थयो छे मनोरथ जेनो एवो ते बालक तत्काल छानो रही गयो.

पछी गुरुनी आज्ञाने मान्य करनारा ते बन्ने मुनिउ त्यांथी पाछा फरी नैषिधिकिनो उच्चार करीने पौषध शालामां आव्या. त्यां पात्रना नारथी नमि गयेला हाथवाला धनगिरिने जोइ गुरुए कह्युं के "तमे पात्रबंध मने आपीने क्षण मात्र विश्राम करो." गुरुनां वचन सांजली धनगिरिए देदीप्यमान कांतिवालो पुत्र तेमना हाथमां अर्पण कर्यो. तेथी गुरुनो हाथ पण पुत्रना नारने लीधे नमवा लाग्यो; ते उपरथी तेमणे पुत्रनां लक्षण जाणी लीधां. पछी समग्र लक्षणवाला अने अमृतना सरखी आकृतिवाला पुत्रने जोइने शिष्यनी चिंतामां कृतार्थ थएला गुरुए कह्युं.

"अहो! आवा नारथी अने आवी कांतिथी आ पुत्र जिनशासनने अलंकृत करवामां युग प्रधान थशे. वली ते कर्मरूप हस्तिनो नाश करवाथी अने चारित्ररूप रत्नने धारण करवाथी म्हारुं सिंहगिरि ए नाम सत्य करशे; माटे आ पुत्रनुं यत्नथी रक्षण करी तेनुं पोषण करवामां नक्त अने कल्याणकारी एवी श्राविकाउने जोडवी. पछी गुरुए वज्रना सरखा सारवाला ते पुत्रनुं नाम वज्र पाड्युं अने तेने रक्षण करवा माटे साध्वीउने सोंप्यो. साध्वीउए पण प्रेमवाली अने क्रीडा कुतुहलवाली एवी शय्यातरी स्त्रीउने सोंप्यो.

पछी स्पर्धाथी शय्यातरीउवडे पालन करतो ते वज्रकुमार तारीकाउ विषे चंद्रनी पेठे एक बीजीउना खोलामां विचरवा लाग्यो. सौनाग्यरूप अमृतना कुंडसमान ते वज्रकुमारने जे जे स्त्री क्रीडा करावे छे ते ते स्त्रीने विषे पोतानी मातानी पेठे ते स्नेह करवा लाग्यो. बालको पण तेने इष्ट क्रीडाथी रमाडता हता अने ते पण तेउने पोतानी समग्र क्रीडा दर्शावतो हतो. वर्षा ऋतु जेम वृक्षनुं पोषण करे तेम शय्यातरीउ, स्नान,

पान, मंडन, क्रीडन् अने विलेपन विगेरेथी वज्रकुमारनुं पोषण करती. वज्रकुमारे पोताना कंठने विषे धारण करेली माला अने सुवर्णजडित रत्नो हृदयरूप कमलथी निकलता एवा कमल तंतुनी उपमाने पामता हता. वली दिवस दिवस प्रत्ये धर्म क्रीडाथी रमतो एवो ते वज्रकुमार प्रासुक अन्नना आहारथी साध्वीउंना चित्तने आनंद पमाडतो हतो.

आ प्रकारे हमेशां दिन दिन प्रत्ये अधिकता देखाडता एवा पुत्रने जोइ सुनंदा श्राविकाउं पासे पोताना पुत्रनी याचना करवा लागी. श्राविकाउंए कह्युं. "अमे तमारी वात जाणतां नथी. अमने तो गुरुमहाराजे सोंपेलो छे; माटे पालन करीए छीए." एवी रीते तिरस्कार करेली ते सुनंदा समुदायथी भ्रष्ट थएली वांदरीनी पेठे दूर जनी रहिनेज वज्रमणिना सरखा दुर्लभ एवा वज्रकुमारने जोवा लागी. पछी मोहना उल्लासथी पराधिन थएली ते कोइ कोइ वखते उपाश्रयमां आवीने धावमातानी पेठे वज्रकुमारने स्तनपान करावना लागी.

हवे अचलपुर नगरनी पासे कन्या अने पूर्णा एवी बे नदीउंना मध्य भागने विषे रहेली भूमिमां तापसोए सेवन करेलुं कन्यापूर्ण नामनुं तीर्थ छे. त्यां एक तापस लेप कर्मनो जाण होवाथी ते लेपवाली पाकुंका[1]ने पहेरी अगाध जल उपर हंसनी पेठे चालतो हतो. आवी रीते लेपना योगथी ते हमेशां नदी उतरतो हतो; तेथी तेणे सर्व लोकने विस्मय पमाड्या हता. वली अहंकारवालो ते तापस श्रावकोने "तमारा शासनने विषे आवो कोइ प्रभाव छे?" एम कहीने हसतो हतो.

कोइ वखत पृथ्वी उपर विहार करता करता वज्र कुमारना मामा के जे महातपस्वी हता ते श्रीआर्यशमित मुनि स्वेच्छाथी त्यां आवी चड्या. श्रावकोए तेमनी पासे जइने तापसे करेली पोताना शासननी निंदा कही बतावी. मुनिए ज्ञानथी तापसनी युक्ति जाणी अने पछी श्रावकोने कह्युं. "अज्ञानरूप अंधकारना मंदिर एवा तापसोने विषे तपनी शक्ति क्यांथी होय? अर्थात् नज होय. परंतु ए तापस लेपक्रीयाथी मूर्ख लोकोने विस्मय पमाडे छे. माटे हे जिनमतने जाणनाराउं! तमारे आमां कंइ विस्मय पामवो नहीं; कारण ते विधितो फक्त कोइना बताव्याथी

१ चांखडी अथवा पावलां.

करी शकाय छे. वली तेना पाखंडनी परीक्षा करवा माटे तमारे घेर तेनुं आमंत्रण करो अने दंनजक्तिथी तेनी पाडुका धोइ नाखो. कह्युं छे के–जैनधर्मना उपहासना नाशने माटे माया पण सुख आपनारी थाय छे." पछी श्रावकोए तापस पासे जइने कपट श्रद्धाथी तेनुं आमंत्रण कर्युं. ते उपरथी ते एक श्रावकने घरे जोजनमाटे आव्यो. ते वखते "तमारा चरणने धोएला पवित्र जलथी अमारा घरने विषे कुशल थाउ." एम कहेता एवा ते कपटजक्तिवंत श्रावके तापसना पग उना पाणीथी एवी रीते धोइ नाख्या के कमलना पांदडानी पेठे जरा पण लेप चोटी रह्यो नहीं. पछी गोशिर्ष चंदनथी तेना चरणने लेप करी आदरथी षट्रस युक्त रसोइ जमाडी. कह्युं छे के–स्वार्थनी सिद्धिने माटे द्रव्यनो व्यय करी शकाय छे.

हवे तापस पाडुकानो लेप धोवाइ जवाथी पाणीमां डुबी जवाना जयने लीधे आकुल व्याकुल थवा लाग्यो; तेथी तेणे ताववाला माणसनी पेठे जोजननो पण कांइ स्वाद जाण्यो नहि. जोजन करी रह्या पछी "हजु कंइ लेप चोटी रह्यो हशे एम धारीने" ते तापस माणसोना समूहसहित नदीने कांठे आव्यो अने जेवो पाणीनी अंदर चालवा जाय छे तेवोज लोढाना वहाणनी पेठे पोताना यशसहित डुबवा लाग्यो. ते वखते कांठे उजेला माणसो तालीउ पाडीने हसवा लाग्या अने कहेवा लाग्या के, "पाडुकाए लेप करीने नदी उतरता एवा आ दंजीए अमने घणा दिवस छेतर्या छे." एवामां जैनमार्गना प्रजावने देखाडवा माटे जोजराजासहित आर्यशमित मुनि त्यां आव्या. पछी योग महात्म्यने वश्य थइ रहेली नदी प्रत्ये मुनिए कह्युं के "हे वत्से! अमने मार्ग आप्य; म्हारे त्हारा पेला पार प्रत्ये जवुं छे." ते वखते मित्रोनी पेठे बन्ने तट जेगा थइ गया; तेथी संघ अने राजासहित मुनि पेले तीर गया. पछी मुनिनुं अतिशयपणुं जोइने गर्व रहित थएला सर्व तापसोए वैराग्यथी तेमनी पासे दीक्षा धारण करी एटले तेउ आगमने विषे "ब्रह्म द्वैपिक" एवा नामथी प्रसिद्ध थया.

हवे वज्रकुमार त्रण वर्षनो थयो एवामां धनगिरि विगेरे साधुउ विहार करता करता ते तुंबनवनने विषे आव्या. घणा काले आवेला इष्ट

धनगिरिने जाणीने पुत्रनी इच्छावाली सुनंदाए तेमनी पासे पोतानो पुत्र माग्यो, ते वखते धनगिरिए कह्युं. " हे मुग्धे ! मिथ्या न बोल्य. शुं ते वखते तें विचार कर्यो नहोतो ? साक्षि राखीने आपेला पुत्रने मागतां तने लाज नथी आवती ? " सुनंदाए कह्युं " में म्हारा कुटुंबीओनी साथे विचार कर्यो नहोतो, तो हवे तेमनी रजा सिवाय म्हारा बालकने लेइ जवा कोण समर्थ छे ?" आ प्रकारे ते बन्ने जणा अने ते बन्नेनी पक्षनां माणसो वाद करतां करतां राजानी सभामां गया. राजानी डाबी बाजुए पोताना परिवार सहित सुनंदा बेठी अने जमणी बाजुए धनगिरि आचार्यसहित श्री संघ बेठो. पछी भोज राजाए बन्ने पक्षनी वात सांभलीने न्याय कर्यो के, " मध्यभागमां उभेला आ बालकने बोलावतां ते जेनी तरफ जशे तेनो कहेवाशे. " राजाना आ न्यायने बन्ने पक्षवालाओए प्रमाण कर्यो. पछी सुनंदानी पक्षवालाओए राजाने कह्युं के, " हे देव ! आ बालक हंमेशां साध्वीओ पासे रहे छे, माटे तेमना परिचयवालो छे. तो तेने हवणां प्रथम माता सुनंदा बोलाववा योग्य छे. राजाए ते वातनी हा कही ते उपरथी पुलकित अंगवाली सुनंदा पोतानी आगल अनेक जातिना रमकडां अने खावाना पदार्थो मूकीने गाय जेम वाछरडाने बोलावे तेम मधुर वाणीथी पुत्रने बोलाववा लागी.

" हे वत्स ! अहिं आव्य, मने हर्ष आप्य अने म्हारा खोलाने सुशोभित कर. आ लाडवो, द्राख, खांड अने साकर छे, तेने तुं ले. वली आ घोडो, हाथी, दडो, कमल अने गाडी विगेरे लावी छुं, ते तुं ग्रहण करीने मने हर्ष आप्य. हे तात ! हुं त्हारा नेत्रनां उवारणां लेती छती बलीरूप थाउं छुं. हे वत्स ! आव्य ! अहिं आव्य ! ! हुं त्हारा मुख उपरथी मरी जाउं छुं. हे वज्र ! तुं दीन एवी मने छोडी दइश नहीं. में त्हारुं गर्भने विषे पोषण कर्युं छे; माटे तुं म्हारी पासे आवीने ऋणरहित था. हे वत्स ! हुं जाणुंछुं के तुं विरक्त छे; परंतु एक वखत आवीने त्हारी माताने भेटी जा. " आ प्रकारे सुनंदाए मनोहर वचनथी तथा रमकडांथी घणो ललचाव्यो, परंतु जेम वायुथी मेरुपर्वत चलायमान थाय नहीं; तेम मातानां वचनथी वज्रकुमार जरा पण चलायमान थयो नहीं.

"माता गौरवपणामां पिताथी वधारे छे." एम जाणतो छतो पण वज्रकुमार ते वखते विचार करवा लाग्यो के, "जो हुं मातानुं वचन अंगीकार करीश तो संघनी आज्ञानुं उल्लंघन थशे के जेथी संसाररूप समुद्रनुं उलंघन करवुं दुर्घट थइ पडशे. वली जो हुं त्यां (संघपासे) नहीं जाउं तो तेथी संघ अने माता बन्ने समानपणुं पामशे. तेमज म्हारा वियोगथी अल्प कर्मवाली माता पण व्रत अंगीकार करशे." आवी रीते विचार करता एवा दीर्घदृष्टि वाला वज्रकुमारे पोताने बोलावती एवी माता सामी दृष्टि पण करी नहीं.

पछी राजानी आज्ञाथी प्रफुल्लित मनवाला धनगिरिए पोताना हस्तने विषे तत्वना सरखा रजोहरणने धारण करीने वज्रकुमार प्रत्ये कह्युं. "हे वत्स! जो त्हारुं मन दीक्षा धारण करवामां दृढ होय तो मोक्ष लक्ष्मीना दूतना सरखा आ रजोहरणरूप धर्मध्वजनुं सेवन कर." आवां मुनिनां वचनने सांजलीने जेम डाह्यो माणस चिंतामणि रत्नने ग्रहण करे अने हस्ति कमलने ग्रहण करे तेम वज्रकुमारे तत्काल मुनि पासे जइने आदरथी रजोहरण धारण कर्यो. ते वखते रजोहरण जाणे नाल सहित कमलने जीतीने नींचा मुखवालुं बनावेलु होय नहि शुं? एम वज्रकुमारना हस्त कमलने विषे शोजवा लाग्युं. पछी विकल थइ गयुं छे मन जेनुं एवी सुनंदा कपाले हाथ दइने तथा क्षणमात्र मनमां धीरज राखीने विचार करवा लागी. "अहो! प्रथम जाइए संयम अंगीकार कर्यो. पछी पतिए पण चारित्र लीधुं अने हवे आ पुत्र पण दीक्षा लेशे. तो पछी हुं एकली घरने विषे रहिने शुं करीश?" आवो विचार करी सुनंदा त्यांथी उठीने घेर गइ अने साधुउ पण वज्रकुमारने लइने पोताने उपाश्रये आव्या.

पछी संयमने विषे छे मति जेनी एवा वज्रकुमारे स्तनपान त्याग कर्युं, ए कंइ आश्चर्यकारी नहोतुं; कारण ते फक्त अवस्थाथी न्हानो हतो, परंतु बुद्धिथी तेम नहोतो. गुरुए व्रतने इछता एवा कुमारने द्रव्यथी दीक्षा आपीने फरीथी साध्वीउने सोप्यो. सुनंदाए पण हर्षथी तेमनी पासे दीक्षा लीधी. पछी बुद्धिवंत एवा वज्रकुमारे समुद्र जेम नदीउने ग्रहण करे तेम साध्वीउनां मुखथी सांजलेली एकादशांगीने धारण

करी. अन्यदा आठ वर्षनी वयवाला ते कुमारने साथे लइने उज्जयिनी तरफ गुरु विहार करता हता एवामां रस्ते वर्षाद थयो एटले तेउए अप्काय जीवोनी विराधना न थवा माटे एक मंडपमां निवास कर्यो. ए अवसरे वज्रकुमारनी परीक्षा करवा माटे तेना पूर्वजवना मित्र कोइ जंजक देवताए वृष्टि थोडी बंध करी वणिक्रूप धारण करीने त्यां आवी अने सूरिनी विनंती करी के, "हे प्रजो ! अमारा आश्रममां साधुउने अन्न वहोरवा मोकलो." गुरुए जोयुं तो वर्षाद पडतो हतो; तेथी तेमणे उत्तर आप्यो नहीं. पठी देवताए वृष्टि बंध करीने फरीथी विनंती करी एटले सूरीए वज्रकुमारने अन्न वहोरवा मोकल्या. वज्रकुमार पण पोतानी आवश्यकी क्रीया करीने पठी बीजा मुनिने साथे लइ गोचरी लेवा चाल्या. त्यां वणिक्रूप देवतानी कुंपडीमां नाना प्रकारना जक्ष्य, जोज्य अने मनोहर एवा शाकना समूहोने जोइने ते मुनि विस्मय पाम्या. द्रव्य क्षेत्रादि सामग्री जोइने पठी कुमारे ते देवना सामुं जोयुं तो तेनां निमेषरहित नेत्र दीठां. तेउपरथी वज्रकुमारे जाएयुं के आ कोइ देवता छे. पठी "अमारे देवपिंड कल्पे नहीं." एम कहीने ते पाठा फर्या. ते वखते देवताए पोतानुं खरुं स्वरूप धारण करीने वज्रकुमारने वैक्रियलब्धि आपीने पठी ते तुरते अंतर्ध्यान थइ गयो. आ वात सांजलीने गुरुउ ते वज्रकुजारना कार्यथी अत्यंत आश्चर्य पाम्या.

एकदा जेठ मासमां तेज जंजक देवता वणिक् रूप धारण करीने वज्रकुमारने घेबर वहोराववा आव्यो; परंतु "आ देवपिंड छे" एम जाणीने तेमणे वहोर्या नहीं; ते उपरथी प्रसन्न थएला देवताए तेमने आकाश गामिनी विद्या आपी. स्थिरमनवाला वज्रकुमारे अज्यास करता एवा साधुउना समूहथी सांजली साजलीने वज्रमणिना सरखा दृढ अंगवाली एकादशांगीने पोताना हृदयमां धारण करी हती. वली गुरुए जणवाने माटे आज्ञा करेला ते पोतानी बुद्धिनो प्रकाश न करता ठता गुरुए कहेला वचन अस्पष्ट वाणीथी बोलता अने अज्यास करता एवा बीजा साधुउना सूत्रने, जेम जलो रुधिरने ग्रहण करी लहे तेम ते ग्रहण करी लेता.

एकदिवस सर्वे साधुउ जिक्षा माटे गया हता. अने गुरुपण स्थंडिले गया हता. ते वखते वज्रकुमार उपाश्रयमां एकला होवाथी तेमणे सर्व

उपधि पोतानी आगल मूकी पोते जाणी गुरु होय नहिं शुं? एम वाचना आपवा मांडी. एवामां पाछा आवता एवा गुरुए दूरथी तेमनो शब्द सांजलीने पोताना मनमां विचार करवा मांड्यो के, "शुं आजे साधुउ गोचरीथी वहेला आव्या? के जेउ स्वाध्याय करता छता म्हारी वाट जुए छे." बारणा पासे आवीने तेमणे जोयुं तो फक्त वज्र एकलाज छे एम मालम पड्युं. वली ते अगीआर अंगनी वाचना सांजलीने विस्मय पाम्या अने कहेवा लाग्या के "अमने धन्य छे के जे गछने विषे आवां पात्रो उत्पन्न थाय छे. निश्चय आ वज्रकुमार अगीयार अंग सांजलीनेज जण्यो छे." वली गुरु विचार करवा लाग्या के "जो हुं उचिंतो अंदर जइश तो ते शरमाइ जशे." एम धारीने तेमणे बारणां आगल उजा रहीने उंचा स्वरथी नैषेधिकी कही. ते सांजलीने वज्रकुमार सर्व उपधि ठेकाणे मूकी तत्काल गुरुपासे आव्या अने तेमना चरणनुं मार्जन करवा लाग्या. पछी ते पोताना स्वरूपने गोपवीने चिंतामणिनी पेठे गुरु आगल बेठा.

एकदिवस पासेना गामडाउमां विहार करवानी इछा करता एवा गुरुने बीजा शिष्योए कह्युं. "प्रजो! अमने अहिं वाचना कोण आपशे.?" गुरुए "वज्र वाचना आपशे." एम कहीने विहार कर्यो. पछी गुरुनी आज्ञा माननारा सर्वे साधुउ वाचनाने वखते गुरु बुद्धिथी वज्रकुमार पासे आव्या. वज्रमणिना सरखा दृढ हृदयवाला वज्रकुमार पण गुरुनी आज्ञाने जाणीने विस्मित चित्तवाला ते सर्व साधुउने वाचना आपवा लाग्या. ते एवी रीते के जेटलुं गुरुनी पासे जणता घणा दिवस थाय तेटलुं थोडा दिवसमां जाणी जवाय. वली तेमणे मंद बुद्धिवालाने पण सारी रीते बोध पमाड्यो. गुरु पांच छ दिवस विहार करीने पाछा आव्या एटले तेमणे सर्वे शिष्योने वाचनानुं सुख पूछ्युं. ते उपरथी सर्वे शिष्योए हाथ जोडीने जक्ति पूर्वक कह्युं. "हे प्रजो! वज्रकुमारनी वाचनाथी अमने उत्तम बोध प्राप्त थाय छे; माटे अमने एज वाचना आपो. वली प्रथम जेनी मूढपणाथी अमे आपनी पासे निंदा करता हता, तेज आ वज्रकुमार शास्त्रनो जंगमकोश (हालतो चालतो जंडार) थयो छे." पछी गुरुउए आदरवंत वज्रकुमारने जे जे नहोतुं आवडतुं ते ते सर्व जणाव्युं अने तेनो

निरंतर बोध रहे एटला माटे उत्साहथी यथाविधि उत्सारकल्प पण जणाव्युं. वज्रकुमारे पण दृष्टिवाद विगेरे जेटला सूत्रनो समूह हतो, ते सर्वनो अभ्यास कर्यो.

गुरुउ वज्रकुमार सहित विहार करता करता दशपुर नगर प्रत्ये आव्या. त्यां तेमणे वज्रकुमारने आज्ञा करी के " हे वत्स ! दशपूर्वने धारण करनारा जद्रगुप्त सूरी पृथ्वी उपर विहार करता करता हवणां अवंति नगरीने विषे आवेला बे. तेमने अथवा त्हारा विना म्हारे एवो बीजो कोई शिष्य नथी, के जे दशपूर्वोनो धारण करनारो थाय; माटे तुं उज्जयिनी नगरी प्रत्ये जई दशपूर्वनो अभ्यास करवाने योग्य बे. कारण घणा जारने वहन करवाने हस्ति समर्थ बे, गधेडा नथी. हे वत्स! समाधिवडे दशपूर्वनो अभ्यास करता एवा तने निश्चय शासन देवता सानिध्य करशे. "

पठी गुरुना वचनने प्रमाण करीने बे साधुउ सहित वज्रकुमार, जाणे गर्वने जीतवानी इछा करता होय नहिं शुं ? एम उज्जयिनी तरफ चाल्या. अनुक्रमे ते सायंकाले उज्जयिनी पहोच्या; तेथी तेमने रात्रीए नगरनी बहार रहेवुं पड्युं.

हवे अहिं जद्रगुप्त आचार्यने एवुं स्वप्न आव्युं के, " जाणे कोई पुरुषे म्हारा हाथमांथी डुधना जरेला पात्रने लई तृप्तिपर्यंत पीधुं. " रात्रीने अंते आचार्य जागी उठया अने स्वप्नानी वात पोतानी पासेना साधुउने निवेदन करीने कहेवा लाग्या के, " आजे कोइ बुद्धिवंत अतिथि साधु आवशे के जे म्हारी पासेथी सूत्र अने अर्थसहित दशपूर्व शीखशे. मने धन्य बे के म्हाराथी दशपूर्वनो विब्लेद नहीं थाय; कारण विद्यारूप उत्तम फल योग्य पात्रने विषे प्राप्त थशे. "

आ प्रकारे जद्रगुप्त आचार्य पोतानी पासेना साधुउने वात करे बे, एटलामां तो प्रजात कालने विषेज वज्रकुमारे नैषेधिकीनो उच्चार करीने उपराश्रयमां प्रवेश कर्यो. ते वखते आचार्य आकृति अने तेजथी " आ वज्रकुमार बे. " एम निश्चय करीने अने तेने योग्य जाणीने अत्यंत हर्षपूर्वक जेवा बन्ने हाथथी आलिंगन करवा जाय बे, एवाज वज्रकुमारे पण तेमना चरणकमलने विषे नमस्कार कर्यो. पठी तेमणे

आलिंगन करी वज्रकुमारने संयमार्थनुं कुशल पूछ्युं अने कह्युं के, "हे वत्स! त्हारे गुरुना चरणकमलनो त्याग करीने आ अवंतिमां शा कारण माटे आववुं पड्युं ?" गुरुनां वचन सांभळी भक्तिथी नम्र थएला वज्र कुमारे उत्तर आप्यो के "हुं गुरुनी आज्ञाथी दश पूर्वनुं अध्ययन करवाने अहिं आपनी पासे आव्यो छुं. हे प्रभो! जेम सूर्यने विषेज उत्तम एवुं तेज रह्युं छे तेम आपने विषेज दशपूर्व रहेला छे; माटे तेना दाने करीने म्हारा उपर प्रसन्न थाउ."

पछी वज्रकुमार गुरुना महात्म्यरूप सिद्धचूर्णना अनुभावथी दशपूर्वना धारणहार थया. कारण जेने अभ्यास करवानी अभिलाषा होय छे तेनेज विषे गुरुनी आज्ञा प्रवर्ते छे. वळी दृष्टिवाद विगेरे सूत्रोनो पण एज अनुक्रम छे. अनुक्रमे वज्रकुमार दश पूर्वनो अभ्यास करी भद्रगुप्त आचार्यनी रजा लइ दशपुर नगर प्रत्ये पोताना गुरुपासे गया. त्यां सिंहगिरि आचार्ये प्रसन्न थइने तेमने गछना भारसहित आचार्यपद आप्युं. ते वखते ए म्होटा महोत्सवमां वज्रकुमारना पूर्वभवना मित्र जृंभक देवताए त्यां आवीने पुष्पवृष्टि करी. सिंहगिरि आचार्य पण अनशन व्रत धारण करीने स्वर्गलोके गया.

पछी वज्रसूरि पांचसे साधुउ सहित पृथ्वी उपर विहार करवा लाग्या. कलाना भंडाररूप तेउ ज्यां ज्यां विहार करे त्यां त्यां सर्वे मनुष्यो पुण्यरूप आश्चर्यमां जाणे बूडी जता होय नहीं शुं? एवा देखाता हता.

हवे एम बन्युं के, श्री वज्रस्वामीनी केटलीक साध्वीउए पाटलीपुर नगरमां धनशेठनी शाळामां वसति लीधी हती. ते शेठने साध्वीउना संगथी अत्यंत विवेकवाळी रुक्मिणी नामनी पुत्री हती. ते रुक्मिणी निरंतर वखाणने अवसरे साध्वीउना मुखथी श्री वज्रस्वामीना शील सौभाग्यादि गुणोना समूहने सांभळती हती; तेथी ते भ्रमरीनी पेठे वज्रस्वामीनां सौंदर्यरूप मद्यनुं पान करती रागरहित एवा ते सूरिने विषे अनुरागवाळी थइ. पछी तेणे मनमां निश्चय करीने साध्वीउ पासे एवी प्रतिज्ञा करी के, "जेम रोहिणीनो पति चंद्र छे तेम म्हारो पति श्री वज्रस्वामी थाउ." आवां रुक्मिणीनां वचन सांभळी साध्वीउए कह्युं. "अरे मुग्धे! श्री वज्रस्वामी तो विरक्त छे, जेथी त्हारो मनोरथ वृथा

थशे. कारण मारवाडनी ज्रूमीमां रहेनारी ज्रमरीने कल्पवृक्षनी मंजरीनो जोग क्यांथी मले?" आवी रीते साध्वीउंए प्रतिबोध करेली रुक्मिणीए फरीथी कह्युं. "जो एम होय तो पण म्हारे तो एमनां चरणकमलनुंज शरण थाउं." श्री वज्रस्वामीने विषे ठे चित्तवृत्ति जेनी एवी ते रुक्मिणी वज्रलेपनी पेठे पोताना अजिलाषथी निवृत्ति पामी नहीं.

कोइ वखते वज्रस्वामी पोताना पांचसे साधुउं सहित विहार करता करता पाटलीपुत्र नगरना उद्यानमां समवसर्या. ते वात सांजलीने राजा नगरवासी जनोसहित तेमना सामो गयो. परंतु सूर्यना सरखा तेजवंत अने लावण्यना समुद्ररूप सर्वे साधुउंने समान जोइने दीर्घकाल सुधी विचार कर्या पठी तेणे ते तपरूप धनवाला मुनिउंने पूठ्युं के, "आपना मध्ये वज्रस्वामी कोण ठे?" तेउंए उत्तर आप्यो के, "टिंटोडाना सरखा अमारा समूहमां राजहंस समान वज्रस्वामीने उंलखवामां तमने शा माटे ज्रम थाय ठे? हारना सरखी आ साधुउंनी पंक्तिमां जे महाकांतिवाला नायकनी पेठे शोजता होय तेमने तमे श्री वज्रस्वामी जाणो." पठी समान लावण्यवाला अने ताराउंथी विंटलाएला चंद्रनी पेठे अनेक साधुउंसहित दूरथी आवता एवा श्री वज्रस्वामीने राजाए दीठा एटले तेणे अनीष्ट वस्तुने जोनारी पोतानी दृष्टिने जाणे अमृतथी पूर्ण करी होय नहिं शुं? एम श्री वज्रस्वामीने ज्रक्तिपूर्वक प्रणाम कर्या. पठी तेमणे परिवार सहित नगरमां प्रवेश करीने धर्मदेशना आपी. पठी आचार्यना दांतनी ज्योत्स्ना रूप जलनी धाराथी धोइ नाख्या ठे मनना मल जेमणे एवा सर्वे माणसो पोत पोताना स्थानके गया. राजाए पण अंतःपुरमां जइने सूरिना रूप वैज्ञवनी प्रशंसा करी; ते उपरथी सर्वे राणीउं पतिनी आज्ञा लइने मुनिने वंदन करवा आवी. ते वखते श्री वज्रस्वामीने जोवाने उत्साहवंत थएली रुक्मिणी पण पोताना पिता पासे आवीने कहेवा लागी. "हे तात! में जेमने पति मानेला ठे ते अहिं आव्या ठे, माटे हवे ज्रमरना सरखी वृत्तिवाला ते जो म्हारो पाणी ग्रहण कर्या विना जता रहेशे तो हुं निश्चय अग्निने शरण थइश."

पठी धनशेठ, उत्तम वस्त्रालंकारोथी पोतानी पुत्रीने शणगारी तथा एक कोटी द्रव्य साथे लइ वज्रस्वामी पासे गयो. आचार्य पण नगर-

वासी जनोना चित्त क्षोभ पामवाना भयथी पोतानुं स्वरूप गोपवीने बेठा हता, तेथी सर्वे माणसो एम कहेवा लाग्या के, "अहो! सर्व प्रकारनी कलाने सेवन करनारा अने विश्वना गुरु एवा आ श्री वज्रस्वामीने दुष्ट ब्रह्माए तेमना गुणने योग्य एवी रूपलक्ष्मी आपी नहीं." आ प्रकारना भक्तोना चित्तने ज्ञानचक्षुथी जाणीने श्री वज्रस्वामीए जगत्‌ने आश्चर्य उत्पन्न करनारूं पोतानुं स्वाभाविक रूप प्रगट कर्युं. ते उपरथी सर्वे माणसो फरीथी कहेवा लाग्या के, "आ एमनुं स्वाभाविक स्वरूप छे के जेने एमणे गोपवी राख्युं हतुं; ते हवणां आपणा उपर कृपा करीने प्रगट कर्युं छे." आवी रीतना महिमाना ऐश्वर्यने जोइने संघ आनंद पामवा लाग्यो. कह्युं छे के—मेघना शब्दथी मोरो शुं नथी नृत्य करता? अर्थात् करेछे.

पछी धनशेठ पोते धन्य मानतो छतो मनमां विचार करवा लाग्यो के, "आ म्हारी पुत्रीने धन्य छे के, जेणे पोताना चित्तरूप सुवर्णने विषे वज्रमणिरूप वज्रस्वामीने धारण करी राख्या छे." कन्यानां दान अने वरना ध्यानमां चोटी गयुं छे चित्त जेनुं एवा ते धनशेठे, जेम कामी माणस शीलनी कथा सांभले नहीं तेम आचार्यनी धर्मदेशना सांभळी नहीं. देशनाने अंते तेणे उठीने विनंती करी के, "हे प्रभो! जेम माधवी लता चैत्रमासने विषे आसक्त होय छे तेम आ म्हारी पुत्री आपने अनुरक्त थएली छे; तेथी आपनो अने एनो योग्य संबंध थाओ. कारण तेम करवाथी ब्रह्माने थएलो श्रम सफल थशे. वली हे दयानिधि! ते म्हारी पुत्रीए एवी प्रतिज्ञा करी छे के, "म्हारो पति वज्रस्वामी थाओ, अन्यथा म्हारे अग्नि एज शरण छे." कल्पवृक्षने विषे आसक्त थइ रहेली भ्रमरीनी पेठे एणे वरवा आवेला अनेक पुरुषोनो तिरस्कार कर्यो छे. माटे हे स्वामिन्! सुवर्णमां रत्ननी पेठे सर्वातिशय रूपवाला तमे रतिथी पण अधिक रूपवाली आ म्हारी पुत्रीने ग्रहण करीने म्हारा मनने आनंद पमाडो. हुं आपने पाणीग्रहणने विषे असंख्य द्रव्य आपीश." वज्रस्वामीए कह्युं. "कयो पुरुष व्रतरूप साम्राज्य पद त्याग करीने संसारने आधिन थवानी इच्छा करे? भोग सर्पना देह सरखा अने संसारिक सुख विष समान छे. लक्ष्मी तथा स्त्री ए बन्ने संसारना

मूलरुप छे. तो कयो विद्वान् पुरुष तेमनो स्वीकार करे? वली चातुर्गतिक एवा आ संसारमां परिभ्रमणना कारणरूप अने किंपाक फलसमान एवा विषयने विषे कयो पुरुष अनुरक्त थाय? माटे हे धनशेठ! जो आ त्हारी पुत्री म्हारे विषे गाढ अनुरागवाली होय तो मने प्रिय एवा संयमने हवणांज ग्रहण करे. कारण के नाशवंत स्वभाववाला, अल्प अने संसारथी उत्पन्न थएला एवा आ संयोगवडे शुं? मनुष्योए निरंतर मोक्षने अर्थे उद्यम करवो के ज्यां अनंत सुखनी प्राप्ति थाय छे."

इत्यादि वज्रसूरिनी देशनारूप अमृतना सिंचनथी शांत थइ छे मोहनी पीडा जेनी एवी रुक्मिणीए तत्काल चारित्र धारण कर्युं. ए योग्य थयुं के जे धनशेठनी पुत्री रुक्मिणी मोहराजना बलथी वज्रस्वामीने पोताना हाथने विषे ग्रहण करवाने इछती हती; परंतु एज वज्रस्वामीए मोहरूप वृक्षनो नाश कर्यो. कारण जे थवानुं होय ते अन्यथा थतुं नथी. ते अवसरे श्री वज्रस्वामिनी देशनारूप जलथी सिंचित थएला अंकुरे करीने देदीप्यमान एवा केटलाक भव्य जनोरूप कल्पवृक्षने दीक्षा रूप फलो प्राप्त थयां.

पछी श्री वज्रस्वामीए संघने अर्थे महापरिज्ञाध्ययनथी आकाशगामिनी विद्यानो उद्धार कर्यो. परंतु "आ विद्या मानुषक्षेत्र सुधीनी छे." एम जाणीने तेमणे "ते विद्या आपी शकाय एवी नथी." एम संघने कह्युं. हवे तो श्री वज्रस्वामी आ आकाशगामिनी विद्याथी अने जृंभक देवताओए आपेली विद्याओथी संघनेविषे महा प्रभाववंत थया. कोइ वखते विद्याओना जंगम समुद्र रूप ते अनुक्रमे सर्व देशमां विहार करता करता उत्तर दिशा तरफ गया. त्यां प्रजाओने पीडाकारी एवो महा दारुण दुकाल पड्यो हतो; तेथी संघे आवीने तेमनी विनंती करी के, "हे प्रभो! आ दुर्भिक्ष रूप वनमां रांकरूप सेकडो सीयालो फरे छे; जेथी तेओ कोइने खावा देता नथी. वली अत्यारे क्षुधारूप राक्षसीनो मंत्र जागतो थयो छे के जेनाथी पिडा पामेला सर्वे धनवंत पुरुषो पण उपवास करे छे. तेमज योगी जेम परमात्मानुं ध्यान करे तेम सर्वे मनुष्यो, धान्यनुं ध्यान करे छे. ज्यारे तेओ धान्यने देखे छे; त्यारे तो जाणे परमा-

रमाज मळ्या होय नहिं शुं ? एम अत्यंत आनंद पामे छे. वळी कोइ साधु भिक्षा लइने जता होय तेने जोइने सर्वे रांको जेम दहीना पात्रमां बीलाडाओ पडे तेम तेना उपर पडे छे. तेमज भिक्षाने अर्थे आवता एवा साधुने जोइने भव्य जीवो पोतानां बारणा बंध करे छे. माटे हे नाथ ! आ प्रकारना संकटथी संघनो उद्धार करो. कारण के जेम मणिओनुं स्थान रोहणाचल पर्वत छे तेम सर्व लब्धीओना स्थानरूप आपज छो." आवी संघनी विनंती सांभळी श्री वज्रस्वामी विचार करवा लाग्या के, "संघने अर्थे विद्यानो उपयोग करवो ए कंइ पाप नथी." एम धारीने तेमणे विद्याना बळथी चर्मरत्नना सरखो म्होटो पट्ट उत्पन्न कर्यो. पछी संघसहित तेमां बेसीने आचार्ये ते पटने विद्याना बळथी आकाशमां चलाव्यो. ते वखते ते पट्ट जाणे मूर्तिवंत योगज योय नहीं शुं ? एम मोक्षमार्गने देखाडतो छतो आकाशमां चाल्यो.

हवे ते वखते श्री वज्रस्वामीनो श्रेष्ठ शय्यातर दत्त नामनो ब्राह्मण के जे गोचरीने माटे गाममां गयो हतो ते आव्यो. तेणे श्री वज्रस्वामीने तथा संघने आकाशमार्गे जता जोइने कह्युं के, "हे यतीश्वर ! हुं आपनो शय्यातर हवणां साधर्मिक थयो छुं; ते मने अनाथने त्याग करीने तमे केम चाल्या जाओ छो ?" तेनां एवां वचन सांभळी अने तेने जोइने दशपूर्वधारी श्री वज्रस्वामी आ प्रमाणे सूत्रार्थनो विचार करवा लाग्या के, "जेओ साधर्मिकना वात्सल्यमां प्रेमवाळा होय, स्वाध्यायमां तत्पर होय, प्रभावना करवामां प्रेमवाळा अने व्रतमां उद्यमवंता होय तेओने सर्व प्रकारनी शक्तिवडे निश्चय तारवा जोइए." आवा सूत्रार्थनुं स्मरण करीने श्रीवज्रस्वामीए ते शय्यातरने पोताना पट्टमां लइ लीधो. पछी ते आकाश मार्गने विषे वायुथी प्रेरेला मेघनी पेठे चाल्या ? रस्तामां अनेक देवताओए वंदन करेला अने संघना मनने विषे आश्चर्य उत्पन्न करता एवा श्री वज्रस्वामी अल्प काळमां महापुर नगरे आव्या. त्यां सुभिक्ष होवाथी श्री संघ सुखेथी दीवसोने निर्गमन करवा लाग्यो अने आचार्य पण धर्मकार्यनुं साधन करवा लाग्या.

हवे ते महापुर नगरमां जैनधर्मी अने बौद्धधर्मी श्रावको वसता हता. तेओ धर्म कार्यने विषे एक बीजा उपर स्पर्धा करीने वैरनुं कारण

उत्पन्न करता. संघ आववाने लीधे घणा एकठा थएला जैन लोकोए प्रजाने आनंदकारी महा पूजादि उत्सवोए करीने बौद्धलोको उपर विजय मेलव्यो हतो; ते उपरथी बौद्धमार्गी एवा राजाए माली लोकोने एवो हुकम कर्यो के, " कोइए जैनधर्मीने एक पुष्प पण आपवुं नहीं. " आवा राजाना आदेशथी सुलभ एवां पुष्पो कोटी द्रव्यथी पण अप्राप्य थयां. पछी धनाढ्य पुरुषो रत्नोथी अने कर्पूरादिक सुगंधीथी पंचवर्णना पुष्पनी पेठे समाधिवडे प्रभुनुं पूजन करवा लाग्या. आ प्रकारे प्रभुनुं पूजन करवाथी शत्रुओ उपर विजय मेलवनारा जैनधर्मीओ विशेष उत्कर्षने इछता थका पुष्प मेलववाना उपाय शोधवा लाग्या.

एवामां जैन शासनने अभीष्ट एवां वार्षिक पर्व आव्यां एटले प्रभुनुं पुष्पवडे पूजन करवा इछता एवा संघे श्री वज्रस्वामीनी विनंती करी के, " हे प्रभो ! कृत्रिम पुष्पोथी करेली पूजा केवी शोभशे ? शुं रत्नना भोजनथी क्षुधानी निवृत्त थाय खरी ? माटे हे स्वामिन् ! लब्धिना भंडाररूप तमे गुरु छतां कयो पुरुष हर्ष नहीं पामे ? घरमां रहेलो मणि अंधकारनो नाश करे छेज. माटे पुष्पने मेलववाथी श्री संघने हर्ष पमाडो. शुं चंद्रविना बीजो कोइ पोयणीने प्रफुल्लित करी शके खरो ? " संघनी आवी विनंती सांभलीने श्री वज्रस्वामी पक्षीनी पेठे तत्काल आकाशमार्गे चाल्या अने क्षणमात्रमां माहेश्वरी नगरी प्रत्ये आव्या. त्यां हुताशन नामना यक्षना उद्यानमां पोताना पिता धनगिरिनो मित्र तडित नामनो माली रहेतो हतो. ते प्रभात कालने विषे सूर्यना सरखा तेजवंत मुनिने जोइ, वंदना करी अने कहेवा लाग्यो. " हे प्रभो ! हुं आपना मुखदर्शनथी अत्यंत हर्षवान् थयो छुं. आपने जे कार्य होय तेनी मने आज्ञा करो. " आचार्ये कह्युं. " हुं संघना कार्य माटे पुष्पोने लेवा आव्यो छुं; माटे ते आपवाने तुं समर्थ छे ? " मालीए उत्तर आप्यो के " आ उद्यानमां निरंतर वीश लक्ष पुष्प थाय छे, ते आप ग्रहण करीने मने कृतार्थ करो " मुनिए कह्युं. " तुं ए पुष्पोने झट तैयार कर. " एम तेने आज्ञा करीने श्री वज्रस्वामी क्षुद्रहिमालय प्रत्ये गया. त्यां सिद्धना गणो सहित ते शाश्वती जिन प्रतिमाना दर्शन करीने पद्मखंडथी शुशोभित एवा लक्ष्मी देवीना वा

गमां आव्या. ज्यां राजहंसना समूहो मधुर शब्द बोली रह्या हता, ज्यां भ्रमराओ गुंजारव करी रह्या हता एवा ते वनमां मुनिए लक्ष्मीना मणिमय एवा गृहरूपी कमलने दीठुं.

पछी लक्ष्मीदेवीनुं पूजन करवानी इच्छाथी जेटलामां मुनिए पोताना हाथमां एक कमल लीधुं, तेटलामां तो लक्ष्मीदेवीए वज्रस्वामी पासे आवीने तेमने वंदना करीने हर्षथी कह्युं के, " मने शी आज्ञा छे ? " वज्रस्वामीए आशिष आपीने कह्युं के, " म्हारे त्हारा हाथमां रहेला सहस्र पत्रवाला कमलनो खप छे. " लक्ष्मीए कह्युं. " प्रयोजन होय तो कहो, हुं आपने आ इंद्रवनमाथी लक्ष कमल आपुं." एम कहीने लक्ष्मीए पोताना हाथमां रहेलुं कमल मुनिने आप्युं.

पछी श्री वज्रस्वामी लक्ष्मीए आपेला कमलने लइने फरीथी हुताशन वनमां आव्या. त्यां तेमणे विद्याना बलथी रत्न जडित सुवर्णनुं वैमान बनावी तेमां पुष्पोना करंडीया जर्या. तेनी नींचेनी बेठकमां जाणे पोते छत्रनी नींचे बेसता होयनी ? तेम बेठा; तेथी ते ताराओथी विंटलाएला चंद्रनी पेठे शोभवा लाग्या. पछी स्मरणथीज प्राप्त थयेला जंभक देवताओए इंद्रनी पेठे सेवन करेला श्री वज्रस्वामी अनेक वाजिंत्रोना शब्दपूर्वक अने गंधर्वोना गायनपूर्वक घुघरीओथी सुशोभित एवा वैमानमां बेसीने संघने आनंद करता छता तत्काल महापुर नगरमां आव्या.

हवे अहिं महापुर नगरमां रहेला सर्वे बौद्धलोको आकाश मार्गथी वैमानसहित आवता एवा वज्रस्वामीने जोइ विचार करवा लाग्या के, " निश्चय आ एक बौद्धदर्शननो प्रत्यक्ष अनुभव छे के, इंद्र पोतानी महर्द्धि सहित अहिं आपणा बौद्ध मंदिरोमां थता उत्सवोने जोवा आवे छे. " एम धारीने तेओ उंचा वृक्षना फलनी पेठे उंचा मुख राखीने जेटलामां आचार्य सामुं जुए छे; एटलामां तो श्री वज्रस्वामी जैनमंदिरमां उतर्या एटले ते सर्वे बौद्धलोको जाणे काजलथी श्याम मुखवाला थया होय नहिं शुं ? एवा देखाया. पछी जैनलोकोए पर्युषणादिक पर्वने विषे जिनालयोमां म्होटो उत्सव कर्यो. ते वखते श्री वज्रस्वामीना आवा अद्भुत महिमाने जोइने सर्वे बौद्ध लोको घुवडनी पेठे निरुद्यमी बनी गया. वज्रस्वामीना तेजथी जेनो अज्ञानरूप अंधकार

नाश थयो छे एवो राजा पण जैनधर्मी थयो. प्रजा पण जैनधर्मी थइ. वली जिनालयने विषे रहेलां पुष्पोनी सुगंधथी आकाशमां उडता एवा असंख्य ज्ञमराउ जाणे बौद्ध धर्मना दुष्ट यशनी निंदा करता होय नहिं शुं ? एम गुंजारव करवा लाग्या.

पछी श्री वज्रस्वामीए तेज महापुर नगरमां आर्यरक्षित नामना मुनिने साडानव पूर्वनो अज्यास कराव्यो. पछी पगले पगले जविक जनोनां मनमां प्रज्ञावनानां आश्चर्यने उत्पन्न करता एवा तेमणे दक्षिण दिशामां विहार कस्यो. एकदिवस त्यां कफथी पीडा पामता एवा ते वज्रस्वामीए ज्ञोजन पछी खावाने माटे एक सुंठनो गांगडो पोताना कान उपर राखी मूक्यो. पछी ज्ञोजन करीने स्वाध्याय करवा लाग्या; तेथी कान उपर रहेला सुंठना गांगडाने ज्ञूली गया. राते प्रतिक्रमणने अवसरे कान उपर मुहपत्ति पडी लेहता ज्ञूमी उपर पडी गयेला सुंठना गांगडाने जोइने तेउ विचारवा लाग्या के, "धिक्कार छे मने ! के जे प्रमाद मने पीडा उपजावे छे; माटे निश्चय हवे हुं शरीरनो त्याग करीने बीजा ज्ञवने साधुं." एवामां बार वर्षनो दुकाल पड्यो; तेथी वज्रस्वामीए पोताना वज्रसेन नामना शिष्यने बीजा केटलाक साधुउ सहित अन्यस्थले विहार कराव्यो. त्यां पण तेउ ज्ञिक्षा न मलवाथी गुरुए आपेला ज्ञिक्षापींडने खावा लाग्या.

एकदा वज्रस्वामीए पोताना शिष्योने कह्युं के "आ दुकाल बार वर्ष सुधी रहेशे माटे अन्नने अर्थे उद्यम करवाथी संयमने बाध थशे. ए करतां तीर्थनो आश्रय करी अनशन धारण करीने प्राणने त्याग करवो ए सर्वोत्तम छे." एम विचार करीने तेउ केटलाक साधुउसहित पर्वत उपर गया, पण पोतानी पाछल आवता एवा एक क्षुल्लक (बाल) साधुने दयाथी तेमणे छेतरीने पासेना गाममां मूक्यो. पछी तेउ पर्वत उपर चड्या. अहिं बाल साधुए, गुरुने अप्रीति न थवाने माटे नींचे रहिनेज अनशन व्रत धारण कस्युं. पछी सूर्यना तापथी उगलता एवा माखणनी पेठे गली जतो ते इंद्रियोना समूहने वश करीने मृत्युपामी स्वर्गप्रत्ये गयो.

पछी क्षुल्लकना शरीरनी क्रीया करवाने आवता एवा देवताउने जोइने साधुउए तेनुं कारण गुरुने पूछ्युं. गुरु(श्री वज्रस्वामी)ए ए वात उपयो-

गथी जाणीने शिष्योने कही; ए उपरथी साधुर्ज तेनां वखाण करवा लाग्या के, " जेणे आपणां पाछल दीक्षा लीधी हती, ते आपणां पहेलां थयो तो पछी आपणे शा माटे प्रमाद करवो जोइए ? " एम विचारीने तेमणे गुरुनी साथे अनशन व्रत धारण कर्युं. पछी कोइ मीथ्यावी देवताए तेमनी परीक्षा करवा माटे श्रावीकानुं रूप धारण करी तेर्जने कर्युं के, " आ मोदकथी पारणुं करो. " देवाताए जोजन करवाना करेला आग्रहथी पीडा पामेला साधुर्ज ते पर्वतने त्याग करी बीजा पर्वत उपर गया. त्यां उत्तम प्रकारे समाधिथी अनशन व्रत पालीने ते सर्व मुनिर्ज स्वर्ग लोक पाम्या. आ वात सांजलीने इंद्र त्यां आव्यो अने रथ उपर बेसीने तेणे पर्वतनी प्रदक्षिणा करी. त्यां रथना प्रहारथी जागी गएला वृक्षो हजी सुधी पण विद्यमान् छे. ए उपरथी ते पर्वतनुं " रथावर्त " एवुं नाम प्रसिद्ध थएलुं छे. इंद्रे तेर्जनुं अंतकृत्य करीने चितार्जने स्थानके सुवर्णमय स्तंजो कराव्या. पछी ते वज्रस्वामीना गुणोनुं स्तवन करतो करतो स्वर्गे गयो.

हवे अहिं श्री वज्रस्वामीना शिष्य वज्रसेन विहार करता करता सोपारपुर प्रत्ये आव्या. त्यां श्रावकोमां शिरोमणि सरखो जिनदत्त नामनो शेठ वसतो हतो. तेने जैनधर्ममां चतुर एवी इश्वरी नामे स्त्री हती. तेर्जने चंद्र, देहिक, नागेंद्र अने विद्याजृत् ए नामना धर्म कर्ममां कुशल एवा चार पुत्रो हता. ते सर्वे डुकालने लीधे अन्न न मलवाथी डुर्मृत्युनी शंका पामता हता. तेथी तेर्ज लक्ष मूल्य आपी थोडुं अन्न लावी तेमां विष जेलवीने जोजन करी मृत्यु पामवानी इछा करता हता. ते वखते वज्रसेन साधु जिक्षाने अर्थे तेने घेर जाणे कर्मेज बोलाव्या होय नहिं शुं ? एम आवी पहोंच्या एटले ईश्वरी हाथ जोडीने साधुप्रत्ये कहेवा लागी. " हे प्रजो ! आ खीरमां विष जेलव्युं नथी एटलामां आप आवी पहोच्या ए बहु सारुं कर्युं; माटे आ खीरने ग्रहण करी अमने संसार समुद्रथी तारो. " पछी महात्मा वज्रसेन पण तेर्जना कार्यने जाणी आ प्रमाणे शिक्षा देवा लाग्या. " तमे वृथा मृत्यु पामशो नहीं, कारण के सवारे सुजिक्ष थशे. अमने महा ज्ञानवंत एवा श्री वज्र-

स्वामीए सुनिक्षनुं लक्षण कहीने आ देश तरफ मोकल्या छे." आवां मुनिनां वचन सांजलीने ते सर्वे मृत्युथी निवृत्ति पाम्या.

पछी बीजे दिवसे सवारमां अन्य देशोमांथी धान्यथी जरेला घणां वहाणो आव्यां एटले सुनिक्ष थयुं. पछी जिनदत्त शेठना चारे पुत्रोए वज्रसेन आचार्य पासे मोक्षनी इच्छाथी चारित्र धारण कर्युं. चारे जणाए पोत-पोताना नामथी गच्छो स्थाप्या के, जेथी आ वज्रसेननी शाखा आज सुधी पण प्रवर्ते छे. आ प्रकारे लब्धिना समुद्ररूप अने प्रजावक पुरुषोने विषे मुकुट सरखा श्री वज्रस्वामी देवलोकप्रत्ये गया पछी आ लोकमां चोथुं संघयण अने दशमु पूर्व विछेद पाम्युं.

॥ इति श्रीवज्रस्वामीनी कथा ॥

हवे शील पालवामां सामर्थ्यवंत स्त्रीउनुं पण पूज्यपणुं उपदेश करता सता कहेछे.

पालयंती निजशीलं स्थापयंती शुद्धधर्ममार्गे

पालंती नियसीलं, ठावंति सुद्धधम्ममग्गंमि ॥

रथनेमिमुनिमपि जगति सा पूज्या राजीमती आर्या

रहनेमिमुणिंवि जए, सा पुंजा राइमइ अज्जा ॥ ४२ ॥

शब्दार्थ– (रहनेमिमुणिंवि के०) रथनेमि मुनिने पण (सुद्धधम्मंमग्गंमि के०) शुद्ध धर्ममार्गने विषे (ठावंति के०) स्थापन करती एवी तथा (नियसीलं के०) पोताना शीलव्रतने (पालंती के०) पालती एवी अने (अज्जा के०) तपरूप धनवाली (सा के०) ते (राइमइ के०) राजीमती (जए के०) आ जगत्‌ने विषे (पुज्जा के०) पूजवा योग्य थइ छे. ॥ ४२ ॥

विशेषार्थ– श्री नेमिनाथ जगवाने दीक्षा ग्रहण कर्या पछी पोते शीलव्रतने पालन करती, गिरनार पर्वतनी गुफाने विषे संकटमां पडी सती पण क्रिडा करवामां चतुर एवा रथनेमि मुनिने धर्ममार्गमां स्थापन करती अने तपरूप धनवाली उग्रसेन राजानी पुत्री राजीमती आ जगत्‌ने विषे शील पालनारी स्त्रीउमां वखाणवा योग्य थइ छे. ॥ ४२ ॥

आ राजीमतिनी कथा आगल कहेमां आवी छे, माटे अहिं कहेता नथी.

हवे शीलव्रत पालनारा गृहस्थोनो पण उत्कर्ष कहेछे.

ते धन्याः गृहिणोऽपि खलु महर्षिमध्ये ये उदाहरणं
ते धन्ना गिहिणोवि हु, महरिसिमझंमि जे उदाहरणं ॥

निरुपमशीलविचारे प्राप्नुवंति प्रसिद्धमाहात्म्याः
निरुवमसीलवियारे पावंति पसिद्धमाहप्पा ॥ ४४ ॥

शब्दार्थ– (हु के०) निश्चे (पसिद्धमाहप्पा के०) प्रसिद्ध छे माहात्म्य एटले प्रभाव जेनो एवा (ते गिहिणोवि के०) ते गृहस्थिउ पण (धन्ना के०) धन्य छे के, (जे के०) जे गृहस्थिउ (महरिसिमझंमि के०) महर्षिउनी मध्ये (निरुवमसीलवियारे के०) उपमारहित एवा शीलव्रतनी परीक्षाने विषे (उदाहरणं के०) उदाहरण एटले दृष्टांतने (पावंति के०) पामे छे. ॥ ४४ ॥

विशेषार्थ– जे प्रसिद्ध माहात्म्यवाला गृहस्थिउ महामुनिउनी मध्ये जेनी उपमा आपी शकाय नहि एवा शीलव्रतनी परीक्षामां दृष्टांत रूपे थाय छे, तेज गृहस्थिउने धन्य छे. ॥ ४४ ॥

वली एज अर्थने दृष्टांते करी दृढ करे छे.

शीलप्रभावप्रभावितसुदर्शनं तं सुदर्शनं श्राद्धं
सीलपभावपभाविय–सुदंसणं तं सुदंसणं सढ्ढं ॥

कपिलानृपदेवीभ्यां अक्षोभितं नमत नित्यमपि
कविलानिवदेवीहिं, अखोहियं नमह निच्चंपि ॥ ४५ ॥

शब्दार्थ– हे भव्यजनो ! (सीलपभाव के०) शीलना प्रभाव थकी (पभावियसुदंसणं के०) अतिशय प्रकाशित कर्युं छे जिनशासन जेणे एवा तथा (कविलानिवदेवीहिं के०) कपिला ब्राह्मणी अने राजानी राणी अभया ते बे जणीउथी पण (अखोहियं के०) क्षोभने नहि पामेला एवा (तं के०) ते (सुदंसणं सढ्ढं के०) सुदर्शन श्रावकने (निच्चंपि के०) निरंतर पण (नमह के०) नमस्कार करो. ॥ ४५ ॥

विशेषार्थ– हे भव्यजीवो ! ब्रह्मचर्यना माहात्म्यथी प्रकाशित कर्युं छे जिनशासन जेणे एवा तथा कपिला ब्राह्मणी अने अभया राणीथी

पण चलाववाने अशक्य एवा ते सुदर्शन श्रावकने तमे निरंतर नमस्कार करो; कारण के, गृहस्थ पण साधुना सरखुं दृढपणुं होवाथी नमस्कार करवा योग्य छे. ॥ ४५ ॥

सुदर्शन शेठनी कथा.

जाणे आकाशमां विजली होयनी? एवी अंगदेशमां पृथ्वीना आभूषणरूप चंपा नामनी प्रसिद्ध नगरी छे. त्यां जेनो यश क्षीर समुद्रना दूधनी पेठे मथन करवो अशक्य छे एवो इंद्रना सरखो दधिवाहन नामे राजा राज्य करतो हतो. तेने जेना लावण्यरूप समुद्रे यशथी उज्वल एवा ते राजाने आसक्त बनावी दीधो हतो एवी अजया नामे स्त्री हती. त्यां अरिहंत प्रभुनां उपासक एवो ऋषभदास नामे शेठ वसतो हतो. तेने जैनधर्ममां प्रीतिवाली अर्हदासी नामे स्त्री हती. तेउने सुभग नामे गोवाल हतो ते हमेशां शेठनी भेंशुने वगडामां चारतो हतो.

कोइ वखते माघ मासने विषे भेंशु चरावीने पाछा आवता ते सुभगे रस्तामां जेमणे कंइ पण ओढ्युं नथी एवा मुनिने कायोत्सर्गे उभा रहेला दीठा. पोते घरे आव्यो पण "आ दुःसह टाढथी ए साधुनुं शुं थयुं हशे?" एम दयाथी विचार करता एवा तेणे रात्री महाकष्टथी निवृत्त करी. पछी सवारे वेहेलो उठी भेंशुने आगल करीने जता एवा ते सुभगे मुनिने तेवीज रीते उभा रहेला दीठा. पछी तो ते नमस्कार करीने तेमनी पासे क्षणवार बेठो; एवामां जाणे ते मुनिनां पुण्यनुं बीज होय नहिं शुं? एवा सूर्यनो उदय थयो. पछी तीक्ष्ण एवा तपना तेजे करीने जाणे बीजा सूर्यज होय नहिं शुं? एवा ते चारण मुनि "ॐ नमो अरिहंताणं" ए शब्दनो उच्चार करीने तत्काल आकाशमार्गे उड्या. पछी सुभगे "आ मंत्र आकाशगामिनी विद्यानो छे." एम जाणीने तेने निर्मल मोतीना हारनी पेठे पोताना हृदयने विषे धारण कर्यो. वली तेणे दिवसे, रात्रीए, चालतां, बेसतां, सूतां, जागतां, घरे तथा बहार तेज मंत्रनुं ध्यान करवुं शरुं कर्युं.

एक दिवस तेने ऋषभदास शेठे पूछ्युं. "हे सुभग! दरिद्री माणसने द्रव्यना भंडारनी पेठे दुर्लभ एवुं आ पद तने क्यांथी प्राप्त थयुं?" सुभगे उत्तर आप्यो के, "आ आकाशगामिनी विद्यानो मंत्र छे." एम

कहीने तेणे ते पद प्राप्त थवानी सर्व वात शेठने कही. पछी शेठे कह्युं. "ए केवल आकाशगामिनी विद्यानो मंत्र छे एम नथी; परंतु स्वर्ग अने मोक्षनुं कारण पण एज छे. वली त्रण भुवनमां जे जे वस्तु दुर्लभ छे, ते ते आ मंत्रथीज प्राप्त थाय छे. हवे ह्हारुं "सुभग" ए नाम यथार्थ थयुं छे. पण आ मंत्र ह्हारे अपवित्रपणाने वखते जपवो नहीं." एम शीखामण आपीने शेठे तेने सर्व नवकार मंत्र भणाव्यो. सुभगे पण ते बराबर धारण कर्यो. एवामां मुसाफर लोकोने काल सरखो वर्षाकाल आव्यो.

एक दिवस वर्षाद घणो वरसतो हतो; एवामां सुभग भेंशुने चारवा माटे वनमां गयो. रस्ते नदीमां घणुं पूर आव्युं हतुं; पण भेंशु तो तेने तरीने सामे तीरे जइ कोइना खेतरमां पेठी, जेथी सुभग आ कांठे ऊभो ऊभो विचार करवा लाग्यो के, "म्हारा स्वामीने ठबको मलशे, माटे आकाशगामिनी विद्याथी सामे तीरे जइने भेंशुने पाछी वालुं." एम धारीने तेणे नवकार मंत्रनुं स्मरण करी नदीमां ऊंपापात कर्यो एटले खीलाथी विंधाइने ते तत्काल मृत्यु पाम्यो. पछी नवकार मंत्रना प्रभावथी सुभगनो जीव जेम मान सरोवरमां राजहंस उतरे तेम उत्तम स्वप्नने सूचवतो छतो ऋषभदास शेठनी स्त्री अर्हदासीना उदरने विषे अवतर्यो. गर्भ त्रण मासनो थयो एटले शेठे पोतानी स्त्रीना धर्ममय दोहदोने पूर्ण कर्या. पछी योग्य समये ते अर्हदासीए उत्तम लक्षणवाला पुत्रने जन्म आप्यो. पिताए महोत्सवपूर्वक तेनुं "सुदर्शन" एवुं नाम पाड्युं. पछी ऋषभदासे अनुक्रमे सर्वकलाना अभ्यासथी यौवनावस्था पामेला अने विवेकवाला ते पुत्रने मनोरमा नामनी कन्या साथे परणाव्यो. सर्वने आनंद पमाडनारो सुदर्शन पण बीजना चंद्रनी पेठे राजवर्गमां अने मनुष्यवर्गमां घणुं मान्यपणुं पाम्यो.

हवे सुदर्शन शेठने राजाना कपिल नामना पुरोहितनी साथे वसंत अने कामनी पेठे मित्राइ थइ; तेथी वार्तारूप अमृतथी प्रसन्न थयां छे अंतर जेमनां एवा ते बन्ने जणा रामलक्ष्मणनी पेठे दिवसोने निर्गमन करवा लाग्या.

एक दिवस पुरोहितने तेनी स्त्री कपिलाए पूछ्युं. "हे स्वामिन् तमे हवणां

सर्व कार्यमां शिथिल थएला केम देखाउ छो ? " तेणे उत्तर आप्यो के, " म्हारे सुदर्शन नामनो प्राणप्रिय मित्र छे, तेनी वातोना सुखमां मग्न थएला मने कंइ सांभरतुं नथी. " स्त्रीए कह्युं. " ए कोण छे ? अने केवो छे ? " पुरोहित कपिले फरीथी उत्तर आप्यो के, " ए ऋषभदास शेठनो महा बुद्धिवंत पुत्र छे. तेनां रूप, लावण्य, सौजन्य अने दाक्षिण्यादि गुणो आकाशना ताराउना सरखा असंख्य छे. हे जद्रे ! ज्यांसुधी तें गुणोना समुद्ररूप ए शेठना पुत्रने दीठो नथी, त्यांसुधी त्हारो जन्म वृथा छे. " आवां पतिनां वचन सांभलीने कपिला सुदर्शनने जोवाना उपायो शोधवा लागी. पछी कोइ दिवसे राजानी आज्ञाथी कपिल गुप्तरीते बीजे गाम गयो एटले कामथी विह्वल थएली कपिला सुदर्शनने घेर आवीने कहेवा लागी. " हे सुदर्शन ! आजे तमारा मित्रने शरीरे सुख नथी; माटे तमे म्हारे घेर आवीने तेमने तमारी अमृत दृष्टिथी संतोष पमाडो. " तेनां आवां वचन सांभलीने सुदर्शन शेठ मित्रनी प्रीतिने लीधे तत्काल तेने घरे आव्या अने पूछ्युं के " म्हारो मित्र क्यां छे ? " कपिलाए उत्तर आप्यो के " उरडानी अंदर छे. " पछी कपिलाए उरडानी अंदर गयेला सुदर्शनने जाणीने बारणुं बंध कर्युं अने निर्लज्ज थइने विषयनी याचना करी. पछी हाजर जवाबी एवा सुदर्शन शेठे हसीने कह्युं. " आ संसारसमुद्रमां मनुष्योने युवावस्थानुं फल विषयज छे; परंतु विधाताए मने नपुंसक बनावीने विडंबना पमाड्यो छे माटे हे जामिनि ! फक्त पुरुषना रूपनेज धारण करनारा म्हारेविषे तुं भुख्या थएला वटेमार्गु जेम ताल फलने विषे मिथ्या भ्रांति पामे तेम मिथ्या भ्रांति पामी छुं. "

पछी विलक्ष बनेली कपिलाए बारणुं उघाडीने सुदर्शन शेठने रजा आपी एटले ते छुटी गयेला कर्मवाला जीवनी पेठे तृणसमान संसारनुं ध्यान करतो छतो सरल रस्ते थइ पोताने घेर आव्यो. पछी ते दिवसथी आरंभीने राक्षसीनी पेठे स्त्रीउथी जय पामता एवा सुदर्शन शेठे बीजा कोइना घर प्रत्ये न जवानो निश्चय कर्यो. वली वश्य आत्मावाला अने धर्मध्यानमां तत्पर एवा तेणे मूर्तिमंत योगनी पेठे धर्मनुं आचरण करवा मांड्युं.

एक दिवस दधिवाहन राजा, सुदर्शन शेठने अने कपिल पुरोहितने

साथे लइ बागमां क्रीडा करवो गयो. पाछल अभयाराणी पण पुरोहितनी स्त्री कपिलाने साथे लइ इंद्राणी जेम इंद्रनी पाछण जाय तेम राजानी पाछल गइ. ते वखते शुदर्शन शेठनी स्त्री मनोरमा पोताना छ पुत्रो सहित जाणे गुणयुक्त साम्राज्य लक्ष्मी होय नहिं शुं? एम रस्ते जती हती; तेने जोइने कपिलाए आश्चर्यथी अभयाराणीने पूछ्युं. "आ छ पुत्रोसहित कोनी स्त्री जाय छे?" अभयाराणीए कह्युं. "हे ब्राह्मणी! तुं शुं एने पण ओलखती नथी.? ए गृह लक्ष्मीना सरखी सुदर्शन शेठनी स्त्री मनोरमा छे." कपिलाए हसिने कह्युं. "जो ए सुदर्शन शेठनी स्त्री छे तो तेने शेरडीनी पेठे शुं फल प्राप्त होय? अर्थात् जेम शेरडीने फल थतुं नथी तेम एने पण पुत्ररूप फल होय नहीं; तो पछी आ पुत्रो क्यांथी?" अभयाए कह्युं. "अरे वाचाल! एम अयोग्य केम बोले छे? राजा अने रांक ए बन्नेनुं साधारण लक्षण तो पुत्रज छे." पछी कपिलाए "सुदर्शन शेठ नपुंसक छे." एम कहेवाथी अभयाए तेने परीक्षानुं कारण पूछ्युं, ते उपरथी कपिलाए पोतानी सर्व वात कही बतावी. पछी अभयाए कह्युं. "अरे मुर्खी! सुदर्शन शेठे तने छेतरी छे; कारण धर्मवंत एवो ते शेठ परस्त्रीउने विषे नपुंसक छे; परंतु पोतानी स्त्रीने विषे नपुंसक नथी. शुं कमलने संकोच पमाडनारो कुमुदिनीनो पति चंद्र दुषण आपवा योग्य छे?" ए प्रकारे अभयाराणीए वांदरीनी पेठे हसी काढेली कपिला विलक्षपणुं पामीने पछी मंद मंद वाणीथी बोली. "सुदर्शन शेठे नपुंसकना दंभथी मूर्ख एवी मने छेतरी छे; परंतु हुं त्हारी चातुरी त्यारे जाणुं के, ज्यारे तुं एनी साथे क्रीडा करे.?" अभयाए गर्व धरीने कह्युं."अरे! जो एम होय तो में तेनी साथे क्रीडा करेली जाण्य. कारण के जे अनेक एवी राजकन्याउथी न वश्य थइ शके एवो आ म्हारो पति दधिवाहन राजा म्हारी भ्रकुटीना फरकवाथी वांदराना बालकनी पेठे भमे छे. ज्यारे वैराग्यवंत एवा तापसो पण स्त्रीउनी साथे क्रीडा करे छे, तो पछी निरंतर स्त्रीने विषे आसक्त थइ रहेला आ सुदर्शन शेठनुं तो शुं कहेवुं? स्त्रीउना कटाक्षथी एकेंद्रि एवा वृक्षो पण पुष्पित थाय छे; तो पछी चतुर एवा पंचेद्रिय पुरुषोने क्षोभ पमाडवामां केटलो श्रम थवानो छे? जो हुं एनी साथे क्रीडा नहिं करुं तो अग्निमां

प्रवेश करीश." आ प्रमाणे प्रतिज्ञा करती एवी ते अजयाराणी बागमां जइ त्यां घणो वखत क्रीडा करीने पछी अजया तथा कपिला सांजे पोतपोताने घेर गया.

पछी सुदर्शन शेठने विषे छे मन जेनुं एवी अजयाराणीए पोतानी प्रतिज्ञा पोतानी पंडिता नामनी धावमाताने कही एटले तेणे कह्युं के, "पुत्रि! तें आ सारुं काम कर्युं नथी; कारण के तुं महात्माउना धैर्यने जाणती नथी. वली सामान्य श्रावक पण परस्त्रीने विषे बंधुभाव (भाइ व्हेननो भाव) धरावे छे; तो पछी सुदर्शन शेठनी तो वातज शी करवी! ते निरंतर गुरुनी उपासना करनारो अने धर्मध्यानमां एक निश्चल बुद्धिवालो छे; जेथी तेने अहिं लाववो पण अशक्य छे, तो पछी कामभोगनी तो वातज शी करवी? कयो बुद्धिवान् माणस झांझवाना जलने पीवानी इछा करे? अने शशलाना शिंगडा खोलवाने माटे वनमां भटके? तेमज रूप सौभाग्यना गर्वे करीने पण कोण सुदर्शन शेठना शीलव्रतने भंग करवानो प्रयत्न करे?" अजयाए फरीथी आग्रह करीने कह्युं. "हे मात! गमे तेम करीने तेने एकवार अहिं लाव्य. पछी हुं तने बीजा काममां जोडीश." पंडिताए विचार करीने कह्युं. "जो त्हारो आवोज निश्चय होय तो में तेने अहिं लाववाने माटे एक उपाय शोधी काढ्यो छे ते एज के, आठम चौदश विगेरे पर्वना दिवसे ते शून्यग्रहने विषे कायोत्सर्गे रहे छे. ते वखते तेने अहिं लाववो. बीजी रीते तेनो मेलाप थशे नहीं." अजयाए कह्युं. हे बुद्धिवंत पंडिते! तें बहु सारुं धार्युं. तुं यथार्थ नामवाली छे. हवे तो तेजप्रमाणे उपाय करवो. पंडिताए ते वात कबुल करी. पछी हमेशां सुदर्शन शेठना शरीर प्रमाण कृत्रिम मूर्तिने अंतःपुरमां लइ जती अने लावती एवी पंडिताए पेहेरेगीरोने विश्वास पमाड्या.

एवामां कौमुदी पर्व आव्युं; तेथी राजाए पटह वगडावीने सर्व प्रजाने वनमां क्रीडा करवा जवानी आज्ञा करी; परंतु सुदर्शन शेठ तो ते दिवसे चातुर्मासिक पर्व होवाथी राजानी आज्ञा लइ धर्म कृत्य करवा माटे घेर रह्या. अहिं पंडिताए अजया राणीने कह्युं. "*तमारे पण आजे वनमां जवुं नहीं, के जेथी करीने धारेली प्रतिज्ञा सफल थाय.*"

ते उपरथी अजया राणी पण "आज म्हारुं माथुं दुःखे छे" एवा मीषथी राजाने समजावी घेर रही. कह्युं छे के—"स्त्रीओ सहसा बुद्धिना बलवाली होय छे.

हवे अहिं सुदर्शन शेठ दिवसे देवपूजन विगेरे करीने रात्रीए शून्य घरने विषे कार्योत्सर्गे रह्या एटले पंडिता त्यां आवी तेमने पालखीमां बेसारी अजया राणी पासे लइ गइ. पछी शृंगाररूप बाणना जाथाने धारण करनारी, भ्रकुटीरूप खेंचेला धनुष्यवाली अने कटाक्षरूप बाणथी तैयार थइ रहेली अजयाए ते शेठ उपर निशान मांड्युं. अजयाए कह्युं के, "हे जड ! घणा कालथी आचरण करेलुं आ दुःसह तप आजे फलीभूत थएलुं छे; माटे हवे इष्ट कार्यने पुर्ण कर." आ प्रमाणे हास्यवचन बोलती अने अनेक प्रकारनी चेष्टाओ करती. एवी ते कामातुर थएली राणीए सुदर्शन शेठने पोतानी छातीमां घालीने आलिंगन कर्युं. ते वखते सुदर्शन शेठनुं ध्यान वधारे उद्दीपित थवा लाग्युं. कह्युं छे के—प्रलय कालना वायुथी पण मेरु पर्वत शुं चलायमान थाय खरो ? फरीथी अजयाराणीए कह्युं. "अरे धूर्त ! तुं पोतानी आगल आवी रीते मने क्यांसुधी नचावीश ? हुं कामरूप हस्तिथी जय पामीने त्हारे शरणे आवेली छुं. म्हारी उपेक्षा न कर. त्हारे माटे घणा कालथी खेद पामुं छुं. एवो कयो मूर्ख होय के प्राप्त थएला अमृतने वृथा त्याग करे ?" धीर एवो सुदर्शन शेठ मनमां विचार करवा लाग्यो के "जो हुं आ संकटथी मूकाईश तोज कार्योत्सर्गने पारीश. नहिं तो अनशन धारण करीश." अजयाए आ प्रकारे प्रार्थना करतां छतां पण ज्यारे सुदर्शनशेठे न मान्युं, त्यारे तो उत्पन्न थयो छे क्रोध जेने एवी ते कहेवा लागी. "अरे अज्ञान ! तने धिक्कार थाओ ! मने मिथ्या अपमान पमाडतो एवो तुं शुं नथी जाणतो के प्रसन्न थयेली स्त्री अमृतसमान छे अने क्रोधयुक्त थयेली स्त्री विष समान छे ? त्हारा आवा आचरणथी निश्चय हुं त्हारी यमदूती छुं."

तेनां आवां वचनथी तो सुदर्शन शेठ महा ध्यानमां वधारे मग्न थयो. कह्युं छे के—शंकरना नेत्रना अग्निनो संग छतां पण चंद्रमा तो अमृत मयज छे. पछी प्रभात थवाथी विलक्ष बनेली अजया पोताना अंगने विषे

नखवडे उझरडा करी सोर करवा लागी एटले तत्काल पेहेरेगीरो आवी पहोंच्या अने तेमणे पडिमाधारी एवा शांत सुदर्शन शेठने दीठा. पछी तेउं विचार करवा लाग्या के, " जेम चंद्रने विषे विषना कल्लोलनो संभव थाय नहिं तेम आ शेठने विषे आ पापनो संभव थतो नथी. " एम धारीने तेउंए ए वात तत्काल राजाने कही; तेथी राजाने त्यां आव्यो.

अभया रोती रोती गद् गद् वाणीथी राजा प्रत्ये कहेवा लागी. " हे देव ! हुं आपनी रजा लइने जेटलामां अहिं आवीने बेठी तेटलामां अवसर विनाना कुष्मांड (कोला) फलनी पेठे में आने म्हारी आगल दीठो. वली ते दुष्ट, मधुर वाणीथी मने पोतानी साथे क्रीडा करवानुं कहेवा लाग्यो. में ना कही एटले तो तेणे बलात्कारथी नखवडे म्हारा शरीरे उझरडा कर्या, तेथी हुं शोर करवा लागी. कारण अमारा अबलाजनने विषे बीजुं बल शुं होय ? " राजाए " सुदर्शन शेठने विषे आ काम असंभवित छे. " एम मानता छता तेमने पूछ्युं के " आ कृत्य तमे कर्युं ? " सुदर्शन शेठे अभयानी दयाथी कंइ पण उत्तर आप्यो नहीं. कह्युं छे के– पीली नाखेलो एवोय पण शेरडीनो सांठो मिष्ट रस आपे छे. पछी " परस्त्रीगमननुं अने चोरीनुं मौन एज लक्षण छे. (अर्थात् परस्त्रीगमन करनारा अने चोरी करनारा जवाब आपता नथी. " एम विचार करीने राजाए तेने विषे दोष आरोपण कर्यो. पछी तेणे क्रोधथी रक्षकोने आज्ञा करी के, " आ शेठना दोषने नगरमां जाहेर करी पछी तेने शूली उपर चडावो. "

राजाना आवा आदेशथी रक्षको सुदर्शन शेठने केश पकडी बहार लई गया. त्यां तेमना मस्तके करेणनां पांदडां बांध्यां; कंठमां लींबडानां पानना हारो बाध्यां; मशथी मुख श्याम कर्युं; शरीरे रातो रंग चोपड्यो; छेवट सुपडानी छत्री धारण करावी अने गधेडा उपर बेसारी वाजींत्रना शब्दपूर्वक सघला नगरमां फेरव्या. ते वखते राजाना रक्षको उद्घोषणा करवा लाग्या के, " अंतःपुरमां अपराध करनारा आ सुदर्शन शेठने शूली उपर आरोपण करवा लइ जवाय छे. " शेठनी आवी स्थीति जोइ नगरवासी सर्वे जनो विचार करवा लाग्या. " अहो ! राजाए आ सारुं कर्युं नथी, कारण एनो आवो अपराध होय नहीं. ए कांइ कुशील

नथी. अपराधीनुं मुख आवुं न होय. ते तो निरंतर शून्य गृहने विषे शयन करे छे; माटे जाग्येज तेने अपराधवालो कर्यो छे. हवे शुं ए बहु द्रव्य आपवाथी पण मूकाय खरो ? " आ प्रकारे बोलता एवा सर्वे नगरवासी जनो जेटलामां हाहाकार करी रह्या छे अने स्वजनो रुदन करी रह्या छे; तेटलामां ते पोताना घर आगल आव्यो. तेने जोइने सती मनोरमा विचार करवा लागी. " अरे ! म्हारा पतिने आ योग्य छे ? जो चंद्रथी अंगारानी वृष्टि थाय, अग्निथी वर्षाद पडे अथवा सूर्य पश्चिम दिशामां उगे तो पण आ म्हारो पति दुष्ट कृत्य करे नहीं. "

एम विचार करीने ते पोताना घरनी अंदर गइ अने जिनेश्वर प्रभुनुं पूजन करीने कायोत्सर्गे रही. ते एम धारीने के, " ज्यारे शासन देवता आ म्हारा निष्कलंकित पतिने प्राप्त थएलो उत्पात निवृत्त करी सांनिध्य करशे त्यारेज हुं कायोत्सर्गने पारीश. नहिं तो अमारे कुलस्त्रीने अनशन एज श्रेय छे. " ते वखते शासन देवताए आकाश वाणीथी कह्युं. " हे वत्से ! तुं खेद पामीश नहीं. हुं सुख उपजावीश. " आ आकाशवाणी कायोत्सर्गे रहेली मनोरमाए सांजली.

हवे रक्षकोए सुदर्शन शेठने नगरमां फेरवीने पछी शूली उपर चडाव्या एटले तो ते शूली मटीने सिंहासन थइ गयुं; तेथी तेउ (रक्षको) तेमने खड्ग अने लाकडीवती प्रहार करवा लाग्या, पण ते प्रहार तो श्रेष्ठीना कंठने विषे हाररूप, मस्तके मुकुटरूप, बन्ने कानमां कुंडलरूप, हाथमां बाजु रूप अने पगमां कडलारूप थया. ते जोइने आश्चर्य पामेला रक्षकोए ए वात राजाने निवेदन करी. ते उपरथी दधिवाहन राजा हाथणी उपर बेसीने त्यां आव्यो. पछी अत्यंत क्लेश पामेला शेठने आलिंगन करीने राजाए कह्युं. " हे श्रेष्ठिन् ! पोताना प्रजावथी जीवता रहेला तमने में आजे दीठा ए म्हारां म्होटां जाग्य छे. जेनां अंगनुं रक्षण करवामां धर्मवासनाउ जागृत रहे छे एवा पुरुषोने विषे दिव्य अस्त्रो पण बुठां थइ जाय छे, तो पछी म्हारा सरखा पुरुषोनुं तो शुंज कहेवुं. जे निरविवेकी पुरुष स्त्रीउनां वचनमां विश्वास करे छे; ते म्हारी पेठे क्लेशनो पात्र थाय छे. में बीजाउना कहेवाथी आपनो जे अपराध कर्यो होय ते क्षमा करो." एम कहिने राजा तेने हाथणी उपर

बेसारी महोत्सवपूर्वक नगरमां लाव्यो. ते वखते महाहर्षवंत थएला लोको मनोरमाने कहेवा लाग्या के, " तुं पूर्ण सौभाग्यवाळी छे, माटे कायोत्सर्गने पार. "

पछी राजाए स्नेहसहित द्रव्य, पुष्प अने चंदन विगेरेथी सत्कार करी शेठने सर्व वात पूछी ते उपरथी तेणे यथार्थ वात कही दीधी. पछी अभयाने शिक्षा करवा माटे क्रोध पामेला राजाना चरणनो स्पर्श करीने शेठे अभयाने अभयदान आपवानी विनंती करी. राजा पण सुदर्शन शेठे देखाडी आपेली जिनधर्मनी प्रभावनाने जाणीने ते जैनधर्मने विषे आसक्त थयो. पछी राजाए सुदर्शन शेठने हाथणी उपर बेसारी अनेक माणसो सहित वाजते गाजते तेमने घेर पहोंचाड्या.

आ सघली वात अभयाए सांभळी तेथी तेणे फांसो खाइने प्राणत्याग कर्यो अने पंडिता पण पाटलीपुत्र नगरमां जइने देवदत्ता नामनी वेश्याने घेर रही. कह्युं छे के– तेवां पात्रोने एवुंज स्थान योग्य छे. पंडिता ते देवदत्ता वेश्यानी आगळ सुदर्शन शेठनां हमेशा वखाण करती; ते उपरथी तेणे कह्युं के, " जो हुं तेने (सुदर्शन शेठने) देखुं तो पछी मानुं. "

हवे अहिं सुदर्शन शेठे पण संसारथी वैराग्य पामीने चारित्र धारण कर्युं. एक दिवस तेओ विहार करता करता पाटलीपुत्र नगर प्रत्ये गया. त्यां देवदत्ता श्राविकानुं रूप धारण करी पारणाना मीषथी तेमने पोताने घेर आग्रहथी वहोरवा तेडी गई. कह्युं छे के– साधुओ हमेशा सरळ स्वभाववाळा होय छे. पछी बारणुं बंध करी ते वेश्या मुनिने पीडा करवा लागी; परंतु जेम रत्ननो दीवो वायुथी विकृति पामे नहिं तेम ते मुनि वेश्याए करेला उपसर्गथी चलायमान थया नहीं. छेवट सांजे छोडी मूक्या तेथी ते महात्मा श्मशान प्रत्ये जइने कायोत्सर्गे रह्या. त्यां पण व्यंतरी थई रहेली अभयाए बीजी पोतानी सहचरीओ सहित क्लेशना कारणरूप वैर लेवा माड्युं एटले सुदर्शनमुनिने शुभध्यानथी केवलज्ञान उत्पन्न थयुं. ते वखते देवताओए तेमनो केवल महोत्सव कर्यो; तेथी ते मुनि सहस्र पत्रवाळा कमळ उपर बेसीने धर्मदेशना देवा लाग्या. तेमणे मोक्षना कारणरूप साधु अने श्रावकनो धर्म निरूपण कर्या पछी केटला-

के चारित्र अंगीकार कर्युं अने केटलाके श्रावक धर्म आदर्यो. व्यंतरी अजयाए पण ते वखते श्रावक धर्म अंगीकार कर्यो अने देवदत्ता वेश्या तथा पंडिता पण बोध पामी. ए प्रकारे सुदर्शन मुनि पृथ्वी उपर विहार करता छता अनेक जव्य जीवोने संसारसमुद्रथी तारी अने शीलव्रतना अतुल एवा प्रजावने स्थापन करी अंते मोक्षलक्ष्मीने पाम्या.

॥ इति सुदर्शन शेठनी कथा समाप्ता ॥

हवे चोर पण शील पालवाथी सुगतिनुं पात्र थाय छे, ते कहे छे.

यः अन्यायरतोऽपि एव नृपजार्याप्रार्थितोऽपि नापि क्षुब्धः
जो अन्नायरउवि हुं, निवजज्जापछिउवि नवि खुब्भो ॥
शीलनियमानुकूलः सः वंकचूलः गृही जयतु
सीलनियमाणुकूलो, स वंकचूलो गिही जयउ ॥ ४६ ॥

शब्दार्थ–(जो के०) जे (अन्नायरउवि के०) अन्यायने विषे प्रीतिवालो एवोय पण अने (निवजज्जा के०) राजानी स्त्रीए (पछिउवि के०) कामने माटे प्रार्थना करेलो एवो पण (हु के०) निश्चे(नवि खुब्भो के०) न ज क्षोज पाम्यो. (स के०) ते (सीलनियमाणुकूलो के०) शीलव्रतना नियमने अनुसरीने रहेलो एवो तथा (गिही के०) गृहस्थाश्रमी एवो (वंकचूलो के०) वंकचूल (जयउ के०) जयवंतो वर्त्तो. ॥ ४५ ॥

विशेषार्थ– जे चोरी करवामां प्रीतिवालो, चोरी करवा माटे राजाना घरमां पेठेलो अने राजाथी रीसाइ गएली पट्टराणीए विषयने माटे प्रार्थना करेलो छता पण भ्रष्ट थयो नहि; तेज शील पालवामां केड बांधीने तैयार थएलो, गृहस्थाश्रमी एवो वंकचूल नामनो चोर आ जगत्मां जयवंतो वर्त्तो. ॥ ४५ ॥

वंकचूलनी कथा.

आ जरत क्षेत्रमां समृद्धिवाला पुरुषोने पुण्यबीजना अंकुरनी पेठे सेवन करवा योग्य रथनूपुर नामनुं नगर छे. त्यां जेना प्रतापरूप सूर्यनी आगल सूर्य पण अग्निना तणखा शरखो देखातो हतो एवो अने शत्रु-

उंने ताप पमाडनारो विमलयश नामनो राजा राज्य करतो हतो. इं-द्रने इंद्राणीनी पेठे अने शंकरने पार्वतीनी पेठे ते राजाने मांगल्य कलाना आश्रय रूप सुमंगला नामनी पट्टराणी हती. तेउंने वंकचूला नामनी पुत्री अने दुर्नयने लीधे अग्निनी ज्वलाना सरखो क्रूर वंकचूल नामनो पुत्र हतो. अनुक्रमे ते पुत्र ज्यारे युवावस्था पाम्यो त्यारे पिताए तेने चंद्रने रोहिणीनी पेठे रूप अने गुणथी अद्भुत एवी एक राजकन्या साथे परणाव्यो. परंतु ते संताप करनार, दुःशील अने न्यायमार्गनो अजाण होवाथी पिताए तेने निर्गुण एवा अपयशनी पेठे घरमांथी काढी मूक्यो एटले तो बालवैधव्यथीज बली रहेली वंकचूला पण पोताना नाइना मोहथी जेम अन्यायनी साथे पापबुद्धि जाय तेम तेनी साथे चाली. वंकचूल पोताना अंगना केटलांक वस्त्रालंकार लइ व्हेन तथा स्त्रीने साथे तेडी त्यांथी चाली नीकल्यो.

अनुक्रमे ते नमतो नमतो एक म्होटा अरण्यमां आवी चड्यो. त्यां तेणे यमदूतना सरखा केटलाक धनुष्यधारी निल्लोने दीठा. पठी आकृतिथी राजा सरखो जाणीने सर्वे निल्लोए तेने नमस्कार करी आदरथी आववानुं कारण पूब्युं. कुमार वंकचूले पोतानी सर्व वात कही आपी; तेथी हर्ष पामेला सर्वे निल्लो तेने कहेवा लाग्या के, "अमारो स्वामी पल्लीपति मृत्यु पाम्यो वे; माटे हवे ते पद तमे अंगीकार करो." वंकचूल तेउंनां वचन अंगीकार करी पल्लीमां गयो अने पल्लीपति थयो. पठी ते पापकर्मना उदयथी निल्लोनी साथे पृथ्वी उपर लुंट करतो वतो परा क्रमे करीने म्होटी प्रसिद्धि पाम्यो.

एकदा चंद्रयशा नामे सूरी सात साधुउंसहित सार्थवाहथी नूला पडीने नमतां नमतां त्यां आवी चड्या. एवामां प्रवासीउंने कालसरखो वर्षाकाल आव्यो अने स्तनोना नारथी नमी गयेली जुवान स्त्रीनी पेठे आकाश शोनवा लाग्युं. पृथ्वीमांथी खल पुरुषोना अपराधोनी पेठे अंकुरो उत्पन्न थवा लाग्या अने सर्वे मार्गो जीवना संचारवाला थइ गया. पठी विहार करवो अयोग्य जाणीने सर्वे साधुउ पल्लीमां आव्या. राजपुत्र वंकचूले तेमने महाहर्षथी वंदना करी एटले साधुउंए तेने धर्मलान कहीने पठी तेनी पासे वसतिनी याचना करी. ते उपरथी

वंकचूले उत्तर आप्यो के, "इष्टस्थान ग्रहण करीने मरजीप्रमाणे रहो; परंतु हे भगवंतो ! तमारे कृपा करीने म्हारुं एक वचन अंगीकार करवुं अने ते एज के, तमारे क्यारे पण अमने धर्मदेशना देवी नहीं; कारण के तमे हिंसारहित एवा धर्मनी देशना आपो छो अने अमारी हिंसा एज आजीविका छे." साधुओए ए वात कबुल करी अने तेणे आपेली वसतिमां निवास करी स्वाध्याय विगेरे धर्मकार्यनुं आचरण करता चार मास निवर्त कर्या.

पछी ते साधुओ राजपुत्रनी आज्ञा लइ विहार करवा निकल्या. राजपुत्र पण धर्मदेशना न आपवारूप पोतानी आज्ञा पालवाथी प्रसन्न थइने सीमाडासुधी तेमनी पाछल गयो. पछी त्यांथी पाछा वलता एवा ते राजपुत्रने साधुओए मधुर वाणीथी कह्युं. "हे राजपुत्र ! अमे त्हारी सहाय्यथी आ गाममां चार मास सुखे करीने निवृत्त कर्या छे; माटे प्रीतिथी त्हारो उपगार करवाना कारणे तने आ लोक अने परलोकमां शुभ फल आपनारा नियम आपवानी इच्छा करीए छीए." राजपुत्रे कह्युं. हे भगवंत ! ते म्हाराथी शी रीते पाली सकाशे ?" मुनिओए कह्युं. "शक्तिप्रमाणे ग्रहण करवा. बहु आग्रह करवो नही. १ ज्यारे तुं जीवनो वध करवानो उद्यम करे त्यारे सात पगलां पाछो हठीने पछी त्हारी मरजीप्रमाणे आचरवुं. २ जे फलनुं नाम तुं जाणे नहीं ते भक्षण करीश नहीं. (अजाण्युं फल खाइश नहीं.) ३ राजानी पट्टराणीने मातान सरखी गणवी. ४ कोइ दहाडे कागडानुं मांस खावुं नहीं. हे राजपुत्र ! आ नियमो घणा पालवा योग्य छे; माटे त्हारे प्रयत्नथी पालवा." पछी राजपुत्रे (आ महाप्रसाद छे.) एम कहीने ते नियमोनो स्वीकार कर्यो एटले महा गुणवंत एवा ते मुनिओए विहार कर्यो.

कोइ वखते उनालानी ऋतुमां पल्लीपति राजपुत्र वंकचूल केटलाक भिल्लोने साथे लइ कोइ एक गाम लुंटवा निकल्यो; पण तेना पहोंच्या पहेला गामना लोको खबर पडवाथी नासी गया हता; तेथी तेओ भुख्याने तरश्या बपोरना वखते पाछा फर्या. पछी दीन थइ गयां छे मुख जेमना एवा केटलाक भिल्लो रस्तामां एक वृक्ष नीचे बेठा अने केटलाक फल तथा पाणीनी शोध करवा लाग्या. एवामां तेओए पाकेला फ-

लोथी नमी रहेलुं किंपाक वृक्ष दीठुं. पछी आ फलो खावाथी शुं परिणाम थशे, ए वातथी अजाण्या एवा भिल्लोए ते फलो लावीने वंकचूल आगल मूक्यां. वंकचूले पण पोतानो अभिग्रह संभारीने तेउने पूछ्युं. " आ फलोनुं नाम शुं छे ? अने ते शेनां फल छे ? " भिल्लोए उत्तर आप्यो के, " ते तो अमे जाणता नथी; पण आ फलो घणां मीठां छे " वंकचूले कह्युं. " हुं अजाण्यां फल खातो नथी. " भिल्लोए फरीथी कह्युं. " हे देव ! हवणां भुखथी मरवानो वखत छे, माटे आ फलो खाउं; कारण जो जीवता रहीशुं तो फरीथी पण नीयम लेवाशे. " वंकचूले धीरज राखीने कह्युं के, " तमारे आवां वचन क्यारे पण बोलवां नहीं; कारण लक्ष्मीनो भले नाश थाउं; प्राणो चाल्या जाउं; परंतु पोतानुं कहेलुं मिथ्या न थाउं. "

पछी सर्वे भिल्लो ते फलो खाइ एकांतमां जइने सूता. फक्त वंकचूले अने दाक्षिण्यताने लीधे एक सेवके ते फलो खाधां नहीं. पछी अरधि रातना वखते राजकुमारे उठीने पोताना सेवकने कह्युं. " जा सर्वे भिल्लोने जगाड. " सेवके भिल्लो पासे आवीने जेटलामां जगाडवा मांड्या तेटलामां तेउने मरी गयेला दीठा. तेणे राजपुत्रने ए वात कही एटले ते पण विस्मय पाम्यो. पछी हर्ष अने शोक युक्त थएलो ते वंकचूल हाथमां तरवार लइ पोताना घर तरफ चाल्यो. घरनी पासे आव्यो पण बारणां बंध होवाथी तेणे कमाडना छिद्रमांथी जोयुं तो अंदर दीवो बलतो हतो; तेथी तेणे कोइ पुरुषनी साथे पोतानी स्त्रीने सूतेली दीठी. पछी ते अत्यंत क्रोध पामी तरवार खेंची छापरां उपर थइ अंदर उतर्यो. पछी ते जेटलामां तरवार उगामी बन्नेने मारवा जाय छे तेटलामां सात पगला पाछा हठवानो गुरुए आपेलो नियम संभारी ते सात पगलां पाछो हठ्यो; जेथी उगामेली तरवार बारणमां अथडावाना शब्दथी जागी उठेली वंकचूलाए तेने एकदम पूछ्युं के, " तुं कोण छे ? अने अहिं केम आव्यो छे ? " वंकचूले व्हेननो शब्द उळखी खड्ग संताडीने पूछ्युं. " तें पुरुषनो वेश शाकारण माटे धारण कर्यो छे ? " तेणे उत्तर आप्यो के, " अवसरना अर्थी नट लोको नृत्य करवा आव्या हता. तेउ कोण छे ? साचा नटलोको छे के पल्लीने रेढी जाणीने लुंट करवा आ-

वेला बीजा कोइ दुश्मनो छे ? " आवा विचारथी हुं म्हारा लुगडां पहेरी पुरुषनो वेश धारण करी सजामां गइ. त्यां घणो वखत तेउनो नृत्य जोइने पछी द्रव्य वस्त्र विगेरेथी तेउने संतोष पमाडी घरे आवी प्रमादने लीधे पुरुषनो वेश त्याग कस्या शिवाय हुं तेमनी तेमज म्हारी जोजाइ जेगी सूइ गइ."

वंकचूले कह्युं. " धन्य छे ते गुरुउने के, जेमणे मने तारवाने माटे नियमो आप्या छे. प्रथम अजाण्यां फल न खावां ए नियम आपवाथी तेमणे म्हारो पोतानोज उद्धार कस्यो छे. बीजी जीवहिंसा करतां सात पगलां पाछा खसवाना नियमे करीने मने ब्हेन तथा स्त्री हत्याथी बचाव्यो छे. अहो ! तेज महात्मा जाणवा के, जेउ पोते तरे छे अने बीजाने तारे छे. वली धिक्कार तो अमनेज छे के, जे अमोए तेमनो धर्मोपदेश पण सांजल्यो नहीं."

हवे सर्वे जिल्लो मरी जवाथी पोते एकलो रहेलो वंकचूल शत्रुना जयथी पल्लीनो तृणनी पेठे त्याग करी उज्जयिनी नगरीमां आव्यो. त्यां पण कोइ शेठने घेर पोतानी ब्हेन तथा स्त्रीने मूकीने पोते चोरीनो धंधो करवा मांड्यो. चोरी करवामां कुशल एवो ते हमेशां धनवंतोनां घरमां खातर पाडतो; परंतु क्यारे पण पकडातो नहीं. एक दिवस तेणे विचार कस्यो के, " एक कोडीने माटे पण पोताना पुत्रोने मारनारा एवा वेहेपारीउना धनने धिक्कार छे. परद्रव्यना लालचु एवा जिक्षुक ब्राह्मणो पण उपेक्षा करवा योग्य छे तो पछी थोडामांथी थोडुं चोरी लेनारा सोनी लोकोनी तो वातज शी करवी. वली उत्तम पुरुषोने निंदा करवायोग्य एवी वेश्यानुं धन शा कामनुं छे ? कारण के, जे वेश्या धननी इच्छाथी कोढीआ माणसने पण कुबेर सरखो माने छे. माटे हवे चोरी करवी तो राजाने घेरज करवी. कारण जो ते सफल थाय तो अक्षय द्रव्य मले अने सफल न थाय तो दीर्घ कालनो यश मले." एवो विचार करीने वर्षाकालने विषे ते वनमांथी एक घरोली लाव्यो अने तेना पुंछडाने झालीने राजाना मेहेल उपर चड्यो. त्यांथी ते तत्काल राजाने रहेवाना मंदिरमां गयो. त्यां तेने कोइ एक मनोहर स्वरूपवाली स्त्रीए दीठो अने पूछ्युं के, " तुं कोण छे ? " वंकचूले जवाब आप्यो के,

" हुं चोर छुं. " स्त्रीए फरीथी पूछ्युं. "तुं शुं लेवानी इच्छा करे छे. ?" तेणे उत्तर आप्यो के, "मणि अने रत्न विगेरे." पछी वंकचूलनुं रूप जोइने मोह पामेली स्त्रीए कह्युं. " बीजा चोर तो रत्न विगेरेने चोरी ले छे अने तें तो म्हारुं चित्त चोरी लीधुं छे; तेथी तुं खरेखरो चोर छे. तुं म्हारी साथे क्रीडा करे तो हुं तने अनेक रत्नो आपुं. " वंकचूले पूछ्युं. " तुं कोण छे ?" स्त्रीए कह्युं के, "हुं राजानी पट्टराणी छुं. म्हारा सौभाग्यथी राजा गुस्से थयो छे; माटे स्त्रीरूप धनथी रहित एवो तुं मने अंगीकार करीने पोताना आत्माने सफल कर. " पछी " राज्यस्त्री जोगववा योग्य नथी. " एम पोताना नियमनो विचार करीने वंकचूले तेने कह्युं. "तुं सर्व प्रकारे म्हारी माता समान छे. स्मार्तो पण कहे छे के–

राजपत्नी गुरोःपत्नी, मित्रपत्नी तथैवच ॥
पत्नीमाता स्वमाता, च पंचैता मातरःस्मृताः ॥

अर्थ–राजानी स्त्री, गुरुनी स्त्री, मित्रनी स्त्री तेमज पोतानी स्त्रीनी मा अने पोतानी मा ए पांच माताओ कही छे.

राजानी स्त्रीए कह्युं. " हे मूर्ख ! तुं वृथा उपेक्षा न कर. हुं त्हारा स्वाधिन थएली छुं. " आ प्रकारे घणी वार सुधी समजाव्या छता पण ज्यारे वंकचूल जरा पण क्षोभ पाम्यो नहीं त्यारे तो तेणे क्रोध करीने कह्युं. " जो तुं म्हारी इच्छा प्रमाणे नहीं करे तो तने पोताने आजे यमराज कोप्यो छे एम जाणी तेने उत्तर आपवानो विचार कर. " आ सघली वात राजा नींचेना माले सूतो सूतो सांभलतो हतो. पछी राणीए नखवडे पोताना शरीरे उझरडा करी सोर करवा मांड्यो के, " अरे ! आ कोइ दुरात्मा चोर के जार अहिं पेठो छे. " राणीनां आवां वचन सांभली खड्ग धारण करनारा केटलाक रक्षको आवी पहोच्या. " अरे क्यां छे ! क्यां छे ! ! झालो ! झालो ! !" एवा शब्दनो उच्चार करनारा ते सुभटोने राजाए आज्ञा करी के, "एने मारशो नहीं; परंतु बांधी राखो." पछी राजाए पण राणीना विचारमांज आखी रात्री निर्गमन करी.

सवारे सभामां आवीने राजाए चोरने बोलाव्यो एटले सुभटो तेने बंधनमांथी मुक्त करी त्यां लइ गया. पछी राजाए तेने पूछ्युं के, " कोइ माणसथी न जइ शकाय एवा म्हारा मेहेलमां तुं केम पेठो हतो ? "

वंकचूले उत्तर आप्यो के, "हे देव! बीजाओने त्यां खातर पाडवाथी खेद पामेलो हुं द्रव्यना मोहथी घरोलीनुं पुंछडु झाली आपना महेल उपर चड्यो हतो. त्यां बीलाडी जेम दूधने देखे तेम महादेवीए मने दीठो. हे राजन्! आप म्हारा उपर दया करो; कारण पोते बलवंत छतां पछी विग्रह शो?" राजाए कह्युं. "हुं त्हारा उपर प्रसन्न थएलो छु; माटे आ म्हारी पट्टराणी तने आपुं छुं; तेने तुं ग्रहण कर." चोरे कह्युं. "हे देव! जे आपनी पट्टराणी, ते म्हारे माता समान छे." तेनां आवां वचन सांभली राजाए क्रोधथी रक्षकोने आज्ञा करी के, "एने शूली उपर चडावी मारी नाखो." राजाए आप्रमाणे कह्युं तो पण ते चोर जेम सम्यक्त्वने धारण करनारो पुरुष न्यायथी चले नहीं तेम पोताना धारेला अभिग्रह (नियम) थी चल्यो नहीं. राजाए गुप्तरीते सुभटना नायकने समजाव्यो के, "एने मारवो नथी; पण फक्त भय देखाडवो छे."

पछी चोरने नगरीमां फेरवी शूली पासे लइ गया अने तेना उपर चडाववाने माटे पण तैयार कर्यो छतां ते पोताना अभिग्रहने झाली रह्यो; तेथी सुभटो तेने पाछो राजा पासे लाव्या. राजाए प्रसन्न थइ तेने पुत्रसमान मानी युवराज पदवी आपी. पछी तो ते वंकचूल पोतानी स्त्री अने व्हेनसहित सुखेथी रहेवा लाग्यो. वली ते विचार करवा लाग्यो के, "मने धन्य छे; म्हारो मनुष्यजन्म सफल थयो छे; परंतु जो ते मुनिने फरीथी देखुं तो हुं निश्चय तेमनी पासे उत्तम धर्म आदरुं." आ प्रमाणे ते विचार करतो हतो, एवामां ते चंद्रयशा सूरि विहार करता करता त्यां आव्या. वंकचूले तेमनी वंदना करी धर्मोपदेश सांभल्यो. पछी ते दिवसथी आरंभीने जेना अरिहंत प्रभु देव छे; साधु गुरु छे अने जीवदया धर्म छे. एवो ते वंकचूल श्रावकधर्म पालवा लाग्यो अने गीतार्थ श्रावक थयो. पछी तो साधु अने साधर्मि श्रावक विगेरेना भक्त अने देवपूजा करवामां तत्पर एवा ते वंकचूलने उज्जयिनी नगरीनी पासेना शाली गाममां रहेनारा जिनदास नामना श्रावक साथे घणी मित्राइ थइ.

कोइ वखते वंकचूले कोइ एक महा भयंकर एवा पल्लीपतिनी साथे

रणसंग्राममां युद्ध करीने तेने मार्यो, परंतु पोते पण घणा घा वागवाथी जर्जरित थईने घरे आव्यो. घणां औषधो कर्यां पण पीडा तो वधारेने वधारे थवा लागी. छेवट वैद्योए कह्युं के, " जो एने कागडानुं मांस खवरावे तो घा रुझाइ जाय. " ए उपरथी राजाए कागडाने मारी तेनुं मांस लाववानो पोताना सेवकोने हुकम कर्यो. ते सांभली कुमार वंकचूले कह्युं. " मने कागडानुं मांस न खावानो नियम छे. " राजाए कह्युं. " हे वत्स ! जो तुं जीवतो रहीश तो वारंवार नियम लेवाशे; परंतु जो मृत्यु थयुं तो आज देह कागडा अने कुतराउने भक्षण करवा योग्य थशे. " राजानां आवां वचन सांभली कुमार वंकचूले तो निश्चयथीज कह्युं के, " जो म्हारुं जीवित जतुं होय तो जवा द्यो, पण हुं ते काम तो करीशज नहीं. "

पछी राजाए पोताना सेवकोने पूछ्युं के, " एनो कोइ मित्र छे ? " सेवकोए जवाब आप्यो के, " हा महाराज ! शाली गाममां रहेनार जिनदास नामनो श्रावक एनो परम मित्र छे. " पछी राजाए तेने बोलाववा माटे पोताना सेवकने मोकल्यो; तेथी मित्रने विषे प्रीतिवालो जिनदास पण घरेथी निकल्यो. रस्तामां एक वृक्षनी नींचे बेसीने रुदन करती एवी बे स्त्रीउने जोइने तेणे पूछ्युं के, "तमे शा माटे रुदन करो छो ?" तेउए उत्तर आप्यो के, " अमे सौधर्म देवलोकमां रहेनारी अने पतिविनानी देवीउ छीए. जो वंकचूल कागडानुं मांस भक्षण कर्या विना मृत्यु पामशे तो ते अमारो पति थशे; परंतु तेने कागडानुं मांस भक्षण करवाने राजाए तने बोलाव्यो छे. हे भद्र ! हवे जो ते कागडानुं मांस भक्षण करशे तो ते अमारो पति थशे नहिं, तेथी अमे पति विना रही सकशुं नहिं;आटला माटे अमे रुदन करीए छीए. पछी " हुं तेने कागडाना मांस भक्षणनो उपदेश नहि करुं. " एम कहीने जिनदास उज्जयिनी नगरीमां जइ आदरथी पोताना मित्रने मल्यो. राजाए जिनदासने कह्युं. " आने समजावीने कागडानुं मांस भक्षण कराव. " जिनदासे वंकचूल सामुं जोइने राजाने कह्युं. " महाराज ! आने धर्मरूप औषध करवुं योग्य छे, तेमां पण वार करवा जेवुं नथी. "

पछी धर्मतत्वने जाणनारो वंकचूल आराधना पूर्वक साधर्मिकादिकने

विषे द्रव्य वापरतो, समाधिवडे पुण्यनुं अनुमोदन करतो, दुःष्कृतने निंदतो अने जीवोने खमावतो मृत्यु पामीने बारमा देवलोकमां बावीश सागरोपम आयुष्यवालो देवता थयो.

हवे मित्र जिनदास, वंकचूलनुं उत्तरकार्य करीने पछी पोताने गाम जवा निकल्यो. रस्तामां तेणे तेज वृक्षनी नींचे रुदन करती एवी तेज बे स्त्रीउने देखीने पुछ्युं. " में वंकचूलने कागडानुं मांस जक्षण कराव्युं नथी; छतां तमे शा माटे रुवो छो ? " स्त्रीउए उत्तर आप्यो के, " तमे मांस जक्षण कराव्युं नथी; परंतु एवुं कह्युं छे के, (अर्थात् एवो धर्मोपदेश दीधो के) ते अमने त्याग करीने बारमा अच्युत देवलोक प्रत्ये चाल्यो गयो. " पछी ते दिवसथी आरंजीने जिनदास जैनधर्ममां दृढ मनवालो थयो. कह्युं छे के– प्रत्यक्ष दीठा पछी कयो पुरुष शाक्षिनी वाट जुए. ए प्रकारे राजानी स्त्रीने विषे शीलव्रतने पालन करवाथी महा समृद्धिवान् थएलो वंकचूल ग्रहस्थाश्रममां रह्यो छतो आ लोकमां अने परलोकमां सुखनो जोक्ता थयो.

॥ इति वंकचूलनी कथा ॥

हवे ग्रहस्थाश्रममां रहेली महासतीउना शीलप्रजाव कहेवा माटे ते स्त्रीउना गुणनुं चार गाथाए करी वर्णन करे छे.

अस्खलितशीलविमला महिला धवलयति त्रिण्यपि कुलानि
अक्खलियसीलविमला, महिला धवलेइ तिन्निवि कुलाइं ॥

इह परलोकेषु तथा यशः असमसुखं च प्राप्नोति
इह परलोएसु तहा, जसं मसमसुहं च पावेइ ॥ ४७ ॥

शब्दार्थ– (अक्खलियसीलविमला के०) अखंकित एवा शीलेकरीने निर्मल एवी (महिला के०) स्त्री जे छे ते (तिन्निवि कुलाइं के०) माता, पिता अने ससराना त्रणे कुलोने पण (धवलेइ के०) उज्वल करे छे. (च के०) अने (इह के०) आ लोकने विषे (जसं के०) जशने (तहा के०) तथा (परलोएसु के०) परलोकने विषे (असमसुहं के०) जेनी बराबरी बीजुं कोइ थइ शके नहि एवा सुखने (पावेइ के०) पामे छे.

विशेषार्थ– अतिचार रहित एवुं श्रेष्ठ ब्रह्मचर्यव्रत पालवाथी निर्मल थएली स्त्रीउ माता, पिता अने ससराना ए त्रणे कुलोने निर्मल करे छे. अर्थात् त्रणे कुलोने प्रकाश करे छे. वली ते स्त्रीउ कुलोनो प्रकाश करी पोतेज केवल वखाणवा योग्य थाय छे एम नहि, पण ते स्त्रीउ आलोकमां कीर्त्ति अने परलोकमां जेनी बरोबर बीजुं कोइ पण सुख थइ शकतुं नथी एवा स्वर्ग अथवा मोक्षना सुखने पामे छे. अर्थात् आ लोकमां ब्रह्मचर्यना माहात्म्यथी मनुष्योमां वखाण पामे छे अने परलोकमां ब्रह्मचर्यना सामर्थ्यथी स्वर्ग अथवा मोक्षना सुखने पामे छे. ॥ ४७ ॥

या निजकांतं मुक्त्वा स्वप्नेऽपि न ईहते नरं अन्यं

जा नियकंतं मुत्तुं, सुविणेवि न ईहए नरं अन्नं ॥

आबालब्रह्मचारिणां सा ऋषीणामपि स्तवनीया

आबालबंनयारी–ए सा रिसीणंपि थवणिज्जा ॥ ४८ ॥

शब्दार्थ– (जा के०) जे स्त्री (नियकंतं के०) पोताना स्वामीने (मुत्तुं के०) मूकीने अर्थात् पोताना स्वामी विना (सुविणेवि के०) स्वप्नने विषे पण (अन्नं नरं के०) बीजा पुरुषने (न ईहए के०) नथी इछती. (सा के०) ते स्त्री (आबालबंनयारीण के०) जन्मथी मांडीने ब्रह्मचारी एवा (रिसीणंपि के०) ऋषियोने पण (थवणिज्जा के०) स्तुति करवा योग्य छे. ॥ ४८ ॥

विशेषार्थ– जे स्त्री पोताना पतिने मूकीने अर्थात् पोताना स्वामी विना स्वप्नमां पण बीजा पुरुषने नथी इछती. अर्थात् जे स्त्री जन्मथी मांडीने मन वचन कायाए करी पोताना पतिनेज सेवे छे. ते महासती स्त्री जन्मथी मांडीने ब्रह्मचारी एवा महर्षि पुरुषोने पण स्तुति करवा योग्य थाय छे. ॥ ४८ ॥

हवे शील नहि पालनारी स्त्रीउ माटे कहे छे.

परपुरुषसेविन्यः कुलरमण्यः नवंति यदि लोके

परपुरिससेविणीउ, कुलरमणीउ हवंति जइ लोए

तदा वेश्यादासीनां प्रथमारेखा कुलवधूषु

ता वेसादासीणं, पढमारेहा कुलवहूसु ॥ ४ए ॥

शब्दार्थ– (जइ के०) जो (लोए के०) लोकने विषे (कुलरमणीउ के०) कुलस्त्रीउ जे ठे ते (परपुरिससेविणीउ के०) अन्य पुरुषने सेवनारीउ (हवंति के०) थाय ठे. (ता के०) तो (कुलवहूसु के०) कुलस्त्रीउनेविषे (वेसादासीणं के०) वेश्यास्त्रीउनी दासीनी (पढमारेहा के०) प्रथम रेखा (निशानी) जाणवी. ॥ ४ए ॥

विशेषार्थ– जो लोकने विषे कुलवंती स्त्रीउ परपुरुषने सेवनारीउ थाय ठे, तो कुलवंती स्त्रीउने विषे वेश्या दासीउनी ते प्रथम रेखा (पहेली निशानी) जाणवी. अर्थात् ज्यारे कुलस्त्रीउ परपुरुषनी सेवा करे, त्यारे कुलस्त्रीउमां अने वेश्यानी दासीमां कांइ फेर रहेतो नथी. ॥४ए॥

हवे सहज निंदा करवा योग्य स्त्रीउने प्रशंसानुं कारण कहे ठे.

तुछापि रमणिजातिः प्रशंसनीया सुरासुरनराणां

तुछावि रमणिजाई, पसंसणिज्जा सुरासुरनराणं ॥

विहिता महासतीभिः काभिरपि अतिविमलशीलाभिः

विहिया महासईहिं, काहिवि अइविमलसीलाहिं ॥ ५० ॥

शब्दार्थ– (अइविमलसीलाहिं के०) अतिशय निर्मल ठे शील जेमनां एवी (काहिवि के०) कोई पण (महासईहिं के०) महासतीउए करीने (तुछावि के०) तुछ एवीय पण (रमणिजाई के०) स्त्रीजाति जे ठे ते (सुरासुरनराणं के०) देव, दानव अने मनुष्योनी मध्ये (पसंसणिज्जा के०) वखाणवा योग्य (विहिया के०) कही ठे. अर्थात् महासती स्त्रीउवडे तुछ एवी स्त्रीजाति देव, दानव अने मनुष्योनी सजामां वखाणवा योग्य थइ ठे. ॥ ५० ॥

विशेषार्थ– अतिशय निर्मल शीलवाली कोइ पण महासती स्त्रीउए करीनेज तुछ एवी स्त्रीजाति देव, दानव अने मनुष्योनी सजामां वखाणवा योग्य थइ ठे. अर्थात् शीलनी परीक्षाने वखते आश्चर्य उत्पन्न करनारी महासती स्त्रीउज स्त्रीजातिने त्रण लोकमां वखाणवा योग्य करे ठे. बाकी स्त्रीजातिनुं निंद्यपणुं तो जगत्मां प्रसिद्ध ठे. ॥ ५० ॥

हवे ते स्त्रीओमां सीतासतीनुं दृष्टांत कहेछे.

निजशीलमहामंत्रेण प्रबलज्वलनं जलं कुर्वत्याः

नियसीलमहामंते-ण पबलजलणं जलं कुणंतीए ॥

शीलोद्घोषणपटहः अद्यापि धनत् ध्वनति सीतायाः

सीलग्घोसणपडहो, अज्जवि झणहणइ सीयाए ॥ ५१ ॥

शब्दार्थ– (नियसीलमहामंतेण के०) पोताना शीलव्रतरूप महामंत्रे करीने (पबलजलणं के०) अतिशय धखेला खेरना अंगाराने (जलं कुणंतीए के०) जल (पाणी) करती एवी (सीयाए के०) सीताना (सीलग्घोसणपडहो के०) शीलनो उद्घोषण करतो एवो डुंडुभि जे ते (अज्जवि के०) आज सुधी पण (झणहणइ के०) वागे छे. ॥ ५१ ॥

विशेषार्थ– रामचंद्रजीए रावणने मारीने पाछी लावेली पोतानी स्त्री सीता सतीने शीलव्रतना जंगनी शंका मटाडवा माटे अग्निमां प्रवेश कराव्यो; ते वखते पोताना शीलव्रतरूप महामंत्रना प्रजावथी अतिशय धखेला खेरना अंगाराने पण जल करती अर्थात् ते अग्निथी उत्पन्न थएला पाणीनी उपर सुवर्ण कमलनी उपर तरती एवी जनकराजानी पुत्री सीतानो शीलव्रतथी उत्पन्न थएलो यशरूपी पटह जय जय शब्द करतो सतो आजसुधी पण वागे छे ॥ ५१ ॥

आ सीतानुं चरित्र आगल रावणना चरित्रमां कहेशे.

हवे शीलव्रतना माहात्म्यना चमत्कारने कहे छे.

चालनीधृतजलया संघमुखोद्घाटनं कृतं यया

चालणिधरियजलाए, संघमुहुग्घाडणं कयं जीए ॥

चंपाद्वारोद्घाटनमिषेण नंदतु सुजद्रा सा

चंपादारुग्घाडण-मिसेण नंदउ सुजद्दा सा ॥ ५२ ॥

शब्दार्थ– (चालणिधरियजलाए के०) चालणीमां धारण कर्युं छे जल जेणे एवी (जीए के०) जे सुजद्राए (चंपादारुग्घाडणमिसेण के०) चंपानगरीना द्वार (दरवाजा) उघाडवाना मिषे करीने (संघमुहुग्घाडणं कयं के०) संघना मुखने प्रकाशित कर्युं. (सा सुजद्दा के०) ते सुजद्रा (नंदउ के०) दीर्घ आयुष्यवाली थाओ.॥ ५२ ॥

विशेषार्थ—सूतरना तांतणाथी बांधेली चालणीए करीने कूवामांथी पाणी काढी, चंपा नगरीना दरवाजा उघाडवाथी संघना मुखने प्रकाशित करनारी अर्थात् जिनशासननी प्रज्ञावना करनारी जिनदत्त शेठनी पुत्री सुज्ञद्रा दीर्घआयुष्यवाली थाउ. ॥ ५१ ॥

॥ सुज्ञद्रानी कथा ॥

जेमां पुण्यना अंकूरसरखी जैनमंदिरोनी पंक्ति शोज्ञी रही हती एवुं आ जरतक्षेत्रने विषे पृथ्वीना आजूषणरुप वसंतपुर नामनुं नगर छे. त्यां कामदेवना सरखो रूपवंत जितशत्रु नामनो राजा राज्य करतो हतो. ते नगरमां प्रसिद्ध वैज्ञववालो अने जेना गुणो सर्व कोइ मनुष्योना हृदयमां हारनी पेठे क्रीडा करता हता एवो जिनदास नामनो श्रावक वसतो हतो. तेने जैनधर्ममां प्रीतिवाली, तत्वनी मालारूप अने शीलव्रतथी सुशोज्ञित एवी जिनमति नामे स्त्री हती. तेउने द्राक्षनासरखी मधुर वाणीवाली अने जेनी स्पर्धा करवाथी समुद्रने पण खारुं थइ जवुं पड्युं छे ! एवी सुज्ञद्रा नामनी पुत्री हती. राजहंसो जेम कमलीनीनो आश्रय करे तेम धर्मगुणोथी आश्रय करायेली ते सुज्ञद्रा अनुक्रमे युवान पुरुषोना मनने मोह पमाडनारी युवावस्था पामी. पछी केटलाक युवावस्थावाला पुरुषोए तेनुं मागु कर्युं पण ते सर्वेने मिथ्यादृष्टि जाणीने जिनदास शेठे कागडाउने जेम खीर न आपे तेम तेउमांथी एकने पण पोतानी पुत्री आपी नहीं.

कोइ वखते चंपा नगरीथी बौद्धधर्ममां कुशल एवो बुद्धदास नामनो वणिक् ते नगरमां वेपारने माटे आव्यो. बीजे दिवस ते कंइ कार्य प्रसंगे जिनदासना घेर आव्यो. त्यां तेणे सुशोज्ञित अलंकारोवाली सुज्ञद्राने दीठी. पछी विवाहनो अर्थि ते बुद्धदास, बीजा माणसो पासेथी तेना विवाहनी वात सांज्ञली रत्नो अर्थि जेम समुद्रना तीरनुं सेवन करे तेम दंज्ञथी साधुउनुं सेवन करवा लाग्यो. पछी श्रद्धा विना पण साधुउनी सेवा करतो एवो ते बुद्धदास, साधुउना संगथी जेम चंपाना संसर्गथी तिलवृक्ष सुगंधवालां थाय तेम बोधिबीज पाम्यो. पछी तो ते जिनेश्वर प्रज्ञुनुं पूजन, वंदन अने स्तवन विगेरे करवा लाग्यो. कर्युं छे के—रत्नने पामेलो कयो पुरुष प्रमाद करे? पछी तेना विनयादि गु-

णोए करीने प्रसन्न थएला जिनदास शेठे जेम गुरु शिष्यने शास्त्र आपे तेम पोतानी पुत्री साधर्मिक एवा ते बुद्धदासने आपी. जेम रोहिणी अने चंद्रनो योग थाय तेम शुभमुहूर्तने विषे मनुष्योने प्रशंसा करवा योग्य एवो तेउनो मंगलीक विवाह थयो. पछी त्यांज रहेला अने परस्पर गाढ प्रीतिवाला बनेला ते स्त्री पुरुषने सुख भोगवता केटलोक काल गयो.

एक दिवस वेहेपारथी घणुं द्रव्य मेलवनारा अने पोताना घरप्रत्ये जवाने उत्साहवंत थएला बुद्धदासे विनयपणाथी जिनदासनी रजा मागी एटले तत्त्वने जाणनारा जिनदासे मधुर वचनथी कह्युं. "हे वत्स! तमे बहु सारुं कह्युं; कारण माता पितानी सेवा करनारा पुत्रो प्रशंसा करवालायक थाय छे; परंतु तमारा मातापिता मिथ्यादृष्टी छे अने म्हारी पुत्री सुभद्रा जैनधर्मवाली छे, तो तेउनो भेगो निर्वाह केम थशे?" बुद्धदासे कह्युं. "हुं तेने जूदा घरमां राखीश, तो पछी जातिवंत सुवर्णने दोष आपवा कोण समर्थ थशे?" पछी बुद्धदास पोताना सासरा जिनदासनी रजा लइ सुभद्रा सहित पोताने देश जवा निकल्यो अने अनुक्रमे इंद्रपुरीसमान पोतानी चंपापुरीप्रत्ये आवी पहोच्यो. त्यां ते सुभद्राने जूदा स्थानमां राखी पोते घेर गयो.

पछी सासु अने नणंद सुभद्राना छिद्र खोलवा लागी; परंतु सती सुभद्रा तो निष्कपटपणे अरिहंत प्रभुनो धर्म पालती हती. वली तेना घरनेविषे साधुउ भक्त पान वहोरवा पण आवता हता. ते उपरथी सुभद्रानी सासु अने नणंद बुद्धदासने हंमेशा कहेती के, "हे वत्स! पोतानी मरजीप्रमाणे चालनारी आ त्हारी स्त्री साधुउनी साथे क्रीडा करे छे." बुद्धदास पण कहेतो के "ए शीलवती छे, माटे तमारे एम कहेवुं योग्य नथी." कह्युं छे के– सुवर्ण बहुकाले पण मलीन थतुं नथी. बुद्धदासनां आवां वचन उपरथी तो ते बन्ने दुष्टाउ सुभद्राना छिद्र खोलवाने माटे वधारे ने वधारे तत्पर थइ.

एकदिवस कोइएक साधु सुभद्राना घरे वहोरवा माटे आव्या हता; त्यां तेमना नेत्रमां पवनथी उडेलुं तृण पड्युं; परंतु शरीरने विषे निस्पृह एवा तेमणे ते कढाव्युं नहीं. एवामां भिक्षा वहोरावती एवी ते सतीए साधुनां नेत्रमां पीडा जोइने पोतानी जीभवती ते तृण काढी नांख्युं, परंतु पो-

ताना सेंथामां जरेला सिंदूरनो स्पर्श साधुना कपाले थइ गयो. पढी साधुना कपालने विषे थएला सिंदूरना स्पर्शने देखाडता ढता बुद्धदासने तेनी माताए कह्युं के, "हे वत्स! जो आ त्हारी सती स्त्री?" बुद्धदासे पण ए निशानना बलथी ते वात साची मानी सुजद्रानो त्याग कर्यो. कह्युं ढे के, स्त्रीउंए कोनुं मन खंडित नथी कर्युं? वली ते विचार करवा लाग्यो के, "जो आ महाजाग्यवाली स्त्री निंदित कर्म करशे तो पढी निराधार थएला सर्वे गुणो पातालमां पेसशे." सती सुजद्रा पण निस्नेह थएला पतिने जोइ विचार करवा लागी के, "दोषना मूलरूप आ गृहस्थाश्रम धर्ममां कलंक प्राप्त थवुं कंइ आश्चर्य नथी; परंतु सर्व उपाधिथी शुद्ध एवा आ जिनेश्वर प्रजुना शासनमां अकस्मात् अपवाद प्राप्त थयो एज म्हारा हृदयमां खेद उपजावे ढे; माटे ज्यांसुधी आ जैन शासनने प्राप्त थएलुं कलंक नाश नहिं पामे त्यांसुधी हुं कायोत्सर्गने पारीश नहीं." एम विचार करीने तेणे सायंकाले जिनेश्वरनुं पूजन करी अने शासन देवीनुं ध्यान करी एकांते कायोत्सर्ग कर्यो. आ प्रकारे ते एकाग्रचित्ते करीने जेटलामां कायोत्सर्गे रही तेटलामां तो तत्काल शासन देवीए प्रत्यक्ष थईने तेने कह्युं. "हे वत्से! तपनी पेठे त्हारा सत्वे प्रेरेली हुं अहिं आवी बुं; माटे तत्काल कहे, हुं त्हारुं शुं काम करुं?" सुजद्राए कायोत्सर्ग पारीने हर्षथी प्रणाम करीने कह्युं. "हे देवि! जैन शासनने लागेलो कलंक उतारो." शासन देवीए फरीथी कह्युं. "हे वत्से! खेद न कर, हुं सवारे त्हारी शुद्धिवडे धर्मप्रजावना करीश." आ प्रकारे आज्ञा करीने शासनदेवी अंतर्ध्यान थई गइ. सुजद्राए पण धर्मध्यान वडे बाकीनी रात्री निवृत्त करी.

पढी सवार थइ एटले द्वारपालोए नगरीना दरवाजाउं उघाडवा मांड्या; पण ते उघड्या नहीं; घणुं जोर कर्युं; परंतु कंइ वल्युं नहीं. तेथी नगरवासी जनो अने पशुउं सोर करवा लाग्या. राजा पण आकुल व्याकुल थइ त्यां आवी जाग्यनुं प्रबलपणुं मानवा लाग्यो. पढी हाथ पग धोइ, पवित्र थइ, हाथमां धूप लइ अने हाथ जोडीने राजाए कह्युं. "हे देव दानवो! सांजलो. तमारामांथी जे कोइ क्रोध पाम्यो होय ते म्हारा उपर तत्काल प्रसन्न थाउ." राजानां आवां वचनथी तु-

रत आकाशवाणी थइ के "कोइ महासती काचा सूतरना तांतणांथी बांधेली चालनीवडे कूवामांथी पाणी काढी त्रण अंजली नगरना दरवाजाने छाटशे तो तरत उघडी जशे." आवी आकाश वाणी सांजलीने नगरनी सर्व स्त्रीउ तैयार थइ; पण ब्राह्मण, क्षत्रिय, वैश्य अने शुद्रनी स्त्रीउमांथी कोइ एके एवी न नीकली के जे चालणीवडे कूवामांथी पाणी काढवामां विलक्षपणुं न पामी होय!!! अर्थात् केटलीक सूतरने बांधवाथी, केटलीक बांधीने चालवाथी अने केटलीक कूवामां शींचवाथी तूटीजवाने लीधे विलक्षण पणुं पामी हती.

एवामां विनीत आत्मावाली सुजद्राए मधुर वाणीथी पोतानी सासुने कह्युं. "हे मात! जो तमे मने रजा आपो तो हुं म्हारा आत्मानी परीक्षा जोवा माटे जाउं." सासुए हसीने उत्तर आप्यो के "त्हारुं सतीपणुं अमे प्रथमथी जाण्युं छे, माटे तुं हवे अमने नगरवासी जनोमां वगोवीश नहीं. ए सर्वे सतीउ पुरद्वार उघाडमां समर्थ थइ नथी, तो पछी निरंतर जैन साधुनी सेवा करनारी तुं खरेखरी ते कृत्य करवामां समर्थ थईश!" सुजद्राए कह्युं. "हे मात! तमे कह्युं ते तो योग्य छे. कारण शीलव्रत पालवुं बहु डुर्लज छे; तो पण हुं तो पंचनी साक्षीए आत्मपरीक्षा करीश." ए प्रकारे कहीने सासु तथा नणंद इर्ष्या करता हता तोपण ते सुजद्रा स्नान करी, पवित्र वस्त्र पेहेरी अने पंच परमेष्ठीना स्मरणपूर्वक नवकार जणी ज्यां सर्वे माणसो हता त्यां गइ. पछी तेणे पोताना गुणसरखा काचा सूतरवडे चालणीने बांधी आश्चर्य सहित सर्वे माणसो जोता छता तेवडे कूवामांथी पाणी काढ्युं. ते वखते परिवारसहित राजा त्यां आवी कहेवा लाग्यो. "हे सति! तमे बहुसारुं कर्युं! बहुसारुं कर्युं!! हवे नगरीना दरवाजाने तत्काल उघाडो." पछी मंत्रि, सामंत, नृपति अने नगरवासी जनोए आगल करेली, जगत्ने जितनारा चालनी रूप यंत्रने हाथमां धारण करी रहेली, हस्तिना सरखी गतिवाली, प्रफुल्लित मुखवाली अने बंदिजनोए स्तवन कर्यो छे विजय जेनो एवी ते सुजद्रा पूर्व तरफना दरवाजा पासे गइ.

पछी पंच परमेष्ठी नमस्कारनो उच्चार करती एवी सुजद्राए ते जलनी त्रण अंजलीउ नगरना दरवाजाने छांटी. ते वखते जेम विषयी आंधला

थइ गएला माणसनां नेत्र जांगुली मंत्रना जपथी उघडी जाय तेम नगरीनुं द्वार उघडी गयुं; तेथी आकाशमां देव दुंदुभि वागवा लाग्या. नगरवासी जनो तेनां वखाण करवा लाग्या अने देवताउ पण जैन धर्मनो जय जय शब्द करवा लाग्या. ए प्रकारे ते सुजद्राए दक्षिण तथा पश्चिम तरफना दरवाजाने उघाडी सासु तथा नणंद विगेरे दुर्जन माणसोनां मुखने श्याम कर्यां. पछी उत्तर तरफना दरवाजा पासे आवीने सुजद्राए कह्युं. "जो कोइ बीजी स्त्री सती होय तोज आ द्वार उघडशे." महासती सुजद्राना शीलव्रतना अतिशयने सूचवतुं ते चंपा नगरीनुं उत्तर तरफनुं द्वार आज सुधी पण बंध छे. लोकमां सुजद्राना शीलव्रतरूप एक अपूर्व दीपक प्रकाशे छे के, जे दुर्जन माणसोए आपेला अपयशरूप जलना पूरथी पण होलवाइ जतो नथी. पछी गुणना समूहने गायन करता एवा नगरवासी जनोसहित ते सुजद्राए चैत्य परिपाटी करी. राजाए महोत्सवपूर्वक सुजद्राने तेना घरप्रत्ये पहोचाडी. त्यां सुजद्राए नृपतिने जैनधर्मनो उपदेश दीधो. नृपति ते स्वीकारीने पोताना घेर गयो अने बीजा सर्वे लोको पण पोताना घरे गया. प्रथम तिरस्कार करवाथी पस्तावो करता एवा सासु नणंद विगेरे कुटुंबी जनो पण मान आपवा लाग्या. माता पिता पण तेना वखाण करवा लाग्या. वली बुद्धदासे तो तेना चरणमां पडी पोतानो अपराध खमाव्यो. पछी महासती ते सुजद्रा गृहस्थ धर्मने पाली अंते चारित्र धारण करी सद्गति पामी.

॥ इति सुजद्रानी कथा. ॥

शीलनी रक्षा माटे राज्यादि सुखने विषे पण महासतीउनुं निर्लोभिपणुं कहे छे.

निजशीलरक्षणार्थं तृणमिव राज्यमपि परिहरंत्याः
नियसीलरक्खणत्थं तणंव रज्जंपि परिहरंतीए ॥

सकलसतीनां मध्ये इह रेखा मदनरेखायाः
सयलसईणं मज्झे इह रेहा मयणरेहाए ॥ ५३ ॥

शब्दार्थ–(इह के०) आ जगत्‌ने विषे (नियसीलरक्खणठं के०) पोताना शील रक्षणने माटे (रज्जंपि के०) राज्यने पण (तणंव के०) तृणनी पेठे (परिहरंतीए के०) त्याग करती एवी (मयणरेहाए के०) मदनरेखानी (सयलसईणंमज्झे के०) सकल महासतीउनी मध्ये (रेहा के०) प्रतिष्ठा छे अर्थात् सर्वोत्कृष्टपणुं छे ॥ ५३ ॥

विशेषार्थ–आ जगत्‌ने विषे पोताना शीलव्रतनुं रक्षण करवामाटे राज्यने पण तृणनी पेठे त्याग करती एवी युगबाहु राजानी स्त्री मदनरेखा शील पालनारी सर्व महासतीउनी मध्ये रेखारूप थइ छे. अर्थात् सकल महा सतीउमां मदनरेखानी कीर्ति सर्वोत्कृष्टपणे वर्त्ते छे. ॥ ५३ ॥

मदनरेखानी कथा.

ज्यां जोगी पुरुषोने ताराउ पण निर्माल्य पुष्पना समान देखाता हता एवुं अवंती देशमां लक्ष्मीथी मनोहर सुदर्शन नामनुं नगर छे. त्यां आकाशमां रहेलो चंद्र पण जेना यशपिंड सरखो शोजतो हतो एवो मणिरथ नामनो महा धर्मवंत राजा राज्य करतो हतो. तेनो युगबाहु नामनो न्हानो जाइ युवराज पदवी जोगवतो हतो. तेने पतिव्रताना गुणोए करीने प्रसिद्ध अने जेनां रूपनी संपत्ती जोइने काम पोतानी मेले बली मूवो छतां शंकरे कामदेवने बाल्यो एवो लोकमां शंकरने मिथ्या अपवाद अपाय छे एवी मदनरेखा नामनी स्त्री हती.

एक दिवस मणिरथ राजा पोताना न्हाना जाइ युगबाहुनी स्त्री मदनरेखाने जोइ कामदेवथी पीडा पामतो छतो मनमां विचार करवा लाग्यो. "म्हारे कामदेवना जीवित रूप आ स्त्रीने कोइ पण उपायथी मेलववी." आप्रमाणे विचार करीने तेणे मदनरेखाने माटे निरंतर जूदी जूदी जेटो मोकलवा मांडी. कह्युं छे के–

तं तोषयमिषेण प्राक्, यं वशीकर्तुमिछसि ॥
तत्स्वादलुब्धो यत्प्राणी, कार्याकार्यं न विंदति ॥

अर्थ–हे जाइ ! तुं जेने वश करवाने इछतो होय तेने प्रथम अपूर्व वस्तुउ आपीने संतोष पमाड्य. कारण के, ते वस्तुउना स्वादमां लुब्ध थएलो प्राणी कार्याकार्यने जाणी शकतो नथी. महासती मदनरेखा पण

मणिरथ राजाए मोकलावेली पुष्प तांबूलादि ज्ञेटोने जेठना प्रसादरूप गणीने ग्रहण करती हती.

पछी कोइ एक दिवसे मणिरथ ज्ञूपतिए पोतानी दूती मदनरेखानी पासे मोकली; तेथी ते त्यां जइने कहेवा लागी के, "हे ज्ञद्रे! त्हारा गुणोथी अनुरक्त थएला महाराजा तने एम कहे छे के, हे सुज्ञ! गोखमां उज्ञेली तने ज्यारथी में दीठी छे त्यारथी मांडीने म्हारी एक घडी वर्ष समान जाय छे तो तुं मने पतिरूप मानीने पट्टराणी पद ज्ञोगव." आवां राजाए कहेलां वचन दूतीनां मुखथी सांज्ञलीने धर्मनी जाण एवी मदनरेखाए कह्युं. "केटलाक सत्पुरुषोनुं मन परस्त्रीउमां जतुंज नथी अने तेवा केटलाक पुरुषोनुं मन तो पुत्रनी स्त्रीनेविषे पण आसक्ति पामे छे. स्त्रीउमां शीलव्रतरूप जगत्प्रसिद्ध महागुण छे. तेनो नाश थयाथी तो जीवरहित देहनी पेठे जीववुं पण वृथा छे. जेने पोतानो ज्ञाइ ज्येष्ठबंधु तथा राज्यस्वामी मानीने निरंतर नमन करे छे; ते शुं म्हारी प्रार्थना करे खरो? हे दूति! त्हारे म्हारा वचनथी राजाने कहेवुं के, तुं पोताना न्हाना ज्ञाइनी स्त्रीने आ प्रकारनो संदेशो मोकलतां लाज न पाम्यो?" दूतीए आ सर्व समाचार राजाने कह्या; परंतु जेम मद्यपान करनारो पोताना व्यसनने त्यजे नहीं तेम ते पोतानो आग्रह न त्यजता विचार करवा लाग्यो के, "ज्यांसुधी न्हानो ज्ञाइ जीवतो छे त्यांसुधी निश्चय ए स्त्री म्हारे वश्य थनारी नथी." एम धारीने ते पोताना न्हाना ज्ञाइने मारी नाखवाना उपायो शोधवा लाग्यो.

एवामां आंबानां अंकुरोथी मदोन्मत्त थएला कोकिलाना शब्दोए सूचवेलो अने युवराज कामदेवसहित वसंत नामनो ऋतुराजा आव्यो. अर्थात् वसंतऋतु आव्यो. ते वखते वृक्षनी वेलना समूहने विषे जाणे ते राजा वसंते आज्ञा करेलो कोइ पुरुष होय नहिं शुं? एवो मलयाचलनो चतुर पवन फरवा लाग्यो. मदोन्मत थएला ज्ञमरो झंकार शब्दवडे गीत गावा लाग्या अने वृक्षो जाणे पल्लवोरूप हस्तने लांबा टुका करीने नृत्य करता होय नहिं शुं? एम देखावा लाग्या. वली प्रफुल्लित थतां एवा कलीउना पुष्पोनी सर्वे वृक्षो जाणे वसंतने ज्ञेटुं आपता होय नहिं शुं? एवा देखाता हता. ते वखते रातां पुष्परूप

कुसुंबी वस्त्रने धारण करनारी अने श्वेतपुष्पना हारवाली वनलक्ष्मी प्राप्त थइ. पछी इंद्राणीसहित इंद्रनी पेठे मदनरेखासहित युगबाहु वसंत लक्ष्मीने सफल करवा माटे उद्यानमां गयो. त्यां आखो दिवस पुष्पना समूहने एकठा करवादिक क्रीडा करीने पछी ते रात्रीए प्रियासहित कदलीगृहमां निश्चिंतपणे सूतो. राजा मणिरथ पण अवसर जाणीने खड्ग लइ केटलाक माणसो सहित गुप्तरीते ते कदलीगृह प्रत्ये आव्यो. त्यां तेणे कुलनी मर्यादानो त्याग करी, यश, धर्म अने लज्जा विगेरेने छोडी दइ पोताना बंधुना कंठने विषे खड्गनो प्रहार कर्यो. अरे धिक्कार छे कामना उदयने ! के, जेने वश थएला राजाए पोताना भाइने पण गण्यो नहीं !

पछी मेदनरेखा करुणस्वरथी सोर करवा लागी एटले सेवको दोडी आव्या; पण राजा तो तत्काल छानी रीते पोताने घेर जतो रह्यो. पछी प्राणने नाश करनारा प्रहारने जाणीने सती मदनरेखा पोताना पतिना कानमां कहेवा लागी. “ हे महाभाग! तमे जरा पण वृथा खेद पामशो नहीं; कारण के, सर्वे प्राणिउ पोताना पूर्वे करेला कर्मने भोगवे छे. मृत्यु पामवाने तैयार थइ रहेला मनुष्ये कोइ उपर द्वेष करवो नहीं; कारण द्वेष करवाथी कंइ वलतुं नथी; परंतु उलटो ते परलोकथी भ्रष्ट थाय छे. हे नाथ ! मनने समाधीमां राखी जिनेश्वर प्रभुनुं शरण करो. ममतापणुं मूकी द्यो अने सर्वे प्राणिउने विषे मैत्री करो. वली एम पण चिंतवन करो के, “ म्हारे आ लोकमां तथा परलोकमां अरिहंत प्रभु देव, साधु गुरु अने जिनेश्वर प्रणित धर्म थाउ. हे प्राणवल्लभ! सिद्धादि साक्षिवाला पोताना दुराचरणने नींदो अने सर्व स्थानकेथी मोहनो त्याग करी पंच नमस्कारनुं स्मरण करो. जेने माटे शास्त्रमां कह्युं छे के—

प्राणा यस्य नमस्कारं, स्मरतः प्रातमियति ॥
न याति यदि मोक्षं स, ध्रुवं वैमानिको भवेत् ॥

अर्थ—जे मनुष्यना प्राण नवकारनुं स्मरण करतां जाय छे. ते माणस कदापि जो मोक्ष न पामे तो ते निश्चय वैमानिक देवता तो थाय.

वली हे नाथ ! पंच अणुव्रत, चार शिक्षाव्रत, अने त्रण गुणव्रत ए रूप श्रावकना बार व्रतने ग्रहण करो. जगत्‌मां प्राणीउने मित्र, पुत्र

अने स्त्री विगेरे कोइ शरण नथी; परंतु आ लोकमां अने परलोकमां धर्म एकज रक्षण करनार छे. हे महामति! आ मनुष्यभव विगेरे सामग्री वारंवार मलवी बहु दुर्लभ मानीने एना फलने ग्रहण करो. प्रमाद राखशो नहीं."

आ प्रकारनां स्त्रीनां वचनथी शांत थयो छे क्रोध जेनो एवो ते युगबाहु ते सर्व अंगीकार करी अने वैराग्यथी मृत्यु पामीने ब्रह्मलोकमां देवता थयो. पछी चंद्रयश पुत्र अने बीजा माणसो रुदन करवा लाग्या. ते वखते मदनरेखा आ प्रमाणे विचार करवा लागी के, "अरे! हुं गर्भमांज केम न गली गइ? के जेथी करीने म्हारुं स्वरूप आवा अनर्थना कारणरूप थयुं! जेम चंदन वृक्षना नाशनुं कारण सुगंधी थाय छे तेम आ प्यारा पतिना नाशनुं कारण हुं थइ पडी छुं. अरे! जे दुरात्माए म्हारे माटेज पोताना बंधुनो नाश कर्यो छे, ते पुरुष निश्चय म्हारा शीलव्रतनो भंग करशे; माटे हवे हुं कोइ पण उपायथी शील व्रतनुं रक्षण करुं." एम विचार करीने ते मदनरेखा पुत्र विगेरे राज्यने तृणनी पेठे त्याग करीने उदरमां गर्भने धारण करती छती रात्रीए नाशी गइ. पूर्व दिशा तरफ जती वली पगमा कांकरानी अने कांटानी पीडाने सहन करती एवी ते एक महा अरण्यमां आवी पहोची. त्यां रात्री निर्गमन करी मध्यान्हने वखते दुःसह एवी क्षुधा तृषाने निवृत्त करवाने माटे तेणे फल फुल विगेरे भक्षण कर्या.

पछी आगार सहित पच्चखाण लइ श्रमने दूर करवा माटे पंच नमस्कारनुं स्मरण करी एक लतागृहमां सूती. त्यां रात्रीए सिंहादि महाभयंकर सत्त्वोना शब्दने सांभली महा त्रास पामती ते सतीए सर्व अंगे करीने सुंदर लक्षणवाला एक पुत्रने जन्म आप्यो. पछी बालकने रत्नकंबलमां विंटाली तेना हाथमां पिताना नामनी विंटी घाली पोते वस्त्र धोवाने माटे तलावे गइ. एवामां ते तलावमांथी कोइ जलहस्तिए निकली तेने आकाशमां फेंकी. ते वखते आकाशमार्गे थइने नंदीश्वर द्वीपमां जता एवा विद्याधरना पतिए जेम सिंचाणो चकलीने झीले तेम तेने झीली लीधी. पछी रुदन करती एवी ते मदनरेखा विद्याधरना पतिने कहेवा लागी के, "हे बंधो! आ वनमां आजे जन्म पामेलो म्हारो

पुत्र छे; तेने कोइ सिंह विगेरे पशुउं म्हारी नाखशे. वली स्तनपान विना पण ते मृत्यु पामशे; माटे कृपा करीने तुं मने त्यां लइ जा अथवा तेने अहिं लावी आप." विद्याधरे कह्युं."जो तुं मने पति माने तो हुं त्हारुं काम करुं. वली तुं निश्चय जाणजे के, हुं त्हारा ज्ञाग्यने लीधेज अहिं आकाशमां मली आव्यो छुं. हुं चक्रवर्ती एवा मणिचूड विद्याधरनो पुत्र मणिप्रन्न नामनो सेनापति छुं. हे शुन्ने ! चारित्र धारण करनारा पिताने वंदन करवा जता एवा में पोपट जेम द्राक्षाने देखे तेम तने दीठी छे; माटे हे चार्वंगि ! मने अंगीकार करीने विद्याधरपत्नि था; कारण के प्राप्त थएला कल्पवृक्षनो कोण अनादर करे ? वली त्हारा पुत्रनी वात कहुं ते सांज्ञल. डुष्ट अश्वे हरण करीने ते वनमां आणेला मिथिला नगरीना पद्मरथ राजाए त्हारा पुत्रने लइ पोतानी स्त्री पुष्पमालाने सोंप्यो छे; तेथी ते पुष्पमाला पोताना पुत्रनी पेठे त्हारा पुत्रनुं पालन करे छे. ते त्यां सुखी छे. आ सघली वात में प्रज्ञप्ति विद्याथी जाणी छे, माटे हे ज्ञद्रे ! पुत्र संबंधी शोकने त्याग करी म्हारी सेवा कर." आवां विद्याधरनां वचन सांज्ञली मनमां अत्यंत खेद पामेली मदनरेखा विचार करवा लागी के, " अहो ! हुं शीलव्रतनुं रक्षण करवामाटे देशनो त्याग करी आटली दूर ज्ञूमी आवी छतां अहिं पण तेज शीलव्रतनो ज्ञंग थवानुं कारण थयुं; परंतु म्हारे शीलव्रतनुं रक्षण तो गमे तेम करीने करवुं अने त्यां सुधी आ कामी बनी गयेला विद्याधरने रोकवो." एम धारीने ते मदनरेखाए कह्युं. " हे महाज्ञाग ! तुं प्रथम मने नंदीश्वरनी यात्रा कराव्य. पछी हुं त्हारो मनोरथ पूर्ण करवाने यत्न करीश. "

पछी प्रसन्न थएलो विद्याधर, मदनरेखा सहित नंदीश्वर प्रत्ये गयो. त्यां अनुक्रमे बावन चैत्योने विषे तीर्थपतिने वंदना करीने ते बन्ने जणाए मणिचूड मुनिने नमस्कार कर्यो. पछी चतुर्ज्ञानी एवा ते महात्मा मणिचूड मुनिए पण पुत्रना ज्ञावने जाणीने तेने देशनावडे एवो वैराग्य उत्पन्न कर्यो के, ते मणिप्रन्न तत्काल त्यांथी उठीने ब्हेननी बुद्धिथी सती मदनरेखाना पगमां पड्यो. पछी मदनरेखाए मुनिने पोताना पुत्रना समाचार पूछ्या; ते उपरथी मुनिए तेना केटलाक पूर्वना ज्ञव सहित सर्व वात अनुक्रमे कही. एवामां बीजा सूर्यना सरखो अने जेनी पा-

ठल अनेक देवांगनाउ गायन करी रही हती एवो कोइ एक देव त्यां आवी वैमानमांथी नीचे उतस्यो. नम्र अंगवालो ते देव प्रथम त्रण प्रदक्षिणा करीने मदनरेखाना चरण कमलमां पड्यो. पठी त्यांथी उठी मुनिने वंदना करी योग्य स्थानके बेठो.

आवो अयोग्य आचार देखीने मणिप्रन्ने देवताने पूठ्युं. "तमे चतुर्ज्ञानी एवा साधुने उल्लंघन करी प्रथम स्त्रीने नमस्कार कस्यो!!! आवी रीते तमारा सरखा ज्यारे अन्याय करशे तो पठी अमारे शुं कहेवुं?" मणिप्रजनां वचन सांजली जेटलामां देवता उत्तर आपवा जाय ठे तेटलामां चारणमुनिए तेने कह्युं. "आ कृतज्ञ देवता ठवको आपवा योग्य नथी; कारण के ज्यारे आ देवता पूर्व जवनेविषे आ मदनरेखानो पति युगबाहु हतो त्यारे तेने आ सतीना लोजथी तेना म्होटा जाइए खड्गना प्रहारथी मास्यो हतो. युगबाहु क्रोध करवा लाग्यो, ते वखते आ मदनरेखाए पोताना पतिने जिनधर्मनो उपदेश आपवारूप अमृत पान करावी शांत कस्यो हतो. पठी वृद्धि पाम्यो ठे संवेग जेनो एवो ते युगबाहु मृत्यु पामीने पांचमा ब्रह्मलोकने विषे देवता थयो." चारणमुनि मणिप्रजने कहे ठे के, "हे विद्याधर! तेज आ देवता! के जेणे पोताना धर्माचार्यनुं स्मरण थवाथी तत्काल अहिं आवी मुनिने त्याग करी प्रथम सती मदनरेखाने प्रणाम कस्यो ठे. साधुए अथवा श्रावके जे पुरुषने जैनधर्मनो उपदेश दीधो एज तेनो धर्माचार्य कहेवाय ए निःसंशय ठे. वली आ लोकमां सम्यक्त्व एज डुर्लज एवी सार वस्तु ठे; माटे सम्यक्त्वनुं दान करनारा पुरुषे शुं न आप्युं कहेवाय? अर्थात् सर्व आप्युं कहेवाय." आवां चारणमुनिनां वचन सांजली मणिप्रन्ने ते देवता पासे क्षमा मागी.

पठी देवताए महासती मदनरेखाने कह्युं के, "हुं तमारुं शुं अजीष्ट करुं? अर्थात् मने शी आज्ञा ठे?" मदनरेखाए उत्तर आप्यो के, "मने मिथिलानगरी प्रत्ये लइ जाउ, के ज्यां म्हारो पुत्र ठे. पठी देवताए तेने आकाशमार्गवडे क्षणमात्रमां श्रीनमिनाथ अने मल्लिनाथना जन्मव्रते करीने पवित्र थएली मिथिलानगरी प्रत्ये पहोचाडी. त्यां बन्ने जणाए चैत्योने वंदना करी साध्वी पासे जइने धर्मदेशना सांजली. प-

छी देवताए सतीने कह्युं. " तुं म्हारी साथे चाल. हुं तने पुत्र अपावुं." मदनरेखाए कह्युं. "आ अनादि संसारमां कोइ कोइनुं नथी; माटे हवे तो म्हारे चारित्र एज शरण छे." पछी देवता साध्वीने तथा मदनरेखाने प्रणाम करी पोताने स्थानके गयो अने सतीए चारित्र धारण कर्युं.

हवे पद्मरथ राजाने पुत्रना प्रभावथी सर्वे राजाउ नमन करवा लाग्या, तेथी तेणे पुत्रनुं नाम नमिकुमार पाड्युं. अनुक्रमे युवावस्था पामेला ते कुमारने राजाए एकसोने आठ कन्याउ परणावी. छेवट पुत्रने राज्य सोंपी तेणे दीक्षा धारण करीने मोक्षलक्ष्मीनो स्वीकार कर्यो.

हवे अहिं मणिरथ राजा जे रात्रीए पोताना न्हाना भाइ युगबाहुने मारी घेर आव्यो तेज रात्रीए तेने सर्पदंश थयो; तेथी ते रौद्र ध्यानथी मृत्यु पामी चोथी नरके गयो. पछी मंत्रिउए युगबाहुना म्होटा पुत्र चंद्रयशने राज्यासन उपर बेसार्यो.

एकदा नमिराजाना श्वेत कांतिवाला पट्टहस्तिने विंध्याचलनुं स्मरण थयुं; तेथी ते आलान स्तंभने उखेडी नाखी वनमां नासी गयो. त्यां तेने चंद्रयश राजाए पकडी पोताना घरे आण्यो. दूतोए आ वात नमिकुमारने कही एटले तेणे दूत मोकलीने चंद्रयश राजा पासे पोतानो पट्ट हस्ति माग्यो. ते वखते चंद्रयश राजाए दूतने कह्युं. " नमिराजा निश्चय नीतिनो अजाण छे; कारण शुं ए नथी जाणतो के परहस्ते गयेली वस्तु फोगट मले खरी ? " इत्यादि तिरस्कारना वचन कही तेणे दूतने काढी मुक्यो; तेथी ते बिचाराए नमिराजापासे आवीने सर्ववात निवेदन करी. ते उपरथी नमि राजा म्होटी सेना लइ युद्ध करवा गयो. चंद्रयशराजा पण पोतानुं असंख्य सैन्य लइ जेटलामां युद्ध करवा निकलतो हतो तेटलामां तेने अपशुकन थयां, तेथी ते पोताना सैन्यथी विंटलाएलो छतां त्यांज उभो रह्यो. नमिराजाए पण पासे आवीने चंद्रयशराजानी नगरीने घेरो घाल्यो.

आ वात नमिराजानी माता के जेणे चारित्र धारण कर्युं हतुं ते मदनरेखाए सांभली; तेथी ते विचार करवा लागी के, " आ तो बन्ने भाइ थाय छे. तो पछी विनाकारण युद्ध करी अने अनेक जनोने क्षय पमाडी तेउने नरकगतिमां शामाटे जवुं जोइए ? " एम धारीने ते

नमिराजा पासे आवी. नमिराजाए पण सामा जइ आदर सत्कार करी तेमने उत्तम आसन उपर बेसाड्या. कह्युं छे के—घणे काले करीने पण अंतरनी प्रीति लोपाय खरी? अर्थात् नज लोपाय. पछी साध्वीए कह्युं. "हे राजेंद्र! लक्ष्मी जलना तरंगो समान चंचल छे, तो पछी तेनेमाटे युद्धनो आरंभ करवो ए केवल नरके जवाना कारण रूप थाय छे. तेमां पण त्हारे तो विशेषे करीने म्होटा भाइनी साथे क्षयना कारणरूप दारुण युद्ध करवो ए तो योग्यज नथी." नमिराजाए विस्मय पामीने पूछ्युं. "अहिं म्हारो मोटो भाइ कोण छे?" साध्वीए उत्तर आप्यो के, "आ चंद्रयश राजा." पछी "ए म्हारो भाइ शी रीते?" एम नमिराजाए पूछ्युं एटले मदनरेखाए सर्व संबंध कही संभलाव्यो; तेथी तो ते हर्ष शोकाकुल थइ गयो. विशेष खात्री करवाने माटे तेणे पद्मरथराजानी स्त्री पुष्पमालाने पूछ्युं एटले तेणे युगबाहुना नामवाली मुद्रा तथा रत्नकंबल देखाडी. आथी तो तेने अत्यंत प्रेम उत्पन्न थयो; परंतु ते युद्धथी पाछो फर्यो नहीं. कह्युं छे के— मनस्वी पुरुषो पोताना प्राणने तृण समान माने छे.

पछी मदनरेखा साध्वी चंद्रयशराजा पासे गइ. त्यां तेने जोइ जेम चंद्रने जोइ समुद्रनी वेला ऊंची थाय तेम सर्वे सामंतोसहित ते ऊभो थयो. पछी भक्तिवडे माताने प्रणाम करी हर्षथी जेनी आंखोमांथी आंसुनी धारा वहे छे एवा ते राजाए माताना मुखथी सर्व वात सांभली. वली ते नमिराजाने पोतानो भाइ जाणी जेम मेघनो शब्द सांभली मोर हर्ष पामे तेम हर्ष पाम्यो. पछी ते म्होटा आडंबरथी न्हाना भाइने मलवा चाल्यो. ते वात सांभली नमिराजा पोताना म्होटा भाइने सामो आवीने प्रीतिथी मल्यो. ते वखते तेओ सूर्य चंद्रनी पेठे अथवा नर नारायणनी पेठे शोभवा लाग्या. पछी ते बन्ने भाइओए महोत्सवथी नगरमां प्रवेश कर्यो.

कोइ वखते चारित्र धारण करवानी इछावाला चंद्रयश राजाए पोताना न्हाना भाइ नमिने कह्युं. "हे बंधो! पिताना मृत्यु पछी मने राज्यनी इछा नथी; माटे तुं म्हारा राज्यने ग्रहण करी साम्राज्य पद भोगव अने मने कृतार्थ कर." इत्यादि वाक्यथी बोध पमाडी तेने पो-

तानुं राज्य सोंपी पोते चंद्रयशराजाए चारित्र ग्रहण करी आत्मसाधन कर्युं. नमीराजा पण शत्रुउने वश्य करी अखंडित एवा बन्ने राज्यनुं पालन करवा लाग्यो. कोइ वखते तेना देहनेविषे पूर्व कर्मना योगथी छ मासनो दाह उत्पन्न थयो एटले तेनी शांतिने माटे जे उए हाथमां रत्न जडित अनेक कंकणो धारण कर्या हता एवी अंतःपुरनी स्त्रीउ तेना शरीरनेविषे गोशीर्ष चंदननो लेप करवा लागी; परंतु तेउना कंकणोनो शब्द दाहथी उद्वेग पामेला ते राजाने जेम शोकवालाने वीणानो शब्द सुख करतो नथी तेम सुखकारी थयो नही. पछी नमीराजाए कंकणोनो शब्द न थवाने माटे सर्वे स्त्रीउना हाथमां एक एक रखावी बाकीना सर्वे कढावी नाख्या. एवामां तेने चारित्रांतरायना केटलाक कर्म बंधनो तूटी जवाथी शुभ अध्यवसाय उत्पन्न थयो; तेथी ते कंकणना दृष्टांते करीने विचारवा लाग्यो के, " घणां परिग्रहवालो जीव दुःख पामे छे; माटे एकला रहेवुं ए वधारे सारुं छे. हुं पण जो आ रोगथी निवृत्त थइश तो चारित्र धारण करीश. " आवा विचारमां तेने निद्रा आवी अने तेमां तेणे स्वप्न दीठुं के, " जाणे हुं मेरुपर्वत उपर श्वेत हस्तिउपर बेठो छुं. " एवामां तेनी आंख उघडी गइ.

पछी सवारे जेनी दाहशक्ति नाश पामी छे एवा अने जेने जातिस्मरण ज्ञान उत्पन्न थयुं छे एवा ते राजाए पुत्रने राज्यासनउपर बेसारी पोते दीक्षा ग्रहण करी. देवताए आपेला वस्त्र पात्र विगेरे उपकरणने धारण करी जेटलामां ते मुनि नगरीनी बहार निकल्या तेटलामां तो तेमना अद्भूत प्रतिबोधथी प्रसन्न थयेलो इंद्र ब्राह्मणनो वेष धरी तेमनी आगल आवीने कहेवा लाग्यो. " हे महाभाग ! प्रथम आ दीक्षा दया रुप मूलवाली छे, तो तमे व्रत धारण कर्युं ते दुःखने लीधे सर्व प्रजा रोवे छे, जेथी ते व्रत लेवुं ए पूर्वापर विरोधवालुं छे; माटे प्रथम प्रजाने सुखी करीने पछी व्रत अंगीकार करो." नमिए उत्तर आप्यो के, " तेमां कोइ म्हारुं नथी; तेम हुं पण कोइनो नथी. वली तेउ म्हारे माटे दुःखी थता नथी; परंतु स्वार्थने माटे थाय छे. तो पछी म्हारे पण निर्ममतावाला चित्तवडे म्हारो पोतानो स्वार्थ साधवो जोइए."

आ प्रकारनी युक्ति अने प्रत्युक्तिना वचन वडे मुनिए पोताना नि-

निर्ममत्वपणाथी ते विप्ररूप इंद्रने निरुत्तर करी दीधो. पछी इंद्र पोतानुं खरु स्वरुप धारण करी अने मुनिने प्रणाम करीने पोताना स्थानप्रत्ये गयो. मुनिए पण मोक्ष पद प्राप्त कर्युं. विविधप्रकारना तप रूप जले करीने पोताना कर्मरूप मेलने धोइ नाखती अने पोतानुं तथा परनुं हित करनारी शीलरेखाने धारण करती ते उत्तम बुद्धिवाली मदनरेखा पण मोक्ष लक्ष्मीने पामी.

॥ इति मदनरेखानी कथा समाप्ता ॥

हवे शील पालनारी स्त्रीओनां दृष्टांत कहे छे.

नंदतु शीलानंदितजनवृंदा सुंदरी महाभागा

नंदउ सीलाणंदिय–जणविंदा सुंदरी महाभागा ॥

अंजनासुंदरीनर्मदासुंदरीरतिसुंदर्यः च

अंजणसुंदरि नम्मय–सुंदरि रइसुंदरीउ य ॥ ५४ ॥

शब्दार्थ– (सीलाणंदिय के०) शीलव्रते करीने आनंदित कर्या छे (जणविंदा के०) मनुष्योना समूह जेणे अने (महाभागा के०) पुण्यवाली एवी (सुंदरी के०) सुंदरी जे छे ते (नंदउ के०) जयवंती वर्त्तो. (च के०) वली (अंजणसुंदरि के०) अंजना सुंदरी, तथा (नम्मयसुंदरि के०) नर्मदासुंदरी अने (रइसुंदरीओ के०) रतिसुंदरी ते सर्वे पण जयवंती वर्त्तो. ॥ ४ ॥

विशेषार्थ– शीलव्रते करीने मनुष्योना समूहने आनंदित करनारी अने महाभाग्यवति अर्थात् कलंक रहित एवी श्री ऋषभदेवस्वामिनी पुत्री सुंदरी, अंजनकेतुराजानी पुत्री अंजनासुंदरी, सहदेव शेठनी पुत्री नर्मदासुंदरी अने वरकेसरी राजानी पुत्री रतिसुंदरी, ते सर्वे आ जगतमां जयवंती वर्त्तो. आ गाथामां “ महाभागा ” एवुं सतीनुं विशेषण आप्युं छे. महाभागा कोने कहेवाय छे ? के जेने खोटो अपयश लाग्यो नथी, ते महाभागा कहेवाय छे. कह्युं छे के–,

आजन्ममरणांतं हि, यस्यावाच्यं न जायते ॥
सुसूक्ष्मं सा महाभागा, विज्ञेया क्षितिमंडले ॥

अर्थ–जेने जन्मथी आरंभीने मरणपर्यंत जरापण अपयश लाग्यो नथी, तेने पृथ्वीमां महाभागा कही छे. ॥ ५४ ॥

॥ सुंदरीनी कथा. ॥

आ अवसर्पिणी कालनी आदिमां नाभिराजाना पुत्र श्री ऋषभ प्रभु विनीतानगरीमां राज्य करता हता. तेमने सुमंगला अने सुनंदा नामनी बे स्त्रीओ हती.

एकदा सुमंगलाए निद्रामां चौद स्वप्न जोया. ए वात तेणे पोताना ज्ञानवंत पति ऋषभ प्रभुने कही. तेमणे कह्युं के, "त्हारे चक्रवर्ती पुत्र थशे." पछी छ लाख पूर्व गये छते सुमंगलाए भरत नामना पुत्रने तथा ब्राह्मी नामनी पुत्रीने एम एक जोडलाने जन्म आप्यो. सद्गुरुपासेथी ग्रहण करेली विद्या जेम ज्ञान अने वासनाने प्रगट करे तेम सुनंदाए पण बाहुबलि नामना पुत्रने तथा सुंदर आकृतिवाली सुंदरी नामनी पुत्रीने जन्म आप्यो. मणिनी खाण जेम रत्नना समूहने प्रगट करे तेम सुमंगलाए फरीथी ओगणपचास जोडलाने जन्म आप्यो. विंध्याचलमां वृद्धि पामता एवा कलभ (हस्तिना बालक) नी पेठे वृद्धि पामता एवा ते परिवारथी विंटलाएला प्रभु यूथपतिनीपेठे शोभता हता.

पछी प्रभुए लोकव्यवहारनी प्रवृत्तिने माटे सो शिल्पकला प्रगट करी. भरतने पुरुषनी बहोंतेर कला शीखवी अने बीजा पुत्रोने पण ते कलानो अभ्यास कराव्यो; तेथी ते कलारूप बीया सारा क्षेत्रमां वावेली डांगरनी पेठे अनेक प्रकारे वृद्धि पामवा लागी. बाहुबलिने स्त्री, पुरुष, हस्ति अने अश्वना लक्षणो अनेक भेद सहित शीखव्या. ब्राह्मीने जमणा हाथथी अढार प्रकारनी लिपीनो अने सुंदरीने डाबा हाथथी गणितनो अभ्यास कराव्यो. पछी क्षीण थइ गयां छे भोगावली कर्म जेमना अने गली गयो छे मोहबंधन जेमनो एवा प्रभु संसारथकी वैराग्य पामीने विचार करवा लाग्या. एटलामां लोकांतिक देवताए आवीने तेमनी विनंती करी के, "हे स्वामिन् ! आपे जेवी लोकव्यवस्था करी छे ते प्रमाणे धर्म तीर्थ पण आपज प्रवर्तावो." पछी प्रभुए भरतने चक्रवर्ती पद आपी, बीजाओने यथायोग्य देशो आपी अने सांवत्सरीना दानथी लोकने प्रसन्न करी देवेंद्रे करेला महोत्सवपूर्वक चारित्र धारण

कर्युं. हाथ रूप पात्रने धारण करनारा अने मौनधारी प्रभुए आर्य अने अनार्य देशमां विहार करी एक वर्षे श्रेयांस कुमारने घरे प्रासुक एवा शेरडीना रसथी पारणुं कर्युं. ते दिवसथी श्रेयांस कुमारना दृष्टांतथी दानधर्म विस्तार पाम्यो. पछी छद्मस्थावस्थाथी सर्व देशमां विहार करता एवा प्रभुए एक हजार वर्ष लीला मात्रमां निवृत्त कर्या. अयोध्यानी पासेना पुरीमताल पुरना शकटोद्यानमां न्यग्रोध (वडवृक्ष)नी नीचे अठम तपधारी एवा प्रभुने केवलज्ञान उत्पन्न थयुं, जेथी देवताओए त्यां आवीने समवसरण रच्युं.

अहिं चक्रवर्ती राज्य भोगवता एवा भरतराजानी सभामां यमक अने समक नामना बे पुरुषोए प्रवेश कर्यो. तेमां पहेलाए श्रीऋषभ प्रभुने केवलज्ञान उत्पन्न थवानी वधामणी आपी अने बीजाए तेनी (भरतनी) आयुधशालामां चक्ररत्न उत्पन्न थवानी वधामणी आपी. पछी प्राणीओना वधना कारणरूप चक्ररत्ननी पूजानी उपेक्षा करी भरत राजा त्रण लोकने अभय आपनारा पिता श्री ऋषभ प्रभुने वंदन करवा चाल्यो. त्यां उत्तर तरफना द्वारमांथी समवसरणमां प्रवेश करी सर्व माणसोसहित तेणे म्होटा आनंदथी तीर्थनाथने वंदना करी. पछी भरत राजा हाथ जोडीने इंद्रना अर्धासन उपर बेठे छते प्रभुए सर्व प्राणीओने पोतपोतानी भाषामां परिणमे एवी अमृत वाणीथी देशना दीधी. "हे भव्यजनो ! जरावस्था, मनसंबंधी पीडा अने देहसंबंधी पीडा इत्यादि मगरमच्छथी भरेला आ संसाररूप क्षार समुद्रने विषे प्राणिओने शुं सुख छे ? वली सेंकडो दुःखोथी भरपूर एवा अने जेमां बिलकुल सुख नथी एवा आ संसारने विषे मारवाड देशनी भूमिनी पेठे कयो पूरुष प्रीति करे ? खल पुरुषोनां वचन जेवा परिणामे क्रूर छे विषयो छे जेमां, तेमज पाकेला फलनी पेठे नाश पामवानो छे स्वभाव जेनो एवो छे प्रेम जेमां एवा आ चातुर्गतिक संसारने दुःखरूप धारीने हे मनस्वीजनो ! तमे सर्व प्रकारे मोक्षने माटे प्रयत्न करो; कारण के, सर्व प्रकारनी सावद्य विरति विना ते मोक्ष दुर्लभ छे.

प्रभुनी आवी देशना सांभली भरत राजाना पांचसे पुत्रोए अने सातसे पौत्रेए (पुत्रना पुत्रोए) दीक्षा लीधी. भरते आज्ञा करेली ब्रा-

छीए पण चारित्र लीधुं. कह्युं छे के- अमृतनो कुंभ पामीने पछी कयो पुरुष तरश्यो रहे ? अर्थात् कोइ न रहे. दीक्षा धारण करवाने इछती एवी सुंदरीने बाहुबलीए रजा आपी; परंतु जरतराजाए ना पाडवाथी ते प्रजुनी पहेली श्रावीका थई. वळी ते उत्तम रूपवंती अने लावण्यवाळी होवाथी जरत राजाए स्त्रीरत्ननी इछाथी तेने पोताने घेर राखी. पछी जरत राजाए प्रजुनी पासे श्रावक धर्म अंगीकार करीने चक्ररत्ननी पूजा माटे आयुधशालामां प्रवेश कर्यो. त्यां चक्रनी पूजा, प्रदक्षिणा अने नमस्कार करी तेमज अठाइ महोत्सव करी छेवटे दिग्विजय करवा निकळ्यो. निरंतर शोळ हजार यक्षोथी विंटलाएला तेणे जरतखंडना छ खंडने साध्या एटले चक्ररत्न, छत्ररत्न, खड्गरत्न अने दंडरत्न ए चार एकेंद्रिय रत्नो तेनी आयुधशालामां उत्पन्न थया. ज्ञान, दर्शन अने चारित्र सरखा काकिनीरत्न, चर्मरत्न अने मणिरत्न ए त्रण रत्नो तेना कोषने विषे उत्पन्न थया. वळी सेनापतिरत्न, गृहपतिरत्न पुरोहितरत्न अने वार्द्धकीरत्न ए चार नररत्नो तेनी विनीता नगरीमां उत्पन्न थया. गजरत्न अने अश्वरत्न ए बे वैताढ्य पर्वतना मूलजागमां उत्पन्न थया. छेवट स्त्रीरत्न उत्तर दिशामां विद्याधरोनी श्रेणीने विषे उत्पन्न थयुं. जेम गंगा अने सिंधु विगेरे महा नदीउथी आ जंबूद्वीप शोजे छे तेम ते चौद रत्नोवडे जरत राजा शोजवा लाग्या.

आ प्रकारे साठ हजार वर्षसुधी दिग्विजय करी सर्व प्रकारना ऐश्वर्ययुक्त जरतराजा पोतानी विनीता नगरी प्रत्ये आव्या. पछी बार वर्षपर्यंत चक्रवर्तीनो राज्याजिषेक करावी दर्शनना उत्सुक एवा पोताना स्वजनने मळवा चाल्या. एवामां तेमणे हिम पडवाथी करमाइ गयेली कमलीनी सरखी, सूकाइ गएली केलना सरखी, दिवसे चंद्रनी कलाना सरखी, ग्लानी पामी गएला रूप अने लावण्यवाली अने फक्त हाडकांज बाकी रहेला एवी सुंदरीने दीठी; तेथी ते पोताना अनुचरो प्रत्ये कहेवा लाग्या के, " अरे ! शुं म्हारा घरने विषे पूर्वना सरखी धान्यनी संपत्ति नथी ? शुं धान्यने उत्पन्न करनारी पृथ्वी निर्बीज थइ गइ छे ? शुं कोइ लोजी माणस पुरुं खावानुं आपतो नथी ? शुं रसोइआ पोतानी क्रिया जूली गया छे ? अरे ! जो तेम थयुं होय तो तेउने दूर करो.

शुं म्हारा घरने विषे दरिद्रीना घरनी पेठे खजुर, खारेक, द्राक्ष, नालीएर अने बीजी फलादिक वस्तुउ सुखथी खावाने माटे नथी? शुं म्हारा उद्याननां वृक्षो वांझीयां (फलरहित) थइ गयां छे? अथवा कल्पवृक्षो पण पोतानो धर्म भूली गयां छे? अरे! शुं घडाना सरखा आंचलवाली म्हारी गायो नथी दुझती? ना ना एम होय नहीं. त्यारे शुं उनालाना भयंकर तापथी पण गंगा अने सिंधु विगेरे महानदीउ सुकाइ गइ? भोज्यादि सर्व सामग्री छतां आ सुंदरी खाती नथी, तो तेने कोइ रोग उत्पन्न थयो छे? अरे जो तेम होय तो शुं तेवा रोगनो नाश करवामां समर्थ एवा कोइ वैद्यो नथी? के तेउ मरुस्थलमां कहेवा मात्र नदीउना सरखा बनी गया छे? वली शुं आपणां घरने विषे दिव्य औषधिउ नथी मलती? के हिमाचल पर्वतज औषधि विनानानो वांझीउ थइ गयो छे? अहो! जन्मथीज मांडीने दुःखमां वली रहेलीनी पेठे अथवा एकांतना घरमां पुरी राखेली बकरीनी पेठे आ सुंदरी दुर्बल केम देखाय छे?" सेवकोए भरतराजाने प्रणाम करीने उत्तर आप्यो के, "हे महाराज! कल्पवृक्ष समान आपना घरने विषे कंइ दुर्लभ नथी; परंतु आप ज्यारथी दिग्विजय करवा निकल्या हता, त्यारथी ते सुंदरी आंबिलनो तप करे छे. वली हे देव! चारित्र धारण करवाने इच्छती एवी तेने तमे ना पाडी छे; तेथी तो ते, ते दिवसथी मांडीने भावथी साध्वीनी पेठे रही छे."

पछी भरतराजाए सुंदरीने पूछ्युं. "हे कल्याणि! तुं पितानी पासे चारित्र लेवानी इच्छा करे छे?" सुंदरीए हा कही. ते उपरथी भरतराजाए फरीथी कह्युं के, "अहो! में मुग्धपणाथी अथवा प्रमादथी आ महासतीने व्रत लेवामां आटलो काल विघ्न कर्युं छतां ते हवणां पोतानां इष्ट कार्यने साधे छे. वली मदीराथी उन्मत्त थयेलानी पेठे विषयमां आसक्त थइ रहेला अने हिताहितने नहिं जाणनारा एवा अमनेज धिक्कार छे के, जे अमे राज्यसंपत्तिमां मूर्छा पामी रह्या छीए. उत्तम पुरुषो नाशवंत एवा जे देहवडे मोक्ष साधे छे तेज देहवडे अमो अहिं रह्या छता नाश थइ गयेली सुगंधीवाला पुष्पथी भोगनी वांछा करनारा पुरुषनी पेठे भोगनी इच्छा करीए छीए. मनसंबंधी पीडा, देहसंबंधी पीडा, वीष्टा,

मूत्र, मल अने परसेवारूप आ शरीर लशणना ककडानी पेठे सुगंधीवाळुं करी शकातुं नथी; माटे आ देहवडे करीने उत्तम एवुं चारित्ररूप फल ग्रहण करवुं; कारण के बुद्धिवंत पुरुषोज रेतीमांथी सुवर्णना कणोने ग्रहण करे छे." आवां भरतराजानां वचन सांभळी व्रत धारण करवाने आज्ञा आपेली सुंदरी तपथी दुर्बल थइ गयेली छतां पुष्ट शरीरसरखी शोभवा लागी.

एवामां श्री ऋषभ प्रभु अनुक्रमे विहार करता करता उनालाना तापथी तपेल देशने विषे मेघनी पेठे अष्टापद पर्वत उपर समवसर्या. उद्यानपालकोए प्रभुना समवसरणनी अने धर्मदेशना आपवानी वात भरतराजाने निवेदन करी. विजयना हर्षथी पण अधिक हर्ष आपनारी प्रभुना समवसरणनी वार्ता निवेदन करनारने अत्यंत प्रसन्न थएला भरतराजाए साडा बार क्रोड सोना म्होर आपी. पछी तेणे सुंदरीने कह्युं के, "हे भद्रे! खेतरमां स्वाति नक्षत्रना मेघनी पेठे त्हारो मनोरथ सिद्ध करवाने माटे श्री जगद्गुरु अष्टापद पर्वत उपर समवसर्या छे." पछी भरत राजानी आज्ञाथी अंतःपुरनी अंगनाओए सुंदरीने दीक्षा धारण करवानो अभिषेक कर्यो. सुंदरीए पण पोताना शरीरने विषे चंदननो विलेप करी अकाश जेम शरद् ऋतुना वादलांने धारण करे तेम सुंदर पट्टकुलने धारण कर्यां. ते वखते सुंदरीना शरीरने विषे रहेला दिव्य रत्नोना अलंकारोना समूहो जाणे तेना शीलव्रतरूप अलंकारना सेवको होय नहिं शुं? एम देखावा लाग्या. सुंदरीना रूप सौंदर्यनी आगल सुभद्रा नामनुं स्त्री रत्न पण दासीना सरखुं देखावा लाग्युं.

पछी ते भादरवा मासनी मेघमालानी पेठे दीन जनोने इच्छित दान आपती सती पालखीमां बेठी. श्वेत छत्रथी शोभती, चामरोथी पवन नखाइ रहेली, गंधर्व लोकोए गुणोथी गायन करेली, अंतःपुरनी स्त्रीओना समूहथी सुशोभित बनेली, हर्षित चित्तवाला भरत राजाए आगल चलावेली, बंधुओनी स्त्रीओए अत्यंत हर्षथी मंगल गीत गायन करायेली, उत्तम स्त्रीओए पगले पगले लुंण उतारेली अने वागतां एवां वाजींत्रोना शब्दथी आकाशने पूर्ण करी देती एवी ते महासती पिताना चरण कमलथी पवित्र थएला अष्टापद पर्वत प्रत्ये आवी पहोंची. पछी

वैराग्यनी वातोमां चतुर एवा भरतराजा अने सुंदरी समवसरणने विषे प्रभुना चरण पासे आव्या. त्यां भरते धर्म चक्रवर्ती एवा प्रभुने आदरथी नमस्कार कर्यो अने सुंदरी तो हाथ जोडी प्रभुने प्रमाण करी गद्गद् वाणीवडे कहेवा लागी. " हे त्रिजगत्पति ! आपे घणां काले दर्शन आप्यां ए अमारा म्होटां भाग्य. अमने घणां पुण्यना संचयथी आजे आपनां दर्शन थयां. भरतराजाए आग्रहथी मने आटला दिवस सुधी दीक्षा न लेवा दीधी; तेथी हुं पोतानी मेले छेतरायली छुं. म्हारी ब्हेन ब्राह्मीए, भाइना पुत्रोए अने तेमना पुत्रोए चारित्र धारण कर्युं छे, माटे ते सर्वेने धन्य छे. हे विश्ववत्सल ! हवे मने दीक्षा आपीने तारो, कारणके जगत्ने प्रकाश करनारो सूर्य शुं घरमां प्रकाश नथी करतो ?

पछी " हे महाभागे ! हे माहासत्वे ! ते बहु सारुं कर्युं; ! बहु सारूं कर्युं !" एम प्रशंसा करता एवा प्रभुए तेमने संसार समुद्र तारवामां नावरूप चारित्र धारण कराव्युं. पछी स्वधर्मने धारण करनारी अने धर्मरूप उद्यानमां फरनारी ते सुंदरीने प्रभुए देशना आपी एटले पोताना आत्माने कृतार्थ मानती ते सुंदरी साध्वीउंना गणमां बेसवा लागी. देशनाने अंते भरतराजा पण प्रभुने, साधुउंने अने साध्वीउंने वंदना करी अत्यंत हर्ष पामता छता अयोध्या प्रत्ये आव्या.

सुंदरी पण बे प्रकारनी शिक्षाने ग्रहण करी निरतिचारपणे चारित्र पालवा लागी. अनुक्रमे निरवद्य तपनुं आचरण करी घातिकर्मनो नाश करीने तेणे केवल ज्ञान प्राप्त कर्युं. अतुल्य शीलव्रतना प्रभावथी उत्पन्न थएला केवलज्ञानने दीर्घ काल सुधी पालीने अंते सुंदरीए अष्टापद पर्वत उपर अनंतसुखवाली मोक्षलक्ष्मीने अंगीकार करी.

॥ इति सुंदरीनी कथा ॥

अंजना सुंदरीनी कथा

आ जंबुद्वीपने विषे शाश्वत कल्याणना मंदिररूप अने विद्याधरना जोडलाउंनी पंक्तिथी शुशोभित एवो वैताढय नामनो पर्वत छे. त्यां सिद्ध भूमिना सरखुं प्रसिद्ध अने जाणे स्वर्गभूमिने जीतवाने माटे होयनी ? एवा उंचा उंचा महेलथी भरपूर एवुं प्रह्लाद नामे नगर

छे. त्यां शत्रुओने शिक्षण करनारो अने जेना प्रतापरूप सूर्य आकाशमां निरंतर भमि रह्यो छे एवो प्रल्हाद नामनो राजा राज्य करतो हतो. तेने गुणे करीने मणिनी खाणरूप पद्मावती नामनी स्त्री अने जयंतना सरखो गुणवंत पवनंजय नामनो पुत्र हतो. ते पुत्र पोताना रुषभदत्तादिक मित्रोनी साथे उपवन, वाव्य अने बीजा विहारना स्थानकने विषे क्रीडा करतो हतो.

हवे तेज पर्वतनी बीजी श्रेणीए अंजनपुर नगरमां अंजनकेतु नामनो राजा इंद्रनी पेठे राज्य करतो हतो. मनस्वीजनोने पण मान्य एवी अंजनवती नामनी तेने स्त्री हती. तेओने नेत्रमां अमृतना अंजन सरखी अंजनासुंदरी नामनी एक पुत्री हती. रूप गुण, अने सौंदर्यना सीमाडारूप ते पुत्री पिताना मनोरथ सहित वृद्धि पामती छती अनुक्रमे युवावस्थामां आवी पहोची. चोमासामां नदीना पुरनी पेठे ते अंजना सुंदरीनां रुप, गुण अने सौंदर्यनी वात सर्वे राजाओमां वेगथी फेलाई; तेथी ते सर्वे राजाओए पोताना अथवा पोताना कुमारोना पटो चितरावीने प्रधानोनी साथे अंजनकेतु राजा पासे मोकल्या. अंजनकेतु राजा पण वय, रूप, कुल, ऐश्वर्य, विद्या, शील अने पराक्रमनी परीक्षा करवा माटे ते सर्वे राजाओना पट्टने जोतो छतो झवेरी जेम वज्रमणिना गुणोनी परीक्षा करे तेम परीक्षा करवा लाग्यो. एक वखत दत्तकुमारनुं अने पवनंजयनुं रूप अंजनासुंदरीने मलतुं आववाथी अंजनकेतु राजाए ते बन्ने पट्टो हाथमां लइ प्रधानने आप्या अने पूछयुं के, "आ बन्नेमां वधारे रूपवान् अने गुणवान् कोण छे?" प्रधाने कह्युं "हे देव! रूप तो दत्तकुमारनुं वधारे छे; परंतु केवलीए कह्युं छे के—ते दत्तकुमार-जन्मथी अढारमे वर्षे मोक्ष जशे." पछी "अधिक गुणवान् छतां अल्पायुष्यने लीधे ते दत्तकुमारने कन्या आपी शकाय तेम नथी." एम धारीने अंजनकेतु राजाए तेने पोतानी पुत्री आपी नहीं. एवामां नंदीश्वर द्वीपमां शाश्वत क्षेत्रनी यात्राने विषे म्होटि समृद्धिथी अनेक विद्याधरो एकठा थया हता. त्यां अंजनपुरना अधिपति प्रल्हाद राजाना पुत्र पवनंजयने जोइने अंजनकेतु राजाए पोतानी पुत्री अंजनासुंदरी तेने आपी. निमित्तियाए थोडा दिवसने आंतरे लग्ननो दिवस आप्यो; तेथी

अंजनकेतु राजा अने प्रल्हाद राजा पोतपोताने घेर जइ महोत्सव पूर्वक लग्ननी सामग्री करवा लाग्या. पछी अंजनकेतु राजाए प्रल्हाद राजाने जान लइ आववा माटे कंकोत्री लखी; ते उपरथी प्रल्हाद राजा पोताना सर्व स्वजनोने बोलावी जाननी तैयारी करवा लाग्यो. कह्युं छे के– समृद्धि छतां कया कया पुरुषो उद्यमवंत नथी थता ? अर्थात् सर्वे थाय छे.

हवे ऋषज्ञदत्ते पोताना मित्र पवनंजयने कह्युं. " हे मित्र! आपण बन्नेनो परस्पर मित्रपणाथी थयेलो स्नेह हवे स्त्रीना प्रेमथी तूटशे." पवनंजये हसीने कह्युं. " हे सखे! मने कौतुक उत्पन्न थयुं छे, माटे आपणे बन्ने जणा रात्रीए कोइ न देखे तेवी रीते ते अंजनासुंदरीने जोइ आवीए." आवो विचार करीने ते बन्ने मित्रोए कालो पोषाक धारण करी, वैमान उपर बेसी, आकाशमार्गे थइने सासराना घरमां प्रवेश कर्यो अने ज्यां अंजनासुंदरी तथा सखिर्ड परस्पर वातो करती हती त्यां आव्या. ते वखते कोइ एक सखि अंजनासुंदरीने कहेती हती के, " हे सखि! तें जे पति प्रथम धार्यो हतो, ते अल्प आयुष्य जोगवी मोक्ष जनारो छे तो सारा पण अल्प आयुष्यवाला पतिए करीने शुं? कारणके तृप्ति विना पतिनो वियोग ए असह्य दुःखरूप छे." अंजनासुंदरीए कह्युं. " सखि! आवी वात करवाथी शुं ? तें शुं नथी सांजल्युं के, अमृतनां छांटा पण घणां दुर्लजछे." आवां तेनां वचन सांजली तिरस्कार करेला सिंहनी पेठे क्रोधथी जेना रातां नेत्र थइ गयां छे एवो ते पवनंजय कुमार पोतानुं खड्ग उगामीने जेटलामां तेने मारवा माटे दोडतो हतो तेटलामां ऋषज्ञदत्त मित्रे तेना हाथमांथी खड्ग पाछुं खेंची लइने कह्युं. " अरे मित्र! अयोग्य कार्यनो आरंज श्रेष्ठ पुरुषोने घटे खरो ? एक तो पारका घरमां आव्या छीए; बीजुं रातनो वखत छे; तेमां वली स्त्रीनो वध करवाने तत्पर थायछे. ज्यां सुधी तुं एने परण्यो नथी; त्यांसुधी ते स्त्री त्हारी नथी; माटे तुं तेने मारवाने योग्य नथी." आ प्रकारे मित्रे स्त्रीना वधथी निवृत्त करेलो पवनंजय खड्गने म्यानमां नाखी तेनाथी विरक्त चित्रवालो थयो थको पाछो पोताने घेर गयो.

हवे प्रल्हाद राजाए लग्ननो दिवस पासे आवेलो होवाथी अनेक ह-

स्ति, अश्व, रथ अने पायदलवाली जाननी तैयारी करवा मांडी. मृदंग विगेरे अनेक वाजींत्रोना मंगलिक शब्द थवा लाग्या. ते वखते केटली-क सुवासीनी स्त्रीउ पवनंजय कुमारने मंगल स्नान कराववाने तथा व-स्त्राजरण धारण कराववाने त्यां आवी. कुमारे वेगथी आवेली ते स्त्रीउने जोइने तेउने तथा पोताना मित्रने पोतानो अजिप्राय दर्शाव्यो. "तमे आ शो आरंज करो छो ? जेम सज्जन माणस दुष्ट वातनी इच्छा करतो नथी तेम हुं पण आवा अयोग्य कर्म करवानी इच्छा करतो नथी." कु-मारनां आवां वचन सांजली विलक्ष बनेली सर्व स्त्रीउए ते वात पद्मा वतीने कही एटले ते पद्मावती सर्व स्त्रीउ सहित त्यां आवी कुमारने कहेवा लागी. "हे वत्स ! तें साधारण मनुष्योनी आशा पूर्ण करी छे, तो पछी अत्यारे तुं माताने निराश करवाने योग्य छे खरो ?" विवा-हनी सामग्री एकठी करवामां व्याकुल चित्तवालो प्रल्हाद राजाए पण आ वात सांजली; तेथी ते पण कुमार पासे आवीने कहेवा लाग्यो. "अरे ! नींच माणसोने योग्य अने लज्जा पमाडनारुं आ शुं संजलाय छे ? शुं अमे आरंजेलुं कार्य क्यारे पण शिथील थाय खरुं ? अमे जी-वतां छतां ते कन्याने बीजो कोण परणशे ? जेम शंकरे चंद्रना ककडाने आदरथी धारण कर्यो छे, तेम कोइ पण आदरेला कार्यने छोडी दे खरो ?" आ प्रकारे क्रोध सहित अहंकारथी बोलता एवा प्रल्हाद रा-राए पवनंजय कुमारने हाथे पकडी वाहन उपर बेसार्यो. कह्युं छे के— कुलवान् माणस लज्जाथी पण पूज्य पुरुषोनां वचनने मिथ्या करता नथी.

पछी पवनंजय कुमार क्रोधने गुप्त राखी तेउनी साथे चाल्यो. ते व-खते सुवासिनी स्त्रीउए उत्तम प्रकारे मंगल करेलो, मुकुट, हार, बाजुबंध वगेरे महामुल्यवालां आजुषणोथी सुशोजित थइ रहेलो, चंद्रमंडलना सरखा श्वेत छत्रने धारण करतो, गंगानदीना तरंगो सरखा बन्ने बाजुए चंचल एवा चामरोथी सुशोजित थइ रहेलो, दानथी प्रसन्न थएला मा-गण जनोए उच्चार करेला जय जय शब्दने सांजलतो, दृष्टिथी सर्वनो सत्कार करतो; तांबुलथी सुशोजित मुखवालो अने जानमां सौनी आ-गल चालतो एवो ते कुमार, देवसेनाने विषे कार्तिकस्वामिनी पेठे अ-त्यंत शोजवा लाग्यो.

पछी कन्याना तरफथी म्होटा अधिकारी संबंधिजं सामैयुं करी जानने बलिराजाना यज्ञमंडप सरखी पोतानी नगरी प्रत्ये लइ गया. त्यां दान, मान, जोजन अने जेटो विगेरेथी सौने संतोष पमाडी विवाहनुं मंगल कृत्य कर्युं. ते समये योग्य अवस्थावाला अने योग्य रूपवाला ते पवनंजयकुमार अने अंजना कुमारी चंद्र अने रोहिणीने पेठे लोकमां अत्यंत प्रशंसा पाम्या. पछी प्रल्हाद राजाए पोताने घेर आवी स्वजनोने तुष्टीदान आपी सौ सौने घरे जवाने विदाय कर्या.

पछी शुद्ध कुलाचारमां परायण एवी अंजनासुंदरीए पोताना गुणेकरीने लक्ष्मीनी पेठे सर्व कुटुंबने प्रसन्न कर्युं, परंतु केवल पूर्वना दुष्ट कर्मना परतंत्र पणाए करीने पतिए तेनो चांमालणीनी पेठे दृष्टिथी पण स्पर्श कर्यो नहीं. पतिने विषे जक्तिवाली, प्रीतिवाली अने महासती एवी ते अंजनाकुमारी, जेम रोगवालाने घीनुं जोजन हर्ष आपनारुं थतुं नथी तेम पतिने हर्ष पमाडनारी थइ नहीं. वली कर्मनी विकृतिने जाणती अने पतिनी जक्तिने उल्लंघन न करती एवी ते अंजनाकुमारीए समुद्रनी पेठे पोतानी मर्यादाने छोडी नहीं.

एवामां विष्णुना प्रतिपक्षथी वरुणनी साथे युद्ध करवा जता एवा रावणे पोतानी सहाय्य माटे प्रल्हाद राजाने बोलाववा माणस मोकल्युं. ते वखते युद्ध जोवामां आश्चर्यवाला तेणे पोतानुं सैन्य एकठुं करवाने माटे पटह वगडाव्यो. ते वात सांजली पवनंजय कुमार विचार करवा लाग्यो के, “म्हारा सरखा पुत्र छतां पिता युद्ध करवा जाय ए योग्य नथी.” पछी तेणे पिताने प्रणाम करीने बीडुं लीधुं. कह्युं छे के–धुरंधर पुत्र पिताने प्रयासनो हेतु थतो नथी. पछी मातानी आज्ञा लेवा जवाने इछता एवा पतिने जाणीने खेदयुक्त मनवाली अंजनासुंदरी सासुना घर प्रत्ये आवीने एक बाजुए स्तंजनो आश्रय करीने उजी रही.

हवे पवनंजय कुमार पण बखतरने धारण करी, सैन्यने प्रयाण करवानी आज्ञा आपी पोते मातानी आशीष लेवाने माटे तेमना घर प्रत्ये आव्यो. त्यां पोताना चरणमां पडी प्रणाम करता एवा पुत्रने आशीष आपी माताए तेने योग्य शीखामण दइ युद्धमां जवाने माटे आज्ञा आपी. स्तंजनो आश्रय करी निश्चलपणे उजी रहेली अने पतिनी दृ-

ष्टिने इछती एवी ते अंजना सुंदरी रूपवडे पुतलीनी पेठे शोजती हती. पढी माताना घरेथी विदाय थता एवा कुमारे उदासीनी पेठे ते प्रियानो दृष्टिथी पण स्पर्श कस्यो नहीं; तेथी तो नेत्रना जले करीने पृथ्वीने सिंचन करती अने शून्य चित्तवाली थएली ते कुमारी पाढी पोताना घरे आवी.

हवे कुमारे पण त्यांथी प्रयाण करी मानस सरोवरने कांठे सुखे पहेलो पडाव कस्यो. त्यां संध्या वखते चकलीउनो कोलाहल शब्द सांजली तेणे पोताना मित्रने पूछ्युं के, "हे जाइ! आ पक्षिउ शा माटे पोकार करे छे?" मित्रे उत्तर आप्यो. "हे देव! जाग्यना वश्यथी आ पक्षीउनां जोडलांउनो दिवसे संयोग थाय छे अने रात्रीए वियोग थाय छे. अत्यारे रात्री थवानो वखत छे, माटे पतिना वियोगनो शोक करती एवी चकलीउ आंसुनी धाराउने वरसावे छे. वली हे जाइ! जीवती छती मूवाना सरखी ते स्त्रीउ सवारे पोताना पतिना मेलापनी इछा करे छे.

एवामां अंजना सुंदरीना जोगांतराय कर्मनो क्षय थवाथी पवनंजय कुमारे पोताना मित्रने कह्युं. "अरे मित्र! पक्षिउ पण एक रातनो विरह सहन करी शकता नथी, तो पढी में बार वर्ष थया त्याग करेली प्रियानी शी अवस्था थइ हशे? माटे हे सखे! हुं तेने मलवानी इछा करुं छुं. तो हुं हवणा जइ तेने मली पाछो आवुं छुं." मित्रे रजा आपवाथी कुमार तत्काल पोताने घरे आव्यो. क्षणवार बारणा आगल उनो रह्यो तो तेणे विलाप करती एवी पोतानी महासती स्त्रीने दीठी. पढी तेणे पोताना पाछा आववानी वात कही बारणुं उघडाव्युं. पढी तेज दिवसे स्नान करेली ते महासतीरूप पोतानी स्त्रीने सेवन करी शांत चित्तवालो थएलो ते कुमार तेने एंधाण रूप पोतानी मुद्रिका (वींटी) आपी पाछो सैन्य प्रत्ये आव्यो. पतिना आदरथी हर्ष पामेली अने पूर्वनी दुर्दशा जूली गयेली अंजनासुंदरी पण पोताना आत्माने सफल मानवा लागी. कह्युं छे के– स्त्रीउने आशा (गर्न) एज उत्कृष्ट सुखरूप छे.

हवे अंजनासुंदरीने त्रीजे मासे कंइक गर्न प्रगट थयो; तेथी "आ असती छे." एम ससराए धास्युं. पढी शुक्ल पक्षना चंद्रनी पेठे जेम जेम हर्षने आपनारो गर्न वृद्धि पामवा लाग्यो तेम तेम लोकमां कलंक

पण वधवा लाग्यो. गर्भ पूर्ण वधवाथी पासेना माणसोए कलंक संबंधी वात अंजनासुंदरीने कही; तेथी तेणे पतिनी एंधाणवाली मुद्रिका सासुने बतावी. सासु पद्मावतीए कह्युं. "म्हारा पुत्रे दृष्टिथी पण त्हारो सत्कार कर्यो नथी, तो पछी युद्ध करवा गयेला तेणे पाछावलीने त्हारो अंगीकार कर्यो, ए त्हारुं वचन मिथ्या केम नहीं होय? अर्थात् ए त्हारुं वचन मिथ्या छे. आवी रीते मिथ्या कलंकवाली थएली अने धिक्कार पामेली ते अंजनासुंदरीने सासुए घर बहार काढी मूकी. कह्युं छे के– दोषवालाने विषे पक्षपात करनारा वीरला होय छे.

पछी निराधार थएली ते पोतानी पूर्ण प्रेमवाली बालसखीनी साथे पिताना घर तरफ चाली. त्यां गया पछी माता पिताए पण गर्भनी वात सांभलीने तेने काढी मूकी. कह्युं छे के–दोषवालाने कोइ पोतानुं थतुं नथी. पछी स्वजने करेला अपमानथी अत्यंत लज्जा पामेली अने जीवितने विषे आदररहित थएली ते अंजनाकुमारी रुदन करती छती त्यांथी चाली निकली. लज्जाने लीधे कोइ पण गाममां न जतां पोताना शुद्ध शीलव्रतथी रक्षण कराएली ते वनने विषेज भमवा लागी. कंद, मूल अने फलनो आहार करती, झरणाना जलनुं पान करती अने एक दासीनी सहायवाली ते सुंदरी वनने विषे निर्भयपणाथी रहेवा लागी. पछी अवसर प्राप्त थयो एटले जेम वैडुर्यभूमि वज्रमणिने जन्म आपे तेम अंजनासुंदरीए सूर्यना सरखा जाज्वल्यमान तेजवाला एक पुत्रने ते महावनमां एक स्थानके जन्म आप्यो. सिंह, वाघ, हस्ति, चोर, जल अने अग्निवाला ते वनमां पण महासती अंजनासुंदरी पोताना शीलव्रत रूप शस्त्रथी निर्भयपणे वन वन प्रत्ये फरती हती.

एक दिवस अंजनासुंदरीए पाणीनी शोधने माटे वनमां मोकलेली दासीए पर्वतना शिखर उपर कायोत्सर्ग करीने उभा रहेला मुनिने दीठा. पछी दासीए तेने वात कही एटले अंजनासुंदरी तृषाने भूली जइ पुत्र तथा दासीने साथे लइ त्यां मुनिपासे गइ अने तेमने भक्तिथी वंदना करी. मुनिए कायोत्सर्ग पारीने धर्मलाभ दीधो. पछी धर्मोपदेश सांभलवाने पोतानी आगल बेठेली ते महासतीने तेमणे धर्मोपदेश दीधो के," हे महाभागे! आ अपार दुःखथी भरेला संसारमां आशाने आधिन

थइ रहेला प्राणिओने धर्मविना बीजुं कोइ पण रक्षण करनार नथी. संयोग अने वियोग ए पण कर्मने आधिन छे, छतां मोहने वश थएलो प्राणी बीजाओने दोष आपे छे ते मिथ्या छे. भोगववा योग्य कर्मने कोइ पण प्राणी फेरवी शकतो नथी. जीव पोते करेला कर्मने भोगवीने पछी इष्ट वस्तुने पामे छे. श्रावक अने यति (साधु) ना भेदथी धर्म बे प्रकारनो कहेलो छे. ते धर्म स्वर्ग अने मोक्ष मेलवी आपवानुं कारण तथा दुःखना नाशनुं कारण छे.

आ प्रकारनो अरिहंतना धर्मनो उपदेश सांभलीने थयो छे वैराग्य जेने एवी ते अंजनासुंदरीए अभिग्रहसहित सम्यक्त्व धारण कर्युं. पछी ते सतीए उपदेशथी महात्मानुं ज्ञानातिशयपणुं जाणीने पूछ्युं के, "हे भगवन्! मने क्या कर्मवडे आवुं दुःख उत्पन्न थयुं?" महात्माए कह्युं. "हे भद्रे! तुं पूर्वभवने विषे कोइ एक शेठनी स्त्री हती. त्हारे जैनधर्ममां प्रीतिवाली एवी बीजी शोक्य हती. तेने एवो अभिग्रह हतो के, ते हमेशां जिनेश्वर प्रभुनुं धूप दिप विगेरे अनेक उपहारथी पूजन करती हती; तेथी तुं तेना उपर वृथा आग्रहथी द्वेष करती हती. एक दिवस शोक्य उपर इर्ष्या करती एवी तें क्रोधथी जिनेश्वर प्रभुनी प्रतिमाने उकरडामां नाटी दीधी, ते उपरथी श्राविका एवी त्हारी शोक्ये प्रभुनुं पूजन कर्या विना बार क्षणसुधी भोजन कर्युं नही. छेवटे तें तेने प्रभुनी प्रतिमा आपी. ते कर्मनुं आ फल तने प्राप्त थयुं छे के, जे तने बार वर्षसुधी पतिनो वियोग थयो. हवे ते फल भोगववानो थोडो वखत छे." आवां महात्मानां वचन सांभली भक्तिथी हाथ जोडी अंजनासुंदरीए पूछ्युं. "हे स्वामिन्! मने अनुसरी रहेली आ दासी कया कर्मथी पीडा पामे छे?" मुनिए उत्तर आप्यो के, "हे धर्मशीले। जे वखते तुं जिनेश्वर प्रभुनी प्रतिमाने उकरडामां नाटती हती; ते वखते एक बाजुथी उघाडी रही गएली ते प्रतिमाने जोइने आ त्हारी धर्मचारिणीए तने वारंवार कह्युं हतुं के, आ प्रतिमा आनी तरफथी उघाडी रही जाय छे." तेनां आवां वचनथी तें प्रभुनी प्रतिमाने वधारे ढांकी दीधी. ते कारण माटे आ त्हारी दासी पण पूर्वना कर्मनुं फल भोगवे छे." मुनिनां

१ एकसोविश पल अथवा बे घडी.

आवां वचन सांजली विस्मय पामेली सती अंजनासुंदरी सुख दुःखने विषे कर्मनुं प्रबलपणुं मानवा लागी. वली तेणे मुनिने पूछ्युं, "हे जगवन्! म्हारा शुजकर्मनो उदय क्यारे थशे? अने मने आ जवमां पतिनो संग थशे के नहीं?" मुनिए उत्तर आप्यो. "हे महासत्वे! त्हारूं पूर्वजन्मना दुराचरणनुं फल पूर्ण थवा आव्युं छे; माटे तुं अहिंज रहे. कारण के तने त्हारा मामानो मेलाप अहिं थवानो छे. वली तेना घरने विषे पिताना घरनी पेठे रहेली एवी तने त्हारा पतिनो मेलाप थशे." आ प्रकारना आश्वासनथी महात्मानी सेवामां तत्पर एवी ते महासती अंजनासुंदरी सत्वगुणनो आश्रय करीने तेज पर्वतना शिखर उपर रही.

हवे तेनो मामो सूर्यकेतु विद्याधर नंदीश्वरनी यात्रा करीने पाछो घेर जतो हतो, एवामां तेनुं वैमान चारणमुनिना प्रजावथी स्तंजित थइ गयुं. कह्युं छे के—क्यारे पण तीर्थनुं उल्लंघन थइ शकतुं नथी. विद्याधरे पण पर्वतना शिखर उपर उतरीने पुण्यना लाजथी पोताना आत्माने धन्य मानता सता हर्षथी मुनिने वंदना करी. पछी साधर्मिकने वंदना करता एवा ते विद्याधर वाणी अने रूपना अनुमानथी पोतानी जाणेजने उलखीने अत्यंत आनंद पाम्यो. पछी तेनी सर्व वात सांजली दयाथी जिंजाइ गएला हृदयवालो ते विद्याधर पोतानी जाणेजने साथे लइ त्यांथी घर तरफ चाल्यो. पोतानी जाणेजना पुत्रने मनोहर वाणीथी लाड लडावतो ते वैमानमां बेसीने आकाशमार्गे चालतो हतो ते वखते वागती एवी घुघरीउना मनोहर शब्दथी हर्ष पामेलो अने कान दइने ते शब्दने सांजलतो ते बालक ध्यानमां रहेला योगी पुरुषनी पेठे स्थिर थइने रहेतो हतो.

एक वखते ते बालक चपलपणाने लीधे हाथवडे वैमाननी घुघरीउने खेंचतो हतो, तेवामां ते मामाना खोलामांथी नींचे पृथ्वीपर पडी गयो. ते जोइने अंजनासुंदरी शोक करवा लागी के, "हा दैव! तुं मने आ प्रकारनुं दुःख आपतां छतां पण तृप्ति न पाम्यो के, जेथी पुत्रना मुखने जोवारूप म्हारूं सुख त्हाराथी सहन थइ शक्यु नहीं. हा! सुखनी आशासहित आ वैमानमां बेठेली हुं हणाएली छुं, कारण के म्हारो बालक शिलाथी अथवा पाषाणथी निश्चय चूर्णरूप थइ गयो हशे." जाणेज आ

प्रकारे शोक करती हती, एवामां सूर्यकेतु विद्याधर तत्काल वैमानमांथी नींचे उतरीने जे ठेकाणे बालक पड्यो हतो, त्यां आव्यो अने तेणे जोयुं तो वज्रना सरखा शरीरवाला कुमारना पडवाथी चूर्ण थइ गयेली शिलानी रेतीमां ते बालकने रमतो दीठो. पछी तेणे बालकने मस्तकमां सुंघी स्नेहथी शरीरे हाथ फेरवी जेम कादवमांथी मणि लइ ले तेम तेने लइ लीधो. पछी हाथरूप कमलमां राजहंसनी पेठे लाड लडावता एवा ते विद्याधरे पोतानी जाणेजने जाणे बालकनी भेट आपतो होय नहीं शुं ? एम ते पुत्र अर्पण कर्यो एटले सती अंजनासुंदरी अखंडित अंगवाला पुत्रने जोइने अत्यंत आनंद पामती छती प्राप्त थएला द्रव्यना भंडारनी पेठे तेनो वारंवार स्पर्श करवा लागी. सूर्यकेतु विद्याधरे पण "आ बालके शिलाने चूर्ण करी नाखी छे." एवुं धारीने तेनुं "शिलाचूर" एवुं नाम पाड्युं. पछी ते उत्सवसहित पोतानी भाणेजने पोताने घरे तेडी गयो, कारण के बहुकाले स्वजननो मेलाप थवाथी कुटुंबीउ घणुं करीने हर्षवंत थाय छे. पछी ज्यां त्यां दीन अने अनाथने दान आपवामां तत्पर एवी ते अंजनासुंदरी उत्तम धर्मकार्यथी दिवसोने निर्गमन करवा लागी. सुकोमल अंगवालो कुमार शिलाचूर पण मामाने घेरे वसतो छतो ताराउने विषे चंद्रमानी पेठे एक बीजाना हाथप्रत्ये फरवा लाग्यो. पछी तेउनी वात देशोदेश अने गामोगाम कस्तुरीना गंधनी पेठे चारे तरफ फेलाइ गइ.

हवे अहिं पवनंजयकुमार वरुणने जीती विजयनां वाजिंत्रोने वगडावतो छतो पोताना नगरप्रत्ये आव्यो. त्यां तेणे पिताना चरणमां नमस्कार करी, मातानी आशीष लइ, बीजी सुवासिनी स्त्रीउनी पण आशीष धारण करी सर्व जनोनो वाणीथी सत्कार कर्यो. पछी उत्सवने विषे पण उत्सव सरखा स्त्रीना मुखकमलने जोवानी इच्छाथी हाथी जेम पोताना निवासस्थानमां आवे तेम ते पवनंजयकुमार पण पोताना निवासगृहप्रत्ये आव्यो. त्यां देवरहित देवालयना सरखा प्रिया विनाना घरने जोइ विरहथी व्याकुल बनेलो ते चित्रशालाने ज्वालासमान, मंदिरने उंबाडीआसमान, राज्यने भोथा समान अने पोताना प्राणने तृणसमान मानतो छतो विलाप करवा लाग्यो. "हा कांते ! तुं क्यां गइ छे ? हे शांते ! जे

रात्रीए आपणे मळ्यां हतां, ते वखते पण तें कोई स्थानके जवानुं मने कह्युं न होतुं. म्हारा घरमांथी जती एवी तने विधात्राए पण रोकी नहीं; तेमज सारा विचारवाळा मंत्रीप्रमुखे पण न रोकी! अरे! क्षुद्र एवा माता पिता पण ते दिवसथीज आपत्तिने विषे आवी पड्या छे के, जेउ म्हारा आवता सुधीमां तने रोकी शक्या नहीं. निश्चय ते मरी गइ हशे अथवा तो कोइ घातकी जीवोए जक्षण करी हशे! अरे खोवाइ गएलुं तेवुं रत्न निर्जागी पुरुषने क्यांथी मलशे? हे जद्रे! हे सुंदरि! हे गुणसमुद्र! हुं जीवीश त्यांसुधी त्हारा स्नेहनो देणादार मटी सकीश नहीं." आवी रीते विलाप करता अने शोकथी पीमा पामेला पवनंजय कुमारे तत्काल वली मरवाने माटे चंदनना काष्टनी चिता रची. माता पिताए विविधप्रकारना वचनथी प्रतिबोध पमाडेला एवाय पण ते कुमारे वियोगरूप विषथी पीमा पामवाने लीधे पोताना मरणना आग्रहने छोड्यो नहीं.

एवामां ऋषजदत्त मित्रे त्यां आवी कुमारने आलिंगन करीने पछी कालाक्षेप करवाने माटे त्रण दिवसनी मुदत मागी. वली तेणे कह्युं के, "अंजनासुंदरी पोताना शीलप्रजावथी जीवती हशे; माटे हुं ज्यांसुधीमां तेनी शोध लावुं, त्यांसुधी तुं वाट जो." आ प्रकारनी प्रतिज्ञा लइ ऋषजदत्त वैमानमां बेसी गरुडनी पेठे तत्काल आकाशमार्गे चाल्यो. शेहेर, उपवन, गाम अने नगरादिकने विषे जमतो तथा स्त्री बालकनी वातोने सांजलतो ते त्रीजे दिवसे सूर्यपुरना उद्यानमां आवी पहोच्यो. त्यां क्रीमा करती एवी स्त्रीउना मुखथी तेणे आवी वात सांजली के, "शिलाचूर कुमारना सरखो बीजो कोइ बालक रूपवालो नथी." आ वात सांजलीने ऋषजदत्त विचार करवा लाग्यो के, "आ वात अंजनासुंदरीना पुत्रनी होय एम जणाय छे." पछी ते ऋषजदत्त वातो करती एवी स्त्रीउनी पासे जइ अंजनासुंदरी मामाने घरे आवी ते दिवसथी आरंजी आजसुधीनी सर्व वातो सांजली आनंद पाम्यो. पछी ते सूर्यकेतु राजानी सजामां गयो. त्यां तेणे खोलामां पुत्रने लइने बेठेली अंजनासुंदरीने दीठी. महासती पण पोताना पतिनो मित्र आव्यो जाणीने लज्जाने लीधे भ्रम सहित उजी थइ. पछी सूर्यकेतु राजाए अंजनासुंदरीनुं सर्व वृत्तांत कही

संजलाव्युं; ते उपर महा आश्चर्य पामेला ऋषजदत्तनो महासतीए आदर सत्कार कर्यो. पछी अंजनासुंदरीए आपेली स्नान, पान अने जोजननी सामग्रीनो उपजोग करीने हर्षथी व्याप्त थएला हृदयवाला ऋषजदत्ते कह्युं. "पुत्रसहित अंजनासुंदरीने जोवाथी म्हारो सर्व श्रम निवृत्ति पाम्यो छे. कह्युं छे के–सफल थएला कार्यवालाने श्रम श्यो? कुमार पवनंजय वरुणने जीती स्नेह अने मनोरथसहित उत्सवपूर्वक पोताने घरे आव्यो. पण तेणे प्रियाने न देखवाथी आकुल व्याकुल थइने अग्नि-मां प्रवेश करवा मांड्यो. हुं तेने त्रण दिवसनी मुदत आपी अंजनासुंद-रीने शोधवामाटे निकल्यो छुं, माटे हवे तेने म्हारी साथे मोकलो, जेथी ते बन्ने जणानुं कुशल थाय. वली सैंकडो फालोवालो आ तमारा उपकार-रूप वृक्ष पण निरंतर वृद्धि पामो. ऋषजदासनां आवां वचन सांजली समयने जाणनारा ते सूर्यकेतु राजाए तेनीसाथे पुत्रसहित पोतानी जा-णेजने तेने सासरे मोकली.

पछी हर्षना वेगथी महासतीने वैमानमां बेसारीने ऋषजदास तत्काल प्रह्लाद राजाना नगरना उद्यानमां आव्यो. त्यां ते अंजनासुंदरीने राखी पोते राजापासे जइ पुत्रसहित अंजनासुंदरी आव्याना खबर कही तेने आनंद पमाड्यो. ते उपरथी हर्ष पामेला अने संज्रमित मनवाला थएला सर्वे माणसो ऋषजदत्तनी वाणीने जीवतरना औषधरूप मानवा लाग्या. पछी नविन उदय थएला चंद्रसरखा पवनंजय कुमारना पुत्रने जोवा माटे समुद्रनी पेठे सर्वे नगरवासी जनो तेना सामा जवा लाग्या. प्र-ह्लाद राजाए म्होटा उत्सवपूर्वक पुत्रसहित वधु (अंजनासुंदरी)ने पोताना नगरमां प्रवेश कराव्यो. प्रसन्न चित्तवाली सासु पण अत्यंत प्रसन्न थइने गुणोए करीने परीक्षा करायली वहुने बहु मान आपवा लागी. कह्युं छे के–वखाणवायोग्य पुत्रवाली पतिव्रता स्त्री कोने हर्ष आपनारी थती नथी? कल्पवेल जातेज श्रेष्ठ होय छे. तेमां वली फल थाय एटले शुं कहेवुं? पछी शुरू वैराग्यना तरंगरूप अंजनासुंदरीए पूर्वना जन्मनुं स्मरण करीने अरिहंत प्रजुना धर्मने आचर्यो. पवनंजयना पुत्र शि-लाचूरनुं सर्वे संबंधिजनोए हर्षथी "हनुमान" एवुं नाम पाड्युं. प्र-

ल्हाद राजाए पण निर्मल एवी पुण्यनी सामग्री प्राप्त करी अने पुत्रने राज्याभिषेक करी पोते दीक्षा लीधी.

पछी महापराक्रमवालो पवनंजय राजा लीलामात्रथी समग्र पृथ्वीनुं पालन करवा लाग्यो. जेवी रीते रामचंद्रने सीता पट्टराणी हती अने इंद्रने इंद्राणी पट्टराणी छे तेवीज रीते पवनंजय राजाने पण अंजनासुंदरी पट्टराणी थइ. तेथी महापुण्यवालो ते पवनंजय अंजनासुंदरीनीसाथे धर्म अर्थ अने कामना साररूप राज्यसुखने भोगववा लाग्यो. युवावस्थारूप पुण्यना अंगोपांगे करीने मनोहर एवो हनुमान पण औदार्य, शौर्य अने गांभिर्य विगेरे गुणोनी साथे वृद्धि पामवा लाग्यो.

हवे ते वखते विशमा तीर्थंकर श्री मुनिसुव्रत स्वामीना तीर्थने विषे केटलाक आचार्यो ते नगरने विषे विहार करता हता. तेमनी देशना सांभलीने वैराग्यवंत थएली अंजनासुंदरीए दीक्षा लेवा माटे पतिपासे प्रार्थना करी. पवनंजयकुमारे तेने बहु आग्रह करीने समजावी पण ज्यारे तेणे पोतानो आग्रह छोड्यो नहीं त्यारे पवनंजयकुमारे पण प्रियानी साथे चारित्र अंगीकार कर्युं. पछी ते स्त्री पुरुष निरतिचारपणाथी चारित्र पाली स्वर्गे गया. त्यांथी तेओ मोक्ष पामशे. हे भव्यजनो! आ महासती अंजनासुंदरीना आश्चर्यकारी चरित्ररूप चंदनने हृदयमां धारण करी शीलव्रतरूप सुगंधि द्रव्यथी पोताना शरीरने शीतल करो.

॥ इति अंजनासुंदरीनी कथा ॥

॥ नर्मदासुंदरीनी कथा ॥

आ भरतक्षेत्रने विषे जे नगरनां देरासरो उपर रहेली ध्वजाओ जाणे स्वर्गसंपत्तिनो तिरस्कार करती होय नहिं शुं ? एम शोभती हती एवुं लक्ष्मीए करी मनोहर वर्द्धमान नामे नगर छे. त्यां जेना शत्रुओनी अपकीर्तिथी जाणे आकाश श्यामवर्णवालुं थइ गयुं होय नहिं शुं? एम देखातुं हतुं. त्यां रूपथी कामदेवना गर्वने नाश करनारो श्री संप्रति नामनो राजा राज्य करतो हतो. ते नगरमां ऋषभसेन नामनो सार्थवाह रहेतो हतो. तेने जेम धर्मने स्त्री धीरज छे तेम वीरमती नामनी स्त्री हती. तेमने न्यायवंत एवा सहदेव अने वीरदास नामना बे पुत्रो तथा लाव-

ग्यना भंडाररूप ऋषिदत्ता नामनी पुत्री हती. ऋषभसेन सार्थवाहे पोतानी पुत्रीनुं मागुं करतां एवा पुरुषोने मिथ्यादृष्टिवाला जाणीने कोइने आपी न हती.

कोइ एक दिवस रुद्रदत्त नामनो महाधनवंत वणिक् पुत्र रूपचंद्र नगरथी ते नगरमां वेपारने अर्थे आव्यो. ते पोताना मित्र कुबेरदत्तने घरे रहीने पोताना घरनी पेठे स्थिरचित्तथी वेहेपार करवा लाग्यो. कोइ वखते गोखमां बेठेलो ते रुद्रदत्त पोतानी सखिउं सहित रस्ते जती, ऊचां स्तनवाली अने राजहंसना सरखी चालवाली ऋषिदत्ताने जोइ चंद्र सामुं जोइ रहेला चातक पक्षीनी पेठे स्थीर थइ गयो. पछी तेणे कुबेरदत्त पासेथीज "ए ऋषिदत्ता जैनधर्मिविना बीजाने मलवानी नथी." एवी हकीकत सांभलीने तेना लोभथी पोते मिथ्यादृष्टि छतां जैनधर्म शीखवा मंड्यो. पछी माया (कपट) अने विवेकवडे वश कर्युं छे चित्त जेनुं एवा ऋषभदत्ते पोतानी पुत्री ऋषिदत्ता रुद्रदत्तने आपी. कह्युं छे के– धूर्त पुरुषोने दंभ एज कल्पवृक्ष छे.

पछी शुभ दिवसे ऋषभसेन सार्थवाहे केटलीक भेटोसहित पोतानी पुत्रीने रुद्रदत्तनी साथे परणावी. तेथी ते ऋषिदत्ता जेम खेतरने सिंचन करवाथी घडो पोताना आत्माने कृतार्थ माने तेम कृतार्थ मानवा लागी. केटलाक मास वित्या पछी सासु ससरानी आज्ञा लइ रुद्रदत्त प्रियासहित पोताने गाम गयो. त्यां तेणे माता पिताने प्रणाम करीने पछी बालक जेम रत्ननो त्याग करे तेम जैनधर्मनो त्याग कर्यो. ऋषिदत्ता पण तेउना संसर्गथी मिथ्यात्वने सेवन करवा लागी. कह्युं छे के– शबने स्पर्शित थएलो वायु शुं दुर्गंधताने नथी पामतो? अर्थात् पामे छे.

पछी शुद्ध जैनधर्मवाला ऋषिदत्तानां माता पिताए ते वात सांभलीने पुत्रजन्म अथवा विवाह विगेरेना कार्य उपर पुत्रीने न बोलाववानो निश्चय कर्यो. पछी केटलाक काले ऋषिदत्ताए महेश्वरदत्त नामना पुत्रने जन्म आप्यो. अनुक्रमे ते पुत्र युवावस्था पाम्यो.

हवे ऋषिदत्ताना म्होटा भाइ सहदेवनी स्त्री सुंदरीए श्रेष्ठ स्वप्नसूचित गर्भधारण कर्यो, तेथी तेने नर्मदा नदीमां न्हावानो दोहद उत्पन्न थयो. सहदेव पोताना केटलाक सार्थवाहसहित तेने शुभ दिवसे नर्मदा न-

दीमां न्हावा तेडी गयो. त्यां यथाविधि पूजन करी तेउं बन्ने जणा नर्मदा नदीना जलमां क्रीडा करवा लाग्या. पछी पोताना वेपारथी सुखे रहेला तेणे नर्मदा नदीने कांठे नर्मदापुर नामनुं नगर वसावी तेमां सम्यक्त्वरूप देहना पोषणने अर्थे जाणे पोतानो पुण्यपिंड होय नहि शुं? एवुं मेरुपर्वतना सरखुं जिनमंदिर कराव्युं. पोतपोताना स्थाननो त्याग करी केटलाक वेहेपारीउंए ज्रमराउं जेम कमलमां निवास करे तेम ते नगरमां निवास कर्यो. पछी वैरुर्यमणिनी ज्रूमि जेम वैडुर्य शलाकाने प्रगट करे तेम सुंदरीए योग्य समये उत्तम लक्षणवाली एक पुत्रीने जन्म आप्यो. पिताए पुत्रना सरखो जन्ममहोत्सव करीने तेनुं नाम "नर्मदासुंदरी" पाड्युं. जाणे पूर्वज्रवने विषेज अभ्यास करी राख्यो होय नहि शुं? एम सर्व कलाउंनो अभ्यास करती ते नर्मदासुंदरी अनुक्रमे चंद्रना उदयथी पूर्णिमाना सरखी यौवनावस्थामां आवी पहोची.

हवे पोताना ज्राइनी पुत्री नर्मदासुंदरीना उत्तम रूपने सांज्रली ऋषिदत्ता पोताना महेश्वरदत्त नामना पुत्र अर्थे मागु करवानो निश्चय करी विचारकरवा लागी के, "अहो! सडी गएला पगनी पेठे स्वजनोए दूर करेली एवी मने धिक्कार छे. वली जिनधर्मनो त्याग करवाथी हवे म्हारे घणुं कष्ट सहन करवुं पडशे. कारण के माता पिता विगेरे कोइ स्वजन पर्व तिथिने विषे पण म्हारो सत्कार करता नथी, तो पछी तेउं म्हारा पुत्रने पोतानी पुत्री शी रीते आपशे? आ प्रकारे विचार करीने रुदन करती एवी प्रियाने जोइ रुद्रदत्ते तेनुं कारण पूछ्युं. ते उपरथी ऋषिदत्ताए पोतानी सघली वात पतिने कही. महेश्वरदत्त पण पासेज उज्रो हतो; तेथी तेणे ते वात सांज्रलीने पिताने कह्युं. "हे तात! मने आज्ञा आपो, हुं त्यां जइ सर्वे स्वजनोने वश करी मामानी पुत्री साथे लग्न करीने म्हारी माताने हर्ष पमाडुं." पिताए रजा आपी एटले महेश्वरदत्त थोडा दिवसमां नर्मदापुर नगरने विषे आव्यो. त्यां मातामह (मानो बाप) ऋषज्रसेन विगेरे स्वजनोए तेनो लोकलज्जाथी आदर सत्कार कर्यो. कह्युं छे के– जैनधर्मवालाउंए क्यारे पण पोताना योग्य आचारने त्याग करवो नहीं.

अहिं महेश्वरदत्ते पण पोताना धैर्य, गांज्रिर्य, औदार्य अने वय विगेरे

उत्तम गुणोए करीने पारधी जेम मनोहर गायनथी मृगने संतोष पमाडे तेम ते सर्वे स्वजनोने संतोष पमाड्या. एकदा पोताना खोलामां बेठेला महेश्वरदत्तने मातामहे कह्युं. " हे वत्स ! जेम सर्प जांगुली औषधीनो त्याग करे तेम तें अमारा जैनधर्मनो त्याग कर्यो छे; माटे हवे अमे तने शुं आपीने सुख पामीए ? मातामहनां आवां वचन सांजली महेश्वरदत्ते नर्मदासुंदरीनुं मागुं कर्युं एटले ऋषजदत्ते कह्युं. " तें योग्य कह्युं छे; परंतु त्हारुं कुल मिथ्यादृष्टि होवाथी अमारुं मन शंका पामे छे. " महेश्वरदत्ते कह्युं. " कुल गमे तेवुं हो, तेनाथी शुं ? कारण कमलने धारण करनारा पुरुषो शुं कमलना उत्पत्ति स्थानने जुए खरा ? तमारे मने सर्व परीक्षाथी जैनधर्मि जाणवो." आ प्रमाणे तेणे अनेक सोगन खाइने पोते जैनधर्मि छे एवो ते सर्वेने विश्वास कराव्यो.

पछी ऋषजसेने गौरवपणाथी पोताना पुत्र सहदेवने आज्ञा करी; तेथी तेणे पोतानी पुत्री नर्मदासुंदरीने महेश्वरदत्तनी साथे परणावी. महेश्वरदत्ते पण चित्रवेलना सरखा अंगवाली ते कन्यानो स्वीकार करी पोतानो मनोरथ पूर्ण कर्यो. नर्मदासुंदरीए पण मदोन्मत्त हाथीनी पेठे तेने धर्मोपदेशनां वाक्योथी सन्मार्गमां चालनारो अर्थात् जैनधर्मि कर्यो. केटलोक काल वित्या पछी सासु ससरानी आज्ञा लइ महेश्वरदत्त पोतानी प्रियासहित हाथी जेम विंध्याचल प्रत्ये जाय तेम पोताना घरप्रत्ये गयो.

त्यां पोताना पगमां नमी रहेली नर्मदासुंदरीने खोलामां बेसारी सासु रुषिदत्ता वर्षाऋतुमां वननी लतानी पेठे अत्यंत आनंद पामी. पछी नर्मदासुंदरीए स्वर्गगंगानी पेठे पोताना सुकृतरूप जले करीने सासराना घरमां रहेला मिथ्यात्वरूप कादवने धोइ नांख्यो. पतिने हास्योत्सवमां कल्लोला सरखी अने सर्व स्वजनोने मान्य एवी नर्मदासुंदरीए ए प्रकारे केटलोक काल सुखे निर्गमन कर्यो.

एक दिवस गोखमां बेठेली, दर्पणमां मुख जोती अने तांबुलनुं जक्षण करती एवी ते नर्मदासुंदरी विलास करती बेठी हती. ते वखते गोखनी नीचेना राजमार्गमां थइने विहार करता एवा कोइ एक साधुना मस्तक उपर तेणे अजाणथी तांबुलनो रस नांख्यो. ते जोइने ज्ञानवंत साधुए क्रोधथी कह्युं के, " जेणे आ प्रकारे अमारी आशातना करी हशे

तेनो पतिथी वियोग थशे." मुनिनां आवां वचन सांजली अत्यंत खेद पामेली नर्मदासुंदरी तत्काल नीचे उतरीने साधुना चरणमां पडी अने विनंती करवा लागी के, "हे मुनि! निर्जाग्य अने दुष्ट आत्मावाली हुं आपना श्रापथी बली मूइ छुं; कारण के जे हुं जैनधर्मिणी उता में आपनो आ प्रकारे अपराध कस्यो ठे. महात्माउ तो विश्वने वहाला अने दयारसना समुद्ररूप होय ठे, माटे हे प्रजो! म्हारा आ अपराधने क्षमा करो. वली समान दृष्टिवाला मुनिउ शत्रुउ उपर क्रोध पामता नथी, स्वजनो उपर मोह पामता नथी अने पोतानो अपराध करनाराउ उपर क्रोध पामीने तेने श्राप पण आपता नथी. अदुष्ट जाववाली म्हारे विषे आप क्षमा करो; कारण ठेदातुं एवुंय पण चंदननुं वृक्ष सुगंधिपणाने आपे ठे."

मुनिए कह्युं, "हे श्राविका! सांजल्य. हे वत्से! तुं वृथा खेद न पाम्य. कारण के जैनसाधुउ क्यारे पण श्राप आपता नथी अने निग्रह पण करता नथी. में तने श्राप आप्यो नथी; परंतु त्हारुं जविष्य कहेलुं ठे. हे जद्रे! त्हारो कर्मना दोषथीज पतिनी साथे वियोग थवानो सृजेलो ठे; तो पठी पोताना पूर्वना कर्मने जोगवतो एवो कयो विद्वान् पुरुष खेद पामे?" आ प्रमाणे नर्मदासुंदरीने प्रबोधीने अने तेने शांत करीने मुनिए त्यांथी विहार कस्यो. पठी निरंतर निराबाध एवा जिनधर्मनुं पालन करती एवी नर्मदासुंदरीए केटलोक काल सुखे करीने निर्गमन कस्यो.

एक दिवस महेश्वरदत्त वेहेपार करवानी इच्छाथी अनेक जातना वासणो लइ म्लेछ द्वीपने विषे जवा निकल्यो. तेणे पोतानी प्रिया नर्मदासुंदरीने घणा आग्रहथी घरे रहेवानुं कह्युं, पण ते तो पोताना कदाग्रहथी वायुनी साथे पत्रपंक्तिनी पेठे महेश्वरदत्तनी साथे जवा तैयार थइ. पठी तेउ वहाणमां बेसी जेटलामां मध्यसमुद्रमां आव्या; तेटलामां तेउए मध्यरात्रीने वखते कोइनुं गायन सांजल्युं. पठी स्वरना लक्षण जाणवामां चतुर एवी नर्मदासुंदरीए मध्यरात्रीए थता एवा ते गायनने सांजलीने पोताना पतिने कह्युं. "हे स्वामिन्! जे पुरुष मधुर वाणीथी गायन करे ठे; ते श्याम अंगवालो, पुष्ट हाथ पग उपर वालवालो, बलवालो, गुह्यस्थान उपर मशवालो, रक्त नेत्रवालो, जमणा अंग उपर

चिन्हवालो, बावीश वर्षनी उमरवालो अने विशाल कांतिवालो होवो जोइए." स्त्रीनां आवां वचन सांभली महेश्वरदत्त पोताना मनमां विचार करवा लाग्यो के, "निश्चे विश्वामित्रनी साथे मेनकानी पेठे आ म्हारी प्रिया पण कोइ मदोन्मत्त पुरुषनी साथे आसक्त थएली जणाय छे. कारण के जो एम न होय तो अमृतने वरसावनारा चंद्रना स्वरूपने जाणनारी कमलिनी पेठे तेने बीजा पुरुषना देहना लक्षणनुं ज्ञान क्यांथी होय? हुं तेने आजे सुधी महासती जाणतो हतो; परंतु हवणां तो ते कुलनो छेद करवाने कालकेतुना सरखी जणाय छे. अरे! कयो विद्वान् माणस शाकिनीना सरखी स्त्रीउने विषे विश्वास करे? के जे स्त्रीउ पोताना स्वार्थने माटे पति पुत्रादिकने तृणसमान गणे छे. हुं हवणां आ स्त्रीने उच्छिष्ट पदार्थनी पेठे समुद्रमां फेंकी दउं! अथवा खड्गरूप दंडे करीने कदलीनी पेठे छेदी नाखुं!" आवो विचार करीने जेटलामां ते दोषरहित एवी पोतानी प्रियाने विषे कांई पण उद्यम करवा मांडे छे; तेटलामां वहाणना शढ उपर रहेला निर्यामके (वहाण चलावनाराउना उपरीए) उंचा शब्दथी कह्युं के, "अरे! वहाणने ऊट उचुं राखो; शढने बांधी ल्यो; सांकलोने पकडी ल्यो; कारणके, आपणे म्लेच्छ द्वीपमां आवी पहोच्या छीए. वली जल अने काष्ट पण भरी ल्यो." आवां उपरीनां वचन सांभलीने सर्वे खलासीउ ते प्रमाणे करवा लाग्या.

हवे ते द्वीपमां रहेलो अने गुप्त मत्सरवालो महेश्वरदत्त एक वखत महासती एवी पोतानी प्रिया नर्मदासुंदरीने क्रीडा कराववाने एक म्होटा अरण्यमां तेडी गयो. त्यां धूर्त एवा महेश्वरदत्तनी साथे वनवनप्रत्ये भमवाथी थाकी गयेली ते महासती तलावने कांठे वेतस वृक्षना गहन वनमां सूती. ते वखते पूर्वे संपादन करेला कुकर्मरूप प्राप्त थएली दूतिएज जाणे तेना नेत्रोने बंध करी नांख्या होय नहिं शुं? एम तेने नीद्रा प्राप्त थई. पछी महेश्वर विचार करवा लाग्यो के, "जो हुं आ स्त्रीने खड्ग विगेरेना प्रहारथी मारी नाखुं तोपण पापनो पात्र थाउं नहीं" आ प्रकारे पोताना अपराधने वारंवार स्मरण करता अने ते प्रियानुं मृत्यु इछता ते महेश्वरदत्ते जेम आंधलो माणस सर्पनी भ्रांतिथी

पुष्पनी मालाने त्याग करे अने जेम पोपट फोतराथी ढंकाएला चोखाना ढगलानो त्याग करे तेम तेनो त्याग कर्यो. पछी ते विलाप करतो करतो पाछो वहाण पासे आव्यो. खलासिउंए तेने विलापनुं कारण पूछ्युं एटले तेणे उत्तर आप्यो के, "म्हारी प्रियाने वनमां कोईएक राक्षस जक्षण करी गयो. पछी ते मने जक्षण करवा आवतो हतो एटलामां हुं अहिं आवतो रह्यो छुं; माटे हवे तमे वहाणने जरीने झट चलावो." महेश्वरनां आवां वचन सांजलीने सर्व खलासीउं ते प्रमाणे करवा लाग्या. कह्युं छे के– आत्मा कोने वहालो नथी? अर्थात् सर्वने वहालो होय छे.

पछी महेश्वरदत्त कपटथी जाणे वहाणमां बेसवानुं न इछतो होय? एम करी पराणे वहाणमां बेसी पोताना मनमां विचार करवा लाग्यो. "बुद्धिवंत एवा में वेश्यातुल्य स्त्रीनो त्याग करी लोकापवादथी आत्मानुं रक्षण कर्युं ए सारुं कर्युं छे." परंतु ते मूढ पुरुष एम नथी जाणतो के "म्हारो आत्मा जाग्यथी हणाएलो थयो छे." पछी खलासीउं पण तेने स्त्रीना वियोगथी पीडा पामेलो जाणीने प्रतिबोध देवा लाग्या. अनुक्रमे महेश्वरदत्त पोताना नगरप्रत्ये आवी पहोच्यो. त्यां तेणे म्लेछ द्वीपनी वात, त्यां थएलो लाज अने पोतानी प्रियाना मरणना खोटा समाचार कह्या. ते उपरथी अत्यंत दुःखी थएलां तेना माता पिताए वधू (पुत्रनी वहु)नुं उत्तरकार्य करीने पछी तेने बीजी स्त्री परणावी.

हवे अहिं नर्मदासुंदरीए मोक्षसुख आपनारा पंच परमेष्ठीनुं स्मरण करी जेटलामां उठीने जोयुं तो पतिनो दिठो नहीं एटले प्राणनाथे मश्करी करेली मानीने ते कहेवा लागी. "हे नाथ ! झट पाछा आवो; हुं आवी मश्करीने वधारे वार सहन करी सकीश नहीं." आवी रीते वारंवार बोलाव्या छतां पण ज्यारे पति पाछो आव्यो नहीं, त्यारे पोतेज त्यांथी तत्काल उठीने खोवाइ गएला रत्ननी पेठे तीर प्रत्ये अने वृक्ष वृक्ष प्रत्ये प्राणनाथने खोलवा लागी. घणो वखत एम करवाथी पण ज्यारे पतिने दीठो नहीं त्यारे तो क्रोध पामेला मृगोए पण दयाथी जोवाएली ते नर्मदासुंदरी गाढस्वरथी रुदन करवा लागी. ते वखते वनमां पोताना रुदनना थएला पडछंदाने सांजली ते महासती झांजवाना जलनी प्रत्ये दोडती एवी मृगलीनी पेठे चारे तरफ दोडवा लागी. ते म-

हावनमां एवुं कोइ वृक्ष, लता के गुफा न हती के जेमां ते नर्मदा सुंदरीए पोताना पतिने न खोळ्यो होय.

एवामां जाणे तेना शोकथीज होय नहिं शुं ? एम सूर्य अस्त पाम्यो. एटले ब्रह्माए तेने सुख उपजाववा माटे चंद्रने मोकल्यो. अर्थात् ते वखते सूर्यनो अस्त अने चंद्रनो उदय थयो. पतिना वियोगना दुःखे करीने चंद्ररूप अग्निना कुंडथी अत्यंत तप्त थएली ते महासती जयंकर पशुउनी बीकथी एक लतागृहमां पेसी गइ. त्यां सेंकडो वर्षनां सरखी ते रात्रीने निर्गमन करीने पतिना गुणोनुं स्मरण करती एवी ते नर्मदासुंदरी रोवा लागी अने वली कहेवा लागी के, " हे नाथ ! जेम कुमुदिनीने मूकीने चंद्र नाशी जाय तेम दीन अने प्रेमरूप अमृतमय एवी मने आ एकांत प्रदेशमां सूती मूकीने क्यां नासी गया छो ? आवीरीते पोते रोती अने बीजा प्राणीउने रोवरावती वली पतिनी वार्तानो शोध करती ते महासती नर्मदासुंदरीए पांच दिवस निर्गमन कर्या.

पछी छठे दिवसे पतिने खोलती एवी ते समुद्रना कांठाने विषे ज्यां पोतानुं वहाण उजुं रह्युं हतुं त्यां आवीने जोयुं तो वहाण विनानुं ते स्थान शून्य दीठुं, एटले वधारे निराश थइने ते महासती मुनिना सत्य वचनने संजारती छती पोताना आत्माने बोध करवा लागी के, " हे आत्मन् ! पूर्वे करेला कर्मने जागव्य; परंतु खेद न पाम्य. " एम कहीने ते महासतीए सरोवरमां स्नान करी, देवने वांदी अने फल विगेरेनो आहार करीने तापसीपणुं धारण कर्युं. पछी तेणे कोइ एक गुफामां निवास करी, त्यां माटीनी अरिहंत प्रजुनी मूर्ति बनावीने पोतानी सन्मुख निश्चलपणाने माटे स्थापी तेनुं फल, फुल निवार (वनना धान्य) विगेरेथी पूजन करी इंगुदीना तेलथी दीवा कर्या. आ प्रकारे ते महासती हमेशां सवारे उठीने एकाग्र चित्तथी प्रजुनु पूजन, स्वाध्याय अने स्तवनादिके करीने कृतार्थ एवा दिवसोने निर्गम करवा लागी.

एक दिवस जेम राजहंसी मानस सरोवर प्रत्ये जवानी इछा करे तेम नर्मदा सुंदरीए सद्गतिना साधनरूप व्रत ग्रहण करवाने अर्थे जरत क्षेत्रप्रत्ये जवानी इछा करी, एवामां तेनो कोइएक विवेकबुद्धिवालो वीरदास नामनो पित्राइ बर्बरकुल देशप्रत्ये जतो छतो त्यां आवी चड्यो.

त्यां ते महासतीना पगलाने अनुसारे पर्वतनी गुफाना पासेना जागमां आवी पहोच्यो एटले तेणे जिनेश्वर प्रजुनी स्तुति करती एवी नर्मदासुंदरीनी वाणी सांजली. पठी केवल शब्दना अनुमानथी " आ नर्मदासुंदरी ठे. " एम निश्चय करीने गुफामां पेठेला ते वीरदास पित्राइए पोतानी दृष्टिना उत्सवरूप नर्मदासुंदरीने दीठी. महासती पण पोताना पित्राइने उलखीने तेना कंठे वलगी रोवा लागी. वीरदास पण स्नेहने लीधे हर्ष अने शोकथी व्याप्त थइ गयो.

पठी " हे वत्से ! तुं अहिं क्यांथी आवी ढुं ? अने एकली केम रहे ठे ? " एम वीरदासे पूठ्युं एटले नर्मदासुंदरीए पोतानी सर्व वात निवेदन करी. पठी जाग्यनी निंदा करतो एवो ते पित्राइ वीरदास महासतीने साथे लइ म्लेछकुलप्रत्ये गयो. त्यां गामनी बहार पोताना सार्थवाहने पडाव करावी अने एक उत्तम तंबुमां नर्मदासुंदरीने राखी पोते केटलीक जेटो लइ राजसजामां गयो. त्यां राजाए अर्धुं दाण माफ करी सत्कार करेला वीरदासे नगरने विषे लेवा देवारूप वहेपार कर्यो.

हवे ते नगरमां राजानी मानिती अने रूप सौजाग्यनी संपत्तिवाली हरिणी नामनी एक वेश्या रहेती हती. राजाए तेनी एवी व्यवस्था करी हती के, जे माणस नगरमां वहेपार करवा आवे तेनी पासेथी ते वेश्या एक हजारने आठ सोना म्होर लहे. तेथी ए वेश्याए वीरदासने बोलाववा माटे एक दासीने मोकली. पण वीरदासे तो " अमे स्वदाराथी संतोष पामेला ठीए. " एम कहीने तेने काढी मूकी. पठी राजाए हरिणीनी करी आपेली व्यवस्था दासीए वीरदासने कही. ते उपरथी तेणे दासीने एक हजार अने आठ सोना म्होरो गणी आपी. पठी दासीए हर्ष पामतां ते लइने हरिणीने आपी एटले ते वेश्याए कह्युं. " म्हारे द्रव्यनो शो खप ठे ? हुं तो गणिका ढुं; माटे तुं वीरदासने अहिं तेडी लाव्य. " हरिणीनां आवां वचन सांजली दासी वीरदासने तेना घर प्रत्ये तेडी लावी अने पठी ते दासी एकांत प्रदेशमां हरिणीने कहेवा लागी के, " आ शेठना घरने विषे रूपे करीने देवांगनाउनो पण तिरस्कार करनारी तेनी ब्हेन, स्त्री, के पुत्री ठे; माटे जो हरिणीना सरखा नेत्रवाली

ते स्त्री त्हारी आज्ञा प्रमाणे चालनारी थाय तो तुं पोताना घरविषे कल्पवेल उगी छे एम जाण जे."

पछी कपट बुद्धिवाली हरिणीए वातो करता करता वीरदासना हाथनी आंगलीमांथी तेना नामवाली मुद्रिका (वींटी) तेने रोकवा माटे लइ लीधी. पछी तेणे ए मुद्रिका दासीने आपीने कांइ कानमां कह्युं. पछी दासीए वीरदासना पडावमां जइ त्यां बेठेली नर्मदासुंदरीने कह्युं. "हे शोभने ! वीरदास शेठ अमारा घरनेविषे बेठेला छे अने तमने बोलावे छे. तेमणे एंधाणने माटे आ मुद्रिका आपी छे, माटे झट त्यां चालो.?" वीरदासना नामवाली मुद्रिका जोइने कपटनी अजाण एवी नर्मदासुंदरी वेश्याना घरप्रत्ये आवी. त्यां दासीए तेने बीजा बारणामांथी प्रवेश करावी तरतज भोंयरामां उतारी दीधी.

पछी कृतार्थ मानती एवी ते वेश्याए वीरदासने तेनी मुद्रिका पाछी आपी एटले अखंडित व्रतवालो ते पोताना पडावप्रत्ये आव्यो. त्यां तेणे नर्मदासुंदरीने न देखवाथी सेवकोने पूछ्युं के, "नर्मदासुंदरी क्यां गइ छे.?" तेउए उत्तर आप्यो के, "अमे जाणता नथी." पछी विरदासे घणा उपायो करीने शोधवा मांडी पण जडी नहिं. कह्युं छे के– धूतारा माणसोए करेला गुप्त कार्यनो पार कयो पुरुष पामी शके? अर्थात् कोइ पामी शकतो नथी. पछी वीरदास विचार करवा लाग्यो के, "जेणे कपटथी सती स्त्रीनुं हरण कर्युं छे. ते हुं अहिं रहिश, त्यांसुधी तेने केम प्रगट करशे?" एम धारीने ते वीरदास ते देशना वासणो विगेरे अनेक वस्तुउथी वहाण भरी, राजानी आज्ञा लइ भृगुकच्छ (भरूच) देशप्रत्ये आव्यो. त्यां तेणे उपायने जाणनारा अने उपासक एवा जिनदास नामना पोताना मित्रने सर्व वात कही तेने तुरत म्लेच्छ देशप्रत्ये मोकल्यो; तेथी ते जिनदास नर्मदासुंदरीने अर्थे केटलीक सामग्री लइ ते देशप्रत्ये गयो.

हवे वीरदासपोताना देश तरफ गया पछी धनने अर्थे हणायला मनवाली हरिणी वेश्याए नर्मदासुंदरीने कह्युं."हे भद्रे ! तुं वेश्यापणुं अंगीकार करीने पोतानो जन्म सफल कर अने इंद्रने उर्वशीनी पेठे राजाने मानिती था." गणिकानां आवां वचनरूप अग्निथी जाणे बलती होय नहिं शुं? एम पोताना हाथने धूणावती एवी नर्मदासुंदरीए उत्तर

आप्यो के " अरे ! हुं जीवुं त्यांसुधीमां म्हारा शीलव्रतरूप माणिक्यने ग्रहण करवा कोण समर्थ छे ? " वेश्याए कह्युं, पृथ्वीने विषे अमारो जन्म सफल छे, कारण अमे अहिं रह्या छता इच्छित जोगने जोगवीए छीए. नर्मदासुंदरीए कह्युं, " त्हारा विना बीजुं कोण आ प्रकारना सुखे करीने पोताना आत्माने कल्याणथी भ्रष्ट करे ? जे बालक (मूर्ख) होय तेज मणि आपीने चणाने खरीद करे छे. " आवां नर्मदासुंदरीनां वचन सांजलीने अत्यंत क्रोध पामेली हरिणीए पोतानुं इच्छित कार्य करवाने अर्थे जड (लोढुं) जेम चिंतामणि रत्नने मारे तेम तेने मारी एटले नर्मदासुंदरीए पंच नवकारनुं स्मरण कर्युं, के जेना प्रजावथी हरिणी गणिका अकस्मात् मृत्यु पामी.

हवे वेश्याना मरण पछी तेना स्थानने अंगीकार करवा माटे राजाए प्रधाननी साथे नर्मदासुंदरीने कहेराव्युं एटले प्रजुपणाने विषे पोतानी इच्छाथी नाशी जवाना उपायनो विचार करीने ते नर्मदासुंदरीए हरि जेम पोतानुं स्त्रीपणुं माने तेम राजाना हुकमने मान्य कर्यो.

पछी प्रधानना मुखथी नर्मदासुंदरीना सौंदर्यादि गुणोने सांजली उत्सुकवंत थएला राजाए तेने बोलाववा माटे पालखी मोकली. महासमृद्धिवाला राजाना सेवको नर्मदासुंदरीने पालखीमां बेसारी अने मस्तक उपर छत्र धारण करी जेटलामां राजानी पासे लइ जायछे तेटलामां "शीलरक्षाने अर्थे गाडां थवुं ए ऊषधरुप छे. " एम विचार करीने तेणे नगरनी म्होटी पथ्थरनी बांधेली खालमां पडतुं मूक्युं. पछी " आ मलियागर चंदननो लेप करुंछुं. " एम कहेती एवी ते महासती जाणे लोहनुं कवच धारण करती होय नहिं शुं ? एम पोताना सर्व अंगने विषे कादवनो लेप करवा लागी अने सर्व लोकोना समक्ष पोतानां वस्त्रोने पांदडांनी पेठे फाडवा लागी. वली ते महासती मंत्रवादीनी पेठे शीलव्रत रूप जीवितने नाश करनारा राजपुरुष रुप सर्पोने त्रास पमाडवा माटे तेउना सामे धूल उराडवा लागी अने व्यंतरोथी पण न निवारण थइ शके एवी जयंकर आकृतिने धारण करी पोताना शौर्यने लीधे अपूर्व एवुं नृत्य करवा लागी. आ वात राजाए सांजलीने पोताना मांत्रिको मोकल्या. तेउने पण महासती नर्मदासुंदरीए कुतराउने पथ्थरा

मारवानीपेठे पथ्थराउं मारीने दूर काढ्या. पढी पथ्थर फेंकवाथी लोकोए दूर त्यजी दीधेली ते महासती पांदडांथी विटलायला वंटोलीयानी पेठे बालकोथी विंटलायली बती नगरने विषे जमवा लागी.

हवे एकदिवस जिनेश्वरना रासने गाती, बालकोना समूहथी विंटलाएली अने फाटेला वस्त्रना ककडाने धारण करती ते महासतीने पेला जिनदासे दीठी एटले दयायुक्त थइ गयुं बे हृदय जेनुं एवा तेणे आगल जइने नर्मदासुंदरीने पूब्युं. "हे जडे! तुं कोण बुं? व्यंतरोनी देवी बे? अथवा जिनेश्वर जक्त बे ते मने कहे.? नर्मदासुंदरीए उत्तर आप्यो के, जोतुं जैन होय तो मने एकांतमां पूबजे; पण अत्यारे आ थएला रंगना जंगरूप वैर करीश नहीं" पढी बीजे दिवसे वायु जेम पांदडाने विखेरी नाखे तेम बालकोने पथ्थर विगेरेथी मारीने दूर काढी मूकी पोते नर्मदासुंदरी कोइ एक वनना एकांत प्रदेशमां जिनेश्वरनी स्तुति करवा लागी. एवामां तेना पाबल पाबल जिनदासे आवीने हाथ जोडीने पूब्युं के, "हे जडे! धर्मने विषे एक मनवाली तुं कोण बुं?" नर्मदासुंदरीए तेने श्रावक जाणीने पोतानी सर्व वात कही, तेथी हर्ष पामीने तेणे कह्युं. "बहु सारुं थयुं के जे में तने आजे दीठी; कारण के हे वत्से! म्हारा मित्र वीरदासे मने जरूचथी अहिं त्हारी शोधने माटेज मोकलेलो बे तो हवे खेद पामीश नहीं सर्व सारुं थशे, कारण समयने अनुसारी बुद्धिने शुं असाध्य होय बे? हे जडे! हवे आजे पण त्हारे राजमार्गमां हाथणीनी पेठे फरतां फरतां वेहेपारीउंना वासण विगेरेने फोडवां." आ प्रकारे संकेत करीने जिनदास नगरमां आव्यो अने नर्मदासुंदरी पण गांडी थइने संकेतप्रमाणे सर्व वेहेपारीउंना वासण विगेरेने फोडवा लागी. एवामां राजसजामां गयेला जिनदासने राजाए कृपाथी कह्युं के, "अरे! जूतनीपेठे गांडी थएली आ स्त्रीए वांदरी जेम बगीचाने उपद्रव करे तेम सर्व नगरने विषे उपद्रव कर्यो बे; माटे उपद्रवथी अनर्थने करनारी तेने चित्रणीनी पेठे समुद्रने सामे तीर लइ जाउं." राजानी आवी आज्ञाथी जिनदास नर्मदासुंदरीने सांकलवडे बांधीने वैद्य जेम दिव्य औषधीने लइ जाय तेम लइने चाल्यो. पढी तेणे कादवमांथी जडेला चिंतामणि रत्नना सरखी डुःप्राप्य एवी नर्मदासुंदरीने समुद्रनां

कांठे थइ जइ आनंदपूर्वक स्नान करावी रेशमी वस्त्र धारण कराव्यां. त्यांथी महामूल्यवाला पात्रनी पेठे वहाणमां बेसारी भृगुकच्छ देशमां थइ वीरदास पीत्राइसहित नर्मदापुर प्रत्ये आव्यो. पुत्रीने आवी जाणी सहदेव पिता विगेरे अनेक संबंधीउं मलवामाटे सामा गया. तेउंने प्रणाम करीने तेमज कंठे वलगीने महासती घणुं रुदन करवा लागी. ऋषजसेन विगेरे पण जीवती एवी पुत्रीने जाणी घणोज हर्ष पाम्या. अने तेनो मंगलाचार पूर्वक फरीथी जन्म महोत्सव कर्यो. वली जैन-मंदिरोमां महापूजापूर्वक साधर्मिवात्सल्य विगेरे धर्मनां कार्यों कर्या.

एवामां दशपूर्वधारी आर्यसुहस्ति नामे आचार्य विहार करता करता नर्मदापुर नगरमां आव्या एटले माता, पिता अने पित्राइउंसहित नर्मदासुंदरी दूर कर्या छे जव जेमणे एवा ते साधुउंने वंदन करवा माटे गई. त्यां गुरुए धर्मलाज आपी उपदेश दीधो. देशना पूर्ण थया पछी वीरदासे गुरुने प्रणाम करीने पूछ्युं के, " हे प्रज्ञो ! आ नर्मदासुंदरीए पूर्वजवने विषे एवुं शुं कर्म कर्युं हतुं के, जे आ जवने विषे निर्दोष छता पण दुःखना पात्ररूप थइ ?" गुरुए श्रुतोपयोगथी जाणीने उत्तर आप्यो के, "आ जरतक्षेत्रने विषे जाणे पृथ्वी जरवानो मानदंड होय नहीं शुं ? एवो विंध्याचल नामे पर्वत छे. ते पर्वतमांथी नीकलेली आ तटी नामनी नदी के जेने अन्यदर्शनी लोको " नर्मदा " कहे छे. एक दिवस कायोत्सर्ग करीने उज्ञा रहेला धर्मरुचि नामना मुनिने द्वेषवाली ते नर्मदाए उपसर्गो कर्या; परंतु ज्यारे ते मुनि जरा पण चलायमान थया नहीं, त्यारे तो उलटी ते नर्मदा सम्यक्दृष्टिवाली थइ गइ. तेज नर्मदा मृत्यु पामीने आ जवने विषे त्हारी नर्मदासुंदरी नामे पुत्री थइ छे. पूर्वना अभ्यासथीज ते आ पुत्री स्नान दोहदे करीने वृद्धि पामेली हती अने साधुने करेला उपसर्गरूप दूराचरणथी दुःख पामी हती."

पछी उत्पन्न थयुं छे जाति स्मरण ज्ञान जेने एवी ते नर्मदासुंदरीए मुनिनी पासे दीक्षा लीधी. पछी केटलक दहाडे तपनुं आचरण करती एवी ते महासतीने उज्वल एवुं अवधिज्ञान उत्पन्न थयुं. अनुक्रमे प्रवर्तिनी पद पामी तपना आचरणथी दूर्बल जणाती ते साध्वी अनुक्रमे विहार करती करती रुपचंद्र नगर प्रत्ये आवी पहोंची. त्यां अनेक व्रतोने

धारण करनारी साध्वीओना समूहथी विंटलाएली ते महासती नर्मदासुंदरी पोतानी सासु ऋषिदत्ताए करावेला उपाश्रयमां घणा दिवस रही. त्यां ते हमेशां कर्मना मर्मने प्रगट करनारी धर्मदेशना देती हती के जेने ऋषिदत्तासहित महेश्वरदत्त सांजलवा आवतो हतो.

एक दिवसे नर्मदासुंदरीए वैराग्य उत्पन्न करवामां औषधरूप सर्व स्वरनुं लक्षण महेश्वरदत्तने कह्युं. ते उपरथी पस्तावो करता एवा तेणे जाण्युं के, “ निश्चय आज म्हारी प्रिया हती. अरे! अविवेकथी कलंकीत थएला अधर्मी अने अधम एवा मने धिक्कार छे के, जे में सती एवी प्रियाने वनमां एकली मूकी हती. अरे! शीलवती एवी प्रियाने दूषण पमाडवाथीज हुं निर्जागी बन्यो छुं. अरे! आ लोकमां म्हारा सरखो बीजो कोइ पापी माणस हशे नहीं. ” आवी रीते पस्तावो करता एवा ते महेश्वरदत्तने प्रवर्तिनी एवी नर्मदासुंदरीए कृपाथी कह्युं, “ हे जद्र! तेज हुं नर्मदासुंदरी छुं; माटे तुं शोक करीश नहीं, कारण के सर्व प्राणिओ पोतपोताना कर्मे करीनेज सुख दुःख जोगवे छे, तेमां कोइ कोइनो दोष नथी. ” पछी स्फुरीत एवा वैराग्ये करीने प्रकाशित थएला महेश्वरदत्ते तेनी पासे क्षमा मागी अने आर्यसुहस्ति आचार्य पासे जइने दीक्षा लीधी. ऋषिदत्ताए पण संसारथी वैराग्य पामीने चारित्र ग्रहण कर्युं. बन्ने जणा तपश्चर्या करीने स्वर्गसंपत्तिने पाम्यां. नर्मदासुंदरीए पण अवधिज्ञानथी आयुष्य पूर्ण थयुं जाणी अनशन व्रत अंगीकार करीने समाधिए मृत्यु पामीने ते देवलोकमां गइ. त्यांथी महा विदेह क्षेत्रमां च्यवी, राज्यलक्ष्मीने जोगवी, दीक्षा धारण करी अने आठ कर्मनो क्षय करी निर्मल एवा शीलव्रतना योगथी अंते मोक्ष पामशे.

॥ नर्मदासुंदरीनी कथा समाप्त ॥

अथ रतिसुंदरीनी कथा ॥

आ जरतक्षेत्रने विषे जाणे लक्ष्मीनुं संकेतस्थान होय नहिं शुं? एवुं साकेतपुर नामे नगर छे. जे नगरना वहेपारीनी स्त्रीओना मुख चंद्रथी पण अधिक कांतिवाला शोजता हता. ते नगरमां शत्रुओरूप हाथीने नाश करवामां केशरीसिंहना सरखो महा पराक्रमी अने जेना खड्गथी मरा-

एला शत्रुरूप हाथीना कुंजस्थलमांथी निकळेलां मुक्ताफल जाणे आकाशमां रहेला ताराउंज होय नहिं शुं? एम शोजता हता एवो नरकेसरी नामे राजा राज्य करतो हतो. ते राजाने कल्याणरूप गोत्रजनी लक्ष्मीना विलासने विषेज धारण कर्यो छे आदर जेणे एवी कमलसुंदरी नामनी स्त्री हती. तेउने पवित्र आत्मावाळी अने जाणे विधाताए पोतानी सृजवारूप कलानी चातुरी देखाडवा माटेज सौंदर्यनी लक्ष्मीना सरखी बनावेली होय नहिं शुं? एवी रतिसुंदरी नामनी पुत्री हती.

एक दिवस ताराउथी विंटलाएली चंद्रलेखानी पेठे सखिउथी विंटालाएली रतिसुंदरीए गुणश्री नामनी प्रवर्तिनीने वंदना करी एटले ते साध्वीए अमृतना सरखी मधुरवाणीए करीने तेने मुक्ताफलना हारसरखी उज्वल धर्मदेशना दीधी अने कह्युं के, "मेरु पर्वतना सरखा दुर्लज मनुष्य जन्मने पामीने बुद्धिवान् माणसोए धर्मरत्नने ग्रहण करवुं. रत्नथी जरेलो जंडार प्राप्त थये छते पण मूर्ख पुरुष जेम कोडीने खोळे छे तेमज मोक्षफलने आपनारो आ मनुष्यजव प्राप्त थये छते अज्ञानी पुरुष जोगनी इच्छा करे छे; माटे हे जद्रे! तुं सम्यक्त्वने ग्रहण कर अने संयमने पाळ्य. वळी जीवितपर्यंत निर्मल एवा तपनुं आचरण करी संसारसमुद्रना अंतने पाम्य. तपरूप अग्निथी तपेलो अने शीलव्रतरूप निर्मल जलथी सिंचित थएलो जीव तपावेला सुवर्णनी पेठे कर्मना मेलने धोइ नाखे छे; माटे हे राजपुत्री! तुं ज्यांसुधी जीव त्यांसुधी जिनेश्वरना धर्मने विषे यत्न कर." आ प्रकारे प्रवर्तिनीना मुखरूप चंद्रथी धर्मोपदेशरूप अमृतनुं पान करी उत्साहवंत थएली ज्ञानदृष्टिवाली राजपुत्रीए कह्युं. "तमे मने आ दोषरहित धर्मोपदेश दीधो ए बहु सारुं कर्युं; परंतु हुं प्रमादी होवाथी आ प्रकारनां व्रत धारण करवाने समर्थ नथी; माटे म्हारा उपर प्रसन्न थइने दमन करवायोग्य बळदने जारनी पेठे गृहस्थाश्रमीने योग्य अने संसारसमुद्रमांथी तारवाने नावरूप धर्मनो युक्तिथी उपदेश करो."

पछी प्रवर्तिनीए राजपुत्री रतिसुंदरीने सम्यक्त्वरूप व्रत आपीने कह्युं. "हे वत्से! शीलव्रत पाळवुं ए स्त्रीउनो उत्तम धर्म छे. अने ते एज के परपुरुषनो त्याग करवारूप शीलव्रत पोते पाळवुं अने बीजाउ पासे प-

लाववुं. जेथी करीने स्त्रीउनी कीर्ति आ लोकमां सूर्य चंद्र रहे त्यांसुधी स्थिर थाय अने परलोकमां कल्याणना स्थानरूप मोक्ष पण प्राप्त थाय. मेघथी लताना अंकुरोनी पेठे शीलव्रतना प्रजावथी आ जवने विषे उत्तम कुलनी स्त्रीउना सर्व मनोरथ सिद्ध थाय ले. राजाउने परलोकमां आ संसारसंबंधी दुःख दुर्गतिनां अनेक संकटो घणाकाल सुधी सहन करवां पडे ले; माटे तुं वज्रना सरखी दृढ थइने परंपराथी मुक्तिने आपनारा सम्यक्त्व व्रतने पाल्य." आवां प्रवर्तिनां वचन सांजली उल्लास पाम्या ले रोमराय जेना एवी रतिसुंरीए घणा हर्षथी नियमने अंगीकार कर्यो.

हवे नरकेसरी राजाए पोताना कंइ कार्यने अर्थे मोकलेलो दूत चंद्रराजाना नंदन नगरमां गयो. त्यां देशना समाचार कहेवाने वखते चंद्रराजाए दूतना मूखथी रतिसुंदरीना उत्तम रूपनी वात सांजली एटले अनुरागथी कामित थएला तेणे रतिसुंदरीनुं मागुं करवा माटे पोताना प्रधानने नरकेसरी राजापासे मोकल्यो. नरकेसरी राजाए पण योग्य संबंध मानी जेम दक्षे पोतानी पुत्री रोहिणीनो संबध चंद्रनी साथे कर्यो हतो तेम रतिसुंदरीनो संबंध चंद्रराजा साथे कर्यो. पली शुज दिवसे महासमृद्धिसहित तेणे रतिसुंदरीने महासंपत्तिवाला नंदनपुरमां मोकली; त्यां ते लक्ष्मी जेम कृष्णने वरी हती तेम चंद्रराजाने वरी. उत्तम मुहूर्त्तमां तेउनो धन्य विवाह थये लते मनोहर एवा नंदनपुरमां अत्यंत आनंद आपनारो महोत्सव थयो. नगरवासी जनो पण रतिसुंदरीना स्वरूपने जोइ आश्चर्यथी कहेवा लाग्या के, " शुं आ कोइ देवी, विद्याधरी के नागकन्या ले ? " आवी ज्योत्स्नारूप प्रियाथी अलंकृत थएलो क्षत्रियरूप नक्षत्रोनो नायक चंद्रराजा सर्व थकी अधिक शोजवा लाग्यो.

एक दिवस कुरुदेशना बलवंत महेंद्रसिंह राजाए सिंह जेम सिंह उपर संदेशो मोकले तेम चंद्रराजाने दूत मोकलीने कहेवराव्युं के, " हे देव ! सूर्यनी साथे कमलोनी पेठे तमारी साथे अमारी प्रीति घणा कालथी चालती आवेली ले. जे पुत्रो पोताना पूर्वजोए मेलवेला महिमाना स्थानरूप संबंधने लोपता नथी तेज पुत्रोने कुलनो उद्योत करनारा जाणवा. वली अखंड रीते सौजन्यपणुं धारण करता एवा तमारे पोतानुं कार्य निश्चय अमाराथीज साधवा योग्य ले. वधारे शुं कहीए ? परंतु

नवोढा एवी रतिसुंदरी अमने नेटमां आपो के, जेथी अमे तेनो सत्कार करीए. कारण जेनी साथे प्रीति होय तेना गौरवपणाने अर्थे प्रिया पण आपी शकाय छे. जुओ के वसिष्ठे आदर करेली अरुंधती कोने मानवा योग्य नथी ?" दूतनां आवां वचन सांभली चंद्रराजाए जरा हसीने कह्युं. "चंद्रज्योत्स्नाना सरखा सुजन मनुष्यो कोने वहाला नथी थता ? कह्युं छे के– परोपकार, मैत्री, दाक्षिण्य, प्रियभाषण, सौशील्य, विनय अने त्याग (दान) एटला सज्जन पुरुषोना गुणो छे. हे दूत ! त्हारा राजाए मने आ सारुं कह्युं छे. कुलिन पुरुषो समुद्रनी पेठे पोतानी मर्यादा लोपता नथी. हे दूत ! अमे जे तने कहीए ते तुं त्हारा राजाने कहेजे के, जीवितनी याचना करवानी पेठे देवी रतिसुंदरीनी याचना करवी ए पण प्रीतिनुं लक्षण नथी." दूते कह्युं. "तमारे महेंद्रसिंह महाराजानी आज्ञा लोपवी ए योग्य नथी; कारण के कोमलपणाथी साधी सकाय एवा अर्थ (प्रयोजन) ने विषे कठोरपणुं राखवुं ए विवेकीपणुं कहेवाय नहीं. मर्यादाने लोपता एवा समुद्रने कोनाथी रोकी शकाय ? वली क्षोभ पामेला समुद्र छते पाल बांधवाने कयो पुरुष समर्थ थाय ? माटे तमारा हितने अर्थे ते महाराजानी इछा पूर्ण करो." आवां दूतनां वचन सांभलीने क्रोधथी राता थइ गएला चंद्रराजाए तेने कह्युं. "अरे दूत ! तें बहु सारुं कह्युं. शुं बीजाओनी स्त्रीओने मागनारो ते त्हारो कुलीन राजा पोतानी स्त्रीने बीजाना घरने विषे मोकले छे खरो ? सर्पराज जीवता छता तेना मस्तक उपर रहेलो मणि कोनाथी ग्रहण करी शकाय तेम छे ?" दूते फरीथी कह्युं. "हे भूपति ! तत्व वचन सांभलो. जेम तेम करीने पण आत्म रक्षण करवुं. ए राजनीतिना वचननुं स्मरण करो. वली कह्युं छे के– सेवकथी द्रव्यनुं रक्षण करवुं. सेवकथी अने द्रव्यथी स्त्रीनुं रक्षण करवुं. परंतु आत्मानुं तो सेवक, द्रव्य अने स्त्रीथी पण रक्षण करवुं." इत्यादि वचन कहेता एवा ते दूतने कृपण माणस जेम भीखारीने काढी मूके तेम चंद्रराजाना सेवकोए ते दूतने गले पकडीने काढी मूक्यो.

पछी ते दूते महेंद्रसिंह भूपति पासे जइने पोतानी सर्व वात निवेदन करी एटले ते मर्यादा मूकेला समुद्रनी पेठे पोतानुं असंख्य सैन्य लइ

चंद्र राजा उपर चमी आव्यो; तेथी क्रोधे करीने व्याकुल थएलो चंद्र राजा पण तेना सामो थयो. अनुक्रमे बन्ने सेनानुं युद्ध थतां थतां केशरीसिंहनी पेठे ते बन्ने राजानुं पण युद्ध चाल्युं. पछी जाग्यना वशथी वृद्धि पामेला महेंद्रसिंहे राहु जेम चंद्रने ग्रहण करे तेम जीवता एवा चंद्रराजाने पकडीने बांध्यो. पछी नासता एवा चंद्रराजाना सैन्यमां नासी जती एवी रतिसुंदरीने पारधी जेम मगलीने पकडी ले तेम महेंद्रसिंहे पकडी लीधी.

पछी रतिसुंदरीना लाजथी संतोष पामेलो महेंद्रसिंह चंद्रराजाने छोडी दइ पोताना नगर प्रत्ये आव्यो. त्यां कामरूप जिल्लथी पीडा पामतो एवो ते रतिसुंदरीने कहेवा लाग्यो के, "हे सुभ्रु! जे दिवसे दूतना मुखथकी त्हारा रूपनुं वर्णन सांजल्युं छे तेज दिवसथी मालतीने विषे भ्रमरनी पेठे म्हारुं मन त्हारे विषे उत्साहवंत थयुं छे. हे जद्रे! में त्हारा माटे आ आरंज कर्यो हतो; माटे हवे सर्व स्त्रीउंमां पट्टराणीपदने स्वीकारी म्हारो मनोरथ सफल कर." महेंद्रसिंहनां आवां वचन सांजली चंद्रप्रिया रतिसुंदरी पोताना मनमां विचार करवा लागी के, "अरे! धिक्कार छे म्हारा रूपने, के जेथी फलवाला वृक्षनी पेठे प्राणनाथनी आवी डुर्दशा थइ. आ डुष्ट आचारवालो कामी, जेम जुगारी जुगटाने विषे उत्साह पामे तेम म्हारे विषे उत्साह पामेलो छे, तो हवे म्हारे कसाइने त्यां बांधेला बकरानी पेठे जीवितरूप शीलनुं शी रीते रक्षण करवुं? हा! प्राणसंकटने विषे काल विलंब करवो ए श्रेयकारी छे." एवां नीतिनां वचननुं स्मरण करी रतिसुंदरीए नम्रपणाथी महेंद्रसिंहने कह्युं. "हे नरकुंजर! तमे मने घणी प्रीतिवाली जाणी छे; माटे जो ना न कहो तो हुं तमारी पासे कंइ पण मागणी करुं." महेंद्रसिंहे कह्युं. "हे रंजोरु! एवी शी प्रार्थना छे ते कहे? कारण में त्हारा माटे प्राणने पण तृणसमान गणेला छे. हे सुभ्रु! जे मस्तक आपवा तैयार थाय छे, तेनी पासे नेत्रनी प्रार्थना करवी रहेतीज नथी; माटे हुं त्हारा डुर्लज मनोरथने पूर्ण करीश." रतिसुंदरीए कह्युं. "म्हारे परपुरुषनी साथे विषयसुख जोगववुं नहीं एवो नियम छे; माटे तमे चार माससुधी म्हारा ब्रह्मव्रत (शीलव्रत) नो जंग करशो नहीं, ए म्हारी प्रार्थना छे." महेंद्रसिंहे कह्युं. "हे वरा-

नने ! त्हारुं वचन मने वज्रपातथी पण वधारे दारुण लाग्युं छे; तो पण ते त्हारी आज्ञाने हुं फेरवीश नहीं." दुःखरूप समुद्रमां डुबेली रतिसुंदरी महेंद्रसिंहना वचनरूप द्वीप (बेट) ने पामीने सूर्यना तापथी तपायमान थएलो माणस जेम वृक्षनी छायाने पामीने हर्ष पामे तेम प्रसन्न थइ. महेंद्रसिंह पण " चार मास पछी म्हाराज हाथमां छे. " एवो विचार करीने भूमिमां डाटी राखेला द्रव्यवाला गरीब माणसनी पेठे मनमां हर्ष पामवा लाग्यो. पछी निरंतर आंबील अने उपवास विगेरे तपना कृत्यथी पोताना शरीरनुं शोषण करती तथा त्याग कर्या छे स्नान, अंगराग अने आभूषण जेणे एवी ते रतिसुंदरी शिथील स्तनवाली, ग्लानी पामेला मुखकमलवाली, सुकाइ गएला रुधिर, मांस अने नासिकाना अग्रभागवाली तथा कठोर केशवाली थइ गइ.

एक दिवस मेलथी श्याम बनी गयेली, कार्यने विषे भयंकर अने हिमथी बली गयेली कमलीनीना सरखी ते रतिसुंदरीने जोइने राजा महेंद्रसिंहे पूछ्युं. " हे मृगाक्षि ! त्हारी आवी अवस्था केम थइ गइ ? शुं त्हारा शरीरने विषे कंइ रोग उत्पन्न थयो छे के चित्तने विषे कंइ पण दुःख उत्पन्न थयुं छे ? " रतिसुंदरीए उत्तर आप्यो. " हे देव ! में आ फलरहित एवुं व्रत वैराग्यथी धारण कर्युं छे; एथीज फागण मासना वननी पेठे म्हारुं शरीर सूकाइ गयुं छे. हे महाराज ! हवे म्हारे जेम तेम करीने आ व्रत पूर्ण करवुं छे; कारण के व्रतनो भंग करवाथी नरक गति प्राप्त थाय छे. "

महेंद्रसिंहे फरीथी पूछ्युं. "तने आवो वैराग्यनो हेतु शाथी उत्पन्न थयो के, जेने लीधे तें पुष्पनी मालानी पेठे भोगववा योग्य आ शरीर तप रूप अग्निमां फेंकी दीधुं ? " पतिव्रता रतिसुंदरीए कह्युं. " हे राजेंद्र ! प्रथम शेकडो दोषवालुं तेमां पण एक वैराग्यने बंधन करनारुं आ म्हारुं शरीर जुओ के, जेना नवद्वारमांथी स्नायु, रुधिर, मांस, चरबी, हाडकां, पित्त, विष्टा, मूत्र अने श्लेष्मने लीधे दुर्गंध निकले छे. वली ते शरीर वारंवार स्नान, सुगंधी चंदन अने धूप विगेरेथी संस्कार कर्या छता पण पोतानी दुर्गंधताने छोडतुं नथी. तेमज ए शरीरनी अंदर अने बहार विविध प्रकारना उपचार करीये तोपण खल पुरुषने करेला

उपकारनी पेठे ते ते विरूपपणुं पामेला देखाय छे. फक्त उपरथीज मनोहर देखातुं पण अंदरथी तो अपवित्रताना समुद्र सरखुं आ शरीर गधेडाना छाणनी पेठे कोने वैराग्यना कारणरूप नथी थतुं ? वळी बीजा पण आ तुच्छ शरीरना घणा दोषो छे; तो पछी कया वैराग्यवंत पुरुषो किंपाकवृक्षना फलना सरखा आ देहने विषे मोह पामे ? " आ प्रकारनी रतिसुंदरीनी वैराग्यवाली देशनाथी पण जेम वर्षादनी धाराथी काला पथ्थरनो पर्वत नरम थाय नहीं तेम महेंद्रसिंह पोताना विचारथी नरम थयो नही; परंतु ते तो उलटो पोताना मनमां विचार करवा लाग्यो के, " तपथी दुर्बल थइ गएली आ रतिसुंदरी तप पूर्ण थया पछी हती तेवी थशे. " एम धारीने ते " हे मुग्धे ! खेद न पाम्य अने त्हारो नियम पूर्ण कर. " एवुं कहीने हसतो छतो पाछो चाल्यो गयो.

व्रत पूर्ण थयुं एटले पारणाने अंते राजा महेंद्रसिंहे रतिसुंदरीने कह्युं. "हे भद्रे ! आजे त्हारो संग करवाने हुं घणो उत्साहवंत थयो छुं. " रतिसुंदरीए कह्युं. " हे देव ! सर्व प्राणीओने पोतानो स्वार्थ बलीष्ट होय छे. आजे में घणा दिवसे स्निग्ध अन्न खाधुं छे, तेथी म्हारुं शरीर आकुल व्याकुल थाय छे; माथुं दुःखे छे; छातिमां शूल आवे छे अने शरीरना सर्वे सांधाओ तूटे छे. " आ प्रमाणे कहीने ते रतिसुंदरीए गुप्त रीते मदनफल मुखमां नाखी खाधेलुं अन्न ओकी काढ्युं अने पछी राजाने कह्युं. " हे राजन् ! आ शरीरनुं कृतघ्नपणुं जुओ के, जेणे में मनोहर भोजन कर्युं हतुं, तेने पण क्षणवारमां अपवित्र करी नाख्युं. आ पदार्थने बालक बुद्धिवाला त्हारा विना बीजो कयो भूख्यो पुरुष खावानी इच्छा करे ? " महेंद्रसिंहे कह्युं. " तुं एम केम कहे छे ? " महासतीए उत्तर आप्यो के, " आ प्रत्यक्ष दाखलो मळ्या छता हवे कहेवा मात्रथी शुं ? अन्य पुरुषे भोगवेली स्त्रीथी बीजुं शुं निंदित छे ? अने तेवी स्त्रीनी इच्छा करनार तुं पण निंदाना पात्ररूप केम नहिं थाय. ? "

राजाए कह्युं. हे सुंदरी ! ते सर्व वात हुं जाणुं छुं, तो पण प्रीतिनी अधिकताने लीधेज त्हारो संग करवाने लोभायेलो छुं. महासतीए कह्युं. " आ रूपरहित थयेला अंगने विषे हवे राग श्यो ? " पछी रतिसुंदरीना नेत्रना श्याम रंगथी प्रीतिवाला थएला राजाए फरीथी कह्युं. " त-

पथी शुष्क थएला एवाय पण देहने विषे आ म्हारां बन्ने नेत्र जीर्णपात्रमां रहेला रत्नकी पेठे त्रण जगत्मां अमूल्यपणुं पाम्यां छे." राजानां आवां वचन सांजली शील रक्षाने अर्थे बीजा कोइ उपायने न जाणती एवी ते महासतीए पोतानां बन्ने नेत्रोने खेंची काढीने तत्काल राजीने अर्पण कर्यां. ते जोइने चमत्कार पामेला अने मूकाइ गयुं छे रागरूप सर्पनुं झेर जेने एवा तथा वृद्धि पाम्यो छे संवेग जेने एवा ते राजाए संभ्रमथी तेने कह्युं के, " अरे ! कृशोदरी ! तें आ दारुण कर्म केम कर्युं ? अने म्हारा महा दुःखना कारणरूप केम थइ ? " रतिसुंदरीए कह्युं. " हे देव ! रोगी माणसने तिक्ष्ण औषधनी पेठे आ म्हारुं कृत्य आपणा बन्नेना सुखनुं कारण जाणो. ! "

पछी रतिसुंदरीए देशनावडे करीने धर्मने विषे स्थिर करेला अने वैराग्य पामेला ते राजाए तेनी क्षमा मागी. पछी शीलव्रतना प्रजावथी शासनदेवीए ते रतिसुंदरीनां नेत्र फरीथी मनोहर कर्यां. पछी महेंद्रसिंहे पोताना प्रधाननी साथे रतिसुंदरीने नंदनपुरने विषे मोकलावी अने चंद्रराजाने कहाव्युं के, " रतिसुंदरी म्हारी ब्हेन छे. " चंद्रराजाए वखाणेली रतिसुंदरी पण पोताना निर्मल शीलने पालीने अनुक्रमे मोक्ष सुख पामशे.

॥ इति रतिसुंदरीनी कथा समाप्ता ॥

हवे पतिए त्याग करेली महासतीओना शीलनुं माहात्म्य कहे छे.

ऋषिदत्ता दवदंती कमला च कलावती विमलशीला

रिसिदत्ता दवदंती, कमला य कलावई विमलसीला

नामग्रहणजलेनापि कलिमलप्रक्षालनं कुरुत

नामग्गहणजलेणवि, कलिमलपखालणं कुणह ॥ ५५ ॥

शब्दार्थ– (विमलसीला के०) निर्मल छे शीलव्रत जेनुं एवी (रिसिदत्ता के०) ऋषिदत्ता (दवदंती के०) दवदंती (कमला के०) कमला (य के०) अने (कलावई के०) कलावती, ए सर्वे जयवंती वर्त्तो. हे जव्यजीवो ! ते सर्व शीलव्रत धारण करनारी महासतीओना (नामग्गहणजलेणवि के०) नाम ग्रहणरूप जले करीने पण (कलि-

मलपक्खालणं के०) कलियुगना अथवा क्लेशना पापने प्रक्षालन (कुणह के०) करो, अर्थात् धोइ नाखो. ॥ ५५ ॥

विशेषार्थ— हे जव्यजनो ! वली निर्मल शीलवंत एवी हरिषेण तापसनी पुत्री ऋषिदत्ता, जीमक राजानी पुत्री दवदंती, मेघराजानी पुत्री कमला, अने विजयसेन राजानी पुत्री कलावती ए सर्वे पण जयवंती वर्त्तो. हे जव्यप्राणिर्ज ! शीलव्रत धारण करनारी ते सर्व सतीर्जनां नामग्रहणरूप जलेकरीने कलियुगना पापने तमे धोइ नांखो. ॥ ५५ ॥

ऋषिदत्तानी कथा.

आ मध्यदेशने विषे रथमर्दन नामनुं नगर छे. ज्यां वेपारीर्जना मंदिरने विषे कुबेर पण एक सामान्य वणिक्पुत्रनी पेठे शोजतो हतो. त्यां जेनी खड्गरूप वह्नि शत्रुर्जनी स्त्रीर्जनां उनां एवां पण आंसुए करीने वृद्धि पामती हती एवो हेमरथ नामनो राजा राज्य करतो हतो. ते राजाने जेना नेत्रथी जाणे लज्जा पामेली हरिणी वननो आश्रय करीनेज रही होय नहिं शुं? एवी सुयशा नामनी राणी हती. तेर्जने जेनी कीर्त्तिरूप स्त्री बाल उतां पण सर्व दिशार्जमां प्रसरी रही हती एवो कनकरथ नामनो महा समर्थ पुत्र हतो.

ते वखते पृथ्वीरूप लक्ष्मीना केशपास सरखी कावेरी नगरीमां सुंदरपाणी नामे राजा राज्य करतो हतो. तेने पतिव्रता स्त्रीर्जमां आजूषणरूप वासुला नामे स्त्री हती. जेम मेरुपर्वतनी जूमि कल्पवेलने प्रगट करे तेम तेणे रुक्मिणी नामनी पुत्रीने जन्म आप्यो हतो. ते पुत्री ज्यारे अनुक्रमे यौवनावस्थामां आवी पहोंची त्यारे सुंदरपाणी राजाए तेनो संबंध कनकरथ राजकुमारनी साथे कर्यो. पछी लग्नना अवसरे पितानी आज्ञाथी कावेरी नगरी तरफ जता एवा ते कनकरथ राजकुमारे मार्गमां सिमाडाना सर्वे राजार्जने पोताने ताबे कर्या. एम अनुक्रमे प्रयाण करता एवा ते राजकुमारे असंख्य वृक्षोथी गाढ एवा एक म्होटा अरण्यमां आवी पडाव कर्यो. एवामां पोते मार्ग जोवाने अगाउथी मोकलेला केटलाक सेवकोए आवीने वृक्षनी नींचे बेठेला ते राजकुमारने कह्युं. "हे देव ! तमारी आज्ञाथी घणे दूर गएला अमोए जाणे क्षमानुं सुख होय नहिं शुं ? एवुं कमलथी मनोहर एक तलाव दीठुं. अमे जेटलामां

ते तलावने कांठे गया तेटलामां तो चपलनेत्रवाली अने सुक्ष्म अंगवाली एक स्त्री अमारा जोवामां आवी. पछी ते स्त्री अमने जोइ तत्काल नाशीने विद्याधरीनी पेठे वृक्षोनी घटामां संताइ गइ. अमे तेने घणो वखत खोली; पण दरीद्रिमाणसने चित्रवेलनी पेठे अमने ते प्राप्त थइ नहीं." कुमार ते सेवकोनी वात सांभली मेघनी गर्जनाथी जेम मोर हर्ष पामे तेम हर्ष पाम्यो अने ते सेवकोए बतावेला मार्गे ते वनमां जवाने चाल्यो. अनुक्रमे आम्रवनमां आवीने कुरंगपक्षिनीपेठे वृक्षोनी घटामां संताइ रहेला कुमारे चंचल नेत्रवाली ते स्त्रीने दीठी एटले विस्मय पामीने ते विचार करवा लाग्यो के, "निश्चय मुनिना श्रापथी भ्रष्ट थयेली आ कोइ देवांगना हशे! नहिं तो मारवाड सरखा निर्जल देशमां कल्पलताना सरखुं स्त्रीरत्न अहिं क्यांथी होय ?" आ प्रकारे स्त्रीनुं रूप जोवाथी मूढ थइ गएलो ते राजकुमार जेटलामां स्थिर उभो रहीने विचार करे छे तेटलामां सेनानो गाढशब्द सांभलीने ते स्त्री नासी गइ.

पछी सरोवरने कांठे वृक्षोनी घटामां सेनाने पडाव करावी कामदेवना बाणथी व्याप्त थइ गएलो राजकुमार ते स्त्रीने शोधवा माटे वनमां भटकवा लाग्यो. शोध करता बहु दूर गयेला चंचल हृदयवाला कुमारे वनमां उंचा तोरणवालुं एक देरासर दीठुं एटले "निश्चय नाशी गयेली कुरंगपक्षिना सरखा नेत्रवाली ते स्त्री आ मंदिरमां हशे." एम धारीने राजकुमारे ते देरासरमां प्रवेश कर्यो.

त्यां आदीश्वर प्रभुनी मूर्ति जोइ अचिंतित फल प्राप्त थवाथी पोताना आत्माने धन्य मानता एवा ते राजकुमारे वनना पुष्प विगेरेथी जेटलामां प्रभुनी पूजा करी तेटलामां ज्योत्स्ना सहित चंद्रनीपेठे म्होटी जटावाला कोइ वृद्धमुनि ते कुमारी सहित त्यां आव्या. मुनिनी पुत्री राजकुमारने जोइ विचार करवा लागी के, "आ कोइ इंद्र, चंद्र अथवा कामदेव छे." विस्मित चित्तवाला राजकुमारे जिनेश्वर प्रभुने नमस्कार करीने पछी ते मुनिने प्रणाम कर्या. मुनिए पण "दीर्घआयुष्यवालो था." एम आशीश आपी. मुनिए राजकुमारने पूछयुं. "हे भद्र! तमे कोण छो? तमारुं कुल शुं छे? अने तमे क्यांथी आव्या छो? ते कहो." पछी कुमारनी साथे रहेला सेवके कुमारनी सर्व हकीकत कही. कुमारे पण

पोताना नेत्ररूप चकोरने आनंद पमाडवामां चंद्रनी ज्योत्स्ना सरखी कुमारीने जोइ मुनिने पूछ्युं के, "तमे कोण छो? आ कन्या कोण छे? अने आ मंदिरने विषे केम रहो छो?" मुनिए उत्तर आप्यो के, "हे वत्स! आ म्होटी कथा छे; माटे हुं पूजा करीने आव्या पछी कहीश." कुमार "बहुसारु" एम कहीने बीजा मंडपमां बेठो अने मुनि ते कुमारी सहित प्रभुनुं पूजन करवा गया. ते वखते राजकुमार कुमारीने अने कुमारी राजकुमारने एम परस्पर पोतानां धवल चंचल नेत्रोथी वारंवार जोता हता. प्रभुनी पूजा करी रह्या पछी मुनिए राजकुमारने पोतानी झुंपडीए तेडी जइ त्यां मधुपर्कथी पूजा करी आसन उपर बेसारीने कह्युं.

हे वत्स! मंत्रितावति नामनी नगरीने विषे हरिषेण नामे राजा राज्य करतो हतो. तेने यथार्थ नामवाली प्रियदर्शना नामनी स्त्री हती अने अजितसेन नामनो पुत्र हतो.

एक दिवस दुर्विनीत अश्व उपर चडीने फरवा निकलेला ते राजाने दुष्ट अश्व आ वनमां हरण करी लाव्यो. पछी राजा तेने पिंपलाना वृक्षसाथे बांधीने अश्वथी पण वधारे वेगवालो पोते आ वनमां आव्यो अने तलावने विषे हाथ पग धोइ त्यां बेठेला विश्वभूति नामना साधुने नमस्कार करी तेमनी आगल बेठो एटले कच्छ अने महाकच्छ वंशना ध्वजरूप ते महामुनिए (आदीश्वर प्रभु त्हारुं कल्याण करो.) एम आशिष आपी.

पछी राजा अने मुनि परस्पर कुशल समाचार पूछता हता एवामां ते वनने विषे म्होटो कोलाहल शब्द थवा लाग्यो एटले सर्वे आश्रमवासी मुनिओ आश्चर्यथी कहेवा लाग्या के, "आ कोलाहल शेनो थतो हशे?" राजाए तो जाण्युं के, "निश्चय म्हारुं सैन्य म्हारा पगले आवी पहोच्युं." पछी तेणे मुनिपासेथी उठीने पोताना सर्व सैन्यने शांत पमाडी पोते मुनिनी सेवा करतो छतो एक मास सुधी त्यांज रह्यो. त्यां तेणे पुण्यरूप समुद्रने वृद्धि पमाडवामां चंद्रसमान श्री आदीश्वर भगवाननुं उंचा तोरणवालुं आ मंदिर बंधाव्युं. पछी पोतानी नगरी प्रत्ये जवाने प्रयाण करता एवा ते राजाने कुलपति मुनिए सापना झेरने उतारवानो एक मंत्र आप्यो.

पछी राज्यनुं पालन करता अने एक दिवस सभामां बेठेला ते हरिषेण राजानी कोइ एक द्वारपाले आवीने विज्ञापना करी के, "हे देव! कल्याणकारी एवी मंगलावती नगरीमां महा तेजवंत प्रियदर्शन नामे राजा राज्य करे छे. तेने विजलीनी लताना सरखी विद्युत्प्रभा नामे स्त्री छे. तेउने गुणे करीने पवित्र एवी प्रीतिमति नामनी पुत्री छे. ते पुत्रीने आजे दुष्ट सापे दंश कर्यो छे; माटे प्रियदर्शन राजाए तमने खबर कहेवाने माटे मने अहिं मोकल्यो छे." दूतनां आवां वचन सांभली परोपकारी बुद्धिवालो ते हरिषेण राजा वेगवाला हाथी उपर बेसीने मंगलावती नगरी प्रत्ये गयो. त्यां तेणे प्रीतिमतीने सापना झेरथी मुक्त करी. पछी प्रसन्न थएला प्रियदर्शन राजाए पोतानी पुत्री हरिषेण नृपतिनी साथे परणावी. हरिषेण राजा पण तेने परणीने म्होटा उत्सवथी पोतानी नगरी प्रत्ये आव्यो.

केटलोक काल वित्या पछी हरिषेण राजाए युवावस्थामां आवेला पोताना अजितसेन पुत्रने राज्य सोंपी पोते स्त्रीसहित विश्वभूति नामना तपस्वी पासे तापसी दीक्षा लइ अखंडित ब्रह्मव्रत पालवा लाग्यो. पछी ते प्रीतिमतिने पांचमे मासे स्त्रीमंत्रनीपेठे लज्जा पमाडनारो गर्भ प्रगट थयो; ते जोइने हरिषेण राजाए स्त्रीने पूछ्युं. "हे भद्रे! कुल अने शीलने अयोग्य एवो आ गर्भ तने क्यांथी प्रगट थयो?" प्रीतिमतिए उत्तर आप्यो के, "दिक्षा लीधा पहेलानो छे; परंतु वादलामां रहेला चंद्रनी पेठे हुं तेने जाणी शकी नहीं." हरिषेणे कह्युं. "हवे अहिं रहेवाथी आपणे तपस्वीउमां धिक्कार पामशुं; माटे सवार थये बीजा कोइ स्थानके जता रहेवुं." आवो विचार करता एवा ते स्त्री पुरुषे रात्री निर्गमन करी. पछी सवारे तेउए जोयुं तो दुष्ट भूते खोदी काढेला घरनीपेठे ते वन तपस्वीउ रहित दीठुं एटले आश्चर्यवंत थएला ते स्त्रीपुरुषे पोताना चंचल नेत्रथी चारे तरफ जोवा मांड्यु तो सूकाइ गएला पांदडावाला वृक्षने त्याग करीने जेम पक्षि उडी जाय तेम ते आश्रमने छोडी दइने छेवट चाल्या जता एवा एक वृद्ध मुनिने दीठा. हरिषेणे मुनिपासे जइ हाथ जोडीने पूछ्युं के "हे भगवन्! आ पवित्र एवुं तपोवन तपस्वीउ विनानुं शून्य केम थइ गयुं?" मुनिए उत्तर आप्यो के, "हे वत्स! त-

मारा निंदित कर्मने जोइ कोढीया माणसनी पेठे तमारो त्याग करीने सर्वे तपस्वीओ बीजा वनमां चाल्या गया छे." एम कहीने ते मुनि पण बीजे स्थानके गया.

पछी खेद पामेलो हरिषेण राजा पोताना आश्रममां आव्यो. यति जेम लक्ष्मीनी निंदा करे तेम पोताना कर्मनी निंदा करता एवा ते स्त्री पुरुषे सेंकडो वर्षना सरखा दुःख आपनारा बीजा चार मास पण तेज आश्रममां निर्गमन कर्या. पछी पूर्ण मास थये प्रीतिमतीए इच्छित फल आपनारी कल्पवेलना सरखी पुत्रीने जन्म आप्यो. "ऋषिओना प्रसादथीज आ पुत्री आपणने प्राप्त थइ छे." एम मानता एवा ते माता पिताए पुत्रीनुं उत्तम अर्थवालुं "ऋषिदत्ता" एवुं नाम पाड्युं. पछी प्रीतिमती मरण पामी एटले हरिषेण तापसे ते पुत्रीने पाली पोशीने आठ वर्षनी करी. पछी "आ रुपवति पुत्रीने कोइ वनचरो उपद्रव करशे." एवो विचार करीने तेणे पुत्रीना नेत्रमां अदृश्यना कारणरूप अंजन आंज्युं के जेथी तेने कोइ देखी शके नहीं.

(श्री आदीश्वर प्रभुना देराशरनी पासे रहेनारा मुनि कनकरथ राजकुमारने कहे छे के,) "हे राजकुमार! तेज हुं हरिषेण राजा छुं अने आ म्हारी पुत्री ऋषिदत्ता छे, के जेने में अंजन आंजवाथी कोइ देखी शकता नहोता पण तमे दीठी छे." पछी राजकुमार कनकरथ अने ऋषिदत्ता परस्पर पोतानी स्निग्ध दृष्टिथी एक बीजाना शरीरने जोता एवा जाणीने तथा तेओना भावने समजीने मुनिए राजकुमारने कह्युं. "हे परूणा! आ कन्या त्हारे योग्य छे; माटे तुं तेने ग्रहण कर." राजकुमार ते वातने कबुल करी शंकर जेम पार्वतीने परण्या हता तेम तेने त्यांज परण्यो अने नवोढा एवी ते ऋषिदत्तासहित मालतीनी साथे भमरानी पेठे केटलाक दिवस तेज आश्रममां रह्यो.

पछी वैराग्यमां परायण एवा हरिषेण मुनिए पुत्री तथा जमाइनी रजा लइ पंच परमेष्ठिनुं स्मरण करता छता अग्निमां प्रवेश कर्यो; तेथी ऋषिदत्ता पृथ्वी उपर आलोटवा अने विलाप करवा लागी. कुमार कनकरथ अमृतसमान वाणीथी तेने बोध पमाडी अने प्रथम पोताना नगरथी जेने परणवा जतो हतो, ते रुक्मिणीनो त्याग करी केवल ऋषिदत्ता

ने ग्रहण करी पाछो पोताना नगरतरफ जवाने निकळ्यो. ऋषिदत्ता पण हरिवर्षथी आणेला अने सर्व ऋतुमां फलने प्रगट करनारा वृक्षोना बीजने हारबंध वावती तेनी साथे चाली. विशाल नेत्रवालो कनकरथ कुमार पिताए करेला उत्सववाला रथमर्दन नामना पोताना नगरप्रत्ये केटलेक दहाडे आवी पहोच्यो. पछी पतिने मान्य एवी ऋषिदत्ताए पोतानां श्रेष्ठ आचरण अने विनयादि गुणोए करीने कुटुंबना सर्व माणसोना चित्तने वश्य कर्यां. तेमज ते युवराज एवा पोताना पतिनी साथे राज्यनां अनेक सुखोने भोगववा लागी.

हवे अहिं कावेरी नगरीमां सुंदरपाणी राजाने समाचार मळ्या के, "रुक्मिणीने परणवा माटे आवतो एवो कनकरथ कुमार मार्गमां हरिषेण ऋषिनी पुत्री ऋषिदत्ताने परणी पाछो वली गयो." यौवनना उन्मादथी दुर्मद बनी गएली तथा कनकरथ कुमारनी साथे विषय सुखने इछती एवी रुक्मिणी पण ते वातने सांभलीने उपाय शोधवा लागी. पछी तेणे मंत्र तंत्र जाणनारी तथा कोटी कपट करवामां चतुर एवी सुलसा नामनी कोइ योगिनीने बोलावी प्रार्थनापूर्वक कह्युं के, "तुं ऋषिदत्ताने माथे कलंक चडावी मने कनकरथ राजकुमारनो मेलाप कराव्य." रुक्मिणीनी ते वात अंगीकार करी बे जीभवाली सर्पणीना सरखी तथा दुष्ट हृदयवाली राक्षसीना सरखी सुलसा रथमर्दन नगरमां आवी. त्यां अग्निना सरखा हृदयवाली ते गाढ अंधकारने उत्पन्न करी, सर्व माणसोने निद्रावश करी, अने एक माणसने मारीने कनकरथना मंदिरप्रत्ये आवी. त्यां निद्राने वश थएली ऋषिदत्तानां मुखने रुधिरथी खरडी अने तेने उशीके पेला मारी नाखेला माणसना मांसना करंडीयाने मूकी तथा मूकेली निद्रानुं हरण करीने पछी नासी गइ. अरे! धिक्कार छे दुष्ट स्त्रीओना दुरात्मपणाने के, जेने आ प्रकारनो अन्याय करवामां पण विचार थयो नहीं.

हवे सवार थइ एटले पेला मूवेला माणसना कुटुंबीओ कोलाहल शब्द करवा लाग्या; तेथी कुमार कनकरथ जागी उठ्यो अने जोयुं तो पोतानी प्रियानुं लोहीथी खरडाएलुं मुख तथा तेने उशीके पडेलो मांसनो करंडीओ दीठो. पछी ते मनमां शंका लावी विचार करवा लाग्यो के, "मू-

वेला माणसो क्यारेक भूत, प्रेत अने राक्षस थएला संभलाय छे; तेम आ स्त्री पण तेवीज देखाय छे के शुं? हाय! हाय! शुं म्हारी प्राणप्रिया खरेखरी राक्षसी हशे! ना ना एम संभवतुं तो नथी; कारण के ते तो आहिंज सूतेली छे. आ प्रकारे प्रियासंबंधी संकल्प करता एवा ते राजकुमारे ऋषिदत्ताने जगाडी.

ऋषिदत्ता जागी उठी एटले कनकरथे कह्युं. "हे प्रिये! जो तुं म्हाराथी छानुं न राखे तो हुं तने कंइ पूछुं!" ऋषिदत्ताए उत्तर आप्यो के, "हुं सत्यज कहीश; माटे जे पूछवुं होय ते पूछो." पछी राजकुमारे कह्युं. "हे प्रिये! आज रातमां कोइए एक पुरुषने मारी नाख्यो छे अने वली त्हारुं म्हों लोहीथी खरडायेलुं छे; तो हे भद्रे! तुं कोइ राक्षसी मुनिनी पुत्रीपणाने पामेली छुं? आ त्हारां प्रत्यक्ष आचरण जोइ तने राक्षसी कोण नहिं जाणे?"

आ प्रकारनां पतिनां वचन सांभलीने अत्यंत भय पामेली अने पोतानुं मुख जोइ दीन नेत्रवाली बनेली ऋषिदत्ताए उत्तर आप्यो के," हे स्वामिन्! जो हुं प्रथमथी मांस खाती होत तो आजे तेवी इछा थात." पछी कनकरथ कुमार मनमां विचार करवा लाग्यो के, "आ स्त्री कोइ पुरुषने मारी नाखे ए वात संभवती नथी; कारण के जे तेवी वात बोलवामां समर्थ नथी तो पछी करवामां केम समर्थ थाय? माटे निश्चय पूर्व कर्मना अनुभावथी तेना कोइ वैरीए आ काम कर्युं छे." ऋषिदत्ताए कह्युं. "हे स्वामिन्! जो आपने म्हारो विश्वास न आवतो होय तो सर्पे डशेला शरीरना एक भागनी पेठे तेनो तपास करो." कृपाना समुद्ररूप अने विवेकी कुमारे कह्युं. "भद्रे! हुं तने बीजना चंद्रनी पेठे दोषरहित जाणुं छुं." आवी रीते खल पुरुषना मुखने मुद्रित करवाने अर्थे अमृतवाणीथी बोलता एवा ते राजकुमारे पोते ऋषिदत्ताना मुखने धोइ नाख्युं. पछी सुलसा योगिनी हंमेशा एक माणसने मारी ऋषिदत्ताना मुखने रुधिरथी खरडी अने तेनी पासे मांस मूकी नासी जवा लागी. राजकुमार पण हंमेशा मांसने फेंकी दइ प्रियानां मुखने धोइ नाखवा लाग्यो.

एक दिवस हेमरथ राजाए क्रोध करीने प्रधानोने कह्युं के, "अरे

दुर्मंत्रीओ! तमे नगरने विषे हंमेशा थती एवी एक मनुष्यनी हिंसाने सांभलता छता केम विचार नथी करता? शुं तमे नथी जाणता के शरीरनी अंदर वधेला रोगनी पेठे जामेलो शत्रु सर्वनो नाश करनारो थाय छे?" प्रधानोए कह्युं. "हे देव! अमे सर्वे सावध छइए, छतां आपना नगरमां कोइ मारी (मरकी) अथवा मांत्रिकी विगेरे अमारी नजरे पडतुं नथी; परंतु अमे धारीए छीए के, जो आप नगरमांथी सर्वे पाखंडीओने बहार काढी मूको तो शांति थाय." प्रधाननां आवां वचन सांभली राजाए जैनदर्शनि शिवाय बाकीना सर्व दर्शनीओने नगर बहार काढ्या.

ते वखते दुराचारवाली, क्रूर हृदयवाली अने विदूत्तानुं मान धरती एवी सुलसाए राजाने एकांतमां बोलावीने कह्युं के, "हे देव! आजे मने कोइ देव स्वप्नामां एम कही गयो के, आजे राजा पोताना नगरमांथी पाखंडीओने बहार काढी मूकशे; माटे तुं राजापासे जइने तेओनुं निरागपणुं निवेदन कर अने कहे के, दूध तो बीलाडी पी गइ छे अने तमे गायना वाछरडाने शा माटे मारो छो? तमारा पुत्रे वनमांथी आणेली स्त्रीरूप राक्षसीनुं निश्चे आ कृत्य छे. एम कही ते देव अंतर्धान थइ गयो. वली जो तमे आ वातने साची न मानता हो तो आज रात्रीए तमारी जाते तपास करजो." पछी ते दिवसे राजाए रात्रीने विषे पुत्रने पोतानी पासे सूवाड्यो अने ऋषिदत्ताने माटे छाना पहेरा राख्या.

हवे राजकुमार कनकरथ मनमां विचार करवा लाग्यो के, "निश्चे आजे प्रियानो दोषो उघाडो थशे तो हवे शुं करवुं? एक तरफथी न उल्लंघी शकाय एवी पितानी आज्ञा, बीजी तरफथी प्रियानो वियोग एम बे म्होटा संकटमां पडवुं पडशे. एवामां सुलसाए पोतानी विद्याना बले करीने पूर्वनी पेठे ऋषिदत्तानां मुखने लोहीथी खरड्युं अने तेनी पासे मांसनो पींड मूक्यो. पछी सवारे राजपुरुषो लोहीथी खरडाएला मुखवालि ऋषिदत्ताने राजा पासे लइ गया. तेने जोइ क्रोध पामेला राजाए पुत्रनो तिरस्कार करीने कह्युं के, "अरे! तुं प्रियाने राक्षसी जाणतां छतां पोताना घरमां केम राखे छे? अरे दुराचारी! क्रूर! राक्षणीना पति! तुं एनो त्याग कर. तें कुंदपुष्पना अने चंद्रना सरखा म्हारा निर्मल कुलने कलंकित कर्युं छे." राजकुमारे नमन करीने कह्युं

" हे तात ! स्त्रीने विषे आ वात संजवती नथी. ते कृत्य कोइ दुष्ट माणसनुं छे, माटे तमे क्रोध न पामो." राजाए फरीथी कह्युं. " अरे मूढ ! जो तने विश्वास न आवतो होय तो त्यां जइने ए राक्षणीनुं मोढुं जो."

राजानी आज्ञाथी निस्तेज बनी गयेला राजकुमारे ग्लानी पामेला मुखवाली प्रिया पासे जइने मधुरवाणीथी कह्युं. " हे प्रिये ! त्हारा पूर्वना कर्मनो उदय थयो. हवे हुं शुं करुं ? कोइ योगिनीए राजानी आगल " तुं राक्षसी छुं." एम कह्युं छे. वली राजाए पण तने रुधिरथी खरडाएला मुखवाली दीठी छे; जेथी हवे हुं नथी जाणतो के कर्मना आधिनपणाथी शुं थशे ?" पछी क्रोधवंत थएला राजाए ऋषिदत्ताने केश पकडी घर बहार काढी अने वध करनाराउने सोंपीने कह्युं के, " आ दुष्ट राक्षसीने नगरमां फेरवीने स्मशानमां लइ जइ मारी नांखो." राजानी आवी आज्ञा सांजली महादुःखथी व्याप्त थएला कुमारे गले फांसो खावा मांड्यो. तेने राजाए घणी मूश्केलीथी समजावीने रोकाव्यो.

पछी वध करनाराउए ऋषिदत्ताने काने सुपडां बांध्यां; चोटलो कापी नाखी मस्तक उपर बीलीनां फल बांध्यां; कंठे लींबडानां पांन अने ठीकरानी माला पहेरावी; मोढे मश लगाडी सघलुं शरीर गेरुथी चितर्युं. छेवट गधेडा उपर बेसारी वाजते गाजते सघला नगरमां फेरवी. ते जोइ नगरना लोको हाहाकार करवा लाग्या. वध करनाराउ ते महासतीने स्मशानमां लइ गया. त्यां एक निर्दय माणस पोताना क्रूर देवनुं स्मरण करी जेटलामां ते ऋषिदत्ता उपर खड्गनो घा करवा जाय छे तेटलामां जयथी त्रास पामेली ते महासती मूर्छा आववाने लीधे पृथ्वी उपर पडी गइ एटले ते हिंसक पुरुषो खड्गनो घा कर्या विनाज तेने मृत्यु पामेली मानीने तत्काल नगरतरफ चाल्या गया.

हवे थोडीवारे शीतल पवनथी सचेत थएली ते महासती ऋषिदत्ताए उठीने जोयुं तो ते स्थान मनुष्यो विनानुं शून्य दीठुं एटले जय पामती एवी ते महासती पडछंदाथी आकाशने पूरी देता एवा म्होटा सादथी रुदन करवा लागी अने विलाप करती करती कहेवा लागी के, " हे तात ! जो ते वखते दुर्बुद्धिवाली एवी में तमने त्यजी दीधा न होत तो

हुं आवा दुःखना पात्ररूप थात नहीं." वली ते पोताना जीवने कहेवा लागी के, "हे जीव! तें पूर्वे जन्मने विषे एवुं शुं कर्युं छे के, आ भवने विषे तेना फलरूप तने आवुं कलंक प्राप्त थयुं?" वली भर्त्ताने कहे छे. "हे प्राणनाथ! वृद्ध गायनी पेठे दुःखरूप म्होटी खाइमां पडेली आ तमारी वहाली स्त्रीनुं रक्षण करो." आ प्रकारे विलाप करी अने शोकने ओछो करी ते महासती धीमे धीमे दक्षिण दिशामां पोताना पिताना आश्रम तरफ चाली. पोताना हाथथी वावेला वृक्षोनी पंक्तिथी मार्गना ज्ञानवाली अने दर्भना अग्रभागथी विंधाता पगवाली ते थोडा दिवसमां पिताना आश्रमप्रत्ये आवी पहोची. पछी पिताना स्मशानने जोइ स्नेहथी रुदन करती ते कहेवा लागी के, "हे तात! तमे क्यां छो? महादुःखवाली मने दर्शन आपो. अरे! प्रथम पितानुं जे आ तपोवन नगरसरखुं लागतुं हतुं तेज आ हमणां दुःखथी बलती एवी मने अग्निना सरखुं देखाय छे." पछी शोकने मूकी दइ कंद, मूल अने फलनो आहार करती ते महासती पिताना आश्रमने विषे तपस्वीनी थइने रही.

एकदा ते विचार करवा लागी के "रस्ताने विषे पाकेली बोरडीना सरखी हुं आ तपोवनमां एकली केम रही शकीश? वली स्त्रीओने परलोकमां सिद्धि आपनारुं एक शीलव्रत कहेलुं छे तो तेनुं म्हारे करमाइ न गएली पुष्पनी मालानी पेठे कोइ पण उपायथी रक्षण करवुं जोइए." ऋषिदत्ता आवो विचार करती हती एवामां तेने याद आव्युं के, "हा पिताए बतावेली औषधी आ वनमां छे के, जेना प्रभावथी स्त्रीओ पण पुरुष रूपने धारण करे छे."

पछी महासती ऋषिदत्ता ते औषधी लावी पोताना कानमां राखी पुरुषपणाने पामीने पछी धारण कर्यो छे तपस्वीनो वेश जेणे एवी ते जिनेश्वर प्रभुनुं पूजन करती छती तेज आश्रममां निवास करीने रही. अहिं प्रियाना वियोगथी व्याकुल थएलो कनकरथ राजकुमार पण जाणे पोतानुं सर्वस्व खोइ बेठो होय नहिं शुं? एम शून्य चित्तवालो थइ गयो. जेम चंडिकाने बकरानुं बलिदान आपीने प्रसन्न करे तेम पोताना आत्माने कृतार्थ मानती एवी सुलसाए पण पोते करेला विजयनी वधामणी रुक्मिणी आगल कहीने तेने प्रसन्न करी.

हवे कावेरी नगरीना अधिपति सुंदरपाणी राजाए एक वाचाल दूतने हेमरथ राजापासे मोकल्यो. दूते रथमर्दन नगरमां जइने हेमरथ राजाने कह्युं के, " हे देव ! सुंदरपाणी महाराजा कहावे छे के, तमारो कुमार शा कारणमाटे रुक्मिणीने परणवा सारु न आव्या ? हवे मोकलो; कारणके विवेकी मनुष्यो सज्जन पुरुषोने अपमान पहोचाडता नथी. " दूतना वचननो सत्कार करी राजाए पुत्रने एकांतमां बोलावीने कह्युं. " हे वत्स ! तुं निरंतर शून्य घरनी पेठे निस्तेज केम रहे छे ? जो पूर्वना कर्मथी कंइ कष्ट पड्युं होय तो तेने दूर करी धीर पुरुषो कार्यने विषे फरीथी उद्यम करे छे ? हे पुत्र ! हवे तुं कावेरी नगरीना राजानी पुत्रीने परणवा जवानो प्रयाण करी म्हारा मनने आनंद पमाड्य."

पछी पितानी आज्ञा लोपवाने असमर्थ होवाथी सैन्यना जारे करीने पृथ्वीना तलने कंपावतो अने फरीथी परणवामाटे जतो कनकरथ अनुक्रमे तेज वनमां आवी ऋषिदत्ताने संजारीने खेदथी विचार करवा लाग्यो के, " तेज आ वन, तेज आ देरासर अने तेज आ तलाव तथा वृक्षो के, ज्यां हुं अत्यंत स्नेहथी सुंदर नेत्रवाली ऋषिनी पुत्री (ऋषिदत्ता) ने परण्यो हतो. अरे ! मने तेना विना आ सर्व स्थान दुःख आपनारुं देखाय छे. हे धात ! अनिश्चिंत स्वजाववाला तें आ शुं करी नाख्युं ? " आवी रीते विचार करतो एवो ते राजकुमार आदीश्वर प्रजुना मंदीरमां गयो के ज्यां पोतानुं प्रिय सुचवनारुं जमणुं नेत्र फरकवा लाग्युं; तेथी ते फरीने विचार करवा लाग्यो के, " अरे? हुं आ सर्व निष्फल विचार करुं छुं; कारण के, हवे ते म्हारी प्राणप्रिया अहिं क्यांथी होय ? परंतु आ देरासर जेवुं मने प्रथम प्रिय लागतुं हतुं तेवुं आजे पण लागे छे. " कुमार आवो विचार करतो हतो एटलामां ऋषिदत्ता के जेणे पुरुषरूप तापसनो वेश धारण कर्यो हतो तेणे आवीने कुमारने पुष्प अर्पण कर्यां. प्रियाना करना स्पर्शथी कनकरथ कुमार पोतानी दृष्टिथी तेने जोतो छतो ते मुनिना हाथमांथी जाणे पोतानो विचार सत्य करतो होय नहिं शुं ? एम तेणे पुष्पनी मालाने ग्रहण करी. ते वखते गुप्त आकृतिवाला तपस्वीए जाणी लीधुं के, " निश्चय आ म्हारो प्राणनाथ फरीथी रुक्मिणीने परणवा माटे जाय छे. "

पछी कुमार जिनेश्वर प्रभुने नमस्कार करी मुनिने साथे लइ पोताना आश्रममां आव्यो. त्यां तेणे मुनिने भोजन अने वस्त्र विगेरेथी सत्कार करीने पूछ्युं के, "हे मुनि! तमे अहिं क्यारे अने क्यांथी आव्या छो ते सर्व तमारी वात मने कहो?" मुनिए दांतनी कांतिरूप डांगरथी वनने मंगलकारी करतां कह्युं. "पूर्वे हरिषेण नामना मुनि अहिं रहेता हता. तेमने प्राणना सरखी वहाली ऋषिदत्ता नामे पुत्री हती. तेने कोइ राजकुमार परणीने पोताना नगर तरफ गयो. मुनि पण अग्निमां प्रवेश करी देवलोकमां गया. ते वखते हुं पृथ्वी उपर भमतो भमतो अहिं आवी चड्यो. हे राजकुमार! मने अहिं आव्याने पांच वर्ष थइ गयां छे; परंतु आजे तमारा दर्शनथी म्हारा सर्वे मनोरथो सफल थया छे." राजकुमारे कह्युं. "हे मुनि! आनंदयुक्त एवा तमने जोइ जेम वरसादथी वन तृप्त न थाय तेम म्हारी दृष्टी जरा पण तृप्त थती नथी." मुनिए कह्युं. "हे देव! जेम कमलने सूर्य अने पोयणीने चंद्र हर्ष करनारा थाय छे. तेम आ लोकने विषे कोइ कोइने हर्ष करनार थाय छे."

पछी कनकरथ राजकुमारे मुनिने आग्रहथी कह्युं. "हे मुनि! हमणां तमारा प्रेमरूप सांकलथी म्हारुं मन बंधाइ गयुं छे; माटे तमे म्हारी साथे चालो अने वलती वखते आ आश्रममां रहेजो." मुनिए कह्युं. "हे देव! साथे लेइ जवामां आग्रह करवो नहीं, कारणके अमारे मुनिओने सर्व प्रकारे राजानो समागम दोषवालो छे." मुनिनां वचन सांभली सर्व जनो सहित राजकुमारे तेमने एवो आग्रह कर्यो के ऋषिदत्ता मुनिने तेनी साथे जवानुं कबुल कर्या विना चाल्युं नहीं. पछी अस्ताचल पर्वतना शिखर उपर आवी पहोचेला राता फलसरखा सूर्यने लीधे संध्याकालनां वादलांथी सर्व दिशाओ राती थइ गइ. ते वखते ऋषिदत्ता महामुनिनो सत्कार करवा माटेज होय नहिं शुं? एम सात ऋषिओ सहित चंद्र उदय पाम्यो. पछी संध्याकालनुं नित्य कार्य करी प्रीतिनी वातोथी हर्षित मनवाला ते बन्ने जणाओए एक शय्यामां सूइने रात्री निवृत्त करी. पछी तेओ अनुक्रमे रस्तामां अनेक प्रकारनी वातो करता, नवां नवां स्थानो जोता अने विचित्र एवा सुभाषित श्लोको बोलता कावेरी नगरीमां आवी पहोच्या. सुंदरपाणी राजाए महा हर्षथी तेमने नगरमां

प्रवेश कराव्यो. पछी जोशीए आपेला शुभ मुहूर्तमां इंद्रना समान समृद्धिवाला सुंदरपाणी राजाए रुक्मिणीनो पाणी ग्रहण करावी कनकरथ कुमारने त्यां केटलाक दिवस राख्यो.

हवे एक दिवस विश्वास पामेली रुक्मिणीए कनकरथ कुमारने पूछ्युं के, "हे स्वामिन्! मुनिनी पुत्री ऋषिदत्ता केवी हती के, जेम अहल्याए इंद्रना मनने संतोष पमाड्युं हतुं तेम तेणे तमारा मनने संतोष उपजाव्यो हतो?" रुक्मिणीनां वचन सांभली जेनी आंखोमां आंसु आवी गयां हतां एवा कुमारे गद्गद् वाणीथी उत्तर आप्यो के, "हे प्रिया! वधारे शुं कहुं, पण त्रण लोकमां जेटली स्त्रीओ छे, ते सर्वने हुं तेना चरणरज समान गणुं छुं. अरे! तेनो वियोग थवाथीज में म्हारो पाणिग्रहण कर्यो छे. कह्युं छे के–निर्जल एवा मारवाड देशमां पण खारो कूवो हर्ष आपनारो थाय छे.

ऋषिदत्तानी स्तुतिरूप राजकुमारनां वचन सांभली क्रोध पामेली रुक्मिणीए योगिनी सुलसाने मोकलवादिक पोतानुं सर्व पुरुषातनपणुं राजकुमारनी आगल कही बताव्युं. रुक्मिणीए कहेली आ सर्व पोतानी वात बीजा पासेनां गुप्त स्थानमां रहेली ऋषिदत्ता मुनिए सांभली एटले पोताने माथे चडेला कलंकने उतारी सीतानी पेठे ते अत्यंत हर्ष पामी; परंतु तेनां एवां वचनथी क्रोधने लीधे रातां थइ गयां छे नेत्र जेनां एवा राजकुमारे दहिंना पात्रमां मुख नाखनारी कुतरीनी पेठे तेनो (रुक्मिणीनो) तिरस्कार करीने कह्युं. "अरे पापीणी! क्रूर अने म्हारी प्राणप्रियानो वियोग करावनारी एवी तने धिक्कार छे के, जे तें मने दुष्ट एवा चिंतारूप समुद्रमां फेंकी दीधो. अरे! पोतानुंज सारुं करवानी इछावाली अने दुष्ट बुद्धिवाली तें बन्ने लोकमां नरकना कारणरूप दुष्ट आचरण कर्युं छे."

आ प्रकारे तिरस्कार करी रुक्मीणीने काढी मूकी महा दुःखथी व्याप्त थएलो कुमार कनकरथ चीता खडकी जेवो तेमां प्रवेश करवा जाय छे तेवो सुंदरपाणि राजाए हाथ झाली तेने अटकाव्यो. रुदन करता एवा बीजा मनुष्यो पण निवारवा लाग्या; परंतु कुमार कोइना वचनथी निवृत्त थतो न हतो एवामां ऋषिदत्ता मुनिए आवीने तेने कह्युं. "हे ज-

गदाधार ! हे कुमार ! तें जे वात मने अहिं लावतां कही हती, ते तुं शुं भुली गयो ? वली त्हारा सरखा वीर पुरुष केवल स्त्रीने माटे मरण पामवा तैयार थाय खरा ? जेने त्हारा सरखो पति छे ते तो सदा जीवतीज छे. हे राजकुमार ! मृत्यु पामेली प्रियाना संगनी वात दुर्लभ छे; परंतु जो तुं जीवतो हइश, तो ते कोइ ठेकाणे तने मलशे."

राजकुमारे कह्युं. "हे मुनि ! तमे पण मने बालकनी पेठे भोलवो छो के शुं ? जो मृत्यु पामेला पाछा मलता होय तो कोइ दुःखी थायज नहीं." मुनिए कह्युं. "हे महासत्व ! शंका न पाम्य. आ त्हारा धैर्यथी त्हारी प्रिया जीवती थशे. कारण तुं चिंतामणि रत्नसमान छुं." मुनिनां वचन सांभली प्रफुल्लित नेत्रवाला कुमारे फरीथी पूछ्युं. "हे मुनि ! तमे तेने क्यांइ दीठी छे ? अथवा सांभली छे ? जो एम थयुं होय तो मने कहो." मुनिए कह्युं. "हे राजकुमार ! ज्ञानदृष्टिवाला मुनिउ ज्ञाने करीने सर्व जाणी शके छे; माटे हे भद्र ! त्हारी प्रिया यम (नियम-व्रत) ना स्थानमा रही छती सुखी छे." राजकुमारे "ते अहिं शी रीते आवी शके?" एम पूछ्युं एटले मुनिए उत्तर आप्यो के, "हे देव ! हुं त्हारा चरणने विषे आत्माने धारण करी ते सती स्त्रीने लावी आपीश." स्त्रीनी आशाथी कुमारे मुनिने कह्युं, "हे मित्र ! हवे वार शा माटे करो छो ?" मुनिए कह्युं, "हुं तमारुं हित करुं; तेना बदलामां तमे मने दक्षिणा शुं आपशो ?" राजकुमारे कह्युं, "तमे प्रथमथी म्हारा चित्तने तो हरण कर्युं छे, तो हवे आत्मा आपीश. कारण मित्रने अर्थे शुं आपी शकातुं नथी ? अर्थात सर्व आपी शकाय छे." मुनिए हसीने कह्युं. "हे राजकुमार ! आत्मा कोइथी आपी शकातो नथी, पण वखत आव्ये हुं जे मागुं तेनी ना कहेशो नहीं." राजकुमारे ते वात कबुल करी एटले मुनि घरनी अंदर गया.

ते वखते कौतुक जोवा माटे अनेक लोको एकठा थया हता. मागधलोको "सती स्त्रीउना सत्व, तप, ध्यान अने महात्म्य पृथ्वीमां जयवंता वर्ते छे." एम मधुर वाणीथी कहेता हता. हाथमां धारण करी छे पुष्पनी मालाउ जेमणे एवा देवताउ आकाशमां उभा रही खेडु लोको जेम वर्षादनी वाट जुए तेम ऋषिदत्तानी वाट जोता हता. कुमार पण बीजा

सघलां कार्य मूकी दइ आश्चर्यथी प्रफुल्लित नेत्रवालो थइ जोइ रह्यो हतो; एटलामां ऋषिदत्ता मुनिनो वेश उतारी, कानमां राखेली औषधी काढी नाखी अने पोतानां वस्त्रो धारण करी अग्निमांथी निकलेली सुवर्णनी शलीनी पेठे शोजती उती तत्काल त्यां आवीने उन्नी रही एटले देवताए "हे पतिव्रता! तुं जयवंती था!! जयवंती था!!" एम शब्द करी पुष्पोनो वरसाद वरसाव्यो. पोताना रुपे करीने रुक्मिणीने दासी सरखी बनावती ऋषिदत्ताने तथा तेने विषे राजकुमारना आग्रहने जोइ सर्वे मनुष्यो तेउनां वखाण करवा लाग्या. सुंदरपाणी राजा पण पोताना जमाइना जीवितने औषधरूप ऋषिदत्ताने जोइ समुद्र जेम चंद्रज्योत्स्नाने जोइ आनंद पामे तेम आनंद पामी ते बन्ने जणाने हस्ति उपर बेसारी महोत्सवपूर्वक पोताना नगरमां तेडी गयो अने सुलसा योगिनीने नाक कान कापी देश बहार काढी मूकी. वली पुत्रीना गाढ स्नेहने लीधे कनकरथ कुमारने तथा ऋषिदत्ताने केटलोक वखत पोताना नगरमां राख्यां.

एक दिवस कनकरथ कुमारे शोकथी ऋषिदत्ताने कह्युं के, "हे प्रिये! में त्हारी शोधने माटे मोकलेला म्हारा प्रियमित्र मुनि हजु पाछा आव्या नहीं." कुमारनां वचन सांजली ऋषिदत्ताए हसिने उत्तर आप्यो के, "हे दयानिधे! खेद न पामो. ए सर्व में औषधीना प्रयोगथीज कर्युं हतुं, माटे हवे तमे ते वखते आपेलो वरदान अत्यारे आपो अने ते एज के "तमे म्हारे विषे जेटलो स्नेह राखो छो तेटलो रुक्मिणीने विषे राखो." कुमारे कह्युं. "अहो! पोताने माथे आटलुं आटलुं कर्या छतां पण जोयो तेनो विवेक! जा एम थाउ." एम कहीने तेने मधुर वाणीथी संतोष पमाडी एटले ऋषिदत्ताए कनकरथनी आज्ञाथी रुक्मिणीने पोतानी पासे बोलावी. केटलेक दहाडे सासु ससरानी आज्ञा लइ प्रीति अने रतियुक्त कामदेवनी पेठे बन्ने स्त्रीउ सहित कनकरथ कुमार पोताना नगर प्रत्ये आव्यो. पिताए महोत्सवपूर्वक तेने नगरमां प्रवेश कराव्यो. पछी ऋषिदत्तानी सर्व वात सांजली लज्जावंत थएलो हेमरथ राजा पोताना अपराधनी क्षमा मागी तेने सती स्त्रीउमां चूडामणी समान मानवा लाग्यो. वली कनकरथने राज्यासन उपर बेसारी जीतेंद्रिय एवा पोते जद्राचार्यनी पासे दीक्षा धारण करी अंते मोक्ष पाम्यो.

हवे कनकरथ राजा पितानी पेठे प्रजानुं रक्षण करतो हतो ऋषिदत्ता थकी सिंहरथ नामना पुत्रने पाम्यो. एक दिवसे ऋषिदत्तासहित गोखमां बेठेलो ते राजा नाशवंत स्वभाववाला वादलांने जोइ वैराग्य पाम्यो; तेथी ते पोताना उद्यानमां समवसरेला भद्रयशा सूरिने सांभली तत्काल परिवारसहित तेमने वंदन करवा गयो. त्यां तेउए मोहने नाश करनारी मुनिनी धर्मदेशना सांभली. पछी ऋषिदत्ताए हाथ जोडीने पूछ्युं के "हे भगवन्! में पूर्व भवने विषे एवुं शुं दुष्ट कर्म हतुं के, मने आ भवमां राक्षसीनो कलंक लाग्यो?" ज्ञान दृष्टिवाला मुनिए गंभीर वाणीथी उत्तर आप्यो के, "हे भद्रे! आ भरत क्षेत्रने विषे गंगापुर नामे नगर छे. त्यां गंगदत्त नामनो राजा राज्य करतो हतो. तेने गंगा नामनी स्त्री अने गंगासेना नामनी पुत्री (के जे भवने विषे तुंज) हती. एक वखते ते नगरमां चंद्रयशा नामना साध्वी आव्या, तेमनी पासेथी धर्म जाणीने तें खल माणसनी पेठे सर्व प्रकारना विषयोनो तिरस्कार कर्यो. ते वखते संगा नामनी कोइ एक साध्वी दुष्कर तप करती हती; तेथी सर्वे माणसो तेना वखाण करता हता; परंतु मत्सरने लीधे तुं ते वखाणने सहन करी शकी नहीं, तेथी तें ते साध्वीने माथे एवुं कलंक चडाव्युं के, "आ साध्वी दिवसे निःसंग थइने तप करेछे अने रात्रीए स्मशानमां जइ मूवेला माणसनु मांस खाय छे." शमतारुप अमृतथी पूर्ण हृदयवाली ते महासतीए म्हारा आ कलंकने सहन कर्युं; तेथी हे वत्से! तने आ कर्मबंध थयो. पछी आलोचना न लेवाथी ते कर्मना फलरूप अनेक भवोमां भटकती एवी तुं आ गंगापुरमां राजपुत्री थइ हती. ते भवमां दीक्षा धारण करी कपटथी तप करती एवी तुं इशानेंद्रनी स्त्रीपणाने पामी अने त्यांथी चवीने हरिषेण राजाने घरे पुत्रीपणे उत्पन्न थइ छुं. हे राजसुता! आ भवमां तने पूर्वना कर्मनुं कलंक प्राप्त थयुं छे; कारण के केवल वचन मात्रे उपार्जन करेलुं कर्म सेंकडो भवे करीने पण भोगव्या विना छुटतुं नथी."

एवी रीते वैराग्यरूप कल्पवृक्षने नंदनवननी भूमी सरखी मुनिनी देशना तथा पोताना पूर्वभवनी कथा सांभली थयुं छे जातिस्मरण ज्ञान जेने एवी ते ऋषिदत्ता पोताना पूर्वभवोनी सर्व वात जाणी अने क-

मेथी नय पामी मुनिनी प्रार्थना करवा लागी के, "हे जगवन्! मने संसारसमुद्र तरनारी दीक्षा आपो." राजा कनकरथ पण आ सर्व वात सांजलीने हाथ जोडी दीक्षा धारण करवा माटे मुनिनी प्रार्थना करवा लाग्यो एटले मुनिए कह्युं. "पुण्यने अर्थे कोइपण कार्यमां विलंब करवो नहीं. वली आ असार संसारमां तप क्रिया एज मनुष्य जवनुं उत्तम फल छे." मुनिनां आवां वचन सांजली कनकरथ राजाए पोताना सिंहरथ पुत्रने राज्यासन उपर बेसारी पोते स्त्रीसहित मुनिपासे दीक्षा लीधी. खड्गनी धारा समान चारित्रने पालता एवा तेउए कपटरहित शुद्ध तपोविधिने आचरवा मांड्यो. पछी गुरुनी साथे विहार करता तेउ श्री शीतलनाथना जन्मे करीने पवित्र एवा नद्दिल नगरमां आवी पहोच्या. त्यां तेउ हाथीनी पेठे कर्मरूप वृक्षोने उखेडी नाखी शुद्ध ध्यानथी केवल ज्ञान पाम्या. अनुक्रमे चंद्रनी कलानी पेठे सर्व कर्मना कलंकना लेशनो नाश करी उत्तम प्रकारे व्रतने पाली तेउ मोक्षगति पाम्या.

॥ इति ऋषिदत्तानी कथा समाप्त ॥

दवदंतीनी कथा.

आ जरतक्षेत्रने विषे धर्मवंत एवा कोशल देशमां जेनो किल्लो यत्न विना पण देवताउनी स्त्रीउना दर्पणपणाने पाम्यो हतो एवी कोशला नामनी नगरी छे. त्यां जेनी खड्गरूप लाकडी श्यामवर्णवाली छता पण उज्वल यशने प्रगट करती हती एवो अने शत्रुउनी स्त्रीउना शृंगारने उतरावनारो निषध नामे राजा राज्य करतो हतो. तेने जेनी वाणीथी जीतायेली कोयल पण जडपणाने पामी हती एवी अने लावण्ये करीने मनोहर लावण्यसुंदरी नामे स्त्री हती. तेउने शत्रुउने दावानल समान तथा उत्तम बुद्धिवालो म्होटो नल नामनो अने बीजो दुष्ट हृदयवालो न्हानो कूबर नामनो एवा बे पुत्रो हता.

ते वखते वैदर्ज देशने विषे लक्ष्मीए करीने मनोहर एवा कुंडिनपुर नगरने विषे महा पराक्रमी एवो नीमक नामनो राजा राज्य करतो हतो. तेनी पुष्पदंता नामनी प्रियाए श्वेत हस्तिना स्वप्नथी सूचित एवी लक्ष्मीना समान एक चतुर पुत्रीने जन्म आप्यो. पूर्वकर्मना योगे करी-

ने ते पुत्रीना कपालमां उदयाचल पर्वत उपर रहेला सूर्यना प्रतिबिंबनी पेठे तिलक शोजतुं हतुं. छठीने दिवसे जागरण अने सूर्य चंद्रनां दर्शन करावबापूर्वक पिताए बारमे दिवसे स्वप्नाने अनुसारे तेनुं "दवदंती" नाम पाड्युं. पछी स्वजावे करीने मनोहर एवी ते बालाने धावमाताउं निरंतर मधुर वचनथी तथा लीलाथी हसावती हती. कुमारी पण पगमां पहेरेला झांझरना मधुर शब्द करती धावमाताउंनी आंगली झाली चालवा लागी. अंतःपुरनी स्त्रीउं हर्षथी पोताना ढींचणउपर दवदंतीने उनी राखीने धीमे धीमे कंपावती छती नृत्य करावती हती. आ प्रकारे जागता सौजाग्यवाली ते कुमारीए बाल अवस्थाने उल्लंघन करता सर्व कलाउंनो अज्यास कर्यो.

एक दिवस निर्वृति देवीए जविष्यकाले थनारा श्री शांतिनाथनी सुवर्णमय प्रतिमा दवदंतीने आपीने कह्युं के, "हे कल्याणि ! त्हारे आ कल्याणकारी मूर्त्ति निरंतर पूजन करवा योग्य छे." पछी दवदंती ते प्रतिमाने जाणे पोताना हृदयमांज मूकती होय नहिं शुं? एम हर्षथी घरना देवमंदिरने विषे मूकी पूजन करवा लागी. एवामां तेने कामदेव राजाना नगररूप यौवन प्राप्त थयुं के, जे यौवनमां अनुक्रमे करीने सर्व अंगनी मनोहर लक्ष्मी वृद्धि पामे छे. दवदंतीना मुखनी शोजाथी जीताएलो चंद्र गांडो थइ जवाने लीधे होय नहिं शुं? एम आजसुधी शंकरना मस्तक उपर रहेलो छे. पुत्रीना योग्य वरनी प्राप्तिने अर्थे विचार करता एवा जीमक राजानी चिंतासहित ते दवदंती अनुक्रमे अढार वर्षनी थइ.

पछी प्रधानोए विज्ञप्ति करेला जीमक राजाए पुत्रीना वरनी प्राप्तिने अर्थे स्वयंवरनो आरंज कर्यो. तेमां अनुचरो मोकलीने बोलावेला इंद्रना सरखी समृद्धिवाला अनेक राजाउं मानस सरोवरमां एकठा थएला हंसोनी पेठे जेगा थया. ते वखते जीमक राजाए मोकलेला दूते विज्ञप्ति करेलो निषध राजा पण नल अने कूबर नामना पोताना बन्ने पुत्रोसहित तत्काल त्यां आव्यो. इंद्रना समान समृद्धिवाला जीमक राजाए ते सर्व राजाउंने अत्यंत आदर सत्कार करी उतारा आप्या. ते वखते

१ लोकमां एनुं बीजुं नाम "दमयंती" संजलाय छे.

कुंडिनपुरना निवासीउं कामदेवना समान रूपवंत नलने राजा मानी बीजाउंने केवल अनुचर (दास) रूप मानवा लाग्या.

पछी जीमक राजाए शिल्पलोको पासे सुवर्णना स्थंजवालो, सेंकडो सिंहासनवालो, नीलमणिनी जींतोवालो, पगर्थीआउंनी हारोवालो अने सुधर्मा सजाना सरखो मनोहर स्वयंवर मंरूप रचाव्यो. स्वयंवर मंडपना कौतुकने जोवामाटे जाणे स्वर्गथी देवांगनाउं आवी होय नहिं शुं ? एम स्तंजोने विषे सर्व अंगे करीने मनोहर कोरेली पुतलीउं शोजती हती. ते वखते जीमक राजानी पुत्रीने अलंकृत करवानी इछाथी रत्न लेवाने माटे जाणे तारा विगेरेउंए स्तुति करवाथी होय नहिं शुं ? एम सूर्यें समुद्रप्रत्ये प्रवेश कर्यो. अर्थात् सूर्य अस्त थयो एटले "अमे जीमकनी पुत्रीने जोइशकशुं नहिं" एवा खेदथी जाणे वृक्षो श्यामपणुं पामी जता होय नहिं शुं ? एवा देखावा लाग्या. ते समये जीमक राजाने घेर स्वयंवर मंरूपमां एकठा थएला राजाउंनी वात सांजलीने औषधीउंनो राजा चंद्र पण तारारूप अनेक अलंकारोथी सुशोजित थयो ठतो जाणे त्यांज आवतो होय नहिं शुं ? एम देखावा लाग्यो. "सवारे अमारी दृष्टि जीमकपुत्रीने जोशे ए अमारां म्होटां जाग्य." एवो विचार करता एवा राजाउंने ते रात्रीने विषे निद्रा पण न आवी. पछी सवार थइ एटले विजूषणोथी सुशोजित एवा दवदंतीना मुखनी आगल जाणे लज्जा पामतो होय नहि शुं ? एम चंद्र अस्ताचल पर्वत तरफ नाशी जवा लाग्यो अने जाणे राजाउंए नामवडे प्रार्थना कराएलो होय नहिं शुं ? एवा उदयाचलपर्वते पोताना मस्तकउपर सूर्यना मंडलने प्रदर्शित कर्युं. सूर्योने उदय थवाथी तलावमां कमलनी पेठे सर्व राजाउंना मुखकमलनी पंक्ति हर्ष पामी. पछी सर्वे राजाउं स्नान करी, विलेपन करी अने उत्तम वस्त्रालंकारोने धारण करी स्वयंवर मंडप तरफ दोडवा लाग्या. रत्नजडित सिंहासनो उपर बेठेला राजाउं जाणे जीमक राजाए कौतुकथी सर्व द्वीपनां आजूषणो मगाव्यां होय नहिं शुं? एम शोजता हता. कल्पवृक्षनी पेठे योग्य अलंकारोने धारण करता एवा बन्ने पुत्रोसहित जेणे देवसंबंधी प्रातःकृत्य कर्युं ठे एवो निषध राजा स्वयंवर मंडपमां जइ पोताना सिंहासन उपर बेठो. ते वखते आ लोक अने परलोकसं-

बंधी लक्ष्मीना समूह सरखा निषध राजाना बन्ने पुत्रो (नल कुबर) ने जोइ सर्वे राजाउंनां मन दवदंती थकी निराश थइ गयां. विशेषे करीने तो कलाना समूह सरखा नलने जोइ सर्वे राजाउंए पोताना विवाहनी आशा दूर मूकी दीधी.

हवे भीमक राजाना अंतःपुरनी सौभाग्यवंती उत्तम स्त्रीउं दवदंतीने स्वयंवरमां लाववाना हेतुथी अनेक प्रकारे शणगार पहेराववा लागी. दवदंतीना पगना तलने विषे चोपडेलो सरस यावकरस जाणे सर्वे राजाउंनो प्रत्यक्ष अनुराग लागेलो होय नहिं शुं? एम शोभतो हतो. कपालनेविषे कस्तुरीथी बनावेली पील जाणे कामदेवरूप राजानी जागती एवी प्रशस्ति (स्तुति) होय नहिं शुं? एम शोभती हती. चोटलाने विषे गुंथेला मल्लिका अने मालतीना पुष्पो जाणे तेना मुखरूप चंद्रनी सेवामाटे आवेला नक्षत्रो होय नहिं शुं? एम शोभतां हतां. कानने विषे धारण करेला रत्नजडित्र कुंडलो जाणे राहुना भयथी त्रास पामेला सूर्य अने चंद्र होय नहिं शुं? एम शोभता हता. वली तेणे नेत्रने विषे धारण करेली अंजनरेखा कमलने विषे भ्रमरीना सरखी शोभती हती अने उंढेलुं श्वेत वस्त्र गंगाना कल्लोलसरखुं शोभतुं हतुं. पछी जेनी पाछल अंतःपुरनी स्त्रीउं मनोहर गायन करती हती, जेने माथे श्वेत छत्र शोभतुं हतुं, जेनी बन्ने बाजुए चामरो चलायमान थई रह्या हता, वली भ्रमरीउंथी शोभती एवी कमलिनीपेठे जेनी पाछल दासीउंथी शोभती हती, जे वज्रमणी, मुक्ताफल अने वैडुर्यमणीना उत्तम अलंकारोथी सुशोभित बनेली हती, वली पालखीमां बेठेली, हाथमां पुष्पनी मालाने धारण करी रहेली अने कामपासनासरखी आचरणवाली ते दवदंती जाणे स्वर्गलोकमांथी उतरेली साक्षात् लक्ष्मीज होय नहिं शुं? एम स्वयंवरमंडपमां आवी. चंद्रनी लेखारूप तेने जोइ क्षोभ पामेला राजारूप समुद्रो विविध प्रकारना शृंगारने शोभावनारी चेष्टा करवा लाग्या. ते वखते दवदंतीनी आगल चालनारी अने जाणे पोतेज सरस्वती होय नहिं शुं? एवी वाचाल द्वारपालिकाए सर्वे राजाउंना वंश, शौर्य, न्याय तथा आचरणनुं वर्णन करवा मांड्युं.

" हे राजकुमारी! उत्तम कीर्तिथी आकाशने पूरी देनारो आ अंग

देशनो राजा छे के, जेना शरीरना मनोहर अवयवोथी जीताएलो कामदेव अंगरहित थयो छे. हे देवी! तेजना स्थानरूप आ मगध देशनो राजा विराजे छे. हे सुभगे! जेना यशरूप ताराना हारो आकाशमां शोभी रह्या छे एवो आ कलिंग देशनो महाराजा बेठो छे. हे राजसुता! उत्तरोत्तर तेजनी लक्ष्मीथी प्रीतिनीपेठे आचरण करता एवा आ लाट, कर्णाट अने मेदपाट देशना राजाओ विराजे छे." जेम पृथ्वीऊपर उगेला कमलोने जोई तेना उपर राजहंसी आदर न करे तेम ते राजानो दृष्टिथी पण आदर न करती एवी भीमक सुताने प्रतिहारिणीए फरीथी कह्युं. "हे देवी! त्हारी आगल आ देवतानासरखा वैभववालो निषध देशनो राजा विराजे छे. जेना नल अने कूबर नामना बन्ने पुत्रो अश्विनीकुमारनी पेठे पासे पासेनां सिंहासनो उपर बेठा छे." पछी राजाओरूप वनमां भमती दवदंतीनी दृष्टीरूप भमरी पुन्नागरूप नलकुमारने विषे विराम पामी एटले जेने रोमांच थयो छे एवी ते विचार करवा लागी के, "जेम वृक्षोने विषे कल्पवृक्ष वखाणवायोग्य छे तेम सर्व राजाओमां आ नल एकज वखाणवायोग्य छे. विधाताए सृष्टीने बनाववारूप पोतानी चातुरीथी आ नलने उत्पन्न कर्यो छे. वली सर्वे राजाओमां आ नल माणिक्यमां कौस्तुभमणिनी पेठे शोभे छे."

आप्रमाणे नलने वखाणती एवी ते दवदंतीए तेना (नलना) कंठने विषे वरमाला आरोपण करी के, "जेथी ते वरमाला मेरु पर्वतने विषे ताराओनी पंक्तिनीपेठे अत्यंत शोभवा लागी. दवदंती नलने वरी एटले तेने विषे स्पर्धावाला बीजा सर्वे राजाओ नलऊपर चढी आव्या; पणजेम मंगलनो ग्रह वृष्टीने स्तंभावी दे तेम नले सर्वे राजाने बाण वृष्टिथी संभावी दीधा. नले सर्वे नृपतिओने पराजय पमाड्या एटले परस्पर प्रीतिवाला एवा निषध अने भीमक राजाए नल तथा दवदंतीनो विवाहमहोत्सव कर्यो. हस्तमेलापना वखते नल अने दवदंतीनुं चित्त परसेवाना मिषथी जाणे एकपणुं पामतुं होय नहिं शुं? एम परस्पर मली गयुं. अग्निने प्रदक्षिणा कर्या पछी हस्तमेलापने वखते भीमक राजाए पोताना जमाइने अनेक रत्न, घोडा, हाथी अने रथो आप्या.

पछी पुत्रने तथा वहुने साथे लई पोताना देशप्रत्ये जता एवा निषध

राजानी पाछल जीमक राजा पण जेम सूर्यनी पाछल मंगल जाय तेम वलावा माटे चाल्यो. केटले दूर गयापछी "हे सुते! पति दुःखी होय तोपण तेनेज अनुसरनारी थाजे." एवी पुत्रीने शिखामण आपी जीमक राजा पोते पाछो पोताना देशप्रत्ये आव्यो. सती दवदंती पण पितानी शिखामणने माथे चडावी नलना रथ उपर बेठी. नवोढानी स्फुरणायमान ज्रकुटीने जोई आश्चर्य पामेलो नल मोहथी सारथीपासे रथने अवला मार्गने विषे चलाववा लाग्यो. पछी धूर्तने प्रिय एवा नल राजाए मार्गने विषे प्रसिद्ध एवा वृक्षादिकना प्रश्ने करीने मुग्धा एवी दवदंतीनी लज्जाने शिथिल करवा मांडी. दवदंतीने विषे रागवान् थएला नलने जाणी तेनी स्पर्धाथी सूर्य पण पोतानी अनुरागवाली संध्याने आलिंगन करवा लाग्यो. धूर्त सखीरूप संध्याए दवदंतीनी लज्जाने उंडी करी, जेथी नल राजानुं मुखरूप कमल आश्चर्यकारी रीते प्रकाश पाम्युं. ते वखते निषध राजानो पुत्र प्रगट थएला यौवनवाली दवदंतीने वात्स्यायने कहेली युक्तिउवडे वैशाख मास जेम द्राखने रमाडे तेम रमाडवा लाग्यो.

पछी रात्रीए चालता अने अंधकारने लीधे पडता एवा सैन्यने जोई सूतेली प्रीयाने नलराजाए कह्युं. "हे देवी! सूईश नहीं, जाग. वली हे प्रिये! अंधकारनो नाश करवामाटे! त्हारा तिलकने प्रगट कर." प्राणनाथनां आवां वचन सांजली जीमक सुताए पोताना कपालना केशने उंचा करी तिलकने प्रगट कर्युं. सूर्यनासरखा तिलकना प्रकाशे करीने ते स्त्रीपुरुषे पोतानी नजीकमां कायोत्सर्ग करीने उजा रहेला एक मुनिने दीठा. पछी वनना फरता मदवाला हाथीउना घसाराना सुगंधथी जमता एवा जमराउ जेमने उपद्रव करता हता एवा ते मुनिने पिता विगेरे सर्व मनुष्योसहित नल राजाए वंदना करी. मुनिए कायोत्सर्ग पारी धर्मलाज आपीने देशना दीधी.

पछी नल राजाए हाथ जोडी मुनिने दवदंतीना तिलकना प्रकाशनुं कारण पूछ्युं. मुनिए उत्तर आप्यो के, "हे राजन्! आ दवदंतीए पूर्व जवनेविषे चोवीश तीर्थकरोने उद्देशीने तप कर्युं छे. वली तेणे ते तपना उद्यापनने विषे रत्नना तिलको आप्यां छे. एज कारणथी तेना कपालनेविषे सूर्यना ककडा सरखो महा तेजवंत तिलक शोजे छे. अनुक्रमे आ

दवदंती सर्व कल्याणना पात्ररूप थशे." मुनिनी आवी मनोहर वाणी सांजली आनंदयुक्त थएलो नल अनुक्रमे नगरवासी जनोए मंगलमय करेली पोतानी राजधानी प्रत्ये आव्यो. त्यां ते निर्लज्ज मनवालो नल नवीन नवीन क्रीडाउवडे दिवसोने दीनसमान अने रात्रिउने क्षणरूप करवा लाग्यो. पठी निषध राजाए नलने राज्य सोंपी कूबरने युवराज पदवी आपी पोते अखंडित एवा चारित्रने पाली देवपदवी प्राप्त करी, त्रिवर्ग (धर्म, अर्थ, काम,)नुं साधन करवामां व्यग्र चित्तवाला नल राजाए सती दवदंती सहित पिताए आपेला अखंडित राज्यनुं पालन करता अर्धा जरतक्षेत्रने पोताने स्वाधीन कर्युं; तेथी सर्वे राजाउए एकठा थईने तेने कृष्णनी पेठे फरीथी राज्याजिषेक कर्यो. पठी दुष्ट हृदयवालो क्रूर कूबर राज्यनी इछाथी शीयाल जेम सिंहना छिद्र खोले तेम निरंतर नल राजाना छिद्र खोलवा लाग्यो.

एक दिवस निर्मल मनवालो अने बंधमोक्षादिकने जाणनारो नल राजा दुष्ट हृदयवाला पोताना जाइ कूबरनी साथे सत्पुरुषोने लज्जा पमाडनारी द्युतक्रीडा करवा लाग्यो. गाम, गरास, नगर विगेरे सर्व हारी गया ठता पण ते निवृत्ति पाम्यो नहीं. आवा दुष्ट आग्रहमां वलगी रहेला पोताना पतिने जाणीने जीमकसुता दवदंती पोते नलराजा पासे आवीने मधुर वाणीथी कहेवा लागी. "महेंद्रना सरखा वैजववाला हे स्वामिन्! तमारे द्यूतक्रीडामां आ व्यसन शुं? कयो पुरुष दूध स्वाधीन ठतां कांजी पिवामां आसक्त थाय? हे नाथ! दुष्ट हृदयवाला कूबरने स्वाधीन आ पृथ्वी न करो? शुं तमे नथी जाणता के बगलो पाणीमां पेठा पठी मत्स्योनी शी गति थाय ठे?" आ प्रकारे प्रियाए तथा प्रधान वर्गे निवार्या ठता पण नलराजा द्यूतथी निवृत्ति पाम्यो नहीं. कह्युं ठे के–दैव कोप पामवाथी प्राणिउनी शी मति थाय? अनुक्रमे दैवना योगथी नलराजा देहना आजरणोने अने ठेवटमां अंतःपुरसहित दवदंतीने पण हारी गयो.

पठी हर्ष पामेला कूबरे नल राजाने कह्युं. "हे जाई! हवे तुं म्हारी पृथ्वीमां रहीश नहीं." ए उपरथी नलराजा फक्त एक वस्त्र धारण करी त्यांथी चाली निकल्यो. पठी पतिनी पाठल जती एवी जीमकपुत्रीने

कूबरे कह्युं. " हे जद्रे! में तने नल पासेथी जीती छे; माटे तुं तेनी साथे न जतां म्हारा अंतःपुरनो आश्रय करीने रहे." दवदंतीए तेम न करवाथी नगरवासी अने प्रधानविगेरे पुरुषोए कूबरनी विनंती करी तेने रथमां बेसारी नलनी पाछल मोकली; परंतु नलराजाए रथ विगेरेने साथे न राखता फक्त दवदंतीनेज पोतानी साथे राखी. दासी विगेरेनी आज्ञा लईने जती एवी दवदंतीए वर्षाऋतु जेम वनस्थलीने जींजवी दे तेम सर्व मनुष्योनां हृदयने जीजवी दीधां; तेथी सर्वे मनुष्यो कहेवा लाग्या के, " अरे विधि! जो त्हारूं आ प्रकारनुं कर्तव्य हतुं तो पछी नलराजाने अर्धा जरतक्षेत्रनो पति शा माटे कर्यो हतो? वली आपना जयथी जे सतीने सूर्य पण पोताना किरणो ए करीने स्पर्श करी शकतो न होतो, ते आ सती पृथ्वीउपर केम चाली सकशे? अरे! धिक्कार छे कूबरने के, जेणे पोताना म्होटा जाईने पण आवी दया उपजावनारी स्थितिए पहोचाड्यो."

पछी प्रधान विगेरे नगरना सर्वे माणसोए नलराजाने जेट आपवा मांडी; पण केवल पोताना उपरज आधार राखनारा अने जुज पराक्रमवाला तेणे कंई पण लीधी नहीं. वृद्ध प्रधान विगेरे नलनी पाछल जवा मंड्या; परंतु तेउने तेणे पाछा नगरप्रत्ये मोकल्या. ज्यारे दवदंतीरूप लक्ष्मी नलराजानी पाछल गई त्यारे तो तेना विनानुं नगर तेजरहित देखावा लाग्युं. पछी गद्गद् वाणीथी ते ते बाग बगीचानी शोजाने देखाडतो एवो नलराजा थाकी गएली पोतानी प्रियाने धीमे धीमे चलाववा लाग्यो. दवदंती पण ते वखते पतिनीसाथे चालवाथी जे हर्ष पामवा लागी तेवो हर्ष पूर्वे पम्दानी अंदर छत्र धारण करीने चालती छती पण क्यारे पामी न होती. ज्यारे दवदंती श्रमथी परसेवायुक्त थाय छे त्यारे नलराजा पोते तेने पत्रथी पवन नाखे छे; ज्यारे थाकी जाय छे त्यारे पग चांपे छे अने ज्यारे तरशी थाय छे त्यारे कमलना पत्रमां जल लावीने पाय छे. वली क्यारेक पोते थाकी गयो होय छे ने दवदंती पग चांपवा मांडे छे त्यारे ते सत्व गुणनो आश्रय करीने तेने ना पाडे छे. मध्यान्हने वखते फलाहार करी सायंकाले थाकी गएला ते स्त्रीपुरुष कोई लतागृहनो आश्रय करी रात्रीने निर्गमन करे छे.

आ प्रकारे वनने विषे जता एवा ते दंपतीए एक दिवस जाणे तीक्ष्ण सूर्यना तापथी त्रास पामीने केवल अंधकारनो आश्रय करीनेज रह्युं होय नहिं शुं? एवा एक म्होटा अरण्यमां प्रवेश कर्यो एटले तेउए एक म्होटुं तलाव दीठुं. तेमां हाथ पग धोया पछी नलराजाए ग्लानी पामेली प्रियाने जोई विचार करवा मांड्यो के, "अरे! प्रवालना सरखी सुकोमल आ स्त्री क्यां? अने दुःखनी पंक्तिउवालो आ मार्ग क्यां? जेने पुष्पथी पण कोमल मोजडी पहेरवी जोइती हती तेने आ महा अरण्यमां नटकवुं पडे छे." पछी विश्रांति अर्थे नलराजाए एक म्होटी शिला उपर पल्लवोथी शय्या बनावी. वली दवदंतीनुं शरीर दुःख न पामे एवा हेतुथी ते शय्यानेविषे पोतानुं उत्तरीय वस्त्र पाथरी दीधुं. पछी परमेष्ठीने नमस्कार करी मार्गमां चालवाथी थाकी गएला ते स्त्री पुरुषे परस्पर एक बीजाना हाथना उशीका मूकी स्वेछाथी शयन कर्युं.

पछी रस्ताना दुःखे करीने अग्निनीपेठे बलतो अने जाणे ते वनमां रहेला हिंसक पशुउना संगथी निर्दय बनी गएलो होय नहिं शुं? एवो निषधपति मनमां विचार करवा लाग्यो के, "अरे! हुं आ स्त्रीनी साथे रह्यो छतो मार्गरूप समुद्रनो पार केम पामी सकीश? कारण पोतानी मरजीप्रमाणे चालनारा पुरुषोने स्त्रीउ सांकलना समान बंधन करनारी छे. जो हुं उंघी गएली आ स्त्रीने त्याग करी चाल्यो जाउं तो पछी ते सवारे पोताना पिताने अथवा दियरने घेर जशे." नृपति आवो विचार करतो हतो एवामां नविष्यनेविषे थनारा वियोगनी पीडानी दूतीरूप निद्रादेवीए नलप्रियाना नेत्रमां तत्काल प्रवेश कर्यो.

पछी निद्रानो त्याग न करावता नलराजाए दवदंतीना उशीके रहेला पोताना हाथने धीमे धीमे खेंची लीधा. ते वखते पोते पोताना आत्माने कहेवा लाग्यो के, "अरे मूर्ख आत्मा! आ चांडालना सरखी चेष्टाने मूकी दे. जे तुं विश्वास पामेली, उंघी गएली अने एकली एवी आ स्त्रीने त्याग करवानी इछा करे छे. अरे दैव! तुं म्हारीपासे आ अयोग्य कर्म करावतां शुं लज्जा नथी पामतो?" वली दवदंतीनी नींचे पथराएला वस्त्रना ककडा करवा माटे हाथमां छरी लईने आंसुथी जेनुं मुख व्याप्त थई रह्युं छे एवो नलराजा पोताना हाथने कहेवा लाग्यो के,

" अरे हाथ ! आ स्त्रीनो पाणिग्रहण करवामां प्रथम तुं प्रवर्त्यो हतो तेज तुं संजोगने वखते मदद आपतो हतो. वळी तेनो तेज तुं आजे प्रियानो वियोग कराववामां प्रथम जाग लेवा तैयार थयो छुं."

पछी वस्त्रने कापी दवदंतीना श्वेत वस्त्रमां अक्षरो लखवामाटे पोताना शरीरमांथी रुधिर काढी पोताना दक्षिण (जमणा) जुजने कहेवा लाग्यो के, " बे दक्षिण हस्त ! तुं पण वाम (डाबा) हस्तनी पेठे दाक्षिण्यविनानो देखाय छे खरो. जेने क्रूर एवा खड्गनो संग होय तेने दया अथवा दाक्षिण्य क्यांथी होय ? " पछी तेणे निर्दय एवा पोताना जमणा हाथथी प्रियाना वस्त्रनेविषे रुधिरथी लख्युं के, " हे प्रिये ! आ पासेना वडनी नींचे बे मार्ग छे. तेमां डाबी बाजुनो मार्ग कुंडिन नगरनो छे अने जमणी बाजुनो मार्ग कोशला नगरीनो छे. हे गजगामिनी! ए बे नगरमां त्हारी मरजी होय त्यां तुं जजे अने हुं म्हारुं मोढुं कोइने देखाडवाने शक्तिमान न होवाथी चाल्यो जाउछुं." आवी रीते लखीने गुह्य दुःखथी रोतो अनेवारंवार पाछो वळीने प्रियाना मुखने जोतो ते चाली निकळ्यो. " अरे विधि! जो तें सर्वथी उत्तम रूपवाळी आ जीमक सुताने सृजी छे, तो पछी तेने दुःख शा माटे आपे छे ? कारण के पोते वावेली बोरडी पण कापी नाखवी ए योग्य नथी. हे वनदेवताउ! तमे सर्वे म्हारा उपर कृपा करीने सांजळो. तमारे आ जीमकपुत्री कोइपण रीते दुःखी न थाय तेम करवुं. " आ प्रकारे विलाप करतो अने जेनी डोक नमी गइ छे एवो ते नलराजा पाछो वळी प्रियानां मुखने जोइने फरीथी एटले दूर जतो रह्यो के पछी प्रियाना स्थानने जोइ शक्यो नहीं. वळी "वनना हिंसक प्राणीउथी तेने कोइपण प्रकारनो उपद्रव न थाउ, " एवा विचारथी पाछा वळेला ते नलराजाए कोमलपादडानी शय्यामां सूतेली प्राणप्रिया दवदंतीने दीठी; तेथी पोताना आत्माने कहेवा लाग्यो के,"हे दुरात्मन् नल ! जेनी प्रिया आ महा जयंकर वनमां सूती छे एवो तुं जस्मपणाने केम पामतो नथी ?" आवो विचार करता करता रात्री निवृत्त थवा आवी जेथी सर्व अंधकारे जाणे नलनां मनमां प्रवेश कर्यो होय नहिं शुं ? एम सर्व स्थानके प्रकाश थवा लाग्यो. जगत्ना मित्ररूप सूर्यने उदय थता जोइने चाली निकळेला नलराजाए केटलेक

दूर ज्वालारूप जटावाला दावानलने दीठो. तेमां बलता एवा वनना प्राणिउंना शब्दोमां मनुष्यनो शब्द सांजली नल राजा तेनी पासे गयो.

"इक्ष्वाकु कुलरूप समुद्रने आनंद पमाडवामां चंद्ररूप हे नल राजा! हे विश्वने वहालो! हुं आ दावानलमां बलुं बुं, माटे तुं म्हारुं रक्षण कर." आ प्रकारना शब्दो जे तरफथी आवता हता ते तरफ नल राजाए जोयुं तो लताना यूथमां रहेलो एक म्होटा सर्पने तेणे दीठो. पठी ते धीरज राखीने बोल्यो के, "हे महानाग! तें म्हारुं नाम शी रीते जाण्युं? वली तुं सर्प ठता आ मनुष्यनी जाषा शी रीते बोली शके ठे ते मने कहे?" सर्पे उत्तर आप्यो. "हे महा जाग! हुं पूर्व जन्मने विषे मनुष्य हतो. ते संस्कारथी मने मनुष्यनी जाषा आवडे ठे. वली मने अवधिज्ञान प्राप्त थयुं ठे; जेथी हुं आ सर्व जगत्‌ने हाथेलीमां रहेला पदार्थनी माफक जोइ शकुं बुं. हे राजन्! तुं म्हारुं रक्षण कर. हुं तने उपकारी थइश."

पठी कूवामांथी जेम पाणी काढे तेम वस्त्र नाखी दयावंत नलराजाए सर्पने लताना यूथमांथी खेंची काढ्यो एटले कृतघ्न पुरुषनी पेठे ते सर्पे तत्काल नल राजाने दंश दीधो. पठी नल राजाए सर्पने कह्युं. "हे बे जीजवाला नाग! में तने दावानलमांथी मूकाव्यो तेनो तें मने आ सारो बदलो आप्यो." एटलुं कहेतामां तो सर्पनुं ऊेर सर्व अंगे चडी गयुं; तेथी तेनुं सर्व अंग कुबडुं बनी गयुं. ते जोइने प्राप्त थएला वैराग्यवाला नल राजाए चारित्र लेवानो निश्चय कर्यो एटलामां ते सर्पे दिव्यरूप धारण करी नलराजाने कह्युं "हे वत्स! हुं त्हारो पिता निषध राजा बुं, माटे खेद न पाम्य. हुं दीक्षाना प्रजावथी ब्रह्मलोकमां देवता थयो बुं अने त्हारूं दुःख जोइ आवी मायाने धारण करीने अहिं आव्यो बुं. आ त्हारूं कुबडुंरूप हितने अर्थे ठे एम जाण्य. कारण के, आ रूपथी तने कोइ शत्रुउ उपद्रोह करी शकशे नहीं. हे वत्स! हजु त्हारे अर्धा जरतक्षेत्रनुं राज्य जोगववुं बाकी ठे; माटे दीक्षानो अवसर आवशे त्यारे हुं तने कहीश. हे पुत्र! आ बीलुं अने करंडीउं ग्रहण कर अने ते वस्तुनुं जीवितनीपेठे निरंतर रक्षण करजे. हे वत्स! ज्यारे तने पोतानुं रूप धारण करवानी इछा थाय त्यारे आ श्रीफल उघाडी ते-

मांथी रेशमी वस्त्रो काढीने पहेरजे तथा आ करंडिकामांथी अलंकारोने लइने धारण करजे के, जेथी तुं त्हारा मूल स्वरूपने पामीश." आ प्रकारे कही अने बन्ने वस्तुओ आपी देवताए नल राजाने फरीथी कह्युं. "हे वत्स! हवे तने क्यां जवानी इच्छा छे, ते मने कहे? हुं तने त्यां तेडी जाउं." पछी "हे तात! मने सुंसुमार नगर प्रत्ये तेडी जाओ." एवां नल राजानां वचन सांभली देवता तेने क्षणमात्रमां सुंसुमार नगरनी पासेना उद्यानमां मूकीने अंतर्धान थइ गयो.

पछी हसता मुखवालो नल जेटलामां नगर तरफ जाय छे तेटलामां तेणे नगरमां थतो म्होटो कोलाहल सांभल्यो. "आ शुं हशे?" एम भ्रांति पामीने ते जेटलामां क्षणवार उभो रह्यो. तेटलामां तो हाटोने पाडता, वृक्षोने उखेडी नाखता, अनेक वस्तुओने फेंकी देता अने प्रलय कालना अग्निनी पेठे सर्व मनुष्योने त्रास पमाडता कालना सरखा मदोन्मत्त हाथीने तेणे पोताना सामे आवतो दीठो. प्रजानो संहार करता एवा ते हाथीने आलान स्तंभ प्रत्ये लइ जवाने समर्थ एवा कोइ पुरुषने दीठो नहीं एटले पाछलथी राजाए उंचा हाथ करीने कह्युं के, "हे नगरवासी जनो! जे माणस आ हाथीने वश्य करी आलान स्तंभ साथे बांधशे; तेने हुं घणी संपत्ति आपीश."

राजानां आवां वचन सांभली जागता पराक्रमवालो नलराजा हाथी सामो दोड्यो. तेने जोइने सर्वे नगरवासी लोको बोली उठ्या के, "अरे कुब्ज! मरवाने माटे हाथी सामो न जा; कारण ए महा दुष्ट छे; तेथी तने मारी नाखशे." नलराजा माणसोनां वचन सांभलतो छतो पवनना वेगथी हाथी पासे जइ तेने एक पथ्थर मारीने कहेवा लाग्यो. "अरे दुरात्मन् मातंग! तुं आ स्त्रीओने तथा बालकोने मार नहीं; कारण के मदनो नाश करवामां सिंहना सरखो पराक्रमी हुं त्हारी आगल आवीने उभो छुं." पछी क्रोधथी आंधला थएला, उद्धत अने चारे तरफ दोडता एवा ते हाथीने नलराजाए पोतानी लघु गतिथी खेलाववा मांड्यो. घणो वखत तेम करवाथी थाकी गएला ते हाथीनी पासे नले पोतानुं वस्त्र फेंक्युं; तेथी क्रोध पामेलो हाथी वांको वलीने मनुष्यनी भ्रांतिथी ते वस्त्रने पोताना दांतो मारवा लाग्यो एटले लाघवपणाथी उछली तेनी

पीठ उपर चढी गएला नलराजाए कुंजस्थलपर हाथ फेरवी घणे वखते तेने पोताने स्वाधिन कर्यो.

पछी दधिपर्ण राजाए तेने उत्तम पुरुष जाणी पोताना कंठनी रत्नमाला तेना कंठने विषे नाखी. नलराजा पण हाथीने आलान स्तंभ साथे बांधी दधिपर्ण राजा पासे आवीने बेठो. राजाए तेने उत्तम वस्त्र अने अलंकारोनी भेटो आपी कुल वंश विगेरे पूछ्युं; ते उपरथी कुब्ज एवा नलराजाए कह्युं. " हे भूपति ! म्हारी जन्मभूमी कोशला नगरी छे. त्यां म्हारुं सर्व कुटुंब कुशलपणाथी रहे छे. हुं नलराजानो हुंडीक नामे रसोइओ छुं अने रसोइ संबंधी सर्व कलाओ जाणुं छुं. वली नलराजा जे सूर्यपाक रसोइ जाणतो हतो तेने हुं पण तेनी कृपाथी जाणुं छुं. हे राजन् ! वधारे शुं कहुं ? परंतु रसोइनी खरी परीक्षा एने हती; जेथी हुं तेने प्रसन्न थइ पड्यो हतो. हे महीपति ! दुर्भाग्यने लीधे नलराजा पोताना न्हाना भाइ कूबर साथे द्यूत रम्यो. तेमां ते राज्यादि हारीजवाथी स्त्रीसहित वनमां गयो. वली ते त्यां मरी गयो एम पण में सांभल्युं छे. " आवां कुब्जनां वचन सांभली नलना गुणोने संभारता अने शोकमां बूडी गएला दधिपर्ण राजाए तेनुं प्रेतकार्य कर्युं.

एक दिवस दधिपर्ण राजाए कुब्जने प्रार्थना करीने कह्युं के, " मने एकवार सूर्यपाक रसोइ जमाड. " ते उपरथी कुब्जे सूर्यविद्यानुं स्मरण करी चोखानी भरेली तपेली तडके मूकी. पछी सूर्यपाक रसवती करीने सर्वेने जमाड्या; तेथी प्रसन्न थएला राजाए तेने पांचसे गाम अने एक लक्ष टंक सोनुं आपवा मांड्युं; कुब्जे पण गाम न लेतां सोनुं लीधुं. वली एक दिवसे राजाए फरीथी कुब्जने कह्युं, " जे त्हारी मरजी होय ते मागी ले. " कुब्जे कह्युं. " हे देव ! जेटली पृथ्वीमां तमारुं राज्य छे तेटली पृथ्वीमांथी द्यूत, मद्य अने मृगया ए त्रण क्रियाने बंध करो. " राजा दधिपर्णे कुब्जना कहेवा प्रमाणे पोताना राज्यमांथी ए त्रण क्रीयाने दूर करीने तेनो आदर सत्कार कर्यो; जेथी ते सुखे करीने त्यांज दिवसोने निर्गमन करवा लाग्यो.

एक दिवसे कुब्ज तलावने कांठे वृक्षनी छायां बेठो हतो, एवामां कोइ एक परदेशी ब्राह्मण आवीने तेनी पासे बेठो. पछी प्रफुल्लित नेत्रवाला

ते ब्राह्मणे कुब्जना सर्व अंगने जोइने ते बन्ने जणानी परस्पर वातो थती हती, तेना मध्ये गीतरूप आ बे श्लोक कह्या.

अनार्याणामलज्जानां, दुर्बुद्धीनां हतात्मनाम् ॥
रेखां मन्ये नलस्यैव यःसुप्तामत्यजत्प्रियाम् ॥ १ ॥
विश्रब्धां वल्लभां स्निग्धां, सुप्तामेकाकिनीं वने ॥
त्यक्तुकामोऽपि जातः किं, तत्रैव हि न भस्मसात् ॥ २ ॥

अर्थ– हुं नलराजानी रेखाने अनार्य, निर्लज्ज, दुर्बुद्धि अने हणाएला आत्मावाला पुरुषोना सरखी मानुं छुं; कारण के जे नलराजाए सूतेली एवी पोतानी प्रियाने त्यजी दीधी छे. विश्वासवाली, वहाली, पोतानेविषे आसक्त अने वनमां एकली सूतेली प्रियाने तजी देवानी इच्छावालो ते शुं त्यांज भस्म पणाने नहिं पाम्यो होय? अर्थात् भस्मरूप थवो जोइए.

पछी "बहु सारुं गान कर्युं." एम कहीने कुब्जे ते ब्राह्मण सामुं जोइने पूछ्युं. "तुं कोण छे? क्यांथी आव्यो छे? अने आ नलनी वात क्यां सांभली छे?" ब्राह्मणे उत्तर आप्यो. "हुं कुशल नामनो ब्राह्मण कुंडीन नगरथी आव्यो छुं अने में नलनी वात त्यांज सांभली हती. ब्राह्मणना वचन सांभली जेनुं मुख प्रफुल्लित थयुं छे एवा कुब्जे फरीथी कह्युं. "हे ब्राह्मण! नलराजाए दवदंतीनो त्याग कर्यो त्यां सुधीनीवात में सांभली छे. बाकीनी जे वात होय ते मने कहे?" ब्राह्मणे कह्युं. सूतेली एवी दवदंतीनो त्याग करी नलराजा चाल्या गया पछी थोडी रात्री बाकी हती ते वखते दवदंतीए स्वप्न दीठुं के, "जाणे हुं आंबा उपर फलो लेवा चडी होउं. एवामां कोइ एक हाथीए आवी ते वृक्षने मूलमांथी उखेडी नाख्युं; जेथी हुं ते वृक्ष सहित पृथ्वी उपर पडी. एवामां सवार थवाथी जागी गएली तेणे जोयुं तो पतिने दीठो नहीं एटले महाभय पामेली ते अबला दवदंती आम तेम चारे तरफ जोती मनमां विचार करवा लागी अने पोताना भाग्यने कहेवा लागी. "अरे दुर्भाग्य! दुःखथी बली रहेली एवी मने तुं हजु शुं करवानी इच्छा करे छे? जे हुं आ प्रकारनी दशाने प्राप्त थया छता पतिने देखती नथी. शुं मुख धोवाने माटे तलावमां तो नहिं गया होय? अथवा सौभाग्यना निधि रूप ते प्यारा पतिने कोइ वनदेवताए हरण कर्या तो नहिं होय?

शुं मने क्लेश करावबाने माटे लताना गुच्छोमां संताइ रह्या हशे ?" आ प्रकारे विचार करती एवी ते महासती वृक्ष वृक्षने जोवा लागी; परंतु ज्यारे कोइ स्थानके पतिने दीठो नहीं त्यारे तो ते चीराइ गएला हृदयवालानी पेठे सघली वनस्थलीने रोवरावती छती रुदन करता करता मूर्छा पामी.

पछी वनना शीतल पवनथी मूर्छा वली एटले ते स्वप्नाना अर्थनो विचार करवा लागी के, "जे में आंबानो वृक्ष जोयो हतो ते म्हारो सर्वोत्तम प्राणनाथ हतो. फलरूप राज्य लक्ष्मी अने हाथीरूप कूबर हतो. वली जे हुं पडी गइ तेज आ पतिनो वियोग हतो." आवी रीते विचार करती अने पूर्वे करेला कर्मना फलने मानती एवी ते महासतीए पोतानां वस्त्रमां रुधिरथी लखेला अक्षरो दीठा; तेथी ते वांचीने विचार करवा लागी के, "निश्चय हजी सुधी तो वहाला पतिना मनरूप मान सरोवरने विषे राजहंसीरूप हुं रही छुं, कारणके जे प्राणनाथे पोताना रुधिरथी लखेला अक्षरोए करीने मने पिताने घेर अथवा श्वशुरने घेर जवानी आज्ञा करी छे. हवे हुं वड पासेना मार्गे करीने पिताने घेर जइश; कारणके पतिरहित एवी स्त्रीउने पिता एज शरण छे.

पछी ते दवदंती हरिणीनी पेठे जय पामती अने मंत्रनी पेठे नलराजानुं स्मरण करती पीताना घर तरफ चाली. रस्ते अखंडित एवा दर्भना आगो पगमां वागवाथी निकलेला रुधिरे करीने जाणे पृथ्वीना तलने यावकना रसथी शोभायमान करती होय नहिं शुं ? वली रस्ते चालवाना श्रमथी थएला परसेवामां उडेली धुल चोटवाथी धुसरी बनी जवाथी जाणे कादववाला पाणीमां न्हायेली हंसी होय नहिं शुं? एवी ते दवदंती वनमां जती हती. सिंहो पर्वतनी देवी मानीने, सर्पो जांगुली औषधी मानीने अने हाथीउ सिंहण मानीने तेने कोइ प्रकारनो उपद्रव करी शकता नहोता. जेमां कोइपण माणस नहोतुं एवा ते महा अरण्यमां जती एवी ते अबलाने शीलव्रतना प्रभावथी हिंसक जीवो पण जाणे सहाय्यकारी थता होय नहिं शुं ? एवा देखता हता.

पछी वनने उलंघवाने कोइ पण उपाय शोधती एवी ते दवदंतीए जेमां अनेक गाडांउ जोडेलां हतां एवा एक सार्थवाहने दीठो. जेटलामां ते

सार्थवाहने जोइ तेनुं मन स्वस्थ थयुं तेटलामां तो केटलाएक चोरोए आवीने विषयो जेम कामी पुरुषने रोके तेम ते सार्थवाहने रोक्यो. ते जोइने महासती दवदंतीए पोताना हाथ उंचा करीने चोरोने कह्युं. "अरे तस्करो ! नासी जाओ ! नासी जाओ ! ! कारण जेम पोपटे नालीयेरने विषे करेलो श्रम फोगट जाय छे तेम आ सार्थवाहने विषे करेलो तमारो श्रम फोगट जशे." चोरोए दवदंतीनुं कहेवुं न मान्युं अने सार्थवाहने लुंटवा मांड्यो; तेथी ते दवदंतीए मंत्राक्षरना सरखा हुंकार शब्दथी चोरोने त्रास पमाड्यो एटले ते चोरो नासी गया.

पछी सार्थपति परिवार सहित दवदंतीनी पासे आव्यो अने कुलदेवतानी पेठे प्रणाम करीने बोल्यो. "हे कल्याणी ! तुं कोण छुं ? आ निर्जन वनमां केम भमे छे ? अने अमारा पुण्ययोगथी अहिं केम आवी चडी छुं?" पछी दवदंतीए नलराजा द्यूत रम्यो त्यारथी आरंभीने पोतानी सर्व वात कही; ते उपरथी सार्थपती तेने नलप्रिया जाणीने पोतानी व्हेन समान मानवा लाग्यो. पछी सार्थवाहना पटमंडप (तंबु) मां रहेती एवी ते महासती सुखथी मार्गनुं उल्लंघन करवा लागी. एवामां प्रवासीओने अपराधी सरखो वर्षाकाल प्राप्त थयो एटले गाडांओ कादवमां खूचवा लाग्यां, तेथी सार्थपतिए सारुं उंचुं स्थान जोइने त्यां पडाव कर्यो.

एक दिवस "सार्थपति अहिं घणा दिवसो सुधी रहेशे." एवुं धारीने दवदंती तेने पूछ्याविना गुप्तरीते चाली गइ. रस्ते तेने एक महा भयंकर अमासना समान कांतिवालो अने विकराल दाढोवालो राक्षस मल्यो. राक्षसे कह्युं. "हुं घणा दिवसनो भुख्यो छुं; माटे त्हारुं भक्षण करी क्षुधाने निवृत्त करीश." दवदंतीए कह्युं. "हे भद्र ! सांभल. धर्म बुद्धिवालाने मृत्युथकी भय क्यांथी होय ? परंतु तुं परस्त्री एवी मने स्पर्श करतामां भस्मभूत थइ जइश." दवदंतीनां आवां वचन सांभली तेना धैर्यथी प्रसन्न थएला राक्षसे कह्युं. "त्हारी शी इछा छे ? जे होय ते कहे ?" दवदंती पूछ्युं. "मने पतिनो मेलाप क्यारे थशे ?" राक्षसे उत्तर आप्यो. "बार वर्षने अंते." दवदंतीए हर्षथी कह्युं. "तें आ म्हारुं इछित कार्य कर्युं छे; माटे त्हारुं कल्याण थाओ. हवे तुं त्हारी मरजी प्रमाणे चाल्यो जा अने चिरकाल सुधी एक धर्म ग्रहण करजे." पछी राक्षस दिव्य-

रूप धारण करीने अंतर्ध्यान थइ गयो अने दवदंतीए पण ज्यांसुधी नलराजानो मेलाप न थाय त्यांसुधी तांबुल, रक्तवस्त्र, पुष्प, आजरण अने अंजनादि एटली वस्तुउ न ग्रहण करवारूप अजिग्रह धारण कर्यो. पछी अनुक्रमे चालता चालता शिला घासथी अने वृक्षोथी सुशोजित एवी पर्वतनी एक गुफा आवी तेमां तेणे निवास कर्यो. त्यां मृतिकाथी शांतिनाथनी मूर्ति करी गुफानी एक बाजुए मूकी तेमनुं वननां पुष्पोथी पूजन करती, तप क्रिया करती, स्वजावथी नीचे पडेला वृक्षोना फलोवडे पारणुं करती, पंचपरमेष्ठीनुं स्मरण करती अने निर्जय एवी तेणे एकलीए केटलोक काल त्यांज निर्गमन कर्यो.

हवे जेनी पासेथी ते छानी रीते नासी गइ हती एवो सार्थपति "शुं तेनुं कोइए हरण कर्युं हशे? एवी शंकाथी तेना पगले पगले चाल्यो अने केटलेक दहाडे पर्वतनी गुफा पासे के ज्यां दवदंती रहेती हती त्यां आवी पहोच्यो. त्यां तेणे जोयुं तो जिनेश्वरनुं पूजन करती एवी दवदंतीने दीठी. "तुं कोनुं पूजन करेछे?" एम सार्थपतिए पूछवाथी दवदंतीए उत्तर आप्यो के, "शांतिनाथ नामना शोलमा जिनेश्वरनुं." आ प्रकारना सार्थपतिनो अने दमयंतीनो थतो कोलाहल सांजलीने केटलाक तापसो त्यां आव्या; तेउने दवदंतीए सविस्तर जिनधर्म कह्यो. पछी जेना कर्मबंध तूटी गयां छे एवो वसंत नामनो सार्थपति पण जिनधर्मनो अंगीकार करी सार्थसहित त्यांज रह्यो.

एक वखते पासेना आश्रममां रहेनारा ते तपस्वीउ महा वर्षाद पडतो होवाथी आकुल व्याकुल थवा लाग्या एटले दवदंतीए तेउनां फरतुं चारे तरफ कुंडालुं करीने कह्युं. "जो हुं जिनेश्वरनी उपासना करनारी अने महासती होउं तो वर्षाद आ कुंडालानी अंदर पडशो नहीं." पछी संकेत करी राखेलानी पेठे वर्षाद कुंडालानी अंदर पडतो बंध थयो, जेथी सर्वे तापसो सुखेथी रहेवा लाग्या. पछी ते सर्वे तापसोए विस्मयथी "आ कोइ स्त्रीरूपे देवी छे" एम धारीने जैनधर्मनो स्वीकार कर्यो. सार्थपतिए पण तेज स्थानके एक मनोहर नगर वसावी तेमां उंचा तोरणवालुं श्री शांतिनाथनुं देरासर कराव्युं. दवदंतीए त्यां पांचसे तापसोने बोध कर्यो ते उपरथी ते नगरनुं नाम तापसपुर पाड्युं.

एक दिवस यशोजद्र सूरी विहार करता करता ते पर्वत उपर गया. त्यां निर्मल बुद्धिवालो कूबरनो पुत्र सिंहकेशरी रहेतो हतो. तेणे सूरीने पूछी पोतानी पांच घडी आयुष्य जाणीने तेमनी पासे दीक्षा लीधी एटले तरतज तेने केवलज्ञान उत्पन्न थयुं. सर्वे देवताउं तेनो केवल महोत्सव करवा आववा लाग्या; तेमने जोइने दवदंतीए पण पांचसे साधु अने सार्थपति सहित त्यां जइ केवलीनी देशना सांजली. केवलीए सार्थपतिने अने तापसोने कह्युं के, "आ वैदर्जी महासती, सत्यवाणीवाली, धर्मनी जाण अने अरिहंत प्रजुनी जक्त छे." पछी ते केवल ज्ञानि मुनि सर्व कर्म क्षय थवाथी मोक्षपद पाम्या.

हवे दवदंतीए पोतानो पूर्वजव यशोजद्र सूरीने पूछयो एटले तेमणे कह्युं. "हे जद्रे! नलराजा पूर्व जवने विषे मम्मण नामे राजा हतो अने तुं तेनी वीरमति नामे वहाली स्त्री हती. एक वखते तमे बन्ने जणा क्यांइ जता हता एवामां एक मुनि सामा मल्या; तेथी तमे अपशुकन थया मानीने क्रोधथी तेमने बार घडी रोकी राख्या. पछी क्षणमात्रमां क्रोधने शमावी तमे बन्ने जणाए मुनिने खमाव्या. एज कारणथी तमने आ बारवर्षनो वियोग थयो छे." आवां मुनिनां वचन सांजलीने दवदंती पाछी पोताने स्थानके आवी. आ प्रकारे पर्वतनी गुफामां रहेती, जिनेश्वरनुं पूजन करती अने प्रजावना करती एवी तेणे त्यांज सात वर्ष पूर्ण कर्या.

कोइ वखते कोइ पुरुषे गुफाना बारणा आगल आवीने दवदंतीने कह्युं के, "हे वैदर्जि! में म्हारा पति नलराजाने अहिं पासेना वनमां दीठो छे; तेथी हुं तने कहेवा माटे आव्यो छुं. हवे हुं जाउं छुं; कारण के, म्हारो सार्थवाह जतो रहे छे." पुरुषनां आवां वचन सांजली दवदंती नलनी शोध करवाने चाली अने ते महा अरण्यमां जूली पडी. एवामां तेणे एक म्होटी राक्षसी दीठी, पण तेने तो महासतीए पोताना शीलव्रतना प्रजावथी राक्षसनी पेठे क्षणवारमां स्तंजीत करी दीधी. वली तृषातुर थएली ते दवदंतीए पृथ्वी उपर हाथ पछाडी जलप्रवाहवाली नदी प्रगट करीने तेमां पोते न्हाइने निर्मल पाणी पीधुं. आवा शील प्रजाववाली ते महासतीने कोइ एक दिवसे ते वनमां धनदेव नामनो सार्थवाह मल्यो; तेनी साथे ते अचलपुर नगर प्रत्ये गइ अने त्यां जाणे

आकाशथी पडी होय नहिं शुं? एम निराधारपणे नगरनी ब्हार रही. ते नगरमां ऋतुपर्ण नामे राजा राज्य करतो हतो. तेने चंद्रयशा नामे स्त्री हती के, जे दवदंतीने मासी थती हती. एक वखते चंद्रयशानी दासी पाणी जरवा जती हती, तेणे दवदंतीने देखीने चंद्रयशानी आगल वात कही; जेथी चंद्रयशाए दवदंतीने पोतानी पासे बोलावी; परंतु "आ पोतानी ब्हेननी पुत्री ढे" एम ते उंलखी शकी नहीं. तेम दवदंतीए पण पोतानी मासीने उंलखाण करावी नहीं; तोपण चंद्रयशाए तेने पोतानी पुत्रीनी समान मानीने पोतानी पासे राखी.

पढी दवदंतीए चंद्रयशा (मासी)नी आज्ञाथी दान देवा मांड्युं अने पींगलक नामना एक चोरने फांशीनी शीक्षाथी ढोडाव्यो एटले वसंत सार्थवाहनो सेवक ते पींगलक दवदंतीने उंलखीने कहेवा लाग्यो के, "हे देवि! तमे ज्यारे तापसपुरथी चाल्या गया, त्यारे वसंत सार्थवाह अन्नने त्यजी दइ घणा खेदथी रुदन करवा लाग्यो. तेने यशोजद्र सूरिए अने बीजा केटलाक जनोए प्रतिबोध करीने साते दिवसे पारणुं कराव्युं. पढी सुवर्ण अने रत्नोनी जेटथी कूबर राजाने संतोष पमाडी वसंत सार्थवाह तापसपुरनो राजा थयो ढे. हे मात! तमारा प्रसादथीज कूबर राजाए वसंत सार्थवाहनुं वसंत शेखर नाम पाडी पोताना नगरथी तापसपुर प्रत्ये मोकल्यो ढे." पींगलनां वचन सांजली दवदंतीए तेने कह्युं. "हे वत्स! दीक्षा धारण कर्य." पढी पींगलके लघु कर्मपणाथी दीक्षा लीधी.

हवे "जाइनी साथे द्यूत रमवाथी राज्य विगेरे सर्व हारी जइ नल राजा दवदंती सहित वनमां गयो ढे. त्यां ते दवदंतीने त्यजी दइ पोते एकलो चाल्यो गयो ढे." एवी वात जीमक राजाए सांजली; तेथी ते अने दवदंतीनी माता पुष्पदंता रुदन करवा लाग्या. पढी जीमक राजाए दवदंतीनी शोधने माटे हरिमित्र ब्राह्मणने मोकल्यो; तेथी ते ब्राह्मण गामे गाम, शहेरे शहेर अने वने वन जोतो जोतो अचरपुर नगरमां आव्यो, त्यां तेणे ऋतुपर्ण राजानी पासे जइने दवदंतीनी खबर पूढी. हरिमित्रे सर्व वात कही ते उपरथी ऋतुपर्ण राजा अने चंद्रयशा शोक करवा लाग्या. पढी जुख्यो थएलो ते ब्राह्मण दानशालामां गयो. त्यां ते दवदंतीने जोइने आश्चर्य पाम्यो.

पछी ते विप्र दवदंतीने नमस्कार करीने कहेवा लाग्यो के, "हे भीमकसुता! सर्व पृथ्वीमां भमता एवा में आजे तने दीठी छे! हा! रत्न घरमां छते मुर्ख माणसज पृथ्वी उपर भमे छे." पछी ते ब्राह्मणे "तमारी दानशालाने विषे दवदंती छे." एम रुतुपर्ण राजाने अने चंद्रयशाने वधामणी आपीने हर्ष पमाड्या. चंद्रयशा पण तत्काल दानशालामां आवी दवदंतीने आलिंगन दइने कहेवा लागी. "हे वत्से! हुं त्हारा बलिरूप थाउं. अरे! धिक्कार छे मने के, जे हुं ब्हेननी पुत्री एवी तने उलखी शकी नहीं. हे वत्से! तें पोतानी वात गुप्त राखीने मने केम छेतरी?"

पछी चंद्रयशा दवदंतीने पोताना मंदिरमां तेडी गइ. त्यां तेने सुगंधि जलथी स्नान करावी, उत्तम हिरागल (रेशमी) वस्त्र पहेरावी अने पछी राजा पासे तेडी गइ. राजा रुतुपर्णे सर्व वात पूछी ते उपरथी दवदंती पोतानी राज्य हारी जवा विगेरे सर्व वात कहीने रोवा लागी. रुतुपर्णे तेनां आसुंने लुही नाखता छता कह्युं. "हे वत्से! एमां खेद शो करवो? कारण के, कर्मनी गति एवीज होय छे." आ प्रकारे रुतुपर्ण अने दवदंती परस्पर वातो करे छे एवामां पोतानी कांतिथी सभाने प्रकाश करतो छतो कोइ देव त्यां आव्यो अने दवदंतीने नमस्कार करीने बोल्यो. "हे भद्रे! हुं ते पींगलक नामनो चोर छुं के, जेने तें फांशीनी शीक्षाथी मूकाव्यो हतो. वली जैनधर्मनो बोध करीने दीक्षा पण ग्रहण करावी हती. हे भद्रे! एक दिवस श्मसानमां कायोत्सर्ग करीने उभो रहेलो हुं चितानी अग्निथी बली मरीने त्हारा प्रसादथीज सौधर्म देवलोकने विषे श्रेष्ठ देवपणाने पाम्यो छुं. हे महादेवि! तुं दीर्घकालसुधी विजय पाम्य." एम कहीने ते देवताए रुतुपर्ण राजानी सभामां सात क्रोड सोना म्होरनी वृष्टि करी. आ प्रमाणे धर्मनुं फल जोइ हर्ष पामेला रुतुपर्ण राजाए जैनधर्मनो स्वीकार कर्यो.

पछी हरिमित्र ब्राह्मणे रुतुपर्णने कह्युं. "हे राजन्! दवदंती अहिं घणा दिवस रहि छे, माटे हवे तेने पिताना घर प्रत्ये मोकलो." ब्राह्मणनां वचन उपरथी रुतुपर्ण राजाए दवदंतीने म्होटी सेनासहित पिताने घेर मोकली. पुत्रीने आवती सांभली भीमक राजा पुष्पदंता प्रिया सहित सामो गयो. तेउने जोइ हर्षनां आंसुथी विव्हल बनेली दवदंती

पिताने प्रणाम करी माताना कंठे वलगीने रोवा लागी. पछी जीमक राजाए पुत्रीने नगरमां प्रवेश करावी सात दिवससुधी म्होटो उत्सव कर्यो.

(तलावने कांठे वृक्षनी छायामां बेठेला कुब्जने मुसाफर ब्राह्मण कहेछे के) "हे कुब्ज ! सात दिवसनो उत्सव पूर्ण थया पछी एक दिवसे जीमक राजाए पुत्री दवदंतीने तेनी सर्व वात पूछी एटले तेणे पोतानी सर्व वात पिताने कही. ते वखते हुं त्यां बेठेलो हतो; तेथी में आ वात सांजली छे. पछी जीमक राजाए दवदंतीने कह्युं. "हे वत्से ! तुं आपणा घरे सुखेथी रहे. त्हारो मनोरथ पूर्ण थशे तेम हुं करीश." पछी तेणे हरिमित्र ब्राह्मणने पांचसे गाम आप्यां अने कह्युं के, "नलराजा आवशे एटले तने अर्धुं राज्य आपीश."

हवे एम बन्युं के, दधिपर्ण राजाए कंइ कार्य प्रसंगे आ सुंसुमार नगर थकी पोताना बुद्धिवान् दूतने कुंडिनपुरमां जीमकराजा पासे मोकल्यो. राज्यकार्य करी रह्या पछी सुखेथी रहेला ते दूते एक वखत प्रसंगने लीधे जीमक राजाने कह्युं के, "हे देव ! दधिपर्ण राजानी पासे नलराजानो रसोइओ आवेलो छे. ते शरीरे कुब्ज (ठींगणो) छतां उत्तम सूर्यपाक रसवती करी जाणे छे. वली ते बीजी पण केटलीक कलाओ जाणे छे." एवां ते दूतनां वचन सांजली दवदंतीए जीमक राजाने कह्युं. "हे तात ! सूर्यपाक रसवती तेना (नलराजाना) विना बीजो कोइ जाणतो नथी. तो ऊंषधि, अथवा मंत्रके देवादिकनां माहात्म्यथी गोपवी राखेली आकृतीवालो तेज तमारो जमाइ (निषध राजानो पुत्र) होवो जोइए. पछी जीमक राजाए मने शीखामण आपीने तत्काल अहिं मोकल्यो छे, जेथी हे जद्र ! हुं पूछतो पूछतो अहिं त्हारी पासे आवी चड्यो छुं.

(तलावने कांठे बेठेला कुब्जने मुसाफर ब्राह्मण कहेछे के) हे कुब्ज ! तने जोइने खेद पामेला आत्मावालो हुं विचार करुं छुं के, "मुक्ताफल समान कांतिवाली दवदंती क्यां ? देवना समान कांतिवालो अने लक्ष्मीना समूह सरखो नल राजा क्यां ? अने धनुर्वाथी वांका थइ गएला अंगवालो तेमज श्याम मूर्तिवालो तुं क्यां ? क्यां कल्पवृक्ष ? अने क्यां एरंडानुं झाड ? वली क्यां मणि ? अने क्यां पथ्थर ? हे कुब्ज ! आजे तेने जोवाथी हुं धारुं छुं के, दवदंतीनो मनोरथ पण कुब्ज (वांको अ-

थवा अवलो) थयो. हा ! मने जे शुन्न शकुनो थया हता, ते सर्वे निष्फलपणाने पाम्या. अरे ! जो सर्वे माणसोनुं इच्छित कार्य थतुं होत तो कोइ डुःखी थात नहीं."

पछी कुब्ज पण "अरेरे पथिक ! आ स्त्री पुरुषनो वियोग शा कारणमाटे थयो ?" एम कहीने मनमां पोतानी प्राणप्रियानुं स्मरण करीने रुदन करवा लाग्यो. वली ते कहेवा लाग्यो के, "हे विप्र ! तुं पूज्य बुं. कारण के, तें म्हारी आगल आवी पवित्र कथा कही. चाल म्हारे घरे, हुं त्हारो सत्कार करुं." एम कहीने ते पोताने त्यां तेडी गयो. त्यां तेणे सूर्यपाक रसवतीथी ब्राह्मणने जमाडी पूर्वे राजाए पोताने आपेलुं सघलुं डव्य आपीने तेनो सत्कार कर्यो.

पछी ते ब्राह्मणे विदर्जनगरमां आवीने जीमक राजानी पासे दवदंती सांजलता छता पोताने थएलो कुब्जनो मेलाप, वात सांजलवाथी कुब्जनुं रुदन, सूर्यपाक रसवतीनुं जोजन अने पोताने थएला डव्यनो लाज, ए सर्व वात कही. पछी दवदंतीए पिताने कह्युं. "हे तात ! हवे कंइ विचार करवा जेवुं रह्युं नथी. निश्चय ए कुब्ज रूपथी तमारा जमाइ रह्यो छे. माटे तेने गमे ते उपाय करीने एक वखत अहिं बोलावो. हुं तेनां लक्षणे करीने नल अथवा अनलनी परीक्षा करीश." जीमक राजाए कह्युं. "हे वत्से ! मिथ्या स्वयंवरनो आरंज करी सुंसुमार नगरना पति दधिपर्ण राजाने बोलाववा माटे माणसने मोकलीए. जो ते कुब्ज नल हशे तो राजानी साथे आवशे. कारणके, स्त्रीउनो पराजव पशुउने पण डुःसह होय छे. वली नलराजा अश्वविद्या जाणे छे, तो स्वयंवरनुं मुहूर्त पासे राखीए एटले ते विद्यानी पण परीक्षा थइ जशे."

पछी चैत्र शुदी पांचमनुं मुहूर्त राखी जीमक राजाए दधिपर्ण राजाने मिथ्या स्वयंवरमां बोलाववा माटे माणसो मोकल्या. दधिपर्ण राजा पण मुहूर्त नजीक आव्युं जाणी खेद करवा लाग्यो. तेने जोइने कुब्जे पूछ्युं."हे देव ! केम शोकातुर जणाउ छो ?" राजाए उत्तर आप्यो के, "नल राजा मरी गयानी खबर सांजली दवदंती सवारे बीजो स्वयंवर करे छे; जेने फक्त छ पहोरनुं अंतर छे. मने दवदंती साथे पाणीग्रहण करवानी घणी इछा छे; परंतु प्रजात थवाने हवे वार नथी; माटे खेद था-

थशे." कुब्जे कह्युं. "हे देव! खेद न करो. तमे मने इच्छित उत्तम घोडा अने रथ आपो. हुं तमने सवारमां कुंडीनपुर पहोचता करीश. पछी दधिपर्ण राजाए तेने उत्तम घोडा अने रथ आप्यो. ते कुब्जे तैयार कर्यो. तेमां राजा, छत्र धारण करनार, छडीदार, बे चामर नाखनार अने कुब्ज ए छ जणा बेठा. वली कुब्जे नागे आपेलो करंडीउं अने बीलुं पण पोतानी साथे लइ लीधुं. पछी तेणे रथने चलाव्यो एटले ते महासमुद्रमां पवनवडे झडपथी चालता वहाणनी पेठे चालवा लाग्यो. रस्तामां वायुना वेगथी दधिपर्ण राजानुं उत्तरीय वस्त्र (पासे राख्यानुं) पृथ्वी उपर पडी गयुं; तेथी तेणे कुब्जने कह्युं. "रथ उभो राख्य; म्हारुं उत्तरीय वस्त्र पृथ्वी उपर पडी गयुं छे, ते हुं लइ लउं." कुब्जे हसिने कह्युं. "हे देव! ज्यां तमारुं उत्तरीय वस्त्र पडी गयुं छे; त्यांथी पच्चीश योजन आगल आवता रह्या छीए. हजु आ मध्यम घोडाउ छे; परंतु जो उत्तम घोडीउ होत तो निश्चय पचास योजन आगल निकली जात."

पछी रस्ते जता एवा दधिपर्ण राजाए फलवाला बेहडाना वृक्षने जोइने पोतानो उत्कर्ष बतावबा सारुं सारथीने कह्युं. "आ वृक्षना फलनी संख्या हुं गण्या विना जाणी शकुं छुं; पण ते कौतुक हुं तने आवतीवखते बतावीश. कारणके, अत्यारे वार थइ जाय." कुब्जे कह्युं. "ते कौतुक मने अत्यारे बतावो. वली हुं सारथी छुं; त्यांसुधी तमारे विलंब थवानो भय राखवो नहीं" राजा दधिपर्णे कह्युं. "ए वृक्ष उपर अढार हजार फलो छे." पछी कुब्जे रथथी नींचे उतरी एक मुष्टी मारीने वृक्षने नीचे पाड्युं अने फलोने गणी जोयां तो बराबर तेटलांज थयां. पछी दधिपर्ण राजाए पोतानी गणितशास्त्रनी विद्या कुब्जने शीखवी अने कुब्जनी अश्वविद्या पोते शीख्यो. अनुक्रमे चलावेलो रथ सूर्योदय वखते कुंडिनपुरना दरवाजा आगल आवी पहोच्यो.

हवे अहिं दवदंतीए ते रात्रमां स्वप्न दीठुं हतुं; तेथी तेणे सवारमां उठीने पोताना पिताने कह्युं के, "हे तात! आजे स्वप्नामां कोइ निवृत्ति देवी मने कोशलपुरना उद्यानमां तेडी गइ. त्यां ते देवीना कहेवाथी हुं कोइ रसाल फलवाला वृक्ष उपर चडी. वली तेणे म्हारा हाथमां प्रफुल्लित कमल आप्युं. एवामां ते वृक्ष उपरथी कोइ पक्षी नींचे पडी

गयुं. एटलामां हुं जागी गइ." जीमक राजाए स्वप्नानी वात सांजलीने पुत्रीने कह्युं. "हे वत्से! तें आ उत्तम स्वप्न दीठुं छे. पूर्वना ऐश्वर्यनी प्राप्ति, पतिनो मेलाप अने कूबरनुं राज्यथी भ्रष्ट थवुं, ए सर्व आ स्वप्न सूचवे छे." आ प्रकारे पिता पुत्री परस्पर वातो करे छे एवामां मंगल नामना द्वारपाले आवीने तेउने वधामणि आपी के, "दधिपर्ण राजा नगरना दरवाजे आवीने उजा छे."

पछी जीमक राजाए हर्षथी सामा जइ बहुमानपूर्वक तेमने नगरमां प्रवेश करावी उतारो आप्यो. त्यां दधिपर्ण राजाए कुब्ज पासे सूर्यपाक रसवती करावी जीमक राजाने कुटुंबसहित जोजन कराव्युं. दवदंतीए पण सूर्यपाक रसवतीने मगावी जोजन करीने निश्चय कर्यो के, "आ रसवती करनारो कुब्ज हो अथवा लुलो हो; परंतु नल तो एज छे. एमां हवे कांइ संशय नथी. कारण ज्ञानीए कह्युं छे के, "तेना विना बीजो कोइ आ प्रकारनी रसवती करवामां चतुर नथी." निश्चय कुब्जरूप धारण करनारो एज निषध राजानो पुत्र छे. दवदंतीए पिताने कह्युं. "हे तात! ए कुब्जरूपधारी निषध राजानो पुत्र छे; कारण श्वेतांबर मुनिना वचन मिथ्या होय नहीं."

पछी जीमक राजाए कुब्जने पोताने घेर बोलाव्यो एटले दवदंतीए पिताने कह्युं. "हे तात! ए नलराजा छे एवी सर्व प्रकारे खात्री थइ चूकी छे छतां बीजो उपाय ए छे के, जो ए मने पोतानी आंगलीनो स्पर्श करे अने एनाथी मने रोमांच उत्पन्न थाय तो एने खरोखरो नल जाणवो." पछी जीमक राजाए कुब्जने तेम करवानुं कह्युं एटले तेणे कह्युं. "हुं जन्मथी आरंजीने ब्रह्मचारी छुं, तो परस्त्रीनो स्पर्श केम करुं?" वधारे आग्रहथी कुब्जे ते वात कबुल करीने एक आंगलिवति दवदंतीना अंगने स्पर्श कर्यो, जेथी रोमांच उत्पन्न थवाने लीधे तेणे कुब्जने कह्युं. "हे नाथ! ते वखते हुं सूतेली होवाथी तमे मने त्याग करीने जता रह्या हता, परंतु अत्यारे तो जागती छुं. तो शी रीते तेम बनशे?" एम कहीने ते कुब्जने पोताना घरनी अंदर तेडी गइ. त्यां नल राजाए नागे आपेलां वस्त्र तथा अलंकारोने धारण करी पोतानुं खरूं स्वरूप

प्रगट कर्युं; जेथी पतिव्रता दवदंती नलना जे स्वरूपनुं ध्यान करती हती तेज तेणे दीठुं.

पछी नलराजा बहार आव्यो एटले भीमक राजाए तेने घणा स्नेह-थी मळी अने पोताना सिंहासन उपर बेसारी हाथ जोमीने कह्युं. "हे राजेंद्र! आ राज्य अने संपत्ति सर्व तमारुं छे. वळी अमे पण तमारा हुकममां रहेनारा छीए; माटे जेम मरजी होय तेम करो. दधिपर्ण राजा पण संभ्रांत थयो छतो नल राजाने नमस्कार करीने कहेवा लाग्यो. "हे देव! में पण अज्ञानपणाथी जे कंइ आपनो अपराध कर्यो होय ते क्षमा करो." एवामां सार्थपति धनदेव भीमक राजाने मळवा माटे आव्यो. तेनो राजाए पोताना बंधुनी पेठे आदर सत्कार कर्यो. दवदं-तीना कहेवा उपरथी भीमक राजाए तापसपुरना अधिपति वसंत-सार्थवाहने अने ऋतुपर्ण राजाने पण पोताने घेर बोलाव्या. आ प्रकारे मान आपता भीमक राजाए सर्वने पोताने त्यां एक मास सुधी राख्या; परंतु नविन नविन उत्सवोने लीधे तेउने एक मास क्षणनी पेठे चाल्यो गयो.

एक दिवस कोइ देवताए आवीने दवदंतीने कह्युं. "हे देवी! तुं मने उळखे छे? हुं ते तापसोनो अधिपति छुं. तें मने प्रबोध पमाडीने अरिहंत संबंधी व्रत ग्रहण कराव्युं हतुं. अनुक्रमे हुं मृत्यु पामीने सौधर्म देवलोकने विषे केसर नामनो देवता थयो छुं. तुं तत्वथी म्हारो उपकार करनार छुं" एम कहीने नमस्कारपूर्वक सात क्रोड सुवर्णनी वृष्टि करीने ते देवता अंतर्ध्यान थइ गयो. पछी वसंत सार्थवाह, दधिपर्ण, ऋतुपर्ण अने भीमक विगेरे बीजा राजाउए अग्निनासमान प्रौढ पराक्रमवाला नलराजाने राज्याभिषेक कर्यो एटले ते नल राजा, बीजा राजाउ सहित म्होटा सैन्यथी पृथ्वीने कंपावतो छतो पोतानी कोशला नगरी तरफ चाल्यो. अनुक्रमे पोताना रतिवल्लभ नामना उद्यानमां आवी पहोंचेला नलराजाने सांभळी माणस जेम काळथी भय पामे तेम कुबर तेनाथी भय पामवा लाग्यो.

पछी न्यायमां प्रविण एवा नलराजाए दूत मोकली कूबरने कहेव-राव्युं के, "हे बंधो! हवे फरीथी पासाए खेलीए; नहिं तो पछी शस्त्रो-थी खेलीए." दूतनां वचन सांभळी कूबर धीरपुरुषोने साध्य एवी युद्ध-

क्रीयाथी जय पामी द्यूतक्रीया कबुल करी. कह्युं छे के– दीठेल अर्थने विषे कयो पुरुष स्पृहावंत न थाय? पछी बन्ने जाइओ पाछा द्यूत रमवा बेठा; तेमां उपार्जीत करेला पुण्यना प्रजावथी नलराजा जीत्यो एटले तेणे राज्य स्वीकार करी कूबरने युवराज पदवी आपी; जेथी अर्धा जरत क्षेत्रना सर्वे राजाओ नलने जेटुं आपवा लाग्या. पछी प्राप्त थएली लक्ष्मीवाला नलराजा अने दवदंती पोताना राज्यमां अमारी पटह वगडावी कोशला नगरीना जिनमंदिरोमां उत्सव अने जैनधर्मनी परजावना करावा लाग्या. वली निरंतर दर्शन पूजन करवा माटे आववा लाग्या. आ प्रकारे धर्म कार्य करता एवा ते राजाए हजारो वर्षसुधी पृथ्वीनुं पालन कर्युं.

एकदा निषध राजाए स्वर्गथी आवीने पोताना पुत्र नलराजाने कह्युं. “हे वत्स! राज्यना सारासारनी विवेचना शी छे? वायुए जूदा जूदा फेंकी दीधेला वादलाना सरखी संपतिओ चंचल छे, तो पछी तेने विषे निर्मल मनवालो कयो पुरुष आसक्ति पामे.?” एम कहीने निषध राजा पाछो स्वर्गे गयो. पछी पुष्कल नामना पुत्रने राज्य सोंपी नलराजाए दवदंतीसहित चारित्र ग्रहण कर्युं. सत्तर प्रकारना संयमने पालता एवा ते स्त्री पुरुष गुरुनी साथे विहार करवा लाग्या; परंतु सुकोमल स्वजावने लीधे नल मुनि संयम पालवामां शीथील आदरवाला थवाथी निषध राजाए फरी स्वर्गमांथी आवीने तेमने दृढ हृदयवाला कर्या.

पछी ते नल मुनि! दवदंतीने विषे अनुरागवाला चित्तने महाकष्टथी वश्य करीने अनशनव्रत धारण करी मृत्यु पाम्या; अने त्यांथी उत्तर दिशाना कुबेर नामे अधिपति थया अने दवदंती पण अनशनथी मृत्यु पामी तेनी स्त्री थइ. आ प्रकारे पापरूप कादवनो नाश करती, निर्मल शीलव्रतने धारण करती अने कोइपण प्रकारनां अशुज आचरणने न करती एवी ते दवदंती आ कुबेरपत्निना जवने विषे पण सर्व कर्मनो क्षय करी निराबाध अने अगाध एवा मोक्षसुखने पामशे.

॥ इति दवदंतीनी कथा समाप्त ॥

कमलानी कथा

आ एक रत्नाकर (रत्नना भंडाररूप समुद्र) वाला जंबूद्वीपने जाणे लज्जा पमाडतो होय नहिं ? एम अनेक रत्नाकरो (रत्नना भंडारो) थी मनोहर एवा लाट देशने विषे भृगुकच्छ नामनुं नगर छे. जिनेश्वरोए पवित्र कर्युं छे उपवन जेनुं एवा ते नगरने जाणे नर्मदानदी पोताना आत्माने पवित्र करवाने अर्थे विंटलाइ रही होय नहिं ? एम खाइ रूपे देखाय छे. ते नगरमां जेना प्रतापरूप सूर्य सर्व दिशाउमां प्रकाश करी रह्यो छे एवो अने लक्ष्मीने हर्ष करनारो मेघरथ नामनो राजा राज्य करतो हतो. तेने धर्म अर्थने विषे निर्मल बुद्धिवाली विमला नामनी स्त्री हती. तेउने लक्ष्मीने पेठे हर्षना पात्ररूप सात पुत्र उपर आठमी कमला नामनी पुत्री हती. सात बंधुउनी न्हानी व्हेन ते कमला ज्यारे युवावस्थामां आवी त्यारे युवान पुरुषोना मनने मोह पमाडवामां औषधीरूप थइ. जेम कोयल वसंतऋतुने संभारे, हस्तिउ विंध्याचलनुं स्मरण करे, तेम अनेक राजपुत्रो कामदेवने वश थइने ते कमलानुं स्मरण करवा लाग्या.

हवे ते वखते सोपारपुरमां जाणे सर्वे माणसोना चित्तने विषे निवास करनारो रतिवल्लभ (काम) होयनहिं ? एवो रतिवल्लभ नामनो राजा राज्य करतो हतो. ते राजा, मेघरथराजानी साथे मित्रता करवानी इच्छाथी हमेशां मेघरथराजा माटे जूदी जूदी जातनी भेटुं मोकलतो हतो. निरंतर पत्र अने भेटनी वस्तुउ लइ जता अने लावता एवा ते राजाना दुतोथी ते बन्ने भूपतिउनी परस्पर प्रीति वधवा लागी. कह्युं छे के– दानथी, प्रशंसाना वचनथी अने अनुकूल भाषणथी शत्रुपण मित्रपणुं पामे छे, तो पछी बीजानी तो वातज शी करवी.

एक वखते मेघरथ राजा विचार करवा लाग्यो के, "आवा विनयादि गुणोथी रतिवल्लभ सरखो शुं बीजो कोइ राजकुमार छे खरो ? अर्थात् नथी. जेवो सर्वगुणयुक्त रतिवल्लभ छे तेवीज आ म्हारी पुत्री कमला छे. तो सर्व माणसोने वखाणवा योग्य तेउनो परस्पर विवाह करवो वधारे सारो छे."

कोइ वखत मेघराजा सभामां बेठो हतो, एवामां कमला कुमारी आवीने तेना खोलामां बेठी. मेघरथ राजाए सर्व आभूषणोथी सुशोभित

पुत्रीने जोइ तत्काल मनमां पुत्रीना वरनो विचार करतां मुख्य प्रधानोने कह्युं के, "रोहिणीने चंद्रनी पेठे आ कमला कुमारीना योग्य वरने शोधी काढो." पछी प्रधानोए जेम पंडित पुरुषो शास्त्रना योग्य अर्थने शोधी काढे तेम सर्व प्रकारे शुद्ध अने कोइ पण दुषणरहित एवा रतिवल्लभने शोधी काढ्यो. पछी राजा मेघरथ मनमां विचार करवा लाग्यो के, "तत्वना जाण प्रधानोए म्हारा चित्तना अभिप्रायने मलता आवीनेज कह्युं छे. पृथ्वीमां घणुं करीने राजाउ शणगार सजावीने सभामां शोभावी राखवा जेवा छे; परंतु तात्पर्यथी राज्य तो प्रधानोना हाथमां रहेलुं छे. राजाना नेत्र प्रधानो कहेवाय छे, ते खरूं छे. एटलाजमाटे बहु प्रधनोने लीधे इंद्र हजार नेत्रवालो कहेवाय छे. राजाउ पासे राज्यनां सर्व अंग संपूर्ण हो; परंतु प्रधाननुं बल सर्वथी श्रेष्ठ गणाय छे." आ प्रमाणे विचार करी मेघरथ राजाए प्रगटपणे प्रधानोने कह्युं. "हे उत्तम प्रधानो! तमे म्हारा विचारने अनुसरीने हितकारी अने योग्य वचन कह्युं छे. हवे आपणे रतिवल्लभ साथे कमलानो विवाह करवा माटे कोइ सारा चतुर दूतने सोपारपुरमां मोकलवो जोइए." आ प्रमाणे विचार करीने बीजे दिवसे साल नामना दूतने सारी भेट आपी रतिवल्लभ पासे मोकल्यो. रतिवल्लभ राजाए पण कमला (लक्ष्मी) ना सरखी कमलानो विवाह कबूल करी ते दूतने सत्कार करीने पाछो मोकल्यो. पछी सारा मुहूर्ते म्होटी समृद्धिथी आवीने रतिवल्लभ राजा जेम कृष्ण कमला (लक्ष्मी) ने परण्या हता तेम कमलाने परण्यो. हाथेवाला वखते मेघरथ राजाए रतिवल्लभने हाथी, घोडा, रत्न अने अलंकार विगेरे बहु समृद्धि आपी. पछी पोताना देशप्रत्ये जता एवा रतिवल्लभने सीमाडा सूधी वलावी मेघरथ राजा पाछो वल्यो. मार्गमां ठेकाणे ठेकाणे गामडाना लोकोए प्रवेशोत्सवथी सत्कार करेलो, भाट अने चारण लोकोए करेला जय जय शब्द सांभलतो, लोकोने दानथी संतोष करतो, वागता वाजिंत्रोना शब्दथी दिशाउने बेहेरी करी देतो अने मूर्तिमंत राज्यलक्ष्मीना सरखी कमलाथी शोभतो ते रतिवल्लभ अनुक्रमे पोताना सोपारपुरमां आव्यो. त्यां ते राजहंसना सरखी गतिवाली अने सर्वे अंगे

करीने सुंदर एवी राज्यलक्ष्मीनी पेठे पोतानी कमला प्रियानी साथे जोग जोगववा लाग्यो.

हवे ते वखते समुद्रनी मध्ये गिरिवर्द्धन नामना नगरमां स्त्रीउने विषे आसक्त एवो कीर्तिवर्द्धन नामनो राजा राज्य करतो हतो. जेम माणस धंतूराने पीवाथी गांडो थइ जाय तेम ते राजा एक दिवस कमलाना स्वरूपने सांजली कामथी गांडो बनी गयो; तेथी तेणे मंत्रविद्याना जाण एवा पोताना युगंधर नामना मित्रने एकांतमां बोलावीने कह्युं के, "हे मित्र ! त्हारा सरखा मित्रोनी विद्याथी अमने फल शुं ? कार्य त्हारे स्वाधिन छे; तो पछी घरमां सर्व प्रकारनी संपत्ति छतां निर्जाग्य माणसनी पेठे हुं आवुं दुःख शा कारणमाटे सहन करुं ?" पछी कीर्तिवर्द्धन राजाना इष्ट अर्थने जाणी विवेकथी चतुर एवा युगंधरे कह्युं. "हे मित्र ! स्त्रीउ बे प्रकारनी थाय छे. एक पतिव्रता स्त्री अने बीजी असती स्त्री. जो ते महासती हशे तो तेने लाववामाटे श्रम करवो ए फोगट छे अने जो असती हशे तो त्हारो मनोरथ सफल थवाने वार नथी." कीर्तिवर्द्धने कह्युं. "हे मित्र ! तुं पण कामथी मरी रहेला मने शामाटे मारे छे ? तुं तेने एक वखत अहिं लावी आप. पछी फल मलवुं अथवा न मलवुं, ए म्हारे स्वाधिन छे." पछी युगंधरे रात्रीए जोंयरामां पेसी मंत्र जाप अने होमादि कार्य कर्युं, जेथी वायुए खेंचेली पांदडानी पंक्तिनी पेठे पोताने त्यां पलंगमां उंघी गएली कमला तेमनी तेमज त्यां आवी पहोची. पछी युगंधर विचार करवा लाग्यो के, "जो आ महासती जागशे तो निश्चे पद्म नामनी नागणीनी पेठे शाप आपीने मने जस्मकरी नाखशे." आवी रीते विचार करी ते तुरत जोंयरामांथी बहार निकली गयो. कीर्तिवर्द्धन पण मंगल आजूषणवाली कमलाने जोइ विचार करवा लाग्यो के, "निश्चे आ विश्वने मोह पमाडनारी छे. जेम उत्तम सुगंधीवाली कमलीनी राजहंसनो मनोरथ पूर्ण करे छे तेम सवारे जागी उठेली आ स्त्री म्हारो मनोरथ पूर्ण करशे." आवी उत्कंठाथी ते बोली उठ्यो के, "हे जद्रे ! जाग्य ! जाग्य ! सूइ न रहे." कीर्तिवर्द्धननां आवां वचनथी जागी उठेली कमला यूथथी जूली पडेली हरिणीनी पेठे आमतेम जोवा लागी अने विचार करवा लागी के, "अरे ! हुं

क्यां? आ स्थान क्यां? म्हारुं घर क्यां? अने म्हारी निद्रा क्यां? आ ते इंद्रजाल छे के स्वप्न छे? ते म्हारा प्राणनाथ क्यां गया?" आ प्रमाणे बोलती अने आकुल व्याकुल थइ गयेली ते कमलाना पगमां पडीने कीर्तिवर्द्धने कह्युं के, "हे जडे! हुं कीर्तिवर्द्धन त्हारो पति छुं. आ घर, आ स्थान, आ सघली संपत्तिओ अने बीजुं जे कांइ छे ते सघलुं त्हारुंज छे. वली हुं पण त्हारी आज्ञा प्रमाणे चालनारो छुं." कमलाए कोप करीने कह्युं. "अरे दुरात्मन्! कुलनेविषे कलंक वधारनारो तुं कोण म्हारी सामे उभो छुं? जेम कागडो राजहंसीने भोगववानी इछा करे छे तेम दुर्बुद्धि एवो तुं रतिवल्लभ राजानी पतिव्रता स्त्रीने भोगववानी इछा करनारो कोण छुं? अरे! तुं झट मने म्हारा घरनेविषे पहोचती कर; नहिं तो म्हारा पतिनां बाणो त्हारा माथानुं दश दिशामां भूतोने बलीदान आपशे." कीर्तिवर्द्धने पण वचनरूप लाकडीवडे प्रहार करतां कह्युं के, "गजराज जेम वेलना समूहने तोडी पाडे तेम हुं त्हारा सतीपणाने हवणांज भांगी नाखुं छुं." आ प्रमाणे तिरस्कार करता एवा तेणे जाणे कर्मथी उत्पन्न थएला पुतलो होय नहिं? तेम लोढानी सांकलवडे सर्व अंगे बांधीने ते कमलाने जाणे कामधेनु होय नहिं? एम गुप्त स्थानके राखी.

हवे अहिं सोपारपुरमां रतिवल्लभ राजाए सवारे शय्याथी उठीने जोयुं तो जाणे चोर लोकोए सर्व प्रकारे चोरी करी होय नहिं? एम पोतानी कमला प्रियाने दीठी नहीं. आम तेम जोयुं; परंतु कोइ ठेकाणे प्रियाने दीठी नही; तेथी जाणे वृक्षथी भूलो पडेलो वांदरो होय नहिं? एम तेणे चोकीदारोने पूछ्युं. तेओए पण विस्मय पामीने कह्युं के, "महाराज! देवीने पगे चालीने जता अमे कोइ ठेकाणे जोया नथी. वली अमे सवारसूधी बराबर जागता रहीने चोकी करी छे."

पछी रतिवल्लभ राजाए दूत विगेरेने मोकली बीजा द्वीप अने राज्यस्थानोमां शोध करावी; परंतु कोइ ठेकाणेथी कमलानी शोध मली नहीं. कह्युं छे के—ज्ञानथी जाणी शकाय एवी वस्तुओने बाह्य चक्षुओवाला शी रीते जोइ शके? पछी धर्मनेविषे चतुर एवा ते राजाए मनमां निश्चय कर्यो के, "निश्चय कोइ विद्यादि सिद्ध पुरुषे म्हारी प्रियानुं हरण

कह्युं छे. हवे धिक्कार छे आ म्हारा निरर्थक राज्यने, सर्व संपत्तिउने अने भुजबलने के, जे म्हारी प्राणप्रियानुं हरण थयुं !!! जे कोइ म्हारी प्रियानी शोध लावी आपशे; तेने हुं अर्द्धुं राज्य आपीश." आ प्रमाणे पडह वगडावीने वली ते शोक करवा लाग्यो के, "हाय! हाय! हुं जीवतो छतो मूवा सरखो छुं; कारण जेम उंघी गयेला माणसना माथा उपरथी मुगटनी चोरी थाय तेम म्हारी प्रियानी चोरी थइ छे." आवी रीते पोताना भुजबलनी निंदा करतो अने गुप्त क्रोधवालो ते रतिवल्लभ उषधि अने मंत्रथी स्तंभित करी दीधेला सर्पनी पेठे मनमांज बलवा लाग्यो.

हवे कमलानुं हरण थया पांच मास पूरा थया; एवामां प्रियाना शोकथी व्याप्त एवा ते रतिवल्लभ राजाना उद्याननेविषे जाणे बीजा सूर्य होय नहिं? एवा केवलज्ञानी मुनि समवसर्या. जेम वर्षाद आववाथी खेडु लोक हर्ष पामे एम मुनिना आववाथी हर्षित थयेला रतिवल्लभ राजाए तेमनी पासे जइ वैराग्य करनारी धर्मदेशना सांभली. देशनाने अंते राजा ए मुनिने पूछ्युं के, "हे प्रभो! म्हारी प्रिया जीवती छे के मृत्यु पामी?" केवलज्ञानी मुनिए सर्ववृत्तांत यथार्थ कह्युं एटले फरी राजाए पूछ्युं. "हे भगवन्! आ कया कर्मनुं फल प्राप्त थयुं? अने हवे ते स्त्री जीवती मने फरीथी मलशे के केम?" केवलज्ञानी मुनिए कह्युं.

हे राजन्! विस्मय नामना नगरमां दुर्जय नामनो राजा राज्य करतो हतो. तेने धन्या नामनी स्त्री हती. एक दिवस धन्याए क्रोध करीने पोतानी दासीने दोरडीवती बांधीने भूखी अने तरसी भोंयरामां पूरी दीधी. पछी थोडे दिवसे प्रसन्न थयेली धन्याए तेने बंधनथी छोडी दीधी. दासीने बांधी राखवाथी धन्याए महादारुण कर्म उपार्जन कर्युं. पछी अनेक गतिमां ते दारुणकर्मनुं फल भोगवीने हवणां ते धन्या त्हारी स्त्री कमला थइ छे. तेने आ छेल्ली वखतनुं बंधन थयुं छे. वली तेणे पूर्वभवने विषे जे त्रण माससूधी पंचमीनो तप कर्यो छे; तेथी ते बंधनथी मुक्त थशे. पछी ते निश्चय तने मलशे; कारणके भोगवेला कर्म तुरत क्षय पामे छे." मुनिनी आवी कतकचूर्णनी पेठे प्राणीउने निर्मल करनारी धर्मदेशना सांभली घणा भव्य जीवो पापरूप कादवथी मूकाइ गया.

हवे रतिवल्लभ राजा पोतानी प्रियाने बंधनमांथी छोडाववामाटे जेटलामां कीर्तिवर्द्धन राजानी साथे युद्ध करवा जवासारु सैन्यनी तैयारी करे छे तेटलामां तेज महाबल नामना केवलज्ञानी मुनि विहार करता करता कीर्तिवर्द्धन राजाना गिरिवर्द्धन नगरने विषे गया. त्यां तेमना प्रभावथी कमलाने बांधेला सांकलना बंधो सिंदुवार वृक्षना पुष्पनी पेठे तुरत तूटी गया. कीर्तिवर्द्धन राजा परिवार सहित मुनिने वंदन करवा गयो. त्यां तेने मुनिए धर्मलाभ आपीने विशेष प्रतिबोध करवामाटे तेना पूर्वजन्मना वृत्तांत सहित कमलानो प्रत्यक्ष दृष्टांत कही संभलाव्यो अने कह्युं के, "आ शीलवृत्तरूप वृक्षनुं प्रत्यक्ष फल जुओ के, जे प्रथम कमलाना शरीरे बांधेला सांकलनां बंधनो तूटी गया." आवां मुनिनां वचन सांभली अत्यंत खेद पामेलो कीर्तिवर्द्धन राजा आश्चर्यथी विचार करवा लाग्यो के, "हाय! हाय! बन्ने लोकमां विरुद्ध एवुं में आ शुं आचर्युं!!! काममां आसक्त एवा में महासती एवी कमलाने विषे जे खोटुं चिंतव्युं हतुं, ते तेना शीलवृत्तथी निष्फल थयुं!" आवी रीते विचार करी ते त्यांथी उठी ज्यां कमलाने एकांत स्थानमां राखी हती त्यां आवीने तेना पगमां पडी पोताना करेला अपराधनी क्षमा मागीने कहेवा लाग्यो के, "हे ब्हेन! जेनुं मुख जोवा योग्य नथी एवो पापी, अने जगतमां निंदा करवा योग्य हुं छुं के, जे में तने आवुं कष्ट आप्युं. वली तें प्रथम मने अकार्य करता वार्यो हतो; तेथी तुंज म्हारो बंधु अने धर्माचार्य छे. हवे हुं तने त्हारा नगरप्रत्ये पहोचाडीश. त्यां त्हारे रतिवल्लभ राजाए म्हारा उपर करेलो क्रोध दूर कराववो." पछी महा मूल्यवाला रत्नोथी गाडांओ भरी अने कमलाने साथे लइ कीर्तिवर्द्धन राजा त्यांथी चाली निकल्यो. अहिं सोपारपुरथी रतिवल्लभ राजा पण म्होटी सेनाने साथे लइ जेटलामां सीमाडे आव्यो तेटलामां तेने कमलाए पत्र आपीने आगलथी मोकलेलो कासद सामो मल्यो. पछी तुरत क्रोध अने संतोषथी व्याप्त थयेलो रतिवल्लभ राजा कमलाए लखेलो पत्र लइ वांचवा लाग्यो.

स्वस्तिश्री म्हारा हृदयमां निवास करी रहेला श्रीरतिवल्लभ स्वामीने नमन करीने समुद्रना मध्यथी आपनी दासी कमला विनंती करे छे के,

"हे स्वामिन्! आपना प्रसादथी हुं अखंडीत शीलवाली छुं. वली आ म्हारा हृदयमां निवास करी रहेला आपवडेज हुं निरंतर सनाथ छुं. हुं अहिंथी आपनुं दर्शन करवामाटे आवुं छुं अने म्हारीसाथे म्हारो कीर्तिवर्द्धन नामनो जाइ आपने विषे पूर्ण नक्तिवालो ठतो आपना चरणना दर्शन करवामाटे आवे ठे." आ प्रमाणे कमलाए लखेलो पत्र वाची रतिवल्लन राजा विचार करवा लाग्यो के, "अहो! कमलाना शीलनुं महात्म्य खरेखरुं आश्चर्यकारी ठे के, जेणे शत्रुने मित्र बनावी दीधो."

पढी बन्ने राजाउं समुद्रने कांठे एकठा थया. त्यां तेमणे परस्पर एक बीजानो योग्य आदर सत्कार कर्यो. पढी नगरवासी लोकोए नमस्कारादिकथी सत्कार करेला ते बन्ने राजाउंए कमलासहित सोपारपुरमां हर्षथी प्रवेश कर्यो. त्यां केटलाक दिवस गौरवपणे रह्या पढी कीर्तिवर्द्धन राजा पोताना नगरे गयो. रतिवल्लन राजाए पण सती कमलानी साथे त्रीवर्ग (धर्म-अर्थ अने काम)ना साररूप गृहस्थधर्म पूर्ण रीते पालीने पढी अनुक्रमे ज्यारे राज्यने धारण करवामां समर्थ पुत्र थयो त्यारे तेने राज्य आपीने पोते कमलासहित विषयसुखथी निवृत्त थयो. पढी दानवडे लोकने संतोष पमाडी, संघनो सत्कार करी ते बन्ने स्त्रीपुरुषे चंदनाचार्यपासे दीक्षा लीधी. अनुक्रमे दीक्षानुं पालन करता अने घातिकर्मनो क्षय करता ते बन्नेजणाने केवलज्ञान प्रगट थयुं. जेम सूर्य कमलोने प्रबोध पमाडे तेम अनेक जीवोने प्रतिबोध पमाडता रतिवल्लन केवली अनुक्रमे मुक्ति पाम्या. महासती कमला पण विहारथी पृथ्वीतलने सुशोनित करी अने नृगुकल नगरमां जइ त्यां पोताना मातापिताने तथा तेमना वंशना सर्व माणसोने प्रतिबोध पमाडीने मुक्तिपद पामी.

इति कमलानी कथा.

कलावतीनी कथा.

आ जंबूद्वीपने विषे अपार लक्ष्मी, केलना वन अने उत्तम तिलवृक्षथी सुशोनित एवा जे देशे स्वर्गने पण तिरस्कार कर्युं ठे एवो मंगल नामनो देश ठे. ते देशमां शंखपुर नामनुं नगर ठे. त्यां प्रजाना अनुकुल

कार्यने करनारो अने निर्मल मनवालो शंख नामनो राजा राज्य करतो हतो. युद्धमां अनेक शत्रुओने जीतीने पोताने स्वाधिन करेली जाणे सती स्त्री होय नहिं ? एवी पृथ्वीने ते राजा जोगवतो हतो.

एक दिवस सनामां बेठेला ते राजानी पासे कोइ परदेश जइ आवेला गंगशेठना पुत्र दत्तशेठे नेट मूकीने हर्षथी प्रणाम कर्यो. पछी आपेला आसन उपर बेठेला ते दत्तशेठने आगता स्वागता करीने राजाए पूछ्युं के, " तमे देशने योग्य एवुं कांइ आश्चर्य दीठुं होय तो कहो. " दत्तशेठे कह्युं. " हे देव ! हुं समुद्रनी मध्ये देवशाल नगरमां वेपार करवा गयो हतो के, ज्यां वेपारथी अमारी लक्ष्मी वृद्धि पामे छे. हे राजन् ! एवा देवारूप वेपारथी वृद्धि पामी छे लक्ष्मी जेनी एवो हुं जेटलामां त्यांथी पाछो वल्यो तेटलामां में एक आश्चर्य दीठुं; परंतु तेनो निर्णय करवाने हुं शक्तिमान् न होवाथी ते काम आपने सोपुं छुं." एम कहीने ते दत्तशेठे राजानी आगल एक चित्रपट्ट मूक्यो. राजाए ते चित्रपट्टमां आलेखेली कोइ स्त्रीने जोइ तेने देवी मानता छता कह्युं के, " आ कोइ देवी छे; कारण माणस जातिमां आवुं स्वरूप कोइनुं होतुं नथी. " पछी दत्तशेठे जरा हसीने कह्युं. " महाराज ! आ माणस जातिनी स्त्री छे छतां जो आप तेने देवी मानता हो तो तेने पट्टदेवी जाणो. " पछी जेम दरिद्री माणस द्रव्यना नंडार सामु एक नजरथी जोइ रहे तेम राजा पण ते पट्टमां चितरेली मूर्तिने एक दृष्टिथी जोइ दत्तशेठने कहेवा लाग्यो के, " माणसमां आवी रूप रेखा कोइनी होती नथी. " दत्तशेठे कह्युं. " राजेंद्र ! निश्चय ते मनुष्य जातिनी स्त्री छे. ब्रह्मानी चातुरीथी नहीं, परंतु घुणाक्षरन्यायथी[१] ते एवी रूपवंती निवडी छे. " पछी शंखराजाए पूछ्युं के, " ते कोण छे ? " दत्तशेठे उत्तर आप्यो के, " देवशाल नगरना महाराजा विजयसेननी श्रीमति राणीना उदरथी उत्पन्न थयेली कलावती नामनी ते कन्या छे. जगत्नी कला, सौजाग्य अने रूप विगेरेनी ते खरेखरी कसोटी छे. जेम जेम कलावतीनी युवावस्थारूप लक्ष्मी वृद्धि पामवा लागी तेम तेम विजयसेन राजाना चित्तने विषे तेना वरनी चिंता पण वृद्धि पामवा लागी. एक

१ लाकडाना जीवोए करडेला लाकडामां अक्षरोनुं कोरावुं.

दिवस जैनजक्त एवी ते कलावतीए प्रतिज्ञा करी के, "जे म्हारां चार प्रश्नोनो जाण हशे,तेने हुं वरीश." पुत्रीनी आवी प्रतिज्ञाथी राजा तेना वरनी महाचिंतामां बूडी गयो अने पुत्रीना वरनी प्राप्ति माटे स्वयंवर मंडपनी तैयारी करवा लाग्यो. एवामां आपणा नगरथी देवशालनगरमां वेपार करवा माटे जतो एवो हुं एक म्होटा अरण्यमां जइ पहोच्यो. ते वखते त्यां विजयसेन राजाना पुत्र जयसेनने डुष्ट अश्व हरण करीने लाव्यो हतो. ते कुमार ते वनमां मूर्बा पामीने पड्यो हतो. तेने में उपचारथी जीवतो कर्यो. पढी राजकुमार मने पालखीमां बेसाडी पोताने घेर लइ गयो. राजा विजयसेन पण ते उपकारथी मने पुत्रनी पेठे मानवा लाग्यो. एक दिवस सजामां बेठेला मने विजयसेन राजाए आज्ञा करी के,"डुष्ट अश्वे हरण करेला जयसेन कुमारने अरण्यमां बचावी तें जेवो म्हारा उपर उपकार कर्यो बे तेवोज आ कलावती व्हेनना श्रेष्ठ वरनो विचार करीने तुं चिंतारूप समुद्रमांथी म्हारो उद्धार करवारूप उपकार करवाने योग्यबे."

दत्तशेठ शंख राजाने कहे बे के, महाराज! ते वखते में विजयसेन राजाने कह्युं के, "तमारी कन्याने योग्य शंखराजा बे." आ प्रमाणे विचार करी अने पट्ट उपर कलावतीनुं रूप चितरी हुं अहिं आव्यो बुं. वली आ पट्टमां चितरेली कलावतीनी मूर्ति फक्त आजास मात्र बे; कारणके ते बराबर चितरी शकाय तेम नथी. जुर्ज के, सूर्यनी जेवी कांति बे तेवी प्रतिबिंबने विषे देखाती नथी." पढी शंखराजा योगीनी पेठे एक ध्यानथी क्षणमात्र पट्टमां चितरेली मूर्तिने जोइने हर्षथी प्रफुल्लित नेत्रवालो थयो बतो पोतानुं मस्तक धूणावीने मधुर वचनथी दत्तशेठने कहेवा लाग्यो. "हे वहाला मित्र! प्रथम तें आ म्हारा उपर बहु सारो उपकार कर्यो बे; परंतु म्हारुं एवुं जाग्य क्यांथी होय के, मने तेवा पात्रोनो समागम थाय!!" दत्तशेठे आनंदथी कह्युं. "महाराज! वृथा खेद न करो. में शुकनथी जाणी लीधुं बे के, ते निश्चय तमारी स्त्री थशे; परंतु तमे सरस्वती देवीनी आराधना करो के, जेथी ते राजकन्याये धारेला चार प्रश्ननो निर्णय तमाराथी थइ शके." पढी राजाए ब्रह्मचर्यादि नियमथी सरस्वती देवीनी आराधना करी के, जेथी ते सरस्वती देवीए प्रगट थइने तेने कह्युं के, "हे राजन्! त्हारा हा-

थना स्पर्शथी स्वयंवर मंडपनी पुतली ते कलावती राजकुमारीना चार प्रश्नो तुरत निर्णय करशे." शंखराजाए ते सरस्वतीनो प्रसाद बे हाथ जोडीने ग्रहण कर्यो. सरस्वती देवी पण ते सर्व कहीने तुरत अदृश्य थइ गया.

पछी कृतार्थ थएलो शंखराजा दत्तशेठसहित सैन्यथी पृथ्वीने कंपावतो छतो देवशाल नगर तरफ चाल्यो. तेने आवतो सांजली विजयसेन राजाए पोताना पुत्र जयसेनने तेना सामो मोकल्यो. शंखराजा पण पोताने जोवा आवती नगरनी स्त्रीउंनां नेत्रोना समूहथी नगरने नीलकमलमय करतो छतो देवशाल नगरमां आव्यो. पछी कलावतीने वरवामाटे आवेला अनेक राजाउं स्वयंवर मंडपमां आवी पोतपोताना सिंहासन उपर बेठा. शंखराजा पण पोताना उंचा सिंहासन उपर बेठो.

पछी विचित्र एवा अलंकारोथी इंद्रधनुष्यनी रचना करती, चारे तरफ धूपघडीथी निकलता धूमाडाने लीधे मलिन देखातां वस्त्रवाली, जाणे साक्षात् कलानी अधिष्ठायक देवी होय नहिं ? अथवा तो मूर्तिवंत रति पोतेज होय नहिं? वली विधाताए सर्व सुंदर वस्तुना सारने खेंचीने बनावेली होय नहिं ? एवी, तेमज जमरीउंथी विंटलायली कमलिनी पेठे सखीउंथी विंटलायली, दासीउंए छत्र धारण करेली, चालवाथी नृत्य करता केशवाली, जाणे कामदेवना धनुष्यनी दोरी होय नहिं ? एवी वरमाला दासीपासे धारण करावेली कलावती लक्ष्मीनी पेठे स्वयंवर मंडपमां आवी. पछी जेना हाथमां समस्यानी पत्रिका हती एवी प्रतिहारिणीए कह्युं के, " हे राजाउं ! आ चार प्रश्नो उत्तर आपो. १ प्रश्न. देव कोण ? २ गुरु कोण ? ३ तत्व शुं ? ४ अने सत्व शुं ? तमे आ कलावतीना चार प्रश्नने कहेवाने योग्य छो." पछी सर्वे राजाउंए पोतपोतानी बुद्धि प्रमाणे उत्तर आप्या; पण ते अर्हत् धर्मनी जाण एवी कलावतीए मान्य कर्या नहीं. पछी शंखराजा द्रव्यनो जंडार जडेला पुरुषनी पेठे हर्षित थयो छतो कहेवा लाग्यो के, " में म्हारा हाथथी स्पर्श करेली आ पुतली राजकन्याना प्रश्नो उत्तर आपशे." एम कहीने तेणे स्वयंवर मंडपना स्तंजनी पुतलीने माथे हाथवती स्पर्श कर्यो एटले पुतलीए उत्तर आप्यो के, " १ वीतराग देव, २ महाव्रत धारण

करनार गुरु, ३ जीवदया तत्व अने ४ इंद्रियनो निग्रह ए सत्व जाणवुं." पछी मनोरथ पूर्ण थवाने लीधे अत्यंत हर्षवंत थएली कलावतीए शंखराजाना कंठने विषे वरमाला आरोपण करी.

पछी महापराक्रमवंत अने क्रोधयुक्त थएला राजाउ कलावतीना शीलप्रजावथी ते वखते शंखराजानो पराजव करी शक्या नहीं. पछी सारा मुहूर्तने विषे ते वरवहुनो कुलगोरे हस्तमेलाप कराव्यो. ते वखते विजयसेन राजाए शंख राजाने हस्ति, अश्व, वस्त्र, आजूषण विगेरेथी संतोष पमाड्यो. पछी शंख राजाए कलावतीने साथे लइ पोताना नगर तरफ प्रयाण कर्युं. जेनी आंखोमांथी आंसु वहेतां हतां एवो विजयसेन राजा केटलेक दूर सूधी वलावा जइ अने पुत्रीने शिखामण दइ पाछो वल्यो. विजयसेन राजानी आज्ञा पालवामां तत्पर एवो दत्तशेठ पण कलावतीने प्रसन्न राखवामाटे शंखराजानी साथे गयो. मार्गमां एक रथ उपर बेसीने जता एवा ते स्त्री पुरुषना दिवस, रात्री, पक्ष अने मास एक क्षणनी पेठे चाल्या गया. ऐरावत हाथी उपर बेठेला इंद्र अने इंद्राणीनी पेठे महासमृद्धिथी हाथी उपर बेठेला ते स्त्री पुरुषे पोताना शंखपुरमां प्रवेश कर्यो. त्यां तेणे कलावतीनी साथे राज्यसुख जोगवतां लीलामात्रमां बहुकाल निवृत्त कर्यो.

एक दिवस शय्यामां सूतेली कलावतीए स्वप्नामां अमृतनो घडो दीठो. पछी तुरत जागी उठेली तेणे ते वात पोताना पतिने कही एटले हर्षथी रोमांचित थयेला शंख राजाए तेने कह्युं के, "हे जद्रे! तने राज्यरूप हस्तिने स्तंजनी पेठे आधाररूप पुत्र थशे." पछी छीप जेम मोतिने धारण करे तेम गर्जने धारण करती एवी राणीए आठ मासने विश दिवस काढ्या. पछी "स्त्रीउ प्रथम प्रसूति पिताने घेर करे छे." एवो लोक व्यवहार होवाथी विजयसेन राजाए कलावतीने तेडवामाटे माणसो मोकल्या. ते वखते ते माणसोनी साथे जयसेन कुमारे पोतानी व्हेनने माटे जाणे मूर्तिवंत स्नेहज होयनहिं? एवा बे बाजु मोकल्यां. माणसोए शंखपुरमां आवीने प्रथमथी जाणीता एवा दत्तशेठने ते बाजुउ आप्यां. तेणे पण ते बाजु अने समाचार कलावतीने आप्या. कलावतीए पण ते माणसोने सत्कार करीने रजा आपी. पछी कलावतीए

बंधु उपरना स्नेहने लीधे दासी पासे ते बाजु पोताने हाथे बंधाव्या अने बाजुथी सुशोभित एवा पोताना हाथने जोइने हर्ष पामती छती सखीओनी साथे हास्यथी वातो करवा लागी. आ वखते शंखराजा अंतःपुरमां आवतो हतो, ते रस्तामां दूरथी कलावतीना हास्य वचन सांभली " आ शुं बोले छे ? " एवा विचारथी ते सांभलवामाटे गोखमां उभो रह्यो. कलावती पण हाथने विषे बांधेलां बाजु सखीओने वारंवार देखाडती छती हर्षथी कहेवा लागी के, " हे सखी ! जेणे मने आ अद्भूत बाजु मोकल्यां छे ते दीर्घ आयुष्यवालानो म्हारे विषे घणो प्रेम छे. तेणे आजे घणे दिवसे मोकलेली वस्तु मने मली छे; परंतु ते पोते ज्यारे मने प्रत्यक्ष मलशे त्यारे म्हारो जन्म सफल थशे. " सखीओए कह्युं. " हे महादेवि ! जेवो चंद्रनो स्नेह पोयणी उपर होय छे तेवोज विश्वने वखाणवा योग्य एवा ते पुरुषनो स्नेह त्हारा उपर छे. " आ प्रमाणे कलावतीनां अने सखीओनां वचन सांभली क्रोधथी व्याप्त थएलो शंखराजा विचार करवा लाग्यो के, " निश्चय कलावती देवी बीजा कोइ पुरुषने विषे आसक्त थयेली जणाय छे. फक्त चणोठीनी पेठे उपरथी रक्त (राती) एवी आ चपल इंद्रियोवाली स्त्रीओने धिक्कार छे के, जे स्त्रीओ वांदरानी पेठे कामना जाड्यपणाथी चपल एवा पुरुषनो आश्रय करे छे. वांदराना पुंछडानी पेठे फक्त देहने विषे आसक्त एवी आ महादुःख आपनारी स्त्रीने त्याग करुं. " आ प्रमाणे विचार करी शंखराजा त्यांथी पाछो वल्यो. आ वखते कलावतीने त्यजी देवानो अवसर जाणीने जाणे ते जोवाने असमर्थ होय नहिं शुं ? एम राजाना विवेकनी साथे सूर्य अस्त थयो अने राजाना दूराशयनी पेठे चारे तरफ अंधकार वृद्धि पाम्युं. पछी राजाए बे चांडालणीओने बोलावीने कह्युं के, "वनमां त्यजी दीधेली देवी कलावतीना बाजुसहित बन्ने हाथ कापीने अहिं मारी पासे लाववा. एमां तमारे कांइ पण विचार करवो नहीं. " पछी राजाए नाम अने परिणामथी निर्दय एवा शय्यापालकने आज्ञा करी के, " कोइ न देखे तेवी रीते आ राणीने वनमां लइ जइ त्यजी दे. " पछी शय्यापालक वेगथी राणीने रथमां बेसारी वनमां लइ गयो. त्यां ते शोक करतो छतो राणीनी सन्मुख उभो रहि गद्गद् वाणीथी

कहेवा लाग्यो के, "हे देवी! महाराजाए कोइ दोषथी तमने वनमां त्यजी दीधेला छे." शय्यापालकनां आवां वचन सांजली राणी कलावती तुरत रथमांज मूर्छा पामी. पछी ज्यारे वनना पवनथी महाकष्टे करीने सचेत थइ त्यारे ते वृक्षथी छेदायली झालनी पेठे तुरत रथथी पृथ्वी उपर पडी गइ. पछी ते पितानुं अने जाइनुं वारंवार स्मरण करती छती गाढ स्वरथी रोवा लागी. निर्दय एवो शय्यापालक पण पोताना आत्मानी निंदा करतो अने रोती एवी ते राणीनी पाछल रोतो छतो तेने त्यजी दइने प्रजात वखते पोताना नगरमां आववा तैयार थयो. ते वखते शय्यापालकनी साथे राणीए शंख राजाने संदेशो कहेवराव्यो के, "हे राजन्! दासी एवी म्हारे विषे आपे जे आ आचरण कर्युं छे, ते तमारा कुलने योग्य छे? हे देव! जो तमारा मनमां कांइ शंका होय तो मने दिव्य विगेरे कराववा हता. हशे! जेम बनवानुं हतुं ते बन्युं! तमारुं कल्याण थाउ."

पछी जेनी आंखो आंसुथी जींजायली छे एवो शय्यापालक जेटलामां राणी कलावतीनी आश्वासना करतो छतो उजो हतो तेटलामां जाणे मूर्तिमान् दुष्टपणुं होय नहिं शुं? एवी बे चांडालणीउ तुरत त्यां आवीने "अरे पापणी! तें त्हारा पतिने छेतर्यो छे, तेनुं तुं आ फल जोगव." एम कहीने बाजुसहित ते कलावतीना बन्ने हाथ कापी लइने चाली गइ. एक तो वियोगनुं अने बीजुं हाथ कपायानुं एम बे प्रकारना दुःखथी दुःखी थएली कलावती छबका सहित शंखराजाने कहेवा लागी के, "हे नाथ! पाकेला चिजडानी पेठे फाटी जता एवा म्हारा हृदयनुं रक्षण करो." आवी रीते विलाप करती एवी ते सती कलावती नदीने कांठे वन हतुं त्यां गइ. त्यां तेणे एवा दुःखमां सुखना कारणरूप पुत्रने जन्म आप्यो. पछी ते पुत्रने कहेवा लागी. "हे वत्स! तुं पोतानी मेले सुखी अने दीर्घ आयुष्यवालो था; कारणके, दैवे म्हारी आशीष एज त्हारा पोषणनुं कारण बनाव्युं छे. अर्थात् म्हारे हाथ न होवाथी हुं त्हारुं पोषण करी शकुं तेम नथी. अरे! एक दरिद्री कुटुंबमां पुत्र जन्म थाय तो पण उत्सवो थाय छे अने हुं राजस्त्री छतां म्हारा पुत्रना जन्म निमित्ते उत्सवना लेशनो पण संशय थइ पड्यो छे."

कलावती आवी रीते विलाप करती हती ते वखते नदीनुं पुर एटलुं वधुं वधवा लाग्युं के, जाणे पोताने कांठे रहेला कलावतीना पुत्ररूप कीडाने खेंची जवानी इच्छा करतुं होय नहिं शुं? एम देखावा लाग्युं. ते वखते कलावतीए पंचपरमेष्ठि नमस्कारनुं स्मरण करीने कह्युं के, "जो में मन, वचन अने कायानी शुद्धिए करीने उज्वल एवुं शीलव्रत पाल्युं होय तो हे शासनदेवि! म्हारा पुत्रने रक्षण करवानो उपाय अने जलनी शांति थजो." कलावतीए आ प्रमाणे कह्युं एटले तुरत तेना शीलप्रभावथी बन्ने हाथ नवा थया तेमज नदीनो वेग पण शांती पाम्यो. वली ते वखते आकाशमांथी पुष्पवृष्टि थइ. हनुमान जेम समुद्रनो पार पामीने आश्चर्य पामे तेम शीलना प्रभावथी दुःखनो नाश थएलो जोइ कलावती विस्मय पामी.

आ वखते कोइ एक तापसे आवीने कलावतीने कह्युं. "हे वत्से! पुत्रने जन्म आपनारी स्त्रीए अहिं रहेवुं योग्य नथी; माटे अमारा आश्रममां चाल." एम कहीने ते तापस कलावतीने कुलपतिनी पासे तेडी गयो. पितातुल्य वृद्ध एवा ते कुलपतिए पण तेने सर्व वात पूछी एटले कलावतीए पोतानुं सर्व वृत्तांत कह्युं. कुलपतिए कह्युं. "हे भद्रे! वृथा खेद न पाम्य. हुं लक्षणोथी जाणुं छुं के, तुं फरीथी इष्ट सुख पामीश." आ प्रमाणे कुलपतिए शांत करेली विजयसेन राजानी पुत्री कलावती तापसिउनी साथे पिताना घरनी पेठे सुखे त्यां रहेवा लागी.

हवे अहिं चांडालणीउए सवारना पहोरमां बाजु सहित कलावतीना बन्ने हाथ राजाने देखाड्या. ते वखते बाजुउ उपर जयसेननुं नाम जोइ शंख राजा आकुल व्याकुल थवा लाग्यो. पछी तेज रहित बनी गयेला तेणे दत्तशेठने बोलावीने पूछ्युं के, "शुं आजे अथवा काले कोइ देवपुरथी अहिं आव्युं हतुं?" दत्तशेठे उत्तर आप्यो के, "हे महाराज! गइ काले माणसो आव्या हता. वली ते माणसोनी साथे जयसेन राजकुमारे महादेवी कलावतीने माटे अद्भुत वे बाजुउ मोकल्यां हतां. ते में अंतःपुरमां महादेवीने आप्यां छे." दत्तशेठनां आवां वचन सांभली वज्रथी कपायला पर्वतनी पेठे दुःखथी व्याप्त थएलो राजा मूर्छाने लीधे सिंहासन उपरथी पृथ्वी उपर पडी गयो. पछी शीतल चंदन अने

जल विगेरेना उपचारोथी महा कष्टे सचेत थयो त्यारे ते पस्तावो करतो छतो आ प्रमाणे कहेवा लाग्यो. "अहो! म्हारुं मूढपणुं अने मंदभाग्य पण आश्चर्यकारी छे. तेमज अविचारपणुं अने क्रूरपणुं पण आश्चर्यकारी छे. वली विद्वत्ताने अयोग्यपणुं अने दुराचरणपणुं आश्चर्यकारी छे. छेवट नहिं देखातुं एवुं वक्रपणुं अने कुशीलपणुं पण आश्चर्यकारी छे. पछी प्रधानोए "विलापनुं कारण पूछ्युं एटले राजाए लज्जा सहित अने पस्तावा सहित पोतानुं क्रूर कर्म प्रधानोने कह्युं. वली तेणे कह्युं के, "हाय हाय! हुं क्यां जाउं? शुं कहुं? क्यां पेशी जाउं? अने शुं करुं? के जे में पोतानी मेले पोतानो आत्मा दुःखने विषे नाख्यो छे. अरे! दुष्ट एवा में कुलाचारने त्यजी दइने पोताना योग्य कार्यनो विचार नहिं करीने अने धर्मनो थतो नाश न जोइने आ शुं आचर्युं छे? हा हा!! चंद्रनी लेखाने विषे कलंक अने दूधमां पुरानो असंभव छतां में कल्पना करी छे. अरे! गर्भवती एवी प्रियाने तेना पिताने घेर मोकलवी योग्य हती" छता में तेने त्यां मोकली नहीं अने माणस विनाना अरण्यमां शा माटे मोकली? हुं म्हारुं पोतानुं म्होंं कोने देखाडी शकीश? हवे तो हुं म्हारा प्राणने धारण करवाथी लज्जा पामु छुं. म्हारे माटे म्होटी चिता तैयार करावो के, जेमां हुं स्त्री हत्याना पापथी मलिन थएला आ म्हारा शरीरने बाली नाखुं."

राजानां आवां आग्रहवालां वचन सांभली नगरवासी माणसो, गजशेठ अने मंत्री विगेरे तेने आ प्रमाणे कहेवा लाग्या. "हे देव! प्रथम महादेवी कलावती पोताना कोइ कर्मथी मृत्यु पामी अने हवे तमे पोते पोताना मृत्युथी शुं प्रजानो नाश करवानी इच्छा करो छो? वली हे स्वामिन्! हवणां मृत्यु पामवामां तमारो आग्रह जाग्रत थये छते छिद्रवाला वैडुर्यमणिने विषे दोरानी पेठे शत्रुना गुणो तमारा राज्यने विषे प्रवेष करशे. माटे हे विवेकी महाराजा! मृत्यु पामवानो तमारो वृथा आग्रह त्यजी द्यो; कारण अग्निने विषे पतंगीया बली मरे छे; परंतु सुभट पुरुषो बली मरता नथी."

आवां सामंतादि सर्व लोकनां युक्तिवालां वचननो पण अनादर करीने शंखराजा मृत्यु पामवा निमित्ते वनमां नासी गयो. त्यां पण समयना जाण

एवा गजशेठे कालक्षेप करवामाटे तेने मधुर वचनथी कह्युं के, "हे देव! जो तमारे कलावती महादेवीनी इच्छा होय तो पुण्य करो के" जे पुण्यना प्रभावथी पूर्वभवने विषे मेलवेली म्होटी आपत्तिओ दूर थाय. वली आ उद्यानने विषे अचिंतित फल आपनारी श्रीजिनेश्वर प्रभुनी मूर्ति छे, तेनुं पूजन करो. तेमज अहिं महा तेजवंत एवा मुनीश्वर हवणां पोतानुं कल्याण करवानी इच्छाथी तप करे छे, तेमने वंदना करो." गजशेठनां आवां वचन सांभली शंखराजा जिनेश्वरनुं पूजन करी अने मुनिराजने वंदना करी तेमना आगल बेठो. पछी मोक्षनी इच्छावाला ते मुनिए राजानो भाव जाणीने मधुर वचनथी संसारनो नाश करनारी धर्मदेशना आपी. ते आ प्रमाणे–

हे भव्य जनो! संसाररूप अरण्यने विषे पूर्वकर्मरूप वायुथी प्रेरायला जीवो भ्रांति पामेला मृगनी पेठे वृथा भमे छे. वली आ सुख छे, आ सुख छे, एवी भ्रांतिथी पगले पगले दुःखमां पडता जीवो संसारने विषे वायुए उराडेला खाखराना पांदडानी पेठे क्लेश पामे छे. हा! संसारथी उद्वेग पामेलो एवो पण प्राणी, आ लोकमां अने परलोकमां कल्पवृक्षनी पेठे सुख आपनारा जिनेश्वर प्रभुना उपदेशने सांभलतो नथी. माटे हे राजन्! आ दुर्लभ एवा मनुष्य भवने पामीने तुं वृथा खेद न कर. वली तुं निश्चय थोडा वखतमां इष्ट सुख पामीश." मुनिराजनां आवां वचन सांभली तुरत हर्ष पामेलो राजा विश्रांति माटे ते रात्री त्यांज रह्यो. पछी पाछली रात्रीए स्वप्न जोइने जागी उठेलो राजा गुरुपासे जइने कहेवा लाग्यो के, "हे प्रभो! काचा एक फलवाली वेल कल्पवृक्ष उपरथी पडी गइ अने पूर्ण फलवाली ते वेल फरी तेज कल्पवृक्ष उपर चडी गइ; एवुं में आजे स्वप्न दीठुं." गुरुए कह्युं. "हे राजेंद्र! तुं कल्पवृक्ष छे अने त्हारी प्रिया वेलरूप छे. पुत्रने जन्म आपनारी ते त्हारी प्रिया फरी तने प्राप्त थशे."

पछी प्रसन्न थयेला राजाए तुरत पोताना नगरप्रत्ये आवीने पायदल अने स्वारोसहित दत्तशेठने पोतानी प्रियाने शोधी लाववानो हुकम कर्यो. दत्तशेठ पण चारेतरफ नजर राखी वनेवन अने वृक्षेवृक्ष प्रत्ये शोध करतो हतो एवामां तेणे समुद्रमां रहेलो माणस जेम बेट देखे

तेम तापसना आश्रमने दीठो. पछी तेणे त्यां जइ तापसने पूछ्युं के, "हे भगवन्! तमे आ वनमां कोइ दुःखी एवी एक स्त्रीने दीठी छे?" तापसे कह्युं. "हे भद्र! त्हारे तेनुं शुं प्रयोजन छे?" दत्तशेठे उत्तर आप्यो के, "म्हारे अग्निमां बळी मरता एवा शंखराजाना प्राणनुं ते स्त्रीथी रक्षण करवुं छे." पछी तापसे "राजानी सहाय्यथी मुनिओना आश्रमनुं रक्षण थाय छे." एम धारीने दत्तशेठने पुत्रसहित कलावती देखाडी. जागता शोकवाळी कलावती पण दूरथी दत्तशेठने जोइने आकाशने पूरी देनारा एवा म्होटा शब्दे रोवा लागी. दत्तशेठे कह्युं. "हे ब्हेन! तुं रोइश नहीं; कारण तने आ पूर्वभवनुं फल प्राप्त थयुं हतुं. जिनेश्वरो पण पूर्वभवने विषे करेला कर्मने भोगव्याविना मूकाइ शकता नथी. माटे हे विवेकवाळी! हवे तुं धीरज राखी रथ उपर बेश अने त्हारा पोताना दर्शनरूप अमृतदृष्टिथी झट राजाने शांत कर. वळी पस्तावो करता एवा शंखराजा तुरत अग्निमां प्रवेश करवा तैयार थया हता; परंतु त्हारी आशाथी फक्त आजनो दिवस रोकी राख्या छे." पछी कुलीन एवी कलावती मान त्यजी दइ पोताना पति उपर दया आववाथी कुलपतिनी रजा लइ त्यांथी चाली निकली. कलावतीनुं हित इच्छनारा कुलपतिए पण आशिष आपीने तेने रजा आपी. पछी पुत्रसहित कलावतीए दत्तशेठनी साथे प्रयाण कर्युं. शंखराजाए पोताना नगर पासे कलावतीने आवी सांभळी आंखोमां आंसुने वरसावतो छतो तेना सामो जइने आ प्रमाणे कहेवा लाग्यो.

हे भद्रे! तुं निर्दोष छतां में तने विटंबना पमाडी छे. हे देवि! में तने वनमां त्यजी दीधी ए म्हारा दुराचरणने माफ कर." आ प्रमाणे कहेता एवा शंख राजाए अत्यंत प्रसन्न थइने महोत्सवपूर्वक पोतानी प्रियाने नगरमां प्रवेश कराव्यो. नगरवासी लोको अने अंतः पुरनी स्त्रीओथी घेरायली कलावती जयंत पुत्रसहित इंद्राणीनी पेठे पुत्रसहित अंतःपुरमां आवी. पछी राजाए स्वप्नना अनुसारथी बारमे दिवसे पुत्रनुं पूर्णकलश एवुं नाम पाड्युं.

एक दिवस एकांतमां बेठेली कलावतीए शंखराजाने कह्युं के, "हे स्वामिन्! तमे कया दोषथी मने एवो दंड आप्यो हतो?" राजाए लज्जाथी

कह्युं. "हे भद्रे! तुं बीजना चंद्रनी पेठे हंमेशा निर्दोष छुं; परंतु तें पूर्वभवने विषे आचरेला कर्मना वश्यथी में ए अयोग्य कार्य आचर्युं हतुं अने तेनुं मूल कारण तो एज हतुं के, तें जयसेननुं नाम लीधा विना बाजु आपनारनां वखाण कर्यां हतां. वली हवणां आपणा नगरना उद्यानने विषे महा तेजवंत मुनि आवेला छे, तेमने पूछीने पूर्वकर्म जाणीए." आ प्रमाणे कहीने पछी शंखराजा कलावतीने साथे लइ मुनिने वंदना करवा माटे उद्यानमां गयो. त्यां प्रथम जिनमंदिरने विषे जइ प्रभुनुं पूजन करीने पछी वंदना करीने मुनिनी आगल बेठो. देशनाने अंते शंखराजाए मुनिने नमस्कार करीने पूछ्युं के, "हे भगवन्! आ कलावतीए पूर्वभवने विषे एवुं शुं काम कर्युं हतुं के, ते निर्दोष छता में तेना हाथ कपावी नाख्या?" पछी मुनिए ज्ञानदृष्टिथी तेनो पूर्वभव जाणीने कह्युं.

हे राजन्! विदेह देशमां महेंद्र नामनुं नगर छे. त्यां महा पराक्रमी एवो नरविक्रम नामनो राजा राज्य करतो हतो. तेने लीलावती नामे स्त्री हती. तेउने सुलोचना नामनी पुत्री हती. ते पुत्री बाल्यावस्थाथीज धर्ममां रसीक अने कौतुकमां प्रीतिवाली हती. कलानी जाण एवी ते पुत्री मातापिताने प्रेमनुं पात्र हती. अनुक्रमे ते पुत्री बालयुवावस्था पामी. एक दिवस ते राजकुमारी राजसभामां पोताना पिताना खोलामां बेठी हती एवामां कोइए एक मनोहर रोजपोपट राजाने भेट आप्यो. पछी आश्चर्यवंत एवा राजाए ते पोपटने बोलाव्यो एटले ते पोपटे पोतानो जमणो पग उंचो करी राजाने आ प्रमाणे आशिर्वाद आप्यो. "हे राजन्! स्फुरणायमान एवा अंधकारनो शत्रु अने राजतेजने वृद्धि करनारो तमारो प्रतापरूप सूर्य विश्वने प्रकाश करतो छतो शोभे छे." पोपटनो आवो आशिर्वाद सांभली प्रसन्न थयेला राजाए पोपट भेट आपनारने पोताना शरीरनां आभूषणो आपीने ते राजपोपट पोतानी पुत्रीने आप्यो. पछी मदोन्मत्त नेत्रवाली राजपुत्री सुलोचनाए पण जेम दरिद्री माणसनो छोकरो लाडवो मलवाथी हर्ष पामे तेम हर्ष पामती छती तत्काल अंतःपुरने विषे जइ पोपटने सोनाना पांजरामां राख्यो अने साकरना ककडा, चोखा, दाडम अने द्राखना रस विगेरेथी तेनुं

पोषण करवा लागी. राजकुमारी सुलोचना कोइ वखत तेने हाथ उपर बेसारीने कोइ वखत छाती उपर बेसारीने कोइ वखत खोलामां बेसारीने अने कोइ वखत पांजरामां राखीने जणावती छती क्रीडा करावती हती. जेम योगी पुरुष पोताना मननुं एकाग्रपणुं त्यजी दे नहीं तेम सुलोचना पण जोजन वखते, सूवा वखते, राजसजामां जती वखते, वाहनमां बेसीने व्हार जती वखते अने उद्यानमां जती वखते ते पोपटने पोताथी जूदो राखती नहीं.

एक दिवस ते राजपुत्री पोपटने साथे लइ अनेक दासीउं सहित उद्यानने विषे गइ. त्यां ते श्रीमंधर स्वामीनी प्रतिमाने वंदना करवामाटे जिनमंदिरमां गइ. पोपट पण जिनेश्वरनी प्रतिमाने जोइ पोताना मनमां विचार करवा लाग्यो के, " में पूर्वे आवुं प्रतिबिंब कोइ ठेकाणे जोयुं छे." आ प्रमाणे बहु वखत ऊहापोह करता तेने जातिस्मरण ज्ञान उत्पन्न थयुं; तेथी ते विचार करवा लाग्यो के, " में पूर्वजन्मने विषे सुगतिना कारणरूप चारित्र लीधुं हतुं. क्षयोपशमथी सर्व शास्त्रनो अज्यास कर्यो हतो, परंतु अज्यास करवामां तत्पर एवा में साधुनी क्रिया करी नहोती, जेथी वस्त्रपात्र विगेरेमां मूर्छावंत एवो हुं परोपकार करवारूप कार्यने वृथा हारी गयो. पछी अंते व्रतने फोगट विराधी हुं आ वनने विषे मृत्यु पामीने राजपोपट थयो छुं. पूर्वजवने विषेज बहु शास्त्राज्यासना बलथी हुं आ तिर्यंच जवने विषे पण जणवामां कुशल थयो. हवे ज्ञानदिपक हाथमां प्राप्त थये छते चारित्रथी ज्रष्ट थयेलो हुं आ तिर्यंच जन्मरूप समुद्रने विषे शामाटे पडी रहुं? हवे पछी हुं आ प्रजुने वंदना करीने हंमेशा जोजन करीश." आ प्रमाणे नियम लइ राजपोपट सुलोचनानी साथे अंतःपुरमां आव्यो.

एक दिवस राजकन्या सुलोचना जेटलामां पोपटने हाथमां लइ जोजन करवा बेसे छे तेटलामां पोपटने पोतानो नियम सांजर्यो; तेथी ते 'नमो अरिहंताणं' एवो शब्द करी आकाशमार्गे उडीने उद्यानमां तीर्थपतिने नमस्कार करवामाटे आव्यो. त्यां ते त्रिवर्गनी शुद्धिथी श्रीसीमंधर प्रजुने इछा प्रमाणे नमस्कार करीने प्रसन्न थइ उद्यानमां फल फूल विगेरेने खावा लाग्यो.

हवे अहिं पोपट उडी जवाथी राजकन्या सुलोचना आक्रोश करवा लागी; तेथी केटलाक सुभटो पोपटने पकडवामाटे गारुडीनी पेठे आमतेम दोडवा लाग्या. कोइ सुभटे उद्यानमां जइ त्यां वृक्षनी डाल उपर बेठेला पोपटने पासथी बांधीने तुरत राजकन्याने सोंप्यो. पछी राजकन्या प्रेमथी तेने हाथमां लइ मधुर वचनथी कहेवा लागी के, "अरे! मातानी तुल्य एवी मने त्यजी दइने तुं नाशी गयो हतो? हवे हुं त्हारो विश्वास करीश नहीं." एम कहीने राजकन्याए ते उडी न शके एटलामाटे तेनी बे पाखोने तुरत तोडी नाखी. पछी जाणे महा भयंकर कर्मवाला जीवने अपार एवा संसार समुद्रमां फेंकी देती होय नहिं शुं? एम तेणे पोपटने पांजरामां घाल्यो. पोपट पण विचार करवा लाग्यो के, "म्हारी पराधीनपणानी वेदनाने धिक्कार छे के, जे में ते पूर्वभवने विषे स्वाधिन एवी पण क्रिया करी नहीं. अरे जीव! माटे तुं आ वखते आ गाढ एवी वेदना भोगव. वली पापकर्मवाला तने जिनेश्वरना मुखनुं दर्शन क्यांथी होय?" इत्यादि चिंताना संतापथी व्याप्त थयेलो अने वैराग्यवासीत थएलो ते पोपट जाणे कर्मना पासने मूकतो होय नहीं शुं? एम आंसुने वरसाववा लाग्यो. पछी ते राजपोपट अनशनथी केटलेक दिवसे मृत्यु पामीने सौधर्म देवलोकने विषे देवता थयो. राजकन्या सुलोचना पण पोपटना वियोगना दुःखथी अनशनवडे मृत्यु पामी सौधर्म देवलोकने विषे तेनीज स्त्री थइ. त्यां ते बन्ने जणां सुख भोगववा लाग्यां.

(ज्ञानि मुनिराज शंखराजाने अने कलावतीने कहे छे के,) हे राजन्! पछी सौधर्म देवलोकथी चवीने पोपटनो जीव तुं शंखराजा थयो अने सुलोचनानो जीव आ कलावती थइ छे. पूर्वभवने विषे कलावतीए पोपटनी पांखो कापी नाखी हती; ते कर्मना फलरूप तें तेना बन्ने हाथ काप्या छे. सारा अथवा खोटा सघला कर्मनुं फलदश प्रकारे अथवा बहु प्रकारे भोगवाय छे.

मुनिराजनां आवां वचन सांभली जातिस्मरण ज्ञान पामेला ते शंखराजा अने कलावती संयम लेवामां उद्यमवंत थइ मुनिने नमस्कार करी पोताने घेर आव्यां. पछी पूर्ण कलश नामना पोताना पुत्रने राज्या-

सन उपर बेसारी ते स्त्रीपुरुषे ज्ञानि गुरु पासे दीक्षा लीधी. अनुक्रमे ते स्त्री पुरुष बहुकाल सुधी निरतिचार एवुं चारित्र पाली स्वर्गने पामी अने त्यांथी चवीने पछी कुकर्मने खपावी मोक्ष पामशे.

इति कलावतीनी कथा समाप्ता.

महर्षिउने पण गृहस्थाश्रममां रहेलि कोइ महासतीनुं स्तुति करवा योग्य शीलनुं माहात्म्य कहेछे.

शीलवतीनंदयंतीमनोरमारोहिणीप्रमुख्याणां

सीलवइनंदयंतीमणोरमारोहिणीपमुक्काणं ॥

ऋषिणोऽपि सदाकालं महासतीनां स्तुवंति गुणान्

रिसिणोवि सयाकालं, महासईणं थुणंति गुणे ॥५६॥

शब्दार्थ–(सीलवइ के०) शीलवती (नंदयंती के०) नंदवती (मणोरमा के०) मनोरमा अने (रोहिणी पमुक्काणं के०) रोहिणी प्रमुख (महासईणं के०) मयासतीउना (गुणे के०) गुणोने (रिसिणोवि के०) ऋषिउ पण (सयाकालं के०) सदा काल (थुणंती के०) स्तवे छे. ॥५६॥

विशेषार्थ– जिनदत्त शेठनी पुत्री शीलवती, नागदत्त शेठनी पुत्री नंदयंती, सुदर्शन शेठनी स्त्री मनोरमा अने धनावह शेठनी स्त्री रोहिणी विगेरे शीलव्रतने धारण करनारी महा सतीउ आ जगत्मां जयवंती वर्त्तो. के, जे महासतीउना गुणोने जन्मथी मांडीने शीलव्रत धारण करनारा ऋषिउ पण निरंतर स्तुति करे छे. ॥ ५६ ॥

शीलवतीनी कथा

जंबूद्वीपना मुकुटमणि रूप नंदनवन नामनुं नगर छे. जे नगरनी स्फटिक मणिमय हवेलीउना अग्रजागनी उज्ज्वलती कांतिना समूहथी हसायलो होय नहिं शुं ? एवो चंद्र आकाशने विषे क्षय पामतो जाय छे. ते नगरमां जेनो यशरूप चंद्र उत्तम कांतिवालो छतो विश्वरूप मंडपमां शोजतो हतो एवो अरिमर्दन नामनो राजा राज्य करतो हतो. ते राजाने उत्तम आचारवालो रत्नाकर नामनो मान्यवंत शेठ हतो. ते शेठने उत्तम गुणवाली श्री नामनी स्त्री हती. तेउ बन्ने जणा उत्तम प्र-

कारे श्रावक धर्म पालता छता उत्तर अवस्थामां आवी पहोच्या तो पण तेमने सुखना कारणरूप पुत्र विगेरे कांइ पण संतान थयुं नहीं.

एक दिवस पुत्र नहिं होवाथी महादुःख पामती एवी श्रीए रत्नाकर शेठने कह्युं के, "हे स्वामिन्! आपणा नगरना उपवनने विषे अजितनाथ प्रभुना मंदिरनी पासे प्रगट महाप्रभाववाली अजितबला नामनी देवी छे. ते देवीनी सेवा भक्ति करनार जो पोते निर्धन होय तो धन, अपुत्र होय तो पुत्र अने भाग्यरहित होय तो सारुं भाग्य पामे छे; माटे हे आर्यपुत्र! तमे ते देवीनी मानता करवा योग्य छे. कारण के, माणसो पुत्रने अर्थे पोताना प्राणनी पण भेट आपे छे." पछी रत्नाकर शेठे ते देवीनी मानता राखी; जेथी तेमने एक उत्तम पुत्र थयो. कह्युं छे के– आरंभेली क्रियाओ भाग्ययोगथी अवसरे फलीभूत थाय छे. पछी जन्मोत्सव करीने रत्नाकर शेठे बारमे दिवसे देवीना महात्म्यने सूचवनारू पुत्रनुं अजितसेन नाम पाड्युं. अनुक्रमे बाल्यावस्थाने उल्लंघी युवावस्थाने प्राप्त थयेला ते अजितसेन कुमारनो सरस्वती अने लक्ष्मी ए बन्ने देवीओए हरिफाइथी एक वखते आश्रय कर्यो. पछी जेम विद्वान् माणस शास्त्रार्थना संदेहने विषे विचार करे तेम रत्नाकर शेठ पुत्रने अर्थे योग्य कन्यानो विचार करवा लाग्यो के, "जो आ म्हारो पुत्र पोताना गुणने तुल्य एवी कन्याने नहिं पामे तो ब्रह्मानो विश्वरचवानो श्रम निष्फल जाणवो. कह्युं छे के–"अविवेकी धणी, परवशपणुं, दुष्ट चाकर अने दुष्ट एवी स्त्री ए चार माणसो मनना शल्य छे."

रत्नाकर शेठ आ प्रमाणे विचार करतो हतो, एवामां तेणे प्रथम परदेश मोकलेलो कोइ वणिक् पुत्र आवीने तेनी पासे बेठो. शेठे तेने व्यवहारनुं स्वरूप पूछ्युं एटले तेणे लाभ अने खरच विगेरेना सर्व समाचार कह्या. वली तेणे कह्युं के, "हुं मंगला नामनी नगरीने विषे गयो हतो. त्यां म्हारे जिनदत्त शेठनी साथे वेपार थयो हतो. एक दिवस ते शेठना आग्रहथी हुं तेने घेर जमवा गयो हतो, त्यां में तेना घरने विषे स्वर्गथी चवेली कोइ देवांगना सरखी एक उत्तम कन्याने दीठी. पछी आश्चर्य पामेला में ते शेठने पूछ्युं के, "तमारा घरने विषे आ कन्या कोण छे?" जिनदत्त शेठे उत्तर आप्यो के, "प्रत्यक्ष चिंताना

सरखी ए म्हारी पुत्री छे. चिंतानुं कारण ए के, ते योग्य वरने पामशे? तेनुं इछित थशे? वली ते पोताना सासु ससरादि स्वजनोने पोताना गुणोथी हर्षित करशे? ते उत्तम प्रकारे शील पालशे? पुत्रने जन्म आपशे? वली एने बीजी शोक्य न थाउं अने देराणी जेठाणी विगेरेमां क्लेश न थाउं. एवी पिताना मनमां हंमेशां चिंता रह्या करे छे. आ म्हारी पुत्री गुणरूप मणिनो साक्षात् रोहणाचल पर्वत छे. वली ते पक्षीउंना शब्द जाणवा सुधीनुं ज्ञान धरावे छे. आ म्हारी शीलवती नामनी पुत्री रूप, कला अने गुणोए करीने प्रसिद्ध छे; माटे तेना योग्य वरनी चिंता म्हारा मनने दुःख उपजावे छे." तेनां आवां वचन सांभली में कह्युं के, "तमे चिंता न करो; कारणके, नंदनपुरने विषे रत्नाकर शेठनो पुत्र अजितकुमार तेनो योग्य वर छे. पछी जिनदत्त शेठे कह्युं "हे भद्र! तें बहु सारुं कह्युं! बहु सारुं कह्युं!! कारण पुत्रीना योग्य वरनी चितारूप समुद्रमां बूडेला एवा म्हारो तें उद्धार कर्यो छे," आ प्रमाणे कहीने पछी ते जिनदत्त शेठे पोतानी पुत्रीनो संबंध अजितसेन कुमारनी साथे करवा माटे पोताना जिनशेखर नामना पुत्रने म्हारी साथे मोकल्यो छे. बुद्धिनो समुद्र ते जिनशेखर पण म्हारी साथे अहिं आवेलो छे; माटे हे शेठ! ते कार्य करवानी मने आज्ञा आपो." रत्नाकर शेठें कह्युं. "हे महाभाग!! तें आ म्हारो बहु सारो उपकार कर्यो छे. मने सर्व लाभथी आ म्होटो लाभ थयो छे." पछी सत्कार सहित बोलावेला जिनदत्त शेठना पुत्र जिनशेखरे पोतानी न्हानी ब्हेन शीलवतीनो संबंध अजितसेन कुमारनी साथे कर्यो. अजितसेन पण म्होटा आडंबरथी जिनशेखरनी साथे मंगलावती नगरी प्रत्ये गयो; त्यां ते म्होटी समृद्धिथी शीलवतीने परणी पोताना नंदनपुरे आव्यो. त्यां तेणे पोतानी गृहलक्ष्मी सरखी तेमज पोताना गोत्रने विषे अमृतना कुंड सरखी शीलवतीनी साथे त्रिवर्ग (धर्म, अर्थ अने काम) ना साररूप गृहस्थाश्रमने बहु वर्ष सुधी भोगव्यो.

एक दिवस मध्यरात्रीने वखते सती शीलवती शीयालनो शब्द सांभलीने माथे घडो लइ क्यांहीं ब्हार गइ. आ वखते जुवान स्त्रीए त्यजी दीधेला वृद्ध पुरुषनी पेठे निद्राए त्यजी दीधेलो शीलवतीनो ससरो

રત્નાકર શેઠ જાગતો હોવાથી તેણે મહાસતી શીલવતીને બ્હાર જતી દીઠી; તેથી તે વિચારરૂપ સમુદ્રને વિષે બૂડ્યો છતો ચિંતવન કરવા લાગ્યો કે, “ આવા લક્ષણથી આ વહૂ કુશીલા દેખાય છે. સારા ગોત્રમાં ઉત્પન્ન થએલી તેમજ ગાઢ રસના કલ્લોલથી જરપૂર છતાં પણ સ્ત્રીઓ ઘણું કરીને નદીની પેઠે નીચી ગતિને પામનારી હોય છે. સોનાથી રસેલી છરીની પેઠે સ્વાર્થમાં તત્પર એવી આ સર્વ સ્ત્રીઓ ફક્ત ઉપરથી મનોહર દેખાય છે; પરંતુ અંદરથી બહુ દારુણ હોય છે. ” રત્નાકર શેઠ આ પ્રમાણે વિચાર કરતો હતો એવામાં શીલવતી પોતાનું ઉત્તમ કાર્ય કરી અને ઘડો ઠેકાણે મૂકી પોતાની શય્યામાં સૂઇ ગઇ. જેમ પાણીમાં તુંબડું ઉછલે તેમ જેના હૃદયમાં અનેક તરંગો ઉછલી રહ્યા હતા એવો રત્નાકર શેઠ થોડી રાત બાકી રહી તે વખતે ઉત્સાહ સહિત ઉઠીને પોતાની સ્ત્રીને પૂછવા લાગ્યો કે, “ હે વૃદ્ધે ! તને શીલગુણે કરીને વહુ કેવી લાગે છે ? ” સ્ત્રીએ ઉત્તર આપ્યો કે, “ વહુ પોતાની મર્યાદાને યોગ્ય ચાલે છે. ” રત્નાકર શેઠે કહ્યું. “ વહુ પોતાનું મુખ વસ્ત્રથી ઢાંકીને ચાલે છે; તેથી તું વહુની ચાલને જાણતી નથી. મેં તેને આજ અર્ધી રાત્રીએ એકલી ક્રીડા કરવા જતી જોઇ છે. બીજા સઘલા પૂરાવા કરતાં આ મેં ખરેખરો પૂરાવો દીઠો છે; માટે તું ચંદ્રના શરીરની પેઠે આ વહુને કલંકવાલી જાણ. ”

આ વખતે પ્રભાત થવાથી અજિતસેન પણ પોતાનાં માતા પિતાને વંદન કરવા માટે ત્યાં આવ્યો. તેને પણ રત્નાકર શેઠે ખેદસહિત કહ્યું કે, “ હે વત્સ ! હું શું કહું ? પરંતુ આપણા આંગણામાં રોપાયલી પારીજીતક વેલને વિધાતા સહન કરી શક્યો નથી. કારણકે, જે તેવા ઉત્તમ વંશને વિષે ઉત્પન્ન થયેલી તથા શ્રેષ્ઠ ગુણવાલાનો સમાગમ છતા પણ આ વહુ ચપલપણાને ધારણ કરે છે. ” પછી લજ્જાસહિત અજિતસેને કહ્યું કે, “ જો જિનધર્મને પ્રીતિવાલી આ સ્ત્રી દુષ્ટ ચરિત્રવાલી છે તો પછી સર્વ ગુણો હણાયલા જાણવા. ” રત્નાકર શેઠે કહ્યું. “ હે પુત્ર ! આપણા કુલમાં હું આ વહુને કલ્પવેલ સમાન જાણતો હતો; પરંતુ હવણાં તે વિષની વેલ સમાન દેખાય છે. કહ્યું છે કે—

> को नाम स्त्रीषु विश्वासः, श्वासस्येव शरीरिणः ।
> स्वार्थैकवशतः शीलं, यासां विद्युल्लतायते ॥

अर्थ– प्राणीउंना जीवीतनी पेठे स्त्रीउंने विषे विश्वास शो ? कारण के, स्वार्थना वशपणाथी जे स्त्रीउंनुं शील विजलीनी पेठे तुरत अदृश्य थइ जाय छे. वली पण कह्युं छे के,

न बध्यंते गुणैःपत्युर्न लक्ष्यंते परीक्षकैः ।
धनेन न च धार्यंते शीलत्यागोद्यताःस्त्रियः ॥

अर्थ– शीलनो त्याग करवामां उद्यमवंत थयेली स्त्रीउं पतिना गुणोथी बंधाती नथी, परीक्षकोथी जाणी शकाती नथी अने धनथी राखी शकाती नथी.

हे पुत्र ! आ त्हारी स्त्री अर्धि रात्रीए पाणी लाववाना मीषथी क्यांइ गइ हती अने हुं जागतो हतो एटलामां एक पहोरे पाछी आवी हती. शास्त्रमां संजलाय छे अने लोकमां कहेवाय छे के, "कामथी विह्वल बनेली स्त्रीउं पोताना दुराचरणने प्रगट करे छे. हे वत्स ! आ दुराचरणवाली स्त्री त्याग करवा योग्य छे. एम जाण." पछी माता पितानी आज्ञामां तत्पर एवो अजितसेन पितानी आज्ञाने कबुल करी व्हार गयो.

पछी सवारे रत्नाकर शेठे कपटथी शीलवतीने कह्युं के, "हे वत्से ! तने मलवाने उत्साहवंत एवा त्हारा पिताए तने बोलावी छे." शीलवती पण चातुर्यपणाथी रात्रीनो वृत्तांत जाणीने पिताने घेर जवामाटे तैयार थइ. कह्युं छे के– जातिवंत सोनुं परीक्षामां शुं कंपे खरुं ? पछी शेठ रथ तैयार करी शुकन जोवा विगेरे मंगल आचार करीने शीलवती सहित चाल्यो. रस्तामां नदी आवी एटले शेठे शीलवतीने कह्युं के, "हे पुत्री ! पगमांथी जोडा काढी नाखीने पाणीमां चालजे." शीलवती पण कांइ विचार करीने जोडा पहेरीने पाणीमां चाली; तेथी रत्नाकर शेठ तेने प्रथमथी दुराचरणवाली मानतो हतो तेथी वधारे दुर्विनीत मानवा लाग्यो. आगल जता शेठे रस्तामां एक मगनुं खेतर फलेलुं जोइ कह्युं के, "अहो ! आ खेतरना धणीना हाथमां हवे धान्यनी संपत्ति आवी गइ छे." शीलवतीए कह्युं. "हा ते एम छे; पण जो खेतरना धणीना हाथमां धान्य संपत्ति आव्या पहेलां कोइथी न खवाइ जाय तो." सीलवतीनां आवां वचनथी शेठ विचार करवा लाग्यो के, "निश्चय ए वहु अविचार्युं बोलनारी छे." एम धारी तेणे र-

थने आगल चलाव्यो. रस्तामां समृद्धिथी भरपूर अने बहु माणसोवाळुं नगर आव्युं. तेने जोइ शेठ पोतानुं माथुं धूणावतो छतो ते नगरने वखाणवा लाग्यो एटले शीलवतीए कांइ विचार करीने कह्युं के, "आ नगर कांइ सारुं नथी." शेठ विचारवा लाग्यो के, "अहो !! कुटिल बुद्धिवाळी आ वहु मने पण हसती लागे छे." आगल जतां कोइ एक सुभटने शत्रुओना प्रहारथी जर्जरित थयलो देखी शेठ तेना शूरवीरपणाना वखाण करवा लाग्यो. पछी ते सुभटने जोइ जेम चैत्र मासमां कोयल बोले तेम शीलवती बोली के, "पामर पुरुषोए आ कायर माणसने सारो कुटी नाख्यो लागे छे." शीलवतीनां आवां वचन सांभळी शेठ विचार करवा लाग्यो के, "आ दुराचारिणी वहु म्हारा केवाथी उलटुं बोले छे. वळी प्रत्यक्ष जोया छता पण ते गांडानी पेठे अवळुंज कहे छे." आ प्रमाणे विचार करतो अने वहुने त्याग करवाथी मनमां हर्ष पामतो रत्नाकर शेठ रस्तामां कोइ वडना झाडनी नीचे बेठो. शीलवती पण वडने त्यजी दइ तडकामां ऊंचे लुगडुं बांधी तेनी नीचे बेठी. पछी जिनदत्त शेठे वहुने कह्युं के, "हे ! जिनदत्तपुत्री ! तुं आ छापामां बेस." शेठे आ प्रमाणे कह्युं तो पण शीलवतीए न सांभळ्युं होय नहिं शुं ? एम ते त्यांज बेसी रही; तेथी शेठ मनमां विचार करवा लाग्यो के, "अहो ! आ स्त्री कुशिष्यनी पेठे शिखामण आपवा योग्य नथी." आम धारी ते शेठ पोते सुखे छायाने विषे बेसी रह्यो. पछी आगल जतां शेठे कोइ स्थानमां त्रण चार झुंपडीओ जोइने ते गामने तुच्छ गण्युं एटले उत्तम बुद्धिवाळी शीलवतीए कांइ विचार करीने म्होटा शब्दथी कह्युं के, "आ गाम माणसोथी भरपूर छे." पछी शेठ "आ वहु दुर्विनीत अश्वनी पेठे अवळुं बोलनारी छे." एम खेद पामतो छतो विचार करे छे एटलामां ते गाममांथी शीलवतीनो मामो त्यां आव्यो अने ते रत्नाकर शेठने अने शीलवतीने आग्रह करी गाममां तेडी गयो. त्यां तेणे शेठने उत्तम रसोइ जमाडी. शीलवतीना मामाए शेठने ते दिवस राखवा मांड्या; परंतु शीलवतीने तेना मावापने सोपवामां उत्साहवंत एवा रत्नाकर शेठे त्यां न रहेता जवाने माटे तैयारी करवा मांडी. पछी शीलवतीना मामाए वस्त्र विगेरेथी सत्कार करेला रत्नाकर

शेठे वहुसहित त्यांथी प्रयाण कर्युं. आगल जता कोइ वनने विषे वृक्षनी गयामां रथने ठोडी शेठ रथ उपर बेसी न्नाथुं खाइ विशामो खावा माटे सूइ गया. सारा आचारवाली शीलवती पण पोताना पितानुं घर पासे आव्युं जाणी हर्ष पामती ठती न्नाथुं खावा लागी. आ वखते पासेना केरडाना फाडनी उपर बेसीने कोइ कागडो बोलवा लाग्यो. पक्षीउंनी न्नाषा जाणवामां कुशल एवी शीलवती कागडानी न्नाषाने समजीने तेने कहेवा लागी के, " हे काग ! तुं शा माटे आवुं कठोर बोले ठे ? " शीलवतीना आटला शब्द सांन्नली जागी उठेलो शेठ सूतो सूतो मनमां विचार करवा लाग्यो के, " अहो ! आ वाचाल डुराचारिणी वहु पक्षीउंनी साथे पण वातो करती लागे ठे. " आवी रीते विचार करी शेठ कपट निद्राथी सूतो सूतो वहुनी चेष्टा जोवा लाग्यो. करंबकने जोइ उत्साहवंत थएला कागडाने जाणी शीलवतीए अवसर जोइने कर्युं. " अरे काग ! प्रथम शीयालना कहेवा प्रमाणे करवाथी हुं डुराचारिणीनो अपवाद पामीने पतिनो वियोग पामी ढुं अने हवणां त्हारा कहेवा प्रमाणे करुं तो पितानो मेलाप थवानो पण शंसय थइ पडे."

पठी जागता एवा शेठे आ अन्निप्रायवालुं वचन सांन्नलीने शीलवतीने पूठ्युं के, " हे वत्से ! तुं डुर्विनीतपणुं केम कहे ठे ? " शीलवतीए कर्युं. " हे सासरा ! हुं साचुं कहुं ढुं; कारण के, सर्व प्रकारे म्हारा गुणो चंदननी पेठे दोषने अर्थे थया ठे. कर्युं ठे के– पुष्पोनो समूह वृक्षनी डालोना न्नंगने अर्थे थाय ठे अने सरल गतिवाला मोरने पींठानो न्नार वधने अर्थे थाय ठे. वली सारी चालवालो अश्व बलदनी पेठे वारंवार रथमां जोडाय ठे; माटे गुणवान् माणसने विषे गुणो निश्चय वैरी सरखा ठे. हुं बाल्यावस्थामां म्हारा न्नाइना आग्रहथी सर्व शास्त्र न्नणीतुं, एटलुंज नहिं पण पक्षीउंनी न्नाषा समजी शकवानुं शास्त्र पण न्नणी ढुं. " शीलवतीनां आवां वचन सांन्नली जेम सर्पथी दंश करायलो माणस गारुडीनां वचन सांन्नली तेनी पासे दोडी आवे तेम रत्नाकर शेठ फट रथमांथी नींचे उतरी फट शीलवतीनी पासे आव्यो. शीलवतीए कर्युं के, " ते दिवसे निर्न्नाग्य एवी हुं मध्यरात्रीए तमारा जागता ठता शीयालनो शब्द सांन्नलीने घडो लइ नदीए गइ. त्यां घ-

डाना आधारथी मध्य नदीमां जइने पाणीना पूरमां तणाता आवता मडदाने खेंचीने कांठे आवी. ते मडदानी केडे अमूल्य घरेणां अने सोनाम्होरो बांधी हती, ते लइने में मडदुं शीयाल आगल फेंकी दीधुं. ते घरेणां में तेमनां तेमज पृथ्वीमां डाटी राखेलां छे. आ दुराचरणथी हुं पतिनो वियोग पामीने आटली भूमि आवी छुं. वली अत्यारे आ कागडो करंबकने मागतो छतो मने कहे छे के– आ केरडाना जोथानी नींचे दश लाख सोना म्होरो छे. आटलामाटेज हुं कागडाने कहुं छुं के–"हे काग! तुं आवुं अपवित्र वचन वारंवार न बोल; कारण खारा खेतरमां धान्य वाववाथी शुं?"

पछी संभ्रमथी पोताना बन्ने कानने कंपावता एवा रत्नाकरशेठे पूछ्युं के, "हे वत्से! तुं शुं आ साचुं कहे छे?" शीलावतीए उत्तर आप्यो के, "एमां संशय शो?" पछी पोते वृद्ध छता पण जुवान माणसनी पेठे केड बांधी, हाथमां कोदालो लइ अने स्वजननी पेठे कागडाने करंबक अपावी केरडानी नींचे खोदवा लाग्यो एटले जाणे शीलवतीना गुणो होय नहिं शुं? एम लाख लाख सोनाम्होरथी भरेला दश घडा निकल्या. पछी रत्नाकरशेठ विचार करवा लाग्यो के, "अहो! आ वहु म्हारा घरने विषे मूर्तिवंत लक्ष्मी पोतेज छे. आज सुधी में काचनी भ्रांतिथी मरकतमणिनी अवगणना करी छे." आवी रीते विचार करता एवा शेठे सोनाम्होरोना घडाने झट रथमां मूकी पोताना अपराधनी वहु पासे क्षमा मागी. वली वहुनां वखाण करतो एवो ते जेम कोइ सुभट रणसंग्राममां विजय करी पाछो वले तेम पाछो घर तरफ वल्यो ते वखते शीलवतीए कह्युं. "हे तात! अहिंथी म्हारा पितानुं घर पासे छे, माटे तेमने मलवानो आ योग्य अवसर छे." रत्नाकरशेठे कह्युं. "हे वत्से! तुं आग्रह न कर अने अमारा कुलने उज्वल कर. वली झट रथ उपर बेस अने अमारा मनोरथने पूर्ण कर." पछी शीलवती सासराना दाक्षिण्यपणाथी रथ उपर बेठी एटले हर्षित मनवाला शेठे रथने वेगथी घर तरफ चलाव्यो.

हवे रत्नाकर शेठ शीलवतीए कहेला सर्व वचनने कारण सहित मानतो छतो ज्यां शीलवतीनो मामो रहेतो हतो ते गामनी पासे आवीने

मधुर वचनथी शीलवतीने कहेवा लाग्यो के, “ हे वत्से ! हुं ल्हारा वचनने हेतु विनानुं मानतो नथी; तो तें आ उजड गामने माणसोथी जरपूर शामाटे कह्युं ?” शीलवतीए कह्युं. “ हे तात ! आज स्थान प्रसिद्ध छे. म्होटागामथी शुं ? कारण के ज्यां कोइ पण पोतानो माणस रहेतो होय ते गाम शून्य होय तो पण सुंदर जाणवुं. जुओ के, तमने अहिं आवेला सांजली म्हारो मामो पोताने घेर तेडी गयो अने त्यां तेमणे तमारो सत्कार कर्यो; माटे आपणे तो आ गाम माणसोथी जरपूर जाणवुं.” पछी रत्नाकर शेठ वहुनां वचनने चाणक्यनां वचननी पेठे सेंकडो हेतुवालां मानवा लाग्यो तेमज तेना चरित्रने पण अजिप्रायवालां मानवा लाग्यो. अनुक्रमे चालता प्रथमनो वड आव्यो के, जेनी नींचे शेठे विशामो लीधो हतो. वडने जोइ शेठे वहुने पूछ्यु के, “ हे वत्से ! तें ते वखते आ वडनी छायानो शामाटे त्याग कर्यो हतो ?” शीलवतीए कह्युं. “ हे शेठ ! शुं तमे प्रथम कोइ वखते एवुं नथी सांजल्युं के, वडना वृक्ष उपर बेठेलो कागडो स्त्रीना माथा उपर विष्टा करे तो ते स्त्रीनो पति छ मासनी अंदर मृत्यु पामे ? वली वृक्षना मूलमां सर्प विगेरेनी उत्पत्ति आदि घणा दोषो रहेला छे; तो ते उपाय विनाना विघ्नोने स्वाधिन थवुं ए करता पोताने स्वाधिन रहेवुं ए वधारे सारुं छे. आ प्रमाणे विचार करी हुं वडनी छायानो त्याग करीने तडके बेठी हती.”

शीलवतीनां आवां वचन सांजली रत्नाकर शेठे कह्युं. “ सर्व जावने जाणनारी अने कुलने आधार रूप हे वहु ! तें आ बहु सारुं कह्युं छे. वली वृद्धावस्थाथी बुद्धि रहित एवा मने ते सारो बोध कर्यो छे.” आवी रीते वहुना वखाण करता एवा शेठे फरी शीलवतीने पूछ्युं के, “ हे वत्से ! तें पेला सुजटने कायर कहीने सारो कुटी नाख्यो छे, एम शा माटे कह्युं हतुं ?” शीलवतीए कह्युं. “ हे तात ! सुजटने शत्रुना घा छातिमां वागे छे अने तेने पाछल वांसामां वाग्या हता; माटे तेणे नासी जता घा खाधा छे; तेथी में एम कह्युं हतुं.” वहुनां आवां वचनथी चित्तमां चमत्कार पामेला शेठे तेने फरी पूछ्युं के, “ तें माणसोथी जरपूर नगरने उजड शामाटे कह्युं हतुं ? शीलवतीए उत्तर आप्यो के, “ आ सारा नगरथी आपणने शुं ? के जे नगरमां पोतानो कोइ सगो

नथी के, जे सगो आपणने जोइने बोलावे. कह्युं छे के–स्वाभाविक स्नेहनी गाढ प्रिय एवा एक आत्मा विना माणसोथी भरपूर एवुं आ जगत् अरण्य समान देखाय छे." पछी शेठे "हे वत्से! तें आ सर्व साचु कह्युं; परंतु पाकेला मगना खेतरने खवाइ गयेलुं शा माटे कह्युं हतुं?" द्राखना सरखी मधुर वाणीवाली अने मुग्ध एवी शीलवतीए उत्तर आप्यो के, "हे ससरा! एनो गुढ अर्थ सांभलो. पाकेला मगना खेतरमां जे खेडुत आमतेम भमतो हतो, ते खेतरनी रक्षामां आदरवालो न छता पोतानी मेले मगनी शींगोने खातो हतो. ते खेडुते आ खेतरना मुख्य धणी पासेथी व्याजे धन लीधुं हशे अने तेना बदलामां खेतरनो धणी तेनी पासे पोताना खेतरनी रक्षा करावतो हशे, तेथी ते आदर विनानो पुरुष "प्रथम खाधुं ते पोतानुं," एम धारीने मगनी शीगोने खातो हतो." आवां शीलवतीनां वचन सांभली तेनी खात्री करवामाटे शेठे खेतरमां फरता एवा ते पुरुषने बोलावीने पूछी जोयुं, तेथी ते पुरुषे कह्युं. "में शेठ पासेथी व्याजे धन लीधुं छे, तेना बदलामां हुं आ काम करुं छुं, माटे जे खाधुं ते पोतानुं, कारणके, खेतरमां जे धान्य पाकशे ते सघलुं शेठ लइ जशे अने म्हारी मेहेनतनुं फल हुं आ खाउंछुं तेज" एम कहीने ते पुरुष चाल्यो गयो. पछी रत्नाकर शेठे नदी जोइने फरी शीलवतीने पूछ्युं. "हे जिनदत्तपुत्री! पाणीमां चालता तें जोडा शा कारणथी न काढ्या?" शीलवतीए उत्तर आप्यो के, "तेमां रहेला कांटादिकनो भय नजरे देखी शकातो नथी. एवो कोण मूर्ख होय के जे थोडाने माटे पोताना आत्माने महाकष्टमां नाखे."

आवी रीतनां पुत्रनी स्त्रीनां युक्तिवालां वचन सांभली हर्षित मनवालो रत्नाकर शेठ नगरना माणसो जोता छता अनुक्रमे पोताने घेर आव्यो. पछी शीलवतीए पोते फाटेला सर्व आभूषणो काढी ससराने देखाड्यां; तेथी प्रसन्न थयेला शेठे वहुनुं सर्व वृत्तांत पोतानी स्त्री अने पुत्रने कह्युं. पछी शेठे शीलवतीने घरनुं अधिपतिपणुं आप्युं अने तेना कार्यथी निरंतर पोताना घरनेविषे नवी नवी संपत्ति प्राप्त थइ. अनुक्रमे आयुष्यनुं चपलपणुं होवाथी रत्नाकर शेठ कालधर्म पाम्यो अने वृक्षनी पाछल छायानी पेठे तेनी पाछल तेनी स्त्री पण मृत्यु पामी. पछी कुटुंबनां

सर्वे माणसोए अजितसेनने कुटुंबनुं अधिपतिपणुं आप्युं. अजितसेने पण बहुकालसुधी गृहस्थधर्म पाळ्यो.

हवे अरिमर्दन राजाने चारसें नवाणुं प्रधान हता. तेणे पांचसेंमो मोटो-मुख्य प्रधान करवाना हेतुथी नगरना सर्व माणसोनी परीक्षा करवामाटे प्रश्न पूछ्युं के, "जेणे मने पाटु मारी होय तेने शी शीक्षा करवी ?" सर्वे माणसोए उत्तर आप्यो के, "तेनो शिरछेद करवो अथवा सर्व दंड आपवो." अजितसेने पण राजानो आ प्रश्न पोतानी शीलवती प्रियाने कह्यो; तेथी तेणे कह्युं के, "जेणे राजाने पाटु मारी होय तेने राजाए पोताना सर्व आभूषणो आपवा जोइए." अजितसेने कह्युं. "एम केम?" शीलवतीए कह्युं के, "पोतानी स्त्रीविना राजाने बीजुं कोण पाटु मारी शके ?" पछी अजितसेने राजाने कह्युं के, "आपने जेणे पाटु मारी होय तेने आपे पोताना अंगना सर्व आभूषणो आपवा जोइए." अजितसे-ननां आवां वचनथी संतोष पामेला राजाए तेने मुख्य प्रधानपद आप्युं.

एक दिवस अरिमर्दन राजाए छ प्रकारनुं सैन्य साथे लइ सीमाडा-ना सिंहरथ राजा उपर चडाइ करी. महासती शीलवतीना पूछवा उप-रथी मनमां चिंता करता एवा अजितसेने तेने कह्युं के "हे प्रिये ! जो के तुं उत्तम शीलवाली छुं; तो पण तने एकली घरे मूकीने राजानी सा-थे जवा म्हारुं मन उत्साह पामतुं नथी." शीलवतीए कह्युं. "आपे रा-जकार्य योग्य रीते करवां जोइए अने म्हारा शीलने इंद्रपण खंडन क-रवाने शक्तिवंत नथी; तो पण विश्वासने माटे आ पुष्पनी माला तमारा कंठने विषे नाखुं छुं के, जे मालाने तमे ज्यांसुधी करमाइ गएली न दे-खो त्यांसुधी मने अखंडित शीलवती जाणजो." आ प्रमाणे कहीने शीलवतीए पोताना गुणोनी मालानी पेठे पुष्पनी माला अजितसेनना कंठने विषे आरोपण करी. अजितसेन पण हर्ष पामीने त्यांथी विदाय थयो.

हवे अरिमर्दन राजा प्रयाण करतो करतो पुष्पविनाना अरण्यमां आवी पहोच्यो. त्यां तेणे अजितसेनना कंठमां प्रफुल्लित पुष्पमाला जो-इने पूछ्युं के, "आ पुष्परहित प्रदेशमां तमारा कंठने विषे आवी प्र-फुल्लित पुष्पमाला क्यांथी ?" अजितसेने पण प्रगट उत्तर आप्यो के, "म्हारी प्रियाना शील प्रभावथी म्हारा कंठमां तेणे आरोपण करेली

आ पुष्पमाला हंमेशां प्रफुल्लित रहे छे." अजितसेन आ प्रमाणे कहीने पोताने स्थानके आव्या पछी आश्चर्यवंत थएला विवेकी राजाए पोतानी आगल बेठेला माणसोने ते वात कही; तेथी कामांकुर नामना पुरुषे कह्युं छे के, "हे देव! स्त्रीउने शील क्यांथी होय?" ललितांग नामनो बीजो कोइ पुरुष पण बोली उठ्यो के. "हे देव! ए कामांकुरनुं कहेवुं सत्य छे." रतिकेली नामना त्रीजा पुरुषे कह्युं. "महाराज! एमां कांइ शंसय राखवा जेवुं नथी." अशोक नामनो चोथो पुरुष बोल्यो. "राजेंद्र! आ वातमां आपने संशय रहेतो होय तो ते संशय मटाडवामाटे मने अजितसेननी स्त्री शीलवती पासे मोकलो."

पछी शीलवतीना शीलने खंडन करवामां कौतुकी एवा राजाए बहु धन आपीने अशोकने पाछो मोकल्यो. अशोक पण उत्तम वेश धारण करी नंदन पुरमां आव्यो अने शीलवतीना घरनी पासे मकान राखीने रह्यो. पछी ते हंमेशां भ्रमरानी पेठे पंचम रागनुं गायन करतो अने कटाक्षथी शीलवतीने जोतो आमतेम फरवा लाग्यो. सती शीलवती पण बहु प्रकारे चेष्टा करता एवा तेने जोइने विचार करवा लागी के, "आ पुरुष म्हारा शीलने खंडन करवानी इच्छा करे छे. निश्चय आ मूर्ख केशरी सिंहनी केशवाल खेंचवानी इच्छा करे छे. वली ए मूर्ख ज्वाजल्यमान एवा अग्निमां पेसवानी इच्छा करे छे; परंतु प्रथम कौतुक तो जोउं! जोइ ते दुष्ट बुद्धिवालो केवी चेष्टा करे छे." आ प्रमाणे विचार करीने शीलवती पण तेने कटाक्षथी जोवा लागी. पछी अशोके शंकारहित थइ पोतानो मनोरथ सिद्ध थयो मानी एक दूतीने शीलवती पासे मोकली. दूती पण शीलवती पासे आवीने कहेवा लागी के, "हे भद्रे! त्हारो पति राजानी साथे परदेश जवाथी त्हारुं यौवन वनना पुष्पनी पेठे निष्फल जाय छे. हे भाग्यवती! वली त्हारा भाग्यथी खेंचायलानी पेठे अहिं आवेलो आ राजमान्य पुरुष प्रीतिथी त्हारो संग करवानी इच्छा करे छे." शीलवतीए कह्युं. "यौवन लक्ष्मीनुं फल लेवुं योग्य छे; परंतु कुल स्त्रीउने परपुरुषनो संग करवो योग्य नथी, तो पण जो मन इच्छित पामीए तो ए पण आचरीए; कारणके फलने ग्रहण करनारो पुरुष अभक्ष्य वस्तुने पण स्नेहथी अथवा तो लोभथी ग्रहण करे छे."

दूतीए कह्युं. " तुं केटलुं धन मागे छे ? " शीलवतीए कह्युं. " आजे पहेलुं बानुं आपवाने बदले अर्ध लक्ष धन आपे अने आजथी पांचमे दिवसे बीजुं अर्ध लक्ष धन लइने अहिं आवे. जेथी हुं तेनी सुखनी इच्छा पूर्ण करीश. " पछी दूतीए हर्ष पामीने आ सघली वात अशोकने कही. अशोके पण अर्ध लक्ष धन दूतीने आप्युं, जेथी दूतीए ते धन शीलवतीने आप्युं. पछी उत्तम बुद्धिवाली शीलवतीए पण पोताना घरनी अंदर पोतानाज माणसो पासे एक उंडी खाइ खोदावी अने तेमा दोरीथी जरयाविनानो पलंग मूकी तेना उपर उंगाड पाथर्यो.

हवे पांचमे दिवसे अर्ध लक्ष धन साथे लइ मदोन्मत्त अने तांबुल छे हाथमां जेना एवो अशोक पोताना सौभाग्यथी जगतूने तृणनी पेठे मानतो छतो शीलवंतीना घरने विषे आव्यो अने जेवो पलंग उपर बेसवा गयो तेवोज तुरत खाइमां पड्यो. पछी शीलवती तेने दोरडाथी बांधेला माटीना वासणवती खावानुं आपवा लागी. जाणे नरकमां पडेलो कोइ जीव होय नहिं शुं ? एम ते अशोकने शीलवतीए ते खाइमांज राख्यो.

हवे एक महिनो गया पछी अरिमर्दन राजाए पोताना माणसोने कह्युं के, " अशोक पोतानो मनोरथ सिद्ध करीने अथवा सिद्ध कर्या विना पण हजी पाछो आव्यो नहीं ! " पछी तेणे रतिकेलि नामना बीजा पुरुषने बहु धन आपी शीलवती साथे क्रीडा करवा माटे मोकल्यो. शीलवतीए तेनी पासेथी पण एक लक्ष धन लइ तेने पण तेज खाइमां पाड्यो. कह्युं छे के– चतुर बुद्धिवालाथी शुं न थइ शके तेवुं होय छे ? शीलवतीए एवीज रीते लक्ष लक्ष धन लइने कामांतुर तथा ललितांग नामना बीजा बे पुरुषने पण अनुक्रमे तेज खाइमां पाड्या, तेथी शीलवतीए चातुर्गतिक संसारना दुःखोने जाणे चार पुरुषना दंभथी पातालमां नांख्या होय नहिं शुं ? एम ते चार पुरुषो देखावा लाग्या.

हवे सिंहरथ राजाने जिती अरिमर्दन राजा नगरवासी लोकाए शणगारेला पोताना नगर प्रत्ये आव्यो ते वखते पेला खाइमां पडेला चार पुरुषो भूखथी पीडा पामता छता शीलवतीने कहेवा लाग्या के, " जे पुरुषो पोताना आत्माने जाणता नथी, तेउ अमारी पेठे दुःखनुं पात्र

थाय छे. अमे त्हारुं महात्म्य जाएयुं नहोतुं. फक्त राजाना हुकम प्रमाणे चालनारा अमोने तुं आ नरकना सरखा कूवामांथी एकवार काढ." शीलवतीए कह्युं. "जो तमे म्हारा कहेवा प्रमाणे करो तो हुं तमने कूवामांथी काढुं." ते पुरुषोए ते कबूल कर्युं एटले शीलवतीए कह्युं के, "जे हुं बोलुं ते प्रमाणे तमारे पण कहेवुं." ते चार पुरुषोए कबूल कर्युं. पछी शीलवतीए ते चारे पुरुषोने कूवामांथी ब्हार काढीने जे बोलवानुं हतुं ते शीखवाड्युं.

एक दिवस राजाने परिवार सहित पोताना घेर जमवामाटे अजितसेने निमंत्रण कर्युं. राजा अरिमर्दन पण अवसरे परिवार सहित मुक्ताफलना उलेचथी सुशोभित एवा अजितसेनने घेर आव्यो. शीलवतीए भोजननी सर्व सामग्री बनावीने गुप्त रीते एक बाजुए संताडी राखी हती. राजा परिवार सहित जमवामाटे आसन उपर बेठो; परंतु ते कांइ पण रसोइनी सामग्री न जोइने विचार करवा लाग्यो के, "अमने बोलाव्या छे जमवामाटे, पण रसोइ तो कांइ देखाती नथी तो आ कांइ आश्चर्य छे के शुं !!!"

पछी शीलवती खाइना म्होंं आगल आवीने आदरथी पेला खाइमां रहेला चार पुरुषोनुं पुष्पथी पूजन करी उंचा शब्दथी बोली के, "अरे यक्षो! रसोइ जलदी तैयार करो." पछी खाइमां रहेला चार पुरुषो उंचा शब्दथी बोल्या के, "एम थाओ." पछी शीलवतीए तुरत रसोइने प्रगट करी. राजा आश्चर्य पामी भोजन करवा लाग्यो. शीलवतीए पण यक्षोने "हे यक्षो! तांबूल तैयार करो, वस्त्र तैयार करो." एम यक्षोने बोलावी बोलावीने तांबूल, वस्त्र, अलंकार विगेरेथी राजानो सत्कार कर्यो. पछी राजाए "आ खाइमांथी निकलता वचनोनीज आ कांइ सिद्धि छे; कारणके, ते वचनथी आ भोजन विगेरे सर्व तैयार थयुं छे." एम मानी तेणे शीलवतीने पूछ्युं के, "हे भद्रे! त्हारा घरने विषे आ शुं आश्चर्य छे?" शीलवतीए उत्तर आप्यो के, "हे देव! म्हारा घरने विषे चार यक्षो सिद्ध थया छे; तेथी आ सर्व उत्पन्न थाय छे." पछी राजाए वस्त्र विगेरेथी शीलवतीनो सत्कार करी अने तेने पोतानी ब्हेन मानी तेनी पासे बहुमानथी यक्षोनी मागणी करी. शीलवतीए पण "हे

स्वामिन्! आ अमारुं जीवितपण आपनुं छे तो पछी यक्षोनी शी वात? हे प्रभो! हुं ते तमारी आगल मूकीश." एम कहीने तेणे कूवामां रहेला चार पुरुषोपासे पोतानुं कहेवुं कबूल करवानी प्रतिज्ञा करावी तेमने कूवामांथी बहार काढ्या. पछी नवरावी चंदननो लेप करी, पुष्पनी माला पहेरावीने चारेने वांसना करंडीयामां पूरी धूप करवापूर्वक राजानी पासे लइ जवामाटे मंत्रीने सोंप्या. मंत्री पण वाजिंत्रना शब्दपूर्वक तेउने रथमां बेसारी नगरना सर्वे माणसो जोता छता राजानी सभामां लइ गयो. राजा पण बहुमानपूर्वक सामो आवी जाणे पोताना हाथमां त्रण जगत् रह्युं होय नहिं? एम तेमने पोताना घरने विषे लइ गयो. त्यां तेणे रसोइयाने रसोइ करवानी ना पाडीने कह्युं के, "आ यक्षो तमने दिव्य भोजन आपशे."

पछी भोजनना अवसरे राजाए पुष्पोथी करंडीयानुं पूजन करीने कह्युं के "भोजन थाउ." ते वखते करंडीयामां रहेला पुरुषोए कह्युं के, "एम थाउ." राजा विगेरे सर्वे माणसो ते वखते उंचुं जोवा लाग्या; परंतु कांइ भोजन मल्युं नहीं; तेथी विलक्ष बनेला राजाए करंडीया उघडावीने जोयुं तो तेमां पोतानी पासे रहेनारा अने शीलवतीनुं शील खंडन करवामाटे मोकलेला चार पुरुषोने दीठा. प्रेत सरखा विकराल ते पुरुषोने जोइ राजा पण "आ यक्षो नथी; परंतु राक्षसो छे." एम कहीने त्यांथी तुरत पाछो नासी गयो. पछी ते पुरुषोए कह्युं के, "हे देव! अमे यक्ष नथी तेम राक्षस पण नथी; परंतु अमे आपनीपासे रहेनारा कामांकुरादि चार पुरुषो छीए." पछी राजाए बराबर जोइने अने उलखीने तेमने कह्युं के, "हे भद्रो! रोगी कागडानी पेठे आ तमारी अवस्था शी?" ते पुरुषोए पोतपोतानी वात कही; तेथी राजा अरिमर्दन माथुं धूणावतो छतो शीलवतीना शीलनां वखाण करवा लाग्यो. तेणे शीलवतीने बोलावीने कह्युं के, "हे पतिव्रता! आ शील पालवाना यत्नथी तुं खरेखरी वखाणवा योग्य छुं. में ते वखते महा अरण्यमां पण अजितसेनना कंठमां निरंतर प्रफुल्लित एवी पुष्पमाला जोइने त्हारा शीलव्रतनुं स्पष्ट महात्म्य जाण्युं हतुं; परंतु अज्ञानथी में जे आ कृत्य कर्युं छे तेने माटे हुं त्हारी पासे क्षमा मागुं छुं. त्हारे बंधुरूप म्हारा

उपर कोप करवो नहीं." सती शीलवतीए पण तेने जैनधर्मना उपदेशथी बोध पमाड्यो. पेला चार पुरुषोए पण परस्त्रीनो नियम लीधो. पछी राजाए सत्कार करेली शीलवती पोताना घेर आवी. राजकार्यमां धुरंधर एवो अजितसेन पण विशेषे शीलवतीनी साथे धर्मकार्यमां कालने निवृत्त करवा लाग्यो.

एक वखते ते नगरमां चार ज्ञानने धारण करनारा दमघोष मुनि आव्या. अजितसेन शीलवतीने साथे लइ तेमने वंदन करवा गयो. देशनाने अंते मुनिए शीलवतीने कह्युं के, "हे भद्रे! पूर्वभवना अभ्यासथी त्हारुं शील उज्वल शोभे छे." अजितसेने 'एम केम?' एम पूछ्युं एटले मुनिए कह्युं.

कुसुमपुर नगरमां सुलस नामनो श्रावक रहेतो हतो. तेने सुयशा नामनी स्त्री हती. तेउने स्वभावथी भद्रक एवो दुर्गत नामनो चाकर हतो. तेने दुर्गिला नामनी स्त्री हती. एक दिवस दुर्गिला सुयशानी साथे उपाश्रये गइ. त्यां दुर्गिला पोतानी शेठाणीने पुस्तकनुं पूजन करवामां तत्पर जोइ साध्वीने पूछवा लागी के, "आजे शुं पर्व छे?" साध्वीए कह्युं. "आजे प्रसिद्ध एवी ज्ञानपंचमी छे. जे माणस आ ज्ञानपंचमीने दिवसे उपवास करी पुस्तकनुं पूजन करवापूर्वक ज्ञाननी प्रभावना करेछे ते बीजा भवमां सुख, सौभाग्य अने बुद्धि विगेरे पामीने अनुक्रमे शुद्ध शीलवान् थइ मोक्ष पामे छे." प्रवर्त्तिनीनां आवां वचन सांभली दुर्गिलाए कह्युं. "आ म्हारी शेठाणीने धन्य छे. म्हारा सरखी निंद्य छे के, जे पोतानुं हित करवामां पण समर्थ नथी." साध्वीए कह्युं. "जो तुं दान अने तप करवा समर्थ न होय तो भावथी प्रधान एवा शीलव्रतने पाल. हे विवेकवाली! परपुरुषनो त्याग कर. तेमज आठम अने चौदशे पोताना पतिने पण त्यजी दे." पछी दुर्गिलाए ते अभिग्रह लइ हर्षथी घेर आवी पोताना पतिने कह्युं. पतिए पण कर्मना लघुपणानेलीधे भावथी तेनो आदर कर्यो. अनुक्रमे ते बन्ने जणाउं भावशुद्धिथी समकीत पाम्या. दुर्गिलाए अनुक्रमे ज्ञानपंचमीनो तप कर्यो. पछी ते बन्नेजणा मृत्यु पामी सौधर्म देवलोकमां देवता थया. त्यांथी चवीने दुर्गतनो जीव तुं अजितसेन थयो अने दुर्गिलानो जीव शीलवती थइ. ज्ञाननी आराध-

नाना पुण्यथी तमने उत्तम बुद्धि प्राप्त थइ छे. पछी जातिस्मरण ज्ञान पामेला ते बन्नेजणाए वैराग्यथी चारित्र लीधुं. बहुकाल चारित्र पालीने ते बन्नेजणा पांचमां देवलोकमां गया. त्यांथी चवीने निर्मल एवा शील-व्रतना योगथी केवलज्ञान पामीने सिद्धि पामशे.

इति शीलवतीनी कथा.

अथ नंदयंती सतीनी कथा.

जेनी अनेक प्रकारनी लक्ष्मी जोइने जाणे समुद्र श्यामपणुं पामी गयो होय नहिं शुं? एवुं कल्याणकारी अपार मनुष्योवालुं अने लक्ष्मीथी मनोहर श्रीपोतनपुर नामनुं नगर छे. ते नगरने विषे जेनुं धाराने धारण करनारुं खड्ग शत्रुउने तापकारी छे एवो अने जागता पराक्रमवालो नर विक्रम नामनो राजा राज्य करतो हतो. त्यां लक्ष्मीउना यज्ञ सरखो सागरपोत नामनो शेठ रहेतो हतो. तेने पवित्र आचारमां चतुर एवो समुद्रदत्त नामनो पुत्र हतो. पूर्वे उपार्जन करेला पुण्यथी तेणे बाल्य अवस्थामां पण परीक्षक जेम रत्नोने ग्रहण करे तेम सर्व कलाउ ग्रहण करी हती. अनुक्रमे कामे करीने प्रफुल्लित थइ छे लीला जेनी एवो ते समुद्रदत्त जेम वननो हाथी विंध्याचलना वनने पामे तेम मदना मंदि-ररूप यौवनावस्था पाम्यो.

हवे ते वखते सोपार नगरने विषे महिमाना समुद्ररूप नागदत्त शेठने नंदयंती नामनी पुत्री हती. जिनधर्ममां श्रेष्ठ बुद्धिवाली अने शी-लरूप माणिक्य मणिनी भूमि एवी ते पुत्री बाल्यावस्था उल्लंघी अनुक्रमे यौवनावस्था पामी एटले कामदेवरूप राजानी विभ्रमवाली राजधानी सरखी अने युवान् पुरुषोना मनने आनंद पमाडनारी एवी ते नंदयंतीने सागरपोत शेठे पोताना पुत्र समुद्रदत्तनी साथे परणावी; तेथी समुद्र-दत्त पण पूर्ण प्रेमनी इच्छावाली नंदयंतीने चित्रक वेलनी पेठे पामीने पूर्ण मनोरथवालो थयो. पछी सहदेव नामना बालमित्रनी साथे क्रीडा करता तेणे केटलोक काल लीलामात्रमांज काढी नाख्यो. एक दिवसे देश जोवामां अने द्रव्य उपार्जन करवामां आश्चर्यवाला समुद्रदत्ते पो-ताना मित्र सहदेवने कह्युं. “ हे मित्र ! जे पोते मेलवेली लक्ष्मीने जोगवे

छे तेनेज पुरुष जाणवो; माटे चालो आपणे द्रव्य उपार्जन करवाने अर्थे बीजा देशमां जइए." सहदेवे कह्युं. "तुं पितानी आज्ञा लहे." ते उपरथी समुद्रदत्ते पितानी पासे जइ परदेशमां वहेपार करवा माटे जवानी मरजी देखाडी एटले सागरपोत शेठे कह्युं के, "हे वत्स ! आपणे घरे कोटी द्रव्य छे, तो तुं तेने जोगव्य; कारणके आ-गणामां कल्पवृक्ष फले छते कयो पुरुष वनमां जाय ?" समुद्रदत्ते कह्युं. "हे तात ! जेउ पूर्वजोए संपादन करेलुं द्रव्य जोगवे छे तेउने हलका पुरुषो जाणवा. वली पिताए मेलवेली लक्ष्मी यौवन अवस्थामां मातानी पेठे जोगववाने अयोग्य छे." ए प्रकारनां पुत्रनां उत्साहथी मनोहर व-चन सांजलीने शोक तथा आनंदथी व्याप्त थयेला सागरपोत शेठे गद्-गद् वाणीथी कह्युं. "हे पुत्र ! पिताए मेलवेल द्रव्यथी मदोन्मत्त थ-येला तथा दुर्मद एवा घणा पुत्रो छे; परंतु पोते मेलवेला द्रव्यने जोग-वनारा तथा दान करनारा एवा तो कोइकज विरला पुत्रो होय छे." इत्यादि वचनने कहेतो एवो सागरपोत शेठ पुत्रना वचनने प्रमाण करी हर्ष पाम्यो. पछी मित्रसहित उत्साहवाला समुद्रदत्ते सर्व स्वजनोनी आज्ञा लइ अनेक मालथी जरावेला वहाणमां बेसी सारा मुहूर्ते प्रयाण शरु कर्युं. ते वखते तेणे पोताना मित्रने कह्युं के, "हे मित्र ! में सर्वे स्वजनोनी आज्ञा लीधी छे; पण एक रजस्वला धर्मवाली प्रि-यानी आज्ञा लीधी नथी ए म्हारा मनमां बहु लागे छे." सहदेव मित्रे कह्युं. "घणा गाढा स्नेहवालो हुं त्हारी पासे छुं छतां जो तने चिंता पी-डा करती होय तो कल्पवृक्षनी सेवा करनारा दीन बनेला जाणवा. कह्युं छे के– दाक्षिण्य, कुलमर्यादा अने लज्जाथी बंधाइ गया छे आत्मा जेना एवा पुरुषोने तथा पोतानी प्रीतिना पात्ररूप पुरुषोने मित्रो थकी बीजुं कांइ औषध नथी. समुद्रदत्त पण प्रीतिरूप समुद्रनी लेहेरने वश्य थयो छतो रात्रीए कोइ न देखे तेवी रीते पोताना घरना बारणा आगल आ-व्यो. त्यां सुरपाल नामनो द्वारपाल जागतो हतो; तेथी तेने पोताना नामवाली वींटी एंधाण माटे आपी अने कांइ गुप्त समाचार कही पो-ते घरनी अंदर आव्यो. पछी जालीयानी अंदरथी जोयुं तो थोडा जल-मां माछलीनी पेठे तेणे पोताना वियोगथी आकुल व्याकुल थयेली नं-

दयंती प्रियाने दीठी. "आ शी चेष्टा करे छे ?" ए जाणवाने माटे समुद्रदत्त जेटलामां छानो उन्नो रहीने जूए छे तेटलामां घणो वखत थवाथी पण जेने निद्रा आवी नथी एवी नंदयंती शय्यामांथी उठीने उपवन (बगीचा) मां गइ अने त्यां चंद्रनी कांतीथी उज्वल एवी शीलाने विषे सूती पण पतिना वियोगथी पीडा पामती अने दीन बनेली ते पतिव्रता शिलाने अंगाराथी तपेली गाडीना सरखी मानवा लागी तथा कोमल अशोकना पत्रोने पाथरीने सूती तो पण चंद्रना किरणोने दंड (लाकडी) ना घा सरखा जाणवा लागी. वली बोलवा लागी के, "हाय हाय! उतावलथी जता एवा पतिए मने बोलावी पण नहीं; तो हवे म्हारे जीवीने शुं करवुं ?" पछी पतिना गुणोने वारंवार स्मरण करती अने वियोगथी विधुर बनेली नंदयंती फांसो खावाना विचारथी बगीचाना वृक्षनी पासे गइ. त्यां ते "गुणनो समुद्र ते समुद्रदत्त म्हारो नवोनवने विषे पति थाउ." एम कहीने जेटलामां पोतानुं उढवानुं वस्त्र वृक्षनी डाले बांधीने पोताना गले बांधे छे तेटलामां समुद्रदत्ते उछलीने ते वस्त्र कापी नाख्युं अने तेज दिवसे ऋतुकालथी स्नान करेली तेने तत्काल उछलता स्नेहथी आलिंगन कर्युं. पछी प्रसन्न थयेली वहाली प्रियानी रजा लइ समुद्रदत्त पाछो वहाण प्रत्ये आव्यो अने कर्मना अनुकुलपणाथी समुद्रना सामे पार पहोच्यो.

हवे अंतर्वत्नी (गर्नवती) सती नंदयंतीए पण उदरवृद्धि विगेरे गर्नना चिन्ह विना सुखथी त्रण मास निर्गमन कर्या. पछी विदूर नूमिमां वैडूर्यनी शलाकानी पेठे अने नूमिमां डाटीराखेला धननी पेठे अनुक्रमे थोडे थोडे तेनो गर्न प्रगट थवा लाग्यो. सागरपोत शेठ पण वहुने जोइ विचार करवा लाग्यो के, "निश्चय म्हारा पुत्रनी आ स्त्री असती छे; कारणके पुत्रना प्रस्थान वखते ते ऋतुमती (रजस्वला) हती. कह्युं छे के– केवल उपरथी सारा आचरणवाली स्त्रीउनो विश्वास करवो नहीं; कारणके तेवी स्त्रीउनो विश्वास करवाथी किंपाक फल नक्षण करवानी पेठे घणुंज खराब फल मले छे. निश्चय आ स्त्रीनो चांडालणीनी पेठे अमारी पंक्तिमांथी त्याग करवो जोइये, केमके कलंक रहित एवा अमारा कुलने विषे गलीनो डाघ न थाउ." एवो विचार करीने तत्काल

पुत्रनी स्त्रीनो त्याग करवाने इछता एवा शेठे एक निःकरुण नामना निर्दय माणसने कह्युं के, "आ स्त्रीने वनमां मूकी आव." पछी ते निःकरुण कोइ मीषथी ते नंदयंतीने वनमां तेडी जइ मोतीनी मालानी पेठे त्यजीने कह्युं के, "हे साध्वी! तने वनमां त्याग करी छे; माटे हवे त्हारी मरजी प्रमाणे जा." एम कहीने ते जेटलामां पाछो वल्यो तेटलामां आकस्मीक उत्पातथी जय पामेली ते महासती मूलमांथी कपायेली लतानी पेठे मूर्छा पामीने पृथ्वी उपर पडी. पछी वनना शीतल पवनथी जेनो भ्रमोदय नाश थइ गयो छे एवी ते नंदयंती "हाय हाय! शा अपराधी म्हारो त्याग कर्यो?" एम कहीने रुदन करवा लागी. ते वखते निःकरुण वृक्षनीउथे उभो रहीने जोवा लाग्यो तो सिंह अने वाघ विगेरे हिंसक जीवो ते महासतीने नमन करीने बीजा मार्गे चाल्या जता तेना जोवामां आवता हता. पछी नंदयंतीए मरण पामवानी इछाथी विषनुं भक्षण कर्युं एटले शासनदेवीए तेनुं रक्षण कर्युं. गलाफांसो खावा मांड्यो तेने पण शासन देवीए तोडी नाख्यो. छेवटे पर्वतना शीखर उपर चडी पंच परमेष्ठीनुं स्मरण करी ऊंपापात कर्यो त्यां पण निंचे पलंग प्रगट करी शासन देवीएज रक्षण कर्युं. पछी ते महासती विचार करवा लागी के, "अरे! पति अने पितादिके त्याग करेली मने यम राजा पण ग्रहण करतो नथी, तो दैव मने आ थकी पण बीजुं वधारे शुं दुःख आपवानो हशे?" ए प्रकारे पोताना जन्मादिकनी निंदा करती तथा भविष्य कर्मने न जाणती एवी ते सती नंदयंती यूथथी भ्रष्ट थयेली हरिणीनी पेठे वनमां भटकवा लागी. एवामां भरुच नगरनो दयालु पद्मक राजा के जे मृगया रमवा निकल्यो हतो तेणे नंदयंतीने दीठी; तेथी पोतानी पासे बोलावी अने तेनुं चरित्र जाणी तथा तेने पोतानी ब्हेन मानी पोताना नगर प्रत्ये तेडी गयो. त्यां पद्मक राजाए तेने कह्युं के, "हे भगिनि! दीन एवा याचक वर्गने दान आपो अने ज्यांसुधी तमारो पति न आवे त्यांसुधी अहीं रहो." एम कहीने तेने दानशालामां सुखथी राखी. उद्वेगवालुं छे मन जेनुं एवी नंदयंती पण समयने अनुसरतो धर्म करती अने पतिनुं ध्यान करती सुखथी त्यांज रही.

हवे निःकरुण पण नंदयंतीने वनमां मूकी तत्काल नगरमां आव्यो अने तेना शीलनी सर्व वात शेठने कही; एवामां शुरपाल के जेने समुद्रदत्ते पोताना नामनी वींटि आपी हती, तेने सागरपोत शेठे नंदयती छतामां कांइ पोताना कार्यने माटे सोपारपुर नगरमां नंदयंतीना पिता नागदत्तने घेर मोकल्यो हतो ते पाछो आव्यो. नागदत्ते पोतानी पुत्रीने माटे आपेलां घरेणां तेने आपवानी इच्छाथी सुरपाले सागरपोत शेठने पूछ्युं के, "नंदयंती केम देखाती नथी?" शेठे उत्तर आप्यो के, "सारी चालनी न होवाथी तेने त्यजी दीधी छे." शेठनां एवां वचन सांजली सुरपाल रोतो छतो कहेवा लाग्यो के, "अरे तमे पतिव्रता नंदयंतीने वृथा त्यजी दीधी छे. कारणके, तमारो पुत्र प्रयाण कर्या पछी रात्रीए छानी रीते आवी प्रियाने मली अने पाछो वहाण प्रत्ये चाल्यो गयो छे. ते वखते तेणे पोताना नामनी वींटि मने एंधाण माटे आपी छे." एम कहीने ते सुरपाले वींटि बतावी. ते उपरथी शोकरूप समुद्रमां बूडेला सागरपोत शेठ पुत्रनी स्त्रीनी शोधने माटे तेने आज्ञा करी अने पोते पण चाल्यो. एवामां लेवा देवारूप वेहेपारथी जेणे घणुं द्रव्य मेलव्युं छे एवो समुद्रदत्त पण थोडा कालमां कुशलताथी पाछो घरे आव्यो. ते पण प्रियाना वृत्तांतने सांजली वेश फेरवी केटलांक माणसोने साथे लइ तेने शोधवा माटे चाली निकल्यो. जूदा जूदा गाम, नगर अने अरण्य जूमिमां जमतो, अनुचरोए त्यजी दीधेलो, एकलो तथा नंदयतीने मित्रनी पेठे स्मरण करतो वली जाथुं खूटी जवाथी कंद, मूल, फल विगेरेने जक्षण करतो ते समुद्रदत्त घणा कालसूधी पृथ्वीमां जम्यो. जमवाथी तेजरहित अने डुबलो बनी गयेलो ते फरतो फरतो अनुक्रमे जरुच नगरप्रत्ये आवी पहोच्यो. त्यां जुखथी पीडा पामेलो ते दानशालामां गयो, ज्यां तेणे नेत्रने अमृत सरखी पोतानी प्रियाने दीठी. नंदयंती पण तेने जोइने आनंद पामी अने प्रगट एवा अनुरागथी "एज म्हारो पति छे." एम तेणे निश्चय कर्यो. पछी संज्रमथी उठीने पोतानुं योग्य कार्य करती अने जाणे तेने वधावती होय नहिं शुं? एम आग्रहथी जोवा लागी. पछी तेउनां नेत्रोनो परस्पर मेलाप थए छते सती नंदयंती जादरवा मासना वर्षादनी पेठे आंसुने वरसाववा लागी.

ते वखते समुद्रदत्त अमृतवृष्टीनी पेठे पोताना हाथरूप कमले करीने तेना नेत्रने धोइ नाखी धीरज आपवा लाग्यो. पछी घणां प्रवासथी खेद पामेलो एवो पण ते समुद्रदत्त प्रियाना मुखरूप चंद्रने जोवाथी समुद्रनी पेठे आनंदरसना कल्लोलथी पुष्ट थयो. हवे नंदयतीना पतिने आवेलो सांजलीने पद्मक राजा कामदेव वसंतनी सामो जाय तेम आदरथी तेनी सामो गयो अने कुशल समाचार पूछी पोताना जाइनी पेठे घरे तेडी लाव्यो. पछी सागरपोत शेठ अने सुरपाल बन्नेजणा प्राणीने कर्मोनी पेठे नंदयंतीनी शोध करता करता अनुक्रमे त्यांज एकठा थया. एवामां ज्ञाने करीने सूर्यनासरखा ज्ञानजानु नामना केवली त्यां समवसर्या; तेथी समुद्रदत्त पोताना सर्व माणसोसहित तेमने वंदन करवा गयो. देशनाने अंते नंदयंतीए केवलीने पोतानो पूर्वजव पूछ्यो अने कह्युं के, "हे जगवन्! कया कर्मथी मने आ कलंक प्राप्त थयुं? केवलीए कह्युं. "पूर्वजवनेविषे यज्ञना उत्सवमां जिक्षाने अर्थे आवेला साधुने आ नंदयंतीए "आ शूद्र छे." एम दूषण आप्युं हतुं. ए उपरथी यज्ञमां रहेला तेना सासरादि सर्वे माणसोए तेना मतने अनुसरी साधुने शूद्र मानी तिरस्कार कर्यो हतो. तेज वखते आ नंदयंतीए सामुदायनुं कर्म उपार्जन कर्युं हतुं; जेथी महासती एवी आ नंदयंतीने आ जवमां तेना सासरे खोटुं कलंक चडावेलुं छे. (केवली देशना आपे छे) के, मनुष्योने नहिं आलोचना लीधेला पोताना अविचारी जावो तथा कर्मो डुर्विनीत अश्वनीपेठे आ संसाररूप अरण्यमां जमावे छे. जेठ श्रीजिनेश्वर जगवाने कहेला धर्मनो आदर करी स्वर्ग तथा अपवर्ग (मोक्ष)ना संगथी सारा जाग्यवाला थया छे. तेउने धन्य छे." आवी संसारथी वैराग्य पमाडनारी केवलीनी देशना सांजली नंदयंतीए छीपनेविषे मोतीनीपेठे पोताना चित्तनेविषे व्रतना मनोरथने धारण कर्यो. पछी दीन मनुष्योना उद्धारादिक कर्मे करीने बार व्रतरूप गृहस्थ धर्मनो अंगीकार करी नागदत्त शेठनी पुत्री नंदयंतीए पोतानो जन्म सफल कर्यो. घणा कालसूधी गृहस्थधर्म पाली अंते व्रत धारण करी कर्मोनो क्षय करी महासती नंदयंती मोक्ष पामी.

इति नंदयंतीनी कथा समाप्त.

महासती मनोरमा सुदर्शन शेठनी स्त्री थाय छे. ते महासतीना शीलनुं महात्म्य तो सुदर्शन शेठने अज्ञया राणीए करेला उपसर्गवखते ते मनोरमाए करेला कायोत्सर्गथी प्रसन्न थयेली शासनदेवीए करेली जिनधर्मनी प्रज्ञावनाथी जाणी लेवुं.

रोहिणीनी कथा.

जेनी समृद्धिए करीने जाणे द्रव्यने धारण करनारो कुबेर मनमां खेद पामतो छतो कुरूप बनी गयो होय नहिं शुं ? एवुं पाटलीपुत्र नामनुं नगर छे. त्यां जेनी कीर्ति आकाशमां चंद्रथी पण अधिक शोज्ञी रही छे एवो तथा जेणे शत्रुउने त्रास पमाड्या छे एवो श्रीनंद नामनो राजा राज्य करतो हतो. ते नगरमां बीजा द्वीपोनी लक्ष्मीना यक्षमंरूप सरखो तथा जाणे कुबेरने पण समृद्धिथी वणिक्पुत्र बनावतो होय नहि शुं ? एवो धनवंत धनावह नामनो शेठ वसतो हतो. तेने सर्व अंगना सौंदर्यपणाथी जगत्ने मोह पमाडनारी तथा जाणे कलंकित चंद्रनो त्याग करीने रोहिणी पोतेज पृथ्वी उपर आवी होय नहि शुं ? एवी रोहिणी नामनी स्त्री हती.

एक दिवसे धनावह शेठ प्रियानी रजा लइ वहाणमां बेसी बीजा देशमां वेहेपार करवा गयो. कह्युं छे के—वेपारवाला घणुं करीने परदेशमां रहेनारा थाय छे. रोहिणी पण ते दिवसथी आरंज्ञी पोताना चोटलाने जटानीपेठे धारण करी सखीउसहित धर्मकार्यथी दिवसोने निर्गमन करवा लागी. अनुक्रमे धूल अने कदंब पुष्पोना रजना सहमूथी आकाशने मलीन बनावतो एवो उनालो आव्यो; तेथी बगीचामां क्रीका करता जता एवा नंदराजाए परसेवाथी पीका पामती अने जालीयामां उज्ञी रहेली रोहिणीने दीठी. लांबा वखतथी पतिनो वियोग पामेली अने सुंदर लावण्यवाली तेने वारंवार जोतो एवो राजा कामथी बहु पीडा पामवा लाग्यो; तेथी बगीचानी क्रीडाने जूली जइ लज्जारहित मनवालो अने जेने बमणो संताप उत्पन्न थयो छे एवो ते राजा त्यांथी तुरत पाछो घरे गयो. पछी कामज्वरथी छेदाइ गयेला चित्तवाला ते राजाए दूतीने ज्ञेट आपी रोहिणीपासे मोकली. दूतीए पण रोहिणीपासे जइने

कह्युं के, "हे देवी! आजे तने कामदेव प्रसन्न थयो छे; कारणके, हे सुभ्रु! नंदराजा पोते त्हारी इच्छा करे छे तो तुं तेमना संगथी पवित्र एवी यौवनावस्थाने सफल कर. दूतीनां एवां वचन सांभली रोहिणी रोषथी मनमां विचार करवा लागी. "अहो! पोताना कुलनो विचार नहिं करनारो आ राजा सांकलना बंधविनाना मदोन्मत्त हाथीनीपेठे म्हारा शीलव्रतरूप वृक्षने उखेडी नाखशे; माटे ते ज्यांसूधीमां पोतानी धारणा न छोडे त्यांसूधीमां उपायथी तेने समजावुं." एम विचार करीने सती रोहिणीए मधुर वाणीथी दूतीने कह्युं. "हे सखी! स्त्रीउ स्वभावथीज सारा पुरुषोनी इच्छा करे छे अने आ तो राजा पोते म्हारी प्रार्थना करे छे तो दूधमां साकर मळ्या जेवुं थयुं छे. वली राजानुं अने म्हारूं कुल निर्मल छे; माटे सौभाग्यवंत राजा आजेज रात्रीनेविषे गुप्त रीते अहिं म्हारा घेर आवे." ए प्रकारे प्रगट कहीने अने राजाए मोकलेली भेट लइने तथा पोते बीजी भेट सामी मोकलीने घणीज प्रीतिथी ते दूतीने पाछी मोकली. दूतीए पण रोहिणीना समाचार कहीने राजाने आनंद पमाड्यो; जेथी तेने ते दिवस निर्गमन करवो सो वर्ष जेवो लाग्यो. पछी जाणे नंदराजाना हृदयथीज उत्पन्न थयेला होय नहिं शुं? एवा गाढ अंधकारथी सर्व दिशाउ व्याप्त थइ एटले श्रृंगार धारण करीने नंदराजा फक्त एक माणसने साथे लई रोहिणीना घरे गयो. त्यां रोहिणीनी दासीउंए तत्काल तेनो आदरसत्कार कर्यो एटले ते मनोरथनीपेठे उंचा सिंहासनउपर बेठो अने दूतीनीपेठे पोतानी दृष्टिने त्रांसी रीते चारे तरफ फेरववा लाग्यो. पछी पृथ्वी सामी राखी छे दृष्टि जेणे एवी रोहिणी पण राजानी आगल आवीने उभी रही एटले हर्षनां आंसुथी व्याप्त, चकित अने चारेतरफ फरता एवा राजाना नेत्र मृगनासरखा नेत्रवाली ते रोहिणीने जोइ जड बनी गयां. पछी जेटलामां गर्वपणुं धारण करीने राजा रोहिणीने कांइ कहेवानी इच्छा करे छे तेटलामां रोहिणीए सखीउंने आज्ञा करी के, "राजाने माटे रसोइ लावो." सखीउंए पण जमवा माटे बेठेला राजानी आगल एक म्होटो थाल मूक्यो. एटले रोहिणीए जाणे पोताना गुणोथी ते थालने भरती होय नहि शुं? एम मनोहर फलथी ते थाल भरी दीधो. अने पछी प्रथमथी

शीखवी राखेली सखीओए नवा नवा वस्त्रथी ढांकी राखेला थालो राजानी आगल मूक्या. राजाए पण आतुरताथी रोहिणी पासे तेना लावण्य रसने पीवानी इछा बतावी. पछी जूदा जूदा थालोमांथी रसोइने जमता एवा राजाए सर्व रसोइनो एक स्वाद जाणीने आश्चर्यथी रोहिणीने पूछ्युं. " हे मुग्धे ! शाकना स्वादनीपेठे आ सर्वे पदार्थो जोवामां जूदा जूदा देखाय छे; पण परिणामे स्वाद तो एकज मालम पडे छे. " रोहिणीए कह्युं. " हे राजन् ! विवेकसहित विचारवाथी मालम पडशे के, झाझवाना जलप्रत्ये दोडता एवा मृगनीपेठे कया पुरुषनी मुग्धता छे ? जो स्थान अने ढांकणना भेदथी रसमां कांइ विशेष नथी तो पछी रूप अने वेषादिकना भेदथी स्त्रीओनेविषे शो भेद छे? जेम कोई माणस भ्रांतिथी आकाशनेविषे अनेक चंद्रो देखे छे, तेमज कामना भ्रमथी भ्रांति पामेलो कामी पुरुष स्त्रीनेविषे मोह पामे छे. वली जेम सूर्य सामुं जोइ रहेवाथी तेजवंत पथ्थर बलतो देखाय छे. तेमज मूढ पुरुषोने स्त्रीना दर्शनथी कामाग्नि उत्पन्न थाय छे. हे देव ! तमे प्रजाओने पितातुल्य छो अने सर्वनुं सरखी रीते रक्षण करनार छो छतां जो तमाराथीज अन्यायनी प्रवृत्ति उत्पन्न थशे तो पछी अमृतना समूहथी अंगारानी वृष्टि थई एम कहेवाशे. विषय सुख नरकना दुःखोनी खाण, सुगति संपत्तिओनी ग्लानी अने पापीओने पडवानुं स्थानरूप छे. वली अन्यायमां पाडेलाने वधारे शुं कहीये? माटे हे राजन्! पोताना कुलाचारनुं स्मरण करी आ अवला मार्गनो त्याग करो. "

रोहिणीनां आवां वचनो सांभलीने उघडी गयां छे ज्ञान नेत्र जेना एवा राजाए अन्यायरूप छिद्रने मटाडनारी एवी रोहिणीनी क्षमा मागी अने कह्युं के, " हे भद्रे ! पगले पगले दुराचारनो उपदेश करनारा घणां होय छे; पण सारा आचारनो उपदेश करनारा कोइकज होय छे. हवे आजथी तत्वे करीने तुं म्हारी व्हेन अथवा गुरु छुं. कारणके ते दुष्ट यशरूप अंधारा कूवामांथी तें म्हारो उद्धार कर्यो छे." ए प्रकारे सतीने कहेतो एवो नंदराजा तेना सत्कार करी अने तेना गुणोने संभारतो छतो पोताना घरप्रत्ये गयो.

हवे बीजा द्वीपमां घणुं धन मेलवानारो धनावह घणा कालथी प्रि-

याने मलवानी उत्कंठा पामतो छतो घरप्रत्ये आव्यो. रोहिणीए पण पतिना मुखरूप चंद्र ज्योत्स्नाना अमृतरसथी पोताना नेत्ररूप नील कमलने कृतार्थ कर्या. कोइ दिवसे धनावह शेठ वाचाल दासीना मुखथी पोताने त्यां आवेला राजानी वात सांजली मनमां विचार करवा लाग्यो के, " शुं जूख्यो थयेलो वांदरो प्राप्त थयेला मधपुडाने अने कागडो एकांतमां प्राप्त थयेला दहींनां पात्रने चाख्याविना छोडीदे खरो ? लावण्यरूप अमृतना घडासरखी आ म्हारी प्रिया नंदराजानां नेत्रना अतिथीपणाने पामी तो पछी ते शुद्ध शीलवाली केम रही हशे ? " ए प्रकारे मनमां संकल्प विकल्प करतो एवो धनावह शेठ ते रात्रीने विषे सूतेला मघरवाला धरानीपेठे निश्चल थइने सूइ रह्यो. पछी चोमासामां ते शेठना चित्तना मेलने धोवामाटे तत्पर थया होय नहिं शुं ? एवा गाढ मेघो वरसवा लाग्या. ते वखते रोहिणीना शीलरूप सुवर्णनी परीक्षा करवामाटे ब्रह्माए जाणे कसोटी उत्पन्न करी होय नहिं शुं ? एम विजली शोजवा लागी. सात दिवससूधी अखंड धाराये वर्षाद वरश्यो के जेथी गंगा नदीना पाणीनुं पूर गामना दरवाजापासे आव्युं, तेथी जाणे परचक्रथीज जय पामेला होय नहिं शुं ? एम नगरना सर्व लोकोए ते पाणीना पूरने फल विगेरे अनेक पदार्थोवडे वधाव्युं; परंतु ते पाणीनुं पूर पाछुं हठ्युं नहीं, पण दरवाजानी नजीक आवी पहोच्युं. राजाए नगरीनो दरवाजो बंध कराव्यो. समुद्र जेम मर्यादाउपर चडवाने तैयार थाय तेम नदीना पाणीनुं पूर नगरीना कोटउपर चडवाने तैयार थयेलुं जोइ राजाए जयथी पोताना इष्ट देवतानुं स्मरण कर्युं. ते वखते इष्ट देवताना कहेवा उपरथी राजाए तत्काल रोहिणीने बोलावीने नगरीना दरवाजा उपर चडावी. पछी रोहिणीए पंच परमेष्ठीने नमस्कार पूर्वक हाथमां जल लइने कह्युं के, " हे गंगे! जो हुं मन, वचन अने कायाए करी त्हारीपेठे शुद्ध सीलवाली होउं तो गरुडथी नागनी सेनानीपेठे आ नगरथी निवृत्ति पाम्य. " एम कहीने जेटलामां ते पोताना हाथनेविषे रहेलुं पाणी नदीमा नाखवामाटे तैयार थाय छे तेटलामां मायानीपेठे ते पाणीनुं पूर अदृश्य थइ गयुं अने लोकोना चित्तमांथी जय पण निवृत्त थयो. वली धनावह शेठना हृदयमांथी वि-

कल्प बुद्धिनो पण नाश थयो. ते वखते " शीलनुं महात्म्य आश्चर्यकारी छे. " एम सर्व दिशामां उंचा शब्दथी देवताउ कहेवा लाग्या. पछी मिथ्यात्वने नाश करनारा रोहिणीना उपदेशथी नंदराजा जैन धर्मनेविषे प्रीतिवालो थयो अने चैत्य परिपाटी करवापूर्वक तेने म्होटा उत्सवथी तेना घरनेविषे तेडी गयो. प्रियाना निर्मल शीलथी गर्जना करता धनावह शेठे पण राजानो अने नगरवासी मनुष्यो सत्कार करी सौ सौने घरे मोकल्या. पछी धनावह शेठ विगेरे सर्वे मनुष्योए शीलना महात्म्यने जोवाथी मोक्ष लक्ष्मीने आकर्षण करनारा जैनधर्मनो अंगीकार कर्यो. ए प्रकारे रोहिणी जैनधर्मनी प्रजावना करी, पोताना मनुष्य जन्मने कृतार्थ करी उत्तम कर्मना फलरूप स्वर्गलोक प्रत्ये गइ.

इति रोहिणीनी कथा समाप्ता.

शीलवंतनो संग करवाथी पण घणा गुणो प्राप्त थाय छे, ते कहे छे.

शीलकलितैः सार्द्धं संगोऽपि एव बहुगुणावहो जवति

सीलकलिएहिं सद्धिं, संगोवि हु बहुगुणावहो होइ ॥

कर्पूरसाध्यात्म्यमपि कुरुते वस्तूनां सुरजित्वं

कप्पूरसइस्सत्तं,-पि कुणइ, वत्थूण सुरहित्तं ॥ ५७ ॥

शब्दार्थ– (सीलकलिएहिं के०) शीलव्रते करीने संयुक्त थएला अर्थात् शीलवालानी (सद्धिं के०) साथे करेलो (संगोवि के०) संग पण (हु के०) निश्चे (बहुगुणावहो के०) घणा गुणवालो (होइ के०) थाय छे. त्यां दृष्टांत कहे छे– (कप्पूरसइस्सत्तंपि के०) कर्पूरनी साथेनो वास पण (वत्थूण के०) स्पर्श थएली बीजी वस्तुउने (सुरहित्तं के०) सुगंधवाली (कुणइ के०) करे छे. ॥ ५७ ॥

विशेषार्थ– जेम कर्पूरना सुगंधथी स्पर्शित थएली बीजी वस्तुउ सुगंधवाली थाय छे, तेम शीलवंतनी साथे करेलो संग पण घणा गुणवालो थाय छे. अर्थात् शीलना गुणने प्रगट करनारो थाय छे. कह्युं छे के– जो जारिसेण मित्तिं, करेइ अचिरेण तारिसो होइ ॥ कुसुमेहिं सह वसंता, तिलावि तग्गंधिया हुंति ॥ अर्थ–जे जेनी साथे मित्राइ करे छे ते ते-

नासरखो थोडा वखतमां थाय छे. जेम पुष्पनी साथे वसता तिलपुष्पो पण पुष्पनासरखी गंधवाला थाय छे. ॥ ५७ ॥

हवे शीलरहितने सर्व गुणोनुं हलकापणुं कहे छे.

सकलोऽपि गुणग्रामः शीलेन विना न शोभां आवहति
सयलोवि गुणग्गामो, सीलेण विणा न सोहमावहइ ॥

नयनविहिनं इव मुखं लवणविहीना रसवतीव
नयणविहूणं व मुहं, लवणविहूणा रसवइव ॥ ५८ ॥

शब्दार्थ– (सयलोवि के०) सकल एवोय पण (गुणग्गामो के०) गुणनो समूह जे छे ते (सीलेण विणा के०) शीलव्रत विना (सोहं के०) शोजाने (न आवहइ के०) नथी प्रगट करतो. त्यां दृष्टांत कहे छे– (नयणविहूणं के०) नेत्रविनाना (मुहं व के०) मुखनीपेठे अने (लवणविहूणा के०) मीठा विनानी (रसवइव के०) रसवतीनीपेठे शीलरहित पुरुष शोजाने पामतो नथी. ॥ ५८ ॥

विशेषार्थ– जेम नेत्रविना मुख अने लवणविना रसोइ शोजती नथी, तेम उदारता, स्थिरता, गांजीर्य, ज्ञान अने विज्ञान विगेरे सर्व गुणोनो समूह पण शीलविना शोजतो नथी. कह्युं छे के– (शार्दूलविक्रिडित वृत्तम्) ऐश्वर्यस्य विजूषणं मधुरता शौर्यस्य वाक्संयमो, रूपस्योपशमः श्रुतस्य विनयो वित्तस्य पात्रे व्ययः ॥ अक्रोधस्तपसः क्षमा प्रजवतो धर्मस्य निर्वाच्यता, सर्वेषामपि सर्वकालनियतं शीलं परजूषणम् ॥ अर्थ– ऐश्वर्यनी शोजा मधुरता, शौर्यनी शोजा वाणीनो नियम, रूपनी शोजा शांति, ज्ञाननी शोजा विनय, ड्रव्यनी शोजा पात्रदान, तपनी शोजा अक्रोध, अधिपतीनी शोजा क्षमा, धर्मनी शोजा निर्वाच्यता (मौनपणुं) अने सर्व माणसोनी शोजा सर्वकालने विषे नियमित शील छे.

हवे शीलव्रत धारण करनाराउने प्रत्यक्ष फल कहे छे.

विषविषधरकरिकेशरीचौरारिपिशाचशाकिनीप्रमुखाः
विसविसहरकरिकेसरी–चोरारिपिसायसाइणीपमुहा ॥

सर्वेपि अशुजजावाः प्रजवंति न शीलवतां
सवेवि असुहन्नावा, पहवंति न सीलवंताणं ॥ ५९ ॥

शब्दार्थ— (विस के०) ऊेर (विसहर के०) सर्प विगेरे (करि के०) हस्ति (केसरी के०) केशरी सिंह (चोर के०) चोर (अरि के०) शत्रु (पिसाय के०) पिशाच अने (साइणीपमुहा के०) शाकिनी प्रमुख (सवेवि के०) सर्वे एवाय पण (असुहन्नावा के०) अशुन्नाव अर्थात् अमंगलिक पदार्थो जे ठेते (सीलवंताणं के०) शीलव्रतने धारण करनाराने (न पवहंति के०) परान्नव करी शकता नथी. ५ए

विशेषार्थ— विष, सर्प विगेरे ऊेरवाला जीवो, हस्ति, केशरीसिंह, चोर, वैरी, पिशाच अने शाकिनी विगेरे सर्व अशुन्न करनारा न्नावो शीलव्रत धारण करनाराने उपद्रव करी शकता नथी. अर्थात् तेर्ठ शीलवंतनुं अशुन्न करवाने समर्थ थता नथी. कह्युं ठे के— तोयत्यग्निरपिस्रजत्यहिरपि व्याघ्रोऽपि सारंगति, व्यालोऽप्यश्वति पर्वतोऽप्युपलति क्ष्वेडोऽपि पीयूषति ॥ विघ्नोऽप्युत्सवति प्रियत्यरिरपि क्रीडातडागत्यपां नाथोऽपि स्वगृहत्यटव्यपि नृणां शीलप्रन्नावाद् ध्रुवम् ॥ १ ॥ अर्थ— शीलव्रतना प्रन्नावथी माणसने निश्चय अग्नि जलसमान, सर्प पुष्पनी मालासमान, वाघ हरिणसमान, हस्ती अश्वसमान, पर्वत पत्रसमान, विष अमृत समान, विघ्न उत्सवसमान, शत्रु मित्रसमान, समुद्र क्रीडा करवाना सरोवरसमान अने अरण्य पोताना घरसमान थाय ठे. ॥ ५ए ॥

शीलव्रत लीधा पठी न्रष्ट थएलानी ङुर्गति कहेठे.

शीलन्रष्टानां पुनः नामग्रहणमपि पापतरुबीजं

सीलन्नठाणं पुण नामग्गहणंपि पावतरुबीयं ॥

या पुनः तेषाः तु गतिः तां जानाति केवली न्नगवान्

जा पुण तेसिं तु गई, तं जाणइ केवली न्नयवं ॥ ६० ॥

शब्दार्थ—(पुण के०) वली (सीलप्पन्नठाणं के०) शीलव्रतथी न्रष्ट थएलानुं (नामग्गहणंपि के०) नाम ग्रहण करवुं ते पण (पावतरुबीयं के०) पापरूप वृक्षनुं बीज ठे. (पुण के०) वली (तेसिंतु के०) ते शीलथी न्रष्ट थएलानी (जा गइ के०) जे गति थाय ठे. (तं के०) ते गतिने (न्नयवं के०) न्नगवान् एवा (केवली के०) केवलज्ञानी (जाणइ के०) जाणे ठे. ॥५०॥

विशेषार्थ— शीलव्रतथी न्रष्ट थएलानुं नाम लेवुं, ते पण पापरूप वृ-

फलनुं बीज छे. अर्थात् तेवा पुरुषोनुं नाम लेवाथी पण पाप लागे छे. तेवा पुरुषोनी संसारमां ज्रमवारूप जे गति थाय छे ते गतिने तो जगवान् केवली जाणे छे, पण बीजा कोइ जाणी शकता नथी. ॥ ६० ॥

हवे शीलथी ज्रष्ट थएलाने आलोक परलोकमां जे दुःख प्राप्त थाय छे, ते कहे छे.

बंधनछेदनताडनमारणप्रमुखानि विविधदुःखानि
बंधणछेयणताडण-मारणपमुहाइ विविहदुरकाइ ॥

इह लोकेऽपि तथा स्थिरं अयशः प्राप्नुवंति गतशीलाः
इह लोएवि तहा थिरं- मजसं पावंति गयसीला ६१

दारिद्र्यक्षुद्रव्याधिअल्पायुःकुरूपतादीनि अशुज्ञानि
दारिद्दखुद्दवाही-अप्पाउकुरूवयाइ असुहाइं ॥

नरकांत्यान्यपि वसगानि गलितशीलानां परलोके
नरयंताइवि वसगा-इ गलियसीलाण परलोके ॥६२॥

शब्दार्थ– (गयसीला के०) नाश थयां छे शीलव्रत जेमनां एवा पुरुषो (इह लोएवि के०) आ लोकने विषे पण (बंधण के०) बंधन एटले दोरी विगेरेथी बंधावुं (छेयण के०) छेदन एटले शस्त्र विगेरेथी नाक कान विगेरेनुं कपावुं (ताडण के०) ताडन एटले लाकडी विगेरेथी मरावुं अने (मारणपमुहाइ के०) मारण एटले जीवथी मारी नंखाववुं प्रमुख (विविहदुरकाइं के०) अनेक प्रकारनां दुःखोने (तहा के०) तेमज (थिरं के०) स्थिर एवा (अजसं के०) अपयशने (पावंति के०) पामे छे. ॥ ६१ ॥ तथा (गलियसीलाण के०) नाश थयां छे शीलव्रत जेमनां एवा पुरुषोने (परलोए के०) परलोकने विषे (दारिद्द के०) दारिद्र्य (खुद्दवाही के०) क्षुद्रव्याधि जयंकर रोग (अप्पाउ के०) अल्पआयुष्य अने (कुरूवयाइ के०) कुरूप विगेरे (असुहाइं के०) अशुज्ञ एवा (नरयंताइवि के०) नरकांतादिक अर्थात् जेना अंते नरकज प्राप्त थाय छे एवाय पण दुःखो (वसगाइ के०) वश्य रहेला छे अर्थात् हाथमां रहेला छे.

विशेषार्थ– शीलव्रतथी ज्रष्ट थएला पुरुषो आ लोकने विषे दोरी वि-

गेरेथी बंधावुं, शस्त्रादिकथी नाक कान विगेरेनुं कपावुं, लाकडी विगेरेथी मरावुं अने जीवथी मारी नखावुं प्रमुख अनेक प्रकारनां दुःखोने तेमज घणा कालसूधी स्थिर थइ रहे एवा अपयशने पामे छे अने परलोकने विषे दारिद्र, भयंकर रोग, अल्प आयुष्य अने कुरूप विगेरे अशुभ एवा नरक विगेरेनां दुःखोने पामे छे. ॥ ६१ ॥ ६२ ॥

हवे शीलथी भ्रष्ट थएला पुरुषनुं दृष्टांत कहे छे.

निरुपमतपोगुणरंजितसुरोऽपि स: कुलवालकः साधुः
निरुवमतवगुणरंजिय–सुरोवि सो कूलवालउ साहू ॥
मागधिकासंगात् गलितव्रतः प्राप्तः कुगतिं
मागहियासंगाउ, गलियवउ पाविउ कुगइं ॥ ६३ ॥

शब्दार्थ–(निरुवम के०) जेनी उपमा आपी शकाय नहिं एवा (तवगुण के०) तपना गुणे करीने (रंजियसुरोवि के०) रंजित कर्या छे देवताउ जेणे एवो (सो के०) ते (कूलवालउ के०) कूलवालक नामनो (साहु के०) साधु जे छे ते (मागहिया के०) मागधिका नामनी गणिकाना (संगाउ के०) संग थकी (गलियवउ के०) नाश थयुं छे चारित्र जेनुं एवो थइने (कुगइं के०) कुगति एटले दुर्गतिने (पाविउ के०) पाम्यो छे. ॥ ६३ ॥

विशेषार्थ– जेनी उपमा आपी शकाय नहिं एवा तपना गुणथी देवताउने पण रंजन करनार अर्थात् वश्य करनार कूलवालक नामनो साधु, मागधिका गणिकाना संसर्गथी शीलव्रतथी भ्रष्ट थयो छतो कुगति (नरक गति) ने पाम्यो. ॥ ६३ ॥

कूलवालक मुनिनी कथा.

जेमनी क्षमाने जोइ लज्जा पामेलो नागपति शेषराज पातालमां पेशी गयो छे एवा क्षमावंत केटलाक आचार्यो हता. गच्छोनु पालन करता अने विधि प्रमाणे गुणोने धारण करता एवा ते आचार्योने जेम श्री महावीर स्वामीने गोशालो दुर्विनीत शिष्य हतो तेम एक अविनीत शिष्य प्राप्त थयो हतो. स्वभावथी दुर्विनीत आत्मावाला, गुरुनी आज्ञाने अवली माननारा, वांदरानी पेठे उद्वेग करावनारा अने अस्थिर एवा ते

शिष्यने गुरुए कहेली सारणा वारणादिक शिक्षा तावथी पीडाता माणसोने जेम घी विष सरखुं लागे तेम विष सरखी लागती हती.

कोइ दिवसे घणा गुणवाला आचार्यो तीर्थयात्रा करवानी इच्छाथी ते दुर्विनीत शिष्य सहित श्री गिरनार पर्वत उपर गया. त्यां यात्रा करवा माटे आवेली स्त्रीओना समूहने जोइने चंचल चित्तवाला थएला ते कुशिष्यने गुरुओए वार्यो; तेथी ते कुशिष्य मनमां गुरु उपर क्रोध राखवा लाग्यो. पछी उतरती वखते गुरुनी पाछल चालता ते कुशिष्ये गुरुने चूरण करवा माटे (मारवा माटे) यमना गोला सरखो एक म्होटो पथ्थर पाड्यो, पण चतुर मुनिओए पडता एवा ते पथ्थरना शब्दने सांभली पोताना पग पहोला करी नाख्या; जेथी कुशिष्ये धारेलो मनोरथ फोगट थयो. पछी प्रगट क्रोधवाला ते आचार्योए कुशिष्यने श्राप आप्यो के, "हेदुरात्मन् ! तुं स्त्रीओथी व्रतभंगने पामीश." पछी "हुं ज्यां स्त्रीओना मुख नहीं देखुं एवा स्थानमां रहि गुरुना श्रापने मिथ्या करीश." एवो विचार करीने ते दुष्ट बुद्धिवालो कुशिष्य तरस्यो माणस जेम तलाव प्रत्ये जाय अने अज्ञानी माणस जेम कुमार्गे प्रत्ये जाय तेम गुरुनो त्याग करी कोइ अरण्यमां चाल्यो गयो. त्यां नदीने कांठे तप करतो, कायोत्सर्ग करतो तथा पक्षक्षमण अने मासक्षमण करतो एवो ते कुशिष्य ते मार्गे थइने जता आवता कोइ सार्थादिक पासेथी अन्न लइ पारणुं करतो. हवे वर्षाकाल प्राप्त थयो एटले पर्वतथी निकलेली नदीओ कुलटा (वेश्या) स्त्रीनी पेठे पोतानी मरजी प्रमाणे वृद्धि पामवा लागी. नदीना कांठानो आश्रय करी रहेला क्षुल्लकनी पासे पाणीना पूरने आवतुं जोइ जिनशासन देवी विचार करवा लागी के, "निश्चय कृतघ्ननी पेठे सर्व प्रकारे वृद्धि पामतो एवो आ नदीनो प्रवाह मुनिने बूडाडशे" एम धारीने शासनदेवीए नदीना प्रवाहने बीजी बाजु तरफ चलाव्यो, तेउपरथी लोकमां ते मुनिनुं "कूलवालक" एवुं नाम प्रसिद्ध थयुं.

हवे श्री श्रेणिकराजाए हार, कुंडल अने वस्त्रसहित सेचनक नामनो हाथी हल्ल विहल्लने भेट आप्यो हतो अने पछी पोते मरण पाम्यो; जेथी तेनो पुत्र कोणिक राज्यासन उपर बेठो; पण ते पिताना शोकथी राजगृह नगरने विषे रही शक्यो नहीं; तेथी ते वास्तुशास्त्रमां पंडित एवा

पुरुषो पासे चंपानगरी करावी पोताना कालादिक दश भाइसहित त्यां रह्यो. पछी पद्मावती पट्टराणीना आग्रहथी कोणिक राजाए हल्ल विहल्ल पासेथी पोताना पिताए आपेला हार, कुंमल वस्त्र अने सेचनक हाथी पण माग्या एटले बुद्धिवंत एवा ते बे भाइओ ते कोणिकने अशुभ बुद्धिवालो मानी अने सर्व सारवस्तुने लइ रात्रीने विषे विशाला नगरीमां नासी गया. त्यां बुद्धिवंत एवा मातामह (माना बाप) चेमा राजाए स्नेहथी तेओने पोताना युवराजना सरखा मान्या. हवे कोणिक राजा हल्ल अने विहल्ल चेडा राजानी शरणे गयेला जाणीने विचार करवा लाग्यो. "अरे! हुंतो बंधु अने रत्नो ए बेयथी भ्रष्ट थयो; पण जो हुं श्रेणिक राजानो पुत्र बुं तो तेओने त्यांथी त्याग करावुं." एम प्रतिज्ञा करीने तेणे चेमा राजापासे दूत मोकली हल्ल विहल्लनी मागणी करी, पण चेमा राजाए पोतानी शरणे आवेला तेओने कोणिकराजाने स्वाधिन कर्या नहीं; जेथी क्रोध पामेला कोणिकराजाए पोताना असंख्य सैन्यथी विशाला नगरीने घेरो घाल्यो एटले महाबलवंत एवा कोणिक अने चेडा राजाने म्होटुं युद्ध थयुं. जेमां एक क्रोड अने एशीं लाख वीर पुरुषो मार्या गया. वीर एवा हल्ल विहल्ल पण सेचनक हाथी उपर बेसी रात्रीए कोणिकनी सेनाने मारी तत्काल पाछा नाशी जता. कोणिकना सुभटो घणा उपायकरता, पण तेओ सेचनकने मारी नाखवाने अथवा पकडवाने समर्थ थया नहीं. छेवट अंगारानी खाइना प्रयोगथी सेचनक हाथी मरायो एटले संसारथी निस्पृह थएला अने श्री शासनदेवीए श्रीवीर भगवान् पासे पहोचाडेला तथा आत्मानुं साधन करनारा ते हल्ल अने विहल्ले दीक्षा धारण करी. महा बलवंत एवो श्रेणिकनो पुत्र पण ज्यारे विशाला नगरी लेवाने समर्थ थयो नहीं त्यारे तेणे एवी प्रतिज्ञा करी के, "जो हुं गधेडाथी जोडायेला हले करीने आ विशाला नगरी न खोदावी नाखुं तो हुं झंपापात करी अथवा अग्निमां प्रवेश करी मृत्यु पामीश." आवी प्रतिज्ञा कर्या छतां पण ज्यारे ते विशाला नगरी लेवा समर्थ थयो नहीं त्यारे मनमां घणोज खेद पामवा लाग्यो. आ वखते गुरुनी आज्ञानो भंग करवाथी कूलवालकने विषे क्रोध पामेली शासनदेवीए आकाशमां उभा रहीने कोणिकने कह्युं के, गणियं चे मागधियं, समणे कूलवालके ॥ गमिन्न कूणिएलाए, तो वेसा-

लिं गहिस्सदि ॥ १ ॥ अर्थ–जो फूलवालकमुनि मागधिका गणिका प्र- त्ये गमन करशे, तो कोणिक राजा विशाला नगरीने ग्रहण करी शकशे." शासनदेवीनी ए प्रकारनी वाणी सांजलीने जयनी आशा पामेला कोणिक राजाए बहु मानपूर्वक मागधिका वेश्याने बोलावीने वस्त्रालंकारथी सत्कार करीने कह्युं के, "हे जद्रे! तें जन्मथी आरंजीने अनेक पुरुषोनी बुद्धि जीवाडी छे; माटे तुं अमारुं कार्य करीने पोतानी कला सफल कर अने हे कलावती! ते अमारुं कार्य ए छे के– फूलवालक मुनिने अहिं तेडी लाव्य." राजानी आज्ञा अंगीकार करी मागधिका वेश्याए कपट श्राविकनो वेष धारण कर्यो अने पछी ते तीर्थयात्रा करती करती ज्यां फूलवालक मुनि रहेता हता त्यां आवी पहोची. वैराग्यना गाढवेषथी तेणे मुनिने वंदना करीने कह्युं के, "हुं गीरनार विगेरेनी तीर्थयात्रा करवा निकली छुं तेमां आपनां पण दर्शन थयां." मुनिए पडिमानो त्याग करी धर्मलाजनी आशिष आपी अने पछी तीर्थोने वंदना करी पूछ्युं के, "हे विवेकीनि! तमे क्यांथी आव्या?" मागधिकाए कह्युं. "हे नाथ! धर्म एकज छे शरण जेने एवी हुं चंपानगरीथी निकली तीर्थयात्रा करती करती जंगम तीर्थ (हालता चालता तीर्थ) रूप तमने वंदना करवानी इछाथी अहिं आवी छुं. हे महर्षे! म्हारी पासे बेंतालीश दोषरहित जाथुं छे; तेने ग्रहण करी म्हारा उपर अनुग्रह करो." जक्तिथी वश थयो छे आत्मा जेनो एवा मुनि पण तेना अश्रममां गया अने त्यां ते वेश्याए प्रथमथीज नेपालानुं चूर्ण नाखी बनावी राखेला लाडवा मूनिने वहोराव्या. मुनिने पण फक्त ते लाडवा खावाथीज एटलो बधो अतिसार (फाडो) थयो के, पोतानुं शरीर शुद्ध करवाने पण समर्थ थया नहीं. बीजे दिवसे जाणे पूछवाने आवी होय नहिं शुं? एम मुनिपासे आवेली मागधिकाए तेमने तेवी स्थितिमां पडेला जोइने मुख आडुं वस्त्र राखी गद्गद् वाणीथी कह्युं. "हे मुनि! तमारी आ अवस्था म्हाराथीज थयेली छे, तो साधुने आ प्रकारे मृत्यु आपनारी एवी मने धीक्कार छे. आवा कार्यथी मने नरकमां पण रहेवानुं स्थान नहिं मले. वली एकला अने आ प्रकारनी स्थितिये पहोचला तमने आ मनुष्य रहित वनमां मूकीने हवे म्हारे बीजी तीर्थयात्रा करवा जवुं

ए योग्य नथी; माटे तमारी सेवाथी म्हारा आत्माने पवित्र करीश." एम कहीने ते वेश्या वारंवारं औषध करवा लागी अने अनुक्रमे मुनिने तेवी रीते नवराववा लागी के, जेवी रीते मुनिना सर्व अंगनो स्पर्श थाय. ए प्रकारे सेवा करीने वेश्याए मुनिने पोताने स्वाधिन करी लीधा.कह्युं छे के-संकटमां पडेला सर्वे माणसो सुखे वश्य करी शकाय छे. ए प्रमाणे कटाक्ष, मुखने मलकाववुं, वाणी युक्ति अने शरीरनी चेष्टाथी मुनिने तपथी भ्रष्ट करी नाख्या. कह्युं छे के—स्त्रीउंना संग आगल तप नकामुं छे. पछी तेउंने निरंतर साथे वास, साथे भोजन अने हास्य वचनथी स्त्री पुरुषनो व्यवहार बंधायो. धिक्कार छे मोहनी चेष्टाने !!! पछी मागधिका दोरडीथी बांधेला मांकडानी पेठें कूलवालक मुनिने ज्यां चंपा नगरीनो राजा कोणिक हतो; त्यां तेरुी गइ अने कह्युंके, "हे देव! हुं आ कूलवालक मुनिने पति करी अहिं लावेली छुं, माटे हवे जे काम होय ते तेने कहो." कोणिके गौरवपणाथी कूलवालकने आज्ञा करी के," आ विशाला नगरी जेम तत्काल तुटी जाय तेम करो." कूलवालक मुनिए राजानां वचननो आदर करी तथा तापसीरूप धारण करी बगलो जेम तलावमां प्रवेश करे तेम विशाल नगरीमां प्रवेश कर्यो. कोणिक राजा पण विशाला नगरीने वधारे घेरो घालवा लाग्यो. मुनिए पण निरंतर नगरीना धनना संचयने जोवानी इच्छाथी भमता भमता मुनि सुव्रतनाथना स्तूपने जोइ विचार करवा मांड्यो के, "निश्चय आ स्तंभनी प्रतिष्ठाने विषे कोइ महा बलवालुं लग्न आवेलुं छे के, जेना प्रभावथी आ नगरीने इंद्र पण भांगी सकशे नहीं. जो आ स्तंभ उखेडी नखाय तो धारेलुं काम थाय!" एम विचार करता ते मुनि स्त्रीउंने पाणी भरवाना मार्गे वारंवार भमवा लाग्या. ते वखते नगरीने घेरो घालवानी परस्पर वातो करती एवी स्त्रीउंए मागधिकाना पति एवा कूलवालक मुनिने जोइने पूछ्युं के, "हे भगवन्! नगरीने बहु दिवसथी घेरो घालेलो होवाथी एमे घणां दुःखी थइए छीए, तो हवे ते घेरो क्यारे बंध थशे ते कहो?" मुनिए कह्युं. "ज्यांसूधी नगरीमां आ स्तंभ अखंडितपणाथी रह्यो छे त्यांसूधी खराब रोगनी पेठें ते घेरो बंध थनार नथी. वली तमे म्हारा वचनना विश्वासने माटे तेने थोडो पाडी जूउ के, जेथी समुद्रनी वेलानी पेठें ते घेरो दूर जवा लागशे अने

सर्व पाडी नाखवाथी तो कृतार्थ पणुं पामशो;कारणके, ए स्तंजनुं मुहूर्त क्षय करनारा वखते थएलुं ठे." पठी केटलाक माणसोए प्रथम ते स्तंजने थोडो पाणी नाखवा मांड्यो एटले कूलवालक मुनिए लोकोने विश्वास उपजाववा माटे कोणिक राजा पासे जइ तेनुं सैन्य थोडे दूर लइ जवानुं कह्युं. कोणिके तेम कर्युं; तेथी लोकोने पुरतो विश्वास आववाथी ते स्तंजने मूलमांथी उखेडी नांख्यो. पठी बार वर्षे कोणिक राजा विशाला नगरीने तोडी शक्यो. त्यांसूधि मुनि सुव्रतनाथना स्तंजनो प्रजाव चाल्यो. कोणिक अने चेडा राजाना युद्ध सरखुं बीजो कोइ युद्ध आ अवसर्पिणीने विषे प्रमथ क्यारे पण थयो नथी. पठी कोणिक राजाए पोताना देश प्रत्ये जता ठता चेडाराजाने कह्युं के, "हे मातामह ! कहो, मने शी आज्ञा ठे?" चेडाराजाए कह्युं. "हुं पुष्करिणी नदीमां स्नान करीने पाठो आवुं त्यांसूधी तुं अहिं रहे." कोणिके ते वात कबूल करी एटले शुजध्यानमां अखंडित बुद्धिवाला चेडा राजाए पोताना कंठने विषे प्रतिमा बांधी वाव्यमां पडतुं मूक्युं एटले साधर्मिकपणाथी धरणेंद्र तेने झीली लइ पोताने स्थानके तेडी गयो. त्यां अंतनी आराधना करी अनशनपूर्वक मरण पामी ते आठमे सहस्रार देवलोके देवता थयो. पठी चेडाराजानी पुत्री सुजेष्ठानो पुत्र सत्यकी के जे विद्याधर हतो, ते विशाला नगरीमां आवीने सर्व माणसोने नीलवंत पर्वत उपर लइ गयो एटले कोणिक राजाए गधेडाथी जोडेला हलोये करीने विशाल नगरीने खेडी पोतानी प्रतिज्ञा पुरी करी अने पठी ते महोटा उत्सव सहित पोतानी चंपा नगरी प्रत्ये गयो. मागधिकाना संगरूप तरंगवाला समुद्रने विषे बूडी गइ ठे बुद्धि जेनी एवो कूलवालक मुनिपण शीलव्रतना खंडनथी उत्पन्न थएला पापे करीने अनेक जन्मपर्यंत आ संसारने विषे जटकशे.

इति कूलवालक मुनिनी कथा,

हवे विषयरसनी तृषाथी आतुर थवामां तपना आचरणनुं पण निर्थरक पणुं कहे छे.

श्रमण्यपि खलु विषयरसात् पूर्वभवे द्रौपदी कृतनिदाना
समणीवि हु विसयरसा, पुव्वभवे दोवई कयनियाणा ॥
शिवदायकमपि खलु तपः मुधा हारयामास धिक् मोहः
सिवदायगंपि हु तवं, मुहा इहारिसु ही मोहो ॥ ६४ ॥

शब्दार्थ–(पुव्वभवे के०) पूर्वभवने विषे (हु के०) निश्चे (कयनिदाना के०) कर्युं छे नियाणुं जेणे एवी अने (समणीवि के०) ग्रहण कर्युं छे चारित्र जेणे एवीय पण (दोवइ के०) द्रौपदी, ते (विसयरसा के०) विषयना रसथकी (सिवदायगंपि के०) मोक्षने आपनारा एवाय पण (तवं के०) तपने (हु के०) निश्चे (मुहा के०) फोगट (इहारिसु के०) हारी गइ ! ते कारण माटे (मोहो के०) मोह (ही के०) धिक्कारवा योग्य छे. ॥ ६४ ॥

विशेषार्थ– पूर्वभवमां पांच पुरुषोनी स्त्री थवानुं नियाणुं करनारी अने चारित्रधारी एवी सागरदत्त शेठनी पुत्री सुकुमालिका के, जे आ भवमां द्रौपद राजानी पुत्री द्रौपदी तेणे विषयना रसथी मोक्षने आपनारा तपने फोगट गमाव्युं; माटे ते मोह खेदकारी छे. ॥ ६४ ॥

द्रौपदीनी कथा.

जेनो मणिमय किल्लो देवस्त्रीओना दर्पणपणाने पामेलो छे एवी अने सर्व गर्वधारी शत्रुओने कंपावनारी चंपा नामनी महा नगरी छे. तेमां स्थिर मनवाला सोमदेव, सोमभूति अने सोमदत्त नामना त्रण सगाभाइ ब्राह्मणो जाणे त्रण गुणोज होय नहिं शुं ? एम वसता हता. तेओने अनुक्रमे प्रेममां पुष्ट एवी नागश्री, भूतश्री अने यज्ञश्री नामनी त्रण स्त्रीओ हती. ते त्रणे भाइओए एवी व्यवस्था करी हती के, तेओ एक घरने विषे भेगा जमता अने त्रणे स्त्रीओ वारा फरती एक एक दिवसे रसोइ करती. एक दिवस हर्षित मनवाली नागश्रीए पोताना वाराने दिवसे नाना प्रकारना रस अने शाक विगेरेथी मनोहर रसोइ बनावी; पण तेणे अज्ञानपणाथी क्यारे पण न पकाववा योग्य एवुं कडवी तुंबडीनुं शाक

अनेक मशालाथी मनोहर देखाववालुं करी नाख्युं. रसोइ करी रह्या पछी खबर पडी तोपण मान प्रमाणे रसोइ करनारी ते नागश्रीए पोताना कर्मना दुर्विपाकथी ते कडवी तुंबडीनुं शाक तेनी अंदर थएला पैसाना खरचने संभारी त्याग कर्युं नहीं; पण स्वभावथी लोभणी एवी ते ब्राह्मणीए सर्पे डशेली आंगलीनी पेठे ते कडवी तुंबडीना शाकने रसोडामां कोइ वासणमां राखी मूक्युं. पछी कुटुंबने बीजा पदार्थोथी भोजन कराव्युं एटले पति अने दियर विगेरे जमीने तत्काल बहार गया. एवामां ज्ञाने करीने सूर्य समान एवा दमघोष सूरी ते पुरीना बगीचामां आव्या हता तेमनो धर्मरुचि नामनो शिष्य मासक्षमणाना पारणाने विषे कुतराना घरमां बकरानी पेठे नागश्रीना घरे वहोरवा माटे गयो. नागश्री पण " मारे आ साधुने बीजी बहु वस्तुओ फोगट आपवी न पडे अने भिक्षाना अर्थी ते साधु संतोष थाय. " एम धारी भाग्यना वशथी पोते नरकमां पडवुं सत्य करी आपती होय नहिं शुं ? एम तेणे राखी मूकेलुं कडवी तुंबडीनुं शाक साधुने वहोराव्युं. धर्मरुचिए गुरुपासे आवीने ते शाक बताव्युं. तेने जोइने प्रेमयुक्त हृदयवाला गुरुओए कह्युं. " नागश्रीए प्राणीओना प्राणने तत्काल नाश करनारुं आ कडवी तुंबडीनुं शाक तने दुष्टपणाथी अथवा अज्ञानपणाथी आप्युं छे; माटे तुं तेने यत्नथी पृथ्वीमां परठवी दे. " एवी गुरुनी आज्ञा पामी धर्मरूचि नगरनी बहार गयो. त्यां पात्रमांथी एक टीपुं पृथ्वी उपर पड्युं अने तेनो स्पर्श थवाथी हजारो कीडीओ मरण पामी. ते उपरथी धर्मरूचि विचार करवा लाग्यो के, " अहो ! आ एक टीपाथी अनेक जीवोनो नाश थयो तो पछी आ सर्वथी केटला जीवोनो नाश थशे ? भले म्हारो एक जीव जाओ; पण कोटि जीवोनी हिंसा न थाओ. " एम विचार करीने ते धर्मरूचि पोतेज हर्षथी सर्व शाक खाइ गयो अने आराधना पूर्वक समाधिथी मृत्यु पामी सर्वार्थसिद्ध देवलोकने विषे देवता थयो.

हवे अहिं गुरु विचार करवा लाग्या के, "धर्मरूचिने वार केम लागी?" एम धारीने तेमणे केटलाक साधुओने तपास करवा मोकल्या. ते उपरथी मुनिओ नगरनी बहार गया तो तेमणे धर्मरूचिने त्यां तेवी स्थितिमां पडेला दीठा एटले तेमना उपकरण गुरुनी पासे लावीने तेओए जेवुं दीठुं हतुं तेवुं कह्युं.

पछी ते वात माणसोना मुखथी सोमदेवादिक ब्राह्मणोए सांजली. ते उपरथी तेउए क्रोध करीने नागश्रीने तरत घरमांथी काढी मूकी. लोकमां निंदाना पात्ररूप थएली ते नागश्री कुतरीनी पेठे जमवा लागी. वली ताव, स्वास अने अतीसार (ऊाका)ना रोगथी गलि गएला देहवाली, नरक जूमिनी वेदनाने अनुजवती, जूख तरशथी पीका पामती अने रौद्र ध्यानमां व्याप्त थएली ते नागश्री मृत्यु पामीने ढठी नरकने विषे गइ. त्यांथी मांढलाना जवमां आवीने पाढी सातमी नरके गइ. त्यांथी फरी मांढलाना जवने पामी अने फरीने पण सातमी नरकमां गइ. ए प्रकारे डुष्ट आत्मावाली ते नागश्री सर्व नरकने विषे बबेवार जमी अने पढी पृथ्वीकायादि योनिमां उत्पन्न थइ. पढी पर्वतनी नदीना पथ्थरना न्यायथी ते नागश्रीनो जीव संसार समुद्रमां जटकी कर्मना लघुपणाथी चंपा नगरीमां सागरदत्त शेठनी स्त्री सुजद्राना उदरथी सुकुमारीका नामनी पुत्रीपणे उत्पन्न थयो. तेज नगरमां जिनदत्त नामनो बीजो शेठ रहेतो हतो. तेने जद्रा नामनी स्त्री हती. तेउने कलाज्ञाननो पार पामेलो सागर नामनो पुत्र हतो.

एक दिवसे जिनदत्त शेठ सागरदत्तना घरमां रहेली सुकुमारीकाने जोइने "आ म्हारा पुत्रने योग्य ढे." एम विचार करवा लाग्यो. पढी तेणे पोताना बंधुवर्गने साथे लइ गौरव पणाथी सागरदत्त शेठना घरे जइ पोताना पुत्रने माटे सुकुमारीकानी मागणी करी एटले सागरदत्ते उत्तर आप्यो के, " तेम बहु सारूं कह्युं. कारण म्हारे तेने परणाववी ढे. पण ते पुत्री मने प्राण थकी पण वधारे वहाली ढे, जेथी हुं क्षणमात्र तेनाथी जूदो रही शकतो नथी. जो तमारो सागर पुत्र म्हारो घर जमाइ थइने रहे तो हुं तेने म्हारी पुत्री परणावुं." पढी जिनदत्त शेठ " हुं पुत्रनी साथे विचार करी जोउं." एम कही घरे आव्यो अने सागर पुत्रने सर्व वात कही. सागर पण बोल्याविनाज उजो रह्यो. " जे कांइ उत्तर न आपे तेने कहेली वात मान्य ढे. " एम धारीने जिनदत्त शेठे सागरदत्त शेठ पासे आवीने कह्युं के, "म्हारो पुत्र तमारो घर जमाइ थइने रहेशे." पढी तेउनो म्होटी समृद्धिथी विवाह महोत्सव थयो. हस्तमेलाप वखते सागरदत्त शेठे सागरने घणुं द्रव्य आप्युं. पढी सुवा

सिनी स्त्रीउंए योग्यरीते शणगारेला घरने विषे तेउं बन्ने जणा (सागर-कुमार तथा सुकुमारिका) सूवामाटे गया. संजोगनी सर्व सामग्री बतां पण पूर्वकर्मना संस्कारथी सागरने ते सुकुमारीकाना अंगनो स्पर्श अंगारा सरखो लाग्यो. जयंकर उनालानी ऋतुमां बलता एवा अग्निमां होय नहिं. शुं ? एम सागरने एक क्षणमात्र पण वर्षना सरखु लाग्युं.

पछी निद्राने वश थयेली सुकुमारिकाने त्याग करी सागर पोताना घरे नाशी गयो; तेथी पति रहित ते सुकुमारिका हारलेखानी पेठे शय्यामांज सूइ रही. पतिए निद्रामां त्यजी दीधेली सुकुमारीका जागीने आमतेम वारंवार जोवा लागी; पण पतिने दीठो नहीं एटले यूथथी जूली पडेली मृगलीनी पेठे रोवा लागी. ते सांजलीने दासीए त्यां आवी अने जोयुं तो पतिए त्यजी दीधेली एवी सुकुमारीकाने दीठी, तेथी ते दासीए सुजद्राने वात करी अने सुजद्राए पति (सागरदत्त शेठ) ने वात करी. सागरदत्ते पण ते वात जिनदत्त शेठने कही; तेथी ते निंदासहित पुत्रनो तिरस्कार करवा लाग्यो अने कहेवा लाग्यो के, " हे धैर्यना समुद्र ! सागर ! कुलीन एवा तें आ सारुं कर्युं नथी, कारण के स्वजनो अपमान आपवा लायक होता नथी. कुलीन माणस, सुगुणने अथवा निर्गुणने जेने अंगीकार करे छे तेने त्यजी देता नथी. जो के शंकरे अंगीकार करेलो चंद्र कलंकवालो अने वांको छे, तो पण तेमणे तेने त्याग कर्यो नथी; माटे हे वत्सल ! त्यां जइ अने सुकुमारिकानो आदर करी आपणां दोष रहित कुलमां स्वजनोनी अवज्ञाथी उत्पन्न थएला नविन दोषने नाश कर. " पितानां आवां वचन सांजली सागर कुमारे स्पष्ट कह्युं. " हुं खुशीथी अग्निमां प्रवेश करीश, पण तेना घरे नहीं जाउं. " ए वात सांजली सागरदत्त शेठ रोता छता पुत्री पासे अवीने रहेवा लाग्यो. " हे वत्से ! सागर त्हारे विषे एटलो बधो शा कारण माटे विरक्त थयो छे के, जे तने अंगारानी गाडीनी पेठे स्वप्नमां पण इछतो नथी ? खेर, हुं म्हारी पुत्रीने माटे बीजो वर शोधिश; कारण के, " गामडाना अजाण लोकोए दूषित करेलु रत्न कांइ अमूल्य थतुं नथी.

एक दिवस गोखमां बेठेला सागरदत्त शेठे हाथमां खप्पर धारण करी रहेला, जमती मांखीउंना समूहथी व्याप्त, खराब यौवन अवस्था-

वाला अने फक्त केड उपर एक वस्त्रवाला कोइ एक भिखारीने जाणे मूर्तिमान दारिद्रपणुंज होय नहिं शुं ? एम दीठो. पछी तेने पोताने घरे बोलावी, स्नान करावी, चंदन चोपडी अने उत्तम वस्त्र धारण करावीने शेठे कह्युं के, "लक्ष्मीना सरखी आ म्हारी सुकुमारीका पुत्रीने विलास करावतो छतो सुखेथी अहिंज रहे." शेठनां एवां वचन सांभली हर्ष पामेलो ते भिखारी जाणे पोते देवतानुं सुख पाम्यो होय नहिं ? एम मानतो छतो शेठना घर जमाइनी पेठे त्यां रह्यो. रात्रीए शृंगार धारण करेली सुकुमारीका सहित शयन गृहमां गएला ते भिखारीने तेना अंगनो स्पर्श अग्निना सरखो लाग्यो; तेथी ते "आ राक्षसी छे." एम मानी तुरत उठी पोतानुं पात्र लइीने नाशी गयो. पछी सुकुमारीका रोवा लागी. ते सांभलीने शेठे धीरज आपता छतां पुत्रीने कह्युं के, "आ त्हारा पूर्वकर्मनुं फल उत्पन्न थयुं छे. जो के सूर्य आकाशमां भमे छे; गुणवंत भटकीने खावानुं मेलवे छे अने मूर्ख संपत्तिने भोगवे छे ए सर्व पूर्वना कर्मनुंज फल छे; माटे हवे मिथ्या शोक न करतां पोताना कर्मनो नाश करवाने अर्थे यत्न कर अने दीन मनुष्योने दान आपती छती शांत थइने म्हारा घरने विषे रहे." पछी समाधिये करीने निश्चल इंद्रियोवाली अने पोताना कर्मना मर्मने जाणती ते सुकुमारीका जिनेश्वर भगवाने कहेला धर्मनुं आचरण करती छती पिता सागरदत्त शेठना घरने विषे रही.

एक दिवस शेठना घरने विषे केटलीक साध्वीउ गोचरीने अर्थे आवी. तेउने सुकुमारीकाए भक्तिथी शुद्ध भात पाणी वहोराव्युं अने पछी निर्धन माणस जेम मणि ग्रहण करे तेम विरक्त आत्मावाली ते सुकुमारीकाए साध्वीउ पासे कर्मरूप वेलने छेदन करनारुं चारित्र ग्रहण कर्युं. वली कर्मने मूलमांथी उखेडी नाखवाने माटे उद्यमवंत थयेली तेणे म्होटुं तप करवानो आरंभ कर्यो.

एक दिवसे सर्वथी उग्र एवुं तप करवानी इछाथी स्वस्थ चित्तवाली सुकुमारीकाए वंदना करीने प्रवर्तनी (गुरुणी) ने पूछ्युं के, "हुं म्हारा पूर्वना दुष्ट कर्मनो नाश करवा माटे उद्यानमां एकांते रहीने तथा सूर्यसामी दृष्टि राखीने तप करवानी इछा करुं छुं." प्रवर्तनीए उत्तर

आप्यो के, "उपाश्रयथी बहार मार्गमां तप करवुं ए आपणो धर्म नथी. साधुउने पण तेवुं तप कोइ वखते करवुं कल्पे छे, पण साध्वीउने कल्पतुं नथी." पछी सुकुमारीका प्रवर्तनीनां वचननो अनादर करीने नगरनी पासेना बगीचामां जइ जेटलामां सूर्यसामी दृष्टि राखीने तप करवानो आरंभ करे छे तेटलामां तेणे एक पुरुषना खोलामां जेना पग छे, बीजो पुरुष जेनो आधार थयो छे, त्रीजो पुरुष जेने पवन नाखे छे, चोथो पुरूष जेना उर्शींगारूप थयो छे अने पांचमो पुरुष जेना मस्तक उपर छत्र धारण करी रह्यो छे एवी देवदत्ता नामनी गणिकाने त्यां आवेली दीठी. ते गणिकाना श्रेष्ठ भाग्यना उत्तमपणानो वैभव जोइने जेनी भोग इछा पूर्ण थइ नथी एवी सुकुमारीकाए एवुं नीआणुं बांध्युं के "में आचरण करेला आ तपनुं जे कांइ फल छे तेना प्रभावथी हुं आवता भवने विषे देवदत्ता गणिकानी पेठे पांच पतिवाली थाउं." सुकुमारीका आ प्रमाणे नीयाणुं करवा पूर्वक तप करती हती अने प्रवर्तनी तेने तेम करतां रोकती हती; तेथी ते सुकुमारीका आ प्रमाणे विचार करवा लागी के—"प्रथम आ प्रवर्तनी स्वजननी पेठे मने मान आपती अने हवणां विना कारणे वैरिणीनी पेठे म्हारो तिरस्कार करे छे." एम चिंतवीने पोतानी मरजी प्रमाणे चालवाथी जैनमार्गनुं मलिनपणुं एकठुं करती ते सुकुमारीका जूदा उपाश्रयने विषे एकली रहीने व्रतनुं पालन करवा लागी. त्यां आठ माससूधी विधिप्रमाणे संलेखना करी अने पछी मृत्यु पामीने ते सौधर्म देवलोकने विषे नवपल्योपम आयुष्यवाली देवी थइ. त्यांथी चवीने ते सुकुमारीकानो जीव, कांपील्य देशना द्रुपद राजानी मेनका नामनी देवांगनाथी पण अधिक रूपवाली द्रौपदी नामनी पुत्रीपणे उत्पन्न थइ. अनुक्रमे ते पुत्री यौवन अवस्थाने पामी एटले तेणे पितानी आगल उत्तम वरनी इछाथी राधावेध करनारने वरवानुं पण लीधुं. द्रुपद राजाए पण स्वयंवर मंडप आरंभी तेमां दूतोने मोकली अनेक राजाउने बोलाव्या. ते वखते पांच पांडवो (युधिष्ठिर, भीम, अर्जुन, नकुल सहदेव) पण स्वयंवर मंडपरूप मानसरोवरने विषे हंसोनी पेठे आव्या. पछी अर्जुने राधावेध करवाथी तेने वरवाने तैयार थएली द्रौपदीए लज्जाथी पोतानी दासीना हाथे अर्जुनना कंठने विषे वरमाला आरोपण करी.

दिव्य प्रभावथी (पूर्वे बांधेला नीआणाना उदयथी) वरमाला एक छता पण पांचे पांडवोना कंठने विषे जूदी जूदी आरोपण करेली देखाइ. ते वखते "पुण्यवाली आ राजकन्या सारुं वरी! सारुं वरी!!" एम आकाशवाणी थइ. "हुं आ एक कन्या पांचे जणाने शी रीते आपीश, अथवा जो आपीश तो सर्वेना हास्यपणाने पामीश, वली वरमाला एक छतां पांचेना कंठने विषे देखाय छे तेमज आकाशवाणीए पण आ वातनो आदर कर्यो छे तो हवे शुं थशे?" ए प्रकारनी चिंतारूप महा समुद्रमां बूडेलो अने योग्य कार्य करवामां मूढ बनी गएलो द्रुपद राजा जेटलामां क्षणमात्र विचार करवा लाग्यो तेटलामां आकाशमार्गेथी चारण मुनिए आवी द्रौपदीना पूर्वभवना नीआणानी वात द्रुपद राजाने कही तेना संदेहने निवृत्त कर्यो. पछी हर्षित चित्तवाला पांडु अने द्रुपद राजाए पांडवोनो अने द्रौपदीनो विवाहमहोत्सव कर्यो. ए प्रकारे मोक्ष लक्ष्मीना परिणामरूप तीव्र तपना नीआणाथी द्रुपद राजानी पुत्री द्रौपदी पांडु राजाना पांच पुत्रोनी प्रिया थइ; माटे विषयनी इच्छाने धिक्कार छे.

इति द्रौपदीनी कथा.

म्होटा एवाय पण परस्त्री गमन करनार पुरुषनुं हलकापणुं कहे छे.

अमरनरासुरविसदृसपौरुषचरित्रोऽपि परमणीरसिकः

अमरनरअसुरविसरिस–पोरिसचरिउवि पररमणिरसिउ ॥

विषमदशां संप्राप्तः लंकाधिपतिःअपि रंकइव

विसमदसं संपत्तो, लंकाहिवईवि रंकुव्व ॥ ६६ ॥

शब्दार्थ– (अमर के०) देवता (नर के०) मनुष्य अने (असुर के०) भुवनपति, तेमना (विसरिस के०) सरखा (पोरिसचरिउवि के०) पुरुषार्थना चरित्रवालो एवोय पण अने (पररमणिरसिउ के०) परस्त्रीने विषे प्रीतिवालो (लंकाहिवईवि के०) लंकानो अधिपति (रावण) पण (रंकुव के०) रंकनी पेठे (विसमदसं के०) विसमदशाने (संपत्तो के०) पाम्यो छे. ॥ ६५ ॥

विशेषार्थ– वीर पुरुषो पण परस्त्रीलंपट थवाथी विषम दशाने पा-

म्या छे. जेम के, देवता, मनुष्य अने भुवनपतिना सरखा पराक्रमवालो अर्थात् त्रण जगत्ने जीतवाना पराक्रमवालो अने सीताना हरणथी विभिषणादिक बंधुवर्गे त्यजी दीधेलो लंकानो अधिपति रावण, राम अने अने लक्ष्मणनी साथे युद्ध करवाथी रणभूमिमां भीखारीनी पेठे मरणपाम्यो.

आ रावणनुं विशेष चरित्र आगल महासती सीतानुं चरित्र कहेवाशे ते उपरथी जाणी लेवुं.

शीलखंडन करवाथी दुर्गतिनुं दुःख तो होय, परंतु आ भवमां प्रसरेलो दुष्ट अपवाद बंध थतो नथी, ते कहे छे.

नूपुरपंडितादत्तकदुहिताप्रमुखानां अद्यापि जगति

नेउरपंडियदत्तय–डुहियापमुहाण अज्जवि जयंमि ॥

असतीत्वघोषघंटाटंकारः विरमति न तारः

असईत्तिघोसघंटा–टंकारो विरमइ न तारो॥ ६६ ॥

शब्दार्थ– (जयंमि के०) जगत्ने विषे (नेउरपंडिय के०) नूपुरपंडिता अने (दत्तयडुहियापमुहाण के०) दत्तकदुहिता प्रमुख असती स्त्रीउनो (तारो के०) घणो म्होटो एवो (असईतिघोस के०) असतीपणारूप जे शब्द, ते रूप (घंटाटंकारो के०) घंटानो टंकार (अज्जवि के०) आजसूधी पण (न विरमइ के०) विराम पामतो नथी. ॥ ६६ ॥

विशेषार्थ– साधारण घडियाल विगेरेना शब्दो थोडीवार पछी तुरत बंध थाय छे, परंतु अपवाद रूप घडियालोना शब्दो तो शेंकडो वर्ष वीत्या छता पण बंध नहिं पडता तेवाने तेवाज वाग्या करे छे. जुउके, जेने जगत्मां संकडो वर्ष वीती गयां छे एवी नूपुरपंडिता अने दत्तकदुहिता (शृंगारमंजरी) विगेरेना असतीपणा रूप घडियालनो म्होटो शब्द आजसूधी पण विराम पामतो नथी. ॥ ६६ ॥

नूपुरपंडितानी कथा.

जेनी उंची हवेलीउ उपर बेठेली मुग्ध स्त्रीउ मुक्ताफलना लोभथी नक्षत्रोने ग्रहण करवानी इच्छा करती हती एवुं राजगृह नामनुं नगर छे. ते नगरमां सुवर्णना कुंडल बनाववामां कलावान् एवो देवदत्त नामनो उत्तम बुद्धिवालो सोनी रहेतो हतो. जेम राजहंसो मानसरोवरनो आ-

श्रय करे तेम जेना मनरूप मानसरोवरनो विवेक मार्ग रूप चांचो· वाला राजहंसरूप गुणोए आश्रय कर्यो हतो एवो देवदिन्न नामनो पुत्र हतो. तेने रूप, सौजाग्य, शृंगार अने विकारोए आश्रय करेली तथा प्रतिबंध रहित डुर्गिला नामनी स्त्री हती.

एक दिवस कामदेवे करीने उन्मत्त एवी ते स्त्री कमलना सरखां नेत्रना विभ्रमे करीने युवान् पुरुषोना मनने मथन करती उती नदीने विषे न्हावा माटे गइ अने त्यां अलंकारोए करीने सूर्यथकी पण बमणी कांतिवाली ते स्त्रीए लक्ष्मी जेम समुद्रना कांठाने शोजावे तेम नदीना कांठाने सुशोजित बनाव्यो. पठी कंचुकी त्याग करी अने केशपास ठूटो मूकीने नदीने तरवा माटे जाणे बे स्तनोरूप घडानेज धारण कर्या होय नहिं शुं? एवी ते स्त्रीए पोताना बे हाथ पहोला करीने चंचल तरंगोवाली नदीमां प्रत्ये प्रवेश कर्यो. गतिए करीने जारे एवी ते डुर्गिला पोताना बे हाथरूप पांखोने चलावती अने तट तट प्रत्ये फरती उती राजहंसीनी पेठे तरवा लागी; तेथी सर्व अंगने विषे विंटलाइ गयेली शेवाल जाणे तेनो केश पाश होय नहिं शुं? एम शोजवा लागी. झीणा अने जीना वस्त्रवाली तथा प्रत्यक्ष देखातुं ठे सर्व अंग जेनुं एवी ते स्त्रीने जोइ कोइ डुःशील पुरुष क्षोजथी पृथ्वी उपर पडी गयो. पठी ते पुरुषे आ डुर्गिला स्त्रीने कह्युं के, "हे चपल नेत्रवाली! तें सुखेथी स्नान कर्युं? एम नदी तथा वृक्षो तने पूठे ठे. वली हुं पण त्हारा चरणकमलने प्रणाम करतो उतो पण तेमज पूठुं ठुं." डुर्गिलाए कह्युं. "म्हारुं सुख स्नान पूठनाराउ मध्ये नदीनुं कल्याण थाउ; वृक्षो आनंद पामो अने त्हारुं मनइछित कार्य करीश." एवां तेनां वचनथी जाणे कामदेवेज आज्ञा करी होय नहिं शुं? एम गाढ आनंदरसथी पूर्ण थएलो ते पुरुष मूर्छा पाम्या सरखो थइ गयो. पठी वृक्ष उपर ठे दृष्टि जेमनी एवा अने फल पाडवानी इछावाला केटलाक ठोकराउने फल पाडी आपीने संतोष पमाडी ते पुरुषे पूछ्युं के, तमे अहिं केम आव्या ठो?" ठोकराउंए उत्तर आप्यो के, "आ देवदत्त सोनीना पुत्र देवदिन्ननी प्रिया ठे. अमे तेना घर पासे रहिए ठीए अने तेने जोवा माटे अहिं आव्या ठीए." डुर्गिला पण क्षणमात्र जलमां क्रीडा करीने पठी योगिनीनी पेठे ते पुरु-

षनुं ध्यान करती पोताने घरे गइ. ते पुरुष पण तेना शृंगाररूप अंगारानुं निरंतर मनमां ध्यान करतो ठतो क्यारे पण सुख पाम्यो नहीं. परस्पर रात्री दिवसनी पेठे आसक्त थएला अने वियोगथी पीडा पामता तेउं बन्ने जणाए चकला चकलीनी पेठे डुखेकरीने केटलोक काल निर्गमन कर्यो.

एक दिवसे ते नागरिके कुलनी देवतारूप कोइ कुलटा तापसिने विनंती पूर्वक डुर्गिला पासे मोकली. तापसी पण तेउंना परस्पर स्नेहने जाणी जिक्षाना मिषथी देवदत्त सोनीने घरे गइ. त्यां मायावी एवी ते तापसीए वासण मांजती एवी डुर्गिलाने एकांतमां कह्युं के, "नदीमां स्नान करती एवी तने ज्यारथी ते युवान् पुरुषे दीठी ठे त्यारथीज त्हारा गुणमां आसक्त थएलो ते पुरुष बीजी स्त्रीउंने नथी जाणतो." एवां तेनां वचन सांजली ते पुरष उपर आसक्त एवी चतुर डुर्गिलाए पोताना शरीरने ढांकतां तापसीने कह्युं. "अरे कुशीले! तुं कुलीन एवी मने डुषित करवाने योग्य ठे? जेम वज्रमणिने विषे कोइ शस्त्र प्रवेष करी शकतुं नथी तेम त्हारुं डुष्कर वचन म्हारे विषे निष्फल थशे. एम कही डुर्गिलाए पोतानो मशवालो हाथ तापसीना वांसामां मार्यो. पठी डुर्गिलाना अजिप्रायने न जाणनारी एवी तापसीए ते युवान पुरुषने कह्युं के," तुं पोताने विषे ते कुलीन स्त्रीने अनुरागवाली न ठता पण अनुरागवाली जाणे ठे. अरे! वली सत्यवचनवाली ते स्त्रीने हवणां असत्य वचनवाली करे ठे. कह्युं ठे के– मणिउंने बनावनारो घणो चतुर माणस पण पथ्थरने विषे शुं करे? अर्थात् कांइ न करी शके. वली कादवयुक्त हाथवाली ते डुर्गिलाए घरनी बहार नीकलती एवी मने अपराधी माणसनी पेठे लपडाक मारी ठे." एम कहीने ते तापसीए पोतानो वांसो देखाड्यो एटले ते पुरुष तापसीना वांसामां पांच आंगला पडेला जोइ विचार करवा लाग्यो के," ते चतुरस्त्रीए मने अंधारी पांचमनो वायदो आप्यो ठे. कह्युं ठे के–धूर्त माणसोना गुप्त चरित्रने धूर्तज जाणी शके ठे. "हा तेणे मने मलवानुं कह्युं ठे खरुं पण कये ठेकाणे? ते कह्युं नथी." एम विचार करीने धूर्त एवा ते पुरुषे फरीथी तापसीने कह्युं. "निश्चय ते मनोहर नेत्रवाली म्हारे विषे आसक्त ठे; पण कोइ कारणने लीधे तेणे त्हारा

उपर क्रोध कर्यो छे; माटे म्हारुं कहेवुं मानीने फरीथी तुं तेनी पासे एक वार जा. कह्युं छे के– माणसो अशक्य वस्तुउने पण उपायथी मेलवी शके छे." तापसीए कह्युं. "दुर्गिला सती छे. कारणके, जे त्हारा नामने पण सहन करती नथी. माटे जेम लवणनी खाणमांथी माणिक्य मलवुं दुर्लज छे तेम त्हारे पण तेनीपासेथी इच्छित पदार्थ मेलववुं ए पण दुर्लज छे; तोपण माली पासथी रत्नमालानी पेठे जो म्हाराथी त्हारा मनोरथनी सिद्धि थती होय तो फरीथी हुं आ जाउं." एम कहीने ते तापसीए फरीथी दुर्गिला पासे जइ हसिने कह्युं के, "हे सुज्रु ! त्हारे विषे आसक्त थएला अने विश्वास पामेला ते युवान् पुरुषनुं अपमान कर नहीं." दुर्गिलाए पण "स्थान जाणवाने माटे तेने फरीथी मोकली छे." एम समजीने जाणे क्रोध पामेली होय नहिं शुं ? एवी रीते ते तापसीने घर पछवाडेना अशोक वनना बारणा तरफथी काढी मूकी. दीन थइ गयुं छे मुख जेनुं एवी तापसीए पण सर्व वात ते पुरुषने कही, तेथी ते पण मेलापना स्थानने जाणीने मनमां बहु हर्ष पामवा लाग्यो अने पछी तेणे पोतानो अजिप्राय तापसीने जणावीने कह्युं के, "म्हारा माटे तने बहु वेठवुं पड्युं छे, पण आ वात त्हारे कोइने कहेवी नहीं."

पछी ते पुरुष अंधारी पांचमने दिवसे रात्रीए अशोक वनमां गयो. तेने देखीने दुर्गिला पण त्यां आवी नेत्ररूप पडियाए करीने परस्पर प्रेमरूप अमृतनुं पान करता, वेगथी हृदयने दबाववापूर्वक आलिंगन करता अने जोगरूप अमृतमय घणा कालना दर्शनथी उत्पन्न थएला स्नेहनी वारता करता तेउ बन्ने जणाने एक घडीनी पेठे बे पहोर त्यां विती गया. जाणे पोताना कर्मे करीनेज थाकी गएला होय नहिं शुं ? एम क्रीडाथी थाकी गएला ते बंने जणां परस्पर हाथना उशींगा मूकी त्यांज उंघी गयां. एवामां कार्यचिंताथी अशोकवनमां गएला देवदत्त सोनीए पोताना पुत्रनी स्त्रीनी साथे सूतेला जारने दीठो; तेथी तेणे "आ जार छे." एम निश्चय करवाने घरे जइने जोयुं तो पोताना पुत्रने शय्यामां सूतेलो दीठो. पछी ते विचार करवा लाग्यो के, "म्हारो पुत्र पोतानी स्त्रीनी असतीपणानी वात मानशे नहीं." एम धारी ते देवदत्त एंधाणने माटे सूतेली दुर्गिलाना पगमांथी एक कांकर काढी लइने चाल्यो

गयो. डुर्गिला पण लाघवपणाथी सासरे काढी लीधेला झांझरने जाणी जागी गइ. कह्युं छे के–" कामिने जय पामेलानी पेठें निश्चल निद्रा होती नथी." पछी डुर्गिलाए जारने उठाडीने कह्युं के, "आपण बन्नेने म्हारा सासराए दीठा छे; माटे तुं म्हारी साहाय्य करजे. जार पण ते वातने कबुल करी वस्त्र पहेरी पोताने घरे चाल्यो गयो अने डुर्गिला पण घरमां जइ पतिनुं आलिंगन करीने सूइ गइ. थोडीवार पछी जाणे ताप लागवाथी होय नहिं शुं ? एम ते कामिनीए पतिने जगाडीने कह्युं के, " हे स्वामिन् ! अहिं ताप लागवाथी मने निद्रा आवती नथी; माटे पवनथी शीतल एवा अशोक वनमां चालो. " देवदिन्न पण प्रियानां एवां वचन सांभलीने त्यांथी अशोकवनमां गयो अने त्यां पण ते तुरतज निद्राने वश थयो. कह्युं छे के–सरल आत्मावाला मनुष्योने पुण्य लक्ष्मीनी पेठे निद्रा सुलभ होय छे. डुर्गिला पतिना सर्व अंगनुं आलिंगन करीने सूती, पण तेने निद्रा आवी नहीं.–कह्युं छे के, "जेम दरिद्री माणसोने लक्ष्मी डुर्लभ होय छे तेम कामी मनुष्योने निद्रा पण डुर्लभज होय छे.पछी धूर्त एवी डुर्गिलाए पतिने जगाडीने कह्युं के, "अरे तमारा कुलमां आ केवो खराब रीवाज के, जे सासरो पोतानी वधू (पुत्रनी वहु)ना झांझरने काढी ले. नहिं ढांकेला शरीरवाली एवी मने धीक्कार छे के, जे निलज्ज एवो सासरो म्हारा डाबा पगमांथी झांझर काढी लइने चाल्यो गयो."

देवदिन्ने कह्युं. " हे भद्रे ! तपी जा नहीं. क्षणमात्र सूइ रहे. सवारे हुं पितानो तिरस्कार करीने झांझर पाछुं अपावीश. " डुर्गिलाए कह्युं. " हे मूर्ख ! शुं तमे नथी जाणता के, ते सवारे कांइ बीजुं कहेशे ? अने ते एज के में वधू (पुत्रनी बहु)ने जारनी साथे सूतेली दीठी हती. तमारी आ आलसे करीने म्हारो प्राणांत थशे; माटे हे प्रिय ! हवणांज जइने ते वृद्ध पांसेथी झांझर लइ आवो. " पतिए कह्युं. " हे प्रिये ! तुं शंसय पामीश नहीं, कारण के म्हारा मनमां कांइपण शंका नथी. वली हुं सवारे ते वृद्धने जे कहुं ते तुं सांभलजे. " पछी "तमे पिताना मुखने जोशो नहीं. नहिंतो तमने बीजुं समजावशे. वली म्हारा जीवितने पण धिक्कार छे. " एम कहीने रोती तथा कलंकथी भय पामती प्रियाने देवदिन्न अनेक प्रकारे धीरज देवा लाग्यो अने पोते पिताने तीरस्कार पू-

वंक कहेशे, एम विश्वास पमाडवा माटे बहु सोगन खावा लाग्यो. कह्युं छे के–स्त्रीने स्वाधिन थएला पुरुषो शुं नथी करता? पछी सवारे देवदिन्ने क्रोध करीने पिताने कह्युं. "अरे! तमे वधू (पुत्रनी वहु)ना झांझर काढवा रूप निर्लज्ज काम शुं कर्युं? वृद्ध पिताए कह्युं. "दुःशील एवी वधू रात्रीए अशोकवनमां जारनी साथे सूती हती; तेनुं एंधाण राखवाने माटे में आ काम कर्युं छे." पुत्रे कह्युं. "एतो हुं सूतो हतो, बीजो कोइ नहोतो, तमने आवुं अयोग्य काम करतां लाज आवी नहीं? जो वृद्धपणुं आवुं ने आवुं जालवी राखवुं होय तो म्हारा सूता छतामां काढी लीधेलुं झांझर तेने पाछुं आपी द्यो, कारणके ते निश्चय सती छे." पिताए कह्युं, "ज्यारे हुं तेनुं झांझर लइने घरमां आव्यो त्यारे में तने घरमां सूतेलो दीठो हतो." दुर्गिलाए कह्युं. हुं आ अयोग्य कलंकने सहन करीश नहीं. दैवीक कर्मे करीने हुं म्हारा आत्माने पवित्र करीश. कारणके, जातिवंत रत्न उपर पडेला पाणीना टीपानी पेठे अल्प कलंक पण कुलीन माणसने दूषण पमाडे छे. अहिं शोजन नामनो यक्ष छे; तेनी जांघ वच्चे थइने हुं नीकली जइश. जे माणस अपवित्र होय छे ते तेनी जांघ वच्चे थइ नीकलवाने समर्थ थतो नथी. संकल्प विकल्पमां बूडी रहेला ससरानी समक्ष अने निःशंक एवा पतिनी समक्ष कुटिल एवी ते स्त्रीए ए प्रमाणे प्रतिज्ञा लीधी. पछी स्नान करी श्वेत वस्त्र पहेरी अने हाथमां पुष्प धूप, दीप, बलिदान लइ सर्व लोकनी समक्ष दुर्गिला यक्षनुं पूजन करवा गइ. मार्गमां प्रथम संकेत करी शखेलो पेलो जार वांदरानी पेठे तेना कंठे वलगी पड्यो. "अहो! आतो गांडो छे." एम कहीने लोके तेने काढी मूक्यो अने दुर्गिला पण फरीथी स्नान करी यक्षने पूजीने आप्रमाणे कहेवा लागी. "हे यक्ष! अहिं आवतां रस्तामां म्हारा कंठने विषे वलगी पडेलो आ गांडो, के जेने सर्वे माणसो जाणे छे ते तथा बीजो म्हारो पति ए बे शिवाय जो कोइ अन्य पुरुषे म्हारो स्पर्श न कर्यो होय तो हे दयानिधे! मने महासतीने शुद्धि आपनारो थाजे." ए प्रकारनां वचन सांभलीने यक्ष "हवे शुं करवुं." एम विचार करे छे एवामां ते धूतारी तेनी जांघ वच्चेथी तुरत निकली गइ एटले तेज क्षणे सर्वे माणसोए "आ शुद्ध छे! आ शुद्ध छे!!" एवो शब्द कर्यो

अने राजपुरुषोए तेना कंठमां पुष्पनी माला आरोपण करी. पछी वांजिंत्रो वागते छते स्वजनोथी विंटलायेली दुर्गिला हर्ष पामेला देवदिन्न सहित पोताना घरे गइ. ज्यारथी दुर्गिलाए झांझर काढी लेवाथी पोताने लागेला कलंकने उतार्युं त्यारथी लोको तेने "नूपुरपंडिता" केहेवा लाग्या. वधूना आवा चरित्रे करीने विस्मय पाम्युं छे मन जेनुं एवो देवदत्त सोनी तेज चिंताने लीधे योगिनी पेठे निद्रा रहित थइ गयो. पछी अपूर्व कार्यो करवामां तत्पर अने निद्रारहित एवा ते देवदत्तने जाणीने राजाए तेने पोताना अंतःपुरनो रक्षक निम्यो.

हवे हाथीना महावतनी साथे लुब्ध थयेली कोइ एक राणी रात्रीने विषे वारंवार उठी जागता एवा ते सोनीने जोइ पाछी वली जती हती. पछी चतुर एवो देवदत्त सोनी पण तेना चरित्रने जाणवाने माटे घुर् घुर् शब्द करतो छतो कपट निद्राथी सूतो एटले ते राणी चोरनी पेठे उठीने आम तेम चारे तरफ जोती छती हमेश प्रमाणे एक उंचा गोख उपर चढी. त्यां नींचे बांधेला राजाना पट्ट हस्तिए तेने सूंढवडे उपाडीने नींचे भूमि उपर मूकी. पछी मोडी आववाथी क्रोध पामेला महावते हाथीने बांधवानी लोढानी सांकले करीने दासीनी पेठे तेने मारी तेथी राणीए कह्युं. "आजे अंतःपुरनुं रक्षण करवाने माटे राजाए कोइ नवा माणसने मोकल्यो छे, ते जागतो होवाथी हुं वेहेली आवी शकी नथी. हमणां ते दुरात्मा क्षणमात्र सूइ रह्यो छे, जेथी हुं तुरत आवेली छुं, माटे हे स्वामिन्! म्हारा उपर मिथ्या कोप न करो." ए प्रकारे राणीए तेने समजाव्यो एटले कामातुर एवो ते महावत पोतानी स्त्रीनी पेठे राजानी राणीसाथे क्रीडा करवा लाग्यो. रात्री विती जवा आवी एटले पट्टहस्तिए फरीथी गोखमां मूकेली ते राणी तरत पोताने स्थानके गइ. ते जोइने निर्मल बुद्धिवालो देवदत्त सोनी विचार करवा लाग्यो के, "अहो! मेघनी गर्जना सरखुं स्त्रीउनुं चरित्र कोण जाणी शके? जो के अंतःपुरनी बहार नहिं जनारी एवी राजानी स्त्रीउनुं पण शीलव्रत भंग थाय छे तो पछी जे हमेशां पोताना घरकार्यमाटे मरजी प्रमाणे नगरमां फरती फरे छे तेवी सामान्य स्त्रीउनुं शीलव्रत भंग थाय तेमां तो शुं आश्चर्य? अर्थात् कांइ नहीं." ए प्रकारे विचार करी तथा बहुना

डुराचारथी उत्पन्न थएला क्रोधने त्याग करी जेम कोइ मजुर माथे रहेलो जार निंचे मूके ऊंघी जाय तेम ते देवदत्त नीश्चल निद्राथी ऊंघी गयो. सवार थइ पण ते जाग्यो नहीं एटले सेवकोए राजाने कह्युं. ते उपरथी राजाए तेउने कह्युं के, "ते कांइ कारणथी सूइ रह्यो हशे, माटे ज्यारे जागे त्यारे तेने म्हारी पासे लावजो." एवी राजानी आज्ञा सांजली सेवको चाल्या गया. वृद्ध सोनी पण आज घणे दहाडे वखत मलवाथी एकी वखते सात दिवस सूधी सूइ रह्यो.

पछी आठमे दिवसे जाग्यो एटले सेवको तेने राजा पासे लइ गया. त्यां राजाए तेने पूछ्युं के, "हे सोनी! तुं सात रात्री सूधी केम सूइ रह्यो? जे कारण होय ते साचे साचुं कहे? हुं तने अजय वचन आपुं छुं." ते उपरथी देवदत्ते रात्रीनुं राणी, हाथी अने महावत्तनुं सर्व वृत्तांत कही संजलाव्युं एटले प्रसन्न थएला राजाए सत्कार करीने तेने रजा आपी.

हवे पोतानी डुराचारी राणीनी परीक्षा करवा माटे राजाए सुतार पासे लाकडानो एक हाथी कराव्यो. पछी अंतःपुरनी सर्व स्त्रीउने बोलावीने कह्युं के, "आजे में एवुं स्वप्न जोयुं के, सर्व राणीउए म्हारी समक्ष नग्न थइने आ लाकडाना हाथी उपर बेसवुं." ए उपरथी सर्व राणीउए राजाना जोतां छतां ते प्रमाणे कर्युं; पण पेली एक कुलटा राणीए कह्युं के, "हुं तो आ हाथीथी जय पामुं छुं." राणीनां एवां वचन सांजली क्रोध पामेला राजाए तेने कमलदंडनो प्रहार कर्यो, तेथी ते मूर्छा पाम्यानी पेठे ढोंग करी पृथ्वी उपर पडी गइ. ते उपरथी राजाए निश्चय कर्यो के, वृद्ध सोनीए कहेली तेज आ डुराचारीणी छे." पछी तेना वांसामां सांकलना चिन्हो जोइने राजाए हास्यपूर्वक कह्युं के, "तुं मदोन्मत्त हाथीनी साथे क्रीडा करे छे अने आ लाकडाना हाथथी जय पामे छे? वली सांकलना मारथी खुशी थाय छे अने कमलदंडना प्रहारथी मूर्छा पामे छे?" एम कहीने क्रोध पामेला राजाए वैजार पर्वत उपर जइ त्यां राणी, महावत अने हाथीने बोलावीने कह्युं के "तमे आ पर्वतना शिखर उपर चडीने ऊंपापात करो के, जेथी करीने म्हारा त्रिवर्ग (धर्म अर्थ, काम) सफल थाय." राजानी एवी आज्ञा सांजली महावत हस्तिने वैजार पर्वतना ऊंचा शिखर उपर लइ गयो. त्यां तेने एक पग ऊंचो

रखावी त्रण पगे उन्नो राख्यो. ते जोइने लोको हाहाकार शब्द करी राजाने कहेवा लाग्या के, "हे स्वामिन्! आ आज्ञाकारी गजराजने मारी नाखवो योग्य नथी." लोकोनां एवां वचननो अनादर करीने राजाए क्रोधथी कह्युं के, "अरे तेने पाडीज नाखो." ते उपरथी महावते हस्तिने बे पगे उन्नो राख्यो एटले लोको "हे देव! हाथीनो वध करशो नहीं" एम कहेवा लाग्या; तोपण राजाए तेनो तेज आदेश कर्यो, जेथी महावते हाथीने एक पगे उन्नो राख्यो. पछी कारणविना स्वरूप हाथीनो वध न जोइ शकवाथी सर्व लोको उंचा हाथ करीने राजाने कहेवा लाग्या के, "हे देव! आ सर्व लक्षणवालो अने सारी रीते शिक्षण आपेलो हाथी दुर्लभ छे, माटे अने मारी नाखवो ए योग्य नथी. वली तमे अपराधीउने शिक्षा करवा समर्थ छो, ए कारण माटे प्रसन्न थइने स्वरूप हाथीनुं यत्नथी रक्षण करो." लोकोनां एवां वचन सांजलीने राजाए तेउने कह्युं. "तमे म्हारीवती ए महावतने कहो के, तुं हाथीनुं रक्षण करीने पाछो उतारी सकीश." ते उपरथी लोकोए महावतने तेज प्रमाणे पूछ्युं एटले महावते उतर आप्यो के, "जो राजा अमने बन्नेने अन्नय वचन आपे तो हुं ए हाथीने कुशल पाछो उतारुं." लोकोना कहेवाथी राजाए तेउने अन्नय वचन आप्युं एटले महावते हाथीने धीमे धीमे नींचे पृथ्वी उपर उतार्यो. पछी राजाए तेउ बन्नेने हाथीनी पीठ उपरथी उतारीने कह्युं के, "तमे म्हारो देश त्यजी द्यो. ते उपरथी तेउ बन्ने जणा चाल्यां गयां. अनुक्रमे चालता चालता तेउ संध्या समये एक गाम पासे आवी पहोच्या अने त्यां एक शून्य देवालयमां सूता. पछी अर्धरात्रीने समये कोइ एक चोर ते गाममां चोरीकरीने नाठो, पण पाछल आवता एवा रक्षक पुरुषोने जाणी ते तेज देवालयमां पेठो के, ज्यां राणी अने महावत सूता हता. रक्षको पण "चोर देवालयमां पेठो छे." एम जाणीने तथा "तेने सवारे निश्चय पकडशुं." एम धारीने देवालयने घेरो घाल्यो.

हवे चोर पण महा अंधकारथी आंधलानी पेठे फरतो फरतो ज्यां राणी अने महावत सूता हता त्यां आव्यो अने गाढनिद्राने वश थएला महावतने अजाणतां अथडी पड्यो छतां ते जाग्यो नहीं; पण राणी तो तेना हाथनो जरा स्पर्श थवाथी जागी गइ अने आसक्त पण थइ गइ;

तेथी तेणे धीमेथी पूछ्युं के, "तुं कोण छुं ?" चोरे उत्तर आप्यो के, "हुं चोर छुं. हमणां रक्षको म्हारी पाछल आवे छे; माटे प्राणनुं रक्षण करवानी इच्छाथी अहिं पेठो छुं." पछी अनुरागथी ते दुराचारिणीए कह्युं के, "जो तुं म्हारुं इच्छित करे तो हुं तने निश्चय बचावुं." चोरे कह्युं."हे जद्रे! तुं म्हारा प्राणनुं रक्षण करवाथी म्हारो जीवितपर्यंत उपकार करनारी थइश, जेथी मने सोनुं अने सुगंधि बने प्राप्त थवा जेवुं थयुं. परंतु हे शुभ्राननें! तुं कइ युक्तिथी म्हारुं रक्षण करीश ? ते मने कहीने शांत कर; कारणके,तुं मने जाग्यथीज प्राप्त थइ छुं." राणीए कह्युं."सवारे आवेला रक्षकोने हुं कहीश के," आ म्हारो पति छे." चोरे कह्युं. "बहु सारुं." पछी सवारे आयुध सहित रक्षको देवालयमां आव्या अने भ्रकुटी चडावीने ते त्रणे जणाने पूछ्युं के, "तमारामां चोर कोण छे ?" ते वखते साक्षात् मूर्तिमान् दुराचारिणीए चोरनो हाथ पकडीने कह्युं के, "आ म्हारो प्राणपति छे." वली तेणे एम पण कह्युं के, "एमे बीजे गाम जता हता; पण रात्री थइ जवाथी अहिं देवालयमां रह्या छीए." एवां तेनां वचन सांजली रक्षको परस्पर विचार करवा लाग्या के, "लुंट करवारूप वृत्तिवाला चोरने घेर आवुं स्त्री रत्न होय नहीं. जेने साक्षात् लक्ष्मीना सरखी आवी उत्तम प्रिया छे ते पुरुष चोर वृत्तिथी आजीवीका चलावे ए वात योग्य नथी; माटे आ त्रीजोज चोर छे." एम कहीने महावत उपर चोरीनो आरोप मूकी तेओए तेने तुरत शूलिए चडाव्यो. त्यां शूलि उपर तेने तृषा लागवाथी ते रस्ते जता आवता जेने जेने देखे तेनी तेनी पासे पाणी मागवा लाग्यो; पण कोइए राजाना जयथी तेने पाणी पायुं नहीं. एवामां जिनदास नामनो श्रावक ते रस्ते थइने निकल्यो. तेने जोइ माहवते पाणीनी याचना करी. चोरने जोइने जिनदासे कह्युं के, "जो तुं म्हारा कहेवा प्रमाणे करे तो हुं तने पाणी लावी आपुं अने ते एज के ज्यांसूधीमां हुं पाणी लावी आपुं त्यांसूधी त्हारे "नमो अरिहंताणं" ए शब्दनो उच्चार करवो." महावते पाणीनी इच्छाथी ते वात कबूल करी जिनदासना कहेवा प्रमाणे उच्चार करवा लाग्यो अने जिनदास पण राजानी आज्ञा लइने पाणी लइ आव्यो. कह्युं छे के, दयावान् पुरुषो परोकारने माटे हर्षथी यत्न करे छे. पछी दूरथी पाणी आवतुं जोइ शांत

थएलो महावत 'नमो अरिहंताणं' ए शब्दनो उच्चार करतां करतां मृत्यु पाम्यो. ते धर्मनुं तत्व जाणतो न होतो, पण केवल नवकारना प्रभावथी अने अंत समये अकामनिर्जराना योगथी व्यंतर देवता थयो.

हवे डुराचारिणी राणी पण त्यांथी चोरनी साथे आगल चालवा लागी; एवामां रस्ते पाणीना पूरथी भयंकर एक नदी आवी. ते जोइने चोरे राणीने कह्युं के, "हे प्रिये! वस्त्र अने अलंकारो सहित तने एकी वखते सामे पार लइ जवाने हुं शक्तिमान नथी; माटे तुं त्हारां वस्त्र अने अलंकारो मने आप. ते हुं सामे तीरे मूकी आवीने पछी तने सुखेथी लइ जइश. हुं ज्यां सूधीमां आवुं त्यां सूधी तुं निर्भय थइने आ शरना समूहमां संताइ रहे. हे प्राणेश्वरी! हुं तरतज आवीश अने म्हारा पीठ उपर बेसारी गरूडनी पेठे तने त्यां सामे तीरे पहोचाडीश." पछी म्होटा अपराधथी जाणे दैवेज दंड कर्यो होय नहिंशुं? एम राणीए पोतानुं सर्व चोरने आपी पोते नग्न थइने शरना समूहमां बेठी. पछी चोर क्षणमात्रमां सामे पार जइने विचार करवा लाग्यो के, "जेणे म्हारा उपरना स्नेहने लीधे पोताना पतिने पण मरावी नाख्यो ते स्त्री मने पण मरावी नाखे ए निःशंसय छे." एम विचार करीने ते चोर पाछुं वालीने जोतो जोतो जाणी पक्षीनी पेठे उडतो होय नहिंशुं? एम नाशी जवा लाग्यो. कह्युं छे के—धूर्त माणस पोतानो स्वार्थ साध्या पछी बीजानी अपेक्षा करतो नथी.

पछी नग्न अने गात्रभग्न एवी राणी पोताने छेतरीने नाशी जता एवा चोरने जोइ उंचा हाथ करी कहेवा लागी. "अरे! नग्न एवी मने त्याग करीने तुं क्यां नाशी जाय छे?" चोरे उत्तर आप्यो. "हे डुराचारिणी! शरना वनमां राक्षसीनी समान नग्न एवी तने एकलीने अने त्हारा कृत्यने जोइ हुं भय पामुं छुं." एम कहीने ते चोर मृगनी पेठे क्यांइ नाशी गयो अने बन्ने बाजुथी भ्रष्ट थएली ते डुराचारिणी तो त्यांज रही.

हवे महावतनो जीव के जे देवपणाने पाम्यो हतो तेणे अवधि ज्ञानथी डुराचारिणी एवी राणीने आवी स्थितिमां जोइ; तेथी ते देवे पोताना पूर्वजन्मनी स्त्रीरूप तेने बोध देवाने माटे मोढामां मांसना ककडावालुं शियालनुं रूप धारण कर्युं. पछी नदीने कांठे ज्यां राणी हती त्यां आवीने

मुखमां रहेला मांसना ककडाने नीचे मूकी पाणीनी ब्हार उंचुं मुख राखीने रहेला एक मत्स्यने लेवा माटे दोड्युं एटले ते मत्स्य पाणीमां पेसी गयुं अने तेणे ब्हार मूकेला मांसना ककडाने समली लइ गइ.

आ प्रकारना कौतुकने जोइ नदीने कांठे शरना वनमां बेठेली राणी दुःखी छता पण बोली के, "हे दुर्मति! तें मांसने त्याग करी मत्स्यनी इछा करी तो बन्नेथी भ्रष्ट थयो छुं. माटे हे शियाल! हवे शुं जुए छे?" शियाले कह्युं. "हे नग्न स्त्री! पतिने त्याग करी जार पतिनी उपर आसक्त थएली तुं पण ते बन्नेथी भ्रष्ट थइ छुं, तो तुं शुं जुए छे?" एवां देवनां वचन सांभली लाज पामती एवी ते स्त्रीने जोइ व्यंतर देवे पोतानुं दिव्य स्वरूप धारण करीने कह्युं. "हे पापे! तें मरावी नाख्यो हतो तेज हुं महावत जैनधर्मना प्रसादे करीने देवपणाने पाम्यो छुं. तुं मने मरावी नाखनारी छुं छतां हुं तने कृपाथी कहुं छुं के, तुं पापने नाश करनारा जैनधर्मनो स्वीकार कर. स्त्रीए ते वात कबुल करवाथी व्यंतर देवे तेने साध्वी पासे लइ जइने दीक्षा लेवरावी. ए प्रकारे शीलव्रतरूप रत्नथी भ्रष्ट थएली नूपुरपंडिताना असतीपणाथी उत्पन्न थएली दुष्ट कीर्तिरूप वाजित्रनो शब्द आज सूधी सर्व दिशाओने विषे संभलाय छे.

इति नूपुरपंडिता कथा समाप्ता.

दत्तदुहिता (शृंगारमंजरी)नी कथा.

जेनी उंची हवेलीओनां शिखरो देवताओनी विश्रांतिने अर्थे थता हता एवुं तथा लक्ष्मीना मंदिर सरखुं मनोहर जयपुर नामनुं नगर छे. त्यां जेना खड्गरूप कमलने विषे निरंतर लक्ष्मी वसती हती एवो महा पराक्रमी जयरथ नामनो धर्मवंत राजा राज्य करतो हतो. तेने महा बुद्धिवालो दत्त नामनो प्रधान हतो. तेने कामवृक्षनी मंजरीना सरखी शृंगारमंजरी नामनी पुत्री हती; जे पुत्री कामी पुरुषोना मनने पोताने विषे लय पमाडती हती. वली प्राप्त थयुं छे यौवन जेने एवी ते पुत्री कामरूप केशरीसिंहना पराक्रमे करीने विश्वना मनने भमावनारा पुष्ट स्तनरूप पर्वतोने धारण करवा लागी; परंतु ते पुत्री पूर्वभवना कर्मने लीधे मतिथी तथा चेष्टाथी असतीपणाना मार्गप्रत्ये चालवा लागी. कह्युं

छे के–असती स्त्री मार्गमां जती छती त्रांसी दृष्टिथी परपुरुषोने जूए छे, वली न बोलताने पण कठोर शब्दोथी बोलावे छे.

एक दिवसे उपवनमां क्रीडा करवाने माटे जता एवा जयरथ राजाए गोखमां बेठेली शृंगारमंजरीने दीठी. ते वखते परवश चित्तवाला थएला राजाने जाणीने भिल्ल जेम गानने वश थइ रहेला मृगने मारे तेम कामदेवे पोताना पुष्परुप बाणे करीने तेने विंध्यो एटले उपवननी क्रीडा भूली गएलो अने कामदेवने वश थएलो जयरथ राजा पोपट जेम पांजरामां पेसे तेम पाछो घरप्रत्ये आव्यो.

पछी जयरथ राजाए बीजा प्रधाननी मारफते दत्त प्रधान पासे शृंगारमंजरीनुं मागुं कर्युं. कह्युं छे के–आत्मरसथी बोध पामेलो पुरुष शुं बीजानी इच्छा राखे छे? अर्थात् नथी राखतो. पछी दत्तप्रधाने पोतानी पुत्री राजानी साथे परणावी, तेथी हर्षित थएलो राजा जेम योगी निवृत्तनी साथे एकपणुं पामे तेम एकपणुं पाम्यो; पण शृंगारमंजरी तो पोताना स्वजावना चंचलपणाथी जाणे राजा वृद्ध होय नहिं शुं? एम धूर्तपणाने लीधे फक्त उपरथी पोताना चित्तनुं आसक्त पणुं देखाडती हती. प्रियाने वश थएलो राजा पण क्यारेक उपवनमां, क्यारेक क्रीडा पर्वत उपर, क्यारेक सातमालना महेलमां तेनी साथे क्रीडा करतो हतो अने पोतानी मरजी प्रमाणे चालवानी इच्छावाली, नाना प्रकारना विलासमां आदरवाली तथा कामदेवे करीने आतुर मनवाली प्रियाने लक्ष्मीनी पेठे रमाडतो हतो.

पछी सात मालना महेलने विषे सर्व शोक्योथी जूदी राखेली शृंगारमंजरीना, चपलपणाथी उद्यमने, वाचाल पणाथी वाक्चातुरीने, निर्लज्ज पणाथी प्रेमना स्थिरपणाने अने वातोथी कोमलपणाने प्रगट करतो छतो ते जयरथ राजा प्रियाने आनंद पमाडतो हतो. शृंगारमंजरी पण पतिना वहालपणाथी स्नान, पान, अने जोजनादिक सर्व क्रिया त्यांज करती छती देवनी पासे देवीनी पेठे पतिनी पासेज रहेती हती.

एक दिवस कामदेवना सरखो रूपवंत कोइ धनंजय नामनो वणिक्पुत्र ते सात मालना महेलनी नींचेना राजमार्गमां थइने जतो हतो. तेने जोइ कामदेवने वश थयेली शृंगारमंजरीए तेना कंठने विषे हस्त-

पाशनी पेठे उपरथी पुष्पमाला नाखी. पछी तेना जावने जाणनारा ते धनंजये गुप्तरीते पोताना घरथी उपवन सूधी अने उपवनथी राजमहेल सूधी पोताना माणसो पासे सुरंग खोदावी, जेथी कामे करीने आकुल थएली शृंगारमंजरी त्यां जवा आववानुं करती छती इच्छित सुख जोगववा लागी.

एक दिवसे राजवाडीए जता एवा राजाए उपवनमां क्रीडा करती एवी पोताना प्रियाने दीठी; तेथी ते त्यांथीज पाछो वलीने उतावलो पोताने घेर गयो. चतुर एवी शृंगारमंजरी पण ते वात जाणी गइ; तेथी ते पण सुरंग मार्गे थइने राजाना पहेलां पोताना मंदिरमां आवी अने राजाना सामी दृष्टि राखीने गोखमां उजी रही. राजापण जेवामां उतावलथी महेल उपर चड्यो तेवामां ते पोताना सामुं जोइने उजी रहेली प्रफुल्लित मुखवाली प्रियाने जोइ हर्ष पाम्यो.

हवे एक दिवसे रात्रीने वखते केटलाक गंधर्वो राजानी आगल गान करवा आव्या. राजा ताल, मान, लय, ग्राम, मूर्छना अने स्वरोथी मनोहर तेमज वाजिंत्रोथी सुंदर एवुं तेउनुं गान सांजलवा लाग्यो. ते वखते शृंगारमंजरी पण गानने सांजलवा माटे राजाथी गुप्तरीते त्यां आवी हती अने ज्यारे गान बंध थयुं त्यारे पोताना घरप्रत्ये गइ तेम राजापण त्यां गयो तो तेणे मदथी घूर्णित नेत्रवाली शय्यामां एकली सूतेली तथा बगासां खाती एवी प्रियाने जोइने मनमां थयेली शंकाने निवृत्त करी.

कोइ वखते वसंत समयमां जयरथ राजा नगरवासी जनोसहित अंतःपुरने साथे लइ उपवनमां क्रीडा करवा गयो. त्यां पुष्पोना त्रोडवाथी थाकी गएला ते दंपती (जयरथराजा अने शृंगारमंजरी राणी) रात्रीये जेटलामां कोइएक वेलना मंडपमां निश्चल थइने सूता तेटलामां कालरूप सर्पे राणीने दंश कर्यो; तेथी ते तरत पोकार करती जागी उठी. पछी जेवामां राजाए मंत्रवादीउने बोलाव्या तेटलामां राणी झेरना वेगथी मूर्छा खाइने पृथ्वी उपर पडी गइ. (अर्थात् मृत्यु पामी.) पछी मंत्रवादीउए आवीने झेर उतारवाने माटे घणा उपायो कर्या, पण खल पुरुषने करेला उपकारनी पेठे ते सर्वे नीष्फल थया.

पछी प्रियाना प्रेमथी विव्हल थएलो जयरथ राजा धीरपणुं त्याग

करी राज्यने जीर्णघास सरखुं मानतो छतो विलाप करवा लाग्यो अने प्रधान विगेरे नगरना माणसोए वार्या छतां पण प्रियानी साथे चंदनना काष्ठथी बनावेली चितामां प्रवेश करवा तैयार थयो. एवामां नंदीश्वरनी यात्रा करवा जतो एवो कोइ गंधर्व आकाशमार्गेथी ते माणसोना समूहने जोइ अकस्मात् त्यां उतर्यो अने सर्पडशेली प्रियाना प्रेमना वशथी अग्निमां प्रवेश करवाने तैयार थएला राजाने जोइ दयावंत थयो. पछी अग्निमां प्रवेश करवा रूप सहसा कार्यथी राजाने निवृत्ति पमाडी ते गंधर्वे तेनी प्रियाने जल छांटी जीवती करी; तेथी राजा आनंद पाम्यो; मनुष्यो गावा लाग्या; मृदंगो (वाजिंत्रो) वागवा लाग्या अने सर्व जगत् हर्षमय थयुं. पछी राजाए सर्व प्रकारना गुणोना आदरे करीने अकृत्रिम उपकार करनार गंधर्वनो सत्कार कर्यो एटले ते गंधर्व पोताना इच्छित स्थाने चाल्यो गयो तथा राजा तेज स्थानने विषे रात्री रहीने बीजे दिवस सवारे पोताना स्थानके आव्यो. कह्युं छे के– कामदेवथी जीवनारा पुरुषो मृत्यु पमाडनारा स्थानने सेवे छे.

हवे धनंजय पूर्वना संकेत स्थान प्रत्ये गयो. कह्युं छे के– मनुष्योनुं मन ज्यां चोट्युं होय ते स्थान दूर होय तो पण दूर लागतुं नथी. शृंगारमंजरी पण त्यां आवीने धनंजय प्रत्ये कहेवा लागी के, " आपणने आहिं राजाना भयथी पुरतुं सुख भोगवी सकातुं नथी; माटे चालो परदेश नासी जइए. धनंजये कह्युं. " हे मुग्धे ! ए वात न कर. कारणके, भयंकर सर्पना माथे रहेला मणिने लेवा माटे कयो पुरुष लांबो हाथ करे ? आ राजा जीवतो छतो तने मारी नाखशे अने खड्गरूप अग्निमां होमी देशे. शृंगारमंजरीए कह्युं. " हुं एने मारी नाखुं. " एम कहीने ज्यां राजा सूतो हतो त्यां आवी अने राजाने मारवानी इच्छाथी तेणे हाथमां तरवार लीधी. पछी जेटलामां म्यानमांथी तरवार खेंचीने राजा उपर घा करवा जाय छे तेटलामां धनंजये आवीने तेनी तरवार पकडी लीधी अने विचार करवा लाग्यो के, " जेणे आ स्त्रीने पट्टराणीना पद उपर बेसारी छे. वली जेणे आ स्त्रीने सर्पडंश थवाथी पोताना प्राणोने अर्पण कर्या हता तेज आ महा भाग्यवंत राजाने आ कुलटा स्त्री मारी नाखवाने तैयार थइ छे तो पछी ते स्त्री मने मारी नाखे एमां कांइ आ-

श्रय नथी; माटे विषनी वेल सरखी आ अनर्थनी खाइरूप स्त्रीनो हवे म्हारे खप नथी अने आटला काल सूधी विचार्या विना तेनो संग कर्यो; तेथी म्हारा आत्माने पण धिक्कार छे. जे तपस्वी पुरुषो सूका घासनी पेठे संसारनो त्याग करी धर्मरूप फलने विषे आदर करे छे तेज पुरुषोने धन्य छे. हा! जेने माटे अनुत्तर देवलोकमां रहेनारा देवताउ पण तप करे छे ते प्राप्त थएला मनुष्यपणाने मूढ पुरुषो फोगट हारी जाय छे." इत्यादि संसारथी वैराग्यने उपजावनारा वचनोने कहेता अने सर्वथी विरक्त बुद्धिवाला धनंजये तत्वना जाणपणाथी जैनी दीक्षा धारण करी अने राजा पण सवारे पोताने घेर जइ सुखेथी राज्य करवा लाग्यो.

एक दिवसे जयरथ राजा सजामां बेठो हतो एवामां घोडाने वेचनारो केटलाक सोदागरो आव्या. राजाए ते घोडाउमां एक उत्तम लक्षणवाला अने उंचा एवा घोडाने जोइ कुतुहलथी तेना उपर वेसवानो विचार कर्यो. "विद्वान् माणसे सबल, निर्बल एवा मनुष्य अथवा पशुनी परीक्षा कर्या विना तेनी साथे काम पाडवुं नहीं." ए प्रकारे कहीने प्रधानोए वार्या छतां राजा हाथे करीने केशवाली खेंचीने घोडा उपर बेठो. लगाम ढीली मूकी तो पण घोडो धीमे धीमे चाल्यो; पण ज्यारे कांइक खेंची त्यारे तो वायुवेगे चाल्यो. "आ जाय, आ जाय." एम लोको कहेवा लाग्या एटलामां तो ते अदृश्य थइ गयो. राजा पण विचार करवा लाग्यो के, "आ घोडो मने बहु दूर वनमां लाव्यो छे; परंतु जे थवानुं होय तेज थाय छे." एम विचार करीने तेणे लगाम ढीली मूकी एटले घोडो उजो रह्यो. पछी कुशिक्षित अश्वने जाणी राजा नीचे उतर्यो अने जुख तथा तरशथी आकुल व्याकुल थएलो ते वनमां जमवा लाग्यो. एवामां तेणे मोहरूप अंधकारने नाश करवामां सूर्य समान, तपथी डुर्बल शरीरवाला तथा काउसग्ग करीने रहेला मूर्तिमान् धर्मना सरखा मुनिने दीठा एटले अमृतना स्नानथी हर्ष पामेलानी पेठे आनंद पामेला राजाए मुनिने वंदना करी. मुनिए पण काउसग्ग पारीने धर्मलाजनी आशीष दीधी. पछी व्रत ग्रहण करवाने इछता एवा ते राजाने जाणीने मुनिए देशना आपी के, "हे राजन्! साररहित, क्रूर तथा जेमां निरंतर डुःख रहेलुं छे एवा आ संसारमां जिनेश्वरे कहेला धर्म

विना बीजुं कोइ रक्षण करनार नथी." इत्यादि देशनाथी उत्पन्न थयो छे वैराग्य जेने एवा जयरथ राजाए राज्यने तृण सरखुं मानी दीक्षारूप मनोरथने धारण कर्यो अने मुनिने पूछ्युं के, "हे जगवन्! जोगने योग्य तथा मनोहर वय छतां तमने व्रत ग्रहण करवामां वैराग्यनुं कारण शुं थयुं हतुं?" मुनिए कह्युं. "हे राजन्! म्हारा वैराग्यनुं कारण तुंज छुं." राजाए कह्युं. "हुं आपने वैराग्यनुं कारण केम थयो?" मुनिए कह्युं. "हे जनाधिप! जे वखते त्हारी राणीने सर्पे दंश कर्यो हतो अने प्रेमना वशथी तुं तेनी पाछल बली मरवाने तैयार थयो हतो ते वखते आकाशमार्गेथी विद्याधरे आवीने तेने जीवती करी हती एटले अत्यंत हर्ष पामेलो तुं तेनी साथे तेज उपवनमां रात्री रह्यो. ते वखते कृतघ्ननी पेठे राणी तने त्याग करीने म्हारी पासे आवी अने कहेवा लागी के, "ज्यां सूधी राजा जीवतो छे त्यां सूधी आपणने पुरुं सुख मलवानुं नथी; माटे राजाने मारी नाखुं." एम कहीने दुष्ट हृदयवाली ते राणी हाथमां तरवार लइ त्हारी पासे दोडी आवी अने तरवार हाथमां लइ जेटलामां उंघी गएला त्हारा उपर घा करवा जाय छे तेटलामां वेगथी तेनी पाछल आवीने में तरवार खेंची लीधी. पछी हुं विचार करवा लाग्यो के, "धिक्कार छे आ राणीने, धिक्कार छे मने अने धिक्कार छे संसारनी विटंबनाने के, जे राणी पोताना उपर अत्यंत स्नेह राखनारा राजाने पण मारवा माटे तैयार थइ तो पछी मने मारवाने माटे तैयार थाय एमां तो शुं आश्चर्य?" हे जूपाल! एम विचार करीने उद्वेग पाम्यो छे आत्मा जेनो एवो हुं विषना समूहनी पेठे तेनो त्याग करी तथा दीक्षा धारण करी आ तप करुं छुं." मुनिनां एवां वचन सांजली वैराग्यवंत थएलो राजा पोतानी पाछल आवेला सैन्यसहित ध्वजा पताकादिकथी सुशोजित करेला पोताना नगर प्रत्ये गयो. त्यां तेणे पुत्रने राज्य सोंपी दीक्षा धारणकरी.

हवे अनुक्रमे जाण्यो छे वृत्तांत जेमणे एवा स्वजनोए तथा बीजाउए काढी मूकेली अने तिरस्कार करेली दत्तडुहिता (शृंगारमंजरी) अत्यंत दुःख पामी तथा अंते निकाचित कर्म बांधी हस्तिए खेंचेली पारधीनी जालनी पेठे अधोगति (नरकगति)ने पामी. त्यांथी निकली ति-

यंच जातिमां उत्पन्न थइ. ते भवमां पण अनेक प्रकारनां पापनुं आच-
रण करी शील खंडन करवाथी भयंकर भववाली ते शृंगारमंजरीनो जीव अनेक भव सूधी आ संसारमां भटकशे. ए प्रकारे समान भावना विपरीतपणाथी निरंतर दुष्ट कर्म करनारी तथा महा पापवाली दत्तदुहिता संसाररूप महा समुद्रने विषे घणा काल सूधी भटकशे.

इति दत्तदुहिता कथा समाप्ता.

हवे उपरनी कथाना उपदेशने निरुपण करता छता कहे छे.

एवं शीलाराधनविराधनानां च सुखदुःखानि

एवं[1] सीलाराहण-[2]विराहणाणं च[4] सुक्खदुक्खाइं[3]॥

इति ज्ञात्वा भोभव्याः मा शिथिलाः भवत शीले

इयं[5] जाणिय[6] भोभव्वा[7], मा[8] शिढिला[10] [11]होहि सीलंमि[9] ॥ ६७ ॥

शब्दार्थ– (एवं के०) ए प्रकारे (सीलाराहण के०) शीलनुं आराधन एटले शील पालवुं ते, अने (विराहणाणं के०) शीलनुं विराधन एटले शीलव्रतनुं खंडन करवुं ते, तेना फलरूप (सुक्खदुक्खाइं के०) सुख दुःखने एटले शील पालवाथी थएला सुखने अने शील खंडन करवाथी थएला दुःखने (इयजाणिय के०) ए प्रकारे जाणीने (भोभवा के०) हे भव्य जनो ! तमे (सीलंमि के०) शीलव्रतने विषे (सिढिला के०) शिथिल–ढीला (मा होहि के०) न थाउ. अर्थात् शील व्रत सुखनुं कारण छे एम जाणीने शील पालो. ॥ ६७ ॥

विशेषार्थ– पूर्वे कहेली गाथाउ उपरथी सिद्ध थाय छे के, मनुष्योने शीलव्रत पालवाथी सुखनी अने खंडन करवाथी दुःखनी प्राप्ति थाय छे. एम जाणीने हे भव्यजीवो ! आ लोक अने परलोकमां सुखनुं कारण तो शीलज छे, एम जाणीने शील पालवामां ढीला न थाउ. अर्थात् शीलव्रत पालवामां तत्पर थाउ. ॥ ६७ ॥

हवे शीलव्रत धारण करनारा पुरुषोने स्त्रीनो संग वर्जवानुं कहेता उता कहेछे.

ब्रह्मव्रतधारिणां नारीसंगः अनर्थप्रस्तारी
बंजवयंधारीणं, नारीसंगे अणढपंढारी ॥
मूषकानामिव मार्जारी, इति निषिद्धं च सूत्रेऽपि
मूसाणंव मंजारी, इयं निसिद्धं चं सुत्तेवि ॥ ६७ ॥

शब्दार्थ– (बंजवयधारीणं के०) ब्रह्मव्रत (शीलव्रत) धारण करनाराउने (नारीसंगो के०) स्त्रीउनो संग (अणढपढारी के०) अनर्थनो करनारो ढे. अर्थात् शीलव्रतनो नाश करनारो ढे. त्यां दृष्टांत कहे ढे के–(मंजारी के०) बिलाडी (मूसाणव के०) उंदरने जेम अनर्थ करे ढे तेम. (इय के०) ए कारण माटे (सुत्तेवि के०) दशवैकालिकादिक सुत्रने विषे पण (निसिद्धं के०) निषेध कस्यो ढे. (च) समुच्चयने अर्थे जाणवो. ॥ ६७ ॥

विशेषार्थ– जेम बिलाडी उंदरोना क्षयनुं कारण ढे तेम ब्रह्मचर्य व्रत रूप शरीरना क्षयनुं कारण स्त्रीनो संग ढे. एज कारण माटे सिद्धांतने विषे पण शीलव्रत धारण करनारउने स्त्रीउने संग निषेध कस्यो ढे ॥६७॥

तेजवात कहेढे.

(अनुष्टुप्वृत्तम.)

विभूषा स्त्रीसंसर्गः प्रणितः रसन्नोजनं
विभूसा इत्थिसंसग्गी, पणीयं रसन्नोयणं ॥
नरस्य आत्मगवेषकस्य विषं तालपुटं यथा
नरस्सऽत्तगवेसिस्स, विसं तालउडं जहा ॥ ६ए ॥

शब्दार्थ– (अत्तगवेसिस्स के०) तत्वना जाण एवा (नरस्स के०) माणसने (विभूसा के०) उत्कट वस्त्रालंकारथी शरीरने शणगारवुं, (इत्थिसंसग्गी के०) स्त्रीउनो समागम, (पणीयं के०) स्निग्ध आहार अने (रसन्नोयणं के०) विगयने सेवन करवुं अर्थात् जेथी विकार उत्पन्न थाय तेवा पदार्थने न्नोजन करवुं ए सर्व (विसं के०) विष ढे. (जहा के०) जेम

(तालउडं के०) तालपुट नामनुं विष जे ते प्राणिउंनुं अहित करे छे.॥६ए॥

विशेषार्थ– जेम तालपुट नामनुं विष माणसोनुं अहित करनार छे, तेम तत्वना जाण माणसने उद्भट वस्त्र अने घरेणां विगेरेथी शरीर शणगारवुं, स्त्रीउंनो समागम करवो, स्निग्ध आहार जमवो अथवा विगयनुं भोजन करवुं ए सर्व अहित करनार (शीलव्रतने खंडन करनार) छे. अर्थात् तत्वज्ञानि माणसे उद्भट वेष, स्त्रीउंनो संग, स्निग्ध आहार अने विगयनुं भोजन ए सर्व तालपुट विषनी पेठे त्यजी देवुं. ॥ ६ए ॥

तेज वातने दृष्टांतथी दृढ करेछे.

यथा कुर्कुटपोतस्य नित्यं कुललात् भयं
जहा कुकुडपोअस्स, निच्चं कुललउ भयं ॥
एवं खलु ब्रह्मचारिणः स्त्रीविग्रहात् भयं
एवं खु बंभयारिस्स, इत्थिविग्गहउ भयं ॥ ७० ॥

शब्दार्थ– (जहा के०) जेम (कुक्कुडपोअस्स के०) कुकडाना बालकने (निच्चं के०) निरंतर (कुललउ के०) बिलाडाथी (भयं के०) भय छे. (एवं के०) एज प्रमाणे (खु के०) निश्चे (बंभयारिस्स के०) ब्रह्मचारिने (इत्थिविग्गहउ के०) स्त्रीना शरीरथी (भयं के०) भय छे.

विशेषार्थ– जेम बिलाडो छलथी कुकडाना बालकने पकडीने मारीनाखे छे अने तेज कारणथी कुकडाना बालकने बिलाडाथी हंमेशा भय रहेछे तेम ब्रह्मचारि पुरुषोने हंमेशां स्त्रीउंना शरीरथी भय रहेछे. अर्थात् स्त्रीउंना शरीरने जोवाथी ब्रह्मचारिने कामदेव प्रगट थाय छे.॥७०॥

विभ्रम करनारुं स्त्रीउंनुं स्वरूप तो दूर रह्युं; परंतु भींत उपरचितरेलुं स्त्रीनुं रूप पण ब्रह्मचारिए न जोवुं, ते कहे छे.

चित्रभित्तिं न ध्यायेत् नारीं वा समलंकृतां
चित्तभित्तिं न निज्झाए, नारिं वा सुअलंकियं ॥
भास्करमिव दृष्ट्वा दृष्टिं प्रतिसमाहरेत्
भक्खरंपिव दठूणं, दिठिं पडिसमाहरे ॥ ७१ ॥

शब्दार्थ–ब्रह्मचारिए (चित्तभित्तिं के०) भींत उपर चितरेली स्त्रीनी

मूर्ति (न निझ्झाए के०) न जोवी. (वा के०) अथवा (समलंकियं के०) सारी रीते सुशोभित थएली (नारिं के०) स्त्रीने पण न जोवी. कदापि अजाणथी स्त्रीनुं रूप जोवाइ जाय तो (जख्करंपिव के०) सूर्यनी पेठे एटले जेम आपणे सूर्यने जोइ झट दृष्टिने बीजी तरफ करीए छीए, तेम (दठुणं के०) स्त्रीने जोइने (दिठ्ठिं के०) दृष्टिने (पमिसमाहरे के०) पाछी खेंची लेवी. ॥ ७१ ॥

विशेषार्थ– ब्रह्मव्रत धारण करनारा पुरुषे नींत उपर चितरेली स्त्रीनी मूर्तिने न जोवी तेमज वस्त्र तथा घरेणां विगेरेथी सुशोभित बनेली स्त्रीनेपण न जोवी. आ ठेकाणे कोइने एम शंका थाय के "स्त्रीनुं स्वरूप न जोवुं, एम तो क्यारे पण बनी शके नहीं. कारण के, चक्षुइंद्रियना चपलपणाथी मार्गादिकने विषे क्यारेक जोवाइ जवाय." ए ठेकाणे समाधान आपे छे के, जो कोइ वखते स्त्रीनुं स्वरूप जोवाइ जाय तो सूर्यनी पेठे एटले जेम आपणे सूर्यने जोइ दृष्टिने खेंची लइए छीए, तेम स्त्रीना स्वरूपने जोइने तुरत दृष्टिने पाछी खेंची लेवी. ॥ ७१ ॥

हवे स्त्रीउना प्रसंगथी थता दोषने दूर राखवा माटे स्त्रीनुं नाम पण न लेवुं, ते वात कहे छे.

हस्तपादपरिछिन्नां कर्णनासाविकल्पितां

हत्थपायपलिछिन्नं, कंन्ननासविगप्पियं ॥

अपि वर्षशतां नारीं ब्रह्मचारी विवर्जयेत्

अवि वाससयं नारिं, बंभयारी विवज्जए ॥ ७२ ॥

शब्दार्थ– (बंभयारी के०) ब्रह्मव्रत धारण करनारा पुरुषे (हत्थपायपलिछिन्नं के०) हाथ पग कपाइ गएली (कंननासविगप्पियं के०) कान नाक छेदाइ गएली अने (वाससयं अवि के०) सो वर्षनी एवीय पण (नारिं के०) स्त्रीने (विवज्जए के०) त्यजी देवी. ॥ ७२ ॥

विशेषार्थ– शुद्ध ब्रह्म व्रतधारी पुरुषे कपाइ गएला हाथपगवाली, छेदाइ गएला नाककानवाली अने सो वर्षनी एटले बहु वृद्ध थएली एवी पण स्त्रीने त्याग करवी. अर्थात् रूप, वेष अने वर्षादिकथी न इछवा लायक एवी स्त्रीनुं पण नाम त्यजी देवुं. ॥ ७२ ॥

आ ठेकाणे कोइ एम शंका करे के," तत्वना जाण शीलवंत पुरुषोने स्त्रीनुं स्वरूप न जोवा माटे आटलो बधो आग्रह शा माटे करवो जोइए? त्यां कहे छे के–

(आर्या वृत्तम्.)

विषमा विषयपिपासा अनादिभवभावनया जीवानां
विसमा विसयपिवासा, अणाइभवभावणाइ जीवाणं ॥
अतिदुर्जेयानि च इंद्रियाणि तथा चंचलं चित्तं
अइदुज्जेआणि य इं-दियाणि तह चंचलं चित्तं ॥ ७३ ॥
स्तोकं असारं सत्वं मोहनवल्लयः महिलाः अपि
थोवमसारं सत्तं, मोहणवल्लीअ महिलिआउवि ॥
इति कथमपि चलितचित्तः स्थापयेत् एवं आत्मानं
इइ कहवि चलियचित्तो, ठावए एवमप्पाणं ॥७४॥युग्मं॥

शब्दार्थ– (जीवाणं के०) जीवोने (अणाइभवभावणाइ के०) अ-अनादि एवा अभ्यासपणाए करीने (विसमा के०) दुस्तर एवी (विसयपिवासा के०) भोगनी तृष्णा छे. (य के०) अने (अइदुज्जेआणि के०) अति दुर्जय एवी (इंदिआणि के०) रसनादि इंद्रिउ छे. (तह के०) तेमज (चंचलं के०) चपल एवुं (चित्तं के०) चित्त छे. वली (थोवं के०) बहु थोडुं अने (असारं के०) सार रहित एटले क्षणभंगुर एवुं (सत्तं के०) सत्व होय छे. तेमज (महिलिआउवि के०) स्त्रीउ पण (मोहणवल्लीअ के०) स्वभावथीज मोहने उत्पन्न करनारी लताउ छे. (इइ के०) ए प्रकारे करीने (चलियचित्तो के०) चपल चित्तवालो प्राणी (कहवि के०) महाकष्टे करीने (एवं के०) पूर्वे कहेला स्त्रीसमागमने त्यजी देवाना भांगाए करीने (अप्पाणं के०) पोताना आत्माने (ठावए के०) स्थापन करे. स्थिर करे. अर्थात् शीलव्रतनो भंग न करे. ॥ ७३–७४ ॥

विशेषार्थ–जीवोने अनादि कालना अभ्यासथी दुस्तर (दुःखे करीने पण न तरी शकाय एवी) भोगनी इच्छा, अति दुर्जय (दुःखे करीने न जीति शकाय) एवी रसनादि इंद्रिउ, चपल चित्त, थोडुं अने सारविनानुं धैर्य अने मोहने उत्पन्न करवामां लता सरखी स्त्रीउ छे.

आवा प्रकारना अनेक उपद्रवो रहेला छे, तेथी करीने चपल चित्त-वाला प्राणीए पूर्वे कहेला स्त्रीना संगने त्यजी देवारूप नागाए करीने पोताना आत्माने शीलव्रतमां स्थापन करवो. अर्थात् शीलव्रतनो नंग न थाय तेम आचारण करवुं. ॥ ७३–७४ ॥

हवे पोते जीवनेज उपदेश करता उता कहे छे.

रे जीव समयकल्पितनिमेषसुखलालसः कथं मूढ
[1]रे [3]जीव स[4]मयकप्पिय–निमेससुहलालसो क[10]हं मूढ ॥
शाश्वतसुखं असमतमं हारयसि शशिसोदरं च यशः
[6]सासयसुह[5]मसमतमं, [11]हारसि [8]ससिसोयरं [7]च [9]जसं॥७५॥

शब्दार्थ–(रे मूढ जीव के०) *अरे मूर्ख जीव ! (समयकप्पियनीमे-ससुहलालसो के०) अवसरे फक्त कल्पनाथी मानेला निमेष[1]मात्र सुख-नेविषे लालचु थएलो तुं, (असमतमं के०) जेनी समान बीजुं कोइ पण सुख नथी एवा (सासयसुहं के०) फक्त शीलव्रत पालवाथी मेलवी शकाय एवा अक्षयमोक्षसुखने (च के०) अने (ससिसोयरं के०) चंद्रना सरखा उज्वल एवा (जसं के०) यशने (कहं के०) शा कारणमाटे (हारसि के०) हारी जाय छे.

विशेषार्थ–अरे मूर्ख जीव! फक्त विषयसेवाने अवसरे कल्पनाथी मानेला क्षणमात्रना सुखनेविषे लालचु थइ रहेलो तुं, जेनी बराबर बीजुं कोइपण सुख नथी एवा फक्त शीलव्रतथी मेलववा योग्य मोक्षसुखने अने चंद्र समान उज्वल यशने शाकारणमाटे हारी जाय छे? अर्थात् तेवुं सुख तुं न हारी जा. ॥ ७५ ॥ कह्युं छे के–

दत्तस्तेन जगत्यकीर्तिपटहो गोत्रे मषीकूर्चकः,
चारित्रस्य जलांजलिर्गुणगुणारामस्य दावानलः ॥
संकेतः सकलापदां शिवपुरद्वारे कपाटो दृढः,
कामार्त्तस्त्यजति प्रबोधयति वा स्वस्त्रीं परस्त्रीं न यः ॥ १ ॥

---

* आ ठेकाणे 'हे जीव' एवुं संबोधन न आपतां 'रे जीव' एवुं अधम संबोधन आ-पवानुं कारण ए छे के, जीवने शीलव्रतादि उत्तम धर्म सहाय्यकारी छे, छतां ते तेवा धर्मने मूकीने बीजा क्षणमात्रना सुखमां लालचु थइ रहेलो छे, माटे तेवुं संबोधन आप्युं छे.

१ आंखने बंध करीने उघाडवी तेने निमेष कहेवाय छे.

अर्थ– कामथी पीडाएलो जे माणस पोतानी स्त्रीने बोलावतो नथी अने परस्त्रीने तजतो नथी, तेणे जगत्ने विषे अपकीर्तिरूप ढोल वगडाव्यो छे, पोताना कुलने मशी (मेश) नो कूचो दीधो छे, संयमने जलांजलि आपी छे, गुणरूप उद्यानने वीषे दावानल सलगाव्यो छे, सर्व आपत्तिउने पोतानी पासे आववानो संकेत कर्यो छे अने मोक्षरूप नगरीना द्वारने विषे कमाड मजबूत बंध कर्यां छे.

हवे कामने विषे आसक्त थएलानां दूषणो कहे छे.

कलिमलअरतिअबुभुक्षाव्याधिदाहादि विविधासुखानि
कलिमलअरइअभुक्खा-वाहीदाहाइ विविहअसुहाइं ॥
मरणमपि खलु विरहादिषु संपद्यते कामतप्तानां
मरणंपि हु विरहाइसु, संपज्जइ कामतवियाणं ॥ ७६ ॥

शब्दार्थ– (कामतवियाणं के०) कामथी तप्त थएला पुरुषोने (कलिमल के०) लंपटपणाथी विषयनी अप्राप्तिमां चित्तनो क्षोभ, (अरइ के०) अतिशय चित्तमां उद्वेग, (अभुक्खा के०) ते ते प्रकारनी चिंताथी अंतरना व्याकुलपणाने लीधे अरूचि, (वाही के०) ताव विगेरेनी उत्पति अने (दाह के०) ताप (आदि शब्दथी मूर्छा विगेरे ग्रहण करवा.) एवा (विविह असुहाइं के०) विविध प्रकारना दुःख अने (विरहाइसु के०) वियोगादिकने विषे (हु के०) निश्चय (मरणंपि के०) मरण पण (संपज्जइ के०) प्राप्त थाय छे. ॥ ७६ ॥

विशेषार्थ–कामथी तप्त थएला पुरुषने चित्तनो क्षोभ, उद्वेग, अरूचि, ताव, दाह अने मूर्छा विगेरे विविध प्रकारनां दुःख अने वियोगादि अवस्थामां मरण पण थाय छे. अर्थात् प्राणी कामदेवना व्याकुलपणाथी मरणांत अवस्थाने पण अनुभवे छे. ॥ ७६ ॥

हवे विषयवंत प्राणीउने बहु दुःख प्राप्त थायछे, तेज फरीथी कहे छे.

विषयिणां दुःखलक्षाणि विषयविरक्तानां असमशमसौख्यं
विसईण दुक्खलक्खा, विसयविरत्ताण मसमसमसुक्खं ॥
यदि निपुणं परिचिंतयसि तत् ममापि अनुभवः एषः
जइ निउणं परिचिंतसि, ता मज्झवि अणुभवो एसो ॥ ७७ ॥

शब्दार्थ– (विसईण के०) विषयवंत प्राणीउने (डुःक्का के०) लाखो डुःख प्राप्त थाय ठे अने (विसयविरत्ताणं के०) विषयथी विरक्त थएला प्राणीउने (असमसमसुक्कं के०) जेनी बराबर बीजुं कोइ पण सुख न थइ शके एवुं मोक्षनुं सुख प्राप्त थाय ठे. हे जव्य जीव! (जइ के०) जो तुं (निउणं के०) निपुणपणाए करीने (परिचिंतसि के०) विचार करे ठे, (ता के०) तो (मज्रवि के०) मने पण अने पोताने पण (एसो के०) ए पूर्वे कहेलो सर्व (अणुजवो के०) अनुजव थशे. ॥ ७७ ॥

विषेशार्थ– कामदेवथी आकुल व्याकुल थएला प्राणीउने लाखो डुःख अने कामदेवथी विरक्त थएलाने उपमा रहित एवुं मोक्षसुख प्राप्त थाय ठे. हे जव्य जीव! जो तुं प्रविणपणाथी विचार करीश तो पोताने पण एज अनुजव थशे. कह्युं ठे के–

तीरात्तीरमुपैति रौति करुणं चिंतां समालंब्यते,
किंचिद्ध्यायति निश्चलेन मनसा योगीव मुक्तेक्षणः ॥
स्वां ठायामवलोक्य कूजति पुनः कांतेति मुग्धः खगो,
धन्यास्ते जुवि ये निवृत्तमदना धिग्डुःखिताः कामिनः ॥ १ ॥

अर्थ–मूर्ख पक्षी नदीना एक कांठेथी बीजे कांठे जाय ठे, बीजाने दया उपजे तेम रोवे ठे, विचार करे ठे अने योगिनी पेठे दृष्टिने स्थिर राखी निश्चल मनथी कांइ ध्यान करे ठे. वली पोतानी ठायाने जोइने 'हे कांते!' एम शब्द करे ठे. माटे पृथ्वी उपर जेउ कामथी निवृत्ति पाम्या ठे तेमनेज धन्य ठे अने डुखि एवा कामी पुरुषोने धिक्कार ठे. ॥७७॥

आ प्रमाणे विषयनी आशाने दूर करी ज्ञाननो उपदेश कहे ठे.

यासां च संगवशतः यशोधर्मकुलानि हारयसि मूढ
जासिं च संगवसउ, जसधम्मकुलाइं हारसे मूढ ॥
तासामपि किमपि चित्ते चिंतय नारीणां डुश्चरितं
तासिंपि किंपि [10]चित्ते, चिंतसु नारीण डुच्चरियं ॥ ७८ ॥

शब्दार्थ–(मूढ के०) हे मूर्ख प्राणी! तुं (जासिं के०) जे (नारीण के०) स्त्रीउना (संगवसउ के०) संगना वश्यपणाथी (जसधम्मकुलाइं के०) यश, धर्म अने कुलने (हारसे के०) हारी जाय ठे. (तासिंपि के०) ते

स्त्रीउंना पण (किंपि के०) कांइ पण (डुच्चरियं के०) डुराचरणने (चि-त्ते के०) चित्तमां (चिंतय के०) चिंतवन कर. ॥ ७८ ॥

विशेषार्थ– हे मूर्ख प्राणी ! तुं जे स्त्रीउंनो संग करवाथी यश, धर्म अने कुल हारी जाय छे, ते स्त्रीउंना डुराचरणनो त्हारा पोताना चित्त-मां विचार कर. कह्युं छे के– रक्त, डुष्ट, मूढ, बंधाएलो ए चार उपदे-शना शत्रुउं छे, माटे मध्यस्थपणे रहेवुं. अर्थात् तेउं उपदेशने अयोग्य छे. तेथी मध्यस्थपणुं राखीने क्षणमात्र विचार कर. ॥ ७८ ॥

हवे स्त्रीउंना दोषो कहे छे.

चपलाः कुटिलाः वंचननिरताः डुष्टधृष्टाः

चवलाउ कुडिलाउ, वंचणनिरयाउ डुठधिठाउ ॥

तथा नीचगामिन्यः याः तास्वपि कः मोहः

तह नीअगामिणीउ जोउ,तासिंपि को मोहो ॥ ७ए ॥

शब्दार्थ– (जाउ के०) जे स्त्रीउं (चवलाउं के०) चंचल स्वन्नाव-वाली (कुडिलाउं के०) मायावी (वंचणनिरयाउं के०) परपुरुषना चि-त्तने प्रसन्न करवामां निश्चयवाली (डुठ के०) बीजाने डुःखमां पाड-वामां चतुर (धिठाउं के०) निर्लज्ज (तह के०) तेमज (नीअगामि-णीउं के०) कुपात्र, दास, नट विगेरेने विषे प्रीतिवालीउं होय छे; तो (तासिंपि के०) तेवी स्त्रीउंने विषे (को मोहो के०) मोह श्यो ? ॥७ए॥

विशेषार्थ– जे स्त्रीउं चंचल स्वन्नाववाली, मायावी, परपुरुषनी चित्तने प्रसन्न करवामां तत्पर, बीजाउंने डुःखमां पाडवामां चतुर अने लज्जा-रहित वली कुपात्र, दास, नट विगेरे हलकी जातना पुरुषोने विषे आ-सक्त होय छे. तेवी स्त्रीउंने विषे मोह श्यो? कह्युं छे के–

उन्मार्गगामिनी सांद्र, रसौघनिचितांतरा ॥

स्त्री नदीवद्भिनत्त्येव, कूले कूले इव क्षणात् ॥ १ ॥

अर्थ– जेम आवला मार्गे (नीचेमार्गे) जनारी अने गाढ जलरूप रसना समूहथी जरपूर एवी नदी क्षणमात्रमां कांठे कांठे नेदाय छे, तेम अवला मार्गे (कुमार्गे) जनारी अने गाढ शृंगारादि जूदा जूदा रसना समूहथी जरपूर मनवाली स्त्री क्षणमात्रमां नींच कूल कूलने विषे ने-

दाय छे. माटे तेवी स्त्रीउने विषे शामाटे मोह करवो जोइए? कह्युं छे के–

अनुरागो वृथा स्त्रीषु, स्त्रीषु गर्वो वृथेति वा ॥
प्रियोऽहं सर्वदाप्यस्या, ममेषा सर्वदा प्रिया ॥ २ ॥

अर्थ– "हुं तेने हंमेशा प्रिय छुं अने ते हंमेशा मने प्रिय छे." एवी स्त्रीउनेविषे प्रीति राखवी ते फोकट छे. तेमज स्त्रीउने विषे गर्व करवो तेपण फोगट छे. ॥ २ ॥ कारण स्त्रीउने निरंतर स्नेहविनानी जाणवी. वली पण कह्युं छे के–

एता हसंति च रुदति च कार्यहेतोर्विश्वासयंति च परं न च विश्वसंति ॥
तस्मान्नरेण कुलशीलसमन्वितेन,नार्यः श्मसानघटिका इव वर्जनीयाः॥३॥

अर्थ–ए स्त्रीउ पोताना स्वार्थ माटे हसे छे अने रुवे छे. बीजाने विश्वास करावे छे अने पोते विश्वास करती नथी; माटे कुल अने शीले करीने युक्त एवा पुरुषे श्मशानना घडानी पेठे स्त्रीउने त्यजी देवी. ॥३॥

हवे स्त्रीउनुं क्षणरागीपणुं कहे छे.

गुणसागरमपि पुरुषं चंचलचित्ता वर्जयित्वा पापा
गुणसायरंपि पुरिसं, चंचलचित्ताउ वज्जिउं पावा ॥
रज्यते निरक्षरेऽपि खलु नीचत्वं अहो महेलायाः
वच्चइ निरक्खरेवि हु, नीअत्तमहो महेलाए ॥८०॥

शब्दार्थ– (चंचलचित्ताउ के०) चपल चित्तवाली अने (पावा के०) दुरराचारिणी एवी स्त्री (गुणसायरंपि के०) गुणना समुद्र एवाय पण (पुरिसं के०) पुरुषने (वज्जिउं के०) त्यजी दइने (हु के०) निश्चय (निरक्खरेवि के०) मूर्ख एवाय पण पुरुषने विषे (वच्चइ के०) रागवाली थाय छे, माटे (अहो के०) आश्चर्यकारी छे (महेलाए के०) स्त्रीनुं (नीअत्तं के०) नीचपणुं. ॥ ८० ॥

विशेषार्थ– चपल चित्तवाली अने दुराचारिणी एवी स्त्री, गुणना समुद्र अर्थात् बहु गुणवाला पोतानापतिने त्याग करीने निश्चे मूर्ख एवाय पण परपुरुषने विषे प्रीति धरे छे; माटे स्त्रीनुं नीचपणुं आश्चर्यकारी छे.

एवी स्त्रीओने विषे विरक्त थएला पुरुषोने वारंवार उपदेश करता छता कहे छे.

रूपोपहसितमकरध्वजमपि पृथ्वीश्वरमपि परिहृत्य
रूवोवहसियमयर-द्धयंपि पुहवीसरंपि परिहरिउं
इतरनरेऽपि प्रसज्यते धिक् धिक् महिलानां अधमत्वं
इयरनरेवि पसज्जइ, हीही महिलाणमहमत्तं ॥ ८१ ॥

शब्दार्थ– स्त्री (रूवोवहसिय के०) रूपे करीने हसी काढयो छे (मयरद्धयंपि के०) कामदेव जेणे एवाय पण (पुहवीसरंपि के०) राजाने पण (परिहरिउं के०) त्याग करीने (इयरनरेवि के०) बीजा रूपरहित पुरुषने विषे पण (पसज्जइ के०) आसक्त थाय छे, माटे (महिलाणं के०) स्त्रीओना (अहमत्तं के०) अधमपणाने (ही ही के०) धिक्कार थाओ! धिक्कार थाओ !! ॥ ८१ ॥

विशेषार्थ– स्त्री कामदेवथी अधिक रूपवंत एवाय पण राजाने त्यजी दइ बीजा रूपरहित पुरुष उपर आसक्त थाय छे, माटे स्त्रीओना अधमपणाने धिक्कार थाओ! धिक्कार थाओ!! अर्थात् कामदेवथी व्याकुल थयेली स्त्री रूप अने पात्र रहित एवा जे ते पुरुष उपर आसक्त थाय छे. कह्युं छे के–

भो वयस्य यदि स्वस्य, प्रशस्यमपि वांछसि ॥
कृषेरन्यत्र माकार्षीः, प्रमाणं नायकामुखं ॥ १ ॥

अर्थ– हे मित्र! जो तुं पोतानुं कुशल इच्छतो होय तो पृथ्वीरूप स्त्री विना बीजी स्त्रीना मुखने प्रमाण करीश नहीं. ॥ १ ॥

हवे स्त्रीनुं स्वरूप दुःखे करीने पण जाणी शकातुं नथी, ते कहेछे.

धीरा इव कातरा वा नारी मुग्धा इव बुद्धिमती वा
धीरा व कायरा वा, नारी मुद्धा व बुद्धिमंता वा ॥
रक्ता इव विरक्ता वा सरला कुटिला इव नो जानामि
रत्ता व विरत्ता वा, सरला कुडिला व नो जाणे ॥ ८२ ॥

शब्दार्थ– (नारी के०) स्त्री (धीराव के०) धीर सरखी छे? (वा के०) अथवा (कायरा के०) बीकण स्वजाववाला जेवी छे? (मुद्धाव के०)

मूर्ख सरखी छे ? (वा के०) अथवा (बुद्धिमंता के०) बुद्धिवंत सरखी छे. (रत्ताव के०) आसक्त थएला सरखी छे ? (वा के०) अथवा (विरत्ता के०) विरक्त सरखी छे ? (सरला व के०) सरल सरखी छे ? (कुडिला के०) खोटा आचरणवाली छे ? ते हुं (नो जाणे के०) नथी जाणतो. ॥ ७२ ॥

विशेषार्थ– स्त्री धीरजवाली छे के बीकण छे ? मूर्ख छे के बुद्धिवंत छे? म्हारा उपर प्रीतिवाली छे के बीजा उपर प्रीतिवाली छे ? सन्मार्गे चालनारी छे के खोटा आचरणवाली छे. ते हुं विशेष जाणी शकतो नथी. ॥ ७२ ॥ कह्युं छे के–

प्राणप्रदा देहहरा नराणां, भीरुस्वभावाः प्रविशंति वन्हौ ॥
क्रूराः परं पल्लवपेशलांग्यो, मुग्धा विदग्धानपि वंचयंति ॥ १ ॥

अर्थ– प्राण आपनारी, पुरुषोना देहने हरण करनारी अने बीकण स्वभाववाली एवी स्त्रीउ पण अग्निने विषे प्रवेश करे छे. वली क्रूर छता नवा अंकुरना सरखा कोमल अंगवाली ते मुग्ध स्त्रीउ चतुर पुरुषोने पण छेतरे छे. ॥ ७२ ॥

बुद्धिवंत पुरुषो पण स्त्रीचरित्रने जाणी शकता नथी, ते कहे छे.

निजमतिमहात्म्येन ये सकलं त्रिभुवनं परिकलंति
निअमइमाहप्पेणं, जे सयलं तिहुयणं परिकलंति ॥
नारीचरित्रविचारे तेऽपि खलु मूढाइव मूकाइव
नारीचरियवियारे तेवि हु मूढव्व मूअव्व ॥ ७३ ॥

शब्दार्थ– (ये के०) जे बुद्धिमंत पुरुषो (नियमइमाहाप्पेणं के०) पोतानी बुद्धिना माहात्म्ये करीने (सयलं के०) सर्व एवा (तिहुयणं के०) त्रण भुवनने अर्थात् त्रण जगतूना स्वरूपने (परिकलंति के०) जाणे छे. (तेवि के०) ते बुद्धिमंत पुरुषो पण (नारीचरीयवियारे के०) स्त्रीना चरित्रनो विचार करवामां (हु के०) निश्चय (मूढव्व के०) मूढना सरखा अने (मूअव्व के०) मूंगाना सरखा छे. ॥ ७३ ॥

विशेषार्थ– जे महाबुद्धिमंत पुरुषो, पोतानी बुद्धिना बलथी सर्व त्रण जगतूना स्वरूपने जाणे छे, ते बुद्धिमंत पुरुषो पण स्त्रीना चरित्रनो वि-

चार करवामां एटले 'आ स्त्री सुशीला छे के दुःशीला छे' एनो निर्णय करवामां मूढ सरखा छे अने कांइक जाणता होय तो कहेवाने असमर्थ होवाथी मूंगाना सरखा छे. अर्थात् बुद्धिमंत पुरुषो पण स्त्रीना चरित्रने जाणी शकता नथी अने कांइक जाणे छे तो प्रगट नहीं होवाथी कही शकता नथी. कह्युं छे के–

चत्त्वारः सृजता पूर्वं, मुपायास्तेन वेधसा ॥
नसृष्टः पंचमः कोऽपि, गृह्यंते येन योषितः ॥ १ ॥

अर्थ–विश्वने सृजनारा ते ब्रह्माए प्रथम चार उपाय सरजा छे; परंतु कोइ पण पांचमो सरजो नथी के, जेथी स्त्रीउने पकडी शकाय. ॥ ८३ ॥

मनुष्यपणुं साधारण छतां ए स्त्रीउं एवी केम होय छे? त्यां कहेछे.

अन्यं रमते निरीक्षते अन्यं चिंतयति जाषते अन्यं
[1]अन्नं [2]रमइ [3]निरिक्खइ, [4]अन्नं [5]चिंतेइ [6]जासए [7]अन्नं ॥

अन्यस्य ददाति दोषं कपटकुटी कामिनी विकटा
[8]अन्नस्स [9]देइ [10]दोसं, [12]कवडकुडी [11]कामिणी [12]विब्भडा ॥ ८४ ॥

शब्दार्थ– स्त्री (अन्नं के०) बीजानी (रमइ के०) स्पृहाथी इछा करे छे. (अन्नं के०) बीजाने (निरिक्खइ के०) व्याकुलपणाथी जोवे छे. (अन्नं के०) बीजाने (चिंतेइ के०) चिंतवे छे. (अन्नं के०) बीजानी साथे (जासए के०) वातो करे छे. वली (अन्नस्स के०) बीजाने (दोसं के०) दोष–अपवाद (देइ के०) आपे छे; माटे (कामिणी के०) स्त्री (विब्भडा के०) म्होटी एवी (कवडकुडी के०) कपटनी कुपडी छे.॥८४॥

विशेषार्थ– स्त्री एक पुरुषनी स्पृहाथी इछा करे छे, बीजाने व्याकुलपणाथी जोवे छे, त्रीजानो मनमां विचार करे छे अने चोथानी साथे वातो करे छे. वली रागरहित एवा कोइ बीजाज पुरुषने दुराचारीपणानो अपवाद आपे छे; माटी स्त्री खरेखरी म्होटी कपटनी झुंपडीछे. कह्युं छे के–

जल्पंति सार्द्धमन्येन, पश्यंत्यन्यं सविभ्रमा ॥
हृजतं चिंतयत्यन्यं, न स्त्रीणामेकतो रतिः ॥ १ ॥

अर्थ– स्त्री एकनी साथे वात करे छे; कटाक्ष सहित बीजाने जुए छे;

वली हृदयमां रहेला त्रीजानो विचार करे ठे; माटे स्त्रीउने एक पुरुषथी प्रीति नथी. ॥ ७४ ॥

हवे पोताना उपर आसक्त एवी स्त्रीउनो पण विश्वास न करवो,ते कहेठे.

यत्र अनुरक्तचिता सखिधनदेशादिकमपि मुंचति

जत्थाणुरत्तचित्ता, सहिधणदेसाइअंपि ठंडेइ ॥

तमपि खलु क्षिपति दुःखे महिला मंठस्य नृपजार्या

तंपि हु खिवेइ डुक्के, महिला मिंठस्स निवजज्जा ॥ ७५ ॥

शब्दार्थ– (महिला के०) स्त्री (जत्थ) जे पुरुषने विषे (अणुरत्तचित्ता के०) आसक्त चित्तवाली थाय ठे, ते स्त्री (सहिधणदेसाइअंपि के०) सखि–व्हेनपणी, धन अने देशादिकने पण (ठडेइ के०) त्यजी दे ठे. वली ते स्त्री (तंपि के०) ते पुरुषने पण (हु के०) निश्चे (डुक्के के०) डुःखने विषे (खिवेइ के०) फेंकी दे ठे. दाखलो कहे ठे के, जेम (निवजज्जा के०) राजानी स्त्रीए (मिंठस्स के०) मंठने (हाथीना मावतने) डुःखमां नाख्यो. ॥ ७५ ॥

विशेषार्थ– पुरुषने विषे आसक्त थएला चित्तवाली स्त्री. व्हेनपणीने, धनने अने देश विगेरेने पण त्यजी दे ठे. एटलुंज नहिं परंतु जे पुरुष उपर आसक्त थएली होय ठे तेज पुरुषने निश्चे डुःखमां नाखे ठे. जेम राजानी स्त्री महाव्रतनी साथे प्रीति करीने कुटुंब, धन, राज्य अने स्वजन विगेरेने त्यजी दइ ते महावतनी साथे चाली गइ. रस्तामां चोरने पति करी महावतने पण शूली उपर चडाव्यो आ कथानुं स्वरूप नूपुरपंडितानी कथामां कहेवायलुं ठे, त्यांथी जाणी लेवुं. ॥ ७५ ॥

हवे स्त्रीउथी विरक्त चित्तवालाने वखाणे ठे.

कुटिलां महिलां ललितां परिकलय्य विमलबुद्धयः धीराः

कुमिलं महिलां ललिअं, परिकलिउं विमलबुद्धिणो धीरा ॥

धन्याः विरक्तचित्ताः जवंति यथा अगडदत्तादि

धन्ना विरत्तचित्ता, हवंति जह अगडदत्ताई ॥ ७६ ॥

शब्दार्थ– (ललिअं के०) मनोहर एवी (महिलां के०) स्त्रीने (कु-

ळिलां के०) मगरनी दाढनी पेठे वांका हृदयवाली (परिकलिउं के०) जाणीने (विमलबुद्धिणो के०) निरमल बुद्धिवाला अने (धीरा के०) धीरजवंत एवा (धन्ना के०) केटलाक पुण्यवंत पुरुषो (विरत्तचित्ता के०) वैराग्यवंत चित्तवाला (हवंति के०) थाय छे. (जह के०) जेम (अगडदत्ताई के०) अगडदत्त विगेरे थया छे तेम. ॥ ८६ ॥

विशेषार्थ– रूपादिकथी मनोहर एवी पण स्त्रीने मगरनी दाढनी पेठे वांका हृदयवाली-दुराचरणी जाणीने निरमल बुद्धिवाला अने मेरुपर्वतना सरखा धीरजवंत केटलाक पुण्यवंत पुरुषो अगडदत्त, शालिभद्र अने जंबूस्वामी विगेरेनी पेठे वैराग्यवंत थाय छे. ॥ ८६ ॥

अगडदत्तनी कथा.

जेनी संपत्ति जोइने देवताउं पण लक्ष्मीथी स्वर्गने छेतरायेलुं मानता हता एवुं शंखपुर नामनुं नगर छे. त्यां जेना हाथरूप कमलने विषे भ्रमरनी पंक्तिना सरखुं खड्ग शोभतुं हतुं एवो अने महा रूपवंत सुंदर नामनो राजा राज्य करतो हतो. तेने त्रास पामेला मृगना सरखा नेत्रवाली सुलसा नामनी स्त्री हती के, जे स्त्री गुणोए करिने सारा दंडवाली ध्वजानी पेठे अत्यंत शोभती हती. तेउने संपूर्ण दोषना स्थानरूप अगडदत्त नामनो पुत्र हतो.

एक दिवसे राजा सभामां बेठो हतो, ते वखते अगडदत्त पण आवीने बेठो. एवामां केटलाक नगरवासी जनोए आवीने राजाने कह्युं के, " हे देव ! आ तमारो पुत्र अगडदत्त प्रजाने बहु संतापे छे; तेथी अमे नगरमां रहेवाने असमर्थ छीए. " प्रजानां एवां वचन सांभलीने क्रोधथी रातां थयां छे नेत्र जेनां एवा राजाए कह्युं के, " मनुष्योने वांझीया रहेवुं ए घणुंज सारुं छे; पण दुर्विनीत पुत्रथी पुत्रवंत कहेवराववुं ए सारुं नथी. सद्गुणवाला पुत्रोथी सामान्य कुल शोभा पामे छे अने कुपुत्रोथी उज्वल कुल कलंकित थाय छे. " ए प्रकारे राजाए तिरस्कार करेलो कुमार अगडदत्त रात्रीने विषे सिंहनी पेठे निर्भय छतो पिताना नगरथी चाल्यो गयो. अनुक्रमे ते वाराणसी नगरीये पहोच्यो अने त्यां इंद्रथी पण अधिक लक्ष्मीवंत पुरुषोनी संपत्ति जोवा लाग्यो. पछी अनुक्रमे फरता फरता ते सरल मनवालो राजकुमार विद्यार्थिउने भणवानी

पाठशालामां गयो अने त्यां पवनचंड उपाध्यायने नमस्कार करी तेमनी पासे बेठो. उपाध्याये आकृतिमंत ते राजकुमारने जोइने हर्षथी पूछ्युं के, "तुं कोण छुं ? क्यांथी आव्यो छुं? अने आववानुं कारण शुं छे ?" उपाध्यायनां एवां वचन सांभली राजकुमारे पोतानी सर्व वात कही एटले उपाध्याये तेने प्रसन्न करता छता स्नेहयुक्त वाणीथी कह्युं. "हे राजकुमार ! पुत्रोए माता पिताने त्याग करवां ए योग्य नथी; कारणके, तेमणे जेटला आपणा उपकार कर्या छे तेटला पृथ्वीमां रजकणो पण नथी. हे वत्स ! जो स्तनपानादिक अनेक प्रकारना उपकार करनारा माता पिताने त्याग करे तो पछी पशुमां अने मनुष्योमां फेर श्यो ? अर्थात् कांइ फेर नहीं." राजकुमारे कह्युं. "तमाराथी हुं सारी रीते बोध पाम्या छुं. माता पिता पुत्रने जन्म आपे छे अने गुरु ज्ञान आपे छे, माटे मने कांइ कार्यनी आज्ञा करो." ए प्रकारे कहेता एवा ते राजकुमारने उपाध्याये पोताना घरप्रत्ये तेडी जइ स्नान भोजन विगेरे कराव्युं अने पछी कह्युं के, "हे वत्स ! पिताना घरनी पेठे आ म्हारा घरने विषे रहे अने पुत्रनी पेठे आ म्हारी लक्ष्मीने कृतार्थ कर." ते वात अंगीकार करीने विनयवंत राजकुमारे अनुक्रमे सर्व शस्त्र तथा शास्त्रादिक कलानो अभ्यास कर्यो.

एकदिवसे उपवनमां बाणोथी क्रीडा करता एवा ते अगडदत्त राजकुमारने वांसामां अकस्मात् पुष्पनो दडो वाग्यो एटले जेवामां ते पाछुं वालीने जुए छे तेवामां तेणे एक युवान् रूपवंती स्त्रीने पोतानी पासे दीठी. 'शुं आ कामवीर छे ?' एम विचार करीने कटाक्षरूप बाणोना मीषथी युद्ध करवाने तैयार थाय छे एवामां भ्रकुटीरूप धनुष्यथी छुटेला नेत्ररूप बाणे करीने भेदाइ गयुं छे मन जेनुं एवा राजकुमारने जाणीने ते स्त्रीए कह्युं. "हे सुभग ! ज्यारथी में आ नेत्रोथी तने दीठो छे त्यारथी निर्दय एवो कामदेव मने प्रहारे करे छे; माटे हे नाथ ! तमे आ म्हारी याचनाने फोगट करवाने योग्य नथी." एवां ते स्त्रीनां वचन सांभली राजकुमारे कह्युं. "तुं कोण छुं ? अने कोनी पुत्री छुं ?" स्त्रीए कह्युं. "हुं बंधुदत्त शेठनी वहाली पुत्री छुं. म्हारुं नाम मदनमंजरी छे. वली में न्हानपणथीज सर्व शास्त्रनो अभ्यास कर्यो छे. पिताए मने परणावी छे, पण

कृपण माणस जेम लक्ष्मीने विटंबना पमाडे तेम कृपण पतिए मने विटंबना पमाडी छे; जेथी हुं दोरी रहितधनुष्यनी लाकडीनी पेठे पिताना घरने विषे रहुं छुं. कह्युं छे के–चतुर स्त्रीउने मूर्ख पति, बुद्धिवंत शिष्योने जड गुरु तथा शूर पुरुषोने कायर अधिपति मृत्यु थकी पण वधारे दुःखकर्ता छे. हे नाथ! तरस्याने तलावनी पेठे तमे घणे दहाडे म्हारी दृष्टिये प्राप्त थया छो; माटे म्हारा जीवनरूप पति तमेज छो." पछी राजकुमारे मनोहर वाणीवाली ते स्त्रीना रूपथी मोहित थइने कह्युं. "हे रंभोरु! वखत आवे हुं त्हारो मनोरथ सफल करीश."

कुमारनां एवां वचन सांभली अत्यंत आनंद पामेली ते स्त्री पोताने घेर गइ अने राजकुमार पण अश्व उपर चडीने नगर तरफ चाल्यो. रस्ते मनुष्योना कोलाहल शब्दने सांभली तथा शून्य बजारोने जोइ कुमारे जेटलामां सामी दृष्टि करी तेटलामां सात स्थानथी ऊरता एवा मदथी पृथ्वीने पलालतो, उंचो कर्यो छे शुंडरूपी दंड जेणे एवो तथा क्रोधथी अंध बनेलो अने वली पोतानी सन्मुख आवतो एवो हाथी दीठो. पछी घोडा उपरथी उतरी वेगथी हाथीना सामो दोडी पोताना पासे राखवानुं वस्त्र हाथ उपर वींटीने हाथवती हाथीने प्रहार कर्यो एटले क्रोध पामेलो ते हाथी सोंढने उछालतो तेना सामो दोड्यो. सर्वलोको हाहाकार करवा लाग्या. राजकुमार अगडदत्ते फरीथी पण हाथीने पुछना मूलमां मार्यो तेमज पोतानुं पासे राखवानुं तेना सामुं फेंकीने तेने नमाव्यो अने नमेला हाथी उपर वेगथी चडी जइ महावतोए स्तुति करेला राजकुमारे तेने आलातस्थंभ साथे बांध्यो. पछी भुवनपाल राजाए द्वारपाल मोकली अगडदत्तने पोतानी पासे बोलाव्यो. राज सभामां आवीने प्रणाम करता एवा तेने गाढ आलिंगन करी राजाए पोताना पासे बेसार्यो अने कह्युं के, "हे वत्स! जो के में गुणोए करीने त्हारुं कुल जाण्युं छे, तो पण विशेष जाणवाने माटे म्हारुं मन उतावल करे छे." राजानां एवां वचन सांभली जेटलामां राजकुमार नींचुं मुख राखीने बेसी रहे छे तेटलामां पवनचंद्र उपाध्याये तेनुं सर्व वृत्तांत राजाने कही संभलाव्युं. "जो राजा छे तो ते म्हारा राज्य

पदने योग्य छे." एम कहीने भुवनपाल राजाए वस्त्र अने अलंकारो आपी अगडदत्तनो सत्कार कर्यो.

एवामां भेट लइने आवेला केटलाक नगरवासी जनोए राजाने विनंती करी के, "हे देव! आ तमारी नगरी क्षुद्र चोरथी पीडा पामेछे. तमे रक्षण करनार छतां कोइ अदृश्य चोर ज्यारे आ नगरीने पीडा करे त्यारे चंद्रथी अमृत वर्षवाने बदले विष वर्षवा जेवुं थायछे." नगरवासी जनोनां एवां वचन सांभली राजाए तलारने तिरस्कारपूर्वक नगरनुं रक्षण करवानुं कह्युं एटले तलारे नमस्कारपूर्वक राजाने कह्युं के, "हे देव! ए चोर निश्चय कोइ सिद्ध अथवा मांत्रिक होवो जोइए; कारणके, अमे घणा दिवस थया तेने शोधीए छीए, तो पण ते अमारी नजरे आवतो नथी." पछी चोरने पकडवाना उपायने शोधवाथी थाकी गयेला राजाने जाणी राजकुमार अगडदत्ते कह्युं. "हे तात! तमे ते वातनी चिंता त्यजी दइ ते काम मने सोंपो. आज्ञाकारी हुं हाजर छतां ते काम तमारे बीजा कोइने कहेवा जेवुं नथी. कारणके, कफनो नाश करनार शुंठ हाजर होय तो कयो पुरुष रसायननो उपयोग करे?"

पछी राजाए आज्ञा करी एटले हर्ष पाम्यो छे आत्मा जेनो एवा ते कुमारे श्री पवनचंड उपाध्यायनी रजा लइ जुगारी, माली, कलाल, वेश्या अने कंदोइनी बजारोमां चोरने शोधता शोधता छ दिवस निर्गमन कर्या. पछी सातमे दिवसे राजकुमार अगडदत्त विचार करवा लाग्यो के, "चोरने शोधतां छ दिवस गया; परंतु तेनी वात पण संभलाती नथी. हवे फक्त आजनो एकज दिवस बाकी रह्यो छे तेमां म्हारी प्रतिज्ञा शी रीते पुरी थशे?" एवो विचार करीने हाथमां छे तरवार जेना एवो ते राजकुमार प्रेतवन (स्मशान) नो आश्रय करीने जेटलामां एक वडना वृक्षनी नींचे बेसे छे तेटलामां तेणे रुद्राक्षनी मालाना अलंकारोने धारण करेला, भगवा लुगडांवाला, दंड अने पात्रथी कंपता छे हाथ जेना एवा, वली विशाल कपाल, रातां नेत्र, लांबा हाथ अने लांबी जांघवाला एवा कोइ संन्यासीने आवतो दीठो. "आ चोर छे." एम राजकुमार जेटलामां निश्चय करे छे तेटलामां ते पाखंडि सन्यासीए आवीने तेने पूछ्युं के, "तुं कोण छुं?" राजकुमारे कह्युं. "हुं द्यूतथी

दारिद्रने पामेलो परदेशी छुं, अने नाशी गइ छे गाय जेनी एवा गोवालनी पेठे द्रव्यने माटे ज्यां त्यां जटकुं छुं." पाखंडिए कह्युं. "जो तुं म्हारी साथे आवे तो हिम जेम कमलिनीना वननो नाश करेछे तेम हुं त्हारा दारिद्रनो नाश करुं." राजकुमारे ते वात कबूल करी एटले तेने त्यांज बेसारी पोते संन्यासी स्मशानमां गयो. त्यांथी बे कोश अने एक तरवार लइ पाछो राजकुमार पासे आव्यो अने राजकुमारने पोतानी साथे लइ उतावलो नगर तरफ चाल्यो.

पछी ते पाखंडि संन्यासीए मंत्रविद्याना बलथी नगरवासी लोकोने निद्रावश करी कोइ धनवंतना घरने विषे खातर पाड्युं. त्यांथी रत्न, आजरण अने वस्त्रोथी जरेली अनेक पेटीउं लइ कुमारसहित ते संन्यासी तरत एक देवालयमां गयो. त्यां सूतेला परदेशी मुसाफरोने धनना लोजथी दूर काढी मूकी पोते ते शून्य देवालयमां सर्व पेटीउं लाव्यो. पछी सर्व सूता एटले ते दंजी पण सूतो. ते वखते सूता सूता राजकुमार विचार करवा लाग्यो के, "आनुं डुरात्मपणुं आश्चर्यकारी छे; माटे म्हारे एनो विश्वास करवो नहीं." एम धारीने ते राजकुमार पोतानी पथारीने वस्त्र ढांकी तरवार हाथमां लइ वडना कोटरमां संताइ रह्यो. संन्यासीए पण सूतेला सर्वे परदेशीउंने तरवारथी मारी नाखीने पछी राजकुमारनी पथारी उपर घा करी ढांकेला वस्त्रना ककडा करी नांख्या. पण पथारी शून्य मालम पडवाथी ते जेटलामां आमतेम जोवा लाग्यो तेटलामां तरवार छे हाथमां जेने एवा राजकुमार अगडदत्ते तेने कह्युं. "अरे डुराशय चोर! घणा कालथी चोरी करनारो तुं हवे क्यां नाशी जवानो छे?" एम कहीने तेणे तरवारवडे ते संन्यासीना बन्ने पग कापी नाख्या. पछी चोरे कह्युं. "हे महाजाग! त्हारा शौर्यपणाथी प्रसन्न थएलो हुं हितकारी उपदेश कहुं ते सांजल. आ मंदिरनी पाछल उंचु वडनुं झाड छे. तेना कोटरने विषे म्हारुं पातालजुवन छे. त्यां "वीरवती" एवो शब्द करीने शीलाथी ढांकेलुं बारणुं उघडावजे अने संकेतने माटे आ म्हारी तरवार तेने आपवा सारु ग्रहण कर. हे नरोत्तम! तुं ते म्हारी न्हानी व्हेनने परणजे के, जेथी तने म्हारो द्रव्यनो जंमार देखाडशे."

पछी राजकुमार अगडदत्त तेज प्रमाणे करीने तेना घरने विषे पेठो अने

वीरवतीने जोइ विस्मय पाम्यो. पछी तेना रूपथी मोह पामेला राजकुमारे तेना जाइनुं सर्व वृत्तांत कही अने निश्चय थवाने माटे संन्यासीए आपेली तरवार तेने आपी. हर्षथी प्रफुल्लित नेत्रवाली वीरवती पण आदर सत्कारथी तेने पलंग उपर बेसारी घरनी उपर बीजे माले गइ एटले "शत्रुनो विश्वास करवो योग्य नथी." एम विचार करीने राजकुमार पलंगनो त्याग करी एक खुणामां संताइ गयो.

हवे उपर गएली वीरवतीए यंत्र करीने एक म्होटी शीला पलंग उपर पडती मूकी; जेथी राजकुमारना जोतां छतामां तेना ककडा थइ गया. पछी निःशंकपणाथी नीचे उतरती अने " म्हारा जाइने मारीने अत्यारसूधी जीवनारो तुं कोण ? " एम कहेती ते वीरवतीने केशे पकडी राजकुमार अगडदत्त बहार लाव्यो अने जेम हतुं तेम शीलाथी घरनुं बारणु बंध करावी प्रजाते तेने साथे लइ जइने तेणे राजाने प्रणाम कर्यो. राजाए पण आश्चर्यसहित कुमारना शौर्यनुं वखाण करता चोरे चोरी करेलुं धन नगरवासी जनोने पाछुं आप्युं.

पछी प्रसन्न थएला राजाए एक हजार हाथी, दश हजार जातीवंत घोडाउ, वस्त्र, अलंकार अने रत्नसहित एक क्रोड सोना महोरो, दश लाख गामवालो देश, पालखी अने मनोहर आसनोसहित जंडार अगडदत्तने आपीने कमलसेना नामनी पोतानी पुत्री परणावी. राजकुमार पण स्वजनसहित जूदा महेलमां रहेतो अने पवनचंड उपाध्यायनी आराधना करतो छतो जुवनपाल राजाने पिताना सरखो मानवा लाग्यो.

एक दिवसे कोइ एक स्त्रीए अगडदत्तने कह्युं के, "हे सुजग ! तें वचन आपीने आनंद पमाडेली शेठनी पुत्री मदनमंजरी हस्तिने दमन, राजाने आनंद, चोरने निग्रह अने राजपुत्रीनो विवाह ते रूप त्हारी वात सांजलीने घणोज हर्ष पामी छे अने तेणे मने त्हारी पासे मोकली छे. " एम कहीने ते स्त्रीए राजकुमारना कंठने विषे पुष्पनो हार अर्पण कर्यो अने फरीथी कह्युं के, " तेणे कह्युं छे के, हुं निर्जाग्य छुं; कारणके, फरीथी तमे मने संजारी पण नथी. " कुमारे कह्युं. " तेणे कांइ खेद करवो नहीं. में जे कह्युं छे ते बीजी रीते थवानुं नथी. हुं ज्यारे देशमां जइश त्यारे

तेने साथे तेडी जइश." एम कहीने तेनो सत्कार करी रत्नजडित विंटीनी भेट आपी पाछी मोकली.

एक दिवसे द्वारपाले आवीने अगडदत्तकुमारनी विनंती करी के, "हे देव! शंखपुरथी आवेला बे माणसो आपणा द्वारने विषे उभा छे अने आपना दर्शननी इच्छा करे छे." राजकुमारे आज्ञा आपवाथी द्वारपाले तेउने प्रवेश कराव्यो एटले सुवेल तथा सुवेग नामना ते प्रणाम करता एवा पोताना बे प्रधानोने उलखीने तेणे अत्यंत आलिंगन करी पोतानी पासे बेसार्या. पछी राजकुमारे पितानुं कुशल पूछ्युं एटले सुवेगे कह्युं के, "हे देव! सर्व कुशल छे; पण एक तमारो वियोग दुःसह छे." सुवेगनां एवां वचन सांभली जेनी आंखमांथी आंसुनी धाराउ पडवा लागी हती एवा कुमारे कह्युं के, "धिक्कार छे म्हारा सरखा शत्रुरूप पुत्रोने, के जेना स्मरणथी पिताने दुःख थाय छे. में पिताने पासे रहेवाथी अने परदेश जवाथी दुःखज कर्युं छे." एम कहीने खेद पामता एवा कुमारने सुवेगे फरीथी कह्युं के, "गुणवंत पुत्रनो प्रवास पिताने दुःखरूप थतो नथी, पण ज्यारे फरीथी सहवास थायछे त्यारे सुगंधी सुवर्णनी प्राप्ति जेवुं बनेछे, माटे हे देव! पोताना गुणोए करीने माता पिताने प्रसन्न करो." घणा कालना वियोगथी माता पिताने मलवाने माटे उत्साहवंत थएलो कुमार वस्त्र अने अलंकारोनी भेटथी सत्कार करेला तेउने साथे लइ भुवनपाल राजा पासे गयो अने सुवेगना मुखथी सर्व वृत्तांत तेने संभलाव्युं एटले भुवनपाल राजाए अगडदत्त राजकुमारने तेना देशप्रत्ये जवानी आज्ञा करीअने पोतानी पुत्री कमलसेनाने घणी सारी शीखामण आपी. पछी उपाध्यायनी आज्ञा लइ सासुये कर्युं छे मांगलिक जेने एवा ते राजकुमारे परिवार सहित प्रयाण शरु कर्युं. सैन्ये प्रयाण कर्या पछी राजकुमारे रात्रीये पाछा वली पोतानो रथ दूतीना घरपासे राख्यो अने मदनमंजरीने रथमां बेसारी तरत उतावलथी प्रयाण कर्युं. पछी आगल जता विंध्याचलना वनने विषे पडाव करीने रहेला ते कुमार उपर भीम नामना पल्लीपतिनुं धाडुं पड्युं; तेथी कुमार अगडदत्तनुं सैन्य वायुए उराडेला खाखराना पांदडानी पेठे नाशी जवा लाग्युं. छेवट अगडदत्त राजकुमार अने भीमनुं युद्ध थयुं. तेमां पण को-

इए विजय लक्ष्मी मेलवी नहीं. पछी पतिनो जय इछती एवी मदनमंजरी राजकुमारना सारथीने ठेकाणे बेठी एटले तेने जोइ मोह पामवाथी निर्बल थएला पल्लिपतिने राजकुमारे मारी नाख्यो. त्यांथी राजकुमार आगल चाल्यो. अर्धे मार्गे जतां तेने कोइ बे पुरुषो मल्या. तेमने शंखपुरनो मार्ग पूछवाथी तेउए राजकुमारने कह्युं के, "आ वडना वृक्ष पासेथी शंखपुर जवाना बे मार्गो छे. तेमां जमणि बाजुने मार्गे शंखपुर घणुं दूर छे; पण तेमां कांइ जय नथी अने डाबी बाजुने मार्गे नजीक छे; पण तेमां डुर्योधन नामनो चोर, एक हस्ति अने एक सिंह छे; जेथी ते मार्ग घणोज कठण छे." एवां तेउनां वचन सांजलीने राजकुमार हंमेशना अच्यासथी तेज मार्गे चाल्यो अने तेनी साथे बीजा केटलाक वटेमार्गुउ पण चाल्या. आगल जता उत्तम बुद्धिवाला ते राजकुमारने, कपालनी मालारूप अलंकारवाला, हाथमां धारण कर्युं छे कमंडल जेणे एवा अने शब्द करती घुघुरीउथी जागता जटाजूथरूप आजुषणवाला कोइ कापालिके (बावाये) आगल आवीने आशिर्वादपूर्वक कह्युं के, "तीर्थयात्राने माटे जतो एवो हुं त्हारा संगाथनी प्रार्थना करुं छुं." राजकुमारे ते वातनी हा कहेवाथी कापालिक तेना रथनी पाछल पाछल चाल्यो. आगल जतां एक गाम आव्युं ते जोइने कापालिके राजकुमारने कह्युं. "हे धर्मज्ञ ! आ वर्षने विषे हुं वर्षाऋतुमां आ गामने विषे रह्यो हतो; माटे सर्वे माणसो म्हारा जवाथी प्रसन्न थशे. हे विवेकि ! तुं पण आ सर्व माणसो सहित त्यां चाल्य." राजकुमारे कह्युं. "अमारे मुनिउनी साथे जोजन करवुं योग्य नथी," एम ना कह्या छतां पण कापालिके कपटथी विष जेलवेलुं केटलुक डुध अने दहीं लावी आप्युं; ते खाइने सर्वे माणसो एक वृक्षनी नींचे सूता. पछी कुमार जाथुं काढीने जेटलामां खावा बेसे छे तेटलामां ते कापालीक हाथमां तरवार लइ कुमारनी पासे आवी कहेवा लाग्यो. "अरे ! तेज हुं डुर्योधन नामनो चोर छुं. शुं तें म्हारुं नाम सांजल्युं नथी ? अरे ! हवे तुं म्हारी आगलथी लक्ष्मीना सरखी प्रियाने लइ क्यां नाशी जवानो छे ? में त्हारी साथेनां माणसोने विष खवरावी मारी नाख्या छे अने आ तरवारथी तने पण मारी नाखीश." एम कहीने ते तरवार खेंचीने कुमार सामो दो-

ड्यो. ते जोइने आश्चर्य पामेला राजकुमारे पोतानी तरवारथी पाकेलि काकडीनी पेठे तेनुं मस्तक कापी नाख्युं. पछी तृषावंत थएला चोरने राजकुमारे पाणी पायुं एटले राजकुमारना गुणोथी प्रसन्न थएला चोरे तेने कह्युं. " हे सुजग ! आ पर्वतना कुंजने विषे गुफा छे. तेमां मनोहर घर छे. त्यां सुंदरी नामनी म्हारी प्रिया अने द्रव्यनो जंडार छे, तेने तुं म्हारी आज्ञाथी ग्रहण कर. कुमारे पण त्यां जइ अने तेनी प्रियाने सर्व वात कही. रतिना सरखी ते स्त्रीने जोइने अने कामदेवना सरखा राजकुमारने जोइने परस्पर तेउ बन्ने जणा अनुरागवंत थया. कह्युं छे के– शुं काम योग्य कार्यनो विचार करे छे ? अर्थात् नथी करतो. पछी तेउने परस्पर प्रीतिवाला थएला जाणीने मदनमंजरी बहु क्रोध पामी; पण तेणे पोतानी मर्यादा त्यजी दीधी नहीं. राजकुमार पण सुंदरी अने धननो त्याग करी रथ उपर बेसी आगल चाल्यो. रस्तामां म्होटा अरण्यने विषे तेने क्रूर कालना सरखी आकृतिवालो वननो हाथी मल्यो; पण तेने तो तेणे फक्त रमतमांज वश्य कर्यो. वली आगल जतां तेणे दाढोथी जयंकर सिंह दीठो, पण तेने तो वस्त्रथी विंटालेलो पोतानो हाथ तेना मुखमां घाली तरवार वती मारी नाख्यो. पछी श्रेष्ठ ज्ञानी जेम संसाररूप समुद्रने उलंघन करे तेम अनुक्रमे अरण्यने उलंघन करी आगल गयो एवामां मदरहित एवा तेणे मोक्षसुखना सरखुं पोतानुं सैन्य दीठुं.

पछी सैन्यना मुख्य माणसोने राजकुमारे प्रथमथी सर्व वात पूछी एटले तेउए कह्युं के, " हे देव ! पल्लिपति मृत्यु पाम्यो एटले अमने कोइएक पुरुषे कह्युं के, "राजकुमार आगल गया." ते उपरथी अमे सैन्यने तथा कमलसेनाने लइ आटले दूर आव्या; पण तमने दीठा नहीं, तेथी अहींज रह्या." पछी सैन्यसहित अगडदत्त कुमार मातापिताना मनोरथने पूर्ण करतो छतो शंखपुर प्रत्ये आव्यो. कुमारने आवेलो जाणीने हर्षित एवा सुंदर राजाए आज्ञा करेला श्रेष्ठ सामंतोए कुमारने नगरवासी जनोए मांगलिक करेला पुरप्रत्ये प्रवेश कराव्यो. कुमारे पण उत्साहथी पिताना चरणने विषे प्रणाम कर्यो अने राजा पण रोमांचित थएला पोताना पुत्रने अत्यंत स्नेहथी मल्यो. त्यांथी कुमारे अंतःपुरमां

जइने माताने प्रणाम कर्यो एटले जाणे आंसुनी धाराउथी स्नान क-करावती होय नहीं शुं? एम तेणे पुत्रना अंगनो स्पर्श कर्यो. छेवटे प्रधान अने नगरवासी जनोनो यथायोग्य सत्कार करीने पिताए आज्ञा करेलो राजकुमार पोताना घरप्रत्ये गयो.

पछी उत्तम दिवसे राजाए कुमारने युवराज पदवी आपी तेथी, तेणे पोताना गुणोए करीने सर्व प्रजाने आनंद पमाड्यो. कुमारे प्रेमने लीधे मदनमंजरीने म्होटी अने कमलसेनाने न्हानी मानी, जेथी ते सर्व कार्यमां मदनमंजरीने प्रथम गणतो, तो पण कमलसेना जराय ईर्ष्या करती नहीं.

पछी कोकिलाना शब्दोथी मनोहर एवी वसंतऋतु आवी एटले सुंदर राजा अंतःपुरसहित आनंदकारी उपवनमां क्रीडा करवा गयो. कांति-थी कामदेवना गर्वने दूर करनारो अगडदत्त कुमार पण मदनमंजरी-नी साथे त्यां गयो. त्यां आखो दिवस क्रीडा करवाथी थाकी गएलो राजकुमार जरा दूर जइने प्रियानी साथे रथमांज सूइ गयो. निद्राना वशथी रथनी बहार लांबा थएला मदनमंजरीना हाथने दैवयोगथी जाणे पूर्वना मूर्तिमान् कर्मज होय नहीं शुं? एम कोइ सापे दंश कर्यो, एटले तत्काल ते "मने सापे करडी, मने सापे करडी." एम पोकार करती जागी उठी अने कुमारे पण जोयुं तो साप दीठो. एवामां विषथी प्रियाने मूर्छा आवी ते जोइने कुमार पण मूर्छा पाम्यो. थोडो वखत गया पछी कुमार वननो पवन लागवाथी सचेत थयो अने प्रिया थइ नहीं एटले तेणे मांत्रिकोने बोलावी उपाय करवा मांड्या; पण तेटलामां ते मदनमंजरी मरण पामी; तेथी ते प्रियाने पोताना खोळामां बेसारी विलाप करवा लाग्यो अने प्रियानी साथे अग्निमां प्रवेश करवामाटे चिता करवा मंड्यो. एवामां तीर्थयात्राने अर्थे जतो एवो कोइ विद्या-धर कोलाहल सांभळीने त्यां आव्यो. पछी कुमारे प्रार्थना करेला ते विद्याधरे मंत्रेलुं पाणी त्रणवार मदनमंजरीने छांटी जीवती करी; तेथी आनंद पामेला तेणे विद्याधरनो सत्कार कर्यो एटले ते विद्याधर पो-ताने इच्छित स्थानके चाल्यो गयो अने राजकुमार मदनमंजरीने साथे लइ देवालयमां आव्यो.

पछी "मने बहु टाढ लागे छे." एम मदनमंजरीये कह्युं एटले राजकुमार अगडदत्त वनमां जइ अरणीना काष्टने मथन करी अग्नि लइ आव्यो.

हवे जे देवालयमां प्रियाने मूकी राजकुमार काष्ठ लेवा गयो हतो, ते देवालयमां गामने विषे चोरी करीने पांच चोरो संताइ रह्या हता. तेउए अजाणपणाथी दीवो कर्यो एटले मदनमंजरी तेउने मध्ये न्हानाने देखीने मोह पामी अने कहेवा लागी के, "जो तुं म्हारो आदर करे तो हुं त्हारी साथे आवुं." चोर ते वातनी हा कही एवामां कुमार काष्ठ लइने आव्यो अने शंकाथी प्रियाने पूछ्युं के, "दीवो शेनो हतो?" मदनमंजरीये उत्तर आप्यो के, "हे स्वामिन्! तमे अरणिना काष्ठनो अग्नि पाडता हता तेनुं तेज जींत उपर लाग्युं तेनुं ए प्रतिबिंब हतुं." कुमार ते वात मानी पोतानी तरवार प्रियाना हाथमां आपी पोते अग्निने प्रगट करवा लाग्यो एटले मदनमंजरीए तरवार उघाडी करीने पति उपर पडती मूकी; पण तेने ते वागी नहीं. कुमारे शंकाथी प्रियाने पूछ्युं के, "तरवार केम पडी गइ?" मदनमंजरीये उत्तर आप्यो के, "हुं तरवार उघाडती हती; पण टाढने लीधे पडी गइ छे." पछी अग्नि प्रगट करीने कुमारे प्रियानी टाढ निवृत्त करी. सवारे सुंदर राजा सर्व जन सहित नगरमां आव्यो. राजकुमार अगडदत्त पण पोताना घरप्रत्ये आव्यो अने इंद्रियोने वश करी न्यायधर्ममां तत्पर थइ अनुक्रमे त्रिवर्ग (धर्म अर्थ अने काम) नुं पोषण करवा लाग्यो.

एक दिवसे युवराज सजामां बेठो हतो एवामां कोइ सोदागर तेने घोडाउ देखाडवा लाग्यो. तेमां विशाल छातिवाला, समान पीठवाला, न्हाना कानवाला, पुष्ट वांसावाला, वेगथी चपल पगवाला अने दशलक्षणोथी युक्त एवा एक घोडाने जोइ तेना उपर ते राजकुमार बेठो अने तेनी चपलगति रोकवाने माटे तेणे लगाम खेंची एटले ते अश्व पंचमी गति चालवा लाग्यो, जेथी तेनी पाछल जता एवा केटलाक घोडाउ थाकीने पाछा वळ्या अने केटलाक तेनी पाछल जवा लाग्या. परंतु ते घोडो तो कुशिष्य जेम गुरुने अवला मार्गे लइ जाय तेम राजकुमारने क्षण मात्रमां म्होटा अरण्यने विषे लइ गयो. पछी कुमारे

जेटलामां लगाम ढीली मूकी एटले वननी प्राप्ति करवामां शत्रुरूप ते घोडो तत्काल पृथ्वी उपर पडी गयो.

हवे वनमां फरता एवा ते राजकुमारे आदीश्वर जगवाननुं एक मंदिर दीठुं. पढी मंदिरनी आगल रहेली वाव्यमां स्नान करीने पवित्र थइ मंदिरमां प्रवेश करी तथा तत्काल फल आपनारा जिनेश्वर जगवानने वंदना करी बहार आवेला तेणे धर्मदेशना आपता एवा एक जैन साधुने दीठा. अगडदत्त मुनिने पण प्रदक्षिणा तथा नमस्कार करी तेमनी आगल बेठो, एवामां तेणे व्रतधारण करवामां उत्साहवंत थयेला केटलाक पुरुषोने देखीने साधुने पूब्युं के, " हे जगवान् ! आ हाथ जोडी रहेला तथा दीक्षा धारण करवामां उत्साहवंत थयेला कोण ढे? अने तेमने वैराग्यनुं कारण शुं ढे ? " मुनिए कह्युं " हे जद्र ! सांजल्य.

विंध्याटवीमां रहेनारा जीम नामना पल्लीपतिना आ पांच जाइउ ढे. एक दिवसे त्यां कोइ राजपुत्रे पोताना सैन्यने पडाव कराव्यो, ते उपरथी तेने पल्लिपतिनी साथे म्होटो युद्ध थयो. तेमां राजकुमार कांइक आकुल व्याकुल थयो एटले श्रृंगार धारण करनारी ते राजकुमारनी स्त्री पोते तेनो सारथ थइने बेठी. पढी तेना विभ्रमथी ज्रांति पामेला पल्लीपतिनो नाश करीने राजकुमार पोताने देश चाल्यो गयो. हवे पल्लीपतिना आ पांच जाइउ क्रोध करीने पोताना जाइनुं वेर लेवा माटे राजकुमारनी पाढल चाल्या; पण तेउ वनने विषे युद्ध करवा समर्थ थया नहीं, तेथी तेउ एक देवालयमां गुप्तरीते रह्या.

पढी एक दिवसे ते राजकुमारनी साथे उपवनमां क्रीडा करवा गयेली तेनी प्रिया मदनमंजरीने सर्प डश्यो, तेथी ते मरण पामी एटले राजकुमार तेनी साथे अग्निमां प्रवेश करवा तैयार थयो. एवामां कोइ विद्याधरे ते मदनमंजरीने जीवाडी. पढी तेउ बन्ने जणा एक देवालयमां गया के, ज्यां पूर्वे कहेला पांच चोरो संताइ रह्या हता. मदनमंजरीए पतिने कह्युं के, " मने बहु टाढ लागे ढे. " ते उपरथी राजकुमार अग्नि लेवा गयो. पढी चोरोए दीवो करीने राजकुमारनी पथारी जोवा मांडी, एवामां मदनमंजरीये ते चोरोना न्हाना जाइने दीठो अने तेणे मदनमंजरीने दीठी; तेथी तेउ बन्ने जणा परस्पर प्रेमवंत थया. कह्युं ढे के—का-

मिउने लज्जा क्यांथी होय ? पठी प्रार्थना करती एवी मदनमंजरीने चोरे कह्युं के,"हे शुभे ! पति जीवता ठतां तने ग्रहण करवाने कोण समर्थ थाय?" मदनमंजरीये कह्युं. "जो एम होय तो हुं पतिने मारी तने निःशल्य करुं." ए प्रकारे तेउ परस्पर वात करे ठे एवामां राजकुमार अग्नि लइने आव्यो अने प्रियाने पूठ्युं के, "दीवो शेनो हतो ?" प्रियाये उत्तर आप्यो. "तमारा हाथमां रहेला अग्निनुं ए प्रतिबिंब हतुं." पठी प्रियाना हाथमां तरवार आपीने राजकुमार जेवामां अग्निने प्रगट करवा जाय ठे तेवामां ते स्त्री पण पतिने मारवा माटे तैयार थइ. ते जोइने चोर विचार करवा लाग्यो के, "धिक्कार ठे आ स्त्रीना दुष्ट विचारने! के जेणे म्हारे विषे क्षणिक रागना हेतुथी पोताना पतिने मारवानो विचार कर्यो. जेणे ते स्त्रीने माटे मरण स्वीकार कर्युं हतुं; तेनो त्याग करनारी आ स्त्री म्हारे विषे केम स्थिरता करशे ? हा ! शौर्यना समुद्ररूप आ नररत्नने मरावी नाखीने हुं केटली दुष्टगतिमां जइश !!!" एम विचार करीने ते चोरे स्नेहयुक्त बंधु जेम आपत्तिनो नाश करे तेम तत्काल ते मदनमंजरी पासेथी तरवार पडावी नाखी."

एवां साधुनां वचन सांजली राजकुमार मनमां विचार करवा लाग्यो के, "अहो ! स्त्रीउने धिक्कार ठे अने म्हारा साहसपणाने पण धिक्कार ठे. कारण के, जे में तेने अग्रेसर करी ! में मोहथी जातिवंत पुष्पनी मालाने त्याग करी धंतुराना पुष्पने माथे चडाव्युं के, जे धर्मप्रियाने त्याग करी ते दुष्ट स्त्रीने पट्टराणी मानी."

(मुनि राजकुमार अगडदत्तने कहे ठे के,) हे सुजग ! पठी मदनमंजरीये तरवार कुमार उपर पडती मूकी, पण तेने वागी नहीं एटले राजकुमारे पूठ्युं के, "तरवार केम पडी गइ ?" प्रियाए उत्तर आप्यो के, "टाढने लीधे पडी गइ." पठी पल्लीपतिना पांचे जाइउ वैराग्यथी पोताना जाइनुं वेर मूकी दइ हितनी इछाथी विचार करवा लाग्या. "जे स्त्रीउने माटे पुरुषो पोताना प्राणोने तृण सरखा करीने सुख जोगवे ठे; ते स्त्रीउनुं आवुं चेष्टित ठे. !!!" इत्यादि संसार थकी वैराग्य पामीने पोतानी स्त्रीउने मारवानी इछा करीने जता एवा ते आ चोरो म्हारी देशना सांजलीने व्रत ग्रहण करवाने तैयार थया ठे."

इत्यादि मुनिना मुखथी सर्व वृत्तांत सांजलीने राजकुमारे कह्युं. "हे प्रजु ! तमे आ सर्व वृत्तांत म्हारुंज कह्युं. ते राजकुमार हुं अने ते म्हारी प्रिया हती. हे मुनि ! जेवी रीते बहारना अंधकाररूप शत्रुनो नाश करवामां सूर्य समर्थ छे तेवी रीते म्हारा अंदरना मोहरूप शत्रुनो क्षय करवामां तमे समर्थ छो. वली विरोधना दंजथी आ पांच चोरो म्हारा बंधु थयेला छे के, जेमणे म्हारा प्राणोनुं रक्षण करेलुं छे. आ अरण्यने धन्य छे के, ज्यां मने जिनेश्वरजगवान् देव, तत्वज्ञान अने सद्गुरु ए रूप त्रण रत्न प्राप्त थयां. अनर्थना समुद्ररूप आ संसारने सर्व प्रकारे धिक्कार थाउ ! धिक्कार थाउ ! ! अने म्हारे चारण मुनिना चरणनुं शरण हो." एम कहीने ते राजकुमार अगडदत्त मुनिने वंदना करीने सर्व माणसो सहित पोताने घेर गयो अने पछी तेणे कमलसेना सहित दीक्षा धारण करी. स्त्रीना वैराग्यथी वृद्धि पामी छे श्रद्धा जेनी एवो ते राजकुमार दीर्घकाल सूधी चारित्रनी आराधन करी अने कर्मोने निर्मूल करी मोक्षना सुखने पाम्यो.

इति अगडदत्त कुमारनी कथा.

हवे स्त्रीउनो विश्वास करनारने दुर्दशा प्राप्त थाय छे, ते कहे छे.

मुखमधुरासु निर्घृण मानुषनारीषु मुग्ध विश्वासं
मुहमहुरासु निग्धिण. माणुसनारीसु मुद्ध वीसासं ॥

यान् लप्स्यसे अवश्यं प्रदेशिराज इव विषमदशां
जंतो लहसि अवस्सं. पएसिराउव्व विसमदसं ॥ ८१ ॥

शब्दार्थ– (निग्धिण के०) हे निर्दय ! (मुद्ध के०) हे मूर्ख ! (मुहमुहरासु के०) फक्त आरंजने विषे मधुर एवी (माणुसनारीसु के०) मानुष्य जातिनी स्त्रीने विषे (वीसासं के०) विश्वासने (जंतो के०) पामतो एवो तुं (अवस्सं के०) निश्चे (पएसिराउव्व के०) प्रदेशी राजानी पेठे (विसमदसं के०) विषम दशाने (लहसि के०) पामीश. ॥८१॥

विशेषार्थ– हे निर्दय ! हे मूर्ख ! जो तुं फक्त शरुआतमां मधुर एवी

मानुष्य जातिनी स्त्रीउने विषे विश्वास करीश तो निश्चय प्रदेशी राजानी पेठे महा विषम दशाने पामीश. ॥ ८७ ॥

प्रदेशी राजानी कथा.

जेमां धनवंत रूप अने कल्पवृक्षो शोजी रह्या हता एवी आमल कल्पा नामनी नगरी छे. एक दिवसे ते नगरने विषे समवसरेला श्री महावीर स्वामीनी कोइ सूर्याज नामना देवताए आवीने विनंती करी के, " हे स्वामिन् ! आजे हुं आ गौतमादि महर्षिउने नवी नाट्य विधि देखाडवामाटे आवेलो छुं. " ए प्रकारे ते देवताए श्री महावीर स्वामीनी त्रण वखत विज्ञप्ति करी; तो पण प्रजुए तेने कांइ उत्तर आप्यो नहिं. कह्युं छे के– बुद्धिवंत पुरुषो बीजाउने दुःख थाय तेवुं कांइ करता नथी. पछी ते देवताए ईशान दिशामां उन्ना रहीने पोताना हाथमांथी एक सो ने आठ देवताने तथा एक सो ने आठ देवीउने काढीने नाटक देखाड्युं. वली बत्रीश प्रकारना बीजा नाटक देखाडीने ते देवता वीजलीनी पेठे स्वर्गमां चाल्यो गयो.

पछी श्री गौतम स्वामीए बीजा लोकोने बोध करवा माटे श्री महावीर प्रजुने पूछ्युं. " हे जगवंत ! आ देवता कोण हतो ? तथा तेने आटलुं बोधी अने आ प्रकारनी संपति क्यांथी प्राप्त थइ ? " श्री महावीर स्वामीए कह्युं. " हे वत्स्य गौतम ! सांजल्य.

आ क्षेत्रने विषे श्वेतवती नामनी नगरी छे. त्यां प्रदेशी नामनो नास्तिक राजा राज्य करे छे. तेने सूर्यकांता नामनी स्त्री, सूर्यकांत नामनो पुत्र अने जैनधर्मने विषे प्रीतिवालो चित्रनामनो उत्तम प्रधान छे.

एक दिवसे ते चित्र प्रधान कांइ राज्य कार्यना प्रसंगथी श्रावस्ती नगरीमां जितशत्रु राजा पासे गयो. त्यां तेणे केशी गणधरने देखीने प्रणाम कर्यो. राज्य कार्य करी रह्या पछी प्रधान केशीगणधरने पोतानी श्वेतवती नगरीमां आववानी विनंती करी पाछो पोतानी नगरीप्रत्ये आव्यो.

हवे केशी गणधर पण पृथ्वी उपर विहार करता करता अनुक्रमे श्वेतवती नगरीना उद्यानमां समवसर्या. एटले उद्यानपालके आवीने प्रधानने कह्युं. प्रधान पण हर्ष पामतो छतो मनथी ते गणधरने नमस्कार करी विचार करवा लाग्यो. " हुं प्रधान छतां जो राजा नरकने विषे ग-

ति करनारो थाय; तो तेणे आपेला आ प्रधान पदरूप प्रसादनुं म्हारे माथे रुण रही जाय. तो कुपुत्रनी पेठे तेम केम थाय? माटे कोइ उपायथी एने गुरुनी वाणी संजलावुं." एवो विचार करीने ते बुद्धिवंत प्रधान राजाने अश्व खेलाववाना मीषथी उद्यान तरफ लइ गयो. राजा अश्व खेलाववाथी थाकी गयो एटले एक वृक्षनी नींचे बायामां बेठो. त्यां ते गुरुनी देशनानी वाणी सांजली रोगी माणस जेम वीणानो शब्द सांजली उद्वेग पामे तेम उद्वेग पामवा लाग्यो; तेथी तेणे मुख मरडीने चित्र प्रधानने पूब्युं. "रोगथी पीडाता माणसनी पेठे आ कोण रस विनानी वाणी बोले बे?" प्रधाने कह्युं. "हुं जाणतो नथी. चालो जइने निश्चय करीये के ते कोण बे?" एम कहीने प्रधान राजाने केशी गणधरना आश्रमनी पासे लेइ गयो एटले राजा त्यां एक बाजुये उन्नो उन्नो देशना सांजलवा लाग्यो. केशी गणधर देशना आपे बे के– "हा हा! नाना प्रकारना योग्य अर्थथी मधुर एवा तत्वने न जाणनारा मूर्ख जीवो अश्रद्धाथी पोताना जीवीतने मिथ्या हारी जाय बे. वली मीथ्या कदाग्रहथी नरकना अतिथिपणाने पामे बे; परंतु तत्वनो आश्रय करीने शुन्न एवी ऊर्ध्वगति पामता नथी!!! "अमे अधिपति (राजा) बीए." फक्त एटलुंज बोलनारा अज्ञानी जीवो अन्य वस्तुना प्रमाणने अप्रमाणने तथा निषेधने कही शकवाने पण समर्थ थता नथी अने योगी पुरुषतो प्रत्यक्षपणाथी अथवा अनुमानथी पोताना आत्मानी साथे बीजा माणसोना आत्माने सरखावे बे. इच्छा, द्वेष अने प्रयत्नादि दृष्टिथी देखी शकाता नथी, तो पण यंत्रथी निर्मुक्त थयेली (चिंचोडामां पीलाइ गयेली) शेरडीनी पेठे तेमांथी चैतन्य जतुं रहेतुं नथी. जो के जीवने विषे ज्ञान अने विज्ञाननुं तारतम्यपणुं इष्ट बे; तो पण तेना जोया विना कोना चित्तने विषे जाव नथी रहेतो? नेत्रथी फलादिक जोयां पण खाधां विना तेना रसनो स्वाद कोनाथी जाणी शकाय? अर्थात् कोइथी न जाणी शकाय. तेमज इंद्रियोथी जूदो एवो कोइ अव्यक्त दर्शी पुरुष बे. जे योग्य एवा रसना स्वादने (मोक्षादि सुखना स्वादने) अहिं वारंवार स्मरण करे बे. वली तेणे वृद्धादि अवस्थामां परिमाणना जेदथी स्मृतिनो योग ते होवाने लीधे कोइ गुप्त कर्ता अनुमान

कराय छे. नेत्रोथी कोइ पण पदार्थने जोये छते द्वेष तथा रागादिक विकार उत्पन्न थाय छे; पण ते द्वेष तथा रागादिकने उत्पन्न करनार पुरुष प्रसिद्ध छता अदृश्य कहेवाय छे. रूपादिकनी पेठे सुखादिकने पण गुणपणुं निश्चय छे. अर्थात् रुपादिकना सरखुं सुखादिकमां गुणपणुं रहेलुं छे; परंतु तेमां जो गुणी जोइये तो अदृश्य एवो आत्मा एकज छे. आत्मा प्रत्यक्ष थये छते "हुं सुखी छुं अथवा दुःखी छुं." एवी संसार संबंधी वेदना वृथा देखाय छे. माटे हे भव्यजनो! तेवा मोहनो त्याग करो. सत्यवादनी युक्तिथी चंद्र सूर्यना उपराग (ग्रहण) विगेरेनो अनुमानथी अग्निनी पेठे विचार करवो. सर्वज्ञ पुरुष जाणपणाना अनुमानथी बीजापुरुषनी मनना उंडा वीचारोने भींतनी अंदर रहेली वस्तुनी पेठे निश्चय जाणी शके छे. स्वजन पुरुषोनां वाक्यथी अने अनुमानथी सर्वज्ञपणुं प्राप्त करीने तेउए कहेला उत्तम मार्गनो मोक्ष लक्ष्मीने माटे आश्रय करवो."

एवी केशी गणधरनी तत्व गर्जितवाणीथी शीथील थयो छे आग्रह जेनो एवो तथा संदेहथी दोलायमान थयुं छे चित्त जेनुं एवो ते प्रदेशी राजा तत्काल ते सभामां आव्यो. त्यां दुधनी धाराना सरखी सूरीनी स्नेहद्रष्टिथी धोवाइ गयो छे मननो मेल जेनो एवा ते प्रदेशी राजाए मधुरवाणीथी सूरीने कह्युं. "हे भगवन्! म्हारो पिता बहु पाप करनारो होवाथी तमारा मत प्रमाणे नरकमां गएलो होवो जोइये अने म्हारी माता तमारा धर्मनी जाण होवाथी ते तमारा मत प्रमाणे स्वर्गमां गयेली होवी जोइये. वली हुं जेवो तेउने वहालो हतो तेवो बीजा कोइने नथी, जेथी म्हारां मात पिता पोतानां सुख दुःखनी वात मने केम कही जतां नथी?" सूरीए कह्युं. "पोताना कर्मरूप दोरीथी पशुनी पेठे बंधाएलो अने परस्वाधिन रहेलो प्राणी नरकमांथी पोतानी मरजी प्रमाणे अहिं आवी शकतो नथी. वली विषयमां आसक्त अने परस्पर गाढ प्रीतिवाला स्वर्गमां रहेला देवताउने पण आ लोकमां आववानी घणी मरजी होय छे, परंतु तेउ रस्तो जाण्या विना शी रीते आवी शके? आ मृत्युलोकनी दुर्गंध चारसें ने पांच योजन सूधी उंचे जाय छे, जेथी देवताउ अहिं आवी शकता नथी, पण फक्त अरिहंतना

पांच कल्याणकने विषे तथा कोइना तपना बलथी तेउं अहिं पृथ्वी उपर आवे छे. बीजे कोइ वखते आवता नथी. हे राजन्! एज कारणथी नरकमां गएलो त्हारो पिता अने स्वर्गमां गयेली त्हारी माता पोतपोतानां दुःख सुखनी वातो कहेवा माटे त्हारी पासे आवी शकतां नथी." राजाए फरीथी पूछ्युं. "हे प्रभो! मे एक चोरने कोठीमां घाली कोठीनुं बारणुं बंध कराव्युं. थोडा दिवसो गया पछी ते चोरने बहार कढाव्यो तो तेने जीव रहित अने तेनुं शरीर अनेक जीवथी व्याप्त थयेलुं दीठुं. में प्रथमथी जोयुं हतुं तो तेमां कोइ जीव पेशी शके अथवा बहार नीकली शके तेम न होतुं तो कहो ते चोरनो जीव कये रस्ते थइने गयो अने बीजा जीवो कये रस्ते थइने आव्या?

वली में एक बीजा चोरने पकडी तेना शरीरनुं चूर्ण करावी नाख्युं; पण तेमांथी कोइ जीव म्हारे हाथ आव्यो नहीं तेम में अथवा बीजा कोइए दीठो पण नहीं. तो कहो ते चोरनो जीव केम नहीं देखायो? तेमज में त्रीजा चोरने पकडी तेने तोल्यो. पछी श्वास रोकीने मारी नाख्यो अने फरीथी तोल्यो. तो जेटलो जीवतां थयो हतो तेटलोज ते मरी गया पछी पण थयो. जीवतां अने मूवामां कांइ फेर पड्यो नहीं. तो कहो जीवनो तोल केम कांइ न थयो?" सूरीए कह्युं. "जेम छिद्र विनानी कोठीमां पूरेलो माणस शंखने वगाडे अने ते शब्द बहार उभेला माणसो सांभले छे तेमज मूर्ति विनानो जीव कोठीमांथी बहार निकली गयो. अर्थात् शब्दना सरखा शरीरवालो जीव सूक्ष्मपणाथी पण देखी शकतो नथी. शब्दना पुद्गलपणाथी उत्पन्न थएला बीजा शब्द पुद्गलो कोठीने भेदीने बहार निकली जाय छे, जेथी तेमना निकलवानो मार्ग देखी शकातो नथी. जेम अरणीना काष्ठमां अग्नि रह्यो छे छतां ते काष्ठोने भांगी नाखीये तो पण ते देखातो नथी. तेमज जीव शरीरनी अंदर रहेलो छे छतां शरीरना ककडा करी नाखीये तो पण देखातो नथी. हे नृप! जेम पवनथी भरायेली अथवा न भरायेली चामडानी मशकमां तोलनो फेर पडतो नथी तेम जीववाला अथवा जीव रहित एवा देहमां तोलनो फेर पडतो नथी. ए प्रकारे सूक्ष्म अथवा बादार देहनी पण एवीज गति छे. हे महाराज! आत्माने चैतन्यमय, सू-

हम, कर्मथी बंधायेला अने महाबलवाला जाणीने तुं श्री जैन शासनने विषे बुद्धि कर. " पढी प्रदेशी राजाए पोताना कुलमां परंपराथी चालता आवेल नास्तिक पणानो त्याग करी अने सुवर्णनी पेठे जैनधर्मनी परीक्षा करी तेनोज आश्रय कस्यो तथा मिथ्यात्वनो त्याग करी सम्यक्त्वना मूलरूप बार व्रत धारण कस्या. वली तेणे बाह्य अने आभ्यंतर विषयोने विषे वैराग्य धारण कस्यो. ते वखते पर पुरुषने विषे अनुरागवाली थयेली तेनी स्त्री सूर्यकांताए तेने पौषधना पारणामां विष दीधुं. राजाए तेनुं ते कृत्य जाण्युं; पण द्वेष कस्या विना परमेष्ठिने नमस्कार पूर्वक ते चित्तने विषे मोहने त्याग करी महाव्रत धारण करी अने मृत्यु पामी सौधर्म देव लोकने विषे सूर्याजनामना वैमानमां देवता थयो.

इति प्रदेशीराजानी कथा समाप्ता.

हवे स्त्रीउनो विश्वास न करवो ते कहे छे.

अनुकूलसप्रेम्णामपि रमणीनां मा कुर्याः विश्वासं

अणुकूलसपिम्माणवि, रमणीणं मा करिज्ज वीसासं ॥

यथा रामलक्ष्मणाभ्यां सूर्पणखायाः महारण्ये

जह रामलक्कणाहिं, सुप्पणहाए महारण्णे ॥ ८८ ॥

शब्दार्थ– (अणुकूलसपिम्माणवि के०) अनुकुल एवा प्रेम सहित एवी (रमणीणं के०) स्त्रीउना (वीसासं के०) विश्वासने (मा करिज्ज के०) न कर. (जह के०) जेम (महारण्णे के०) म्होटा अरण्यमां (दंडकारण्यमां) (रामलक्कणाहिं के०) राम अने लक्ष्मणे (सुप्पणहाए के०) सूर्पणखानो विश्वास न कस्यो. ॥ ८८ ॥

विशेषार्थ– जेम दंडकारण्यमां कामनी इच्छाथी वरवा आवेली सूर्पणखानो राम अने लक्ष्मणे विश्वास न कस्यो तेमज अनुकूल प्रेमयुक्त एवी पण स्त्रीउनो विश्वास न करवो. ॥ ८८ ॥ कह्युं छे के–

न नारीषु न मूर्खेषु, न विराधेषु शत्रुषु ॥
न चाप्यज्ञातशीलेषु, विश्वसंति मनीषिणः ॥ १ ॥

अर्थ– डाह्यापुरुषो स्त्रीउनेविषे, मूर्खनेविषे, राक्षसनेविषे, शत्रुनेविषे अने नथी जाण्युं शील जेनुं एवाने विषे विश्वास करता नथी. ॥ ८८ ॥

आ सुर्पनखानुं टुंकुं दृष्टांत एम छे के– जेना पुत्र शंबूकने लक्ष्मणे मारी नाख्यो होवाथी पुत्रना शोकने लीधे महावनमां जटकती एवी रावणनी बेन शुर्पनखा पंचवटीना वनमां निवास करीने रहेला राम अने लक्ष्मणने जोइ तेमना रूप अने सौजाग्यथी मूढ बनी तथा पुत्रनो शोक जूली जइ तेमनी इछा करवा लागी. पछी प्रथम ते राम पासे गइ; पण रामे तो "म्हारे स्त्री छे." एम कहीने तेने काढी मूकी, तेथी ते लक्ष्मण पासे गइ. लक्ष्मणे पण "तुं प्रथम म्हारा म्होटा जाइ पासे गइ; माटे म्हारी जोजाइ बरोबर थइ." एम कहीने विवेकी एवा लक्ष्मणे पण रजा आपी. आ शुर्पनखानुं विशेष चरित्र आगल सीतानी कथामां कहेवाशे, माटे त्यांथी जाणी लेवुं.

पूर्वेनी वातने विशेष कहेछे.

परस्मणीप्रार्थनायां दाक्षिण्यादपि मुह्य मा मूढ

परस्मणीपछणाउ, दक्खिन्नाउवि मुझ्झ मा मूढ ॥

पतिष्यसि अनर्थे किं किल दाक्षिण्यं राक्षसीजिः समं

पडसि अणछे किं किल, दक्खिन्नं रक्कस्सीहिं समं ॥ ७९ ॥

शब्दार्थ– (मूढ के०) हे मूढ! तुं (परस्मणिपछणाउ के०) परस्त्रीनी प्रार्थना करवामां (दक्खिन्नाउवि के०) दाक्षिण्यपणाथी पण एटले निपुणपणाथी पण (मा मुझ्झ के०) न मोह पाम. कारण के, परस्त्रीनी प्रार्थना करवाथी (अणत्थे के०) दुःखने विषे (पडसि के०) पडीश, (किल के०) निश्चय (रक्कस्सीहिं के०) राक्षसीनी (समं के०) साथे (दक्खिन्नं के०) दाक्षिण्यपणुं (किं के०) शुं? ॥ ७९ ॥

विशेषार्थ– अरे मूर्ख! तुं परस्त्रीनी प्रार्थना करवामां चतुराइथी पण मोह न पाम. अर्थात् परस्त्रीने विषे चतुराइथी क्रीडा न कर. कारण के, परस्त्रीनी प्रार्थना करवाथी निश्चय तुं दुःखमां पडीश. वली ए राक्षसीउनी साथे चतुराइ शी? स्त्रीउने प्रत्यक्ष राक्षसीपणुं छे. कह्युं छे के–

दर्शने हरते प्राणान्, स्पर्शने हरते बलम् ॥
मैथुने हरते कायं, स्त्री हि प्रत्यक्षराक्षसी ॥ १ ॥

अर्थ– फक्त दर्शनथी प्राणने हरे छे, स्पर्शथी बलने हरे छे अने मै-

थुनथी शरीरने हरी जाय छे; माटे निश्चय स्त्री प्रत्यक्ष राक्षसी छे. ॥८९॥

हवे परस्त्रीउना संगथी पोतानुं सौजाग्य माननाराने तिरस्कार करता बता कहे छे.

परस्मणीरंगात् सौजाग्यं मा गणयस्व निर्जाग्य
परस्मणीरंगाउ, सोहग्गं मा गणेसु निन्नग्ग ॥
यदि सिद्धिवधूरंगं करोति तदा मन्यस्व सौजाग्यं
जइ सिद्धिवहूरंगं, करेइ ता मुणसु सोहग्गं ॥ ९० ॥

शब्दार्थ– (निन्नग्ग के०) हे निर्जाग्य ! (परस्मणीरंगाउ के०) परस्त्रीना रंगथी (सोहग्गं के०) पोताना रूपादिकना गर्वने (मा गणेसु के०) न गण. (जइ के०) जो (सिद्धिवहूरंगं के०) मोक्ष लक्ष्मीने विषे रंगने (करेइ के०) करे छे, (ता के०) तो (सोहग्गं के०) पोताना रूपादि गर्वने (मुणसु के०) मान्य. ॥ ९० ॥

विशेषार्थ– अरे निर्जाग्य ! परस्त्री त्हारा उपर प्रीतिवाली थाय; तेथी तुं पोताना रूपादिना गर्वने न पाम. परंतु जो मोक्ष लक्ष्मीरूप स्त्री त्हारा उपर प्रीति करे, तो पोताना रूपादि गर्वने धारण कर. ॥ ९० ॥

हवे संसारना अजिलाषी माणसने मोक्षनुं छुर्लजपणुं कहे छे.

बहुमहिलासु प्रसक्तं शिवलक्ष्मीः कथं त्वां समीहेत
बहुमहिलासु पसत्तं, सिवलच्छि कह तुमं समीहेइ ॥
इतरापि प्रौढमहिला अन्यासक्तं न ईहते
इयरावि पोढमहिला, अंनासत्तं न ईहेइ ॥ ९१ ॥

शब्दार्थ–हे मूर्ख ! (सिवलछि के०) मोक्षलक्ष्मी जे छे ते (बहुमहिलासु के०) घणी स्त्रीउने विषे (पसत्तं के०) आसक्त थयेला (तुमं के०) तने (कह के०) केम (समीहेइ के०) इछे ? अर्थात् न इछे. कारण के, (इयरावि के०) बीजी एवी पण (पोढमहिला के०) म्होटी अथवा म्होटा कुलनी स्त्रीउं (अंनासत्तं के०) परस्त्रीने विषे आसक्त थयेला पुरुषने (न ईहेइ के०) नथी इछती. ॥ ९१ ॥

विशेषार्थ–हे मूर्ख ! मोक्षलक्ष्मी, घणीस्त्रीउने विषे आसक्त थयेला

तने शी रीते इछे ? कारण के, म्होटी अथवा म्होटाकुलमां उत्पन्न थयेली बीजी सामान्य स्त्रीउ पण परस्त्रीने विषे आसक्त थयेला पुरुषने इछती नथी. कह्युं छे के–

अन्यान्यरमणीरक्तश्चक्रवर्त्त्यपि मा वरः ॥
परस्त्रीसंगविरतो, हालिकोऽपि वरं वरः ॥ १ ॥

अर्थ–नवी नवी परस्त्रीने विषे आसक्त एवो चक्रवर्ति पण श्रेष्ठ नथी अने परस्त्रीना संगरहित एवो खेडु पण श्रेष्ठ वर छे. अर्थात् निर्मल शील पालवाथी मोक्ष प्राप्त थाय छे. ॥ ए१ ॥

तेज वातनो उपदेश करतां कहेछे.

शाश्वतसुखश्रीरम्यां अविघटप्रेमाणं समृद्धिसिद्धिवधूं
सासयसुहसिरिरंमं, अविहडपिम्मं समिद्धिसिद्धिवहुं ॥
यदि ईहसे तत् परिहर इतराः तुछमहिलाः
जइ ईहसि तां परिहर इयराउ तुछमहिलाउ ॥ ए२ ॥

शब्दार्थ–(जइ के०) जो (सासयसुहसिरिरंमं के०) अविनाशी सुखनी संपत्तिए करीने मनोहर अने (अविहडपिम्मं के०) निश्चल छे प्रेम जेनो एवी (समिद्धिसिद्धिवहुं के०) समृद्धिवाली मोक्षलक्ष्मीरूप स्त्रीने (ईहसे के०) इछे छे, (ता के०) तो (इयराउ के०) बीजी (तुछमहिलाउ के०) आ तुछ स्त्रीउने (परिहर के०) त्यजी दे. अर्थात् मोक्षलक्ष्मीनी इछा होय तो निर्मल एवुं शीलव्रत पाल. ॥ ए२ ॥

विशेषार्थ–हे प्राणी ! जो तुं अविनाशी सुखनी संपत्तिथी मनोहर अने निश्चल छे प्रेम जेनो एवी समृद्धिवाली मोक्षलक्ष्मिरूप स्त्रीने इछे छे, तो बीजी आ प्रत्यक्ष देखाती एवी तुछ स्त्रीउने त्याग कर. अर्थात् जो मोक्षलक्ष्मीनी इछा होय तो निर्मल एवुं शीलव्रत पाल. ॥ ए२ ॥

कामथी पीडा पामता पुरुषोने दुःखज थायछे, ते कहेछे.

रम्याः रमणीः दृष्ट्वा विविधाः कामतप्तस्य
रम्माउ रमणीउ, दट्ठुं विविहाउ कामतवियस्स ॥
कुत्र सुखं तव भविष्यति भणितं इदं आगमेऽपि यतः
कह सुहं तुह होही, भणियमिणं आगमेवि जंउ ॥ए३॥

शब्दार्थ–(विविहाउं के०) विविध प्रकारवाली अने (रम्माउं के०) मनोहर एवी (रमणीउं के०) स्त्रीउंने (दठुं के०) जोइने (कामतवियस्स के०) कामथी तप्त थयेला (तुह के०) तने (सुहं के०) सुख जे ते (कत्र के०) क्यांथी (होही के०) थशे ? (जउ के०) कारण के, (आगमेवि के०) आगमने विषे पण (इणं के०) आ प्रमाणे (जणियं के०) कह्युं छे. ॥ ए३ ॥

विशेषार्थ–हे प्राणी ! अनेक प्रकारनी मनोहर स्त्रीउंने जोइने कामथी तप्त थयेला तने सुख क्यांथी थशे ? कारण आगममां पण आ प्रमाणे कह्युं छे. ॥ ए३ ॥

तेज वात कहेछे.

(अनुष्टुप्वृत्तम्)

यदि त्वं करिष्यसि जावं याःयाः इक्षसि नारीः
जइ तं काहिसि जावं, जाजा दछसि नारिउ ॥

वातोऽद्धतः इव वृक्षः अस्थिरात्मा जविष्यसि
वायाइदुव हढो, अछिअप्पा जविस्ससि ॥ ए४ ॥

शब्दार्थ–हे प्राणी ! (जइ के०) जो (तं के०) तुं (जाजा के०) जे जे (नारिउ के०) स्त्रीउंने (दछसि के०) जोवे छे. ते स्त्रीउंने विषे (जावं के०) जावने (काहिसि के०) करीश तो (वायाइद्धुव्व हढो के०) वायुए कंपावेला वृक्षनी पेठे (अछिअप्पा के०) अस्थिरआत्मावालो (जविस्ससि के०) थइश. ॥ ए४ ॥

विशेषार्थ–हे प्राणी ! जो तुं जे जे स्त्रीउंने जोवे छे ते ते उपर जाव करीश, तो निश्चे वायुए कंपावेला वृक्षनी पेठे अस्थिर आत्मावालो थइश. अर्थात् नरकादि कुगतिने विषे जमनारो थइश. ॥ ए४ ॥

हवे स्त्रीना शरीरने विषे पण वैराग्यनुं कारण देखाडता छता कहेछे

रमणीनां रमणीयां देहावयवानां यां श्रियं स्मरसि
रमणीणं रमणीयं, देहावयवाण जं सिरिं सरसि ॥

यौवनविरमे वैराग्यदायिनीं तां चिंतय स्मृत्वा
जुवणविरमे वेरग्गदाइणिं तं चियं सरेसु ॥ए५॥

शब्दार्थ– (रमणीणं के०) स्त्रीउना (देहावयवाण के०) शरीरना हाथ, पग, मुख विगेरे अंगोनी (रमणीयं के०) मनोहर एवी (जं के०) जे (सिरि के०) शोजाने (सरसि के०) संजारे ठे; परंतु (जुवणवीरमे के०) युवावस्था विराम पामे ढते अर्थात् वृद्धावस्थामां (वेरग्गदाइणिं के०) वैराग्य आपनारी (तं के०) ते शोजाने (सरेसु के०) संजारीने (चिय के०) विचार कर. ॥ ए५ ॥

विशेषार्थ– हे प्राणी ! तुं स्त्रीउना शरीरना हाथ, पग, मुख विगेरे अंगोनी मनोहर एवी जे शोजाने संजारे ठे, परंतु तेज शोजा वृद्धावस्थामां वैराग्य उत्पन्न करनारी ठे तेनो विचार कर. वृद्धावस्थामां सूकाई गयेला पांदडावाली लतानी पेठे शीथल अंगवाली स्त्रीने जोइ सर्वे विराग पामे ठे; माटे ते वृद्धावस्थानी दशाने आ युवावस्थामां संजारीने शीलव्रतने पाल. ॥ ए५ ॥

हवे शीलवंतनुं माहात्म्य अने शीलरहितनी निंदा कहे ठे.

शीलपवित्रस्य सदा किंकरजावं कुर्वंति देवाःअपि

शीलपवित्तस्स सया, किंकरजावं करंति देवावि ॥

शीलभ्रष्टः नष्टः परमेष्ठीअपि खलु यतः जणितं

शीलप्रठो नठो, परमिठीवि हु जंउ जणियं॥ए६॥

शब्दार्थ– (देवावि के०) देवताउ पण (शीलपवित्तस्स के०) शीलव्रतथी पवित्र एवा पुरुषनुं (किंकरजावं के०) दासपणुं (सया के०) निरंतर (करंति के०) करे ठे अने (शीलजठो के०) शीलव्रतथी भ्रष्ट थयेलो (परमिठीवि के०) ब्रह्मा पण (हु के०) निश्चे (नठो के०) नाश पाम्यो ठे. (जउ के०) एज कारणमाटे (जणियं के०) शास्त्रमां कह्युं ठे. ॥ ए६ ॥

विशेषार्थ– देवताउ पण शीलव्रतथी पवित्र थयेला पुरुषनुं दासपणुं निरंतर करे ठे अने शीलव्रतथी भ्रष्ट थयेलो ब्रह्मापण लोकमां सर्व प्रकारे वगोवायो ठे. एज कारणमाटे शास्त्रमां पण कह्युं ठे. ॥ ए६ ॥

शास्त्रमां जे कह्युं ठे ते कहे ठे.

यदि स्थानी यदि मौनी यदि मुंडी वल्कली तपस्वी वा

जइ ठाणी जइ मोणी, जइ मुंडी वक्कली तवस्सी वा ॥

प्रार्थयन् च अब्रह्म ब्रह्मापि न रोचते मह्यं

पब्भितो यं अबंभं, बंभोवि न रोचए मज्झ ॥ ए७ ॥

शब्दार्थ— सर्वज्ञ प्रभु कहे बे के– (यदि के०) जो (ठाणी के०) कायोत्सर्ग करनारो होय (जइ के०) जो (मोणी के०) वाणीने नियममां राखनारो होय (जइ के०) जो (मुंडी के०) लोच करनार होय (वक्कली के०) जो ऋाडनी बालरूप वस्त्रने धारण करनार होय (तवस्सी के०) जो निरंतर तप करनार होय (वा के०) तेवुं जाति अथवा कुल होय (च के०) पण (अबंभं के०) मैथुननी (पब्भितो के०) प्रार्थना करनारो (बंभावि के०) ब्रह्मा होय तो ते पण (मज्झ के०) मने (न रोचए के०) नथी रुचतो. ॥ ए७ ॥

विशेषार्थ– श्रीसर्वज्ञ प्रभु कहेबे के– गमे तो कायोत्सर्ग करनारो होय के, वाणीने नियममां राखनारो होय, गमे तो लोच करनारो होय के, ऋाडनी बालने पहेरनारो होय, वली निरंतर तप करनारो होय के तेवुं कोइ जाति के कुल होय बेवट ब्रह्मा पोते होय, परंतु जो ते मैथुननी प्रार्थना करनारो होय तो ते मने रुचतो नथी. तो सामान्य माणसनी तो वातज शी! वली मूल गाथामां वारंवार 'यदि' शब्द मूक्यो बे, तेथी सर्व गुणवालो माणस होय, परंतु शीलरहित होय तो ते कांइ नथी, एवो अतिशय देखाडवामाटे बे. ॥ ए७ ॥

सामान्य उपदेश कह्यो. हवे नाम बतावी ते उपदेश कहे बे.

इति भावयन् भावं स्वयोगगुप्तः जितेंद्रियः धीरः

इअ भावंतो भावं, सजोगगुत्तो जिइंदिउ धीरो ॥

रक्षति मुनिः गृहीअपि खलु निर्मलनिजशीलमाणिक्यं

रक्खइ मुणी गिहीवि हु, निम्मलनिअसीलमाणिक्कं ॥ए८॥

शब्दार्थ– (इअ के०) पूर्वे कहेला (भावं के०) भावने (भावंतो के०) भावतो (सजोगगुत्तो के०) पोताना मन, वचन अने कायाने रोकनारो (जिइंदिउ के०) जितेंद्रिय अने (धीरो के०) निश्चल चित्तवालो एवो (मुणी के०) मुनि अथवा (गिहीवि के०) गृहस्थ पण (हु के०) निश्चे (निम्मल के०) मलरहित एवा (निअसीलमाणिक्कं

के०) पोतानां शीलरूप माणिक्यरत्नने (रक्कइ के०) रक्षण करे छे.॥एट

विशेषार्थ– पूर्वे कहेला जावने जावनारो, पोतानां मन, वचन अने कायाने रोकनारो, इंद्रियने जितनारो अने निश्चल चित्तवालो मुनि होय अथवा गृहस्थ होय तो पण ते निश्चय पोताना निर्मल शीलरूप माणिक्य रत्नने रक्षण करे छे. ॥ एट ॥

हवे मुनिने शीलनुं रक्षण करवानो उपाय कहे छे.

एकांते मंत्रादि पार्श्वस्थादिकुसंगमपि सततं

एगंते मंताई, पासह्नाईकुसंगमवि सययं ॥

परिवर्जयन् नवविधब्रह्मगुप्तिगुप्तः चरेत् साधुः

परिवज्जंतो नवविह-बंजगुत्तिगुत्तो चरे साहु ॥ एए ॥

शब्दार्थ– (एगंते के०) एकांतने विषे (मंताई के०) स्त्रीउने साथे वात अथवा विचार वीगेरेने अने (पासह्नाईकुसंगमवि के०) पासह्ना-दिना कुसंगने पण (सययं के०) निरंतर (परिवज्जंतो के०) त्यजी देतो एवो अने (नवविहबंजगुत्तिगुत्तो के०) नव प्रकारना ब्रह्मचर्यनी गुप्तिथी रक्षण करायेलो (साहु के०) साधु (चरे के०) विचरे. ॥ एए ॥

विशेषार्थ– एकांत स्थानमां स्त्रीउनी साथे वात अथवा विचार विगेरेने अने पासह्नादिकना कुसंगने निरंतर त्यजी देतो तथा स्त्रीउनी वस्तीमां न रहेवुं, स्त्रीउनी कथा न सांजलवी, तेमना आसन उपर न बेसवुं विगेरे नव प्रकारना ब्रह्मचर्यनी गुप्तिथी रक्षण करायलो साधु आ पृथ्वी उपर विहार करे छे. मूल गाथामां "पासह्नास्थादि" एमां आदि शब्द आपेलो छे; माटे आदि शब्दथी कुशीलीया अथवा तेमनो संग करनारा, मरजी प्रमाणे चालनाराउनो संग, स्त्रीउने रहेवाना स्थाननो संग पण त्यजी देवो. कह्युं छे के–

खणमवि न खमं काउं, अणाययणसेवणं सुविहियाणं ॥
जग्गंधं होइ वणं, तग्गंधो मारुउ वाई ॥ १ ॥

---

१ पासह्ना बे प्रकारना छे. एक सर्वपासह्ना अने बीजा देशपासह्ना. जे ज्ञानदर्शन अने चारित्रनी उपासना करे छे छता पण जेने ते ज्ञान, दर्शन, चारित्र स्पर्शु नथी, ते सर्व पासह्ना जाणवा अने जे कारणविना सज्जातरे आणेवुं अन्न, राजानुं अन्न विगेरेने जोजन करेछे ते देश पासह्ना जाणवा.

अर्थ– सुविहित पुरुषोए बीजाना निवासस्थानमां क्षणमात्र पण निवास करवो नहीं. दृष्टांत कहे छे. वनमां जे जे गंध होय छे. त्यां त्यां वायु ते ते गंधवालो वाय छे. ॥ ९९ ॥

गृहस्थने पण शीलनुं रक्षण करवानो उपाय कहेछे.

वेश्यादास्यसतीप्रमुखाणां अशेषदुष्टनारीणां

वेसादासीअसई-,पमुहाणमसेसदुठनारीणं ॥

शीलव्रतरक्षणार्थं गृही अपि संगं विवर्जयेत्

सीलवयरक्खणठं, गिहीवि संगं विवज्जिजा ॥ १०० ॥

शब्दार्थ– (गिहीवि के०) गृहस्थे पण (सीलवयरक्खणठं के०) शीलव्रतना रक्षणने अर्थे (वेसादासीअसईपमुहाणं के०) वेश्या, दासी, असती विगेरे (असेसदुठनारीणं के०) समस्त दुष्ट स्त्रीउंना (संगं के०) संगने (विवज्जिजा के०) त्यजी देवो. ॥ १०० ॥

विशेषार्थ– गृहस्थाश्रममां रहेला पुरुषे पण शीलव्रतनुं रक्षण करवा माटे वेश्या (पैशा आपीने जोगववा योग्य स्त्री) दासी (काम करनारी) अने असति (पतिने छेतरी बीजा पुरुषनी साथे क्रीडा करनारी) विगेरे सर्व दुष्ट स्त्रीउंना संगने त्यजी देवो. ॥ १०० ॥ कह्युं छे के–

दुर्मंत्र्यान्नृपतिर्विनश्यति यतिःसंगात्सुतो लालना-
द्विप्रोऽनध्ययनात् कुलं कुतनयाच्छीलं खलोपासनात् ॥
मैत्री चाप्रणयात्समृद्धिरनयात् स्नेहः प्रवासाश्रयात्,
स्त्री मद्यादनपेक्षणादपि कृषिस्त्यागात्प्रमादाद्धनम् ॥ १ ॥

अर्थ– राजा दुष्टमंत्रीथी, साधु संगथी, पुत्र लाड लडाववाथी, ब्राह्मण अजाण रहेवाथी, कुल खराब चालवाला छोकराथी, शील खलनी सोबतथी, मैत्री अविनयथी, समृद्धि अन्यायथी, स्नेह प्रवासथी, स्त्री मद्यथी, खेति तपास न राखवाथी अने धन दान अथवा प्रमादथी नाश पामे छे. ॥ १ ॥

हवे मुनिने अने गृहस्थने शिखामण आपे छे.

वेश्यादासीइत्वरीपरांगनालिंगिनीनां सेवा

वेसादासीइत्तर-परंगणालिंगिणीण सेवाउ ॥

वर्जयेत् उत्तरोत्तरं एताः दूष्याः विशेषेण
वज्जिज्ज उत्तरुत्तर, एए दोसाँ विसेसेण ॥ १०१ ॥

शब्दार्थ– (वेसा के०) पैशा आपीने जोगववा योग्य स्त्री (दासी के०) काम करनारी स्त्री (इत्तर के०) धन ग्रहण करवानी इछाथी परपुरुषना संकेतस्थाने क्रीडा करवामाटे जनारी स्त्री (परंगणा के०) धन, रूप, सौजाग्य विगेरेने विषे आसक्त थयेली स्त्री अने (लिंगिणीण के०) व्रतधारी स्त्री ए सर्वे स्त्रीउनी (सेवाउ के०) सेवा (उत्तरोत्तर के०) अधिक अधिक (वज्जिज के०) त्यजी देवी. कारण के, (एए के०) ए स्त्रीउ (विसेसेण के०) विशेषे करीने (दोसा के०) दूषित करनारीउ ठे. ॥ १०१ ॥

विशेषार्थ– पैशा आपीने जोगववा योग्य स्त्री, काम करनार दासी, धन ग्रहण करवानी इछाथी परपुरुषना संकेतस्थानके क्रीडा करवा जनारी स्त्री, परपुरुषना धन, रूप, सौजाग्य विगेरेने विषे आसक्त थयेली स्त्री अने व्रतधारी स्त्री ए सर्वे स्त्रीउनी सेवा अधिक अधिक त्यजी देवी; कारण के, ए सर्वे स्त्रीउ विशेषे दूषित करनारीउ ठे. ॥ १०१ ॥

हवे मुनिने अने गृहस्थने कुसंग त्यजी देवानो उपदेश कहे ठे.

द्यूतकारपारदारिकनटविटप्रमुखैः सह कुमित्रैः
जूआरपारदारिअ-नडविडपमुहेहिं सह कुमित्तेहिं ॥
संगं वर्जयेत् सदा संगात् गुणाःअपि दोषाःअपि
संगं वज्जिज्ज सया, संगाउ गुणाःवि दोसावि॥१०२॥

शब्दार्थ– (जूआर के०) जूगारी (पारदारिअ के०) परस्त्री गमन करनार (नड के०) नाटककरनार(विड के०) जार अथवा धूर्त (पमुहेहिं के०) ए विगेरे (कुमित्तेहिं सह के०) कुमित्रनी साथे (संगं के०) संगने (सया के०) निरंतर (वज्जिज्ज के०) त्यजी देवो. कारण के, (संगाउ के०) संगथी एटले सारा संगथी (गुणावि के०) गुण पण थाय ठे अने खोटा संगथी (दोसावि के०) दोषो पण थाय ठे. ॥ १०२ ॥

विशेषार्थ– बुद्धिवान् माणसे जुगट्ठ रमनार, परस्त्री गमन करनार,

नाटक करनार, जार अथवा धूर्त विगेरे कुमित्रनी साथे क्यारे पण संग करवो नहीं; कारण के, सारा संगथी माणसने सारा गुणो प्राप्त थाय छे अने खोटा संगथी दोषो पण प्राप्त थाय छे. ॥ कह्युं छे के–

गुणागुणज्ञेषु गुणीभवंति, ते निर्गुणं प्राप्य भवंति दोषाः ॥
सुस्वाडुतोयप्रभवा हि नद्यः, समुद्रमासाद्य भवंत्यपेयाः ॥१॥

अर्थ– गुणो गुणना जाणने विषे गुणसमान थाय छे; पण ते गुणो निर्गुणने पामीने दोषरूप थाय छे. दृष्टांत कहे छे के, उत्तम स्वादवाला पाणीवाली नदीओ क्षार समुद्रने पामीने पीवा योग्य पाणीवाली रहेती नथी. अर्थात् खारी थइ जाय छे. ॥ १०२ ॥

हवे स्त्रीओना गुणो कहे छे.

मितभाषिणी सुलज्जा कुलदेशवयोनुरूपवेषधरा
मीयभासिणी सुलज्जा कुलदेसवयाणुरूववेसधरा ॥
अभ्रमणशीला त्यक्तासतीसंगा भवेत् नारीअपि
अभमणसीला चत्ता-सइसंगा हुज्ज नारीवि ॥ १०३ ॥

शब्दार्थ– (मीयभासिणी के०) थोडुं बोलनारी (सुलज्जा के०) सारी लाजवाली (कुलदेसवयाणुरूववेसधरा के०) कुल, देश अने अवस्थाने योग्य एवा वेषने धारण करनारी (अभमणसीला के०) नथी भमवानो स्वभाव जेनो एवी तथा (चत्तासइसंगा के०) त्याग कर्यो छे असतिस्त्रीनो संग जेणे एवी (नारीवि के०) स्त्रीओ पण (हुज्ज के०) होय छे.

विशेषार्थ– थोडुं बोलनारी, सारी लाजवाली, देश, कुल अने अवस्थाने अनुसरतो वेष धारण करनारी, पोताना घरना आंगणे रहेनारी अने असती स्त्रीओनो संग त्यजी देनारी एवी पण स्त्रीओ होय छे. ॥१०३॥
स्त्रीओए सारी लाज राखवी जोइए. न राखे तो हानी थाय छे कह्युं छे के-

असंतोषात् द्विजा नष्टाः, संतोषेण तु पार्थिवाः ॥
सलज्जा गणिका नष्टा, निर्लज्जाश्च कुलस्त्रियः ॥ १ ॥

अर्थ– ब्राह्मणो असंतोषथी, राजाओ संतोषथी, गणिकाओ लाजवाली होवाथी अने कुलस्त्रीओ निर्लज्ज होवाथी हानी पामे छे. ॥ १ ॥

वली स्त्रीउंए पोताना घरनुं आंगणुं त्यजीने न जवुं जोइए, कारण जवाथी अपवाद लागे छे. कह्युं छे के, जे स्त्री पोताना घरनुं आंगणुं त्यजी दइने बहार फरे छे, ते स्त्री सारा कुलमां उत्पन्न थयेली होय तो पण तेने दुराचारिणी जाणवी. अर्थात् उपर गाथामां कहेला गुणवाली स्त्री वखणाय छे. ॥ १०३ ॥

वली स्त्रीउंना गुणोनेज वखाणे छे.

देवगुरुपितृस्वसुरादिकेषु भक्ता स्थिरा वरविवेका
देवगुरुपियरससुरा-इएसु भत्ता थिरा वरविवेया ॥
कांतानुरक्तचित्ता विरला महिला सुदृढचित्ता
कंताणुरत्तचित्ता, विरला महिला सुदिढचित्ता ॥ १०४ ॥

शब्दार्थ— (देव के०) अरिहंतदेव (गुरु के०) सुसाधुगुरु (पियर के०) माता पिता अने (ससुराइएसु के०) सासु सासरादिकने विषे (भत्ता के०) भक्तिवाली (थिरा के०) स्थिर स्वभाववाली (वरविवेया के०) सारा विवेकवाली (कंताणुरत्तचित्ता के०) पतिने विषे प्रीतिवाली अने (सुदिढचित्ता के०) शीलनुं रक्षण करवामां दृढचित्तवाली एवी (महिला के०) स्त्रीउ (विरला के०) बहु थोडी होय छे. ॥ १०४ ॥

विशेषार्थ— अरिहंत देव, सुसाधु गुरु, मातापिता, अने सासुससरो वली दियर अने पतिना मित्र विगेरेने विषे भक्तिवाली, स्थिर स्वभाववाली, सारा विवेकवाली, पतिने विषे प्रीतिवाली अने पोताना शीलनुं रक्षण करवामां दृढ चित्तवाली एवी स्त्रीउ आ जगत्मां बहु थोडी छे. ॥

हवे महासतीउंना शीलव्रतनुं दृढपणुं कहे छे.

निर्मलमहासतीनां सीलव्रतं खंडयितुं न शक्तोऽपि
निम्मलमहासईणं, सीलवयं खंडिउं न सक्कोवि ॥
शक्तः येन तासां जीवात् शीलं अभ्यधिकं
सक्केइ जेण ताणं, जीवाउ सीलमब्भहियं ॥१०५॥

शब्दार्थ—(निम्मलमहासईणं के०) पवित्र एवी महासतीउंना (सीलवयं के०) शीलव्रतने (खंडिउं के०) खंडन करवाने (सक्कोवि के०)

इंद्रपण (न सक्केइ के०) समर्थ नथी. (येन के०) कारणके, (ताणं के०) ते महासतीउने (जीवाउ के०) जीवितथी (सीलं के०) शीलव्रत (अब्जहियं के०) अधिक छे. ॥ १०५ ॥

विशेषार्थ– इंद्र पोते पण पवित्र एवी महासतीउना शीलव्रतने खंडन करवा समर्थ नथी; कारण के, ते महासतीउने पोताना जीवितथी शीलव्रत अधिक छे. अर्थात् शीलनुं रक्षण करवामाटे पोताना प्राणना नाशने पण सहन करे छे. कह्युं छे के–

वरं ज्रांतावर्ते सजयजलमध्ये प्रविशनं,
वरं सर्पाकीर्णे तृणगहनकूपे प्रपतनम् ॥
वरं विंध्याटव्यामनशनतृषार्तस्य मरणं,
न शीलाद्विभ्रंशो, जवति कुलजानामिह पुनः ॥ १ ॥

अर्थ– जमरीउवाला जयंकर पाणीमां पेसवुं ते सारुं, सर्पवाला अने घासथी गाढ एवा कुवामां पडवुं ते सारुं, वली विंध्याटवीमां अन्न अने पाणी विना पीडा पामीने मरी जवुं सारुं, परंतु आ लोकमां कुलवंती स्त्रीउने शीलव्रतथी जष्ट थवुं ते सारुं नथी. ॥ १०५ ॥

हवे सती शब्दनुं यथार्थ नाम कहे छे.

सा एव सतीति जण्यते या विधुरेपि एव न खंडयति शीलं
सच्चियं सइति जन्नइ, जा विहुरेवि हु न खंडए सीलं ॥
तत् किल कनकं कनकं यत् ज्वलनात् विमलतरं
तं किल कणयं कणयं, जं जलणाउ विमलयरं ॥ १०६ ॥

शब्दार्थ– (सच्चिय के०) तेज स्त्री (सइति के०) सती एम (जन्नइ के०) कहेवाय छे. के (जा के०) जे स्त्री (विहुरेवि के०) दुःखने विषे पण (हु के०) निश्चे (सीलं के०) शीलने (न खंडए के०) नथी खंडन करती. दृष्टांत कहे छे के, (तं के०) तेज (कणयं के०) सोनुं (किल के०) निश्चे (कणयं के०) सोनुं कहेवाय छे के (जं के०) जे (जलणाउ के०) अग्निथी (विमलयरं के०) वधारे निर्मल थाय छे. ॥ १०६ ॥

विशेषार्थ– जे स्त्री दुखमां पण पोताना शीलव्रतने खंडन करती नथी तेज स्त्री सती कहेवाय छे. दृष्टांत कहे छे के, तेज सोनुं निश्चे सोनुं

कहेवाय के, जे सोनुं अग्निथी वधारे निर्मल थाय. एवीरीते स्त्रीपण बीजाने स्वाधिन थया छता पण पोताना शीलव्रतने बराबर साचवी राखे तेज सती कहेवाय. कह्युं छे के– रहो नास्ति क्षणो नास्ति, नास्ति प्रार्थयिता नरः ॥ तेन नारद नारीणां सतीत्वमुपजायते ॥१॥ अर्थ– एकांत नथी, अवसर नथी अने अर्थना करवायोग्य पुरुषपण नथी. हे नारद! एटलाजमाटे स्त्रीउने सतीपणुं उत्पन्न थाय छे. अर्थात् एकांत, अवसर अने प्रार्थना करवायोग्य पुरुष मले तो स्त्रीउने सतीपणुं पालवुं ते मुश्कलथाय.

हवे सतीने बीजानुं दुष्टपणुं कहे छे.

निजसत्ववर्जिताः पापाः नराणां दूषणं ददति
निअसत्तवज्जिआउ, पावाउ नराण दूसणं दिंति ॥
किं कुर्मः वयं निरर्गलाः येन इमे पुरुषाः
किं कहामो अम्हे, निरग्गला जेणिमे पुरिसा ॥१०७॥

शब्दार्थ– (निअ के०) पोतानुं (सत्त के०) शीलनुं दृढपणुं तेणेकरीने (वज्जिआउ के०) रहित तथा (पावाउ के०) दुष्ट आचरणवाली स्त्रीउ (नराण के०) पुरुषोने (दूसणं के०) दोष (दिंति के०) आपे छे. वली कहे छे के, (अम्हे के०) अमे (किं कहामो के०) शुं करीए? (जेण के०) जे कारणमाटे (इमे के०) आ (पुरिसा के०) पुरुषो (निरग्गला के०) पोतानी इछा प्रमाणे चालनारा छे. ॥ १०७ ॥

विशेषार्थ– पोताना शीलना दृढपणाए करीने रहित एवी दूराचरणवाली स्त्रीउ पुरुषोने दोष आपे छे अने कहे छे के, अमे शुं करीए? कारण आ पुरुषो पोतेज पोतानी मरजी प्रमाणे चालनारा छे. अर्थात् आ पुरुषोनो दोष छे अमारो दोष नथी. ॥ १०७ ॥

हवे पोतानुं कहेलुं महासतीउना दृष्टांतथी दृढ करता छता कहे छे.

त्रिभुवनप्रभुणापि एव रावणेन यस्याः न रोममात्रमपि
तिहुअणपहुणावि हु, रावणेण जीसे न रोममित्तंपि ॥
संचालितं न तस्याः चरित्रं चित्रमिति सीतायाः
संचालियं न तीए, चरियं चित्तिति सीआए ॥ १०८ ॥

शब्दार्थ– (तिहुअणपहुणावि के०) त्रण भुवनना अधिपति एवा पण (रावणेण के०) राक्षसोना अधिपति एवा रावणे (हु के०) निश्चय (जीसे के०) जेनुं (रोममित्तंपि के०) एक रुवाडुं मात्र पण (नसंचालियं के०) न चलाव्युं. (तीए के०) ते (सीआए के०) सीतानुं (चरियं के०) चरित्रं (न चितिति के०) नथी आश्चर्यकारी? अर्थात् आश्चर्यकारी छे. ॥ १०८ ॥

विशेषार्थ– त्रण भुवननो अधिपति एवो रावण पण जेनुं एक रुवाडुं मात्रपण चलावी शक्यो नथी. ते सीतानुं चरित्र शुं आश्चर्यकारी नथी? अर्थात् आश्चर्यकारी छे.

महासती सीतानी कथा.

जेने विषे रहेनारा सर्वे पुण्यवंत मनुष्यो इंद्रनी राजधानीमां पण जवानी इछा करता नथी एवुं मिथिला नामनुं नगर छे. त्यां इंद्रना सरखो पराक्रमी अने महायशवंत जनक नामनो राजा राज्य करतो हतो. तेने जेना देहना सौंदर्यथी सर्वे स्त्रीउं विदेह (वैराग्यवंत) थइ हती एवी विदेहा नामनी स्त्री हती. ते स्त्रीये जेम सारीरीते अभ्यास करेली उत्तम राज्यनीति यशने अने लक्ष्मीने जन्म आपे तेम एक पुत्रने अने एक पुत्रीने साथे जन्म आप्यो. तेमांथी पूर्व भवना वैरने लीधे गरुड जेम सर्पनुं हरण करे तेम देवताए तरत जन्मेला ते पुत्रने हरण करी तेजना समूहनी पेठे वैताढ्य पर्वत उपर मूक्यो. त्यांथी पडता एवा ते पुत्रने दक्षिण श्रेणिना रथनुपुर नगरना अधिपति चंद्रशेखर विद्याधरे ग्रहण करीने पुत्ररुप मानी पालन कर्युं अने तेनुं भामंडल नाम पाड्युं. पछी भामंडल नामनो ते पुत्र बालचंद्रनी पेठे वृद्धि पामवा लाग्यो अने विदेहाये पण पुत्रनुं हरण थवाथी तेनो दीर्घकाल सूधी शोक कर्यो. पछी माता पिताए जोडलामां उत्पन्न थयेला पुत्रनुं हरण थवाथी पुत्रीनुं नाम सीता पाड्युं; जेथी ते सीताना नामथी प्रसिद्ध थइ. वली पुत्रना हरणथी शंका पामेला माता पितादि स्वजनोए पृथ्वीमां डाटी राखेली ते पुत्रीनुं "भूसुता" एवुं पण नाम कहेवाय छे. पछी कलाउंए करीने अने वये करीने वृद्धि पामती एवी ते पुत्री युवान् पुरुषोना मनने उन्माद करनारी यौवन अवस्थाने पामी; जेथी जनक राजा पुत्रीना वरने अर्थे

मनमां चिंता करवा लाग्यो. आ वखते सीमाडाना म्लेछ राजा आंतर-गते जनक राजाना देश उपर चडाइ करी.

हवे अयोध्या नगरीने विषे जनक राजानो मित्र दशरथ राजा राज्य करतो हतो. तेने कौशल्या, सुमित्रा, कैकेयी अने सुप्रभा नामनी चार स्त्रीयो हती. तेउना अनुक्रमे राम, लक्ष्मण, भरत अने शत्रुघ्न एवा नामना चार पुत्रो हता. तेमां राम पद्मना नामथी प्रसिद्ध हतो. जे आठमो बलदेव कहेवाय छे अने नारायणना महाप्राणरूप लक्ष्मण अर्धो चक्री थयो हतो.

पछी जनक राजाए पोतानो एक दूत दशरथ राजा पासे मोकल्यो. ते दूत पण दशरथ राजानी सभामां आवीने ऊभो रह्यो एटले दशरथ राजाए पोताना मित्र जनक राजानुं कुशल पूछी ते कह्युं." हुं जाणुंछुं के, तने जनक राजाए म्हारा श्रेयने माटे अहीं मोकल्यो छे; तो पण हे दूत! त्हारे अहिं आववानुं जे कारण होय ते झट कही दे." दूते कह्युं. " हे राजन्! म्हारा राजाने हजारो मित्र छे; तो पण शत्रुना दुःखने विषे तेमणे तमने पोताना बंधुनी पेठे संभार्या छे.

वैताढ्य अने कैलास पर्वतोनी मध्ये जाणे देहने धारण करनारो क्लेश होय नहीं शुं? एवो अर्धबर्बर नामनो देश छे. तेमां मायूरशाला नामना नगरने विषे महातृष्णाना ज्वररूप आंतरगत नामनो दुर्जय म्लेछराजा राज्य करे छे. तेने राज्यनो भार धारण करवामां समर्थ एवा हजार पुत्रो छे. जेउ वेज, भालेज अने कांबोज विगेरे देशोने बलात्कारथी भोगवे छे. वली तेउ हमणां तमारा आ मित्रना देशने उपद्रव करवानी इछा करे छे; माटे तमारे विलंबनो त्याग करीने योग्यरीते प्रयत्न करवो." दूतनां एवां वचन सांभली दशरथ राजा प्रयाणनो पटह वगडावी तैयार थवा लाग्यो. एवामां रामे आवीने प्रणाम करी पिताने ना पाडी अने पोते लक्ष्मण सहित सेनाने लइ मिथिला नगरी गया. त्यां तेमणे सूर्य जेम अंधकारनो नाश करे तेम म्लेछना अधिपतिनो नाश करी जनकराजाने संतोष पमाडयो. ते उपरथी जनकराजाए पोतानी पुत्री सीताने रामनी साथे परणाववानो विचार कर्यो. एवामां कौतुक जोवाना हेतुथी नारद जनक राजाना अंतःपुरमां आव्या. केवल कोपीनने

धारण करनारा, पिला वर्णना केशवाला अने छत्र धारण करनारा नारदने जयंकर आकृतिवाला जोइने जय पामेली सीता संताइ गइ.

ते उपरथी रीसाइने जता एवा नारदने दासीउंए घणा समजाव्या तोपण तेमणे तो क्रोधथी वैताढय पर्वत उपर जइने चित्रपट्टमां सीतानुं स्वरूप आलेखी चंद्रशेखर विद्याधरना पुत्र जामंडलने देखाडयुं. पछी जामंडलने चित्रपट जोवाथी अत्यंत कामार्त थयेलो जाणीने चंद्रशेखर विद्याधरे ते चित्रपट्टमां आलेखेली सीतानुं नाम गाम विगेरे सर्व जाणी लीधुं. पछी नारदने रजा आपी तेणे जामंमलने कह्युं के, "हे वत्स! खेद पाम्य नहीं, हुं सीताने त्हारी साथे परणावीश."

पछी चंद्रशेखर विद्याधरे रातमां चपल गति नामना विद्याधरने मोकली तत्काल जनकराजाने पोतानी पासे बोलावी जामंमल पुत्रने माटे सीतानुं मागुं कह्युं. "में रामने आपी छे." एम जनकराजाए कह्युं एटले चंद्रशेखरे जनकने कह्युं के, "जो तमे मित्रपणाथी नहिं आपो तो हुं हरण करवाने समर्थ छुं अथवा रामनो पराजय करीने ते कन्याने म्हारो पुत्र परणशे. वली सर्वने योग्य एवुं म्हारुं वचन सांजलो. म्हारा घरने विषे जूदा जूदा सहस्रो यक्षोए आश्रित करेलुं वज्रावर्त नामनुं तथा अर्णवावर्त नामनुं एवां बे देवताए आपेलां धनुष्य छे. ते धनुष्यने जे पुरुष चडावे ते सीताने परणे एवुं पण करो. जो ते धनुष्यने राम चडावी शके तो तेणे अमने जितेला जाणवा. पछी तेनी साथे सीताने परणाववा अमारे कांइपण हरकत नथी." एवां विद्याधरनां वचन सांजली क्षणमात्र विचार करी कालक्षेप करवानी इछाथी जनक राजाए "एम थाउ." ए प्रकारे तेने कह्युं. पछी वज्रार्णव तथा अर्णवावर्त धनुष्य काढी आपीने चंद्रशेखर विद्याधरे जनकराजाने तेनी मिथिला नगरीमां पहोचाड्यो.

बीजे दिवसे सवारे जनकराजाए सीताना स्वयंवरनो आरंज कर्यो. तेमां अनेक राजाउ तथा अनेक विद्याधरो आव्या अने तेउ पोतपोताने आसने बेठा. राम तथा लक्ष्मण दशरथराजानी पासे बेठा. पछी अलंकारोथी सुशोजित एवी सीता स्वयंवर मंडपमां आवी एटले तेने सर्वे राजाउ जोवा लाग्या. एटलामां प्रतिहारिणीये कह्युं के, "हे नृपेंद्रो! तमारामांथी जे पुरुष आ वज्रावर्त धनुष्यने चमावशे तेने आ उ-

त्तम कन्या निश्चय परणशे." एवां प्रतिहारिणीनां वचन सांजलीने सर्वे राजाउं मृगना बालकनी पेठे धनुष्यनी पासे दोड्या. तेमां केटलाक तो धनुष्यने जोवाने पण समर्थ थया नहीं; केटलाक स्पर्श करवाने समर्थ थया नहीं अने केटलाक तो चडावतां पृथ्वी उपर पडी गया. पछी हर्ष सहित सीताये जोयेला रामे पितानी आज्ञाथी धनुष्यने अनेक राजाउंना मुख सहित नमाव्युं; सीताना हृदय सहित खेच्युं अने पछी उतार्युं एटले सीताये रामने वरमाला पहेरावी. लक्ष्मणे पण ते अर्णवावर्त धनुष्यने धारण कर्युं. ते उपरथी विद्याधरोए पोतानी अढार पुत्रीउं लक्ष्मणने परणावी. आ सर्व रीतने जोवाथी क्रोध पामेला जामंडलने कोइ मुनिए "साथे जन्मेली आ त्हारी ब्हेन छे." एम कहीने बोध पमाड्यो. पछी जनकराजाए हस्ति, अश्व, वस्त्र अने अलंकारोथी सत्कार करेला राम तथा सर्वे राजाउं पोतपोतानी राजधानी प्रत्ये गया.

हवे वृद्ध एवा दशरथ राजाए रामने राज्याजिषेक करवानो विचार कर्यो एवामां कैकेयीए पूर्वे स्वीकारेलो वरदान दशरथ राजापासे माग्यो अने कह्युं के, "रामने वनवास मोकली म्हारा पुत्र जरतने राज्य आपो." एवां कैकेयीनां वचन सांजलीने खेद करता एवा दशरथ राजाए रामने बोलावीने कह्युं के, "हे वत्स! पूर्वे सारथीना कार्यथी प्रसन्न थयेला में स्वयंवर मंडपमां आपेलो वरदान कैकेयी पोताना पुत्र जरतने राज्य आपवा रूप मागे छे." दशरथनां एवां वचन सांजली विनयवंत रामे हर्षथी उत्तर आप्यो के, "हे तात! तमारे तो हुं अने जरत बन्ने पुत्रो सरखाज छीये, माटे जरतने राज्य आपो एम म्हारो मत छे. कारण के, एक पुष्प मस्तकने विषे धारण कर्ये छते बाकीनां पुष्पो शुं नथी शोजतां?" एवां रामनां वचन सांजलीने दशरथराजाए जरतने राज्याजिषेक करवानी आज्ञा करी एटले जरते रामने कह्युं के, "हुं तो तमारी साथे वनमां आवीश; म्हारे राज्यनुं काम नथी." दशरथे कह्युं. "तुं राज्यने ग्रहण करीने माता पितानी प्रतिज्ञा पूर्ण कर; कारण के, त्हारी माताने पूर्वे आपेलो वरदान तेणे तने राज्य अपाववारूप मागेलो छे." रामे पण जरतने कह्युं के, "हे बंधो! तमारे राज्यनी इछा नथी, तोपण पितानी प्रतिज्ञा पूर्ण करवाने माटे हवणां राज्यने ग्रहण करो." जरते

प्रणाम करी रामने गद्गद् वाणीथी कह्युं. " पिता म्होटा जाइउने राज्य आपवा योग्य छे. मने आपवा योग्य नथी. " पछी राम मनमां विचार करवा लाग्या के, " ज्यां सुधी हुं अहिं रहीश त्यां सुधी आ जरत राज्यने ग्रहण करशे नहीं. कारण के, कुलिन पुरुषो विनयना क्रमने छोडता नथी. " पछी रामे पिताने नमस्कार करी उत्तम धनुष्यबाण हाथमां लइ माता पासे आवी अने प्रणाम करीने कह्युं. " हे मात! तमारे साची वृत्तिथी जरतने म्हारा सरखा जाणवा. कारणके, म्हारा पिताए पोतानी प्रतिज्ञा पूर्ण करवाने माटे जरतने राज्य आप्युं छे. वली हुं अहिं रहीश त्यां सुधी जरत राज्यने ग्रहण करशे नहीं; माटे हुं वनप्रत्ये जवानी इछा करुं छुं. " एवां पुत्रनां वचन सांजली कौशल्या मूर्छा पामीने पृथ्वी उपर पडी गइ. पछी पवन अने शीतल जलना उपचारोथी सचेत थयेली कौशल्या विलाप करती कहेवा लागी के, " हुं रामना वियोगनी पीडा केम सहन करी शकीश ? " रामे कह्युं. " हे मात! तमे आवी दीनता केम करो छो? सिंहनो बालक वनमां गये छते शुं तेनी मा दुःखणी थाय छे ? पिताए कैकेयीने वरदानरूप ऋण (देवुं) आपवुं जोइये, तो सत्य प्रतिज्ञावाला पिताना देवाने निवृत्त करवा माटे हुं उत्साहवंत केम न थाउं ? " ए प्रकारे माताने बोध पमाडी अन्य माताउने प्रणाम करी सिंहनी पेठे निःशंक एवा राम वन प्रत्ये गया. एटले सीताये पण दशरथनी आज्ञा लइ ना कह्या छता पोतानां पतिनी पाछल जवाने माटे जक्तिथी सासुनी आज्ञा मागी; तेथी जेनी आंखमांथी आंसुनी धाराउ पडवा लागी हती एवी कौशल्याये सीताने पोताना खोलामां बेसारीने कह्युं. " हे वत्से ! त्हारो पति सर्वने सहन करनारो छे. तो तेने दुष्कर शुं छे ? हे बाले ! तुं जातिवंत पुष्पोनी माला समान छुं; जेथी वायुए करीने पण ग्लानी पामे छे; तो पछी वनवासना म्होटा कष्टने शी रीते सहन करीश ? तोपण संकटमां पतिनी पाछल जती एवी पतिव्रताने रोकवाने हुं असमर्थ छुं. " सीताये कह्युं. " हे मात ! म्हारे त्यां सर्व सुखकारि छे के, ज्यां हुं कायर थयाविना तमारा पुत्रनी सेवा करीश. " ए प्रकारे सासुना वर्गने उत्तम प्रीतिथी प्रणाम करीने सीता समुद्रनी वेला जेम चंद्रप्रत्ये जाय तेम तत्काल पतिनी पाछल गइ.

लक्ष्मण पण रामने वनमां गयेला सांजलीने आकुल व्याकुल थयो छतो मनमां विचार करवा लाग्यो के, "अहो ! कालरात्रीना सरखी जयंकर आकृतिवाली कैकेयी छे के,जेणे आवा समये उत्पात करावनारा वरदानने माग्यो. पिता जरतने राज्य आपी ऋण (देवा)थी मूकाया छे. तो हवे तेनी पासेथी राज्य लइ रामने आपुं अथवा जो ते बलवंत जरत पोतानी मेले रामने राज्य नहीं आपे तो हुं कुलना विरोधपणाने त्याग करी रामनी पाछल जइश. " ए प्रकारे विचार करीने पितानी आज्ञा लइ सुमित्रा अने कौशल्याने प्रणाम करीने लक्ष्मण सीतायुक्त एवा रामनी पाछल गयो. पछी अपार आंसुनी धारावाला नगरवासी जनोए जोवायेला अने प्रफुल्लित मुखवाला ते त्रणे जणा अयोध्या नगरी थकी नीकल्या. सीता अने लक्ष्मण सहित राम पृथ्वी उपर फरता फरता दंडका नामना अरण्य (वन)मां जइने पर्वतनी गुहामां रह्या. त्यां बेमासना उपवासी एवा कोइ बे महामुनि अन्न वहोरवा आव्या; तेमने सीताये प्रासुक एवुं अन्न वहोराव्युं एटले देवताउए वाजिंत्रोना शब्दपूर्वक सुगंधी जलनो वर्षाद वरसाव्यो. एवामां कोइ एक दुष्ट गंधवाला कोढना रोगी पक्षीए आवीने मुनिना चरणने प्रणाम करी स्पर्श कर्यो; तेथी गंध नामनो ते पक्षीराज रत्नना अंकुर सरखी जटावालो, सुवर्णना सरखी पांखो वालो अने रोग रहित थयो. तेने जोइने रामे मुनिने नमस्कार करीने पूछ्युं के, "आ दुष्ट आत्मावालो पक्षी तमारा चरणनो स्पर्श करवाथी तत्काल रोगरहित केम थयो ? " मुनिउए कह्युं.

"पूर्वे आ स्थानके कुंजकारकृत् नामनुं नगर हतुं. तेमां दंडकि नामनो राजा राज्य करतो हतो. तेने पालक नामनो प्रधान हतो. एक दिवसे ते प्रधाने दंजथी स्कंदकाचार्यने पीडा करी; तेथी ते आचार्य मृत्यु पामीने वन्हिकुमार देवलोकमां देवता थया, पण तेमणे क्रोधथी राजा अने प्रजासहित ते नगर बाली नाख्युं. एज कारणथी "दंडकारण्य" ए नामनुं आ वन प्रसिद्ध थयुं छे. हवे दंडकि राजा संसारमां जमतो जमतो कोढना रोगवालो आ पक्षी थयो. ते जाति स्मरणथी अमने जोइने तत्काल अमारी पासे आव्यो अने रोगरहित थयो छे. वली ते जटायु दयारूप सारवाला जैनधर्ममां तत्पर थइने तमारो साधर्मिक थयो छे. " पछी

राम पण ते पक्षीने पोताना बंधु सरखो मानीने सीता, लक्ष्मण अने ते पक्षी सहित त्यांथी चाली गोदावरी नदीने कांठे पंचवटी नामना वनमां लतानुं घर करीने त्यां रह्या.

एक दिवसे नदीने कांठे क्रीडा करता एवा लक्ष्मणे वांसना यूथमां एक खड्ग दीठुं. पछी कौतुक सहित ते खड्गने हाथमां लइ तेणे वांसना यूथने कमलना तंतुनी पेठे कापी नाख्युं एटले तेमां धुमाडा सहित एक कुंड, एक मस्तक अने एक धड (मस्तक विनानुं शरीर) दीठुं; तेथी ते लक्ष्मण विचार करवा लाग्यो के, "हा ! में कोइ आयुध विनाना निरपराधी पुरुषने मार्यो ! " एम दीर्घ कालसुधी शोक करता एवा लक्ष्मणे ते सर्व वात रामने कही एटले रामे लक्ष्मणने कह्युं के, "हे बंधो ! आ सूर्यहास, ए नामनुं खड्ग छे. तें एना साधन करनाराने मार्यो छे; परंतु तेनुं कोइ रक्षण करनार हशे."

एवामां पाताललंकाना अधिपति खर राक्षसनी स्त्री के, जे रावणनी व्हेन थती हती ते चंद्रनखा[1] पोताना पुत्रने जोवा माटे आवी. त्यां तो तेणे कपायेली वंशलताना ढगलामां पुत्रना धडने दीठुं. ते जोइने "हे वत्स ! तने कोणे मार्यो ? तने कोणे मार्यो ?" एम कहेती छती ते विलाप करवा लागी. पछी ते चंद्रनखा लक्ष्मणनां पगलां जोती जोती राम लक्ष्मणना आश्रमां गइ, त्यां ते बन्ने भाइने जोइने तेणे पुत्रनो शोक मूकी दीधो. पछी कामने वश थइ छे इंद्रियो जेनी एवी ते चंद्रनखाये पोतानुं स्वरूप कन्याना सरखुं करीने रामनी साथे पाणिग्रहण करवानी (परणवानी) याचना करी. ते उपरथी रामे तेने कह्युं के, "हे भद्रे ! म्हारी पासे तो आ स्त्री छे; माटे तुं म्हारा न्हाना भाइ लक्ष्मण पासे जा." पछी ते लक्ष्मण पासे गइ. लक्ष्मणे कह्युं. "तुं म्हारा मोटा भाइनो आश्रय कर के, जेथी पुत्रवाली थइश,' ए प्रकारे लक्ष्मणे तिरस्कार करेली चंद्रनखा फरीथी रामपासे गइ. त्यां सीताये हसी काढेली ते क्रोधथी भयंकर स्वरूप धारण करीने तत्काल पोताना पति खर राक्षस पासे जइ शंबूक पुत्रना वधनी वात कहेवा लागी. ते उपरथी खर राक्षस चौद हजार सुभटोने साथे लइ क्रोधथी राम लक्ष्मणनी साथे युद्ध

१ आ चंद्रनखानुं बीजुं नाम सुर्पनखा छे.

करवा चाल्यो. लक्ष्मणे पण कौतुकथी तेउनी साथे युद्ध करवा माटे रामनी आज्ञा मागी. रामे "ज्यारे तने संकट पडे त्यारे सिंहनादथी मने खबर आपजे." एम कहीने रजा आपी, तेथी लक्ष्मण गरुड जेम सर्पोने मारवा तैयार थाय तेम राक्षसोने मारवा माटे तैयार थयो.

पछी चंद्रनखा पतिनी सहाय करवानी इच्छाथी त्रिकुट पर्वत उपर जइने रावणने कहेवा लागी. "हे बंधो! दंडकारण्यनेविषे दशरथ राजाना बे पुत्रो आवेला छे. तेमणे त्हारा भाणेजनुं बलिदान यमराजाने आप्युं छे, जेथी क्रोध पामेलो त्हारो बनेवी केटलाक राक्षसोने लइ तेउनी साथे युद्ध करवा गयो छे; पण तेउनी साथे तो निर्जय एवो लक्ष्मण एकलोज युद्ध करे छे अने राम तो लक्ष्मणना शौर्य तथा पराक्रमथी गर्वने धारण करतो छतो हस्तिनी पेठे सीता नामनी पोतानी स्त्रीनीसाथे मरजी प्रमाणे क्रीडा करे छे. वली हे बंधो! त्हारे घरे सीताना सरखुं स्त्रीरत्न नथी तेमज दुर्मद एवा राम अने लक्ष्मण त्हाराथी जिताय तेम पण नथी; जेथी त्हारी बडाइ टिंटोडाना सरखी मानुं छुं." ए प्रकारनां चंद्रनखा ब्हेनना वचन सांभलीने कामातुर थयेलो रावण तत्काल पुष्पक वैमानमां बेसीने दंडकारण्यमां आव्यो. त्यां तेणे रामनी पासे बेठेली सीताने दीठी, पण हरण करवाने समर्थ थयो नहीं. तेथी ते सर्प जेम नागदमणथी दूर उभो रहे तेम दूर उभो रह्यो.

पछी रावणे स्मरणथी अवलोकिनी विद्याने बोलावीने कह्युं के, "तुं सीतानुं हरण कर. विद्याये कह्युं." त्हारी आज्ञाथी मने कांइ अशक्य नथी; तोपण तने उपाय बतावुं छुं के, "रामने अने लक्ष्मणने सिंहनादनो संकेत छे; माटे सिंहनाद करवाथी राम सीताने मूकी लक्ष्मणनी पाछल जशे एटले सीतानुं हरण करी सकाशे." रावणे ते वातनी आज्ञा आपवाथी अवलोकिनी विद्याए सिंहनाद कर्यो, ते सांभलीने राम "अरे आ शुं?" एम कहेवा लाग्या. सीताये कह्युं. "हे स्वामिन्! हजु वार केम करो छो? झट जाउ अने संकटथी लक्ष्मणनुं रक्षण करो." ए प्रकारे सीताये बलात्कारे कहेवाथी राम तत्काल धनुष्य बाण लइने लक्ष्मणनी पाछल चाल्या.

पछी रावणे पृथ्वी उपर उतरीने लक्ष्मणनी चिंताथी आकुल व्याकुल

थयेली सीताने बलात्कारे वैमानमां बेसारी एटले सीता रोवा लागी; ते सांजलीने जटायुए त्यां आवीने सीताने कह्युं के, " हे वत्से ! जय पामीश नहीं. " एम कहीने ते पोताना कठोर नखना प्रहारथी रावणने मारवा लाग्यो एटले रावणे पोताना खड्ग करीने तेने पृथ्वी उपर पाडी नाख्यो.

पठी सीताने वैमानमां बेसारी रावण आकाशमार्गे चालवा लाग्यो एटले सीता विलाप करती ठती कहेवा लागी के, " हे जात जामंडल ! हे राम! हे लक्ष्मण! म्हारुं रक्षण करो, रक्षण करो !!! " एवामां जामंडलनो कोइ अनुचर आकाश मार्गे जतो हतो. ते सीताना रुदनने सांजलीने रावणनी साथे युद्ध करवा आव्यो; पण तेने तो रावणे पृथ्वी उपर पाडी नाख्यो. रस्तामां लंकाना अधिपति रावणे सीताने कह्युं के, " हे जानकि! त्रण लोकनो अधिपति हुं त्हारो आज्ञाकारी ठतां तुं शामाटे रुदन करे ठे? देवताउने पण डुर्लज एवा आ लंकाना उद्यानमां सुवर्ण अने रत्न जडित्र शिलातलनेविषे लज्जानो त्याग करीने क्रीडा कर. वनमां रहेनारा रामना आश्रयथी शुं? यौवनथी उन्मत्त एवा म्हारो आश्रय कर. भ्रमरी नंदनवन प्राप्त थये ठते शुं मरुदेशनुं स्मरण करे खरी? " ए प्रकारे कहेतो एवो रावण रुदन करती एवी सीताने समुद्रना सामे तीरे लइ गयो; पण सीताये तो पोताना मुखथी " राम राम " ए प्रकारनुं वचन त्याग कर्युं नहीं. पठी रावणे पोताना पिता पौलस्त्यना चरणमां प्रणाम कर्यो. ते वखते सीताये परपुरुषना स्पर्शनी शंकाथी पोताना अंगने संकोच्युं. रावणे वारंवार सीतानी प्रार्थना करवाथी पतिव्रता एवी ते सीताये तेने श्राप आप्यो के, "आ परस्त्रीनी इच्छाथी तने मृत्युरूप फल प्राप्त थशे." पठी "आ जानकी मने जोती ठती धीमे धीमे प्रसन्न थशे." एवी आशाथी हर्ष पामेलो रावण लंकानेविषे आव्यो. कह्युं ठे के–वणिक्, वेश्या, चोर, जुगारी अने कामी एटला परचित्तने न जाणता ठता हर्ष पामे ठे. पठी सीताये प्रतिज्ञा करी के "हुं ज्यांसुधी राम लक्ष्मणने कुशल नहीं देखुं त्यांसुधी जोजन करीश नहीं." रावणे पण सीताने त्रिजटा राक्षसीना रक्षण नीचे अनेक सेवकोथी रक्षण करायेला देवरमण उद्यानमां अशोक वृक्षना नीचे राखी.

हवे अहिं पोतानीपासे आवता एवा रामने जोइने भ्रांति पामेला लक्ष्मणे कह्युं. "हे आर्य! तमे सीताने एकली मूकीने केम आव्या?" रामे कह्युं. "त्हारा सिंहनादने सांभलीने आव्यो छुं."

लक्ष्मणे कह्युं. "हे भ्रात! में सिंहनाद कर्यो नथी. झट पाछा जाओ. तमने कोइये छेतरेला छे. हुं शत्रुना समूहने मारीने तमारी पाछल आवुं छुं." एवां लक्ष्मणनां वचन सांभली राम जेटलामां पोताना आश्रममां आव्या तेटलामां सीताने न देखवाथी ते चिंताना तापे करीने कपाये-ला वृक्षनी पेठे मूर्छा खाइने पृथ्वी उपर पडी गया. पछी वनना पवने करीने प्राप्त थइ छे स्मृति जेने एवा रामे वनमां आमतेम फरता छतां घायल थयेला जटायुने जोइ तेनाथी सीताना हरणनी वात सांभली. रामे जटायुने पंचनवकार संभलाव्यो, तेथी अरिहंतनो श्रेष्ठ उपासक ते ज-टायु मरीने माहेंद्र देवलोकनेविषे देवता थयो. अरण्य, वृक्ष, कुंज, पर्वत अने गुंफामां सीताने शोधता एवा राम तेने कोइ स्थानके न देखवाथी मूर्छा पामीने पृथ्वी उपर पडी गया. एवामां विद्याधर सहित लक्ष्मण त्यां आव्यो, तो तेणे मूर्छाथीपृथ्वी उपर पडेला रामने दीठा. पछी लक्ष्मणेआंसुना जलोथी छांटेला अने वृक्षना पल्लवोथी पवन नाखेला राम संज्ञा पामीने जाणे सीताना वियोगथी गांडा थइ गया होय नहीं शुं? एम कहेवा लाग्या. "हे वनदेवीओ! सर्व ठेकाणे जोया छता पण में जानकीने दीठी नहीं. जो तमे दीठी होय तो शामाटे मने कहेता नथी? अहो! हुं व-नमां तेने एकली मूकी लक्ष्मणनी पाछल गयो. लक्ष्मणे तेने माटे मने पाछो आश्रममां मोकल्यो. धिक्कार छे आ म्हारी दुष्टबुद्धिने! ए प्रकारे विलाप करता एवा राम वारंवार पृथ्वी उपर पडवा लाग्या, जेथी पक्षि-ओ अने हरिणो पण आश्चर्य पाम्या.

लक्ष्मणे नमस्कार करीने कह्युं. "हे आर्य! तमे आ शुं बोलो छो? कारण जित्या छे शत्रु जेणे एवो हुं तमारो स्नेहवंत जाइ लक्ष्मण आग-ल उभो छुं." एवां लक्ष्मणनां अमृत सरखां वचन सांभलीने हर्षवंत थयेला रामे तेने वारंवार पोतानी छाती साथे दबाव्यो. लक्ष्मणे कह्युं. "हवणां खेद करवानो वखत नथी, माटे कपटथी हरण थयेली सीता-नी खोल करीये. वली विशेष कहुं ते सांभलो. में हवणां जे खर राक्ष-

सने मार्यो छे तेहनो शत्रु विराध पाताल लंकानो अधिपति हतो; तेने खरराक्षसे काढी मूकीने राज्य लइ लीधुं हतुं; पण में तेने मारीनाख्यो एटले मुख्य पाताललंकाना अधिपति विराधे आवीने म्हारी साथे मित्राइ बांधी छे; माटे चालो तेने पोताना पितानुं राज्य सोंपीये." लक्ष्मणनां एवां वचन सांजली रामे तेने पाताल लंकानुं राज्य आप्युं एटले जय पामेला शुंद अने चंद्रनखा रावणनो आश्रय करीने रह्या. पछी रामे रणयुद्धमां सुग्रीवने मारीने पोतानी शरणे आवेला किष्कंधाना खरा राजा सुग्रीवने तेनुं राज्य आप्युं. ते उपरथी प्रसन्न थयेला सुग्रीवे रामने अढार कन्यासाथे पाणिग्रहण करवानुं (परणवानुं) कह्युं; पण रामे ते वात न स्वीकारतां सुग्रीवने सीतानी शोधमाटे आज्ञा करी. पछी प्रसन्न थयेला सुग्रीवे पोताना अनेक सुजटोने दशे दिशामां जाणे रामना मनोरथोनेज मोकलतो होय नही शुं ? एम सीतानी शोधने माटे मोकल्या अने पोते कंबुद्वीप तरफ चाल्यो. रस्तामां तेणे जामंडल विद्याधरनो अनुचर रत्नजटी के, जेने रावणे सीताने लइ जती वखते युद्ध करवाथी पृथ्वी उपर नाखी दीधो हतो तेने दीठो. सुग्रीव तेने रामनी पासे लाव्यो एटले रत्नजटीये रावणे करेलुं सीतानुं हरण ए विगेरे सर्व वृत्तांत रामनी पासे कह्युं. रावणे सीतानुं हरण कर्युं. ए वात जाणीने हर्ष पामेला राम सुग्रीवने वारंवार पूछवा लाग्या के, "ते लंका केटले दूर छे?" सुग्रीवादिके कह्युं. "दूर होय तेनी शी चिंता? पण त्रण लोकमां सुजट एवो ते पापी रावण दुर्जय छे."

रामे कह्युं. "तेनाथी जय अथवा पराजयनो विचार न करो." लक्ष्मणने पूछो के, जेनाथी बल जाणी सकाशे. लक्ष्मणे तिरस्कार सहित कह्युं. "शुं तेनुं पुरुषातन? के जे कागडो जेम रोटलाने लइने नाशी जाय तेम सीतानुं हरण करीने नाशी गयो." पछी सुग्रीवना मंत्री जांबुवाने लक्ष्मणने कह्युं."जे कोटिशिलाने उपाडी सकशे ते रावणने मारशे."

पछी सर्वे जेगा थइने लक्ष्मणने समुद्रने तीरे तेडी गया. त्यां लक्ष्मणे कोटिशिला उपाडी एटले देवताउंए जय जय शब्द करीने पुष्पवृष्टि करी. पछी कोटिशिलाने अने जिनेश्वरोने नमस्कार करीने राम लक्ष्मण विगेरे सर्वे वैमानमां बेसीने पाछा किष्किंधा नगरी प्रत्ये आव्या. ते वखते के-

टलाक वृद्ध वानरो कहेवा लाग्या के, "तमाराथी रावणनो क्षय थशे, तोपण नीतिनुं मान्य करीने हवणां रावण पासे दूत मोकलीने वष्टि करावो." पछी "बहु सारुं." एम कहीने सुग्रीवे सर्व कर्ममां समर्थ एवा हनुमानने सूर्यपत्तन (सूरत)थी तेडाव्यो. पछी हनुमानने आगल करीने सुग्रीवे कह्युं. "हे देव! अर्जुनना रथनी ध्वजा उपर बेसनारो आ हनुमंत म्हारा राज्यनुं जीवीत छे; माटे तेने सीतानी शोधने अर्थे मोकलो." सुग्रीवनां एवां वचन सांभली रामे संकेतने माटे मुद्रिका (वींटी) आपी अने कह्युं के, "हे हनुमंत! तुं लंकामां जइने आ मुद्रिका सीताने संकेतने माटे आपीने कहेजे के, "त्हारा विना राम सर्व जगत्ने त्हारामय देखे छे. वली तुं म्हारा वियोगथी प्राणोने त्याग करीश नहीं. कारण जो म्हारुं नाम राम हशे तो हुं तने पाछी लावीश." एवां रामनां वचननो स्वीकार करीने अने नमन करी हनुमान आकाशमार्गे थइने लंकामां आवी अने बिभीषणने कहेवा लाग्यो के, "हे भ्रात! आ कुलने विषे त्हारी आगल न्याय अने अन्याय कहेवा योग्य छे; माटे तने कहुं छुं के, जो तुं त्हारा भाइनुं कुशल इछतो होय तो रामनी स्त्री सीताने छोडावी मूक. वली त्हारो बलवान् भाइ रावण जेना काराग्रह (केदखाना)मां रह्यो हतो, तेनोपण नाश करनारा रामने जाणीने तत्काल सीता तेमने स्वाधिन कराव्य." बिभीषणे कह्युं. "तुं नगरमां रहीने अमारा भाइनी एवी वात कहेछे? हवे फरीथी कहीश नहीं; कारणके, प्राणीउमां पोतानुं श्रेय कोने वहालुं नथी." एवां बिभीषणनां वचन सांभलीने हनुमान तरत देवरमण उद्यान (वाडी)मां गयो. त्यां तेणे लांबा निशासा मूकती, दुर्बल अंगवाली, मेहेलां वस्त्रवाली, "राम राम" एम बोलती, योगिनीनी पेठे ध्यान धरती अने रूदन करती एवी सीताने अशोक वृक्षनी नींचे बेठेली दीठी. पछी हनुमाने ध्यान करती एवी सीताना खोलामां रामे संकेतने माटे आपेली मुद्रिका मूकीने प्रणाम कर्यो एटले सीताये हर्षना आंसुथी जाणे स्नान करावती होय नहीं शुं? एम मुद्रिकाने पूछ्युं. "हे मुद्रिके! लक्ष्मण सहित राम कुशल छे?" हनुमाने उत्तर आप्यो के, "तमारी शोधने माटे प्रभुए मने मोकल्यो छे अने हवे हुं त्यां जइश एटले शत्रुनो नाश करनारा श्री राम

अहिं आवशे." सीताये पूछ्युं. "हे वत्स! तें समुद्र शी रीते उलंघन कर्यो?" हनुमाने कह्युं. "विद्याधरनी विद्याथी."

पछी सीताये रामनी कुशल वार्ता पूछी एटले हनुमाने रामे कहेला समाचार विगेरे सर्व कुशल वार्ता कही अने कह्युं के, "रामने विश्वास माटे तमारुं चूडारत्न आपो." सीताये हनुमानने चूडारत्न आपीने कह्युं. "हे वत्स! अहिंथी झट चाल्यो जा. कारणके, जेथी आ निर्दय एवा राक्षसोना स्थानकमां त्हारो अनर्थ न थाय." हनुमाने कह्युं. "हे मात! प्रेमवाला हृदयमां मारी शंका न करो. कारणके, रामना चरणनुं पतिपणुं देखाडीने पछी हुं जइश." एम कहीने तेणे सीताने नमस्कार कर्यो. पछी अशोकवननो नाश करी, राक्षसोने मारी, लंकाना घरोने पाडी, पोताने थयेला बंधनने तोडी, रावणना मुकुटनुं चुर्ण करी अने छेवट लंकाने बाली रामनी पासे आवेला हनुमाने सीतानुं चूडारत्न अर्पण कर्युं. रामे पण घणा स्नेहथी हनुमानने भेटीने सीतानी वात पूछी एटले तेणे सीताना कुशल समाचार अने लंकाना घरोने बालवा विगेरेनी सर्व वात कही.

पछी विराध, जांबुवान्, नील, भामंडल, नल अने अंगद विगेरे अनेक सुभटो सहित रामे लंका उपर चडाइ करी. ते वखते सुग्रीव विगेरे अग्रेसर सुभटोए नियममां राखेली रामनी सेना समुद्र उपर चाली. रस्तामां नल अने नीले मध्य समुद्रना एक बेटना राजा एवा समुद्र अने सेतुने बांधीने रामनी पासे आण्या. रामे तेओने फरीथी राज्यासन उपर बेसार्या; तेथी तेओ रामनी सेवा करवाने तैयार थया. वली सुवेल पर्वत उपर रहेला वेल राजाने पण जीतीने पोतानी साथे लीधो अने लंकानी पासेना हंसद्वीपना हंसरथ राजाने जीतीने त्यां केटलाक दिवसो रह्या.

हवे आवता एवा रामने सांभली युद्धमां भयंकर एवो रावण कुदृष्टि माणस जेम दुर्गतिने एकठी करे तेम पोतानी सेनाने एकठी करवा लाग्यो. ते जोइने विभीषणे रावणने कह्युं. "हे भ्रात! प्रसन्न था अने पोताना शुभ परिणामनो विचार कर. तें प्रथमथीज परस्त्रीना हरणे करीने कुलने लजाव्युं छे, तो हवणां सर्व कुलनो क्षय न कर अने जानकी रामने स्वाधीन कर." इत्यादि वचनोथी क्रोध पामेला रावणे विभीषणनो तिरस्कार कर्यो; तेथी ते पोताना परिवार सहित रामचंद्रने श-

रणे गयो. समयने जाणनारा रामे पण तेने सत्कारथी पोतानी पासे राख्यो अने निश्चय कर्यो के, आ शुभ परिणामवाला बिभीषणने हुं लंकानुं राज्य आपीश.

पछी रामनी आज्ञाथी सर्व वानरोए प्रकृतिओ जेम गुणना स्थानरूप जीवने रोके तेम क्षणमात्रमां लंकाने घेरो घाल्यो एटले हस्त, प्रहस्त, मारीच, शुक अने सारण विगेरे केटलाक सेनापतिओ युद्ध करवानेमाटे लंकाथी बहार निकल्या. पण तेओने तो युद्ध करता एवा महा बलवंत वानरोए क्षोभ पमाड्या; जेथी राक्षसोनुं सैन्य वायुथी जेम डांगरना फोतरा उडी जाय तेम नाशी गयुं. एवामां कुंभकर्ण सहित रावण युद्ध करवा आव्यो एटले राम, लक्ष्मण अने भामंडलादिक तेनी सामा थया. युद्धना वाजिंत्रो वागवा मांड्ये छते राम अने रावणनुं खड्गथी अने बाणोथी घणा वखत सुधी युद्ध चाल्युं; तेने जोइने देवताओ पण आश्चर्य पाम्या. क्रोधथी व्याप्त थयेला रावणे बिभीषण उपर त्रिशुल फेंक्युं, पण तेने तो शुभध्यानवालो माणस जेम कर्मनुं चूर्ण करी नाखे तेम लक्ष्मणे चूर्ण करी नाख्युं; जेथी अत्यंत क्रोध पामेला रावणे लक्ष्मणनी छातीमां शक्ति मारी; तेथी ते मूर्छा खाइने पृथ्वी उपर पड्यो. ते वखते राम सहित सर्व सैन्य शोक करवा लाग्युं अने रावण विजयना वाजिंत्रोने वगडावतो छतो लंकामां गयो. आ सर्व वात सीताये सांभली, तेथी ते मूर्छाथी पृथ्वी उपर पडी गइ. पछी विद्याधरीयोए जल छांटीने सचेत करी एटले ते सीता विलाप करीने कहेवा लागी के, "अरे! दुरात्मा अने मंद भाग्यवाली हुं बालपणमां केम न मरी गइ? जेने माटे पतिने तथा दियरने आ प्रकारनुं महा दुःख प्राप्त थयुं." इत्यादि विलाप करती एवी सीताने कोइ विद्याधरीये कह्युं. "हे देवि! शोक न कर; त्हारो दियर सवारे दुःख रहित थशे." एवां विद्याधरीनां वचन सांभली सूर्यना उदयनुं ध्यान करती एवी सीता स्वस्थ थइ.

हवे युद्धमां पडेला एवा लक्ष्मणने जोइ राम पण मूर्छा खाइने पड्या. मूर्छाने अंते राम लक्ष्मणने कहेवा लाग्या के, "हे वत्स! तुं आ अयोग्य अवसरे बोल्याविना केम पडी रह्यो छुं? आ त्हारा अनुचरोनो वाणीथी अने दृष्टिथी सत्कार कर. हे वत्स! तें लंकानुं राज्य बिभीषणने

आपवानी प्रतिज्ञा करी छे ते शुं जुली गयो? अरे बंधो? तुं ऊनो रहे. हुं तने मारनारने मारी त्हारी पाछल आवुं छुं." एम कहीने राम पोताना धनुष्यनो टंकार करी रावणनी पाछल चाल्या. एवामां विजीषणे रामने हाथ फालीने कह्युं. "हे नायक! मोहनो नाश करी धीरजने धारण करो. कारण के, शक्तिथी हणायेलो पुरुष पण सूर्योदय सुधी जीवी शके छे; माटे मंत्र तंत्रादिकनो कांइ उपाय करो." रामे विजीषणनां वचननो स्वीकार करी लक्ष्मणनी चारे बाजुये ऊगामेला शस्त्रवाला सुग्रीवादिक सुजटोने बेसास्या. एवामां प्रतिचंद्र नामना विद्याधरे आवीने रामने कह्युं. "हे प्रजो! शक्तिने निकलवानो आ अनुजवेलो उपाय साजलो. जरतनो मामो द्रोण नामनो राजा छे. तेने विशल्या नामनी कन्या छे. तेना स्नानना जलथी शक्ति पोतानी मेले शरीरमांथी बहार निकले छे." एवां प्रतिचंद्रनां वचन सांजलीने रामनी आज्ञाथी जामंडलादिके विशल्याना जलथी लक्ष्मणने स्नान कराव्युं एटले सूर्यना सरखी जाज्वल्यमान शक्ति लक्ष्मणना हृदयमांथी बहार निकली, जेथी रामना सैन्यने विषे वाजित्रोना शब्दो थवा लाग्या.

हवे बीजे दिवसे सवारे अपशुकनोए वास्या छता पण जेम बालक सवारमां जोजन करवा आवे तेम रावण रणांगणमां युद्ध करवाने माटे आव्यो. त्यां राम अने रावणनो फरीथी म्होटो युद्ध थयो. जेमां वानरो राक्षसोना मस्तकने गोलानी पेठे ग्रहण करी करीने फेंकवा लाग्या. एवामां लक्ष्मणे ऊठीने रामने प्रणाम कस्यो अने शक्तिनी वेदनाने त्यागकरी युद्ध करवानी इछाथी ऊनो थयो. पछी जेनुं शौर्य वृद्धि पाम्युं हतुं एवा लक्ष्मणने जोइ तेने जितवानी इछाथी रावणे बहुरुपकारी (घणां रूपने करनारी) विद्यानुं स्मरण कस्युं, जेथी तेना हजारो रूप थयां. पछी लक्ष्मणे आगलथी, पाछलथी, पडखेथी, पृथ्वी ऊपरथी अने आकाशमांथी शस्त्रोना वरसादने वरसावनारा रावणने दीठो एटले तेणे पण गरुड ऊपर बेसीने पोताना तिक्ष्ण बाणोथी अनेक रावणोने पृथ्वी ऊपर पाड्या. पछी अर्धचक्री एवा रावणे चक्रने स्मरण करीने हाथमां धारण कस्युं अने जमावीने लक्ष्मण ऊपर मूक्युं; पण ते चक्रे तो "आ आठमो वासुदेव छे." एम कहीने लक्ष्मणना जमणा हाथनो आश्रय कस्यो. पछी ल-

क्षणे तेज चक्रथी रावणनुं मस्तक छेदी नाख्युं. ते वखते देवताउए आकाशमांथी लक्ष्मणना उपर पुष्पनो वर्षाद वरसाव्यो.

पछी राम विभीषणने लंकानुं राज्य आपी सीताने ग्रहण करवा माटे परिवार सहित उद्यानमां आव्या. त्यां दूरथी राम लक्ष्मणने आवता जोइ हर्षथी प्रसन्न थयेली सीता नवा मेघथी छंटाएला वननी पेठे शोभवा लागी अने देवताउं पण "अहो! आ सती सीताने धन्य छे." एम कहेवा लाग्या. लक्ष्मणादिके सीताने प्रणाम कर्यो अने सीताये तेउने आशीष आपी. रोहिणीथी जेम चंद्र शोभे अने कमलीनीथी जेम सूर्य शोभे तेम ते वखते महासती सीताथी राम शोभवा लाग्या. पछी सुग्रीव, भामंडल अने विभीषणादिक अनेक सुभटो सहित राम पुष्पक विमानमां बेसीने तत्काल साकेत नगर (अयोध्या) प्रत्ये आव्या. त्यां सुमित्र सहित भरते सामा आवीने सीता सहित रामने प्रणाम कर्यो. लक्ष्मण पण ते नमन करता एवा बन्ने भाइउने प्रथम गाढ स्नेहथी मल्यो. पछी तेउए अनेक वाजिंत्रोना शब्दपूर्वक राज्यमंदिरमां प्रवेश कर्यो. त्यां सासुउए सीताने "वीर पुत्रने जन्म आपनारी था." एवी आशीष आपी. रामे लक्ष्मणने अर्धचक्रीनुं राज्य आप्युं अने पछी सुग्रीवादिक राजाउने पोतपोताना देशमां जवानी आज्ञा आपी.

हवे सीताये हस्तिना बालकना स्वप्न सूचित गर्भ धारण कर्यो, तेथी तेने समेत शिखर यात्रा जवानो दोहद उत्पन्न थयो. एवामां तेनुं जमणुं नेत्र फरकवा लाग्युं, तेथी तेणे आश्चर्य पामीने रामने कह्युं. रामे उत्तर आप्यो के, "हे भद्रे! आ दुर्निमितने प्रगट करनारुं छे; माटे मंदिरमां जइ देवताउंनुं पूजन करी अने पात्रोने दान आपो." सीताये पतिनां शिक्षारूप वचन सांभलीने ते प्रमाणे कर्युं. एवामां नगरने विषे रहेनारा कोइ वृद्ध पुरुषे आवीने रामने कह्युं. "हे देव! लोकमां सत्य अथवा असत्य जे कहेवाय छे, ते इछित अथवा अनिछित होय तोपण विद्वानोए श्रद्धाथी सांभलवुं जोइए अने ते एज के, "स्त्रीउने विषे चपल एवा रावणे हरण करेली सीताने एकली पोताना घरमां छ मास सुधी राखी. हवे ते सीता रावण उपर आसक्त हती के न हती ते तो जाणी शकातुं नथी, पण रावणे तो तेने बलात्कारे भोगवी छे. एम कोण

शंका नहीं करे ? पाणीमां पडेलां तेलना टिपांना सरखो आ युक्तिवाळो वाद छे, माटे हे राम ! लोकोथी सर्व ठेकाणे प्रसिद्ध थयेली वातने सहन न करो. हे राघव ! पवननी पेठे चारे तरफ प्रसरता एवा आ कलंकनी तमे उपेक्षा करशो नहीं. कारण के, जे कलंकथी पोतानुं कुल अमासना सरखुं मलीन थाय छे." ए प्रकारनुं सीताने विषे कलंक सांजलीने राम क्षणमात्र स्थीर थइने बोल्याविना उजा रह्या. पछी धीरज धारण करीने रामे तेमने कह्युं. " तमोए आ वात मने कही ए बहु सारुं कर्युं. हुं स्त्री थकी पण प्राप्त थयेला अपयशने सहन करीश नहीं." एम कहीने रामे तेमने रजा आपी.

पछी वीर पुरुषोनी पेठे रात्रीने विषे नगरमां फरता एवा राम जेटलामां एक चमारना घरपासे आवीने उजा रह्या तेटलामां ते चमार मोडी रात्रीये घरमां आवेली पोतानी स्त्रीने पाटुउ मारीने तिरस्कार सहित कहेवा लाग्यो. " तुं अत्यार सुधी क्यां रही हती ?" स्त्रीये कह्युं. तुं बहु जारे नवो पुरुष ! शुं रावणे पोताना घरमां छ मास सुधी राखेली सीताने रामे न ग्रहण करी ? तेणे तो सीतानो वियोग छ मास सुधी सहन कर्यो अने तुं क्षणमात्र पण नथी रही शकतो ?" चमारे कह्युं. "राम तो स्त्रीथी जीतायेलो छे. हुं तेना जेवो नथी, माटे केम सहन करुं ?" आ सर्व वात राम बहार उजा उजा सांजलता हता, तेथी ते दुःखथी विचार करवा लाग्या के, " अहो ! स्त्रीने वश्य थयेला एवा मने धिक्कार छे के, जे नीच माणसोए कहेला धिक्कारना शब्दोने में पोतेज सांजल्या. निश्चय सीता पतिव्रता छे, रावण दुःशील छे अने म्हारुं कुल निष्कलंक छे; तो हवे शुं करवुं ?" एम चिंतवन करता एवा रामे घरने विषे जइ लक्ष्मणने बोलावी एकांतमां विचार करवा मांड्यो एटले लक्ष्मणे कह्युं. " हे आर्य ! लोकोना कहेवाथी सीता महा सतीनो त्याग करशो नहीं. कारणके, माणस स्वजावथीज बीजाउना दोष कहेवामां रसीक छे, माटे जे महात्माउने उपेक्ष्य छे, तेज राजाउने शिक्षणीय छे." ए प्रकारे लक्ष्मणे घणी रीते समजाव्या छतां पण रामे पोताना कृतांत नामना सेनापतीने तेडावीने कह्युं के, "सीताने वनमां मूकी आव्य. कारण के, लोक जे बोले छे ते घणुं करीने सत्य होय छे. तो यशस्वी पुरुषोए विरूद्ध अर्थनो त्याग

करवो जोइए. सीताने समेत शिखर यात्रा जवानो दोहद उत्पन्न थयो छे, माटे तेने तेज मीषथी गंगाना सामे तीरे मूकी आव्य."

कृतांत सेनापति पण रामने नमस्कार करी स्वामिना हुकमथी सीताने रथमां बेसारी समेत शिखरनी यात्रा करावी अने वलते फेरे तेने म्होटा अरण्यमां मूकीने कहेवा लाग्यो. "हे देवी! लोकोना अपवादथी रामे तमारो त्याग कर्यो छे. हा! आवा क्रूर कर्मने विषे स्वामीये मने आज्ञा करी." एवां सेनापतीनां वचन सांजली सीता मूर्छा खाइने रथमांथी पृथ्वी उपर पडी गइ. घणीवार थया पछी सचेत थयेली ते प्रतिव्रता रामने कहेवा लागी. "जो तमने लोकोना अपवादथी जय छे तो जगतना अने म्हारा समक्ष आकाशवाणीये तेवुं केम कह्युं हतुं? क्रूरथी पण क्रूर एवुं आ कर्म तमारा कुलमां शुं योग्य छे जे, एकली अने गर्जवती प्रियाने वनमां त्यजी दीधी? तोपण आ वनमां हुं जेम तेम करीने रहीश अने लक्ष्मण सहित राम पण दीर्घ कालसुधी विजयवंत वर्तो." एम कहीने सीताये सेनापतिने जवानी आज्ञा करी एटले जेनी आंखोमांथी आंसुनी धाराउ पकती हती एवो ते सीताने प्रणाम करीने पाछो नगर तरफ चाल्यो.

जानकी पण पूर्वजवने विषे आचरण करेला पोताना कर्मने निंदती छती यूथथी जूली पडेली मृगलीनी पेठे वनवन प्रत्ये जमवा लागी. एवामां त्यां आवेलो वज्रजंघ राजा तेने बहेन मानीने पोताना पुंडरीक नामना नगरने विषे तेडी गयो.

हवे कृतांत सेनापतिए अयोध्यामां आवीने सीतानी सर्व वात रामने कही; तेथी ते सीताना वीयोगनी पीडा सहन न करी शकवाथी तेनीज साथे पाछा वनमां आव्या अने सीताने सर्व स्थानके शोधवा मांडी; पण क्यांइ दीठी नहीं; तेथी आशा मूकीने पाछा घरे आव्या तथा "सीता मरी गइ." एम धारीने रामे तेनी प्रेतक्रीया करी. पछी "सीता, सीता," एम सीतानुं ध्यान अने जप करता एवा ते राम कालने निर्गमन करवा लाग्या.

हवे सीताये पण त्यां अनंगलवण तथा मदनांकुश नामना बे पुत्रोने जन्म आप्यो. तेथी वज्रजंघ राजाए पोताना पुत्रनी पेठे तेउनो जन्म-

महोत्सव कर्यो. सीताना ते बन्ने पुत्रो "लव अने कुश" एवा हुलामणाना नामथी प्रसिद्ध थया. अनुक्रमे ते बन्ने पुत्रो कला अने शास्त्रोनो संपूर्ण अभ्यास करी यौवन अवस्था पाम्या; ते वखते तेओ इंद्र अने उपेंद्रने पण जयकारी एवा महा बलवंत थया.

पछी वज्रजंघ राजाए पोतानी शशिचूला नामनी पुत्रीने अने बीजी बत्रीश पुत्रीओने अनंगलवण (लव)नी साथे परणावी अने अंकुश (कुश)ने माटे पृथुराजानी पुत्रीनी याचना करी एटले पृथुराजाए उत्तर आप्यो के, "हुं म्हारी पुत्री अजाण्या वंशना पुत्रनी साथे परणावीश नहीं." ते उपरथी वज्रजंघने अने पृथुराजाने म्होटुं युद्ध थयुं, तेमां लव कुशना बाणोथी पृथुराजानुं सैन्य नाशी गयुं अने पृथुराजा पोते पण नाशवा लाग्यो तेने जोइने लव कुशे कह्युं. "अरे अजाण्या वंशमां उत्पन्न थयेला अमाराथी प्रसिद्ध वंशमां उत्पन्न थयेलो तुं केम नाशी जाय छे?" पृथुराजाए पाछा वलीने कह्युं. "में शौर्यथीज तमारुं कुल जाण्युं छे." एम कहीने पछी तेणे वज्रजंघनी साथे संधी करी.

एवामां त्यां नारद आव्या. तेमने सर्व राजाओ सहित वज्रजंघे नमस्कार करीने पूछ्युं. "हे मुने! आ पृथुराजा पोतानी पुत्री कुशने आपे छे; माटे ते बन्ने भाइओनो वंश कहो, जेथी पृथुराजा संतोष पामे." नारदे हसीने उत्तर आप्यो. "कयो पुरुष आ बन्ने भाइओना कुलने नथी जाणतो? रावणनो नाश करनारा राम लक्ष्मण जेमना पिता छे. लोकापवादना भयथी रामे आ बन्ने पुत्रो गर्भमां हता ते वखते सीताने गहन वनमां त्यजी दीधी छे." एवां नारदनां वचन सांभली कुशे कह्युं. "हे ब्रह्मन्! रामे आ काम कांइ सारुं कर्युं नथी. लोकवाणीनो विचार कर्या विना तेमने ते काम करवुं योग्य नहोतुं." लवे कह्युं. "ते नगरी केटलेक दूर छे के, ज्यां राम लक्ष्मण वसे छे?" नारदे कह्युं. "अहिंथी एकसोने वीश योजन."

पछी पृथुराजाए पोतानी कनकमाला नामनी पुत्री कुशनी साथे परणावी. पछी माताना त्यागथी क्रोधवंत थएला ते बन्ने भाइओ वज्रजंघ मामानी तथा सीता मातानी आज्ञा लइ केटलाक सैन्य सहित त्यांथी निकल्या. अनुक्रमे तेओए अयोध्यानी पासे आवीने रणस्तंभ रोप्यो. ते

वात सांजलीने सैन्य सहित राम लक्ष्मण पण युद्ध करवाने सामा आव्या. तेउनो परस्पर युद्ध थये बते लव कुशे लीलामात्रे करीने रामना सैन्यने दीनदशा पमाडयुं. पबी राम लक्ष्मण अने लव कुशने म्होटुं युद्ध थयुं. तेमां लक्ष्मणे क्रोध करीने कुश उपर चक्र फेक्युं; पण चक्रतो वेगथी कुशनी प्रदक्षिणा करी जेम पूर्वे करेलुं कर्म करनारनेज प्राप्त थाय बे तेम फरीने लक्ष्मणनी पासे आव्युं एटले राम अने लक्ष्मण खेद पामता बता विचार करवा लाग्या के, "पृथ्वीमां नर नारायण तेउ के अमे? एवामां जामंडल सहित नारद आव्या अने खेद पामेला राम लक्ष्मणने जोइने तेमणे हसीने कह्युं. "हे राघव! तमे हर्ष पामवाने ठेकाणे खेद केम करो बो? पोताना महा पराक्रमवंत पुत्रने जोइ कया पुरुषनुं चित्त आनंद न पामे? सीताना उदरथी उत्पन्न थयेला आ बन्ने पुत्रो तमारा बे. तेउ युद्धना मीषथी तमारा दर्शन करवा आव्या बे. तमारा कुलने जाणनारा आ चक्रे तेउनो नाश कर्यो नथी. वली स्वगोत्र रहित पुरुष उपर फेंकेलुं आ चक्र क्यारे पण निष्फल थतुं नथी." पबी पुत्रना स्नेहथी राम लक्ष्मण हर्षे करीने लव कुशनी पासे वेगथी चाल्या. नम्र एवा लव कुशे पण तत्काल रथथी नीचे उतरी पिताना चरणमां प्रणाम कर्यो, जेथी राम लक्ष्मणे गौरव सहित तेउनां मस्तक सुंघ्यां. ते वखते बन्ने सैन्य हर्षमय थया.

पबी रामे पुष्पक वैमानमां बेसीने महा संपत्तिवाली आयोध्यानगरी प्रत्ये प्रवेश कर्यो तथा लक्ष्मण सुग्रीव, वज्रजंघ अने बिजीषणनी विनंतीथी सीताने तत्काल तेडावी. आवती एवी सीताने लक्ष्मणे सामा जइने प्रणाम कर्यो अने कह्युं के, "हे देवी! आपना प्रवेशथी आ नगरीने पवित्र करो." सीताये कह्युं ज्यांसुधी म्हारो अपवाद शांति पाम्यो नथी त्यांसुधी हुं शुद्धि कर्या विना नगरी प्रत्ये प्रवेश नहीं करुं अने घरप्रत्ये पण प्रवेश नहीं करुं. में शुद्धिने माटे पांच दिव्य धार्या बे. ते एज के, "जो कहो तो ज्वालासहित एवा अग्निमां प्रवेश करुं. १ चोखा चावुं. २ तपेली कोस मुखमां नाखुं. ३ त्राजवामां तोलाउं. ४ जीन्ने करीने तपावेली हलना फालने चाटुं. ५. जे कहो ते करुं." रामे ते सर्व वात सांजलीने सीताना अत्यंत आग्रहथी ज्वाला

सहित अग्निमां पेसवानी वात मान्य करी. पछी रामे त्रणसें हाथ लांबी अने बे माथोडां ऊंडी खाइ खोदावी. तेमां चंदननां काष्ठ ज-रावीने सलगाव्यां. ज्यारे देदिप्य ज्वाला प्रगट थइ त्यारे निर्मल म-नवाली सीताये पंच नवकारनुं स्मरण करीने कह्युं. "हे लोकपालो! सांजलो. जो में राम वीना अन्य पुरुषने मनमां पण स्मरण कर्यो होय तो आ अग्नि मने बालज्यो. नहीं तर तेज अग्नि मने अमृतना कुंड सरखो थज्यो." एम कहीने तेणे अग्निमां ऊंपापात कीधो ए-टले तरत अग्नि शांत थइ गयो अने क्रीडानी वाव्यना सरखी पाणीथी जरेली खाइ थइ गइ. वली पाणीना मध्ये रहेला सहस्त्रदलकमलरूप सिंहासनमां बेठेली सीता शीलना प्रजावथी लक्ष्मीनी पेठे शोजवा लागी. ते वखते जानकीना मस्तक उपर देवताउंए पुष्पनो वर्षाद वरसाव्यो अने माणसो "शील आश्चर्य करनारुं छे." एम कहीने तेनां वखाण करवा लाग्या. माताना महिमाने जोइ आनंद पामेला लव कुशे राज-हंसोनी पेठे तेना पगमां प्रणाम कर्यो लक्ष्मण विगेरे सर्वे माणसोए जक्तिथी वंदना करी अने रामे तो प्रेमपूर्वक जेटिने तथा हाथ जोडीने कह्युं. "हे देवी! में वनमां त्याग करेली तुं पोताना प्रजावथीज जीवी छुं. वली तेज आश्चर्य थयुं के, हुं तने जाणी शक्यो नहीं. हे जद्रे! म्हारो सर्व अपराध क्षमा कर अने पुष्पक वैमानमां बेसी घरे चाल. वली आ राज्य लक्ष्मीने सफल कर." सीताये कह्युं. एमां तमारो अथवा बीजा कोइनो दोष नथी, कारण के, जीवे पूर्वे करेला कर्मनुं फल जोगववुं जोइये. हवे म्हारे संसारमां रहेवुं योग्य नथी, माटे संसारना उछेदने अर्थे चारित्र धारण करीश. पछी सीताये उत्सव पूर्वक चारित्र धारण कर्युं अने रामे क्लेशनो नाश करवामाटे तेना केश ग्रहण कर्या. सीता दीर्घकालसुधी चारित्र पाली अच्युत देवलोकमां देवताना अधि-पतिपणाने पामी अने राम पण अनुक्रमे निर्मल ध्यानथी कर्मने धोइ नाखी मोक्ष गतिने पाम्या.

इति महासती सीतानी कथा समाप्ता.

हवे महासतीनुं लक्षण कहेछे.

या शीलभंगसामग्रीसंभवे निश्चला सती एषा

जो सीलभंगसाम-ग्गिसंभवे निच्चला सई एसा ॥

इतराः महासत्यः गृहेगृहे संति प्रचुराः

इयरा महासईउ, घरेघरे संति पउराउ ॥ १०९ ॥

शब्दार्थ– (या के०) जे स्त्री (सीलभंगसामग्गिसंभवे के०) शीलव्रतना भंगनी सामग्री छते (निच्चला के०) निश्चल छे. (एसा के०) एज स्त्री (सई के०) सती जाणवी. (इयरा के०) बीजी (महा सईउ के०) महा सतीउ (घरे घरे के०) घर घरने विषे (पउराउ के०) घणीउ (संति के०) छे. ॥ १०९ ॥

विशेषार्थ– जे स्त्री शीलव्रत भंगनी सर्व सामग्री छतां एटले एकांत स्थान, स्नेह, मोह अने प्रार्थना इत्यादिक संकटमां आवी पडे छते पण पोताना शीलव्रतनुं रक्षण करवाने घणा आग्रहवाली छे, तेज सती कहेवाय छे; पण ज्यां सुधी बीजा कोइए प्रार्थना करी नथी अने संकटमां आवी पडी नथी त्यां सुधी शील पालवामां तत्पर एवी बीजी महा सतीउ तो घरे घरे घणी छे. कह्युं छे के– विरला महिला शील–कलिताः कलि संकटे ॥ प्रायोऽनभ्यर्थिता एव, सांप्रतं हि पतिव्रताः ॥ १ ॥ अर्थ– कलेशकारी संकट आवी पडवाछतां शुद्ध शीलवंत स्त्रीउ बहु थोडी छे; परंतु अत्यारे तो घणुं करीने प्रार्थना करनार न मलवाने लीधे पतिव्रताउ छे.॥

हवे शीलव्रतने रक्षण करवानो उपाय कहे छे.

तथापि एव एकांतादिसंगः नित्यमपि परिहर्तव्यः

तहवि हु एगंताई-संगो निच्चंपि परिहरेयव्वो ॥

येन च विशमः इंद्रियग्रामः तुछानि सत्वानि

जेण य विसमो इंदिय-गामो तुछाइ सत्ताइं ॥ ११० ॥

शब्दार्थ– जो के शीलव्रत पालवुं बहु कठीन छे (तहवि के०) तो पण (एगंताइ के०) एकांतादि (संगो के०) संग (निच्चं के०) निरंतर (परिहरेयव्वो के०) त्याग करवो. (हु के०) निश्चय. (जेण के०)

जे कारण माटे (इंदियगामो के०) इंद्रियनो समूह (विसमो के०) रक्षण करवो अशक्य छे (य के०) अने (सत्ताइं के०) प्राणीउ (तुछाइ के०) चित्तनी दृढ शक्ति रहित छे. ॥ ११० ॥

विशेषार्थ– जो के शीलव्रत पालवुं बहु कठीण छे, तोपण एकांत, स्नेह, विगेरेनो निरंतर त्याग करवो. कारण के, इंद्रियनो समूह रक्षण करवो अशक्य छे अने प्राणीउ चित्तनी अल्प दृढतावाला छे; माटे पोताना संबंधीउनी साथेपण एकांतमां बेसवुं नहीं. कह्युं छे के– मात्रा स्वस्रा दुहित्रा वा, न विविक्तासनो भवेत् ॥ बलवानिंद्रियग्रामो, विद्वांसमपि कर्षति ॥ १ ॥ पुरुषे माता, बहेन अथवा पुत्रीनी साथे एकांतमां बेसवुं नहीं. कारण के, बलवान् एवो इंद्रियनो समूह विद्वान् पुरुषने पण वश्य करी नाखे छे. ॥ ११० ॥

पोते निर्दोष होय तो पण स्त्रीना संगथी अपवाद
तो लागे छे, ते वात कहे छे.

यद्यपि एव न व्रतभंगः तथापि एव संगात् भवेत् अपवादः

जइवि हु नो वयभंगो, तहवि हु संगाउ होइ अववाउ ॥

दोषनिभालननिपुणः सर्वः प्रायः जनः येन

दोसनिहालणनिउणो, सवो पायं जणो जेणं ॥ १११ ॥

शब्दार्थ– (जइवि के०) जो के निष्कपटपणे शीलव्रत धारण करनार पुरुषने (संगाउ के०) संगथी (वयभंगो के०) शीलव्रतनो भंग (हु के०) निश्चे (नो होइ के०) न थाय (तहवि के०) तोपण (अववाउ के०) अपवाद (हु के०) निश्चे थाय. (जेण के०) जे कारण माटे (पायं के०) घणुं करीने (सवो के०) सर्वे (जणो के०) माणस (दोसनिहालणनिउणो के०) बीजाना दोष जोवामां डाह्या होय छे. ॥ १११ ॥

विशेषार्थ– जो के निष्कपटपणे शीलव्रतधारी महात्मा पुरुषना व्रतनो भंग कदापी न थाय, तोपण निश्चे अपवाद तो लागे छे. कारण के, घणुं करीने सर्वे माणसो पारको दोष जोवामां चतुर होय छे. ॥ १११ ॥

हवे फल देखाडवा पूर्वक शीलनो उपदेश पूरो करता बता कहे छे.

तस्मात् सर्वथापि शीले उद्यमं तथा कुरुत जोजव्याः
तां सव्वहावि सीलं-मि उज्जमं तह करेह जोजवा ॥
यथा प्राप्नुत लघुएव संसारं तीर्त्वा शिवसुखं
जह पावेह लहुच्चिय, संसारं तरियं सिवसुक्खं ॥ ११२ ॥

शब्दार्थ– (जो जवा के०) हे जव्यजनो ! (ता के०) ते कारणमाटे (सव्वहापि के०) मन, वचन अने कायाये करीने पण (सीलंमि के०) शीलव्रतने विषे (तह के०) ते प्रकारे (उज्जमं के०) उद्यमने (करेह के०) करो के, (जह के०) जेम तमे (लहुच्चिय के०) फट (संसारं के०) संसारने (तरिय के०) तरीने (सिवसुहं के०) मोक्षसुखने (पावेह के०) पामो. ॥ ११२ ॥

विशेषार्थ– हे जव्यजनो ! ते कारणमाटे मन, वचन अने कायाये करीने शीलव्रतने विषे तेवीरीते उद्यम करो के, जेथी तमे संसार समुद्र तरी फट मोक्ष सुख पामो. आ गाथामां 'जवा' एवुं सामान्य संबोधन आप्युं छे, तेथी शीलव्रत पालवाथी स्त्री अने पुरुष बन्ने मोक्षना अधिकारी थाय छे अने तेउ उपदेश तत्त्वने योग्य छे. अजव्य जनोने हितने माटे उपदेशेलुं तत्त्ववचन तेमना हृदयमां प्रवेश करतुं नथी. श्री अरिहंत प्रजुए कह्युं छे के– मिथ्यादृष्टि जीव, उपदेशेला तत्त्ववचनने श्रद्धथी सांजलता नथी, परंतु उपदेशेला अथवा न उपदेशेला असद्भावने श्रद्धाथी सांजले छे. ॥ ११२ ॥

हवे ग्रंथ करनार गर्वने त्यजी देवापूर्वक शीलव्रतने विषे प्रवर्तवुं अने शीलव्रतना जंगथी निवर्तवुं इत्यादि उपदेशनी परंपराने पूर्ण करता बता कहे छे.

इति शीलजावनया जावयन् नित्यमेव आत्मानं
इय सीलजावणाए, जावंतो निच्चमेवं अप्पाणं ॥
धन्यः धरेत् ब्रह्म धर्ममहाजुवनस्थिरस्तंजं
धन्नो धरिज्ज बंजं धम्ममहाजवणथिरथंजं ॥११३॥

शब्दार्थ– (इय के०) ए प्रकारे (सीलनावनया के०) शीलव्रतनी नावनाये करीने (निच्चंएव के०) निरंतरज (अप्पाणं के०) पोताना आत्माने (नावंतो के०) नावतो अर्थात् दृढ करतो एवो (धन्नो के०) धन्य पुरुष जे ठे ते (धम्ममहानवण के०) धर्मरूप म्होटा महेलने आधार एवा (थिरथंनं के०) निश्चल थांनला सरखा (बंनं के०) शीलव्रतने (धरिज्ज के०) धारण करे ठे. ॥ ११४ ॥

विशेषार्थ–पूर्वे कहेला उपदेशनी श्रद्धा सहित शीलव्रतनी नावनावडे निरंतर पोताना आत्माने शीलपालवामां दृढ करतो एवो कोइ धन्य पुरुष धर्मरूप म्होटा मेहलने उन्नो करी राखवामां निश्चल थांनला सरखा शीलव्रतने धारण ठे. अर्थात् धन्य पुरुष शीलव्रतने धारण करवा समर्थ ठे; पण मारा सरखो पापी ते व्रतने पालवा समर्थ नथी. एम ग्रंथ करनार पोते कहेठे. ॥ ११४ ॥

धनश्रीनी कथा.

जेनी हवेलीउं उपर रहेला सुवर्णना कलशो कल्याणना समूह सरखा शोने ठे एवी लक्ष्मीना स्वस्तिवाद सरखी उज्जयिनी नामनी नगरी ठे. त्यां जेना हाथरूप स्तंब (कमलना नाल)ने विषे पंचाल देशनी पृथ्वी रूप लक्ष्मी लय पामी हती अर्थात् पंचाल देशनो अधिपति एवो जितशत्रु नामनो महा प्रतापी राजा राज्य करतो हतो. ते नगरमां सागर चंद्र नामनो शेठ वसतो हतो. पुण्यरूप चंद्र करीने जेनुं चित्त हंमेशा आनंदमय हतुं एवी चंद्रश्री नामनी तेने स्त्री हती. तेउंने समुद्रदत्त नामनो बुद्धिवंत पुत्र हतो. तेने माता पिताये कलाउंनो अन्यास करवा माटे गुरुने त्यां मूक्यो हतो.

एक दिवस अध्यापक (गुरु)नी साथे लुब्ध थयेली पोतानी माताने जाणीने स्त्री थकी विरक्त थयेला समुद्रदत्ते विवाहनो अनिग्रह पोताना मनमां धारण करी राख्यो. पढी अनुक्रमे युवावस्था पामेला ते पुत्रने माटे पिता सागरचंद्र रूप, गुण अने कुलवंती एवी सेंकडो कन्याउंने शोधी राखी; परंतु जेम साधु पुरुष लक्ष्मीनो आदर करे नहीं, तेम तेणे ते कन्याउंनो स्वीकार कस्यो. नहीं. आ प्रमाणे विरक्त थयेला ते समुद्रदत्तनो काल योगिनी पेठे जवा लाग्यो. एक दिवस तेनो पिता सागरचंद्र

कंइ कार्य प्रसंगे सौराष्ट्र (सोरठ) देशमां गयो अने ते त्यां गिरिपुर नगरमां धनसार्थवाहने घरे रह्यो. घर संबंधी कार्य करी रह्या पछी तेणे पोताना पुत्र समुद्रदत्तने माटे धनसार्थवाहनी पुत्री धनश्रीनुं मागुं कर्युं अने पछी ते पोताना घर प्रत्ये आव्यो.

कोइ एक दिवसे तेणे पुत्र समुद्रदत्तने कर्युं के, " हेवत्स ! गिरिपुर नगरमां म्हारां केटलांक वासणो पड्यां छे; माटे तुं त्यां जइने ते लइ आव्य. वली तेणे पोतानो मनोरथ पूर्ण करवाने माटे समुद्रदत्तना मित्रने गुप्तरीते विवाह संबंधी सर्व वात निवेदन करीने समजाव्यो. पछी समुद्रदत्त पोताना मित्रसहित पितानी आज्ञा प्रमाण करवाने त्यांथी चाल्यो. अनुक्रमे तेओ जेम पुण्यवान् पुरुष इष्टवस्तुने पामे तेम गिरिपुर नगरना उद्यानमां आवी पहोच्या. पछी मित्रे धनसार्थवाहने समुद्रदत्तना आगमननी खबर मोकलावी ते उपरथी धनसार्थवाह विवाहसंबंधी तैयारी करी, परिवार सहित सामो आवीने समुद्रदत्तने पोताने घरे तेडी गयो. त्यां तेणे कपटथी पुत्री धनश्रीनो पाणिग्रहण करावी जमाइने घणुं द्रव्य आपी संतोष पमाड्यो. पछी मित्रोए योग्य क्रीया करेलो समुद्रदत्त निवास गृहप्रत्ये गयो. त्यां ते धनश्रीने जोइ जेम शियाल पाणीने जोइ पाछो वले तेम पाछो वल्यो अने ज्यां मित्रो सूता हता त्यां आवीने सूतो. सवार थवानो वखत थयो एटले ते बहार जवाना (झाडे जवाना) मिषथी क्यांइ नाशी गयो. ते वात मित्रे धन सार्थवाहने करी; तेथी तेणे सर्व स्थानके शोध करी पण क्यांइथी जमाइनी शुद्धि मली नहीं. आ वात सागरचंद्रशेठे जाणी; तेथी ते पण तत्काल त्यां आव्यो अने थोडा दिवस रह्या पछी पोतानी नगरी प्रत्ये गयो.

बार वर्षने अंते हृष्ट पुष्ट बनेलो समुद्रदत्त कापडीनो वेश धारण करीने फरी ते नगरमां आव्यो अने पोताना घरना उद्यानमां बेठेला धनसार्थवाहने कहेवा लग्यो के, " मने उद्याननुं रक्षण करवा माटे राखशो ? " सार्थवाहे हा कही, तेथी वृक्षोनां वैदांने जाणनारा तेणे ते उद्यानने अनुक्रमे नंदन वनना सरखुं बनाव्युं.

एक दिवस सर्व ऋतुओनां फलथी सुशोभित एवी उद्याननी लक्ष्मीने जोइने आनंदमां मग्न थयेलो धनसार्थवाह मनमां विचार करवा लाग्यो

के, "आ प्रकारनी कलानो पात्र आ आवा कार्यमां योग्य नथी. शुं चिंतामणि रत्न बकरीना गलाने विषे बांधवो योग्य छे?" आवो विचार करीने सार्थवाहे तेने दुकानना कार्यमां जोड्यो; तेथी ते त्यां काम करवा लाग्यो. कह्युं छे के—चाकरो हंमेशां परतंत्रज होय छे. पछी लक्ष्मीने वश्य करवामां औषधरूप एवो ते सर्वने विश्वासपात्र थयो अने विनीतक एवा नामथी प्रसिद्ध पण थयो. "आ सर्व गुणनो पात्र छे. एवी जो राजाने मालम पडशे तो ते आने पोताने त्यां लइ जशे." एवुं धारीने शेठे ते विनीतकने पोताना घरनुं सर्व कार्य सोंप्युं अने पोतानुं इष्टकार्य करनारा एवा तेने पोताना पुत्रथी पण अधिक मान्यो. कह्युं छे के—गुणो कोने मान आपनारा नथी थता? अर्थात् सर्वने थाय छे. सर्व प्रकारना कार्यने करनारो, विनीत अने सत्यरूप धननी संपत्तिवालो ते विनीतक अनुक्रमे सर्वने विश्वासपात्र थयो.

एक दिवस गोखमां उभेली धनश्रीने जोइ कामदेवथी अत्यंत पीडा पामेलो तलार सर्व विश्वने धनश्रीमय देखवा लाग्यो. पछी कामी एवा तेणे निरंतर धनश्रीनी पासे रहेनारा विनीतकने प्रार्थनापूर्वक तेनी पासे मोकल्यो. विनीतके पण अवसर मलवाथी तलारे कहेला समाचार धनश्रीने कह्या. कह्युं छे के—बीजानी वस्तुने ग्रहण करवानी इच्छावाला धूर्त पुरुषो शी शी चेष्टा नथी करता? अर्थात् सर्व प्रकारनी चेष्टा करे छे. पछी सती धनश्रीये पोतानुं मस्तक धूणावतां धूणावतां तेने कह्युं के, "हे विनीतक! तुं मने प्राणथी वधारे वहालो छे; परंतु आ संदेशो लाववारूप कर्मथी तो भयंकर शत्रु जेवो थइ पड्यो छे. कारण म्हारा शीलरूप मणिने तुं दूषित करवानी इच्छा करे छे. में मन, वचन अने कायाये करीने तेनेज पति मानेलो छे के, माता पिताए सर्वनी साक्षीमां मने जे समुद्रदत्त सोंप्ये छे."

धनश्रीनां आवां वचन सांभली मनमां हर्ष पामेला विनीतके कह्युं. "हे भद्रे! जेम कृपण माणस धनने वृथा हारी जाय छे, तेम तुं पण पोतानुं जीवित शा माटे वृथा हारी जाय छे? जेने विषे तुं आसक्त थइ हती ते तो तने त्यजीने चाल्यो गयो छे के जेनी शुद्धि पण लागती नथी; माटे हवे तो तुं तेनामाटे वृथा जीवित हारी जाय छे." धनश्रीये

कह्युं. "तुं विनीत छतां पण अविनीत देखाय छे. कारणके, जे तुं पद्मीनीने जीणां जलकण सहित हेमंत ऋतुना पवननी पेठे मने आवां वचनो संभलावे छे. कुलवंत स्त्रीओने शीलव्रतज आ लोकनुं अने परलोकनुं जीवित छे. शीलव्रत नाश थया पछी तो जीवतां छतां पण मुवां सरखां छे. घणा दिवसना परिचयथी हवणां तने जीवतो जवा दउं छुं; पण हवे जो फरीथी एवुं कहीश तो सर्व प्रकारे शिक्षा करीश." आ प्रकारे धन सार्थवाहनी पुत्री धनश्रीये विनीतकनो तिरस्कार कर्यो; तेथी तेणे धनश्रीना पगमां पडीने कह्युं के, "म्हारो अपराध क्षमा कर." वली तेणे पूछ्युं के "त्हारो पति समुद्रदत्त कोण छे ते मने कहे?" धनश्रीये कह्युं. "उज्जयिनी नगरीमां सागरचंद्र नामना शेठनो ए पुत्र छे; के, जे रत्नोनी खाणरूप समुद्रनी पेठे गुणोनी खाणरूप अने कलाओना स्थानरूप छे. विनीतके कह्युं. "हुं त्हारा गुणोए करीने प्रसन्न थयो छुं; माटे हवे त्हारा पतिने ज्यां त्यांथी शोधी लावीश." एम कहीने ते धनश्रीना शीलने वखाणतो छतो त्यांथी चाली निकल्यो. वली तेणे ज्ञानी पुरुषोनी पेठे स्त्रीओने विषे दुःशीलना आग्रहने पण त्यजी दीधो.

पछी ते समुद्रदत्त माता पिताना मनने आनंद पमाडतो छतो उज्जयिनी नगरी प्रत्ये गयो एटले सागरचंद्रे पण पोताना पुत्रनुं आगमन धनसार्थवाहने जणाव्युं. माता पिता तथा सासु ससरो तेने फरीथी जन्म पामेला सरखो मानवा लाग्या अने बन्ने स्थानके वधाइना महोत्सव थवा लाग्या, पछी समुद्रदत्त म्होटी समृद्धि सहित गिरिपुर नगर प्रत्ये गयो. त्यां योगी पुरुष जेम संसार समुद्रना तीरने जोइने आनंद पामे तेम जमाइने जोइने सर्वे आनंद पाम्या. पछी सती धनश्री पण पोताला निष्कलंक शीलव्रतना प्रभावथी उत्पन्न थयेला अद्भुत वैभवे करीने दीर्घ कालसुधी आ लोक अने परलोक संबंधी सर्व प्रकारना कल्याणनां सुखने पामी.

॥ इति सती धनश्रीनी कथा ॥

हवे ग्रंथ समाप्तिमां ग्रंथकार पोताना नाम गर्भित मंगल आशिष कहेछे.

इति जयसिंहमुनीश्वरविनेयजयकीर्तिना कृतां एनां
इयं जयसिंहमुणीसर-विनेयजयकित्तिणा कयं एयं ॥

शीलोपदेशमाला आराध्य लभध्वं बोधिसुखं
शीलोवएसमालं, आराहिय लहह बोहिसुहं ॥ ११४ ॥

शब्दार्थ–हे भव्योजनो! (इय के०) ए प्रमाणे (जइसिंहमुनीसर के०) श्री जयसिंह नामना मुनीश्वरना (विनेय के०) विनयवंत शिष्य एवा (जयकित्तिणा के०) जयकीर्तिमुनिए (कयं के०) रचेली एवी (एयं के०) आ (सीलोवएसमालं के०) शीलोपदेशमालाने (आराहिय के०) आराधीने (बोहिसुखं के०) बोधिसुखने (लहह के०) पामो.

विशेषार्थ– हे भव्यजनो! तमे ए प्रकारे श्री जयसिंहमुनीश्वरना विनयवंत शिष्य जयकीर्ति मुनिए रचेली आ शीलोपदेशमालाने आराधीने अथवा तो शीलना उपदेशरूप पुष्पनी मालाने धारण करीने समकितथी प्राप्त थता एवा मोक्षसुखने पामो. ॥ ११४ ॥

अथ प्रशस्तिः

विद्यासत्रं पवित्रं प्रथितगुणगणानेकपात्रं प्रतिष्ठा-
सिद्धांताम्नायसिंधुर्निरवधिनिरहंकारताररत्नखानिः ॥
विश्वज्ञाग्रद्विहारोद्यमनवमरसप्रोद्यदुद्दामकीर्ति-
र्निर्देशः सन्महिम्नां जगति विजयते रुद्रपल्लीयगच्छः ॥ १ ॥

अर्थ–विद्यानुं पवित्र स्थान, प्रसिद्ध एवा अनेक गुणोनुं पात्र, करवा योग्य कार्यना सिद्धांतना उपदेषनो समुद्र, अंतरहित निरभिमानरूप रत्नोनी खाण, चारे तरफ जागता विहारना उद्यमरूप नवमा रसे करीने देदीप्यमान कीर्तिवालो अने उत्तम महिमाना स्थानरूप रुद्रपल्लीगच्छ जगत्मां विजयवंत वर्तो. ॥ १ ॥

चांद्रे कुलेऽभून्मुनिचक्रवर्ती, गुरुःक्रमेणाभयदेवसूरिः ॥
निधानवद्येन नवांगवृत्तिर्नवीकृता निर्हृतदुःखमेण ॥ २ ॥

अर्थ– चंद्रकुलनेविषे मुनिओमां चक्रवर्ती एवा अभय देवसूरि गुरु

अनुक्रमे थया. त्याग कर्युं छे निंदा करवा योग्य कार्य जेमणे एवा जे गुरुए निधाननी (द्रव्यना नंडारनी) पेठ नव अंगनी टीका नवी रचीछे.॥

संविज्ञचूडामणयो न केषां, स्युर्वल्लन्नाः श्रीजिनवल्लन्नास्ते ॥
मूर्त्तापियन्नीर्नविनाममूर्त्तमात्मानमुत्तुंगगुणैः ससंज ॥ ३ ॥

अर्थ– श्रीजिनेश्वर छे प्रीय जेमने एवा ते ज्ञाने करीने चूडामणि रत्न समान मुनि कोने वहाला न होय? के जेमनी मूर्तिवंत एवी पण वाणी न-व्यजीवोना अमूर्तवंत एवा आत्माने उत्कृष्ट गुणोए करीने वखाणे छे. ॥३॥

सोमत्वेन हृतस्वतत्त्व इव यैः शून्यन्नमी चंद्रमाः ॥
स श्रीमान् गुणशेखरः परमतध्वंसी पराचीनवित् ॥
जातस्तत्वमतिस्ततस्ततमहाः श्रीपद्मचंद्रप्रनु- ॥
र्यत्प्रज्ञाप्लवनादिवाप गुरुरप्यस्तातिचारन्नमान् ॥ ४ ॥

अर्थ– जेमना शीतलपणाथी जाणे पोतानुं तत्व नाश थयुं होय नहिं शुं? एम चंद्रमा निरंतर आकाशने विषे न्नमण करे छे एवा अने गु-णोथी मनोहर, परमतनो नाश करनारा तथा नविष्यकालना जाण एवा तेमज विस्तारवंत यशवाला तत्वबुद्धिवाला पद्मचंद्र जे अन्नयदेव सू-रिना शिष्य थया. वली जे पद्मचंद्र गुरुनी बुद्धिना वेगथी गुरु पण सूर्यना न्नमने " आ शुं सूर्य छे? " एवा न्नमने पाम्या. ॥ ४ ॥

तत्पट्टे विजयेंदुरिंदुविमला हेतोर्गुणादेव य-
स्कीर्त्तिः शुद्धगुणोद्भवा धवलयत्यद्यापि विश्वत्रयीम् ॥
श्रीमंतोऽन्नयसूरयो मम मुदे ते कासिन्नूमिपते-
रास्थानिमज्ञिलेज्ञिरेऽथ विरुदं ये वादिसिंहा इति ॥ ५ ॥

अर्थः– तेमना पदने विषे विजयचंद्रमुनि थया. हेतुना गुणथी जे-मनी शुद्ध गुणने लीधे उत्पन्न थयेली अने चंद्रना सरखी निर्मल एवी कीर्ति आज सुधीपण त्रण लोकने उज्वल करे छे. ते श्रीमान् अन्नयसू-रिनी पाटे थयेला मुनि मने हर्षने अर्थे थाउ के, जे मुनिए सन्नामां काशी राजा पासेथी 'वादिसिंह' एवुं बिरुद धारण कर्युं छे. ॥ ५ ॥

तत्पदोदयशैलवासरमणिः श्रीदेवचंद्रःप्रनु-
र्येनायं गुरुणापि तूलकलया तीर्णो नवांनोनिधिः ॥

तत्पादांबुजचंचरीकचरितः श्रीमत्प्रजाणंद इ-
त्यासीद्यस्य गुणाः सीता अपि जगच्चेतोऽनुरक्तं व्यधुः ॥ ६ ॥

अर्थ– तेमनी पाटरूप उदयाचल पर्वतने विषे सूर्य समान श्रीदेवचंद्र गुरु थया. जे गुरु आ संसाररूप समुद्रने तूलना अंशनी पेठे तरी-गया. श्रीदेवचंद्र गुरुना चरणकमलने विषे भ्रमर सरखा श्री प्रज्ञाणंद मुनि थया. जे मुनिना उज्वल गुणोए आ जगतनुं चित्त पोताने वश कर्युं हतुं. ॥ ६ ॥

श्रीश्रीचंद्रगुरुः प्रसिद्धमहिमा शुद्धाः स्फुटा यद्गुणाः,
नैर्गुण्याभिनिवेशिनः कणभुजो भुंजंति वाचालताम् ॥
तद्बंधुर्विमलेंदुसूरिरुदभूदापीय यद्देशना-
मानंदाद्वयलंजतो भुवि जना मुक्तात्मतां मेनिरे ॥ ७ ॥

अर्थ– श्री प्रज्ञाणंद गुरुना शिष्य प्रसिद्ध महिमावाला श्रीचंद्र गुरु थया. जेमना शुद्ध अने प्रकट एवा गुणो निर्गुणपणाने आश्रय करी र-हेला बालको (अज्ञानीउ) ने वाचालपणुं प्रगट करता हता. ते चंद्र-गुरुना बंधु विमलचंद्र सूरि थया. जे मुनिनी देशना सांभलीने पृथ्वी उ-पर रहेला माणसो अद्वय एवा आनंदना लाभथी पोताना आत्माने मुक्त मानता हता. ॥ ७ ॥

(वसंततिलकावृत्तम्)

वादांगणे प्रतिहता प्रतिवादिनो यै-
र्नम्रा नखेषु पदयोः प्रतिफेलिवांसः ॥
प्राप्ताः शरण्यमिव रेजुरमी मुनींद्रा,
ज्ञानं दिशंतु गुरवो गुणशेखराह्वाः ॥ ८ ॥

अर्थ– जेमणे वादमां प्रतिवादीउनो पराभव कर्यो छे, एटला हे-तुथी जेउ तेमना पगना नखने विषे नम्र बनीने जाणे शरणे आवेला होय नहिं शुं? एम शोभता हता. ते गुणशेखर नामना आ मुनीश्वर गुरुउ अमने ज्ञान आपो. ॥ ८ ॥

(पृथ्वीवृत्तम्)

तदीयचरणद्वयीसरसिजैकपुष्पंधयः,
स संघतिलकप्रभुर्जयति सांप्रतं गच्छराट् ॥

शकक्षितिपबोधकृत्प्रभुजिनप्रभोऽनुग्रहा-
त्त्ववाप्तगणभृत्पदप्रमुखतत्वविद्यागमः ॥ ए ॥

अर्थ– ते गुणशेखरमुनिना बे चरणकमलने विषे भ्रमररूप ते श्रीसंघतिलकगुरु हवणां गछना राजा जयवंता वर्त्ते छे. श्रीजिनेश्वर प्रभुनी कृपाथी शक राजाने बोध करनारा ते श्री संघतिलकगुरु गणधर पद पामवा विगेरे तत्वविद्याना पार पामेला थया हता. ॥ ए ॥

(आर्यावृत्तम्)

तत्पादपद्महंसो, विवृत्तिं शीलोपदेशमालायाः ॥
श्रीसोमतिलकसूरिः, श्रीशीलतरंगिणीं चक्रे ॥ १० ॥

अर्थ– ते संघतिलक गुरुना चरणकमलने विषे हंस सरखा श्रीसोमतिलकसूरि थया के, जेमणे शीलोपदेशमालानी शीलतरंगिणी नामनी टीका करी छे. ॥ १० ॥

(स्रग्धरावृत्तम्)

लालासाधोस्तनुजः प्रगुणगुणनिधिः साधुसेढानुमत्या,
छाजूः शीलोपदेशस्रजममलधिया सूत्रतोऽधीत्य सम्यक् ॥
अर्थं विज्ञातुमस्यायुगनिधिसरवौ वत्सरे विक्रमांके,
वृत्तिं नव्यां स विद्यातिलकमुनिवरात्कारयामास साधुः ॥ ११ ॥

अर्थ– लालासाधुना पुत्र, बहु गुणोना भंडार एवा छाजू नामना साधुए सेढ मुनिनी अनुमतिथी निर्मल बुद्धिवडे आ शीलोपदेशमालानी मूल गाथानो सारी रीते अभ्यास करीने तेनो अर्थ जाणवा माटे विक्रम संवत १३ए४ मां बीजी विद्यातिलक मुनि पासे आ शीलोपदेशमालानी नवी टीका करावी छे. ॥ ११ ॥

(उपजातिवृत्तम्)

प्रमाददोषादथ बुद्धिमांद्याछास्त्रे निबद्धं यदयुक्तमत्र ॥
मेधावतामंजलिरेष बद्धः, प्रसद्य ते तन्मयि शोधयंतु ॥ १२ ॥

अर्थ– प्रमादना दोषथी अथवा बुद्धिना जाड्यपणाथी आ शास्त्रमां जे कांइ अशुद्ध लखायुं होय तो हुं बुद्धिमान् पुरुषोनी पासे हाथ जोडुं बुं के, जेथी तेमणे प्रसन्न थइ म्हारी भूलोने सुधारी लेवी. ॥ १२ ॥

(शार्दूलविक्रीडितम्)

जीवाजीवविचारवारिविचरत्पत्रावलीमंडितं,
तत्त्वज्ञानमधुप्रमेदुरतमं शुद्धक्रियाकेशरम् ॥
यावज्जैनमतांबुजं मुनिमरालौघैः समाश्रीयते,
तावन्नंदतु वाच्यमानमृषिभिः शास्त्रं श्रियो मंदिरम् ॥ १३ ॥

अर्थ– जीव अने अजीवना विचाररूप पाणीमां विचरती एवी पत्रोनी पंक्तिथी सुशोभित, तत्वज्ञानरूप मकरंदथी अतिशय स्निग्ध अने शुद्ध क्रियारूप परागवालुं जैनमतरूप कमल ज्यांसुधी मुनिरूप हंसना समूहोथी सेवन कराय छे त्यांसुधी मुनिओए अभ्यास करेलुं आ लक्ष्मीना मंदिररूप शास्त्र आनंद पामो. ॥ १३ ॥

(उपजातिवृत्तम्)

राजीमतिं राज्यमतिं विहाय, विवाहयस्तां दयितां दयाख्याम् ॥
भुजाबलापास्तविपक्षपक्षः श्रियेऽस्तु नेमिः शमकल्पवृक्षः ॥ १४ ॥

अर्थ–जेमणे राजीमतिने अने राज्यने त्यजी दइ दया नामनी स्त्रीनी साथे विवाह करेलो छे. वली भुजाना बलथी शत्रुना पक्षनो नाश करनारा अने शमताना कल्पवृक्ष एवा श्री नेमिनाथ लक्ष्मीने अर्थ थाओ.॥१४॥

॥ इति शीलोपदेशमाला प्रशस्ती समाप्ता ॥

दृष्टिदोषथी अथवा मतिदोषथी थयेली भूल्योनुं

शुद्धिपत्र.

पृष्ठ	पंक्ति	अशुद्ध	शुद्ध	पृ	पंक्ति	अशुद्ध	शुद्ध
१	५	अभयदेवसूरि	सोमतिलकसूरि	१९२	२२	सीं	सा
३	११	जिनकीर्ति	जयकीर्ति	२०१	२८	छीली	झीली
६	२६	जंपूद्वीप	जंबूद्वीप	२३६	१७	वंत्से	वत्से
१६	३	आपि	अपि	२६४	२२	सूर्योने	सूर्यनो
१६	१९	महाभुणि	महामुणिणो	२६६	२३	संभावी	स्तंभावी
४८	२२	मूकती	मूरती	२७४	२८	छायां	छायामां
५५	१	त्रीजो	त्रीजा	२८९	११	श्रेष्ठे	श्रेष्ठ
५५	१७	प्रलिद्ध	प्रसिद्ध	३०५	१९	रोजपोपट	राजपोपट
७२	१६	जडीने	चडीने	३१७	२	स्नेहनी	स्नेहथी
७८	५	कालऽस्य	कालस्य	३३०	२०	सहमूथी	समूहथी
११८	२९	घुवेवा	धुवेवा	३४०	४	प्रमुखानां	प्रमुखाणां
१२५	१२	साहित	सहित	३७४	४	गुणरूप	गुणनासमूहरूप
१३६	८	ययढका	जयढका	३९९	२९	बादार	बादर
१३६	१५	जसढका	जयढका	४०७	२	पासन्नास्थादि	पासन्नादि
१६९	६	देवाताए	देवताए	४३५	१६	कलि संकटे	कलिसंकटे
१७७	२८	आग्निनो	अग्निनो				

१२० पृष्टे रहेली गाथा अहिं दाखल करी छे.

हवे शील पालवाने दृढ करे छे.

श्रीमल्लिनेमिप्रमुखाः स्वाधीनशिवा अपि ब्रह्मव्रतलीनाः

सिरिमल्लिनेमिपमुहा, साहीणसिवावि बंभवयलीणा ॥

यदि तावत् किं अन्यजीवाः सिथिलाः संसावसगा अपि

जइ ता किं–मन्नजीवा, सिढिला संसारवसगावि ॥ ४० ॥

शब्दार्थ– हे भव्यजनो ! (जइ के०) जो (ता के०) प्रथम ते (साहीणसिवावि के०) पोताने स्वाधीन कर्यो छे मोक्ष जेणे अर्थात् तेज भवने विषे मोक्ष जनारा एवाय पण (सिरिमल्लिनेमिपमुहा के०) श्री मल्लिनाथ प्रमुख जे छे ते (बंभवयलीणा के०) ब्रह्मचर्य व्रतने विषे आसक्त थयेला छे, त्यारे (संसारवसगावि के०) संसारना व्यापारने विषे परायण थयेला एवाय पण (अन्नजीवा के०) बीजा

सामान्य प्राणिओ जे छे ते (किं सिढिला के०) शील पालवामां शा माटे शिथिल थाय छे ? ॥ ४० ॥

विशेषार्थ– जो तेज जवने विषे मोक्ष जनारा एवा श्री मल्लिनाथ अने नेमिनाथ विगेरे पाणिग्रहण (विवाह)नो त्याग करीने ब्रह्मचर्यने-ज सेवन करनारा थया, तो संसारना व्यापारमां पराधीन थयेला एवा सामान्य प्राणिओ ब्रह्मचर्य पालवामां शा माटे शिथिल थाय छे ? अर्थात् जो तेज जवमां मोक्षसिद्धिने पामनारा पुरुषोए ब्रह्मचर्य व्रत पाल्युं छे, तो संसारमां बूडी रहेला सामान्य प्राणिओए मोक्षसिद्धिना फलने माटे तो विशेषथीज ब्रह्मचर्य व्रत पालवुं जोइए. ॥ ४० ॥

समाप्तेयं शीलोपदेशमाला.